આપણી કાલનાં નાગરિકોનાં જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્ય-ઘડતરનું માસિક

૬૦૦મો સુવર્ણજયંતી અંક

વર્ષ:૫૦ • અંક:૧૨

ડિસેમ્બર ૧૯૭૩



કુમાર

સંસ્થાપક
રવિશંકર
રાવળ
તંત્રી
બચુભાઈ
રાવત

'કુમાર'ના

સુવર્ણજયંતીના મંગલ અવસરે

શુભેચ્છા સહ

અનુક્રમણિકા

કુમાર · સુવર્ણજયંતી અંક · સળંગ અંક ૬૦૦મો · ડિસેમ્બર ૧૯૭૩
તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

શ્રી સત્ય સાંઈબાબા — ડૉ. એરચ ફ્નીબંદા મુખચિત્ર પાછળ
નાગદમન — કુ. ઊર્મિ પરીખ — મુખચિત્ર
જીવનસખ્ય — પુલિનબિહારી દત્ત પૃ. ૪૨૪ સામે
સંદેશ — જગન્નાથ અહિવાસી પૃ. ૪૨૫ સામે
રાગિણી 'ગૌરી'નો પ્રભવ — પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય પૃ. ૪૪૦ સામે
આકાશી ગાન — વિનાયક માસોજી પૃ. ૪૪૧ સામે
ગિરનારની તળેટીમાં — લેફ. ક. બલવન્ત ભટ્ટ પૃ. ૪૬૪ સામે
રામ-વનવાસ-ગમન — ખોડીદાસ પરમાર પૃ. ૪૬૫ સામે
કવિ કલાપી — એલ. સી. સોની પૃ. ૪૭૨ સામે
રમા અને શોભના — એલ. સી. સોની પૃ. ૪૭૩ સામે
વાંસવનમાં કુટિર (વૂડકટ) — નિર્મળાબહેન શાહ પૃ. ૪૮૮ સામે
મા — કનુ દેસાઈ પૃ. ૪૮૯ સામે
ફૂદડી (લીનોકટ) — ચન્દ્રેશ્વર શુક્લ પૃ. ૪૯૬ સામે
રામવિવાહ — વાસુદેવ સ્માર્ત પૃ. ૪૯૭ સામે

કાવ્યો

પરાક્રમણ (સુંદરમ્) ૪૦૯
સાત સૉનેટ: મુક્તિ (સ્નેહરશ્મિ), વિયોગે (યૉસેફ મૅકવાન), હેલી પછીનો નિતાર (ઉશનસ્), અગતિ-ગમન (ભાનુપ્રસાદ પંડ્યા), દ્વૈત (ભગવતીકુમાર શર્મા), આંતરો કાઢવાને (માસૂમ), પુલિને (પ્રિયવદન શેઠ) ૪૪૧,૪૪૨
ચૌદ લયાન્વિત: સ્નેહના હે ધનેશ (પ્રિનાકિન ઠાકોર), છાનુંમાનું (રતિલાલ છાયા), હું (જયન્ત પાઠક), શ્રાવણ (પ્રિયકાન્ત), મીઠપ (હરીન્દ્ર દવે), ગીત (સુરેશ દલાલ), શ્વેતલ વૃક્ષ (ચંદ્રકાન્ત શેઠ), પિતાનો પત્ર (શશિ શિવમ્), આજ (માધવ રામાનુજ), સોળમી મોસમ (બાદલ), આભ અને હું (ધીરુ પરીખ), વેદના (હેમન્ત દેસાઈ), ધવાએલું પાદર (સુધાંશુ પીપળિયા), આવ્યા જુઓ (હરિકૃષ્ણ પાઠક) ૪૪૨,૪૪૩,૪૪૪,૪૪૫,૪૪૬
પાંચ ભજનો: પિંજરની બહાર (રાજેન્દ્ર શાહ), નદીયું જઈ સાગરે સમાણી (અકિંચન), વેપાર (ગીતા પરીખ), ઘડિયાળ (નાથાલાલ દવે), પરગટની માયા (વ્રજલાલ દવે) ૪૪૬,૪૪૭
છ ગઝલો: સ્વભાવ હશે (ગની દહીંવાલા), જીવી રહ્યો છું (સૈફ પાલનપુરી), હોતે (જલન માતરી), પણ (મહેન્દ્ર સમીર), નહિ (મનહરલાલ ચોકસી), એંધાણી (કિસન સોસા) ૪૪૭, ૪૪૮
આ અશ્વ (સુંદરમ્) ૫૦૭
પાંચ તાન્કા (ધીરુ પરીખ) ૫૨૬

ચરિત્ર

લીઓનાર્દો દ વિંચી — ડૉ. વિપિન શાહ ૪૧૨
મારાં મોટીબા (વિશિ. વ્યક્તિચિત્ર) — મુકુન્દરાય પારાશર્ય ૪૫૭
પંકજકુમાર મલ્લિક — અજિત શેઠ ૫૧૪

વાર્તા-નાટિકા

ગંગા વહે છે આપની (નાટિકા) — શિવકુમાર જોષી ૪૨૫
સૂત્રધાર શ્રીકૃષ્ણ — ચં. ચી. મહેતા ૪૩૧
ખુદાની રહેમ-ભગવાનની કૃપા — ઈવા ડેવ ૪૩૩
અશ્વત્થામા — રવીન્દ્ર ભટ્ટ ૪૪૯
ચિતામાં (લઘુકથા) — હસમુખ કે. રાવલ ૪૬૧
કેસૂડાં-ખાખરાનાં ફૂલ — અશ્વિન દેસાઈ ૪૬૩
કે પછી કંઠમાં ખખરી બાઝે — મોહનલાલ પટેલ ૫૨૧

લેખો

વિદ્યા અને વિમર્શ — વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૪૧૦
એ ધારે તો — ફાધર વાલેસ ૪૧૧
માનસોલ્લાસ — ડૉ. ભોગીલાલ સાંડેસરા ૪૨૩
આદ્ય રામાયણ — ડૉ. હસમુખ સાંકળિયા ૪૩૬
આસપાસનાં (નિબંધિકા) — બકુલ ત્રિપાઠી ૪૫૨
ગુજરાતની બે દુર્લભ શિલ્પકૃતિઓ — ડૉ. ઉ. પ્રે. શાહ ૪૫૪
તેરાનાં ભીંતચિત્રો — રામસિંહજી-ખોડીદાસ ૪૬૫
કલાપીની હૃદયત્રિપુટીનો કચ્છમાં સંદર્ભ — રામસિંહજી ૪૬૯
જૈન તીર્થંકર (વિરલ મૂર્તિ-૧૪) — નરોત્તમ પલાણ ૪૭૩
આસામનાં સત્રીય નૃત્યો — સુનીલ કોઠારી ૪૭૬
૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત — વિષ્ણુ પંડ્યા ૪૮૨
આજનાં અદ્ભુત ઔષધો — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૪૮૫
ગુજરાતમાં વપરાએલા સંવતો — ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ૪૮૭
ગુજરાતમાં કલાનાં પગરણ — ર. મ. રા. ૪૮૯
ગુજરાતમાં ફોટો કલા... — લેફ. ક. બલવન્ત ભટ્ટ ૪૯૭
કુમાર ચંદ્રકધારકો — સં. ૫૦૪
કુમારને શુભાશિષ — કાકાસાહેબ કાલેલકર ૫૦૫
'કુમાર'નું પહેલું પૃષ્ઠ ૫૦૬
'કુમાર'ની અર્ધશતાબ્દી — પ્રો. વસંત જોષી ૫૦૭
પહેલી અને પછીની પેઢી ૫૧૩
ગુજરાતની ગરીબ વનશ્રી — વિજયગુપ્ત મૌર્ય ૫૧૮
સ્વપ્નસ્રાવ (રોગોપચાર-૩૫) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૫૨૦
મેઘાણીનું ગ્રંથસ્થ સાહિત્ય (આલેખ) — કનુભાઈ જાની ૫૨૪
સુવર્ણજયંતી અંકચોરસ — કિશોર ન. ગોરધનદાસ ૫૩૩
શતરંજ: પચાસ ચાલનો કોયડો — સુરેશ મોદી ૫૩૭

વિભાગો

વાચકો લખે છે... ૪૦૬
સાહિત્યસંપર્ક (તાન્કા, શબ્દકથા, નવાં પ્રકા. મારી માન્યતા) ૫૨૬
પરિમલ (ઊર્મિની ઓળખ) — જલન માતરી ૫૨૯
કલાવાર્તા (નિર્મળાબેન શાહ, બાલચિત્રકાર બેલા) ૫૩૧
ટિકિટસંગ્રહ: ટપાલટિકિટ પર ઉમર ખય્યામ ૫૩૪
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ — લે. ક. બલવન્ત ભટ્ટ ૫૩૬
બૂચ (વૃક્ષ-વેલ-પરિચય-૧૬) ૫૩૯
માધુકરી (ફાધર બુલ્કે, ટુંગુસ્કાની હોનારત) ૫૩૯
અજમો (છાલોપાલો-૧૬) — માધવ મો. ચૌધરી ૫૪૦
આ માસ ઇતિહાસમાં ૫૪૩
છેલ્લું પાનું ૫૪૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ રાવત - મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧. વાર્ષિક લવાજમ: રૂ. ૨૧; પરદેશ: રૂ. ૩૫ યા પાઉન્ડ ૧-૭૫ યા ડૉલર ૫; છૂટક નકલ: રૂ. ૮

વાચકો લખે છે

નૂતન વર્ષ

…પ્રગટ આ નવલ પ્રભાત.
ના કિન્તુ જે વ્યતીત તે લવ શૂન્યશેષ
પાદાંકને સભર આયુ તણો પ્રદેશ!
સૌહાર્દ એવું નવ હો, કરમાય સત્ય,
ના સત્ય હો કૃપણુ એવું, સુકાય સ્નેગ્ધ્ય;
નિર્ભ્રાન્ત હો મન ઋતંભર, રૌદ્ર-શૈવ!
ને ચક્ષુલોક મહીં વિસ્મય હો સદૈવ!

(અમદાવાદ) —ભાનુપ્રસાદ ત્રિવેદી

∞

'કુમાર' : સુવર્ણ જયંતી

૧૯૨૩—
મારું જન્મવર્ષ:
'કુમાર'નું જન્મવર્ષ*.

૧૯૭૩—
મારું વનપ્રવેશ વર્ષ:
'કુમાર'નું સુવર્ણજયંતી પર્વ
રવિભાઈ-બચુભાઈનાં
પાંચપાંચ અખંડ તપ પૂરાં થાય છે.
'કુમાર' કુમાર જ રહ્યું;
સદીઓ સુધી કુમાર જ રહેશે,
કૌવતભર્યું, યૌવનપૂર્ણ, જ્ઞાનસમૃદ્ધ.
'કુમાર' તો થનગનતો અશ્વ
દોડયા જ કરશે:
(બચુભાઈ રાવતે કેળવ્યો છે ને!)
અને હું?
થતો જઇશ વૃદ્ધ અને વૃદ્ધ……
હું દુનિયાને 'અલવિદા' કહીશ,
મિત્રોને 'બાય બાય' કહીશ,
બાળકોને બચ્ચી કરી માથે હાથ ફેરવીશ,
મુરબ્બીઓને 'રામ રામ' કહીશ
ત્યારે પણુ 'કુમાર' તો ચેતનભર્યું
જીવનનું સૌન્દર્ય આપતું હશે
મારા પુત્રોને,
મારા પૌત્રોને……
'કુમાર' કુમાર જ છે,
કુમાર હશે,
અને કુમાર રહેશે પણુ ખરું જ.
'કુમાર'! Cheer you…
ચિર ચેતનના ફુવારા ઉડાવતું રહેજે…
બાય બાય……

(સૂરત) —ભૂપેન્દ્ર ઠા૦ વકીલ

[*'કુમાર'નું ૧૯૨૪]

નવેમ્બરના 'કુમાર'માં 'અજંતાનાં કેટલાંક ઉપેક્ષિત શિલ્પો' વિષેનો શ્રી મધુસૂદન ઢાંકીનો વિદ્વત્તાભર્યો લેખ વાંચી આનંદ થયો. કલાના ઇતિહાસ અને રસાનુભૂતિના ફલકની મર્યાદામાં રહી એમણે આ શિલ્પો પ્રતિ લક્ષ દોરવાનું વિચાર્યું છે તેની સ્પષ્ટતા પણુ એમણે લેખમાં કરી જ છે, પણુ ખાસ કરીને ગુફા નં. ૧૫-૧૬ની સંધિના નીચે જવાના માર્ગ ઉપરનું 'નાગેન્દ્ર'નું જે ભગ્ન શિલ્પ પ્રવેશદ્વાર પરના દ્વારપાલ તરીકે નિર્માયું છે તે પ્રતિ બધા કલાવિવેચકોનું દુર્લક્ષ થયું છે એમ કહેવું યોગ્ય નથી. એની એક પ્રતીતિ તો વર્ષો પહેલાં પ્રકટ થએલા 'અજંતાના કલામંડપો'-માંનું અને પ્રસ્તુત લેખના શીર્ષકમાં મૂકેલું



રેખાંકન પણુ આપી રહે છે. છેક ઈ. ૧૯૨૭માં એક માસના અજન્તાના નિવાસ દરમિયાન મેં આ રૂપખચિત શિલ્પરત્નનું આકર્ષણ અનુભવ્યું હતું. અલબત્ત, ઘણા ચિત્રસંપુટોમાં તેને સ્થાન મળ્યું નથી, પણુ તેનું વિધાન અવશ્ય છે. પ્રાચીન કાળમાં અજંતાના આ કલામંડપોએ પહોંચવાનો એક માર્ગ અહીંથી હતો અને એ માટે ત્યાં પગથિયાં બાંધેલાં કે કોરેલાં હતાં. આજે તો આ શિલ્પ પણુ વધુ ખંડિત થઇ ગયું છે જે વર્ષો પહેલાંનું તેનું રેખાંકન અને હમણાંનો તેનો ફોટોગ્રાફ જોતાં જણાય છે.

ઉપર જતાં ૧૯મી ગુફાના દ્વાર પ્રદેશના આંગણામાં પણુ સપત્ની વિરામાસન પર બિરાજેલાં નાગરાજ અને ચામરધારી પરિચારિકાનું શિલ્પ જે 'કુમાર'માં પણુ આપ્યું છે, તે તો અજંતાના લગભગ દરેક ચિત્રસંપુટમાં આદરપૂર્વક પ્રકટ થતું રહ્યું છે. સૌ પ્રથમ તે 'ઇન્ડિયન પ્લાસ્ટિક્સ' નામે એક જર્મન ચિત્રસંપુટમાં મેં જોએલું એમ યાદ છે. એટલે તેના શિલ્પવિધાનનું મૂલ્ય તો કદી ઉપેક્ષિત થયું નથી.

વાકાટક અને કલચુરી રાજવંશોના ઇતિહાસની કે તે સમયના રાજવીઓ કે અમાત્યો યા શ્રીમંતોના ધનથી કયા સમયમાં આ ગુફાઓ બની તેની પંચાત રસિક દ્રષ્ટા કરતો જ નથી.* એ તો આ શિલ્પસમૃદ્ધિ અને ચિત્રમાળાઓ જોઈ એ સમયનાં કેશગૂંફન, અલંકારો અને માનવદેહની અંગછટાઓ ઉતારવામાં કેવા સિદ્ધહસ્ત કલાકારો થઈ ગયા તેનો જ વિચાર કરતો હશે.

કેટલાંક અનુષંગી પાત્રો ને સુશોભનો તથા આકૃતિઓનો વિકાસ અને કારણો શોધી શકાય છે. બુદ્ધના ઉપદેશ પૂર્વે ભારતમાં ઈંદ્ર તેમજ નાગનેતાઓનું પ્રભુત્વ હતું, પરંતુ જીવનના પરમ ઉપદેશથી તેઓ બુદ્ધનું સ્તવન કે સેવા કરવા હાજર થયા હતા એમ બતાવવા તેમનાં શિલ્પોને ગૌણુ સ્થાન અપાયું છે, પણુ શિલ્પકળાએ કોઇની ઉપેક્ષા કરી નથી.

શ્રી ઢાંકી જે શિલ્પને આકાશચારી બટુક કહે છે તે ધ્યાનથી જોતાં બટુક નહિ પણુ વામન કીચક મલ્લ છે, એમ એની ફાંદ અને ટૂંકા હાથપગ કહી આપે છે. એનો ચહેરો પ્રૌઢ મનુષ્ય જેવો છે. ગળાની હાંસડી કે માદળિયું, ગૂંચળિયા વાળનો ભરાવો ને મુકુટ શિશુનાં નથી. વળી તે ચામર ઢોળે છે, સાથે ડાબા હાથે વાટકો તોળી રાખે છે. આવી આકૃતિઓ ખૂણામાં ઉપરના પાટડાને ટેકો આપતી અનેક સ્થળે ગોઠવાઈ છે. કચ્છના કેરાના ખંડેર સુધી તેનું અનુકરણુ જોવામાં આવ્યું છે.

ભાઈશ્રી ઢાંકીએ અજંતાની કળાનો આસ્વાદ જરૂર માણ્યો છે અને તે દર્શાવતાં તેમના લેખમાંની કલાપ્રશસ્તિમાં જે શબ્દસમુચ્ચયનું નિર્માણુ થયું છે એ માટે એમને અભિનંદન આપ્યા વિના રહેવાય નહિ જ.

(અમદાવાદ) —રવિશંકર મ. રાવળ

[* પણુ અભ્યાસી વિદ્વાનો અને પુરાતત્ત્વવિદો એમ કરે તો તેમાં ખોટું શું છે? -તંત્રી]

∞

હું ગ્રાહક નથી, પરંતુ ચાહક અને વાચક છું. કિશોર અવસ્થાથી જ 'કુમાર'ના વાચનનો શોખ મને વડીલ ભાઇ તરફથી મળ્યો છે. છેલ્લાં ત્રણુ વરસથી હું નિયમિત 'કુમાર' વાંચતો નહોતો. પરંતુ ઉનાળાની રજાઓમાં છેલ્લાં ત્રણુ વર્ષની 'કુમાર'ની ફાઇલો મેળવીને કેટલાં ય વર્ષથી અંતરમાં સંગ્રહાએલી ઇચ્છા 'ભરતનાટયમ્' વિષે જે જાણુવાની હતી તે આપના જૂન ૧૯૭૨ના અંક ૫૮૨થી એપ્રિલ ૧૯૭૩ના ૫૯૨ સુધીના અંકોમાં વાંચીને નવ મણકા, નવ ગ્રહ, નવ રત્ન, નવ દુર્ગા, નવ નાથ, યોગનાં નવ દ્વાર, નવ રસ, નવ રંગ, માનવમૂર્તિના નવ

તાલની જેમ સમજીને અંતરની ઇચ્છા પૂરી થઇ.

માર્ચ ૧૯૭૨ના અંક ૫૭૯ના 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાં માનવમૂર્તિના વિધાનમાં નવ તાલની ૧૦૮ આંગળની ઊંચાઈ આપી છે, તેમ ૧૦૮નો અંક આપણી માળામાં છે, અને તે જ ભરતનાટયશાસ્ત્ર પ્રમાણે નૃત્યનાં ૧૦૮ કરણો, ચિદમ્બરમના દેવાલયના ગોપુરમાં કંડારેલા છે. જ્યોતિષ શાસ્ત્રમાં પણ ૧૦૮નો આંકડો નક્કી કરેલો છે. મનુષ્યનું આયુષ્ય અષ્ટોત્તરી પરિદશામાં ૧૦૮ વર્ષનું છે. પંચ મહાપુરુષના 'હંસ'નામના રાજમાં જન્મનારની ઊંચાઈ ૧૦૮ આંગળની કહી છે. સામુદ્રિક શાસ્ત્રમાં પણ ૧૦૮ આંગળની ઊંચાઈ માણસની નક્કી કરેલી છે. 'ભરતનાટયમ્'માં આપણાં પ્રાચીન શાસ્ત્રોના કુદરતી નિયમોનો ઉપયોગ થયો છે તે આ લેખમાળામાં વાંચીને આનંદ થયો છે. તે માટે લેખક સુનીલ કોઠારીને જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે.

ભરતનાટયમના લેખો વાંચીને મારા ગામના મુનસર તળાવની દહેરીઓના કંદોરામાં કંડારેલી નૃત્ય-મુદ્રાઓ સમજવામાં મારા જેવા શિલ્પ શોખીનોને માર્ગદર્શન મળ્યું તે માટે 'કુમાર'નો આભારી છું.

નરોત્તમ પલાણના સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓના લેખો વાંચીને આનંદ થાય છે.

(વીરમગામ) —શાંતિલાલ માધવજી મંડલી

ઑગસ્ટ 'કુમાર' 'અથાણું'માં મુક્તક આપ્યું છે તે મૂળ અંગ્રેજીનું ભાષાંતર છે. નીચે કૌંસમાં 'અંગ્રેજી ઉપરથી' છાપવાનું રહી ગયું છે.

એ મોકલ્યું ત્યારે મોટે ભાગે મેં બીજું એક એ જ જાતનું મુક્તક મોકલ્યું હશે. તે પણ અંગ્રેજી પરથી છે. એ બન્નેમાં મૂળ પદ્યો આ સાથે છે. બીજાનું ભાષાન્તર પણ મોકલું છું. જો છાપો તો 'અંગ્રેજી પરથી ભાષાન્તર' એમ છાપવા વિનંતી. બંનેના મૂળ વિચારનો યશ મને નથી.

We may live without poetry,
music and art,
We may live without conscience,
and live without heart;
We may live without friends,
We may live without books,
But civilized men cannot live
without cooks.
—Owen Meredith

We may live without books,
what's knowledge but grieving?
We may live without hope,
what's hope but deceiving?
We may live without love,
what's passion but pining?
But where is the man
That can live without dining?
—Owen Meredith

બીજા મુક્તકનો અનુવાદ
- અનુષ્ટુપ -

પુસ્તકો ન્હોય તો ચાલે–જ્ઞાન કેવળ દુઃખ છે;
આશા ના હોય તો ચાલે–આશા અતૃપ્ય ભૂખ છે;
પ્રેમ ના હોય તો ચાલે–પ્રેમ છે વ્યર્થ ઝંખના
ખાવાનું ન્હોય તો–ના, ના, ચાલશે એક ટંક ના.

(સણોસરા) —નટવરલાલ પ્ર. બુચ

ઑગસ્ટ અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે 'શબરીનાં બોર' અંગે ઉપાડેલી ચર્ચામાં જણાવ્યું છે કે 'મારા સાંભળવા પ્રમાણે અગિયારમા શતકમાં રચાએલા તેલુગુ રામાયણમાં, શબરીનાં એંઠાં બોરનો પ્રસંગ ચીતરેલો છે. સંભવ છે કે એ રામાયણનો આ કથાંશ યાત્રાળુઓ દ્વારા ઉત્તર ભારતમાં પ્રવેશ પામ્યો હોય અને લોકહૃદયમાં ધીરે ધીરે ઘર કરી બેઠો હોય, જેનું પ્રતિબિંબ સૂરદાસના ભજનમાં પડેલું દેખાય છે.'

આના અનુસંધાનમાં જણાવવાનું કે રાજા ગોનબુદ્ધ રચિત, તેલુગુમાંથી હિન્દીમાં અનુવાદિત રંગનાથ રામાયણમાં અરણ્યકાંડના ૨૭મા અધ્યાયમાં શબરીનો પ્રસંગ આવે છે, જેમાં પણ 'તેણે ખૂબ પ્રેમથી વનનાં કંદ, મૂળ, ફળ લાવીને આપ્યાં અને રામે તે ફળ ખાધાં.' એમ જ વર્ણવેલ છે. આમ, બોરનો ઉલ્લેખ તો તેલુગુના રંગનાથ રામાયણમાં પણ નથી.

તમિળ ભાષાના કંબન રામાયણના હિન્દી અનુવાદને જોતાં અરણ્યકાંડના બારમા અધ્યાયમાં શબરી-મુક્તિ પ્રસંગ વખતે છઠ્ઠા શ્લોકમાં બોરનો નહિ પણ 'ફળ કંદ' આદિનો જ ઉલ્લેખ છે.

(ભાવનગર) —જયેન્દ્ર ત્રિવેદી

મારી પાસે 'સુવર્ણમાલા' નામના માસિકના સં. ૧૯૮૨ના અંક છે તે જોતાં 'કુમાર' યાદ આવ્યું. આ 'સુવર્ણમાલા' (તંત્રી : પુરુષોત્તમ વિશ્રામ માવજી-મુંબઈ)માં સુંદર ચિત્રો તેમજ કળા-કારીગરીના નમૂનાની તસ્વીરો અપાએલી છે. એક અંકમાં પૂ. રવિશંકર રાવળનાં 'સોળ સુન્દર ચિત્રો' (કિં. રૂપિયો સવા)નું અવલોકન પણ છે. એમાં લખ્યું છે: 'જે પળે એમને પોતાની જીવનભાવનાનો આદેશ મળ્યો તે પળે એને ખાતર બધું હોમી દેવાની તત્પરતા બતાવી. નિરાશાઓ, હાડમારીઓ, વેદનાઓ એ બધા સામે કદરહીન ગુજરાતમાં તેમને ટકાવી રાખનાર તેમની કલા, તેમના થોડાએક મિત્રો–એ સર્વના તપનું ફળ તે આ 'સોળ સુંદર ચિત્રો' છે.

મને એ જાણવાની ઈચ્છા છે કે આ 'સુવર્ણમાલા' હજી ચાલુ છે? બંધ થયું હોય તો તેમાં પ્રકટ થએલાં ચિત્રોના બ્લૉક વગેરે 'કુમાર' માટે મેળવી તેમાંનો એ અમૂલ્ય 'ખજાનો' પુનઃ પ્રગટ કરી શકાય? પ્રસ્તુત અંકમાં ધુરંધરના 'વસંતસેના-મદનિકા' જેમાં સુંદર રંગીન ચિત્રો પ્રગટ થએલાં. આજે આવાં ચિત્રો આજની પેઢીના માર્ગદર્શન માટે મળે તો મેળવીને પ્રગટ કરવા જેવું નથી લાગતું?

(મેંગણી) —અમરજિતસિંહ જાડેજા

જુલાઈ અંકમાં સિક્કા-સંગ્રાહક ત્ર્યંબકલાલ દવેએ કરેલ ઐતિહાસિક સિક્કાસંગ્રહ વિષે માહિતીપૂર્ણ વિગત વાંચી આનંદ થયો.

'કુમાર' જૂના-નવા સ્ટૅમ્પ-સિક્કા વિષે અવારનવાર અગત્યની માહિતી આપે છે, તે રૂપિયે એક નવો પૈસો પણ ન ગણાય.

હાલના નાનામોટા કુમારો પોતાનાં પત્રમિત્રોને પોતાનો શૉખ જણાવે છે તેમાં ૮૦ ટકા ઉપરાંતના સ્ટૅમ્પ-સિક્કા-સંગ્રહનો શૉખ જણાવે છે. તો 'કુમારે' કુમારોનો શૉખ કેળવાય, તેનું જ્ઞાન વધે તેવા માહિતીપૂર્ણ લેખ દરેક મહિને આપવા જોઈએ.

સ્ટૅમ્પ-સંગ્રહ કોને કહે છે, સંગ્રહ કરેલા સ્ટૅમ્પ શામાં રાખવા? તે કવરો ઉપરથી કેવી રીતે ઉખેડવા, તે ચોંટાડવાની નોટબુક જેવી ચોપડીઓ મોટાં શહેરોમાં વેચાતી મળે છે તેમાં કેવી રીતે ચોંટાડવા વગેરેની માહિતી 'કુમાર' આપશે તો સંગ્રાહકને ઘણું જ્ઞાન મળશે.

ઘણા તો સ્ટૅમ્પના થોકડા કોઈ ડબી કે કવરમાં ભરી રાખે છે, તે અરસપરસ ચોંટી જઈને ખરાબ થઈ જાય છે. સ્ટૅમ્પની સંભાળ કેવી રીતે લેવી તેના નિષ્ણાત પાસે લેખ લખાવી 'કુમારે' આપવા જોઈએ. ઉપરાંત ઐતિહાસિક સિક્કા તથા સ્ટૅમ્પ વગેરેના કેટલૉગ વેચનારનાં એડ્રેસ 'કુમારે' આપવાં જોઈએ.

(કાલિકટ) —પરશોતમ માધવજી

[* 'કુમાર'ના અંક ૩૦૮–ઑગસ્ટ ૧૯૪૯થી અંક ૩૩૬–ડિસેમ્બર ૧૯૫૧ સુધીના લગભગ સવા બે વર્ષના ગાળાના અંકોમાં આ વિષય ઉપર નિયમિત લેખમાળા આવી ગઈ છે. સુજ્ઞ પત્રલેખક જણાવે છે તે મુજબ આતુર વાચકો તરફથી જો સારી સંખ્યામાં અમને માગણી મળશે તો 'શતરંજ'ની માફક એની પણ પુસ્તિકા પ્રકટ કરવાનું વિચારીશું. –તંત્રી]


આ અંક

કાળના અફાટ મહાસાગરમાં પચાસ વરસની અવધ એ તો એક નાનકડા મોજાની લહર જેવી ગણાય; પણ માનવીના — અને તેની સરજત સંસ્થાના આયુષ્યમાં તો એ ગાળો ગણનાપાત્ર મહત્ત્વનો લેખાય. અનેક લીલીસૂકી સાથે એવો એક ગાળો પાર કરીને — અને દરેક શતકનો એક એવા (આ અંક સાથે) છ શતકાંકના યાત્રા-સ્તંભ રોપીને 'કુમાર' આજે પોતાનું કનકપર્વ ઊજવવા ભાગ્યશાળી થયું છે એ પરમ ચૈતન્યની લીલાનો જ એક આવિષ્કાર—કૃપાકટાક્ષ માનીને એ સુભાગ્ય માટે તે ધન્યતા અનુભવે છે અને આભારવશ હૃદયે તેના ગુણાનુવાદ સાથે નવી મંજલનો આરંભ કરે છે.

આ અંક પ્રકટ કરવાનું નિરધાર્યું ત્યારથી તેના આયોજન અને અમલમાં ઉપરાઉપર પલટા આવ્યા કર્યા છે. ૫૮૨મા અંકમાં તેની પ્રથમ જાહેરાત કરી ત્યારે, ગત અરધી સદી દરમ્યાન 'કુમાર'માં આવી ગએલી સાહિત્ય અને કલાની સામગ્રીમાંથી ઉત્તમ ચયન કરીને અભિનવ માંડણીવાળા ગ્રંથ રૂપે આપવાની મનીષા હતી. એની તૈયારી ચાલતી હતી ત્યાં એ વર્ષાન્તે આર્થિક સંજોગો વિપરિત નીવડ્યા અને બીજી બાજુથી વાચકોએ એવી જૂની સામગ્રીને બદલે નવું જ આપવાનો આગ્રહ કર્યો; એટલે ગત પાંચ શતકાંકની ઢબે ખાસ અંક કાઢવાનું ઠરાવ્યું. એના આયોજનના અવરોધો ઓળંગતા મુદ્રણ સુધી પહોંચતાંમાં દેશમાં કાગળની કટોકટી ઊભી થઈ; પરદેશથી આવનારા 'કુમાર'માં વપરાતા કાગળના પુરવઠામાં રુકાવટ આવી અને તેની અવેજીમાં વાપરવાના – અને ભૂગર્ભમાં ચાલ્યા ગએલા — દેશી કાગળને ખોળેખોળે શોધી લગભગ બમણી કીમતે મેળવીને કામ રોડવવું પડ્યું. પરિણામે એનું આ પલટાએલું સ્વરૂપ અને થએલો વિલંબ વાચકો નિભાવી લેશે એવી પ્રાર્થના છે.

ઉપર્યુક્ત મૂંઝવણ અને મુશ્કેલીઓમાં અમને જેમના તરફથી હૂંફ અને હામ મળ્યાં છે તે સૌનો આભાર માનીએ છીએ–ખાસ કરીને આ અંકના જડતરમાં જેમની કૃતિઓ શોભે છે તે સૌ કલાકારો અને સાહિત્યકારોનો, અને આ મંગલ પ્રસંગના અમને ઊલટપૂર્વક અભિનંદન આપીને એના પ્રાકટ્યમાં અમારે પડખે ઊભા રહેનારા જાહેરાતદારોનો.

તંત્રી




શ્રી સત્ય સાઈબાબા (ફોટો · ડૉ. એરચ બરજોરજી ફનીબંદા)

(જુઓ આ અંકમાંનો લેખ 'ગુજરાતની ફોટોકલાનાં પચાસ વર્ષ')



નાગદમન (ચિત્રકાર · કુ. ઊર્મિ પરીખ) કાલીય નાગના દેહવળાંકને ચિત્રના મોટા ભાગ પર પ્રસારીને તેની મહા કાયને અને તેની ફેણ પર બાલકૃષ્ણના દેહભંગ દ્વારા તેના વિજયને ચાતુરીથી પ્રાધાન્ય આપી ચિત્રવિષયને ઉઠાવ આપ્યો છે, તો ચિત્રના મથાળે યમુનાનો સામો કાંઠો સૂચવી ત્યાં હરખાતાં ગોપગોપી ને ગાયને અને નાગના દેહવળાંકની અંદરના ભાગમાં કૃષ્ણને વીનવતી નાગણીઓને મૂકીને ચિત્રવિષયના મહત્ત્વને ઉપસાવ્યું છે. યમુનાના જળના સૂચન તથા તેની અંદરના ભાગને એમણે માત્ર રંગફેર વડે જ અલગ પાડયાં છે. સંયોજન અને રંગપસંદગી વડે ચિત્રને વધુ ઉઠાવ અને ઓપ મળે છે.

સ્થાનાનુદાન : એક સજ્જનના તરફથી



કુમાર · વર્ષ ૫૦ · અંક ૧૨ · ડિસેમ્બર ૧૯૭૩
સળંગ ૬૦૦મો સુવર્ણજયંતી અંક

પરાક્રમણ

· પૃથ્વી–સૉનેટ ·

અહો, નયન મીંચું તો ય પ્રગટી જતી જ્યોતિ હે!
અહો, શ્રવણ બંધ તો ય ઝણકી જતા સૂર હે!
અહો, અગતિ માંહ્ય કોક અતિ વેગવંતી ગતિ!
અહો, મતિ વટાવી ક્યાંક લઈ જાતી પ્રજ્ઞા-દ્યુતિ!

તને નયનના પુટે હું લઉં ગોપવી દીપ્તિમાં,
તને શ્રવણ-પારણે હું લઉં ઢાળી હુલ્લાસમાં,
તને ચરણ માહરાંની રચું ભવ્ય કો ઝંકૃતિ,
તને મનસ-શૃંગ પે મુજ સજાવું સ્વર્ણપ્રભા.

વહે જત અથંભ ગંગ જલપૂર લૈ કાળનાં
પરોચ્ચ શિખરોથી સાગર તણાં પતાળો લગી,
અનંત અખિલાઈ એક પર એક ઊર્મિ બની
રહે છલકતી અથંભ શ્વસતી મુદા-’મંત્રણે.

પળેપળ વિષે પ્રદીપ્ત થતી તારી હ્યાં શાશ્વતી,
કૃપાળુ તવ સંનિધિ અણુ અણુ વસે ભાસ્વતી.

સુન્દરમ્

વિદ્યા અને વિમર્શ

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

જૈન બૌદ્ધ સમેત વ્યાપક ભારતીય ધર્મ એકાન્તિક શ્રદ્ધા અને કેવલ અનુગ્રહ કરતાં સ્થિર, શુદ્ધ અને પ્રેરક બુદ્ધિ ઉપર અથવા પ્રજ્ઞા ઉપર વિશેષ ભાર મૂકે છે. – રાગ અને દ્વેષથી વિમૂઢ થએલી બુદ્ધિ વ્યવહારમાં કે ચિંતનમાં સત્યદર્શન કરી શકતી નથી; પરંતુ બુદ્ધિ સમતાવાળી હોય, પ્રસન્ન હોય, વિશદ હોય, તો હમેશાં તે સત્ય તરફ વળે છે – વનસ્પતિ પ્રકાશ તરફ વળે છે તેમ. સત્યનું દર્શન કરતી બુદ્ધિને, સત્ય તરફ સહજભાવે વળતી બુદ્ધિને પ્રજ્ઞા કહી શકાય. વિદ્યાનું મોટામાં મોટું કામ મતિને પ્રેરિત અને સતેજ કરી પ્રજ્ઞા બનાવવાનું છે.

શિક્ષણનું આ અનિવાર્ય કાર્ય હકીકતોનો માત્ર સમૂહ વિદ્યાર્થી આગળ રજૂ કરવાથી સધાય નહિ. હકીકતો સાચી હકીકતો છે કે નહિ તેનો નિર્ણય થવો જોઈએ; જે હકીકતો પ્રસ્તુત હોય તેને સાંકળવી જોઈએ, અને એ સંકલન ઉપર તર્કયુક્ત વિચાર થવો જોઈએ. મનમાં કોઈ વ્યાપક ઊહ (hypothesis) કે પ્રવાદ (theory) હોય તેનો આ બુદ્ધિવ્યાપારમાં નિષેધ નથી, પણ એવી કોઈ પણ કલ્પનાને કે ખયાલને, પ્રત્યક્ષ યા પરોક્ષ હકીકતોની પુષ્ટિ ન હોય, અનુમાનની પુષ્ટિ ન હોય તો તેને છોડી દેવાની આપણી માનસિક તત્પરતા હોવી જોઈએ. આમ સદ્-અસદ્-વસ્તુવિવેક કરવો એનું નામ વિમર્શ. ગૃહજીવન હોય કે સાર્વજનિક જીવન, વિજ્ઞાન હોય કે કલા, ઇતિહાસ હોય કે રાજકારણ, સર્વત્ર સર્વદા સારાસાર વિચારણા કે વિમર્શ એ જ સાચી વિદ્યાનો જીવનરસ છે.

પણ હવે પ્રશ્ન થશે કે, તો પછી આપણા ચિત્તવ્યાપારમાં શ્રદ્ધાનું શું સ્થાન? શ્રદ્ધા એટલે અંધ શ્રદ્ધા, અવિચારી શ્રદ્ધા કે વહેમ એ ભારતીય ચિન્તનનું કે ધર્મનું હાર્દ નથી. એ એનું પ્રેરક કે ધારક બળ નથી. શ્રદ્ધા એટલે પૂર્વગ્રહ વિનાની, મમત વિનાની સત્યાભિમુખતા, ઉદાર હૃદય અને શુદ્ધ બુદ્ધિની સત્યજિજ્ઞાસા તેમજ પ્રતીતિ સારુ તત્પરતા. જીવનના કોઈ પણ તાત્ત્વિક પ્રશ્નનો ઉકેલ હશે, પ્રયત્ન કરીશું તો એ ઉકેલ જડશે, એવી દૃઢ હૃદયવૃત્તિ, એનું નામ શ્રદ્ધા. સકળ જગતમાં અનેક ગુરુજને, મહાપુરુષોએ, ઋષિઓએ નિષ્ઠાપૂર્વક અને સૂક્ષ્મતાથી તર્કથી અવિરુદ્ધ એવા સત્યની શોધ કે અનુભૂતિ કરી છે, તેને આદરથી જાણવી-સમજવી એ પણ શ્રદ્ધા છે. પણ આદરથી સાંભળ્યા–સમજ્યા પછી મનન કરવાનું, વિમર્શ કરવાનું, પરીક્ષા કરવાનું, અને એ દ્વારા એ શોધ કે અનુભૂતિને પોતાની કરવાનું આપણું કામ રહે છે જ. બધી બાજુથી તપાસ્યા પછી જ કોઈ પણ ધારણા આપણી પોતાની બને. ત્યારે જ વિચારનો નિશ્ચય થયો કહેવાય. એનું નામ જ જ્ઞાન. ભારતની સકળ તત્ત્વવિદ્યામાં, ધર્મમીમાંસામાં અને સમાજવિચારણામાં—યાજ્ઞવલ્ક્યથી શંકરાચાર્ય અને શંકરાચાર્યથી શ્રી અરવિંદ સુધી, ગૌતમ બુદ્ધથી વિવેકાનંદ ને ગાંધીજી સુધી—શ્રદ્ધા અને સ્વતંત્ર મનન સાથેસાથે જ પ્રવર્તતાં રહ્યાં છે. શ્રદ્ધા વિના બુદ્ધિને પ્રસ્થાનબિન્દુ નથી; વિમર્શ વિના શ્રદ્ધેય વસ્તુનું રહસ્ય, તેનાં અનેકવિધ ફલિતો અને સર્વસ્પર્શી કિરણો પ્રગટ થતાં નથી. શ્રદ્ધા સામાજિક વારસો છે; વિમર્શથી વ્યક્તિના દિલમાં અખંડ દીવો પ્રગટે છે. પરંપરાપ્રાપ્ત જ્ઞાનરાશિને પ્રજ્ઞા દ્વારા વ્યક્તિ-વ્યક્તિનો પોતાનો બનાવવાનું કાર્ય એ શિક્ષણવ્યવસ્થાનું ઉચ્ચતમ કાર્ય છે.

'આ ——— એ ધારે તો

લેખક · ફાધર વાલેસ



'આ છોકરો મોટો થશે ત્યારે કંઈક કરશે.' આમ એના શિક્ષકો એના વિષે કહેતા. એનામાં બુદ્ધિ હતી, શક્તિ હતી, તેજ હતું. વર્ગમાં એ જલદી વાત પકડતો, રમતમાં લગભગ બધાને હરાવતો, અને બોલવામાં ને નાટકમાં પાઠ કરવામાં પણ એ કુશળ હતો. એનામાં ભણવાની હોશિયારી હતી અને વ્યવહારુ કામ કરવાની આવડત પણ હતી. એ બીજા છોકરાઓને દોરી શકતો અને શાળાનાં ને વર્ગનાં રોજનાં નાનાં કામ પણ કરી આપતો. નાની ઉમરમાં પણ એને માટે એ આશા આપોઆપ બંધાઈ જતી કે મોટી વયે એ જીવનની સફળતાને વરશે જ. સારા ગુણ હતા, સારાં બીજ હતાં; માટે તો એને જોઈને એના શિક્ષકો ખુશ થતા અને કહેતા: 'આ છોકરો મોટો થશે ત્યારે જરૂર કંઈક કરશે જ.'

ને એ છોકરો મોટો થયો. ભણવામાં આગળ વધ્યો. નોકરીએ ચડ્યો. પરણ્યો. પોતાનું સ્વતંત્ર જીવન અને પોતાનું સાચું કામ એણે શરૂ કર્યાં. હજી એણે કોઈ મોટું કામ કર્યું નહોતું. હજી કોઈ પરાક્રમ નોંધાવ્યું નહોતું. કૉલેજમાં એનો અભ્યાસ ઠીક ચાલ્યો હતો, પણ વિશેષ ધ્યાન ખેંચે એવો નહોતો. નોકરીમાં એનું કામ સંતોષકારક હતું, પણ આગળપડતું કહી શકાય એવું નહોતું. હજી એનામાં શક્તિ હતી. ઑફિસમાં અને સમાજમાં એને જે સારી રીતે ઓળખતા હતા એ બધા એને માટે માન રાખતા અને આશા બાંધતા. એની વાત નીકળતી ત્યારે લોકો કહેતાં 'એ માણસ ધારે તો ચોક્કસ કંઈક કરી શકે.'

ને એ વધુ મોટો થયો. એક નોકરીમાંથી બીજીમાં ગયો; એક કામ છોડીને બીજું લીધું. જુદાજુદા અનુભવો થયા; જુદાજુદા પ્રસંગો બન્યા. જીવન આગળ ચાલ્યું, અને...હજી યે જિવાશે અને કામ તો કરાશે, પણ હવે પછી કોઈ નવું કામ નહિ થાય, કોઈ નવો ચીલો નહિ પડાય એવી ઘડી આવી ગઈ. હવે ઉમર વધારે છે ને શક્તિ ઓછી છે, ને જુવાનીનો ઉત્સાહ ઓસરી ગયો છે ને જીવનનો થાક હૃદય ઉપર છે—એ સમય એને માટે આવી ગયો. અને એ માણસના જૂના મિત્રો ને ઓળખીતાઓ એનું નાનપણ ને એની જુવાની યાદ કરતા, એની શક્તિ ને એના ગુણોનો વિચાર કરતા ત્યારે કહેતા: 'એણે ધાર્યું હોત તો કંઈક કરી શકત.'

ત્રણ વાક્યોમાં એક માણસનો ઇતિહાસ.

ત્રણ પ્રકરણમાં એક આશાસ્પદ યુવાનનું જીવનચરિત્ર.

ત્રણ શબ્દોમાં...... કેટલાય સાધારણ આદમીઓની કથા: 'કરશે.' – 'ધારે તો કરી શકે.' – 'ધાર્યું હોત તો કરી શકત.' ઉત્સાહ, વિલંબ, નિરાશા... નિર્ણય, આનાકાની, ઢીલાશ...વેગ, આરામ, થાક.

શક્તિ તો હતી. બુદ્ધિ હતી, સંસ્કારો હતા, પૈસા હતા, સગવડ હતી. અભ્યાસ કરવા માટે ને ધંધો કરવા માટે ને માણસોને દોરવા માટે ને નવો ચીલો પાડવા માટે શક્તિ હતી, ગુણો હતા, અવકાશ હતો. બધું હતું... છતાં કશું ન થયું. ફક્ત સામાન્ય અભ્યાસ, સામાન્ય નોકરી, સામાન્ય ધંધો. સામાન્ય જીવન. અસાધારણ શક્તિ હતી, પણ સાધારણ કામ થયું. વિશેષ યોગ્યતા હતી, પણ વિશેષ સફળતા ન બતાવી. આશા હતી તે ખોટી પડી. ઇચ્છા હતી તે વ્યર્થ ગઈ.

'એ ધારે તો કરી શકે.' —પણ ધારે તો ને?

ને એ ન ધારે ત્યાં સુધી એ શક્તિ ને એ અભ્યાસ ને એ બીજ ને એ આવડત તો નકામાં જ જવાનાં. એ શક્તિ નહિ ખીલે, એ બીજ નહિ ફળે. એ આશા ખોટી પડશે અને એ જીવન પાંગળું રહેશે.

ધારવું જોઈતું હતું, ઇચ્છવું જોઈતું હતું, પૂરા દિલથી નિર્ણય લેવો હતો, પ્રતિજ્ઞા લેવી હતી: શક્તિ છે તે વાપરવાની. બીજ છે તે ખીલવવાનાં. નાનપણમાં ને જુવાનીમાં, શાળામાં ને કૉલેજમાં, ધંધામાં ને સમાજમાં, હૃદયમાં ને જીવનમાં, સતત પ્રયત્ન, મહેનત, ઉદ્યમ. અને એ માટે દિલનો નિર્ણય, અંતરનું વ્રત, મનનો સંકલ્પ.

સંકલ્પ...ધારવાનું...ધારે તો...ઇચ્છે તો.

અને એ અત્યારથી, નાનપણથી, ઘરથી ને નિશાળથી. મોડું થાય તે પહેલાં. દિલને થાક ચડે તે પહેલાં. લોકો 'ધાર્યું હોય તો કરી શકત' એ કહે તે પહેલાં કરી નાખવાનું, બતાવી આપવાનું.


એ સંકલ્પ ઉપર જીવનનો આધાર છે. એમાં સફળતાનો પાયો છે, પ્રગતિનું રહસ્ય છે. એ લઈને આગળ જવાશે અને દૂર જવાશે અને ઊંચે જવાશે. એ લઈને બધાને સંતોષ અપાશે, માબાપનાં સ્વપ્ન સિદ્ધ કરાશે, સમાજની સેવા બજાવાશે.

અને એ રીતે જીવન જિવાશે તો એની જુદી કથા લખાશે ને જુદું પ્રમાણપત્ર મળશે; અને મિત્રો ને ઓળખીતાઓ ને સ્નેહીઓ ને શુભેચ્છકો અંતે એની વાત કરશે ત્યારે એમ નહિ કહે કે, 'ધાર્યું હોત તો કરી શકત,' પણ કહેશે 'ધાર્યું હતું એટલે કરી બતાવ્યું.' શાબાશ. □

માનવ-ઇતિહાસની એક સર્વતોભદ્ર પ્રતિભા



લીઓનાર્દો દ વિંચી
(લાલ ચાકથી કરેલી આપ-છબિ)
અને ડાબા હાથે અવળા લખા-
એલા એના લાક્ષણિક હસ્તાક્ષરો



કેવળ કોઇ પણ એક જ બાબતમાં નિષ્ણાત બનવાના આ યુગમાં, કાલ્પનિક કથાઓને પણ શરમાવે એવી લીઓનાર્દો દ વિંચી જેવી હેરત પમાડનારી સર્વતોભદ્ર પ્રતિભાની હસ્તીનો ખયાલ કરવો પણ લગભગ અશકય છે. માત્ર આંગળીને વેઢે ગણાય એટલાં જ એનાં ચિત્રસર્જનો આજે આપણી પાસે છે, અને એ-માં યે અમુકના કર્તૃત્વ અંગે તો હજી યે નિષ્ણાતો એકમત નથી; છતાં એક મહાન ચિત્રકાર તરીકે લીઓનાર્દો વિશ્વવિખ્યાત છે. ભણવા જતા નિશાળિયા પણ 'મૉના લિસા'ના સર્જક તરીકે લીઓનાર્દોને જાણે છે. પણ પંદરમી સદીના યુરોપમાં જ્ઞાનની એવી એક પણ શાખા નહોતી જેમાં લીઓનાર્દોનો પ્રવેશ ન હોય; એટલું જ નહિ. પોતાના સમયથી એ સદીઓ જેટલો આગળ હતો. **સમસ્ત માનવ-ઇતિહાસમાં એના જેવી બહુમુખી પ્રતિભા હજી સુધી બીજી કોઈ જોવા મળી નથી.**

પંદરમી સદીના યુરોપમાં સાંસ્કૃતિક પુનર્જાગ્રતિનો કાળ એ અનેક નવાં શોધ-સંશોધનોનો, જ્ઞાનવિજ્ઞાનના નવવિકાસનો અને કલાનાં નવાં ઉત્થાનોનો જ નહિ, પણ માનવ-સંસ્કૃતિના પ્રત્યેક ક્ષેત્રમાં અંધકારમાંથી પ્રકાશમાં આવવાનો સમય હતો. મધ્યકાલીન ખયાલોમાંથી નવા વિચારો સાથે માણસ પોતાનું માથું ઊંચકી રહ્યો હતો ત્યારે કલા-વિજ્ઞાનના ક્ષેત્રે પણ અનેક પ્રતિભાઓ પ્રકટ થઇ. હજારો નવાનવા પ્રશ્નોના ઉત્તરો પામવા માણસો મથી રહ્યા હતા ત્યારે લીઓનાર્દોએ એકલે પંડે એ સમયના જ નહિ, પણ આજ સુધીના પણ એકે ય માણસથી નથી થઇ શક્યું એ કરી બતાવ્યું. ઉત્કૃષ્ટ ચિત્રસર્જન જ નહિ, જ્ઞાનવિજ્ઞાનની પ્રત્યેક શાખામાં એણે કોઇની યે સહાય વિના પોતાની જ હૈયાઉકલત અને અપ્રતિમ પ્રતિભા વડે આજની અનેક અજાયબ શોધની શકયતા વિચારેલી અને અનેક આગવાં સંશોધનો કરેલાં. હજારો પાનાંઓમાં ભરેલી એની સચિત્ર નોંધો આજે પણ આપણને જ નહિ, પણ છેક પંદરમી સદીમાં એણે હાથ ધરેલા વિષયોના આજના વિદ્વાનોને પણ અ-ચંબો પમાડે તેવી આગવી અને સચોટ છે. એકના એક પ્રશ્નને એણે અનેક વાર અનેક બાજુએથી વિચાર્યો છે. એકસાથે એ એક-બીજાથી તદ્દન ભિન્ન એવાં એટલાં બધાં કાર્યો હાથ ધરતો કે એ-માંના એકાદ પર જ એણે પોતાની શક્તિ કેન્દ્રિત કરી હોત તો યે એના જીવનમાં જે નિરાશા-નિષ્ફળતા જોવા મળે છે એ ન રહેત. પણ એની અનેકમુખી પ્રતિભા માટે, એની અદમ્ય જિજ્ઞાસા માટે એ સંભવિત નહોતું. જે કંઇ એને જોવા-જાણવા મળતું તે બધાંને એ જાતે નાણીને જ સ્વીકારતો. પોતાના જીવનકાળમાં જ એ જાતે એક એવી અજાયબી બની ગએલો કે આપણને શંકા જાય કે પૃથ્વી પર આવો કોઇ માણસ થયો હશે કે કેમ! એનું જીવન એક અજબ કોયડો છે. એના વિષે સેંકડો ગ્રંથો ને લેખો પ્રકટ થયા છે.

ઇટાલીમાં વિંચી નામના એક નાના ગામની નજીકમાં ઇ. ૧૪૫૨-ની ૧૫મી એપ્રિલે એનો જન્મ થએલો. સેર પીએરો દ વિંચી અને એક સામાન્ય કુટુંબની બાઇ કૅટેરિનાનો એ અનૌરસ પુત્ર હતો. જો કે કુંવારી માતાના પુત્ર હોવાનું એ કાળે કદાચ અસ્વાભાવિક નહોતું. એના પિતામહે પોતાની ડાયરીમાં નોંધ્યું હતું: 'મારે ત્યાં પૌત્રનો જન્મ થયો... દીકરા સેર પીએરોને ત્યાં પુત્ર. એપ્રિલ પંદર. શનિવારની રાત્રે. લીઓનાર્દો એનું નામ.' કહેવાય છે કે થોડીક રકમથી સંતોષાઈને માતાએ આ પુત્રને સેર પીએરોને સોંપી દઇને મુક્તિ મેળવી હતી. ત્યાર પછીનું લીઓનાર્દોનું બાળપણ દાદાની જાગીર પર જ વીત્યું. જો કે પાછળથી એણે પોતાના બચપણ વિષે કદી ક્યાંય કંઇ કહ્યું નથી. એના શિક્ષણને માટે સારો પ્રબંધ હતો, પણ શિક્ષકોનો અભિપ્રાય હતો કે શાળામાં એ સ્વચ્છંદી ને અત્યંત ચંચળ રહેતો. ઘણું ઘણું શીખવાનું એ શરૂ કરતો અને પછી વચ્ચેથી જ એ છોડી દેતો. પરંતુ સામાન્ય સ્તરથી ઘણી ઊંચી બુદ્ધિ-પ્રતિભાથી એ અનેક અવનવા પ્રશ્નો દ્વારા શિક્ષકોને મૂંઝવી દેતો. ગણિતમાં એ પારંગત હતો. પિતાએ એને પોતાની પાસે ફ્લૉરેન્સ

અનેકાનેક મર્યાદાઓ અને વહેમી ખયાલોના સમયની એ એક સર્વાંગ-સંપૂર્ણ પ્રતિભા હતો. કલાને માર્ગે આરંભ કરી પોતાના સમયથી આગળ વધી એણે માનવ-ઉપયોગી એકેએક ક્ષેત્રમાં આગવી દેણગી કરી. પોતાની અદમ્ય અભ્યાસ-વૃત્તિથી પ્રેરાઈ એણે ચિત્રાલેખન ઉપરાંત વિજ્ઞાનના પ્રત્યેક ક્ષેત્રમાં ઘણી શોધખોળ ને નિરીક્ષણો કર્યાં, અનેક અવનવાં યંત્રો ને શસ્ત્રો શોધ્યાં. જીવનભર સતત કાર્યરત રહીને એણે ખુદ કુદરત પણ ફરી નથી સરજી શકી એવી પોતાની પ્રતિભા સરજી. એના જીવનકાળમાં કોઇ એને ખરી રીતે ઓળખી ન શકયું, આજે સૌ એના વિષે આશ્ચર્ય અનુભવે છે.

લીઓનાર્દો દ વિંચી

લેખક • ડૉ. વિપિન શાહ



△ બોટિશિનીના એક ચિત્રમાં સેઈન્ટ માઈકલ તરીકે નવયુવાન લીઓનાર્દો

બોલાવી લીધો ત્યારે ઇટાલીનું એ નગર એની જાહોજલાલીમાં હતું. 'લૉરેન્ઝો ધ મૅગ્નીફિસન્ટ' તરીકે ઓળખાતો ત્યાંનો કાંકાર વિદ્વાન અને કલાકારોનો આશ્રયદાતા હોઇ ઇટાલીની અનેક તેજસ્વી પ્રતિભાઓ ત્યાં એકઠી મળી હતી.

ઇતિહાસનો આ એ ગાળો હતો જેમાં આજે હેલીના નામે જાણીતા ધૂમકેતુએ દર્શન દીધું હતું, તુર્કોએ કૉન્સ્ટૅન્ટિનોપલ જીતીને બેલગ્રેડને ઘેર્યું હતું, નવા પોપે આ 'ધૂમકેતુથી, તુર્કોથી ને સેતાનથી' બચાવવા માટે પ્રાર્થનાઓ યોજવાનો આદેશ આપ્યો હતો, બાઇઝૅન્ટાઇન ગ્રીસમાંથી નાસેલા વિદ્વાનો ફ્લૉરેન્સમાં આશ્રય માટે આવતા હતા, ગુટનબર્ગનું બાઇબલ છપાઇ ગયું હતું અને પુસ્તકો દ્વારા જ્ઞાનપ્રસારનો નવો યુગ આરંભાયો હતો, સંદેશવ્યવહાર માટે ટપાલની ઝડપી અને સરળ પદ્ધતિ અમલમાં આવી હતી, ફ્લૉરેન્સમાં ઉસ્તાદ પાઉલો રાત્રે આકાશમાં તારાઓ અવલોકતો હતો, જેણે લીઓનાર્દોને ખગોળશાસ્ત્ર તરફ વાળ્યો અને જેની નોંધોથી પ્રેરાઇ કોલંબસ પશ્ચિમના જળમાર્ગે પૂર્વમાં હિંદુસ્તાન શોધવા નીકળેલો એ અમેરિગો વાસ્પુચી પણ ત્યાં જ ઊછરતો હતો, ને ત્યાંથી થોડે જ દૂર ઉત્તરમાં એક વણકરને ત્યાં ક્રિસ્ટૉફર કોલંબસ પણ. પરંતુ આ સૌ કરતાં લીઓનાર્દોની જિજ્ઞાસા અને પ્રતિભા અનોખી જ હતી. એક પરથી બીજા વિષયમાં ઊતરી જતી એની વારંવાર બદલાતી અભિરુચિ છતાં એક બાબતમાં એ ઘણો જ ચોક્કસ હતો. અનેક દિશામાં એની પ્રતિભા દર્શાવવા સાથે એણે માનવ પાત્રો, પ્રાણીઓ, પુષ્પો વગેરેનાં ઝીણામાં ઝીણી વિગત સુધીનાં સુંદર આલેખનો પણ પુષ્કળ કર્યાં હતાં. પિતા ત્યારે અગ્રિમ વકીલ હતા. એણે પુત્રનાં એ આલેખનો પોતાના એક કલાકાર શિલ્પી મિત્ર વેરોકિયોને બતાવ્યાં. ચિત્રાલેખનની પદ્ધતિસરની તાલીમ પામ્યા વિના લીઓનાર્દોએ કરેલાં એ આલેખનો જોઇ વેરોકિયો તો દિઙ્મૂઢ બની ગયો ને તુરત તેણે લીઓનાર્દોને પોતાના સ્ટૂડિયોમાં શિષ્ય તરીકે દાખલ કરી દીધો.

બાર વર્ષ સુધી લીઓનાર્દો વેરોકિયો સાથે રહ્યો. કદાચ એ એના જીવનનો સૌથી વધુ સુખી ગાળો હતો. દિવસભર સખત પરિશ્રમ કરી એણે ચિત્રકલાને એટલી તો સાધ્ય કરી લીધી હતી કે સત્તરની વયે તો એ ગુરુને મળેલાં બહારનાં મોટાં ચિત્રકામોમાં સહાય કરતો. અને ત્યારનાં એનાં દશ્યાલેખનો તથા વેરોકિયોના એક ચિત્ર 'બૅપ્ટિઝમ'માં તેણે ચીતરેલા એક દેવદૂતને જો લક્ષમાં લઇએ તો એ ઉમરે એની પાછીની એવી સિદ્ધિ માની પણ ન શકીએ. કૉરૉટે તો લીઓનાર્દોને દશ્યચિત્રોનો 'પિતા' ગણ્યો છે. કહે છે કે 'બૅપ્ટિઝમ'માં લીઓનાર્દોના દેવદૂતનું આલેખન જોયા પછી શિષ્યની એ સિદ્ધિનું ગૌરવ અને પોતાની એટલે સુધી પહોંચવાની અશક્તિ અનુભવી વેરોકિયોએ સદાને માટે પીંછી છોડી દઇ પછી માત્ર શિલ્પસર્જનો જ કરેલાં.

અઢાર વર્ષની વયે તો ફ્લૉરેન્સના ચિત્રકાર મંડળમાં એનું નામ ઉમેરાઇ ગયું અને ઇ. ૧૪૭૮માં સેઇન્ટ બર્નાર્ડના દેવળ માટે અને ૧૪૮૧માં ફ્લૉરેન્સના એક પરામાં સાન ડોનાટોના મઠમાંના દેવળ માટે સ્વતંત્રપણે એણે કામ મેળવેલું. એણે જ કહ્યું છે કે 'પોતાના ગુરુથી આગળ ન વધી શકે એ શિષ્ય દયાપાત્ર છે.' એણે જ પોતાના કામ વડે દર્શાવી આપ્યું છે કે 'માત્ર અન્યની નકલ કરીને સંતોષ પામનાર ચિત્રકાર કદી આગળ વધી ન શકે...કુદરત પાસેથી એણે શીખવું જોઇએ...' જાતે જ બધી બાબતોનો અનુભવ મેળવી, તેમાં પોતાની કલ્પના ઉમેરીને પછી કંઇક નવું જ સરજવાનો એ આગ્રહી હતો. વેરોકિયોને ત્યાં અનેક ક્ષેત્રના લોકો આવતા. ચિત્રકળા, યંત્રરચનાઓ, તત્ત્વજ્ઞાન, અવનવી શોધખોળો વગેરે અનેક વિષયો ત્યાં ચર્ચાતા. તરુણ લીઓનાર્દો પણ એ બધું રસથી સાંભળતો અને એમાંથી મેળવેલા જ્ઞાનની અનેક દિશામાં અજમાયશ કરતો. એની આ ચંચળ જિજ્ઞાસા કેટલાકને એના જીવનની અવ્યવસ્થા સમી લાગતી. વિજ્ઞાનમાં ત્યારે એને ઘણો જ રસ હતો. કદાચ એટલે જ એ ગાળામાં ચીતરાએલાં એનાં ચિત્રોની સંખ્યા બહુ ઓછી છે; અથવા એવું પણ હોય કે એની અનેક કૃતિઓની માફક આ ગાળાની કૃતિઓ સચવાઇ રહી ન હોય.



આર્નો નદીનો તટ. પશ્ચિમની ચિત્રકલાના ઇતિહાસમાં કેવળ દશ્યાલેખનનું આ પહેલું જ ઉદાહરણ છે. ઈ. ૧૪૭૩ની ૫મી ઑગસ્ટે લીઓનાર્દોએ એ ચીતર્યાની નોંધ પણ તેના પર મૂકી છે—કદાચ એટલા માટે કે ખુદ એને મન પણ આ દશ્યાલેખનનું મહત્ત્વ હતું. અને એટલે જ એ એની સ્મૃતિ જાળવવા ઇચ્છતો હતો. કોઈ ઊંચા સ્થાનેથી દેખાતી એ નદીના વિસ્તૃત પટના ઊંડાણ અને દશ્યની અન્ય વિગતોને એણે પોતાના લાક્ષણિક આલેખનથી તાદશ કર્યાં છે. ચિત્રોની પશ્ચાદ્‌ભૂમિમાં સપાટ રંગલેપનના બદલે ચિત્રવિષયને અનુરૂપ દશ્યાલેખન કરનાર કદાચ એ ત્યારનો પ્રથમ કલાકાર હતો. દશ્યાલેખનમાં ખડકોની વિગતમાં ઊતરવાનો એનો રસ આગળ જતાં એને ભૂસ્તરના ઊંડા અભ્યાસ પ્રતિ દોરી ગયો અને એમાં પણ એણે આગવું જ્ઞાન સંપાદિત કર્યું. ▷

છતાં લીઓનાર્દોનું આગવું વ્યક્તિત્વ તો ત્યારે સ્પષ્ટ થવા માંડયું જ હતું. ચંચળ છતાં વિચારવંત, કંઇ પણ નવું શીખવા માટે આતુર એ યુવાનીમાં ઘણો સુંદર દેખાતો. એનો કંઠ પણ મધુર હતો. ગાવા ઉપરાંત એ વાદ્યવાદનમાં પણ નિષ્ણાત હતો. એની રીતભાતમાંથી આદર ને એના વિવેકમાંથી કુલીનતા નીતરતાં. એનો પોશાક સુઘડ ને એના વ્યક્તિત્વને ગૌરવ આપે એવો જ રહેતો. અને એની સુંદરતામાં માયકાંગલી નજાકત નહિ, પણ લોખંડી નાળને યે એ જાણે સીસાની બનેલી હોય તેટલી આસાનીથી વાળી નાખવા જેટલી તાકાત હતી. જંગલી ઘોડાઓની વચ્ચે ઘૂસીને પણ હેમખેમ રહી શકવા જેટલી તેનામાં હિંમત અને કુશળતા હતી. આવી રાક્ષસી તાકાત અને સિંહ જેવી નીડરતા સાથે એના સ્વભાવમાં પારેવા જેવી કુમાશ પણ હતી. પણ આ બધાં પાછળ એનું મગજ સતત અવનવા વિચારો ને કલ્પનાઓથી ધમધમતું રહેતું. આસપાસની દુનિયા ને કુદરતને નીરખતી એની આંખો અને એમાંથી નવાંનવાં તારણો કાઢતું એનું સંશોધક મગજ અનેકાનેક બાબતોમાં રત રહ્યા છતાં યે, એવું જણાય છે કે, ઇ. ૧૪૭૦ થી તે છેક એના મરણ સુધી એણે વારંવાર પોતાના વિચારોને પાણી પ્રતિ વાળ્યા છે. વહેતું, ખળખળતું, ઊછળતું, ધસમસતું પાણી સદાયે એના આકર્ષણનું કારણ બન્યું છે. એને નાથવાના યે એણે વિચારો કર્યા છે તો બીજી બાજુ ખળખળતા પાણીની વિચિમાળામાં ભૌમિતિક આકારોને પણ એણે તારવ્યા છે. ફરીફરીને એણે પોતાનાં લખાણો અને આલેખનોમાં પાણીને લગતી અનેકવિધ નોંધ કરી છે. કદાચ પોતાના મનની ચંચળતા ને વાંકવળાંકનું સામ્ય એને વહેતા પાણીના પલટાઓમાં લાધ્યું હશે.

આંખ જે કંઇ જોઇ શકે એ બધું તે ચીતરતો. પોતાનાં ચિત્રોમાં માનવ ચહેરા પર મનનાં ભાવ-આંદોલનોને પ્રકટ કરવાની એની ઇચ્છા હતી. એ માટે મિત્રો-પરિચિતો કે શેરીઓમાંથી પસાર થતાં સ્ત્રીપુરુષોનાં આલેખનો એ કર્યા જ કરતો. એમના હાથપગનાં હલનચલન ને ચહેરા પરના ભાવપલટા એણે ચીતર્યે જ રાખ્યા. ચહેરા પર 'શોક અને આનંદ બન્નેમાં વ્યક્તિનાં મુખ, હડપચી, આંખ, ગાલ, કપાળ બધાં સરખાં જ હોય છે; પણ રુદનમાં ભ્રમર વચ્ચે ખેંચાય છે, જ્યારે હાસ્યમાં ભવાં ઊંચાં થાય છે.' આવાં આવાં સૂક્ષ્મ નિરીક્ષણોની તો એણે સંખ્યાબંધ નોંધો કરી છે.

મેદિચીના ઠાકોરે જેના પર બે સૉનેટ રચેલાં એ 'જિનેવા દ બેન્સી', 'ઍડોરેશન ઑવ મેજાઇ', 'સેન્ટ જેરોમ' ને 'ઍનન્સીએશન' વગેરે એની જાણીતી ચિત્રકૃતિઓ આ અરસામાં સરજાઇ. આમાંનું 'જિનેવા' તો થોડાં વર્ષો પર વૉશિંગ્ટનના રાષ્ટ્રીય કલાસંગ્રહ માટે ૫૦ લાખ ડૉલરની કિંમતે ખરીદાએલું. અમેરિકામાં સંઘરાએલું લીઓનાર્દોનું એ એકમાત્ર ચિત્ર છે. યુવાન વયમાં જ આરંભેલું 'ઍડોરેશન' તો એ કદી પૂરું કરી શક્યો નહિ, પણ છતાં ય તે ઉત્કૃષ્ટ ગણાવા લાગેલું ને યુવાન રફાએલ તો એ જોઇ મુગ્ધ બની ગએલો. પણ મેદિચીના ઠાકોર લૉરેન્સોને એની કલાશક્તિમાં શ્રદ્ધા નહોતી. લૅટિન અને ગ્રીકમાં કાચો લીઓનાર્દો કદી મહાન ચિત્રકાર બની ન શકે એમ એ માનતો; જ્યારે લીઓનાર્દો સમજતો કે લૉરેન્સોએ પુરાણી પોથીઓમાં જ રાચતા રહી ફ્લૉરેન્સને એણે ભૂતકાળમાં જ રત રહેતું કરી મૂક્યું છે. પણ લીઓનાર્દોની વારંવાર વિષયાંતર કરવાની ખાસિયતથી એની પ્રતિભાને લોકો પૂરેપૂરી પિછાની શકતા નહિ. જો એ મન પર લે તો એક મહાન ચિત્રકાર બની શકે એમ લોકો માનતા. એનાં નિરીક્ષણો, અવલોકનનોંધો, યંત્રના નુસખાઓ વગેરેમાં લોકોને રસ નહોતો, અને એ બધું સમજવા જેટલી કદાચ ક્ષમતા પણ નહોતી.

આને એટલે જ અંતે ફ્લૉરેન્સ છોડી એણે મિલાન તરફ નજર દોડાવી. ઇ. ૧૪૮૨માં એણે ત્યાંના ડ્યૂક લ્યૂદોવિકો ઇલ મૉરો પર એક અરજી લખી. પોતે જે જે કામ કરી શકે તેમ છે એની યાદીમાં એણે લખેલું કે, 'હું ઓછા વજનવાળા અને ઘડીકમાં ઊભા થઇ શકે એવા પુલ બનાવી શકું છું, જેના દ્વારા આપ સરળતાથી શત્રુનો



ફ્લૉરેન્સ, મિલાન, વેનીસ અને પોપના દરબારમાં આશ્રયાર્થે આથડયા બાદ પોતાની પ્રતિભાના કદરદાન ફ્રાંસના રાજા ફ્રાંસિસ પહેલાના આશ્રયમાં લીઓનાર્દોએ જ્યાં પોતાના જીવનનાં પાછલાં વર્ષો ગાળેલાં, અને જ્યાં એનું અવસાન થયું ત્યાંના પ્રદેશનું એણે કરેલું એક હસ્તાલેખન.

પીછો પકડી શકો યા જરૂર પડયે ઝડપથી પીછેહઠ પણ કરી શકો. આ પુલ શત્રુઓના પ્રહારથી કે અગ્નિથી નાશ ન પામે એવા હશે. ઘેરો નાખવાની જરૂર પડે ત્યારે ઊંડી ખાઇઓનાં પાણી પણ હું સૂકવી નાખી શકું છું ને સુરંગ તથા ભોંયરાં દ્વારા ગઢની નીચે ભૂગર્ભ માર્ગ પણ યોજી શકું છું. ગગનચુંબી કિલ્લાઓને ભોંયભેગા કરવાની યુક્તિઓ હું જાણું છું. નાના નાના પથ્થરોનો વરસાદ વરસાવી શત્રુસૈન્યમાં વજપાત સર્જી શકે તેવાં યંત્રો બનાવતાં મને આવડે છે તથા શત્રુઓને અસહ્ય એવો ધુમાડો ફેલાવી એમને નસાડવાની રીત હું જાણું છું. ભારે તોપમારા સામે પણ દરિયામાં ટકી શકે તેવાં વહાણ હું બનાવી શકું છું તેમજ દુશ્મનની સેનામાં પેસી જઇ, સલામત રીતે એમનો સંહાર કરી શકે તેવી બખ્તરિયા ગાડી બનાવતાં પણ મને આવડે છે, તેમ શાંતિના સમયમાં આરસની, કાંસાની કે માટીની એકએકથી ચડિયાતી પ્રતિમાઓ બનાવતાં પણ આવડે છે, જે કોઇ પણ સિદ્ધહસ્ત કલાકારની હરીફાઇ કરી શકે તેવી હશે: આમાંના કોઇ પણ અશક્ય લાગતા કાર્ય માટે પરીક્ષા આપવા પણ હું તૈયાર છું.' પણ અરજીમાં એણે પોતે ચિત્રકાર હોવાનો તો માત્ર અછડતો ઉલ્લેખ જ કરેલો. લ્યૂદોવિકો પોતાના પૂર્વજ ફ્રાન્સિસ્કો સ્ફોર્ઝાનું એક ભવ્ય અશ્વારોહી શિલ્પ બનાવડાવવા ઇચ્છતો હતો એ શિલ્પ કરવાની પણ લીઓનાર્દોની ખ્વાહેશ હતી, પણ લ્યૂદોવિકો તેને પોતાને ત્યાં રાખવા ઇચ્છતો નહોતો.

પરંતુ પત્ર લખ્યા પછી એક દિવસ એ પોતે બનાવેલા ચાંદીના એક વાજિંત્ર સાથે જાતે જ લ્યૂદોવિકોના દરબારમાં પહોંચી ગયો. ત્યાં તેના સોહામણા વ્યક્તિત્વની, તેના વાદન તથા કંઠની તેમજ દરબારને યોગ્ય એના શિષ્ટાચારની અસર પડી, અને એને માટે પણ કંઇક કામ નીકળી પડશે એમ માની લ્યૂદોવિકોએ એને રાખી લીધો. જોકે તત્કાલ તો એને દરબારી ઉત્સવોનાં આયોજનોનું કામ જ સોંપેલું.

મિલાનમાં આશ્રય મળી જતાં ફરી એ કામે લાગી ગયો. સંત ફ્રાન્સિસના દેવળ માટે એણે કેટલુંક કામ કર્યું. મિલાનના કથેડ્રલના ઘૂમટનું આયોજન અને નમૂનો બનાવ્યાં, ઇ. ૧૪૯૦ના જાન્યુઆરીમાં યોજાએલા એક ઉત્સવમાં એણે અજબ સેટિંગ્સ અને પોશાકોની રચના કરીને 'સ્વર્ગ સમ' દૃશ્ય ખડું કરી બતાવ્યું. કલા વિષે એક પ્રબંધ પણ રચ્યો અને (હમણાંના પહેલા વિશ્વયુદ્ધમાં રણગાડીઓ (ટૅન્ક) યુદ્ધમેદાનમાં ઊતરી એની અગાઉ ચાર સદી પૂર્વે એણે) બખ્તરિયા ગાડી સાથે અનેક નવાં આયુધો ને હાથબૉંબ જેવા દારૂગોળાની કલ્પના કાગળ પર ઉતારી!

પણ આ બધા સાથે અશ્વારોહી સ્ફોર્ઝાના શિલ્પને એ ભૂલ્યો નહોતો. અશ્વની વિવિધ દેહભંગિઓની આલેખન-નોંધોથી એનાં પાનાંઓ એ ભરતો જ રહ્યો હતો. પાછલા પગે ઝાડ થઇ ઊભેલા ઘોડાના લગભગ ૨૬ ફૂટ ઊંચા શિલ્પની તેની કલ્પના હતી. આ માટે એણે માટીનો એક મોટો નમૂનો પણ બનાવીને જાહેરમાં જોવા મૂકેલો. પણ ત્યારે લ્યૂદોવિકોને શિલ્પમાં નહિ, પરંતુ શસ્ત્રોમાં રસ હતો; એટલે એ અશ્વ માટે સંઘરેલું કાંસું એણે હથિયારો બનાવવામાં વાપરી નાખ્યું અને લીઓનાર્દોની એક મહાન ઇચ્છા અધૂરી જ રહી. માઇકેલ ઍન્જેલોએ તો એને ટોણો પણ મારેલો કે 'બનાવી ન શક્યો એટલે તેં એ કાર્ય છોડી દીધેલું.' અને પંદરમી સદીનાં ટાંચાં સાધનો વડે આવું ભવ્ય શિલ્પ ઢાળવું શક્ય હતું કે નહિ તેમ આજે યે ઘણા વિચારે છે, પણ મૅડ્રિડના રાષ્ટ્રીય ગ્રંથાલયમાંથી મળી આવેલી લીઓનાર્દોની નોંધપોથીનાં પાનાં જોતાં લાગે છે કે એણે એ ભવ્ય શિલ્પને કેમ ઢાળવું તે પણ વિચારી રાખેલું જ.

વચ્ચે ઇ. ૧૪૯૦માં એ પાવિયાના દેવળની રચના ચર્ચવા ત્યાં જઇ આવેલો. ઇ. ૧૪૯૧માં લ્યૂદોવિકો સ્ફોર્ઝાના બીઍટ્રિસ દ'એસ્ટ સાથેના લગ્નસમારંભનું એણે ભવ્ય આયોજન કર્યું. ૧૪૯૨માં એણે રોમની મુલાકાત લીધી. ૧૪૯૪માં એણે કેટલીક ખાણો જોઇ. ૧૪૯૫માં ફ્લૉરેન્સના સિગ્નોરિયા મહેલમાં એક

લીઓનાર્દોની ચિત્રનોંધોમાં આવાં ઠઠ્ઠા-ચિત્ર જેવા વરવા ચહેરા પણ સંખ્યાબંધ છે; પણ એનો ઉદ્દેશ ઠઠ્ઠા કે કટાક્ષનો નથી જ. એને મન વરવું રૂપ એ સુંદરતાના સામા પાસા સમું હતું. અને એટલે જ એણે એના અભ્યાસ – આલેખનને સૌંદર્યના જેટલું જ મહત્ત્વ આપ્યું જણાય છે.






વિશાળ સભાખંડનું આયોજન ચર્ચવા જવાનું એને નિમંત્રણ મળેલું.

તે પછીનાં બે-અઢી વર્ષ એ પોતાના જગવિખ્યાત ચિત્ર 'ધ લાસ્ટ સપર' પાછળ રોકાએલો રહ્યો. પણ બધી સગવડો મળ્યા છતાં એનું કામ તદ્દન ધીમું ચાલતું હતું. વળી લીઓનાર્દોએ એક બીજી પણ ગંભીર ભૂલ કરેલી. એ સમયમાં વપરાતાં માધ્યમોને બદલે એણે નવતર પ્રયોગ અજમાવ્યો ને પરિણામે જે ચિત્ર જોઇને લૂઇ બારમાએ એ આખી ભીંત ઉખેડી જવા ઇચ્છા કરેલી તે દુનિયાભરમાં વિખ્યાત ચિત્રના રંગો લીઓનાર્દોની હયાતી દરમિયાન જ ઝાંખા પડી ઊખડવા લાગેલા! એની મરામત કરતાં વસારીએ એને થોડું બગાડયું પણ ખરું. નેપોલિયનના સૈન્યે ત્યાં પોતાની ઘોડાર રાખેલી ને બીજા વિશ્વયુદ્ધમાં એ મઠ પર બૉંબ પણ પડ્યા. સદ્ભાગ્યે આ ચિત્ર બચી ગયું અને આ સદીમાં એની મરામતના જે અદ્યતન પ્રયોગો થયા તેનાથી એ કંઇક સચવાયું છે. પરંતુ આજે પણ જેવું છે તેવું જોતાં યે લીઓનાર્દોની ચિત્રપ્રતિભાને કોઇ આંબી ન શકે એટલી તો ખાતરી એ કરાવે છે જ.

મિલાનના ડયુકલ ચોકનું પણ એણે આયોજન કરેલું. પ્લેગ-

નીચે-ડાબીબાજુ: ઈ. ૧૫૩૫માં વિટ્રુવિયસે નક્કી કરેલા માનવદેહના માપ-નિયમ પરથી લીઓનાર્દોએ વિચારેલી આકૃતિ. એ મુજબ સમમાણ માણસની દાઢીથી તે કપાળમાં વાળની શરૂઆત થાય ત્યાં સુધીનું માપ શરીરના બરોબર આઠમા ભાગ જેટલું હોય છે. વળી, માણસ પોતાના હાથ શરીરના બરોબર કાટખૂણે પહોળા કરે તો તેની બંને આંગળીઓના છેડા વચ્ચેનું અંતર તે તેની ઊંચાઈ જેટલું જ થાય, અને એ રીતે માનવ-આકૃતિને આવરી લેતા સમચોરસનું મધ્યબિંદુ તેના સાથળના મૂળમાં આવી રહે. એ જ રીતે હાથની વચલી આંગળીઓના છેડા તેના માથાની તાલની સપાટીએ પહોંચે એટલા ઊંચા જો માણસ પોતાના હાથ કરે, તો એ ચોરસની નીચલી બાજુએ અડે એ રીતે દોરેલું વર્તુળ જ્યાં તે ચોરસની ઉપલી બાજુને છેદે ત્યાં જ બરોબર હાથની વચલી આંગળીઓ અડી રહે અને એ વર્તુળનું મધ્યબિંદુ માણસની નાભિમાં આવી રહે.



▷ 'ચિત્રકારને માનવદેહના સ્નાયુઓનો જો અભ્યાસ હોય તો કયા અંગના હલનચલનથી કયા સ્નાયુઓ ખેંચાશે કે સંકોચાશે તે એ જાણી શકે અને એ રીતે એ ચીતરી શકે.' આ પ્રકારની નોંધ સાથે લીઓનાર્દોએ અનેકવિધ અંગસ્થિતિઓમાં માનવદેહની જે હજારો ચિત્રનોંધો કરી છે તેમાંનો એક નમૂનો અહીં દર્શાવ્યો છે.





આર્દ્ર અને પ્રેમાળ મુખભાવ દર્શાવવાની લીઓનાર્દોની ચિત્રશક્તિનાં બે ઉદાહરણ. સામેના પૃષ્ઠ પર એના 'લાસ્ટ સપર'માંની ક્રાઈસ્ટ માટે કરેલી પ્રાથમિક નોંધ અને અહીં બાજુમાં ઉત્તરાવસ્થામાં કરેલા ને અધૂરા રહેલા ચિત્ર 'વર્જિન ઍન્ડ ચાઈલ્ડ વિથ સેઈન્ટ ઍન'માંની સેઈન્ટ ઍનની મુખાકૃતિ. બંને અપૂર્ણ છતાં સચોટ.

ની મહામારીમાં અર્ધું મિલાન ફના થઇ ગયું ત્યારે બે કક્ષ પર રચાએલા માર્ગો અને હવાઉજાસવાળાં નવાં મકાનો સાથે ભૂગર્ભ ગટરોની યોજના પણ એણે વિચારેલી. બંને તરફનાં મકાનોની ઊંચાઇ જેટલી જ શેરીની ઓછામાં ઓછી પહોળાઇનો એ હિમાયતી હતો. નવી નહેરો દ્વારા એણે ત્યાં નવા જલમાર્ગોની પહેલ કરેલી. લૉમ્બાર્ડીનાં હરિયાળાં ખેતરો એની આ યોજનાને જ આભારી છે. પણ લ્યૂદોવિકો એની પ્રતિભાઓનો પૂરો ઉપયોગ કરી શક્યો નહિ. કલાને તો એ કેવળ પ્રતિષ્ઠાનું એક માધ્યમ જ સમજતો. લીઓનાર્દોની શસ્ત્રાસ્ત્રો બનાવવાની પારંગતતાને પણ એ પૂરી પારખી ન શક્યો, ને મુખ્યત્વે એણે એનો ઉપયોગ ઉત્સવ-આયોજનો માટે જ કર્યે રાખ્યો. અંતે મિલાન ફ્રાંસને તાબે ગયું, લ્યૂદોવિકો ફ્રાંસની કેદમાં જ મરણ પામ્યો અને લીઓનાર્દોના પેલા ઘોડાના વિરાટ નમૂનાનો ફ્રેન્ચ સૈનિકોએ તીરંદાજીની નિશાની-તાલીમમાં ઉપયોગ કરી નાશ કર્યો! લીઓનાર્દોને પણ મિલાન છોડી દેવું પડ્યું.

ફ્લૉરેન્સના ઠાકોરની પત્ની ઇસાબેલાની છબિ ચીતરાવવા એના મંત્રીએ લીઓનાર્દોના ઓટલા ઘસી નાખ્યા છતાં એ વખતે તો પોતાને યંત્રોમાં જ વધુ રસ હોઇ એણે ત્યારે એ રાણીનું કેવળ એક રેખાચિત્ર જ દોરી આપેલું. સંજોગો આવી પડતાં હવે તેને



'મૅડોના ઑવ ધ રૉક્સ.' લીઓનાર્દોએ ૩૧ વર્ષની વયે આ ચિત્ર કરેલું. હાલ તે 'લુવ્ર'માં છે. કલાવિવેચકો તેને અનેક દૃષ્ટિએ જુએ છે. દા. ત. આમાંની એઈન્જલ બાળ ક્રાઈસ્ટના બદલે બાળ જ્હૉન પ્રતિ શા માટે અંગુલિનિર્દેશ કરે છે? રક્ષા સૂચવતો વર્જિનનો હાથ જેની પીઠ પર છે તે બાળ જ્હૉન જ છે કે દૈવી રક્ષાની અપેક્ષાવાળી સમગ્ર માનવજાતનું પ્રતીક? માનવગર્ભને રક્ષતા ગર્ભાશય સમું ગુફાનું આવરણ શું માનવજીવનના આદિકાળનું સૂચન છે? ભૂસ્તર-વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના જ્ઞાતા લીઓનાર્દોએ આ ચિત્રની પશ્ચાદ્‌ભૂમાં આછેરા ધુમ્મસમય વાતાવરણ અને ઉજાશમાં સ્ફૂટ થતા ખડકોનું જે અપાર્થિવ લાગતું દૃશ્ય મૂક્યું છે તેમાં આદિ જીવનના જનક સમા જળ, ખડક ને સૂર્યપ્રકાશને એણે સહેતુક જ નહિ મૂક્યાં હોય? વળી, તેમાંના ઉત્તુંગ ખડકોમાં ઘણા લીઓનાર્દોના ઊર્ધ્વ મનોવલણનું પ્રતિબિંબ પણ જુએ છે. સ્પષ્ટ રેખા વિના કેવળ તેજછાયાના રંગકૌશલથી જ ઊપસતાં પાત્રોનું ત્રિકોણાકાર સંયોજન ને તેની ટોચે વર્જિનનું ભાવવાહી મુખ, આંતરિક ઊર્ધ્વતાથી પ્રદીપ્ત ભાવવાળા આદર્શ સૌંદર્યના લીઓનાર્દોના ખયાલોને સ્પષ્ટ કરતું એઈન્જલનું પાત્ર, રક્ષણ, વંદન, આશિષ ને નિર્દેશના ભાવવાળી વિવિધ હસ્તમુદ્રાઓ વગેરે દ્વારા પ્રકટ થતું લીઓનાર્દોનું કલાકૌશલ તેને આ સર્જન દ્વારા પોતાના સમયથી ઘણો આગળ વધેલો પુરવાર કરે છે. ૨૫ વર્ષ પછી ફરી એણે આ જ ચિત્રની એક બીજી નકલ પણ ચીતરી હતી જે હાલ લંડનમાં છે.




કેટલાંક જગનામી ચિત્રસર્જનો ઉપરાંત આજે પ્રાપ્ત સાત હજાર જેટલાં પૃષ્ઠોમાં વ્યાપ્ત લીઓનાર્દોનાં અનેક લખાણ તથા નિરીક્ષણ-નોંધો વગેરે પરથી એની સર્વતોભદ્ર પ્રતિભાનો પરિચય મળે છે. એમાંની અંશતઃ વાનગી આ બે પાનાં પર આપી છે. ડાબી બાજુ ગર્ભાશય અને તેમાં રહેલા બાળકની એણે કરેલી નિરીક્ષણ-નોંધ આજે પણ આશ્ચર્યજનક લાગે છે. શરીરના આંતરિક અંગોને આ રીતે દર્શાવવાની શરૂઆત પણ એણે જ કરી એમ કહી શકાય. માનવીના મુખભાવ, પક્ષીનાં ઉડ્ડયનની ખાસિયતો ને તે પરથી પોતે કલ્પેલાં વિમાન અને હેલિકૉપ્ટર જેવાં સાધનો, પ્રાણીઓનાં હલનચલન, પાણીના પ્રવાહ, વનસ્પતિનાં અંગઉપાંગો, અવનવી યંત્રરચનાઓ, નહેર ને નગરરચનાઓ, નવાંનવાં શસ્ત્રો, પોતાના કલાવિચારો, નવનવા ટુચકા-નુસખા, એમ કંઈ અસંખ્ય વિષયોને એણે આવાં હજારો પાનાંમાં આવરી લીધાં છે.


જ ત્યાં એને આશરો માગવા જવાની જરૂર પડી. પણ ઇસાબેલાને હવે એની જરૂર નહોતી! એટલે એ વેનીસ ગયો, અને તુર્ક આક્રમણોના ભય નીચે જીવતા એ નગરમાં એને ડ્યૂક સીઝર બોર્જિયાને ત્યાં ઇજનેર તરીકે કામ મળ્યું. અને કકરાતના કિલ્લાઓની જાળવણી તથા મરામતનો ભાર એના પર મૂકવામાં આવ્યો. સીઝર લંપટ પોપ ઍલેક્ઝાંડર છઠ્ઠાનો પુત્ર અને એક પ્રપંચી કાંકોર હતો. લીઓનાર્દો અહીં વધુ રહી શક્યો નહિ, પરંતુ આ દરમિયાન એને ફ્લૉરેન્સના એલચી મૅકિયાવેલીનો પરિચય થએલો.

તેણે એને ફ્લૉરેન્સના નગરભવનમાં એક ભીંતચિત્ર કરવાનું કામ અપાવ્યું. આ જ સભાભવનમાં માઇકેલ ઍન્જેલોને પણ એક ભીંતચિત્ર કરવાનું હતું. બંને એ સમયના ખ્યાતનામ ચિત્રકારો હતા. પરંતુ અહીં પણ લીઓનાર્દોએ ભૂલ કરી. આંઘીઆરીના યુદ્ધમાં ફ્લૉરેન્સને મળેલા વિજયને અમર કરવા એ આ યુદ્ધનું ભવ્ય આલેખન રજૂ કરવા ઇચ્છતો હતો, પણ એણે વાપરેલા રંગ સુકાયા જ નહિ ને એના રેલા ઊતરી ચિત્ર ખરાબ થવા લાગ્યું. બીજી બાજુ રોમથી પોપનું તેડું આવતાં માઇકેલ ઍંજેલો પણ પોતાનું કામ છોડી ચાલ્યો ગયો. આમ, ઇટાલીના એક કલાધામ સમું ફ્લૉરેન્સ દેશની બે મહાન કલાપ્રતિભાઓની કૃતિથી વંચિત જ રહ્યું.

બીજી બાજુ આ કાળે લીઓનાર્દો ઉડ્ડયન અંગે અભ્યાસ-અવલોકનોમાં રત થયો હતો. પક્ષીઓનાં ઉડ્ડયનો ને તેની પાંખ-રચનાઓથી એની નોંધપોથી ભરચક બની ગઇ હતી. હવાઇ છત્રીની પણ એણે કલ્પના વિચારેલી. હેલિકલ સ્ક્રૂના વિચાર દ્વારા એ હેલિકૉપ્ટર જેવા સાધનની કલ્પના કરી શક્યો હતો, અને એના વિચારો ત્યારે જો તરંગી ન લેખાયા હોત તો ભવિષ્યે અમેરિકામાં 'કિટીહૉક'માં વિમાન રચીને રાઇટ ભાઇઓ તેમાં ઊડ્યા એ અગાઉ

શસ્ત્રધારણમાં ગૌરવ મનાતું એ કાળમાં, પિંજરમાં પુરાએલા પંખીને પણ જોઈ ન શકનાર લીઓનાર્દો જેવા શાંતિપ્રિય આદમીએ અવનવાં અને વધુ સંહારક એવાં અનેક શસ્ત્રસરંજામની જે શોધો વિચારી છે એ એક આશ્ચર્ય છે. એનાં એણે જે વિગતસભર આલેખનો કર્યા છે એમાંનાં બે: શસ્ત્રસજ્જ રથ અને આજની ટૅંકના પૂર્વરૂપ સમી બખ્તરગાડી. નીચે એના આલેખન પરથી બનાવેલું મૉડેલ.





દાયકાઓ પૂર્વે કદાચ માણસ ઊડતો થઇ શક્યો હોત! યાંત્રિક ઘર્ષણ ઘટાડવા આજની બૉલબેરિંગ પણ એણે વિચારેલી. કહે છે કે ગુપ્તપણે શબચ્છેદનો કરી એણે માનવશરીર વિષેનું પોતાનું જ્ઞાન વધાર્યું હતું. જ્યારે આજના જેવાં કોઇ સાધનો પણ સુલભ નહોતાં ત્યારે એણે હૃદયની રચના અને ગર્ભાશયમાં વિકસતા બાળકનાં આલેખનો સાથે નિરીક્ષણ-નોંધો કરેલી!

પણ આ સાથે એની એક બીજી જગવિખ્યાત કૃતિ 'મોના લિસા' આ કાળે જ સરજાઇ. એ તસવીર ફ્રાન્સિસ્કો દી ઝાનોબી દેલ ગીઓકૉન્ડોની પત્ની મોના લિસા ઘેરાર્ડિનીની છે એમ મનાય છે. ઇ. સ. ૧૫૦૩માં લીઓનાર્દોએ એનો આરંભ કર્યો અને ચાર વર્ષ સુધી તેના પર કામ કર્યા પછી એ અધૂરી રાખી. આ તસવીરને એ પોતાની સાથે ફ્રાંસ લઇ ગએલો. ત્યાં ફ્રાંસિસ પહેલાએ ચાર હજાર સુવર્ણમુદ્રામાં એ ખરીદી લીધી હતી. ઇ. ૧૫૮૪માં એ ફૉન્તેન્બ્લૉ-ના કિલ્લામાં શાહી સંગ્રહમાં હતી. ઇ. ૧૯૧૧ના ઑગસ્ટમાં લૂવ્રના સંગ્રહમાંથી એ ભેદી રીતે ચોરાઇ ગએલી તે છેક ૧૯૧૩ના ડિસેમ્બરમાં ફરી હાથ લાગેલી. જેમ લીઓનાર્દો પર, તેમ તેની આ કૃતિ પર પણ સેંકડો લેખો ને વિવેચનો લખાયાં છે. ફ્રેન્ચ તજ્જ્ઞ આંદ્રે માલરોએ એને 'જીવંત ચહેરાને મહામાનવે આપેલી ગૂઢ અંજલિ' ગણાવી છે. મોના લિસાના મુખભાવો ને એના નિગૂઢ સ્મિતનું અર્થઘટન કરવા સદીઓથી માણસ મથી રહ્યો છે. અનેક દંતકથા, ગીત, વાર્તા, નાટિકાની રચનામાં એની પ્રેરણા પુરાઇ છે. પણ જેના માટે આ ચિત્ર સરજાયું હતું એને તો એ મળ્યું જ નહોતું!

લીઓનાર્દોની બહુવિધ પ્રતિભાથી આકર્ષાઇ મિલાનના ફ્રેંચ સુબાએ એને પાછો ત્યાં બોલાવેલો. પણ ફ્રેંચ શાસન દૂર થતાં એ પણ રોમના પંથે વળ્યો. ત્યાં વૅટિકન બેલ્વેડીઅરમાં એને રહેવા મળ્યું. મેદિચી વંશનો નબીરો જ ત્યાં પોપ લીઓ દસમા તરીકે બિરાજતો હતો. રફાએલ પણ ત્યારે ત્યાં જ હતો. પોપે લીઓ-નાર્દોને પણ કામ સોંપ્યું, પણ એ ચિત્રકામને બદલે એણે તો વાનશ

▷

લીઓનાર્દોએ સ્ફોર્ઝાના સ્મારક માટે અશ્વ-નાં તો અનેકવિધ આલેખનો કરેલાં. એવી નોંધોમાંનું આ (જમણે) પૃષ્ઠ છે. અને આ જ રીતે એણે વિવિધ વૃક્ષછોડનાં અંગઉપાંગ ને વૃદ્ધિવિકાસને પણ નોંધ્યાં છે. એનું એક ઉદાહરણ નીચે આપ્યું છે. વનસ્પતિનાં એનાં નિરીક્ષણો એટલાં તો સૂક્ષ્મ અને ઊંડાં હતાં કે તેના આધારે એણે કેટલીક પાયાની નવી શોધો કરેલી. અન્ય તજ્જ્ઞો દ્વારા ચુકાઈ ગએલી અનેક ઝીણી વિગતો એણે નીરખી અને વન-સ્પતિ વિષયક એનાં આલેખનો પણ કેવળ ચિત્ર-નોંધ ન બની રહેતાં એમાં એની સજીવતા ને વૃદ્ધિવિકાસ પણ વ્યક્ત થતાં જણાય છે.







ાજનેવ્રા. લીઓનાર્દોએ કરેલાં તસવીર-ચિત્રોમાં આ પ્રથમ છે. ૨૨ વર્ષની વયે એણે એ ચીતર્યું હતું. એ છે તો માત્ર ૧૫ ૧/૮ × ૧૪ ૧/૨ ઈંચના કદનું જ, પણ એને પ્રાપ્ત કરવા અમેરિકાના રાષ્ટ્રીય ચિત્રસંગ્રહના વ્યવસ્થાપકો લિખેન્સ્ટાઈનના પ્રિન્સ ફ્રાન્ઝ જૉસેફ (બીજા) સાથે છેક ઈ. ૧૯૩૦થી વાટાઘાટો ચલાવતા હતા અને અંતે ૫૦ લાખ ડૉલર આપી ઈ. ૧૯૬૭માં એમણે એ મેળવ્યું. ખાનગી ચિત્રસંગ્રહમાં લીઓનાર્દોનું આ એકમાત્ર ચિત્ર હતું અને હવે અમેરિકા પાસે લીઓનાર્દોની આ એકમાત્ર કૃતિ છે.

બનાવવાના પ્રયોગો આદર્યા! નિરાશ થઈ પોપે કહ્યું: 'અરેરે! આ માણસ કદી કંઇ કરી શકશે નહિ, કેમ કે એ કાર્યને એના છેવટના ભાગથી જ શરૂ કરે છે.' રોમના આશ્રય દરમિયાન એને ફ્રાંસિસ પહેલા સાથે મુલાકાત થએલી. પરિણામે ઈ. ૧૫૧૬ના પાછલા ભાગમાં એને ફ્રાંસથી આમંત્રણ મળ્યું. ઇટાલીમાં થતી રહેલી ઉપેક્ષા અને આશ્રય માટેની અથડામણો બાદ એને હવે ફ્રાંસમાં નિરાંત મળી. રાજાએ એને પોતાના આવાસની નજીકમાં જ માનથી રાખ્યો, અને એની વિદ્વત્તાપૂર્ણ ગોષ્ઠિ સાંભળવા અવારનવાર એને મળતો રહેતો.

લીઓનાર્દો વિખ્યાત પ્રાચીન રોમન કવિ ઑવિડને તો પચાવી ગએલો; પ્લેટો અને ઍરિસ્ટૉટલ તથા હોરિસ, પ્લિની અને વિટ્રુવીઅસને પણ એણે વાંચેલા. સ્ટૉઇકની ફિલસૂફી દ્વારા એ હેરાક્લિટસના મર્મને પામેલો. આલ્બર્ટીના કલા અને સ્થાપત્યના ગ્રંથથી પ્રભાવિત થઇ એ દસ ગ્રંથોની ઇટાલિયન આવૃત્તિ માટે

લીઓનાર્દોનાં ત્રણ જગવિખ્યાત ચિત્રસર્જન: મૉના લિસા (જમણી બાજુ) જિનેવ્રા (ડાબી બાજુ) અને (નીચે) લાસ્ટ સપર.

મૉના લિસા તો તેના રહસ્યમય સ્મિત માટે જગતખ્યાત છે જ; પણ એ ઉપરાંત આ ચિત્ર સાથે સંકળાએલી અનેક અવનવી કથાઓએ એને સવિશેષ ખ્યાતિ અર્પી છે. (એ વિષેનો એક સવિસ્તર લેખ અગાઉ 'કુમાર' અંક ૧૧૯માં પ્રકટ થઇ ચૂકયો છે.) નેપલ્સના એક શ્રીમંત વેપારી ઝાનોબી દેલ ગીઓકૉન્ડોની પત્નીનું આ ચિત્ર પૂરું કરતાં લીઓનાર્દોએ ચાર વર્ષ લીધેલાં. ચીતરાયા બાદ રોમ તથા ફ્લૉરેન્સમાં પ્રદર્શિત થયું. ફ્રાન્સિસ પહેલાએ ૪૦૦૦ ફ્લૉરિનમાં ખરીદ્યું ને પારી(સ)ના પોતાના રાજમહેલમાં રાખ્યું. છેવટ લૂવ્રમાં આવ્યા પછી લાખોની કિંમતે તે મેળવવા પ્રયત્નો થયા, લૂવ્રમાંથી એ ભેદી રીતે ગૂમ પણ થયું ને એ જ રીતે પાછું પણ આવ્યું. અનેક નામી કલાકારોએ એની નકલ કરી છે, તો અનેકે તેમાંથી પ્રેરણા લઈ પોતાની આગવી મૉના ચીતરી છે. કલાના એક મોંઘામા મોંઘા રત્ન તરીકે એની જાળવણી થાય છે. મૉના લિસા આંતરમાનસની અદ્‌ભુત અભિવ્યક્તિ ગણાય છે તો જિનેવ્રા વધુ મોહક. ખુદ લીઓનાર્દો પણ આવા નિર્લેપ ઉદાસ ગાંભીર્યને કદાચ જિનેવ્રામાં એક જ વાર વ્યક્ત કરી શક્યો છે. મૉનાનો મલકાટ પ્રસન્નતા વિનાનો છે તો જિનેવ્રાનો નિર્વેદ નિરાશાવિહોણો. પણ બંનેમાં અજબ કામણ છે, ને લીઓનાર્દોએ જીવનનાં જેટલાં જ જટિલ બે વ્યક્તિત્વનું નિરૂપણ કર્યું છે.

● 'લાસ્ટ સપર' તો ૫૦૦ વર્ષ જૂનું ને છેક આરંભથી માંડી અનેક વાર નુકસાન પામ્યા પછી ને એની સુધારણાના અનેક અણઘડ પ્રયત્નોથી બગડ્યા પછી છેવટ ઈ. ૧૯૪૬માં પદ્ધતિસરની મરામત બાદ એના અસલ સ્વરૂપની ઘણી નજીકના અવશેષ રૂપે ટકી રહ્યું છે. એ એક અણમોલ કલાસર્જન તરીકે આજે એ જેવું છે તેવું અહીં દર્શાવી શકાયું નથી, પણ એની આ એક પ્રામાણિક નકલની છાપ અહીં આપી છે. 'લાસ્ટ સપર' વિષે તો આજ સુધીમાં બીજાં અનેક ચિત્રો સર્જાયાં છે, છતાં લીઓનાર્દોની આ કૃતિ જેટલું ભાવનાબળ એ એકેમાં નથી. અત્યંત સાદગીભર્યા આ ભીંતચિત્રમાં જિસસના બારેય શિષ્યોનાં આગવાં વ્યક્તિત્વ દર્શાવવા સાથે લીઓનાર્દોએ તેમની વચ્ચે બેઠેલા ક્રાઈસ્ટની દૈવી પ્રતિભાને આમાં અદ્‌ભુત રીતે નિરૂપી છે.



લીઓનાર્દોએ આલેખનો કરી આપેલાં. લૅટિનનું એને બહુ જ્ઞાન ન હોઇ એ ભાષાના સાહિત્યગ્રંથોથી એ વંચિત રહી ગયો. પણ તેમાંના ભૂમતિ ને વૈદકના ગ્રંથોનો તો એણે અભ્યાસ કરેલો જ. કોઇ પણ મતને એ પોતાની બુદ્ધિમાં ન ઊતરે ત્યાં સુધી સ્વીકારતો નહિ. સાંભળવા કરતાં જાતે જોવાને એ વધુ મહત્ત્વ આપતો;







△ઈટાલીમાં ફ્લૉરેન્સનાં નજીક ટસ્કન ટેકરીઓના વિસ્તારમાં વિંચી ગામના આ ઘરમાં ઈ. ૧૪૫૨ની ૧૫મી ઍપ્રિલે માનવ-ઇતિહાસની એક અદ્વિતીય પ્રતિભા લીઓનાર્દોનો જન્મ થયો હતો અને (જમણી બાજુ) ફ્લૉરેન્સ, મિલાન, વેનીસ વગેરે સ્થળે આશ્રય માટે આથડયા પછી છેવટ એના પ્રશંસક અને ચાહક ફ્રાંસના ફ્રાન્સિસ પહેલા પાસે આશ્રય પામી આમ્બોઈસ નજીકના ક્લાકફ્સ કૅસલમાં જીવનનાં પાછલાં વર્ષો તેણે ગાળેલાં એ નિવાસસ્થાન. ઈ. ૧૫૧૯ની ૨જી મેએ અહીં એનું અવસાન થયું.

અને પોતે જે કંઇ જોતો-જાણતો તેની નોંધ ને આકૃતિઓ પણ એ કાગળ પર ચીતરતો જ. એની નોંધોનાં આવાં હજારો પાનાં જ આજે આપણને એની અદ્વિતીય પ્રતિભાની ગવાહી આપે છે.

એની એક બીજી અદ્ભુતતા એ છે કે એણે જે કંઇ લખ્યું છે એ બધું ડાબા હાથે ને અવળું લખ્યું છે! દર્પણ સામે ધર્યા વિના એ વાંચી શકાય નહિ. એની મોના લિસાના પેલા સ્મિતના ભાવની પેઠે એની આ અજબ ખાસિયતનું રહસ્ય ગુપ્ત છે. કદાચ કોઇ સરળતાથી વાંચી જઇને એનો ગેરલાભ ન ઉઠાવે એવી એની નેમ હોઇ શકે. પણ આ રીતે યે લીઓનાર્દો જ લખી શકે! ઇતિહાસમાં બીજા કોઇએ આમ પોતાનું સમગ્ર લખાણ આ રીતે લખ્યું નથી.

એણે જ કરેલી કલ્પનાઓ પરથી આજની મશિનગનો ને તોપગોળાનો વિકાસ થયો. પિસાના ઢળતા મિનારાના રહસ્યની એને જાણ હતી. અગાઉથી બનાવી રાખેલા વિવિધ ભાગો જોડીને ઘર ઊભાં કરવાની યોજના પણ એણે વિચારેલી. પ્રકાશનાં કિરણોનો પણ એણે અભ્યાસ કરેલો. નેત્રવિદ્યામાં પણ એણે કોઇ પણ બાહ્ય કરણની મદદ વિના જ્ઞાન મેળવેલું. વૃક્ષને છેદતાં દેખાતાં અંદરનાં વલયો પરથી એની વય જાણવાનું એને જ્ઞાન હતું. સ્ટીફન હેલિસે કેશાકર્ષણનો નિયમ જાહેર કર્યો એ અગાઉ બે સદી પહેલાં લીઓનાર્દોએ એ અંગેના અવલોકનની નોંધ લખેલી છે. માઇક્રોસ્કોપનું અસ્તિત્વ પણ ન હતું ત્યારે એણે શરીરની અંદરની સૂક્ષ્મ રક્તવાહિનીઓ અને મજ્જાતંતુઓનું વર્ણન કરેલું છે. દૂરબીનની સહાય વગર એણે ખગોળનો અભ્યાસ કરેલો અને એણે ગૂઢ લિપિમાં એ પણ નોંધ્યું છે કે 'સૂર્ય ફરતો નથી; પણ તત્કાલીન સમાજમાં એણે પોતાનો એ અભિપ્રાય જાહેર કરીને નાહક મુસીબતો ઊભી ન કરવાનું ડહાપણ પણ વાપરેલું. પૃથ્વીની સિકલ બદલવામાં પાણીનો મોટો હિસ્સો છે, અને સ્ટ્રમ્બોલી તથા એટનાના જ્વાળામુખી કરતાં પણ પાણીના નૂરમાં વધુ વિનાશક તાકાત છે એમ એને ખાતરી હતી.

નહેરો તો એણે અનેક બાંધેલી. આ અંગેના એના નકશા માર્ગદર્શક ગણાયા છે. આર્ણો નદીને પર્વતો કુદાવીને દરિયા સાથે જોડવાની યોજના પણ એણે કરેલી. પૂરને ખાળવાના ઉપાયો પણ એણે વિચારેલા. એની આ યોજનાઓ જો ત્યારે અપનાવાઇ હોત તો ઇ. ૧૯૬૬માં પૂરથી જે તારાજી સરજાઇ તેનાથી ફ્લૉરેન્સ કદાચ બચી ગયું હોત. ગિયોવાનીના દેવળને એ પાયામાંથી ઊંચું લેવા વિચારતો હતો. આ એક તરંગ જ લાગે, પણ હમણાં ઇજિપ્તમાં અબુ સિમ્બલના ગંજાવર અવશેષોનું સ્થળાંતર જો શક્ય બન્યું તો લીઓનાર્દોની કલ્પના સૈદ્ધાંતિક રીતે તરંગી ન જ ગણાવી શકાય.

કલાઇ, સુરમો ને તાંબાની મિશ્રિત ધાતુથી દર્પણ બનાવવાનો નુસખો એણે ઇસાક બબિનના પહેલાં લગભગ અઢીસો વર્ષ પૂર્વે અજમાવેલો. ઇ. ૧૬૭૪માં રોઇમર અને હાઇજેન્સે ગીઅરની શોધ કર્યા અગાઉ લીઓનાર્દોએ એ દિશામાં પણ કામ કરેલું. દરેક પ્રકારના સાંધા (જૉઇન્ટ)નો ખયાલ રૉબર્ટ હૂકે ૧૬૭૫માં આપ્યો તે અગાઉ લીઓનાર્દોએ સવિસ્તર આકૃતિઓ સાથે નોંધેલો છે. આવી તો સેંકડો યાંત્રિક કરામતો એણે વિચારેલી. ઇટાલીના વિવિધ પ્રદેશના એના બનાવેલા નકશા એટલા તો ચોક્કસ છે કે જે ચોક્કસાઇ આણવા આજે આપણને હવાઇ અવલોકનોનો આશ્રય લેવો પડે છે!

શરીરશાસ્ત્ર વિષે પોતે ૧૨૦ ભાગોનો એક ગ્રંથ લખ્યાનું લીઓનાર્દોએ નોંધેલું છે. કોર્ડેનો, વસારી, લૅમાઝો વગેરેએ એ ગ્રંથ જોયાની નોંધ કરી છે. લંડનમાં સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમમાં જળવાએલાં એનાં પાનાં જોઇને યે વિલિયમ હંટર જેવો નિષ્ણાત દંગ થઇ ગએલો. આ ક્ષેત્ર એના અગ્રચારીઓ ને સમકાલીનો કરતાં તો ઘણી જ આગળ એવી એની દેણગી રહી છે.

ચલજલશાસ્ત્ર—હાઇડ્રૉલિક્સ, હવામાનશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર વગેરેને પણ એ સ્પર્શ્યો હતો. એના મનસૂબા જરૂર બદલાતા રહેતા, પણ એની અદમ્ય જ્ઞાનપિપાસા સામે બીજો કોઇ ઉપાય સંભવિત નહોતો. પોતાના પ્રત્યેક કાર્યમાં એ બીજા બધા કરતાં વધુ દક્ષ હતો. અનુભવને એ શાણપણનું મૂળ ગણતો અને માણસે શક્ય એટલું વધુ જ્ઞાન મેળવવું જોઇએ એમ એ માનતો. (અનુ. પૃ. ૪૩૫)

વિપુલ સંસ્કૃત સાહિત્યમાં અદ્વિતીય-સર્વસંગ્રહાત્મક ગ્રંથ

માનસોલ્લાસ

અભિલષિતાર્થ ચિન્તામણિ

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

કર્ણાટકના કલ્યાણી નગરના ચૌલુક્ય રાજા ભૂલોકમલ્લ સોમેશ્વર ત્રીજાએ ઈ. ૧૧૨૯ આસપાસ 'માનસોલ્લાસ' અથવા 'અભિલષિતાર્થ ચિન્તામણિ' નામે સર્વસંગ્રહાત્મક સંસ્કૃત ગ્રન્થ રચ્યો છે. રાજદરબાર સાથે સંબંધ ધરાવતા બહુસંખ્ય વિષયોનું અનેકરીતે રસપ્રદ ગણાય એવું નિરૂપણ એમાં છે. રાજનીતિ, ગજવિદ્યા ને અશ્વવિદ્યા, રત્નવિદ્યા, શિલ્પ ને સ્થાપત્ય, મૂર્તિવિધાન ને ચિત્રકલા, સંગીત ને નૃત્ય, ધનુર્વેદ, પાકશાસ્ત્ર, મલ્લવિદ્યા, મૃગયા, અનેક પ્રકારના ઉપભોગો ને વિનોદો, વિવિધ સાઠમારીઓ અને દ્વંદ્વયુદ્ધ, ઘરમાં રમવાની તેમજ મયદાની રમતો અને ક્રીડાઓ ઇત્યાદિ વિષયોનો પ્રમાણભૂત અને વ્યવહારુ ખયાલ એમાં અપાયો હોઈ મધ્યકાલીન ભારતના સાંસ્કૃતિક ને સમાજશાસ્ત્રીય અધ્યયન માટે 'માનસોલ્લાસ' બહુ ઉપયોગી છે. વિપુલ સંસ્કૃત સાહિત્યમાં એની સાથે તુલના કરી શકાય એવો બીજો ગ્રન્થ નથી.

'માનસોલ્લાસ' પાંચ વિંશતિમાં વહેંચાએલો છે, અને પ્રત્યેક વિંશતિમાં વીસ અધ્યાય છે. આ પ્રમાણે આખા ગ્રન્થમાં કુલ સો અધ્યાય છે. વડોદરા પ્રાચ્ય વિદ્યામન્દિરની ગાયકવાડ્ઝ ઓરીએન્ટલ સીરીઝમાં એ ત્રણ ભાગમાં (પહેલો ભાગ ઈ. ૧૯૨૫માં, બીજો ૧૯૩૯માં અને ત્રીજો ૧૯૬૧માં) પ્રગટ થયો છે. આ ગ્રન્થનો રૂપરેખાત્મક સંક્ષિપ્ત પરિચય અહીં આપવા વિચાર્યું છે.

'માનસોલ્લાસ' સાદ્યન્ત અનુષ્ટુપ છંદમાં છે; જો કે પ્રત્યેક વિંશતિની સમાપ્તિ બીજા કોઇ છંદમાં થાય છે અને વચ્ચે કોઇ કોઈ વાર કેટલાક ગદ્ય ભાગ પણ આવે છે.

પ્રથમ વિંશતિમાંના નિરૂપણને પ્રાસ્તાવિક અને કંઇક ઔપચારિક ગણી શકાય. મહત્ત્વાકાંક્ષી રાજાએ જે ગુણો વિકસાવવા જોઇએ અને જે આચારો પાળવા જોઈએ એની વિગતો એમાં છે. એમાંના ૧૯મા અધ્યાયમાં વૈદ્યોની નિયુક્તિ અને પ્રજાવર્ગમાં ઔષધોની મફત વહેંચણી તથા ઔષધોની બનાવટ વિષે વિસ્તારથી કહ્યું છે.

દ્વિતીય વિંશતિમાં આરંભમાં 'સ્વાધ્યાય' નામે પહેલા અધ્યાયમાં રાજાના ગુણોની તથા એને સમર્થ અને સ્વસ્થ રાખવા માટેનાં રસાયણોની ચર્ચા છે. બીજા 'અમાત્યાધ્યાય'માં મંત્રી, પુરોહિત, જ્યોતિષી, સેનાપતિ, ધર્માધિકારી, કોશાધ્યક્ષ, પ્રતીહાર, સાન્ધિવિગ્રહિક, લેખક, સારથિ, સૂદ (મહાનસાધિકારી—મુખ્ય રસોઇયો) વૈદ્ય, અંતઃપુરરક્ષક, કુમારપરિચારક આદિ મુખ્ય રાજ્યાધિકારીઓની લાયકાત તથા તેમનાં કર્તવ્યોની વિગતો અપાઈ છે. સૂદની લાયકાતો ગણાવતાં એને અસમ્ભેદ્ય ('જેને શત્રુઓ ફોડી શકે નહિ એવો') તથા कृतान्नस्य परीक्षक ('રાજા માટે પકાવેલા અન્નનો પરીક્ષક') કહેવામાં આવ્યો છે, એ દર્શાવે છે કે રાજાના ખોરાક અંગે કેવી કાળજી જરૂરી હતી. એ કાળમાં સૈન્યના સામર્થ્યનો આધાર મુખ્યત્વે હાથીઓ ઉપર હતો. આથી ત્રીજા 'રાષ્ટ્રાધ્યાય'માં, વનોમાં હાથીઓનાં નિવાસસ્થાનો, હાથીઓની જુદીજુદી જાતો, એમને પકડવાના વિવિધ ઉપાયો તથા એમને તાલીમ આપીને યુદ્ધ માટે તથા મનુષ્યવધ માટે પણ (शिक्षितं तु वधावपि શ્લોક ૧૧૯૪) તૈયાર કરવાની વિવિધ પદ્ધતિઓ વિષે વિસ્તૃત માહિતી અપાઇ છે. જે પ્રદેશમાં સોમેશ્વર રાજ્ય કરતો હતો તે પ્રદેશનાં અર્થાત્ અર્વાચીન મ્હૈસુર રાજ્યનાં જંગલોમાં હાથીઓને પકડવાની 'માનસોલ્લાસ'માં વર્ણવેલી પદ્ધતિઓનો આજે પણ ઉપયોગ થઇ રહ્યો છે. ચોથો 'કોશાધ્યાય' રત્નપરીક્ષાને લગતો છે અને પાંચમો 'દુર્ગાધ્યાય' નવ પ્રકારના દુર્ગો વર્ણવે છે. એ નવ દુર્ગ તે આ પ્રમાણે: જલદુર્ગ (અગાધ જળથી વીંટાએલો હોય તે), ગિરિદુર્ગ, પાષાણદુર્ગ, ઇંટાનો દુર્ગ, માટીનો દુર્ગ, વનદુર્ગ, મરુદુર્ગ, (રણપ્રદેશમાંનું દુર્ગમ સ્થાન), દારુદુર્ગ (લાકડાં અને વાંસનો દુર્ગ) અને નર દુર્ગ. શસ્ત્રસજ્જ યોદ્ધાઓનો દુર્ગ તે નરદુર્ગ. વફાદાર પ્રજાજનોને પણ નરદુર્ગમાં ગણેલાં છે. છઠ્ઠા 'બલાધ્યાય'માં અશ્વવૈદ્યક અને ગજચિકિત્સાનું વિસ્તૃત નિરૂપણ છે. હાથી અને ઘોડા વિના બલ અર્થાત્ સૈન્ય અસંભવ હોઇ એ બે પ્રાણીઓની ચિકિત્સાના સ્વતંત્ર ગ્રન્થો પણ સંસ્કૃત સાહિત્યમાં અનેક છે. એ પછીના સાતથી વીસ સુધીના અધ્યાયોમાં રાજાની પ્રભુશક્તિ, મંત્રશક્તિ તથા ઉત્સાહ શક્તિનું તેમજ શકુનશાસ્ત્ર, સંધિવિગ્રહ તથા સૈન્ય રચનાનું નિરૂપણ છે.

તૃતીય વિંશતિના વીસ અધ્યાયો વાસ્તુશાસ્ત્ર, ચિત્રવિદ્યા અને મૂર્તિવિધાન તથા રાજાના વિવિધ ભોગોને લગતા છે. ચિત્રવિદ્યાને લગતું આમાંનું નિરૂપણ 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'માંના 'ચિત્રસૂત્ર' સાથે સરખાવવા જેવું છે. મૂર્તિવિધાનમાં વિષ્ણુનાં વિવિધ સ્વરૂપો, દશાવતાર, બ્રહ્મા, મહાદેવ, અર્ધનારીશ્વર, ઉમામહેશ્વર હરિહર, કાર્તિકેય, ગણેશ, કાલી, ઇન્દ્રાદિ દેવો, માતૃકાઓ, લક્ષ્મી, નાગ, દૈત્ય–દાનવ-પિશાચ-વેતાલાદિ, ક્ષેત્રપાલ, કામદેવ, સૂર્યચન્દ્ર ને ગ્રહોનાં વિધાન વર્ણવેલાં છે. એ પછી રાજાના વિવિધ ભોગોનું વર્ણન છે; એ પૈકી 'ભૂષોપભોગ'માં વિવિધ અલંકારો વિષે, 'આસનોપભોગ' અને 'શય્યાભોગ'માં વિવિધ પ્રકારનાં આસનો અને શય્યા વિષે તથા 'આસ્થાન ભોગ'માં દરબારની આયોજના અને એમાં જુદાજુદા અધિકારીઓનાં સ્થાન વિષે માહિતી મળે છે. 'અન્નભોગ'માં સામિષ અને નિરામિષ અનેક ખાદ્ય વાનગીઓ વિષે વિસ્તારપૂર્વક વિગતો આપેલી છે. 'વસ્ત્રોપભોગ'માં વિવિધ પ્રદેશો અને નગરોમાં બનતાં કીમતી વસ્ત્રોમાં અણહિલવાડનાં (अणिलावाड जातानि શ્લોક ૧૦૨૦) વસ્ત્રોનો ઉલ્લેખ છે, તે અણહિલવાડ પાટણનાં પટોળાં હશે.

ચતુર્થ વિંશતિના વીસ અધ્યાયો વિવિધ વિનોદો વિષેના છે. જે પ્રવૃત્તિથી સમય આનંદપૂર્વક પસાર થાય તે વિનોદ (pastime), સામાન્યતઃ એમાં રાજકુલના વિનોદો વર્ણવ્યા છે. પહેલો 'શસ્ત્રવિદ્યા વિનોદ' વિભિન્નશસ્ત્રાસ્ત્રના પ્રયોગમાં રાજાની પ્રવીણતા અને બીજો 'શાસ્ત્રવિનોદ' રાજાના કાવ્ય-શાસ્ત્ર વિનોદ અથવા વિદ્યાવિલાસ વર્ણવે છે. પ્રાચીન કાળના વિદ્યારસિક રાજાઓ દરબારી અને આગંતુક કવિ પંડિત સાથે અવકાશનો સમય કેવી રીતે પસાર કરતા હશે એનું ચિત્ર આમાં છે; કાવ્યશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રની પણ સારી એવી ચર્ચા આ 'શાસ્ત્રવિનોદ'માં છે. 'ગજવાહ્યાલી વિનોદ' અને 'તુરગવાહ્યાલી વિનોદ' અનુક્રમે હાથી અને ઘોડાની સાઠમારીઓને લગતા છે. સ્વાતંત્ર્ય પૂર્વેનાં દેશી રાજ્યોમાં 'વાહ્યાલી' અથવા 'અગડ'ના ખેલો થતા એ જાણીતું છે. અશ્વખેલન અને ઘોડેસવારીની, પોલોને મળતી ભારતીય મર્યાદાની રમતનું વિસ્તૃત વર્ણન અહીં છે. વસ્તુતઃ આ બે અધ્યાયો હસ્તિવિદ્યા-પાલકાપ્ય અને અશ્વવિદ્યા–શાલિહોત્ર વિષેની નાનકડી પુસ્તિકાઓ છે. આવી પુસ્તિકાઓનો બહોળો વ્યાવહારિક ઉપયોગ હતો.

'અંકવિનોદ'માં રાજાની ઉપસ્થિતિમાં થતા દ્વંદ્વયુદ્ધનું એકંદરે સવિગત આલેખન છે. 'અંક' એટલે દ્વંદ્વયુદ્ધનો હરીફ, એમાં જે દ્વંદ્વયુદ્ધની વાત છે તે મધ્યકાલીન યુરોપમાં થતાં Duelsને મળતું છે. કોઈ અંગત વેર વાળવા માટે અથવા અંગત માનાપમાનનો કોઇ પ્રશ્ન બળથી ઉકેલવા માટે એમાં બે વ્યક્તિઓ પ્રાણહારક યુદ્ધ કરતી. એ યુદ્ધમાં મધ્યસ્થો રહેતા અને એના પણ ચોક્કસ નીતિનિયમો હતા. એને કંઈક મળતા પ્રકારની વાત 'અંકવિનોદ'માં છે. કેટલા પ્રકારના અંક હોય છે અને તેઓ કેવાં અંગત કારણોથી યુદ્ધ કરે છે એ તેમાં કહ્યું છે. તેઓને રાજાએ યુદ્ધ કરવામાંથી વારવા; છતાં તેઓ જો ન અટકે તો દ્વંદ્વ માટેની વ્યવસ્થા રાજાએ કરવી અને તે જોવા માટેનો સમારંભ ગોઠવવો. આ પ્રકારના 'અંકયુદ્ધ'નો પ્રાચીન ભારતીય સાહિત્યમાં અન્યત્ર ખાસ ઉલ્લેખ મળતો નથી. એ જોતાં એવો પ્રઘાત દેશભરમાં કદાચ વ્યાપક નહિ હોય, પણ જે પ્રદેશમાં સોમેશ્વરનો ગ્રન્થ રચાયો છે ત્યાં—કર્ણાટકમાં તથા કલ્યાણીના ચૌલુક્ય રાજાઓના દરબારમાં આવા વિનોદો થતા હોવાનો પૂરો સંભવ છે. ('અંકવિનોદ'ના વિગતે પરિચય માટે જુઓ 'પ્રાચીન ભારતમાં દ્વંદ્વયુદ્ધ' એ મારો લેખ, 'સંશોધનની કેડી', પૃ. ૧૮૬–૧૯૦)

'મલ્લવિનોદ' એ મલ્લવિદ્યાને લગતી નાનકડી સ્વતંત્ર રચના છે એમ કહી શકાય. ઠેઠ પુરાણકાળથી માંડી રાજદરબારોમાં મલ્લોનું વિશિષ્ટ સ્થાન હતું. વિવિધ કોટિના મલ્લો, એમના વિવિધ પ્રકારના શ્રમ–કસરતો–અને દાવપેચો એ સર્વેનો સારો પરિચય અહીં અપાયો છે, ગુજરાતના મોઢ બ્રાહ્મણો જેઓ મલ્લવિદ્યાને વ્યવસાય તરીકે સ્વીકારી જ્યેષ્ઠીમલ્લ–જેઠી–તરીકે જાણીતા થયા, ગુજરાતમાંથી કર્ણાટક અને આન્ધ્રપ્રદેશમાં ગયા અને ત્યાંથી પાછા ખંડેરાવ ગાયકવાડના સમયમાં ગુજરાતમાં આવી વસ્યા, એમના જ્ઞાતિપુરાણ 'મલ્લપુરાણ'માંનું મલ્લવિદ્યાને લગતું નિરૂપણ 'મલ્લવિનોદ' સાથે બરાબર મળતું આવે છે ને આ વિષયમાં ગુજરાત અને કર્ણાટક વચ્ચેનો આદાનપ્રદાનનો સંબંધ દર્શાવે છે. (આ માટે જુઓ ગુજરાત વિદ્યાસભા-પ્રકાશિત મારી પુસ્તિકા 'જ્યેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ' ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝનો ગ્રન્થાંક ૧૪૪, ઈ. સ. ૧૯૬૪)

'કુક્કુટવિનોદ'માં કૂકડાની સાઠમારીનું અને 'લાવક-વિનોદ'માં લાવરી પક્ષીની સાઠમારી વર્ણવી છે. કૂકડાને પગે નાની છરી બાંધવામાં આવતી. વિજયી કૂકડાનો વસ્ત્ર, માળા વગેરેથી સત્કાર કરવામાં આવતો. કૂકડાની સાઠમારીનું વર્ણન અનેક પ્રાચીન કથાગ્રન્થોમાં આવે છે. લાવકની રમતનો ઉલ્લેખ 'મૃચ્છકટિક'ના ચોથા અંકમાં છે.

'મેષવિનોદ' અને 'મહિષવિનોદ'માં અનુક્રમે ઘેટા અને પાડાની સાઠમારીની વાત છે. 'પારાવત-વિનોદ'માં કબૂતરોની રમતનું વર્ણન છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર પ્રકારનાં કબૂતરોનાં લક્ષણ લેખક આપે છે, અમુક સમય સુધી સાથે રાખવામાં આવેલ માદા કબૂતરને મળવા જવા નિમિત્તે નર કબૂતરને લાંબા અંતર સુધી પત્રો લઈ જવાની તાલીમ આપવાનું એમાં કહ્યું છે; આ રીતે એક દિવસમાં ત્રીસ યોજન સુધી કબૂતર જઈ શકે એમ ગ્રન્થકાર નોંધે છે.

'સારમેય-વિનોદ' કૂતરાઓ વિષે છે. જાતવાન કૂતરા ભારતના જે પ્રદેશોમાં થાય છે તેનાં નામ તથા ત્યાંના કૂતરાનાં લક્ષણ એમાં આપ્યાં છે, શિકારમાં ઉપયોગી કૂતરા-કૂતરીનાં વર્ણન એ પછી આપ્યાં છે અને ભૂંડનો શિકાર કૂતરા પાસે કેવી રીતે કરાવાય એ જણાવ્યું છે. 'શ્યેન-વિનોદ' બાજ પક્ષીઓ વિષે છે. બાજની જુદી જુદી જાતનો પ્રારંભમાં ગ્રન્થકર્તા ઉલ્લેખ કરે છે તથા નર બાજ નાના કદનો ('अल्पशरीरकः) અને માદા બાજ મોટા કદની (बृहद्वपुः) હોય છે એમ નોંધે છે. બાજને પકડવાની અને તેને તાલીમ આપવાની પદ્ધતિઓ તે વર્ણવે છે અને તાલીમ પામેલા બાજનો ઉપયોગ 'વિનોદ' માટે કરવાનું સૂચવે છે. વિનોદના આગલા દિવસે બાજપક્ષીઓને ભૂખ્યાં રાખવાં જોઈએ અને તેમને ઊંઘવા દેવાં ન જોઈએ. આથી તેઓ ક્રોધાવિષ્ટ બને છે. પછી એમને વનમાં લઈ જઈ વનપક્ષીઓને ગભરાવીને ઉડાડવાં અને બાજને છૂટાં મૂકવાં, એટલે આકાશમાં ઊંચે જઈને બાજ બીજાં પક્ષીઓનો શિકાર કરશે. 'મત્સ્ય-વિનોદ'માં નદી અને સમુદ્રમાં થતી માછલીઓનાં નામ આપી એમને કેવી રીતે પોષવી અને ઉછેરવી જોઈએ એ જણાવ્યું છે અને એ માછલીઓને વિનોદાર્થે કેવી રીતે પકડવી એ વર્ણવ્યું છે. એ પછીનો 'મૃગયા-વિનોદ' એ આશરે ત્રણસો શ્લોકોમાં શિકાર વિષેની નાનકડી માર્ગદર્શિકા જેવો છે. ગ્રન્થકાર કહે છે કે ઝરણાં અને તળાવોથી યુક્ત, સપાટ ભૂમિવાળી, ફળાઉ ઝાડવાળી અનેક પ્રકારનાં મૃગો અને પક્ષીઓથી ભરેલી પણ દુષ્ટ પ્રાણીઓથી રહિત એવી રમ્ય, નિરપાયા–નિર્વિઘ્ન અટવી રાજાએ રાખવી તે નિદાન એક યોજન વિસ્તારવાળી હોવી જોઈએ. (અનુ. પૃ. ૪૮૮)



જીવનસખ્ય (કલાકાર · પુલિનબિહારી દત્ત) (સર ચિનુભાઈના કલાસંગ્રહમાં)

જુઓ: આ અંકમાં રવિશંકર રાવળનો લેખ: 'ગુજરાતમાં કલાનાં પગરણ'



સંદેશ (કલાકાર · જગન્નાથ અહિવાસી) (આ અંકમાંના રવિશંકર રાવળના લેખ 'ગુજરાતમાં કલાનાં પગરણ'ના સંદર્ભમાં)

ગંગા વહે છે આપની

લેખક · શિવકુમાર જોષી

વાંચો તે પહેલાં

['પાંખ આપી, પણ આંખ લઈ લીધી...' 'ભલા ભગવાન, પાંખો આપી પણ આકાશ ન આપ્યું?'---આ અને આવી બીજી આ નાટકની પાત્ર-ત્રિપુટીની ઉક્તિઓ તે આજના રાજપુરુષોની–રાજકારણમાં પડેલાઓની નિરુપાય અવસ્થાને પ્રગટ કરે છે શું?—એવો પ્રશ્ન જરૂર થાય.

આ વર્ગ ખરેખર નિરુપાય છે કે ચોક્કસ કોઈ ભ્રામક અવસ્થામાં ચાહીને ગોઠવાઈ ગયો છે? જાગ્રત અવસ્થામાં તો એ બુદ્ધિશાળી વર્ગ પોતાનાં કર્મ-અકર્મ કે અપકર્મની કબૂલાત નથી કરવાનો. છતાં એણે હજી પોતાનો માંહ્યલો સાવ ખોઈ નાખ્યો નથી. ક્યારેક એ માંહ્યલો એના અંતરના એકાંતે સાચી વાતો કરવા માંડે છે; એની પાસે એવી સાચી અવસ્થાની કબૂલાત કરાવવા મથે છે.

એવી મથામણ તે આ નાટકની એક સપાટી,—પાતાળકૂવાના બંધનમાંથી મુક્તિ ઝંખતા ત્રણ માનવી!

એ માનવી પોતાને સમર્થ પુરુષ માનીને આજ સુધી વર્તતા હતા. પણ ખરી રીતે એક અદૃશ્ય શક્તિની યોજનાનાં કેવળ પ્યાદાં એ હતાં, એનો ખયાલ એમને પહોંચાડવામાં આવે છે. જેને પોતે પુરુષાર્થ તરીકે બિરદાવતા હતા એ તો હતું, પેલી સંચાલક-શક્તિના વિસ્તૃત કારભારને આગળ વધારવા પૂરતું ઉપકરણ માત્ર. કુંડલિની મૂળાધાર ચક્રમાં જાગ્રત થશે ને પરમ શિવનો સાક્ષાત્કાર થશે, ને એ સાધનાના માર્ગે ત્રણે નાડીઓ પિંગલા, ઈડા ને સુષમા મદદરૂપ થશે.—આ પ્રતીક દ્વારા નાટ્ય લેખક બીજી સપાટીની પરિસ્થિતિ કટાક્ષ દ્વારા પ્રગટ કરે છે. એ રાજપુરુષ એમ માનતો હતો કે પરમ શિવની શતદલપદ્મની પ્રાપ્તિને માર્ગે એની સાધના આગળ વધી રહી છે. પરંતુ નાટકમાં ક્યારેક ક્યારેક સાંભળવા મળતો પેલો અવાજ તે એને માટે આજ્ઞા સ્વરૂપ બની ચૂક્યો છે; ને એ અવાજ છે કેયૂર-કંકણ-કિંકિણી ધારણ કરેલી મહાલક્ષ્મીનો. શતદલપદ્મ સુવર્ણપદ્મ બની જતું હોય છે ને છેવટે એ સુવર્ણપદ્મ ફાંસીનો ગાળીઓ બની ગયું છે, એનો પણ એને અંદાજ રહેતો નથી. આદર્શો એક પછી એક પગથિયાં ઊતરતા જાય છે, અને ઉત્સાહપૂર્વક એ ફાંસાને હવાલે પોતાને સોંપી દેવા, પૌરુષ ગુમાવેલી એ પેઢી તૈયાર થાય છે. 'સમગ્રા સામ્રાજ્ઞી'નું એ રક્ષણ શોધે છે, એને માટે એ જ છે. 'ધર્મોની વિધાત્રી' 'નિરવધિ સુખોની જનની!' ને એ છે મહાલક્ષ્મી.

'લક્ષ્મી' માટે અમરકોશમાં બીજા પણ પર્યાયો છે: 'ઇન્દિરા લોકમાતા મા ક્ષીરોદતનયા રમા...!' દેશની સાંપ્રત અવસ્થાની અધિષ્ઠાત્રી આ સ્ત્રીશક્તિ પાસે, પોતાને સમર્થ ગણાવનાર સૌ તત્ત્વો ઓજસહીન ને ક્ષેણ બની ગયાં છે; છતાં જ્યારે વાસ્તવ જગતમાં, નજરે દેખાતા જગતમાં પુનઃ પ્રવેશ કરે છે ત્યારે એ પોતાની સિદ્ધિઓના આડંબરમાં 'જૈસે થે' પરિસ્થિતિથી રાજીપો અનુભવે છે—નાટકની આ છે ત્રીજી સપાટી.

પચીસ વર્ષ પહેલાં આપણી જુવાન પેઢીએ જે આદર્શો સેવ્યા હતા તે આદર્શો કેવા રદબાતલ થતા જાય છે! 'હુઆ તો વિવાહ', 'સ્વપ્નદ્રષ્ટા' અને 'ચંપારણ્ય'—'કુમાર'માં પ્રગટ થએલાં એ ત્રણ એકાંકી નાટકોના અનુસંધાનમાં જ આ એકાંકી પ્રગટ થાય છે ને એ દ્વારા છેલ્લાં પચીસ વર્ષ દરમ્યાન દેશના જુવાનોની 'પ્રગતિ' (?)ની કથા, ને એમનાં પલટાતાં વલણોની વાત નિર્દેશપણે નાટ્યલેખક રજૂ કર્યે જાય છે. —સં.]

[પરદો ખૂલે તે પહેલાં થોડી ક્ષણો સુધી રેડિયો ઉપર કોઈ જાણીતા રાષ્ટ્રગીતની તર્જ સંભળાતી હોય છે—'સરફરોશી કી તમન્ના' કે 'બુઝ રુએ હૈં હમારે દીપક' જેવાં ગીતો પણ ચાલે. —માત્ર તર્જ, ગીતના શબ્દો કાને ન પડવા જોઈએ. થોડી ક્ષણો વીતે છે, અંધારામાં જ પરદો ઊંચકાય છે. તે દરમિયાન પેલી તર્જોમાંથી જ પલટાતો હોય તેવો શ્વાસોચ્છ્વાસ સંભળાય છે. શ્વાસોચ્છ્વાસ શ્રમને કારણે, અથવા કંટાળાને કારણે પ્રગટતો હોય એવો હોય છે.

પ્રકાશના બિંબમાં તખ્તાના લગભગ મધ્યભાગમાં એક ઝાંખી પુરુષ-આકૃતિ નજરે પડે છે. પ્રકાશ એ રીતે ફેંકાય કે પ્રેક્ષકોને તે પ્રકાશના ધૂંધળા સ્તંભ સમો લાગે, અને પુરુષાકૃતિના માથા ઉપર થઈ ખભે અને પછી ધીરે ધીરે બીજાં અંગાંગને એ પ્રગટ કરે.

પ્રકાશના એ સ્તંભની વચમાં ઉપરથી ઝુલાવવામાં આવેલો એક દોરડાનો ગાળિયો—ફાંસો—નજરે પડે છે.

એ વ્યક્તિના હાથ એની પીઠ પાછળ બંધાએલા છે; પગ પણ બંધાએલા છે. બંધાએલા પગના દોરડા સાથે કોઈ વજનદાર વસ્તુ પણ સંકળાએલી નજરે પડે છે.

શ્વાસોચ્છ્વાસમાંથી ધીરે ધીરે એ પુરુષાકૃતિના શબ્દો પ્રેક્ષકોને સંભળાવા માંડે છે—ઊંડેથી પડઘા ઊઠતા હોય તે રીતે.]

પુરુષ (એક): ના હોં, એમનો પ્રયત્ન સફળ નથી થયો. હું હજી જીવતો છું...કૂવામાં પાણી જ નો'તું ને, પછી ક્યાંથી ડૂબી મરું?...તમને પ્રકાશનો સ્તંભ નજરે પડે છે ને? બસ એટલો જ માત્ર પ્રકાશ છે આ સ્થળે. માથે સૂરજ તપે છે એમ જ સમજોને, એટલે વળી આ પાતાળકૂવામાં આટલો પ્રકાશ પહોંચ્યો છે. એ ય તે ધીરે ધીરે સૂરજ આથમણી દિશામાં ઢળવા માંડશે ને વળી પાછું નમો નારાયણ!

[એ પુરુષાકૃતિના જમણા હાથે છ સાત ફીટને અંતરે બરાબર આગળ જેવું બીજું પ્રકાશબિંબ એકાએક ઝબકી ઊઠે છે, ને બીજી પુરુષાકૃતિ નજરે પડે છે. એની દશા પણ પેલા જેવી જ છે. હાથપગ બંધનમાં છે. એને જાણે ટોળામાંથી કોઈ અવાજ સંભળાયો હોય તેમ એ સાબદો બની જાય છે, ને ઝબકારા સાથે એનામાં ચેતન આવ્યું હોય એમ લગભગ તારસ્વરે બોલવા માંડે છે—જોકે એનો અવાજ પણ ઊંડી ગતિમાંથી જાગતો હોય એવો સંભળાતો હોય છે.]

બીજો પુરુષ: નમો નારાયણ? કોણ? એ કોણ બોલ્યું? આજુબાજુમાં કોઈક છો કે શું? મારો અવાજ તમને સંભળાય છે?...ઓ ભાઈ! ઓ ભાઈ! તમે કોણ છો?

પહેલો: હું હજી માણસ છું એવો ભરોસો મારે રાખવાનો છે...હા હા, તમારો અવાજ મને જરૂર સંભળાય છે,...પણ તમે નજરે પડતા નથી. કોણ છો તમે?

બીજો: એ પ્રશ્ન પહેલાં મેં તમને પૂછ્યો છે. પહેલાં જવાબ તમે આપો, તમારું નામ—?

પહેલો: પેથા ભૈ.

બીજો: પેથા ભૈ? ના હોય. પેથા ભૈ નામ જેનું હોય એનો અવાજ આવો સંસ્કારી ન હોય. અરે એનો શ્વાસોચ્છ્વાસ આવો ઘડાએલો ન હોય.

પહેલો: શી વાત કરો છો? મારો શ્વાસોચ્છ્વાસ પણ તમને સંભળાય છે?

બીજો: નહિ ત્યારે?! છેલ્લી કેટલીયે ઘડીઓથી. સૌ પહેલાં મને થયું કે એ શ્વાસોચ્છ્વાસ પણ મારો જ છે. આ ક્ષણ સુધી એવી ભ્રમણામાં જ હતો. તમે બોલી બેઠા ન હોત તો એમ માનત કે એ કમબખ્તોએ મને આ ઊંડા કૂવામાં ફેંકી દીધો તે મૂંગા મારને કારણે બેવડો શ્વાસોચ્છ્વાસ મારો જ ચાલતો હશે. વેદના ભૂલવા માટે બેવડા વેગથી ધમણ

ચાલતી હોય ને આ કૂવાની દીવાલો એના પડઘા પાડતી હોય, એવું કંઈક.

પહેલો : તે તમે પણ કૂવામાં છો?

બીજો : નહિ ત્યારે! અરે આજે, કયો વાર?

પહેલો : સમજોને કે બુધવાર. વારની હવે શી અગત્ય? તમે કોઈ વારબાર વ્રતવ્રત કરો ખરા કે?

બીજો : કરતો'તો ને. શુક્રવાર. એની તો આ બધી રામાયણ છે. અરે ઓ ભાઈ, મારા પ્રશ્નનો તમે સાચો જવાબ ન આપ્યો. તમારું નામ?

પહેલો : કહ્યું તો ખરું—પેથાભૈ! મારું મૂળ નામ હવે ભૂલી જવા ચાહું છું. એ ભલા-ભોળા નામ ઉપર તો કૂચડો ફરી વળ્યો. જોયું નહિ? એ લોકોએ હાથપગ બાંધીને—

બીજો : સાચ્ચે જ પેથાભૈ? તમને પણ હાથ-પગ બાંધીને કૂવામાં ઉતાર્યા છે?

પહેલો : તો શું હું ચાહીને મારી જાતે ઊતર્યો હોઈશ?

બીજો : મારું યે એવું જ છે તે એં, આપણા કૂવા એકબીજાની પડોશમાં તો ક્યાંથી હોય?

પહેલો : છતાં આપણને એકબીજાના અ-વાજ ટેલિફોનમાં વાત કરતા હોઈએ એટલી આસાનીથી સંભળાય છે, નહિ?!

[એ જ ક્ષણે ત્રીજી પુરુષાકૃતિ ડાબી તરફ પ્રથમ પુરુષથી સાતેક ફીટ દૂર એકાએક નજરે પડે છે. એનો પહેરવેશ પણ પેલી બે પુરુષાકૃતિ જેવો જ છે. છેલ્લું વાક્ય બોલાય છે ત્યાં એકાએક એ બોલી ઊઠે છે—એના અવાજમાં ગભરાટ-નો અણસાર વરતાય છે.]

ત્રીજો પુરુષ : ક્રૉસ કનેક્શન! યસ સર! પેથાભૈ, મારો અવાજ તમને સંભળાય છે ને?

પહેલો : કોણ છો તમે?

બીજો : ક્રૉસ કનેક્શન...વચમાં કોઈ ટપકી પડયું જણાય છે, પેથાભૈ.

ત્રીજો : ઉપરથી પડયો, ને એવો મૂંગો માર વાગ્યો હતો! કદાચ ભાન ગુમાવી બેઠો હોઈશ. ત્યાં એકાએક બબ્બે ઘેરા શ્વાસોચ્છ્વાસ સંભળાવવા માંડયા; હાલરડું ગાતાં ગાતાં ઝમકુ નોકરાણી પોતે જ ઝોકે ચઢતી અને હું ઘોડિયામાં જાગતો પડયો પડયો મોંમાં પગનો અંગૂઠો ધાવતો વિશ્વકલ્યાણના વિચારો કરતો...એટલે કે હમણાં જ મને એ ભૂતકાળ યાદ આવ્યો ને આવી કલ્પના સૂઝી. તમારા બેઉના સમાંતર શ્વાસોચ્છ્વાસ મારે માટે જાણે હાલરડાં વિરુદ્ધની અવસ્થા સરજી ગયા: ઘેરી ઊંઘમાંથી નહિ કદાચ, પણ બેભાન અવસ્થામાંથી હું જાગી ગયો.

પહેલો-બીજો (સાથે) : પણ તમે છો કોણ?

ત્રીજો : અન્યોન્ય તમારા બેઉની ઓળખાણ પૂરી થાય પછી મારી ઓળખાણ આપું ને.

પહેલો : એટલે કે અમારી બધી જ વાતચીત તમે સાંભળી લીધી છે?

ત્રીજો : ક્રૉસ કનેક્શન, મેં ન કહ્યું? (ધીરા અવાજે) મને ભય છે કે આપણને ત્રણેને જે જે કૂવામાં ઉતારવામાં આવ્યા છે તે ત્રણે વચ્ચે જૂના જમાનાની કોઈ હૉટ લાઈન હોવી જોઈએ; નહિતર આપણને સંભળાય કઈ રીતે? શું કહો છો પેથાભૈ?

પહેલો : મારું નામ પેથાભૈ નથી.

બીજો-ત્રીજો (સાથે) : તો?

પહેલો : પણ તમે બંને કોણ છો? શા માટે તમને પણ કૂવામાં ઉતારવામાં આવ્યા છે? તમારા પગ પાસે પણ કોઈ વજનદાર વસ્તુ બાંધી રાખવામાં આવી છે કે નહિ? અને તમારા કૂવામાં પણ પાણીનો છાંટો યે નથી એની ખાતરી આપો પછી—

બીજો : તમારાવાળો કૂવો પણ પણ સુક્કો છે?!

ત્રીજો : આ ગુજરાતની દુષ્કાળગ્રસ્ત ધરતી છે. કહે છે કે છપ્પનિયાથી પણ કારમો કાળો છે આ દુકાળ. મને કૂવામાં ઉતારનારા મૂરખરાજોને ભાન ન રહ્યું કે બબ્બે ચોમાસાં કોરાં ગયા પછી કોઈને આમ કૂવામાં હાથપગ બાંધીને ફેંકી દેવાથી કાંઈ જ અર્થ ન સરે.

બીજો : તમારો કોઈ ગુનો?

પહેલો : તમે કોને પૂછો છો?

બીજો : પેથાભૈ ન હોય એમને...અને ઓ ત્રીજા ભાઈ, તમારું નામ કહોને યાર,—સરખી વાતચીત કરવી ફાવે! કે પછી તમે પણ કોઈ પેથાભૈ-બેથાભૈ-મોટાભૈ. કે છોટાભૈ છો?!

ત્રીજો : છોટાભાઈ?...કોણ છો તમે? જાણી જોઈને એવું તોછડું નામ ઉચ્ચારનાર તમે છો કોણ? છોટાભાઈ નહિ, છોટુભાઈ સાહેબ—.

પહેલો : ઊભા રહો તો...કોણ? છોટુભાઈ સાહેબ? તમે એવું બોલ્યા ત્રીજા ભાઈ?... તમારો અવાજ પરિચિત લાગે છે.

બીજો : મને પણ એવો વહેમ તો લાગેલો જ.

ત્રીજો : પણ મારી વાત તો સાંભળો. મને જાણે લાગ્યું કે મારા તો બે અઢી દશકા સરી ગયા ને, મારા અતીતના ભેરુઓ પણ ફરી પાછા સુખ:દુખના સંગાથી સમા...છોટુભાઈ સાહેબને કોણે યાદ કર્યા? પેથાભૈ તમે કે પછી—?

પહેલો : તમે બંને આમ વારંવાર મને પેથાભૈ પેથાભૈ કહીને ન બોલાવશો... (એકાએક સાશ્ચર્ય ચીસ જેવા અવાજે બોલી ઊઠે છે) ઓ રે! જુઓ તો? જુઓ તો મારા પગ નીચેની ધરતી જાણે સ્હેજ ભીની થઈ હોય એવો મને અનુભવ થઈ રહ્યો છે...જમીન ભેદીને જાણે કોઈ પાણીનું વહેણ પ્રગટ્યું કે શું?

બીજો : એ તો 'છોટુભાઈ' નામ ઉચ્ચારાયું એનો પ્રતાપ! રામનામથી પથ્થર તરે એવું કંઈક. છોટુભાઈની પણ એવી હાક! એવી હાક! એમનું નામ ઉચ્ચારાયને ભલભલા પાણીપાણી... ઓ મા રે! (મોટેથી ચીસ પાડે છે) ઓ બાપ રે!!

પહેલો-ત્રીજો : પણ શું થયું?

બીજો : મારા કૂવામાં પણ પાણી ચમકવા માંડયું! અને—અને ઝડપથી હોં. એકાદ ઝરણું નહિ હોં પેથાભૈ. આ તો પાંચ સાત ઝરણાં એક સાથે ધરતી ભેદીને ફૂટી નીકળ્યાં જાણે!!

ત્રીજો : તમે બંને નસીબદાર છો. અહીં મારું તો ગળું સુકાય છે કલાકોથી...મને કહો તો ખરા કે તમે કયા છોટુભાઈની વાત કરતા હતા? અમારાવાળા?

બીજો : છોટુભાઈ ધ કિંગમેકર...

પહેલો : અને હવે કદાચ ગુજરાતના રાજ્યાધિરાજ સ્વયં—

બીજો-ત્રીજો : ન હોય!

પહેલો : એ મૂળ તો અમારા—

બીજો : તમારા શું?

પહેલો : વર્ષોની તપશ્ચર્યાનું પરિણામ એ તો. તાલુકાસમિતિના પ્રમુખમાંથી છેક જી. પી. સી.સી.ના—

બીજો : કઈ જી.પી.સી.સી.? જૂની કે નવી?

પહેલો : એમને અને અમારે મન એક જ જી.પી.સી.સી. છે. બીજી જે હોય તો એ ફાલતુ.

બીજો : અરે પણ કઈ ફાલતુ?

પહેલો : છોટુભાઈ સાહેબ જેમાં ન હોય તે!

બીજો : પણ એ શામાં નથી? જૂનીમાં કે નવીમાં?

પહેલો : એ રીતે મારી ઊલટતપાસ કરવાથી કશો ફાયદો નથી... મારી પાસેથી તમે કશું પણ કબૂલ કરાવવા માગતા હો તો તમારો પ્રયત્ન વૃથા જશે...ઓ ઓ ઓ મા...રે!

ત્રીજો : શું થયું?

બીજો : કૂવામાં પાણીની સપાટી ઊંચી આવવા માંડીને? મારી પણ એ જ દશા છે. પેલું ઝરણું વધુ આવેગથી કૂવામાં પાણી ઠાલવી રહ્યું છે. આ ઝડપે તો સૂર્યાસ્ત પહેલાં જ કદાચ ઢીંચણ સુધી—!

પહેલો : અરે પણ મારી તો પાની પલળી ચાલી. આ ઝડપે આ ઝરણાં જો પાણી ઠાલવશે તો સાંજ સુધીમાં કેડ સમાણાં પાણીમાં ઊભા રહેવા વારો આવશે.

ત્રીજો : તમે બંને નસીબદાર પણ હશો, ને પણ પાપિયા હશો...પાણી જોશો, પાણી પીશો, પાણીનો સ્પર્શ પામશો, પાણીથી તૃષા છીપાવશો ને પછી...

પહેલો-બીજો : પછી?

ત્રીજો : પાણી તમને પી જશે,—એટલે કે તમે બંને ડૂબી મરશો.

પહેલો : આ કંઈ મિત્રની ભાષા ન કહેવાય.

બીજો : જાણે અભિશાપ—

પહેલો : અભિશાપની પણ કેવી ભાષા હોય? આ તો સાવ હલકટ—

બીજો : સાવ હલકટ તો નહિ; ક્યારેક વળી સંસ્કારી પણ લાગે છે. પરંતુ એનો આવો દુરુપયોગ?!

ત્રીજો : મારી બા કહેતી હતી, ને પછી અમારા ફિલસૂફીના પ્રોફેસરે પણ ઉચ્ચારેલું... ઉપરાંત ગાંધીબાપુએ પણ—

પહેલો : ગાંધીબાપુ?

બીજો : એકસાથે તમે કેવી કેવી વ્યક્તિઓને ક્વૉટ કરો છો?

ત્રીજો : (પોતાની ધૂનમાં)-કે પાપની કબૂલાત કરશો તો પાપમાંથી મુક્તિ મેળવશો. એક પાદરીએ તો ત્યાં સુધીની મને ખાતરી આપી હતી કે કન્ફેશનને અંતે તમારો દેહ-તન અને મન પણ સ્ફટિક સમાં પારદર્શક અને પવિત્ર બની જશે. ને સંત તુલસીદાસે તો વળી એમ પણ કહ્યાનું કહેવાય છે કે—

બીજો : પણ પછી તમે પેલા પાદરી પાસે કન્ફેશન કર્યું કે?

ત્રીજો : મેં? કન્ફેશન? કબૂલાત? મારે કબૂલાત કરવા જેવું કંઈ હતું જ નહિ ને. પાપ મેં આચર્યું હોય—

પહેલો : કેમ અટકી ગયા મિસ્ટર કૉસકનેકશન? તમે પણ મૂળ હતા તેવા ફાંકાબાજ જ રહ્યા છો? જો તમે પેલા છોટુભાઈ સાહેબનાં પાપ ન કર્યાં હોય તો આ કૂવામાં ઊતરવા વારો આવે ખરો કે?

બીજો : મારો પણ એક જૂનો મિત્ર હતો. પાપની વાત યાદ આવે એટલે એના સસરાને અને કવિ કલાપીને યાદ કરે—એકીસાથે.

પહેલો : શી વાત કરો છો?

બીજો : (મોટેમોટેથી લલકારે):
દેખી બુરાઈ ના ડરું હું....

પહેલો : ઓહોહો (મોટેથી હસી પડે છે).

બીજો : આટલે મોટેથી તમે હસી શકો છો? આવી બંધનની અવસ્થામાં પણ?!

પહેલો : ઓળખીલીધા આપણે એકબીજાને.

ત્રીજો : જરા જેટલી યે શંકા હવે નથી રહી.

બીજો : જરા જેટલી યે શંકા નથી રહી હવે મને. કૂવામાંથી પડઘા ઊઠતા'તા તે કારણે. અવાજ જાણે બદલાઈ ગયા હતા, ગેબી સ્વર સમા શબ્દો સંભળાતા હતા...પણ વાતચીતના રંગઢંગ ઉપરથી પાકો વહેમ ગએલો મને.

બીજો : ઓ હો!—ત્યારે આ પેથાભે એટલે તો આપણા...

પહેલો : બસ બસ મિસ્ટર બે! આપણે આપણાં અસલ નામ કબૂલ નથી કરવાનાં. ભીંતને પણ કાન હોય છે એનો આપણને તો આ ઘડીએ સાક્ષાત્કાર થઈ રહ્યો છે...અને (અવાજ ધીરો કરીને) કોને ખબર? આપણને ત્રણેને આવા નપાણિયા કૂવાઓમાં ધકેલી દેવા પાછળ ઉપરવાળાઓનું જ કાવત્રુ નહિ હોય? ...જેમ કે, મારા હરીફ યૂનિયનોના માંધાતાઓએ ઉપરવાળા સાથે હાથ મિલાવ્યા હોય—

ત્રીજો : અમારા ફેડરેશન ઑવ ઇંડિયન ચેમ્બર્સના ઉપપ્રમુખ ઉપરવાળાઓ સાથે મળી ગયા હોય ને મને ઊથલાવી પાડવા માટે—

બીજો : કે પછી, શુદ્ધ ભક્તિભાવે, સરકારી અફસર તરીકે ઉપરવાળાની જાતજાતની સેવા કરવા જતાં સાથીદારોમાંથી કોઈકોઈને મેં દુશ્મન બનાવ્યા હોય, તેઓએ પણ ઉપરવાળાના કાન ભંભેરીને—

પહેલો : મને તો પાકો વહેમ છે કે આ કૂવાઓની દીવાલોમાં બગિંગ કરવામાં આવ્યું હોવું જોઈએ.

બીજો : બગિંગ?! એ શું વાત?

ત્રીજો : મૂળથી જ તમારી અક્કલ માટે અમને શંકા હતી મિસ્ટર બ. બડા અફસર થયા બાદ રેઈસકોર્સના ફેવરિટ્સ અને પ્લન્ટર્સ સિવાય છાપાંમાંનું બીજું કશું ક્યારેય વાંચતા ખરા કે? બગિંગ... બિયુ જીજીઆઈએન જી...

બીજો : ઓહો, બગિંગ! વૉટરગેટ અને આ પાતાળકૂવા વચ્ચે કોઈ અણજાણ વણચીંધ્યો સંબંધ હશે? માર્યા ઠાર તો તો! અત્યાર સુધી આપણે ત્રણે જે કંઈ બોલી ગયા તે બધું જ—

પહેલો : અને આ ક્ષણે જે કંઈ બોલી રહ્યા છીએ તે પણ અક્ષરશઃ કોઈ સી.આઈ.ડી. અફસરની કૅબિનમાં ટેઈપ ઉપર ઊતરતું હશે.

બીજો : સાચેસાચ?! મરી ગયા તો તો.

ત્રીજો : (ધીમે) સંભળાય છે મારો અવાજ?

પહેલો-બીજો : હા, હા!

ત્રીજો : તો પછી નહિ મરીએ. (વધુ ધીમે) એટલે કે જોઇએ, હુ ગુડ હૅવ ધ લાસ્ટ લાફ(કાનમાં કહેતો હોય તે રીતે) બુધાભાઈ, એટલે કે મિસ્તર બ, આ ક્ષણથી તમારું નામ બુધા ભે. પહેલા પેથા ભે, બીજા બુધા ભે ને મારું નામ—

પહેલો : તિકમ ભે.

ત્રીજો : ના ના ના— પ ફ બ ભ મની હારમાંથી કોઈ નામ, જેમ કે ભુલાભે. ભૂલ કરવી એ તો મૂળથી મારે માટે ડાબા હાથના ખેલ—

પહેલો : તિકમ...બગિંગ! ચૂપ, કહું છું. ને દર વખતની જેમ આપણા ત્રણેના મિલનમેળામાં નેતાગીરી મારી જ રહેશે.

ત્રીજો : આ પાટલીબદલુઓની દલાલીની વાત નથી પેથા...સિક્કો ઉછાળતાં જે આવે તે.

પેથાભે : ને તેં શું કર્યું'તું? ટેઈલ યુ લુઝ, હેડ આઈ વિન જેવાં કાવત્રાં કોણે આચર્યાં'તાં?

બીજો : આ બગિંગની વાતો તમે જ શોધી કાઢી છે ને? અંદર અંદરના ડર્ટી લિનન્સ જાહેરમાં ધોવાનાં શરૂ કર્યાં પાછાં?

પહેલો : હું છું પેથાભે, તું છે બુધાભે, ને આ છે તિકમભે...ઘેટ્સ ફાઈનલ. આપણાં જનમની જેમ આપણાં નામ નક્કી કરવાનો આપણને કોઈ અધિકાર નથી. તેમાં યે જનસેવકોના નામ તો જનતા નક્કી કરે તે જ બરાબર.

ત્રીજો : પણ હું બાળક નથી. હું બાસ્સો ચાલીસે પહોંચવા આવેલો પુખ્ત—

પેથાભે : અટકી કેમ ગયો, તિકમ? આપણે બાળક નથી એમ પુરવાર કરવું રોજ ને રોજ અઘરું બનતું જાય છે.

બુધાભે : આ ભુલભુલામણીમાંથી કોઈ—

પેથાભે : મુક્તિ મૂલ્ય માગે છે, એમ એક વાર મોરારજીભાઈએ જાહેર કર્યું નો'તું?

બુધાભે : એમણે પોતાને માટે એ ઉચ્ચાર્યું હશે, નહિ તિકમભે?

તિકમ : બુઝર્ગ નેતાઓનું નામ અહીં ખેંચી લાવવાનું પ્રયોજન?

પેથાભે (ધીરા અવાજે): બગિંગ! બગિંગ! પેલા ટેઈપ કરનારાઓને ઇમ્પ્રેસ કરવા ખાતર માત્ર... (સ્હેજ મોટેથી) સી. આઈ. ડી.વાળા કદાચ ટેઈપ બદલતા હોય તે દરમ્યાન ખાસ અગત્યની સૂચના. ફૉર ધેર બેનિફિટ આપણે ભળતી જ વાતો કરીએ. ડન?

બુધાભે—તિકમભે : ડન.

પેથાભે : (મોટેથી ભાષણ કરતો હોય તે રીતે) તો તિકમભે, તમે કબૂલ કરો છો ને, કે સહકાર્યકરોનાં છિદ્રો ખોળી ખોળીને પ્રગટ કરવાનું દુશ્મની કાર્ય કરવાના આરોપસર તમને આ કૂવામાં ઉતારવામાં આવ્યા છે, ને તે અપરાધ તમે તમારી પૂરી જાગ્રત અવસ્થામાં આચર્યો હતો?

તિકમભે : એ અપરાધ જ ન હતો. એ તો હતી પક્ષની નીતિ.

પેથાભે : (ધીમે ચેતવતા) આહ! બગિંગ!

તિકમભે : ઓહ આઈ ઍમ સૉરી... (વધુ મોટેથી) જે કંઈ મેં આચર્યું હતું તે રાષ્ટ્રના હિતથી પ્રેરાઈને જ.

પેથાભે : રાષ્ટ્રની વ્યાખ્યા?

તિકમભે : આ હિમાલય પર્યન્તાત્

પેથાભે : તે છેક કન્યાકુમારી સુધી? તમે સાચ્ચા અર્થમાં તિકમભે છો. ક્યારેય ઇતિહાસ ભણ્યા છો? ક્યારે ય ભારતખંડ એક ચક્રે શાસિત થયો હતો? અશોકથી માંડીને કે આજ સુધી ક્યારે ય કોઈએ—

તિકમભે : પરશુરામે તો પૃથ્વી નક્ષત્રી કરી ને સારો યે દેશ છિન્નભિન્ન કર્યો. નક્ષત્રી પૃથ્વીને કરવી સરળ હશે, પણ તેને સાંધવી, એક કરવી એ અઘરું કામ છે. કોઈએ તો એ કામ કરવું જોઈશે ને?

પેથાભૈ : (ધીરા અવાજે) પણ આજ સુધી તિકમભૈ તમે ય પરશુરામની જેમ તમારું ત્રિકમ ધાર ખોદવામાં જ વાપર્યું છે—

તિકમભૈ: (ઊંઠા અવાજે) બગિંગ! બગિંગ!!

પેથાભૈ : (મોટેથી) હં હં તમે શું કહેતા હતા તિકમભૈ ?

તિકમભૈ : એવી સિદ્ધિ કોઈને તો વરવી જ નઈ એને ? ને તે માટે શામ દામ ભેદ દંડ જેવી સુજનજૂની રીતરસમ અજમાવવામાં મારો ફાળો મેં આપ્યો હોય તો એ શું અપરાધ થયો? મને તો લાગે છે કે મારા આવા ફાળા માટે મને પદ્મભૂષણ—ઓ બાપ રે ! મરી ગયો રે !!

બુધાભૈ : પદ્મભૂષણ તિકમભૈના પગ નીચેની ધરણીમાંથી પણ સરવાણીઓ ફૂટી કે શું ?

તિકમભૈ : (અવાજ બેસી ગયો હોય તેમ બોલવાની શરૂઆત થાય છે ને પછી અવાજ ફાટી જાય છે) ના ના, એવું નથી; આ તો ! આ તો !! ઓ મા રે !! ઓ બાપ રે !!!

પેથાભૈ-બુધાભૈ : પણ થયું શું ?

તિકમભૈ : સાપ ! એક નહિ...કદાચ બે !! નીચે કશુંક સળવળે છે જાણે! સૂરજનો પ્રકાશ પણ હવે ત્રંસાઈ ગયો છે એટલે નજરે પણ પૂરું કશું પડતું નથી. ને પગ નીચેનો સળવળાટ તો વધતો જાય છે. લિસ્સો ને ગૂંચળિયો સળવળાટ ! [ત્યાં એકાએક આનંદોદ્ગાર સમી બૂમ પાડી બેસે છે] અરે ઓ દોસ્તો! મારા હાથ ઉપરની ગાંઠ છૂટી ગઈ! હું મુક્ત છું!

બુધાભૈ : તો તો કૂવાના ક્ષેત્રફળ ઉપર હાથની મદદથી હરીફરી શકશો. એવી મુક્તિને ક્યાં વટાવશો ? [ત્યાં એકાએક બુધાભૈના હાથ પણ છૂટી જાય છે] અરે ઓ ભાઈ ! મારા હાથ ઉપરની મારી ગાંઠ પણ છૂટી ગઈ, આપોઆપ ! તારું શું થયું પેથા ?

પેથાભૈ : શો ફેર પડવાનો હતો ? ગાંઠ છૂટી છે છતાં મડાગાંઠનું બંધન અનુભવું છું હું! પગમાં જાણે જંજીરો જકડાઈ રહી છે અને આ કૂવાનાં પાણી તો વધતાં ચાલ્યાં !

તિકમભૈ : અરે, પણ ખુલ્લા હાથે પગનાં બંધન છોડી ન શકાય ?

બુધાભૈ : હા'લ્યા ! (પગ ઉપરના દોરડાની ગાંઠો છોડવા માંડે છે) અને ખુલ્લા હાથે આ સામે પડેલી ઇંટો એક ઉપર એક ગોઠવતાં રહેવાનું ને પગ ડેરવતા રહેવાનું.

પેથાભૈ: પેલા ગૂંચળિયા લિસ્સા, સળવળાટનું શું તિકમ ?

તિકમભૈ : કોઈની દોરવણીની હું શું રાહ જોતો હોઈશ ? [અંધારામાં ઇંટોના ઘા કર્યે જાય છે] મારી નાખ્યા, છૂંદી નાખ્યા સાલ્લાઓને...બન્નેને; કદાચ પાંચ પણ હોય, પચીસ પણ હોય...આભાર બુધાભૈ તારો. હાથ છૂટા થયા ને આ જૂના ખંડિયેર કૂવાની ભીંતમાંથી ઇંટો કાઢી કાઢીને ઘા કર્યે રાખ્યા છે, હા !

પેથાભૈ : તને ખાતરી જ છે કે એ સાપ હતા ? વંદા કે દેડકાં જેવાં નિરુપદ્રવી જીવજંતુ નહિ હોય એમ તું સોગંદપૂર્વક માને છે ?

તિકમભૈ : એ જીવજંતુએ સામનો કર્યો નથી એ ઉપરથી મને લાગે છે કે માત્ર મને ભય પમાડવા માટે પ્લાસ્ટિકનાં રમકડાં કે રબ્બરનાં સાપોલિયાં ગોઠવવામાં આવ્યાં હોય.

બુધાભૈ : ઉપરવાળાની સેન્સ ઑવ હ્યૂમર માટે માન થાય તો તો...માર્યા ઠાર!

પેથાભૈ-તિકમભૈ : તને શું થયું પાછું બુધા ?

બુધાભૈ : જેમજેમ ઇંટો ગોઠવતો જાઉં છું તેમ તેમ કૂવાનાં પાણી વધતાં જાય છે.

પેથાભૈ : (હસીને) ઓહો ! સાચ્ચે જ ?

તિકમભૈ : તરતાં આવડે છે કે નહિ ?

બુધાભૈ: મૂળથી જ લાઈફબેલ્ટ વીંટીને ભવસાગર તરવાની ખ્વાહેશ રાખેલી...ઓ મા રે !

પેથાભૈ : માને સંભારવાથી ખાસ લાભ નહિ થાય બુધાભૈ, જરા આંખ વિસ્ફારીને જુઓ તો, માથા ઉપર દોરડું લટકતું નજરે પડે છે ?

બુધાભૈ : હા'લ્યા ! એ તો ભૂલમાં જ ગયું. હાથ લંબાવું એટલી જ વાર. [લટકતા દોરડા તરફ હાથ લંબાવે છે, પણ દોરડું જાણે હાથતાળી આપતું હોય તેમ પકડમાંથી છટકી જતું હોય છે...દોરડાને જ સંબોધતો હોય તે રીતે વિનંતીના સૂરે] અરેરે ! આમ શું કરે છે ? આવને હાથમાં...(ત્રાંવાં નાખે છે).

પેથાભૈ : કોને હાથમાં લેવાની વાત છે બુધાભૈ ? જાણે કે તારી પ્રેયસીને વીનવતો હોય તેવો ગળગળો અને લાગણીરસ્યો તારો અવાજ શાથી સંભળાય છે ?

તિકમભૈ : આપણે પણ આવા ગળગળા અને લાગણીરસ્યા અવાજે એને પાર વિનાની વિનંતી કરેલી કે ?

પેથાભૈ : કોને ? પ્રિયતમા નામની કોઈ ભ્રામક સામગ્રીને ?

તિકમભૈ : કેમ આમ ખીજમાં બોલતા હો એમ બોલો છો પેથાભૈ ? હૃદયભંગની અવસ્થા ક્યારેક કોઈએ માણવી છે કે ?

પેથાભૈ : (ધીરા અવાજે) બગિંગ...(મોટેથી) અનુભવીની જેમ મારા મનની વાત તેં વાંચી લીધી તિકમ!...એ ય તિકમભૈ ! આ મારાવાળા કૂવામાં વધુ ને વધુ સરવાણીઓ ફૂટવા માંડી જણાય છે.

તિકમભૈ : તો તો ખોબલે ખોબલે તરસ છીપાવવા માંડ મારા ભૈ. પૂરો ભાગ્યશાળી.

પેથાભૈ : કયી તરસ?...એટલે કે—

બુધાભૈ : મારા તો રામ રમી ગયા છે ને તમે બન્ને પ્રેમની ને તૃષ્ણાની વાતો માંડીને બેઠા છો ! આટલી મિનિટમાં એકસો ને પંચાવન ઇંટો ખડકી, સ્હેજ પગ ટેકવીને હાશ કરું છું ત્યાં આજુબાજુ વળી પાણી જ પાણી !

પેથાભૈ : અમારા બન્નેના કૂવામાં હવે તો પાણી ચમકવા માંડ્યાં છે. ક્યાં સુધી તું તારી રામાયણ રોયા કરીશ, બુધા ?

તિકમભૈ : બીચારાને બોલ્યે જવા દે ને પેથા! એને બીજી કયી રીતે નહિતર મુક્તિનો આનંદ ભોગવવા મળવાનો હતો ?...અરે હા, બુધાભૈ, પછી પેલું દોરડું પકડી પાડયું કે નહિ?

બુધાભૈ : એ જ તો મ્હોંકાણ છે; નથી આવતું હાથમાં. મારી સાથે સાતતાળી રમે છે. (ધીરા અવાજે) મને તો વહેમ છે કે ઉપરથી કોઈ એને ખેંચ્યે રાખે છે, મને ટટળાવવા માટે.

પેથાભૈ : બૂમ મારીને વિનંતી કરને ! કહે કે મનેબચાવો માબાપ!ફરીથી કદીઆવું નહિ કરું.

બુધાભૈ : પણ શું ન કરવાની ખાતરી આપું એ ઉપરવાળાને ?

પેથાભૈ : કશું પણ ન કરવાની બાંહેધરી આપ તો કદાચ ઊગરી જઈશ.

બુધાભૈ : અરે ઉપરવાળા ભૈ... ઓ ઉપરવાળા ભાઈ!! અરે ઓ ઉપરવાળા ભાઈસાહેબ!!! (એવી બૂમો પાડતાં જાણે એનો અવાજ ફાટી જાય છે, છેવટે અવાજ ગળામાંથી નીકળતો જ નથી. અવાજ પ્રગટ કરવા હવાતિયાં મારે છે ને તે દરમ્યાન કોઈ યુવાન સ્ત્રીનું રસીલું-મદીલું હાસ્ય માત્ર સંભળાયા કરે છે.)

તિકમભૈ : પેથાભૈ, તરસ છીપી ?

પેથાભૈ : ફરી પૂછું કે કયી તરસ ? અરે તિકમભૈ સંભળાય છે કે ? કશું સંભળાય છે ?

તિકમભૈ: પેલા બુધિયાનો અવાજ ટાટો પડી ગયો હોય એવો અણસાર પહોંચે છે.

પેથાભૈ : મર તું તિરિકમ ! એ અણસારની ઉપરવટ તરસ છીપાવે એવું કશું—?

તિકમભૈ : ઘૂંટડે ઘૂંટડે, અરે ખોબલે ખોબલે પાતાળકૂવાનું પાણી પી તું તરસ છીપાવે છે એનો અવાજ? ના રે,મને તો કશું જ નથી સંભળાતું...

પેથાભૈ : મૂરખ શિરોમણિ ! જરા કાન માંડ ભલા. પેલાં ઝાંઝરનો ઝમકાર ! ફૂલડાં ઝરતાં હોય એવું કોઈનું મદભર્યું હાસ્ય ?

તિકમભૈ : હા' લ્યા ! ને માળું આ તો ખૂબ ઓળખીતું પાછું !

પેથાભૈ : આવી પરિસ્થિતિને વર્ણવવા માટે ચરોતરી ભાષા ન વપરાય ત્રિવિક્રમલાલભાઈ.

તિકમભૈ : સત્ય વાત તેં ઉચ્ચારી...,ચરણકમલસ્થિત નૂપુરધ્વનિ ! કટિમેખલાની કિંકિણીનું રસાળ આમંત્રણ !! કંકણ-વલયનું અશબ્દ આહ્વાન આ તો ! ચિરપરિચિત છે આ સારો યે પરિવેશ—

પેથાભે : પૂર્વાશ્રમમાં કવિ થવાનો ધખારો ખરો કે ?

તિકમભે : તારાથી શું અવિદિત છે પ્યેથા-ભ્રાતર્ ! એક પ્રેમીની ભૂમિકા ભજવેલી.

પેથાભે : કોઈ નાટકમંડળીમાં ?

તિકમભે : આમ તો સારું યે જીવન મારે માટે નાટક સમું હતું, પેથાભે.

પે૦ : પણ હવે એક્ઝિટની વારી આવી છે.

તિ૦ : ને તું ફિલસૂફ હતો ?

પે૦ : હતો નહિ, છું...એટલે કે જખ મારીને તત્ત્વજ્ઞાની બની ગયો છું. લાગે છે કે ઐશ્વર્ય શાશ્વત નથી, પ્રતિષ્ઠા શાશ્વત નથી, અરે આ જીવન પણ શાશ્વત નથી; અનુભવે આવું બધું શીખી રહ્યો છું.

તિ૦ : પણ તૃષ્ણા શાશ્વત ખરી કે નહિ ?

પે૦ : બસ એ જ તો એક આહ્વાન્ છે; યુદ્ધનો પડકાર છે એ !...જુઓને, આ પાણીની સપાટી ઊંચે ને ઊંચે ચઢતી ચાલી. મને તરતાં આવડે છે એમ હું માનું છું. ભલે વધે પાણીની સપાટી. હું તરતો રહીશ ને છેવટે આ પાતાળ કૂવામાંથી સહીસલામત મથાળે પહોંચીશ. મથાળે પહોંચીશ ને ત્યાં પેલી રૂમઝૂમાવટનો આવકાર પામીશ. (તિકમભેનો ઘેરો નિશ્વાસ સંભળાય છે) તેં નિશ્વાસ નાખ્યો તિકમભે ? !

તિ૦ : તે સિવાય તને બીજું કંઈ ધરી શકું એમ નથી. કૂવો મારો સુક્કો છે-જાણે રાજસ્થાનના જેસલમેર તાલુકાની મરુભૂમિમાં ખોદ્યો હોય ને તેવો ! ને મને તરતાં નહિ, ઊડતાં આવડતું જોઈતું હતું [પેલી યુવતીનું હાસ્ય વધુ મુખર બને છે]...અરે ઓ ! અરે ઓ !—

પે૦ : વળી શું થયું તિકમ ? આટલો બધો સળવળાટ તારી દિશામાંથી કેમ પ્રગટે છે ? નિશ્વાસને બદલે જાણે કે—

તિ૦ : જાણે કે મને પાંખો ફૂટતી હું અનુભવું છું...અરે ! સાચ્ચે જ ! સાચેસાચ ! ! પેથાભે...ઊડવાનું ફાવતું લાગે છે...મારા બંને હાથ જાણે પાંખો બની રહ્યા છે ! ! !

પે૦ : ભ્રમણા, નરી ભ્રમણા—

તિ૦ : ના પેથા, આ ભ્રમણા નથી, નથી કે સ્વપ્ન ! સાચ્ચે જ હું ઊડી શકું છું, ઊડી રહ્યો છું.

પે૦ : તો પછી એક્ઝિટ કરને.

તિ૦ : એક્ઝિટ ?

પે૦ : એટલે કે આ પાતાળકૂવામાંથી પાંખો ફફડાવતો ફફડાવતો બહાર વિશાળ આકાશમાં માંડને ઊડવા.

તિ૦ : એટલે કે તને હજી અણવિશ્વાસ છે ?

પે૦ : પૂરો વિશ્વાસ છે; ઉપરાંત અદેખાઈ પણ આવે છે.

તિ૦ : અદેખાઈ ? અરે પણ ઓ પેથાભે—

પે૦ : શું છે ?...આકાશ નજરે પડતું નથી ?

તિ૦ : એવું જ કંઈ. ઊડું છું, પણ કૂવાની ભીંતો સાથે અફળાઇને વળી પાછો જ્યાંનો ત્યાં ! અરે ઓ, ક્યાં છે આકાશ ? ભલા ભગવાન ! પાંખો આપી પણ આકાશ કાં છીનવી લીધું ?

પે૦ : આકાશ તો સદા યે માથે ઝળુંબતું જ રહેતું હોય છે એમ ઉમાશંકરે નથી કહ્યું ? મૂરખ નહિ તો ! તારી નજરે નહિ પડતું હોય આકાશ. દેખાય છે કશું ? ધારીધારીને જો.

તિ૦ : દેખાય છે ?...મને ?...અરેરે !

પે૦ : નથી દેખાતું ને ? પાંખ આપી પણ આંખ લઈ લીધી...એઈ તિકમ, એવું તો ન બનેને ? કદાચ આ પાંખ તને ભગવાને નહિ આપી હોય (ધીરા અવાજે) એઈ તિકમભે, મારો આ અવાજ સંભળાય છે ?

તિકમભે : માંડ માંડ.

પેથાભે : (મોટેથી ને બનાવટી સૂરે) તમે સાવ નિઘૃણી છો ત્રિકમલાલ. તમને પાંખો આપી છે ઉપર પેલો રૂમઝૂમ અવાજ પ્રગટ કર્યે જનાર કંકણકિંકિણી કેયૂરવતી મહાલક્ષ્મીએ.

તિકમભે :(ધીરા અવાજે)આ શો બકવાસ !

પેથાભે : (ધીરા અવાજે) બગિંગ...ભૂલી ન જઈશ બગિંગ...આ બધું પેલાઓના બેનિ-ફિટ માટે. (મોટેથી) એ મહાલક્ષ્મીનો કૃપા-પ્રસાદ સમજો ત્રિકમભાઈ, કે તમને આટલા સીમિત ક્ષેત્રમાં ઊડવાનું અનુકૂળ પડે તે માટે પાંખો આપી. પાંખો આપીને આંખોની શક્તિ લીધી હોય તો પણ ચોક્કસ કોઈ આશયથી.

તિકમભે : (ગભરાટભર્યા ધીરા અવાજે) શો આશય હશે એની પાછળ ?

પેથાભે : (ધીરા અવાજે) ચામાચીડિયાનું નામ સાંભળ્યું છે ?

તિકમભે : હેં ! !

પેથાભે : (ધીરા અવાજે) અથવા તો ઘુવડનું ? (મોટેથી) દિવ્યદૃષ્ટિ તમને અર્પવાના આશયથી. બીજા સામાન્યોને જે નજરે ન પડે તે તમારી નજરે પડે એવી દિવ્ય દૃષ્ટિ !...એ ઉપકાર ગણી લક્ષ્મીનો, હરખો મારા તિકમભે— [ત્યાં એકાએક મૂર્છામાંથી જાગ્રત થતો હોય તેવો બુધાભેનો અવાજ સંભળાવા માંડે છે— 'ઓ ઉપરવાળા ભૈ ! ઓ ઉપરવાળા ભાઈ સાહેબ ! ઓ ઉપરવાળાં બહેન, શું હસો છો ?]

પેથાભે : પેલો બુધો હવે નિંદરમાંથી જાગતો જણાય છે.

તિકમભે : પરંતુ ઉપરવાળા ભૈને બદલે ઉપરવાળા બેન, એમ હવે પોકારવાનું શરૂ કર્યું એ તેં સાંભળ્યું ?

પેથાભે : પેલાં કેયૂર-કંકણ-કિંકિણીનો રણકાર એને પણ સંભળાતો હશે...અરે ચૂપ, તિકમ ! કાન માંડ જો...એના પાતાળકૂવામાંથી કોઈ મહિલાનો અવાજ સંભળાય છે કે ?

તિકમભે : હા'લ્યા. ચોક્કસ કોઈ મહિલાના કલ્પાંતનો સૂર આ તો !

બુધાભે :[અવાજ બદલાઈ ગયો છે,ને પુરુષને બદલે સ્ત્રીનો અવાજ હોય એમ સંભળાયછે] અરેરે ! આ શું થઈ ગયું ? અરે ઓ દોસ્ત મારા, મારાં અંગાંગની આ તે શી દશા ? સાંભળો છો પેથાભે, સાંભળો છો તિકમભે ? આ અવાજ તમને તમારા દોસ્ત બુધાભેનો લાગે છે ?

પેથાભે : શું થયું તને બુધા ?...સેંથાનું સિંદૂર કોઈએ ચટાડી દીધું કે શું ? કહે છે કે એવું થાય તો ભલભલા પુરુષનો અવાજ પણ—

તિ૦ : પણ તું અટકી કેમ ગયો પેથાભે ? તારા અવાજને વળી શું થયું ?

પેથાભે : (એનો અવાજ પણ બદલાઈને સ્ત્રીનો હોય એવો બની જાય છે) માત્ર અવાજ જ નહિ, તીકમભે; મારું પ્રત્યેક અંગ પણ રૂપાંતર પામી રહ્યું છે ! ઓ રે ! મારું શું થશે ? હું પુરુષ જેવો પુરુષ મટીને—

તિકમભે : લક્ષ્મીની વધુપડતી આરાધનાનું આ પરિણામ, પેથાભે. શી હૅઝ કટ યુ ટુ સાઈઝ ...હું ભલે આંખ ખોઈ બેઠો, પણ છેવટે પુરુષ તો રહ્યો જ છું ને...(અવાજ બદલાવા માંડે છે) રહ્યો જ છું ને...જ છું ને...છુંને... !અરે ! હું પણ નથી રહ્યો પુરુષ, એ પેથાભે, ઓ બુધાભે !

બુધાભે-પે૦:[આનંદમિશ્રિત ઉદ્‌ગારો સરી પડતા હોય તેમ] હેં, સાચ્ચે જ તું પણ તિકમ ?

પે૦ : તું પણ ત્રિવિક્રમ ? છેવટે—! ! ? [ત્યાં અંતરીક્ષમાંથી નહિ પણ કૂવાઓમાં સહસ્ર છિદ્રોમાંથી પ્રગટતો હોય તેવો ધ્વનિ સંભળાય છે : 'તારું નામ હવે પેથાભે નથી, તું છે પિંગલા...બુધાભે તું છે ઈડા...અને તું—

તિકમભે : અને હું ?

અવાજ : તું છે સુષમા.

પે૦ : હું પિંગલા ? રાજાભર્તૃહરિની પ્રિયતમા ?

અવાજ : ના, મારી પ્રિય સખી.

બુ૦ : ને હું ઈ-ઈડા ? ઈ ઉપર અનુસ્વાર ખરો ?

અવાજ : ના ના ના ! સાવ મૂરખ નહિ તો !

તિકમભે : ને હું તો સુષમા, ખરું ? સુષમા, પરમા શોભા, શોભા, કાન્તિ, દ્યુતિ...અરે, પણ મારાં તો એવાં કશાં ઠેકાણાં નથી !

અવાજ : મારે કુંડલિની જાગ્રત કરવી છે, તમે છો ત્રણ નાડીઓ...

ત્રણે એકીસાથે : અનાડીઓ અમે ? !

અવાજ : ન ને એક કાનો ના, ડ ને દીર્ઘ ઈ ડી...નાડી...સમજ્યા ?

પે૦ : પણ કુંડલિની તો સર્પ—

તિકમભે : એ સર્પોને તો મેં પથ્થર મારી છૂંદી નાખ્યા હતા !

અવાજ : એ ન મરે, કદી યે ન મરે. એ તો ગૂંચળું વળીને એ પડ્યો મૂલાધાર ચક્રમાં. કુંડ-

લિની જાગ્રત થશે ને પરમ શિવને પામશે. શિવં ઇતિ કલ્યાણમ્. ચૈતન્યરૂપા ભગવતીને પરમ-શિવનો સાક્ષાત્કાર થશે. શિવં ઇતિ કલ્યાણમ્.

['શિવં ઇતિ કલ્યાણમ્'શબ્દોના પડઘા ઊઠે છે. કૂવાઓમાં અંધકાર છવાય છે. ને સાથે સાથે મંત્રોદ્‌ગાર સમ 'શિવં ઇતિ કલ્યાણમ્' શબ્દોનું પુનરાવર્તન થયા જ કરે છે, થયા જ કરે છે... થોડી ક્ષણો પછી વળી પ્રકાશ પથરાય છે. સાથે સાથે ત્રણે કૂવામાંથી સ્ત્રીઓનો હોય એવો સમૂહમાં પ્રગટતો ઉદ્‌ગાર સંભળાવા માંડે છે:]

'ક્યાં છે સહસ્રદલ પદ્મ?
'ક્યાંછે સહસ્રદલપદ્મ?'ક્યાં છે સહસ્રદલપદ્મ?...'

ઈડા: સમગ્રા સાગ્રાજ્ઞિ! પાહિ મામ્
પિંગલા: ભરોસો છે ભારી,
તવ ચરણયુગ્મે મમ સદા...
પાહિ મામ્! પાહિ મામ્!!
સુષમા: કદાચિત પાપોથી મલિન થયું હો અંતર યદિ,
હું તો તારા સ્નેહે દ્રવિતત,
કર તું પાર મુજને...
પાહિ મામ્! પાહિ મામ્!! પાહિ મામ્!!!

ઈડા: વિધાત્રી ધર્મોની!
પિંગલા: તું આદિ તૃષ્ણાની!!
સુષમા: નિરવધિ સુખોની તું જનની!!!
ઈડા-પિંગલા-સુષમા: ક્યાંછે સહસ્રદલ પદ્મ? ક્યાં છે સહસ્રદલપદ્મ? ક્યાં છે સહસ્રદલપદ્મ?

[યુવતીઓના ઉદ્‌ગાર વેળા વળી અંધારું છવાય છે ને એમાંથી જ પ્રગટતા હોય તેમ પુરુષોના અવાજ વળી સંભળાવા માંડે છે—]

પેo: ક્યાં છે સુવર્ણ?
બુધાભે: ક્યાં છે સુવર્ણ-સુવર્ણ?
તિકમભે: ક્યાં છે સુવર્ણ-સુવર્ણ-સુવર્ણ?

[પ્રકાશ પ્રોજ્વલિત થતો જાય છે, ઉપરથી લટકતા દોરડાના ગાળા ઝૂલતા દેખાય છે. ત્રણે પુરુષો એ ગાળાને પકડવા આંધળા માણસની જેમ ઝાંવાં નાખે છે. સાથે સાથે 'ક્યાં છે સુવર્ણ?' શબ્દોનું પુનરુચ્ચારણ ચાલુ જ છે. ઇંટ ઉપર ઇંટ ગોઠવતા જાય છે ને દોરડાને પકડવાની મથામણ ચાલુ હોય છે ને લગભગ એકસાથે ત્રણેના હાથમાં દોરડાનો ગાળો ઝડપાઈ જાય છે. એકાએક ત્રણે પોકારી ઊઠે છે: 'લાધ્યું સુવર્ણ! લાધ્યું સુવર્ણ! લાધ્યું સુવર્ણ!' ને એમ બોલતાં બોલતાં ગાળા પોતપોતાનાં ગળાંમાં ભેરવી લે છે. અંધારું વધતું જાય છે, પ્રકાશની લકીરો માત્ર દોરડાં ઉપર જડાઈ ગઈ હોય એ રીતે નજર પડે છે—એટલે કે એવો આભાસ ઉત્પન્ન થાય છે.

ત્યાં પેલાં સહસ્રછિદ્રોમાંથી જોરશોરથી પ્રગટતું હોય તેવું ગીત સંભળાવા માંડે છે:]

વીરા મારા પંચ રે સિંધુને સ્મશાન
રોપાણાં ત્રણ રુખડાં હો જી.
વીરા એની ચિતાઓ ચઢી આસમાન
મુક્તિનાં ઝરે ફૂલડાં હો જી

[ધીરેધીરે એ જ ગીત કોઈ સુઘડ મોંઘા રેડિયો સેટમાંથી મધુરમંજુલ અવાજે પ્રગટતું હોય એમ સંભળાવા માંડે છે...ધીરે ધીરે પ્રકાશ વધવા માંડે છે ને એક આધુનિક સજાવટ વાળો 'સિટિંગ કમ-ડાઇનિંગ' રૂમ નજરે પડે છે. ડાઇનિંગ ટેબલ ઉપર નાસ્તાની વાનગીઓ પડી છે, કૉફી પણ ઇમ્પૉર્ટેડ હોય એવી લાગે છે. ફૉર્ક-નાઈફ-ચમચાના અવાજની વચ્ચે પૂરો પ્રકાશ ફેલાય છે ને ત્રણે પુરુષો નજરે પડે છે.]

સ્નેહલ: સૂરીલો કંઠ, નહિ વિનાયક? મને તો આપણો ભૂતકાળ યાદ આવી જાય છે, જ્યારે જ્યારે આ ગીત સાંભળું છું ત્યારે.

વિનાયક: ભૂતકાળ? આપણો વળી ભૂતકાળ હતો જ ક્યારે?

સ્નેહલ: તને તો યાદ હશે જ સુધાકર! કૉલેજના ચોગાનમાં સ્ટેજ ઊભું કરવામાં આવ્યું હતું ને તેના ઉપર ફાંસી માટેનો માંચડો ઊભો કરવામાં આવેલો...

વિનાયક: ત્રણ માંચડા.

સ્નેહલ: અને આપણા સૌમાં સૌથી દેખાવડો હું હતો તે દાવે--

વિનાયક: છોટુભાઈ સાહેબનો જમાઈ થવાનો હતો તે કારણે--

સુધાકર: સાત સાત યૂનિયનનો લીડર બન્યો તો પણ આ વાત આવે છે ત્યારે વિનુ તું અદેખાઈ પ્રગટ કર્યા વિના રહેતો નથી.

સ્નેહલ: (પોતાની ધૂનમાં) ગમે તે કારણે પણ વાંકી ફેલ્ટ હૅટ સાથે ભગતસિંહનો પાઠ મેં ભજવ્યો હતો—

વિનાયક: ફરીથી જાહેર કરું છું કે ભગતસિંહ તરીકેની વરણી મારી જ થવાની હતી. વિદ્યાર્થી-સંઘનો અધિષ્ઠાતા કોણ હતો? આ વિનાયક કે બીજો કોઈ?

સ્નેહલ: ટીચકો—બુચ્ચો...ને લબાડ!

વિનાયક: (જાણે સ્નેહલની વાત સાંભળી જ ન હોય તેમ) પણ છોટુભાઈ સાહેબ જી.પી.સી.સી.ના ઉપપ્રમુખપદે પહોંચે એવી વકીન કારણે કે પછી પ્રિન્સિપલસાહેબે પાટલી બદલી

સુધાકર: અને યાદ છે વિનુ? પોતાનો વટ દેખાડવા સ્નેહલે વાંકી ફેલ્ટ હૅટ સાથે જ ફાંસીને માંચડે ચડવા માટે આગ્રહ રાખ્યો હતો?

વિનાયક: એ તો ચંપાબેન ઑડિયન્સમાં ગોઠવાયાં હતાં તે કારણે...[ત્રણે ખડખડાટ હસી પડે છે] કેવા મૂરખ હતા આપણે!! વાંકી ફેલ્ટ અને વાંકડી મૂછો જોઈ ને ચંપાબેને વરમાળા પહેરાવવાનો નિર્ણય સુદૃઢ કરેલો...

સ્નેહલ: (બૂમ મારે છે) ચંપા! ચંપા! ચાની બીજી કીટલીને કેટલી વાર? આ પકોડાં ઠંડાં પડી ગયાં છે. ગરમ ગરમ લાવતાં શું—

સુધાકર: સ્નેહલ, ચંપાભાભી સાથે તું આ રીતે વર્તી શકે છે?

વિનાયક: કાલ ઊઠીને પ્રધાનપત્ની નક્કી થશે, એનો ખયાલ ભૂલી ગયો છે શું?... રસોડાની દિશામાંથી અવાજ આવે છે, નહિ વારુ? પેલું તું શું લખ્યે જતો હતો સુધાકર? કેયૂર-કંકણ-કિંકિણીનો ઝંકાર...આહા! એક પછી એક પગથિયાં ચડતાં અને ચડાવ્યે રાખતા છોટુભાઈ સાહેબના ઉદ્યમનું સુફળ આ તો. એ પંતપ્રધાન તરીકે ન ગોઠવાયા હોત તો આપણે ત્રણે ક્યાં હોત...? સ્નેહલ: સાચું કહું?

વિનાયક: સત્યમેવ જયતે! જૂઠું બોલવાના કસમ ન લીધા હોય તો સાચું જ બોલ વળી.

સુધાકર: સંકોચ ન રાખીશ સ્નેહલ, મારો પણ નહિ...તમારા બન્ને સાથે રહીને હવે તો હું પણ પાપ-અપાપ—

વિનાયક: આચરતો—

સુધાકર: સ્નેહલને કશુંક કહેવું છે, વિનુ.

સ્નેહલ: પંતપ્રધાનપદની સોગંદવિધિ પત્યા પછી પ્રેસના પ્રતિનિધિઓ સમક્ષ એમણે કવિ કલાપીનું સ્મરણ કર્યું.

વિનાયક: શી વાત કરે છે!

સુધાકર: ના હોય!!

વિનાયક: છોટુભાઈ સાહેબે... કવિ કલાપીને યાદ કર્યા?

સ્નેહલ: આંખ મીંચીને, હાથ જોડીને, છોટુભાઈ સાહેબ—

વિનાયક: એમના ઘોઘરા અવાજે—

સુધાકર: ચૂપ રહીશ, વિનુ?

સ્નેહલ: એમના ઘડાએલા અવાજે એ રટી ઊઠ્યા... વિનાયક: હં—હં?

સ્નેહલ: 'દેખી બુરાઈ ના ડરું હું
શી જિગર છે પાપની—?'

સુધાકર: 'શી ફિકર છે પાપની—'

વિનાયક: આ તો છોટુભાઈનું વર્ઝન છે! હં, હં પછી?

સ્નેહલ:
'દેખી બુરાઈ ના ડરું હું શી જિગર છે પાપની?
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની...'

સુધાકર: અરે વાહ! શી વાત કરે છે?

વિનાયક: પણ એમાં 'આપની' સંબોધન કોને માટે વપરાયું હશે?

સ્નેહલ: એ સવાલનો જવાબ તો છોટુભાઈ સાહેબ જ આપી શકે.

સુધાકર: 'આપ' સંબોધન છોટુભાઈ સાહેબ ભગવાન માટે તો ન જ વાપરે...

વિનાયક: સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપા સમગ્રા-સાગ્રાજ્ઞી ચંપાભાભી આ તરફ આવતાં જણાય છે...આવી બધી ફાલતુ વાતો ફરી કોઈ વાર...

[નૂપુરઝંકાર નજીક આવતો સંભળાય છે, ધીરે ધીરે તખ્તા પર અંધારું છવાય છે...ને પડદો]

સૂત્રધાર શ્રીકૃષ્ણ

—ચન્દ્રવદન ચી. મહેતા

[સ્થળ : કુરુક્ષેત્રમાં યુધિષ્ઠિરનો શિબિર. યુધિષ્ઠિર અતિશય ઘવાએલા શય્યા પર પડયા છે. એકાએક અર્જુનને આવતો જોઈ બેઠા થઈ જાય છે.]

યુધિષ્ઠિર : આવ આવ, વીર અર્જુન !

અર્જુન : વડીલ બન્ધુ ! આપ જરા પણ શ્રમ ન લ્યો. આપ બાણવર્ષાથી ઘવાયા છો. વિશ્રામ લેવો ઘટે, હું આપને પ્રણામ કરું છું.

યુ૦ : બન્ધુ અર્જુન ! દેવકીપુત્ર કૃષ્ણ ક્યાં છે? મારે તમને બંનેને સાથે જ બિરદાવવા જોઇએ. જરા વાળ પણ વાંકો થયા વિના તમે બંનેએ ઝેરી નાગ જેવા પરંતુ કૌરવોના કલ્યાણ તથા કવચરૂપ કર્ણનો વધ કર્યો એ માટે તમને સૌનાં અભિનંદન ઘટે છે. ક્યાં છે કૃષ્ણ?

અ૦ : તેઓ રથની તેમજ અશ્વોની વ્યવસ્થામાં રોકાયા છે; હમણાં જ આવશે.

યુ૦ : ઠીક; કહે તો ખરો કે એ કર્ણને તેં શી રીતે હણ્યો, સાચું કહું છું, જો ભીમ આજે મારી વહારે ન ધાયો હોત તો હું એના બાણે થકી હણાઈ જ ગયો હોત! માનશે? એણે મને જીવનમાં મેં નથી સાંભળ્યા એવા અપશબ્દો અને અપમાનજનક શબ્દો કહ્યા. એની ઉપરના ક્રોધથી હું બળી રહ્યો છું. બોલ અર્જુન, બોલ!

અ૦ : વડીલ બન્ધુ, આપના શરીરે ભારે પીડા થઈ રહી છે. જરા આડા પડો; પછી બધું કહું છું. અમે તો આપને વિષે બહુ માઠા સમાચાર સાંભળ્યા એટલે દોડતો અહીં આવ્યો. આપ જીવંત છો એ જાણી હવે સંતોષ થયો છે.

યુ૦ : ના, અર્જુન; મને તો એના હણાયાની કથા સાંભળીને જ પૂરો સંતોષ અને પાકો આરામ થશે. તું તો જાણે છે કે ભરી સભામાં દ્રૌપદીને સંબોધીને એ શું બોલ્યો હતો; 'પાપી, હીનસત્વ પાંડવોનો તું ત્યાગ કેમ નથી કરતી?' આવાં દુષ્ટ વચનો બોલનાર, અર્જુન જીવે છે ત્યાં સુધી બીજા કોઈ પાસે પોતાના પગ ધોવડાવવાની પ્રતિજ્ઞા કરનાર, પોતાને શક્ર ને યમ સાથે સરખાવનાર, એ અધમ, દુષ્ટ કર્ણને તેં યુદ્ધમાં વધેર્યો, એને ધરતી ઉપર ધૂળમાં રગદોળ્યો, એવાં વચન સાંભળવા હું ઉત્સુક છું.

અ૦ : વડીલ બન્ધુ ! આજના યુદ્ધની ચાલ કોઈ જુદા જ પ્રકારની હતી. આજે અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને પાંચ તીક્ષ્ણ બાણોથી વીંધ્યા.

યુ૦ : ઓહ ! પણ કૃષ્ણ સ્વસ્થ તો છે ને?

અ૦ : અરે, હમણાં જ એ આવવા જોઇએ.

યુ૦ : પણ કર્ણ સહસ્ર સહસ્ર બાણે વિંધાઈ ધરતી પટે પટકાઈ પડ્યો એ વિષે કેમ કંઈ કહેતો નથી?

અ૦ : આજે કર્ણનો ભેટો થતાં જ એને માર્યા વિના નહિ છોડું, એવી મારી આજની પ્રતિજ્ઞા છે. મને વિજય મળે એ માટે આશીર્વાદ આપો.

યુ૦ : હજી આશીર્વાદ માગે છે? એ નરાધમ કર્ણ હજી જીવે છે? ઓહ ! આ હું શું સાંભળું છું? એ નીચ હજી જીવતો રહ્યો છે? અર્જુન! અર્જુન! આ બોલતાં તારી જીભે સો ચીરા કેમ ન પડ્યા? તું ધરતીમાં સમાઈ કેમ ન ગયો? માતા કુન્તીના ગર્ભમાં પાંચમે માસે તું ગળી કેમ ન ગયો? તું એને પેટે ન જન્મ્યો હોત તો સંગ્રામમાંથી પાછા ભાગી આવવાનો આ પ્રસંગ ઊભો જ ન થાત.

અ૦ : જ્યેષ્ઠ બન્ધુ ! મારી આખી વાત તો સાંભળો.

યુ૦ શું સાંભળું? કર્ણ જીવતો બેઠો છે એવું તું બોલ્યો, ને એ મેં સાંભળ્યું! તું ધનુર્ધર! પરાક્રમી વીર, જિતેન્દ્રિય, સર્વ વિદ્યામાં પારંગત, તું ફાટી કેમ નથી પડતો? તારા જન્મ સમયની સર્વ આકાશવાણીઓ ખોટી પડી, દુરાત્મા! કાપુરુષ! તું હવે કૃષ્ણનો સારથિ થા, નિર્લજ્જ! સુવર્ણમઢ્યું તારું ધનુષ્ય ફેંકી દે. તારા હાથમાં હવે ગાંડીવ શોભતું નથી. તેં હજી કર્ણનો વધ નથી કર્યો, કપૂત ?!

[એવામાં શ્રીકૃષ્ણ લાગલા જ પ્રવેશે છે ને અર્જુનનો હાથ પકડી લે છે.]

કૃ૦ : અરે! આ હું શું જોઉં છું? ન્ય.યાત્મા યુધિષ્ઠિરના શિબિરમાં હું છું કે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ ઉપર? કે મને પણ હવે ભ્રમ થવા માંડ્યો છે? અર્જુન! આ શું?

અ૦ : હું આજે યુધિષ્ઠિરનો વધ કરીશ.

કૃ૦ : ભલે, જેવી તારી ચંચળ મતિ!

અ૦ : ચંચળ મતિ?

કૃ૦ : હાસ્તો. ક્રોધને પાને ચડેલાની મતિ ચંચળ, કે સંમોહ થવાથી સ્મૃતિ વિભ્રમમાં પડી હોય. દુર્યોધન જેવા હાડવૈરી કૌરવો ઉપર બાણના ઘા કરવા થકી અધર્મ લાગ્યો હતો, અંગ ધ્રૂજવા માંડ્યું હતું, શરીરે પ્રસ્વેદ થઈ ગયો હતો એમ કહેનાર અર્જુન આજ વડીલ બન્ધુ યુધિષ્ઠિર ઉપર ખડ્ગ ઉગામી રહ્યો છે? વાહવાહ! નથી અહીં કોઈ કૌરવ; અહીં તો છે યુધિષ્ઠિર; એ કર્ણને હાથે ઘવાયા અને છતાં બચ્યા છે, એની ભાળ કાઢવા આપણે મારતે રથે આવ્યા. ત્યારે તું જ એની હત્યા કરવા તત્પર થયો છે?! ધન્ય છે તારી વિલક્ષણ બુદ્ધિને.

અ૦ : જનાર્દન!

કૃ૦ : શું જનાર્દન? મહાખડ્ગ ઉઠાવી કોનો સંહાર કરવા ધાર્યો છે? તું આમ જરાજરામાં ક્રોધે ભરાય તો કોઈક વાર મારો પણ શિરચ્છેદ કરી નાખે ખરો!

અ૦ : મને કોઈ એમ કહે કે તારું ગાંડીવ ફેંકી દે, બીજાને આપી દે, તો તેનું મસ્તક છેદી નાખવું એવું મારું ગુપ્ત વ્રત છે. ધર્મરાજે એવાં વેણ કહ્યાં એટલે મારાથી એ સહન નથઈ શક્યાં.

કૃ૦ : અને એટલે આપ ધર્મરાજનો વધ કરવા નીકળ્યા છો? વીર નર. ધન્ય છે!

અ૦ : મારે મારી પ્રતિજ્ઞા પાળવા સત્યને પંથે ચાલવું જ જોઇએ.

કૃ૦ : આપે પ્રતિજ્ઞા લીધી, તે સંબન્ધી કોઈની સલાહ તો નહિ જ લીધી હોય, કારણ એ આપનું ગુપ્ત વ્રત છે, ખરું?

અ૦ : હા જનાર્દન!

કૃ૦ : પાર્થ! વત્સ! તું તો ખરેખર બહુ ભોળો છે. તેં બાળક બુદ્ધિ પ્રગટ કરી! ગાંડીવ જેવા ગાંડીવ મનુષ્યને આવું ક્ષુદ્ર બંધન! અને તે તારા અહમમાં કરેલી પ્રતિજ્ઞા. એને માટે તેં અસ્થાને કોપ કર્યો! જે કરવાનું છે તે તું ભૂલી ગયો. વૈદ્યરાજે જડીબુટ્ટી આપી મહા અસાધ્ય રોગ ઉપર એનો ઉપયોગ કરવાને, અને રોગનું નિવારણ કરવાને બદલે તેં કોઇએ તને અપવચનો કહ્યાં, એટલે એને મારવામાં તું એનો ઉપયોગ કરવા નીકળ્યો. કેટલું ભયંકર અજ્ઞાન?

અ૦ : અજ્ઞાન?

કૃ૦ : નહિ તો બીજું શું? હું જરા મોડો આવ્યો હોત તો તેં ધર્મરાજનો શિરચ્છેદ કરી નાખ્યો હોત. જે કર્ણ ન કરી શક્યો તે તું કરત! જે વડે કર્ણનું શિર ઉડાડવાનું છે, તે થકી ધર્મરાજનું શિર છેદી, શત્રુ જે ન કરી શક્યો તે તું પૂરું કરી આપત. એક સામાન્ય માનવની પેઠે તું વડીલ બંધુને-ધર્મના જાણનારને હણી નાખત!

અ૦ : પણ મારી પ્રતિજ્ઞાનું શું?

કૃ૦ : નાદાનીમાં તેં પ્રતિજ્ઞા તો લઈ લીધી; એ પ્રતિજ્ઞા પાળત તો જે તારી સાથે યુદ્ધ કરવા તત્પર નથી, તૈયાર નથી, નિઃશસ્ત્ર છે એવી વ્યક્તિનો વધ કરી તું તારા ક્ષાત્રધર્મને લાંછન લગાડત. તું મૂઢ બની સારાસાર વિવેક ચૂક્યો છે, એનું હવે તને ભાન થાય તો સારું.

અ૦ : ત્રણે લોકમાં આપને કશું અજાણ્યું નથી. આપ પરમ ધર્મને યથાતથ જાણો છો. એટલે આપનાં વચન સાંભળી ધર્મરાજા અવધ્ય છે, એ હવે મને સમજાય છે. મને ક્ષમા કરો. પણ-

કૃ૦ : પણ શું? ક્ષમા તો વડીલ બન્ધુની માગ.

અ૦ : પણ મારી પ્રતિજ્ઞા રહે—ધર્મરાજા ને હું જીવતા રહીએ, અને મારી પ્રતિજ્ઞાનું ગૌરવ ન હણાય એવો કોઈ માર્ગ કાઢી આપો.

કૃ૦ : ભોળો તો ખરો; બાળક બુદ્ધિનો પણ ખરો; પરંતુ મમતી પણ એટલો જ. વિચાર તો કર. ધર્મરાજા કર્ણના તીક્ષ્ણ બાણથી ઘવાઇને થાકયા છે. એમને વિશ્રાંતિની જરૂર છે. વળી કર્ણનો આજે વધ થાય તો કૌરવો હાર્યા પ્રમાણ જ ગણાય એવી એમની ગણતરીમાં એમણે તને સમાચાર પૂછ્યા, એ અકળાયા હતા એમાં તેં ક્રોધ કર્યો. તું અહીં એમની શુશ્રૂષા કરવા આવ્યો હતો, ને તેં ખડ્ગ ઉગામ્યું! અને હવે તું તારી પ્રતિજ્ઞાને વળગી રહેવા માગે છે?

અ૦ : જનાર્દન! પ્રતિજ્ઞાપાલન માટે મારી જગતમાં કીર્તિ છે, અને તે ન પળાય તો મારે માથે આળ ચડે. એમાંથી કંઈ નિવારણ થાય એવો રસ્તો બતાવો. વડીલ બન્ધુએ મને કઠોર શબ્દો કહ્યા એ પણ હું ભૂલી જાઉં, પરંતુ...

કૃ૦ : વીરશ્રેષ્ઠ છે અર્જુન, પરંતુ તું નિરંતર મને વિમાસણમાં જ મૂકયા કરે છે. કદીક તારા શરીરે કળ નથી વળતી, તો કદીક તારી પ્રજ્ઞા સ્થિરથવાનેબદલેસહજમાં અવળુંકરીબેસેછે.

અ૦ : આપ તો અમારા માતાપિતા સમાન છો. આપની આગળ હું જેવો છું તેવો ઉપસ્થિત ન થાઉં તો બીજે કયાં થાઉં? કૃપા કરી મારી પ્રતિજ્ઞાનું રક્ષણ કરો.

કૃ૦ : હમણાં ધર્મરાજાનું રક્ષણ કર્યું, હવે તારી પ્રતિજ્ઞાનું મારે રક્ષણ કરવાનું. શી છે તારી પ્રતિજ્ઞા? સ્પષ્ટ ભાષામાં મને કહે.

અ૦ : ધર્મરાજાએ મને વારંવાર કહ્યું તારું ગાંડીવ તું બીજાને સોંપી દે. મને ગાંડીવ છોડી દેવાનું કહે એને મારી નાખ્યા વિના હું આ લોકમાં એક ક્ષણભર પણ જીવી શકું નહિ.

કૃ૦ : વાહ! ગંભીર પ્રસંગ બહાર કુરુક્ષેત્રમાં ઉપસ્થિત થયો છે એની સામે તું અહીં મારે મતે એક હાસ્યાસ્પદ પ્રસંગ ઊભો કરે છે. ભલે.

અ૦ : આપને આ હાસ્યાસ્પદ લાગે છે?

કૃ૦ : ના, અતિ ગંભીર! કર્ણના વધ કરવાના ધ્યેય કરતાં પણ વધારે મહત્ત્વનો! જો સાંભળ! સૂત્ર એવું છે કે કોઇ મહાપુરુષનું અપમાન કરવામાં આવે તો તે જીવન્મૃત અર્થાત્ જીવતાં મરી ગયો હોય એમ કહેવાય છે. એટલે ધર્મરાજા જે વડીલ છે, મહાન છે એનું તું અપમાન કર. આ પૂજ્ય યુધિષ્ઠિરને તુંકારો કરી બોલાવ. તુંકારો કરવાથી ગુરુનો વધ કર્યા બરાબર ગણાય, એવું આંગિરસ મુનિનું શ્રુતિવચન છે.

અ૦ : યુધિષ્ઠિર! તને ધર્મરાજ કોણ કહે? બ્રાહ્મણોનું બળ વાણીમાં તથા ક્ષત્રિયોનું બળ બાહુમાં હોય છે. પણ તારામાં તો ફક્ત જીભડીનું જ જોર છે. એટલે તું નિર્બળ છે, નિષ્ઠુર છે. તારે લીધે જ ભીષ્મ માર્યા ગયા. તું જુગારી છે. સહદેવે ના ભણી તો યે તેં એનું કહ્યું માન્યું નહિ. તારે લીધે અમારું રાજ્ય ગયું, તારે કારણે જ અમે સહુ દુઃખી થયા...

કૃ૦ : બસ! હજી કંઈ કહેવાનું છે? હવે હું ધર્મરાજા તને ક્ષમા કરે એ માટે એમને વીનવું? હેં! ફરી ખડ્ગ પર હાથ શેણે નાખે છે?

અ૦ : શ્રીકૃષ્ણ! મને ક્ષમા કરો મેં બહુ અનર્થકારી કામ કર્યું છે. એક તો મેં ધર્મરાજા સામે ખડ્ગ ઉગામ્યું. પછી મેં એમનું અપમાન કર્યું.

કૃ૦ : એ જ તો સંસારની વિચિત્ર ઘટમાળ છે અર્જુન! ગઈ કાલે પાંચ બંધુઓમાંથી એક વહુ શોધી લાવ્યો, તે પાંચે ભાઈઓએ સંપ કરી વહેંચી લીધી. હમણાં વડીલ બંધુ ઉપર તેં ખડ્ગ ઉગામ્યું, ને ફરી તેં એમને તુંકારો કર્યો.

અ૦ : એટલે હું મારા આ ખડ્ગ થકી મારી જાતને હવે હણી નાખી આ શરીરનો નાશ કરીશ. આ શરીર થકી મેં ભારે મોટું પાપ કર્યું છે.

કૃ૦ : વાહ રે પાર્થ, વાહ! ધર્મરાજાને તેં તુંકારો કર્યો એમાં ફક્ત શરીર જ દોષિત હતું? તારું મન એમાં જરા પણ પરોવાએલું નહોતું? એમ હોય તો તું ભારે દંભી કહેવાય!

અ૦ : માધવ! મને ક્ષમા કરો. સંસારની આંટીઘૂંટીઓમાં મારું ચિત્ત હવે અસ્થિર થતું જાય છે. મને કશું સમજાતું નથી. મને આત્મહત્યા કરવાની અનુજ્ઞા આપો.

કૃ૦ : બરાબર છે. બાલિશ વિચારધારામાં જે ફંગોળાતા રહે એની આવી જ અવદશા થાય. તું આત્મહત્યા કરે, એની હું સંમતિ આપું! પછી કાલે કર્ણ ધર્મરાજને હણશે ને તારા બીજા ભાઇઓ રખડી પડશે. રસ્તો તો ઠીક ગ્રહણ કર્યો.

અ૦ : મહાભાગ! મેં આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો છે. હવે એ ધર્મસંકટમાંથી મને ઉગારો. મારી આત્મહત્યા થાય, અને હું બચું; બચીને કાલે કર્ણનો વધ કરું, એવો ઉપાય બતાવો.

કૃ૦ : તારે આત્મહત્યા કરવી છે, ખરું? કર. શાસ્ત્રવચન એવું છે કે મનુષ્ય પોતે જ પોતાની આત્મશ્લાઘા કરે, એ આત્મહત્યા બરાબર છે. માટે હવે તું તારા ગુણોનું ગાન કર, એટલે આપોઆપ તેં તારી જાતને હણી ગણાશે.

અ૦ : મહાપ્રભુ! આપની આજ્ઞા માથે ચડાવું છું. આ જગતમાં મહાદેવ શંભુ સિવાય મારો કોઇ બરાબરિયો નથી. હું—હું અર્જુન! ધારું તો એક ક્ષણમાં સચરાચર જગતનો સંહાર કરી નાખું. મેં દિગ્વિજયો કરી રાજ્યો જીત્યાં છે. મેં ચારે દિશામાં વિજયની પતાકા ફરકાવી છે. દુર્યોધનની અર્ધી સેનાનો તો એકલે હાથે સંહાર કરી જ નાખ્યો છે. હું અર્જુન ગાંડીવધન્વા, મારા જેવો ધનુર્ધર બીજો પાકયો નથી, પાકશે પણ નહિ, મારા નામમાત્રથી ભલભલા મહાવીરો ઉરમાં આઘાત અનુભવે છે. હવે ધર્મરાજા યુધિષ્ઠિર! આજે કાં તો રાધા અપુત્ર થશે, યા તો કુન્તી અર્જુન વિનાની થશે. મારાં કુવચનોની ક્ષમા આપો, અને યુદ્ધમાં કર્ણનો વધ કરવા આશીર્વાદ આપો.

કૃ૦ : ધર્મરાજા! હવે આપ સ્વસ્થ થાઓ અને વિશ્રામ લો.

યુ૦ : શ્રીકૃષ્ણ, જરા થોભો! અર્જુને મને જે હૃદયભેદી વચનો કહ્યાં છે, એનું મેં હમણાં જ પારાયણ કર્યું. મારે લઈને એ બધા ભાઇઓ ઘોર સંકટમાં આવી પડયા છે. મેં જ કુલનો નાશ નોતર્યો છે. એટલે હું પાપી, જુગારી, મહામૂર્ખ, આળસુ, નિર્બલ, ભીરુ, ક્રૂર માણસ હવે જીવું એ કરતાં વનમાં ચાલ્યો જાઉં તે ઠીક છે. મહાબાહુ ભીમસેન રાજા થવાને લાયક છે. મારા વિના તમે બધા સુખેથી રહેજો.

કૃ૦ : અરે ધર્મરાજ! આપે વળી આ શી નવી વાત કાઢી?

યુ૦ : અપમાન થયા પછી હવે જીવીને યે શું કામ છે? આના કરતાં તો હું કર્ણના બાણ થકી હણાયો હોત તો ઠીક થાત.

કૃ૦ : ધર્મરાજન! આ વિષચક્રનો કયાંય છેડો ખરો? અર્જુનની બાલિશ પ્રતિજ્ઞા, એમાંથી ઉગારવા મેં એને આપનું અપમાન કરવા સલાહ આપી; એના પશ્ચાત્તાપમાં અર્જુન તપાયો એટલે મેં એની પાસે આત્મશ્લાઘા કરાવી એની આત્મહત્યા કરાવી. દોષિત તો હું છું. અર્જુનને ક્ષમા આપો, હું પણ આપને પ્રણામ કરી ક્ષમા માગું છું; અને આ તકચુંગાલનો અંત આણો.

યુ૦ : વાસુદેવ! આપ મારી ક્ષમા માગો છો એ ઉચિત નથી.

કૃ૦ : ઉચિત-અનુચિતની ચર્ચા અત્યારે અસ્થાને છે. ભક્તરાજ વિદુરજીની નીતિ અનુસાર પ્રમત્ત, પ્રમાદી, ઉન્મત્ત, શ્રમિત, ક્રોધી, ભૂખ્યો, ઉતાવળો, ભીરુ, લોભી અને કામી એ દસ જણા ધર્મથી વિમુખ થઇ જાય છે. આ દસ ભાવવાળાની વિવેકશક્તિ સ્પષ્ટ હોતી નથી. માટે આ ચર્ચા અહીં બંધ કરવી એમાં શ્રેય છે.

યુ૦ : ગોવિંદ! આપની આજ્ઞા માથે ચડાવું છું.

કૃ૦ : અર્જુન! એમ ઉદાસ થયે ન ચાલે. તેં ધર્મરાજનો તારા ખડ્ગથી વધ કર્યો હોત તો તું કેટલો બધો હતાશ થઇ જાત? માટે હવે વડીલ બન્ધુનું પ્રિય કરવા કર્ણનો વધ કરી અહીં આવી એ સમાચાર એમને આપવાનું વચન આપ.

યુ૦ : એ વાત સાચી છે. કર્ણે મારાં કવચ, ધ્વજા, ધનુષ્ય બધાંનો નાશ કર્યો એ દુઃખ મારાથી ભુલાતું નથી. એથી જીવતું અકારું થઇ ગયું છે.

કૃ૦ : અર્જુન! હું રથને તૈયાર કરું છું; તું ધર્મરાજાના આશીર્વાદ લઇ આવી પહોંચ.

(અનુસંધાન પૃ. ૪૫૧)

ખુદાની રહેમ ભગવાનની કૃપા

ઇવા ડેવ

મુંબાઈ-મદ્રાસ મેઇલના ગુંટકલ સુધી જતા થ્રી ટાયરના ડબ્બામાં મારું રિઝર્વેશન ખોળી જેવો હું થોડો વ્યવસ્થિત થવા પ્રયત્ન કરતો હતો તેવામાં જાણે અચાનક હુમલો થતો હોય એમ ધડાધડ, ધબાધબ, ભડાભડ ભારે સામાન ડબ્બામાં નખાયો. ધમધમ કરતાં અંદર ધસી આવતાં સ્ત્રીપુરુષોના કોલાહલ-ભર્યા અવાજોથી હું અસ્વસ્થ બની ગયો ને બારી આગળની સીટ ઉપર બેસી ગયો. મારો અણગમો કોઈ પણ રીતે વ્યક્ત કરું તે પહેલાં એ કાફલાના પ્રવાસીઓને નિહાળીને અને એમની ભ્રષ્ટ ઉર્દૂ બોલી સાંભળી મને થોડું કુતૂહલ થયું. થોડી વારમાં મને ખયાલ આવ્યો કે હજ કરીને આવેલા ને એ જૂથનું સ્વાગત કરવા આવેલા બીજા મોટા જૂથના મુસલમાન મરદો ને ઓરતો વચ્ચે હું ભરાઈ પડ્યો હતો. થોડી મિનિટોમાં એ ડબ્બો એમના આબાલવૃદ્ધ સભ્યો-થી ભરચક બની ગયો. ત્યાં કોઈએ ડબ્બામાં ઘૂસવા પ્રયત્ન કર્યો.

'અહીં જગા નથી; મત ચડો.'

'કોઈના બાપની ગાડી છે? રસ્તો કરો.' એટલે બેચાર જણા સામટા બોલ્યા: 'આખો ડબો રીઝર્વ કર્યો છે. આગળ જાઓ.'

એ બેત્રણ જણા મારી આગળથી પસાર થતાં અંદરોઅંદર વાતચીત કરી રહ્યા: 'મેં કહેલું ને, આખો ડબ્બો મુસ્લિમોથી ભરેલો છે. લિસ્ટમાં પણ એમનાં નામ છે.'

'ગાડી ઊપડે છે. ચાલ, બીજા ડબ્બામાં ચડી જઈએ.'

ગાડી ઊપડી ત્યાં સુધી એવો હલ્લોગુલ્લો ચાલ્યો. સતત હું એ અપવાદરૂપ બીના પર આશ્ચર્યથી વિચારી રહ્યો: કેવું વિચિત્ર! હું એકમાત્ર હિંદુ એ મુસલમાન સંઘની વચ્ચે! ને કેવો હિંદુ? એક નિરાશ્રિત. હાલના પાકિસ્તાનના એક નાના ગામડામાંથી ખૂની-ઓની છરીઓ વચ્ચેથી આકાશ-પાતાળ એક કરી નાસી છૂટેલા ને હિંદના ખૂણેખૂણે આશરો શોધી સ્થિર થએલા લાખોમાંનો એક. પચ્ચીસ વર્ષ થઈ ગયાં એ ભાગલાના ખૂનખાર જંગને; ને વિધિના કોઈ અગમ્ય લસરકાના જોરે આજે હું વળી પાછો મુસલ-માન બિરાદરોની મધ્યમાં આવી પડ્યો હતો!

સ્વાભાવિકરીતે વૈર ને ધિક્કારની વૃત્તિઓ મારા મનમાં ઊઠવી જોઈતી હતી; એને બદલે સ્ફુરવા માંડી હતી સક્કર બરાજની નહેર પર આવેલા એક નાનકડા ગામની સુમધુર સ્મૃતિઓ—સં-વેદનાથી ભરેલ સંસ્મૃતિઓ. અતડું, એકલું ને ભયાવહ લાગવાને બદલે મને અહીં સાવ સ્વાભાવિક, ભર્યુંભર્યું ને ગમ્ય લાગી રહ્યું હતું. એમનો પહેરવેશ, એમની અપભ્રંશ જબાન ને એમની અદબ જાળવતી વર્તણૂક આત્મીય લાગતાં હતાં. એમ બનવું સહજ હતું, કારણ કે અમુક અંશે મારુ સંસ્કારીકરણ, બચપણ ત્યાં વીતતાં મુસ્લિમ સંસ્કૃતિમાં થયું હતું.

ચાલતી ગાડીના આંચકાઓએ મારા મનને અતીતના ઝોલે ચડાવ્યું: નાનાની મલેકગાંવમાં મોટી જમીનદારી હતી. સારી ચોપાસની વસ્તી મુસલમાનની ને એમાં મુઠ્ઠીભર હિંદુ રઇસોનાં ઘર. ઘરના આગળના ચોકમાં ખાટલો ઢાળી નાના રૂઆબભેર બેસતા. એમનો હુક્કો કોઈ મુસ્લિમ ખેડૂ તૈયાર કરી આપતો ને એની અંદરનું પાણી બદલવા હરદમ તૈયાર રહેતો. એમના હુકમો છૂટતા—માત્ર તુંકારથી, ને એ છૂટે તે પહેલાં ઝિલાઈ લેવાતા. કોઈ-કોઈ વખત નાના સિગારેટ પી લેતા. સિગારેટ પીવી એ ખેડૂતો માટે ખાનદાનીનું ચિહ્ન મનાતું. કોઈક વખત એ અરધી-પોણી સિગારેટ ખાટલાની આસપાસ બેઠેલા ખેડૂતોમાંના એકને આપી દેતા. તે ખેડૂત એને 'મુમ્મુ'ની એના પરની મોટી 'ફેવર' માનતો, ને એમની અદબ જાળવી, ઘરની બહાર જઈને, ગર્વથી કશ ખેંચતો સહુની અદેખાઈનું પાત્ર બનતો.

હવે આ લોકો ખાણાની તૈયારી કરતાં હતાં. બર્તનોના અવાજ સાંભળી જેની ઉમરની અટકળ પણ ના કરી શકાય એવા, માત્ર કરચલીઓ જ જેનો ચહેરો હતો એવા જઇફ લૅટ્રિન આગળ એમની સાદડી પાથરી નમાઝની તૈયારી કરવા લાગ્યા. એમની તૈયારી પૂરી થતાં, પાસેની પાટલીઓ પર ગુસપુસ કરી રેડિયો વગાડતા જવા-નિયાના જૂથને રેડિયો બંધ કરવા ને ચૂપ થઈ જવા એમણે હુકમ છોડ્યો. સહુએ, ભોજન પીરસતી પ્રૌઢાઓએ પણ, એમની અદબ જાળવી. એમણે હવામાં હાથ ઊંચા કરી ખુદાની બંદગી શરૂ કરી. પુરુષોએ પોતાના માથા પર રૂમાલ ઢાંકયા ને સ્ત્રીઓએ દુપટ્ટાઓ.

નમાઝ પઢી એ મારી પાસેની બેઠકની સામે આવીને બેઠા ત્યારે પિરસાએલી બિરયાનીમાંના ગોસની મુલાયમ મ્હેંક મારાં નસકોરાં ફુલાવી દીધાં. જુવાન બીબીઓની એમના પરણ્યા સાથેની પ્રેમ-ચેષ્ટાઓ, પ્રૌઢાઓની એમના શૌહરોની સરભરા ને બુઢ્ઢીઓની એમના ખાવિંદોની પ્યારભરી ખિદમત જોઈ હું મુગ્ધ બની ગયો. મને થયું કે નાતજાત, દેશવેશ, રીતરસમ વગેરે ઉપલક; માનવીના પરસ્પરના સંબંધો માત્ર સનાતન છે.

'આપ થોડું ખાણું લેશો અમારી સાથે?' જઇફે મને આમંત્ર્યો.

'નહિ જી; મેં મારું ભોજન ક્યારનું પતાવી દીધું. શુક્રિયા. આપ સહુ શરૂ કરો.' મેં સાફ, શુદ્ધ ઉર્દૂમાં જવાબ આપ્યો.

સહુની–જુવાનબીબીઓની સુધ્ધાં–નજરો મારીબાજુ મંડાઈ.

'આપ તો બહુ જ અચ્છી ઉર્દૂ બોલો છો. ક્યાંથી તશરીફ લાવો છો? લખનૌથી?' વૃદ્ધ બોલ્યા. 'નહિ જી, જલંધરથી.'

'બહુ જ સારું. બડી ખુશી થઈ આપની પહેચાનથી.'

'મને પણ.'

'આપે થોડી બિરયાની તો લેવી જ પડશે.' અને એક નાની પ્લેટમાં મારી સામે બિરયાની ખૂબ આગ્રહ સાથે ધરવામાં આવી.

'માફ કરો મને. પેટમાં બિલકુલ જગા નથી. ખૂબ શુક્રિયા.'

એમનું ખાણું પતાવી જ્યારે કેટલાકે બીડીઓ ને સિગારેટના કશ ખેંચતાં લેટવાની તૈયારી કરવા માંડી ત્યારે મેં પણ એમની કૌટુંબિક લાજમર્યાદા સાચવવા ઉપરના બર્થ પર ચડી સૂવાની તૈયારી કરવા માંડી. તે સમયે મારા મનમાં સળવળતી હતી ભાત-ભાતની મધુર સ્મૃતિઓ.

એ અતીતને ઉખેળતો હું ક્યારે તંદ્રામાં સરી પડ્યો એની મને જાણ થઈ નહિ. અચાનક મને ખૂબ ખરાબ રીતે ઢંઢોળીને જગાડવામાં આવ્યો અને ઘસડીને નીચે ઉતારી પાડવામાં આવ્યો, ત્યારે મને દહેશતભર્યો ખયાલ આવ્યો કે કોઈ અભૂતપૂર્વ બનાવ બની ગયો છે. હું સ્વસ્થ થાઉં તે પહેલાં મેં આછા પ્રકાશમાં થોડા જુવાનિયાને મોટાં મોટાં ચાકૂઓની અણીઓએ મારી જડતી લેવા તત્પર થઈ રહેલા ભાળ્યા. મને કશું સમજાતું નહોતું. મારાં ખિસ્સાં ફંફોળવામાં આવ્યાં. મારી પથારી ને સૂટકેસ પણ ફંફોસાઈ.

એક પડછંદ જુવાને દબાતા પણ ખૂબ ઉશ્કેરાટભર્યા સૂરે પૂછ્યું: 'તું કોણ છે? હિંદુ યા મુસલમાન?' એના સવાલથી પલકમાત્રમાં મને સમજાઇ ગયું કે ક્યાંક કોમી રમખાણ સળગી ઊઠ્યું હતું. મેં સામો પ્રશ્ન કર્યો: 'પણ છે શું? આમ મારી સાથે?' મારું મોં દબાવી ફરી પ્રશ્નોની ઝડી વરસી: 'ટૂંકો ને ટચ જવાબ દો, તમે પાક મુસલમાન છો કે નાપાક કાફિર?...કે એમના જાસૂસ? તમે સાફ ઉર્દૂ બોલતા બાતમીદાર છો? સમય નથી...જલ્દી...' એક પ્રૌઢે આમન્યા સાચવી.

'હું બાતમીદાર કે જાસૂસ કે સી. આઇ. ડી. નથી. હું સામાન્ય માણસ છું. પણ મને કહો તો ખરા, શું થયું છે? શાથી મને આમ પરેશાન કરવામાં આવે છે?'

ફરી પેલો પડછંદ જુવાન છંછેડાયો: 'ચાચા, એ એમ નહિ માને. રહીમ! મહેમુદ! એને પેશાબખાનામાં લઈ ચાલ.' એ લોકોની ભીષણ ભીંસમાં હું આવી ગયો. એ મને ઘસડવા માંડ્યા.

'થોભો...હું—હું હિંદુ છું, એક નિરાશ્રિત હિંદુ!'

'સા...કાફિર છે!'

ડબ્બાની દીવાલ સાથે મને દાબી દેવામાં આવ્યો. ચોપાસ પેલા દુશ્મનો વીંટાઈ વળ્યા—દાંત કચકચાવતા, ચાકુઓની તીક્ષ્ણ અણીઓ મારાં ચક્ષુ સમક્ષ ચમકાવતા, ને આંખોમાંથી કોમી ઝેરનું ખુન્નસ નીતારતા. 'કાપી નાખો એને. ટુકડા ટુકડા કરી નાખો એના.'

'એ જૂઠું બોલે છે. એ કાફિરોનો બાતમીદાર છે.'

'એટલે જ એ આ ડબ્બામાં ચડ્યો છે.'

'રહીમ, હુલાવી દે. ખત્મ–ખત્મ કરી નાખ આ ખેલ.'

'નફીસ, દૂર ખસ;' પેલા જઈફ પાસે આવતાં બોલ્યા: 'બેવકૂફો છો તમે. ખસો કહું છું.'

એમના બોલની થોડી અસર થઈ. મારા ગળા પરની પકડો ઢીલી થઈ; વીંઝાતાં ચપ્પુઓ દૂર થયાં; પણ એમાંનો એકે મારાથી દૂર થયો નહિ. વૃદ્ધ અમારી સાવ નજીક આવી પહોંચ્યા. એણે ફરી સત્તાવાહી અવાજે કહ્યું: 'સાંભળતા નથી? ખસો અહીંથી. સોંપી દો એને મને. બેવકૂફો, શું એટલું પણ સમજતા નથી, કે એ જે કોઈ હશે, એ જો જીવતો હશે તો આપણા જાન બચાવવાનો કોઈ રસ્તો રહેશે. એના ખૂનથી આપણને શું હાથ લાગશે?'

અદબનો થોડો ભંગ કરતો એક દૂધમલ જુવાન દબાતી જબાને બોલ્યો: 'એ...એ...બાતમીદાર હશે!'

એને અધવચ્ચેથી ઉડાવી દઈ એ બોલ્યો: 'તો પણ શું?'

'ઠીક છે. રહીમ, અહમદ, મહેમુદ! બીજા બધા ડબ્બામાં વેરાઈ જાવ. બારીબારણાં તપાસી લો. બધું ચૂપચાપ કરો. બચ્ચાં જાગી ના જાય. ઓરતોને બોલી દો, કોઈ ચૂં કે ચાં ન કરે. ચાકૂઓ તૈયાર રાખો. બારણાં પર સાંકળ ચડાવી દો. ઠેસીઓ નાખી દો.'

મારું લોહી થીજી રહ્યું હતું. બેશક ક્યાંક રમખાણ ફાટી નીકળ્યું હતું...કદાચ રમખાણો હોય...આ લોકોની ગભરામણ, ચિંતા ને રક્ષણની તૈયારીઓ જોતાં રેલવે લાઇનના કોઈ શહેરમાં, ગામમાં...કદાચ લાઇન આખી ભડકે બળી રહી હોય...તો તો મારો કયામતનો દિવસ સાવ પાસે હતો...મારું એ ડબ્બામાં કાસળ નીકળી જવાનું. આમાંથી બચવાનો કોઈ ઉપાય?...બાતમીદાર ...હું...હા, જો બચી જવાય...ના, ના, આ લોકો મને નહિ છોડે...મારે પણ એમની સાથે વધેરાયે છૂટકો...ના, આ જઈફે એ જ કહ્યું હતું ને? હું જીવું તો કદાચ એ જીવે...! પણ એ બધા મરે તો મારું મોત પણ નિશ્ચિત...જેમ નાનીનું પચ્ચીસ વર્ષ પહેલાં થએલું તેમ...નાનીનું શબ! કાતરેલું, કપાએલું, કાને, નાકે, ગળે ને હાથે વિચ્છેદ પામેલું...એની જર્જરિત છાતીમાં કુહાડીના ઊંડા જખ્મ સાથે! ભાગલાના સમયે કારમાં પીડાકારક ને દુઃશમણાં રમખાણોમાંથી વાળ વાળ બચી ગએલો હું આજે હિંદુસ્તાનની સાવ મધ્યમાં, ટ્રેઇનમાં, અણજાણ ખપી જઈશ. વ્હાલસોઈ પત્ની, વ્હાલુડાં બાળકો મોં જોવા નહિ પામે.

એકદમ ગાડીના એંજિને ચીસાચીસ કરી મૂકી. બ્રેકના આંચકા લેતી ગાડી અટકવા લાગી. ચોક્કસપણે સાંકળ ખેંચી ગાડીને અધવચ્ચે ક્યાંક થોભાવી દેવામાં આવી હતી. એક સેકંડમાં ડબ્બામાં તંગદિલી ફરી વળી. એકાદ બે ઓરતો જાગીને જોરથી પૂછી ઊઠી: 'શું છે? કેમ ગાડી ઊભી રહી?'

'ચૂપ! રહીમ, ચૂપ કરી દે બધાંને!'

ભયંકર ચૂપકીદી છવાઇ ગઈ. મારી પાસે પેલો પડછંદ જુવાન આવવા લાગ્યો. વૃદ્ધે એના શરીરની ઢાલ બનાવી કહ્યું: 'બેટા, તું તારું સમાલ. હું આને સમાલીશ.' એ સાંભળી જુવાનિયાઓ કચવાટ પ્રદર્શિત કરવા માંડ્યા.

ગાડીની આસપાસ ઘોંઘાટ થઇ રહ્યો. દોડતા માણસોનાં પગલાંના અવાજો, એમની બૂમો સંભળાવા માંડ્યાં. જાણે આખી ટ્રેઇન ઘેરાઇ ગઈ ના હોય! થોડી વારમાં તરડોમાંથી મશાલોનો હાલતોચાલતો પ્રકાશ દેખાયો, ને તે સાથે ડબ્બાની બારીઓ, બારણાં ને દીવાલો પર ભાતભાતનાં સાધનોથી પ્રહારો થવા માંડ્યા. બહાર થતી હિલચાલ પરથી લાગ્યું કે ટોળું વધતું હતું

'દરવાજો ખોલો! સળગાવી દઈશું તમને! અહીં બધાં મુસ્લિમો છે; અમને બાતમી મળી ગઈ છે.' એક બુલંદ અવાજ ગાજ્યો.

એટલા જ પહાડી અવાજે પેલો પડછંદ જુવાન ગાજ્યો : 'અમારી સાથે પણ એક હિંદુ કુટુંબ છે. એને અમે રહેંસી નાખીશું.'

ક્ષણાર્ધ બહાર શાંતિ પ્રસરી ગઈ. પછી પાછો કોલાહલ થવા માંડ્યો. 'બહાર લાવો એને.' તરત વૃદ્ધ બોલ્યો : 'નફીસ, અમને બહાર ધકેલી બંધ કરી દે દરવાજો. આંધળિયું ના કરતો. ખુદાતાલા બધું સમાલશે.'

અમને બહાર ધકેલી દેવામાં આવ્યા. થોડી વાર માટે મારી આંખો છાયાપ્રકાશથી અંજાઈ ગઈ. સ્વસ્થ થાઉં તે પહેલાં મેં એક નફીસ કરતાં પણ વધારે પડછંદ ભગવાંધારીને લોહિયાળ તલવાર સાથે અમારી ઉપર ઝઝૂમી રહેલો જોયો.

'થોભો...થો...ભો...!'

'તું કોણ છે?' એ ગર્જ્યો. 'હું...હું કોણ?' હું થોથવાયો.

'જલ્દી કર, તું કોણ છે?' 'હું હિંદુ છું.'

'હિંદુ છે? બ્રાહ્મણ છે? બોલ, ગાયત્રીમંત્રનો જપ આવડે છે? કોઈ ગીતાનો શ્લોક...બોલ...કોઈ પણ શ્લોક...!'

ઓહ! કેવી વિષમતા! નહોતી આવડતી મને કુરાનની આયત કે નહોતો આવડતો ગીતાનો કોઈ શ્લોક! જાણે હું મુસલમાન નહોતો કે નહોતો હિંદુ. હું કોણ હતો? મારું માથું ભમવા માંડ્યું. મુસલમાનોના હાથથી વધેરાતાં બચેલો હું હિંદુની તલવારનો ભોગ બની રહ્યો હતો. ટોળાની અધીરાઈ વધી રહી હતી. હું ગભરાયો.

મેં જોરથી બૂમ મારી કહ્યું : 'હું હિંદુ નિરાશ્રિત છું, હું મલેકગાંવનો વતની હતો.' ત્યાં બે માણસો હાંફતા દોડતા આવ્યા, ને હથિયારો વીંઝતા બોલ્યા : 'ખોટી વાત! આ ડબ્બામાં કોઈ હિંદુ નથી. ખલાસ કરી નાખો બધાને. અમે જાતે બાતમી મેળવી છે.'

'શાં...તિ...' પેલાનો સત્તાવાહી હુકમ ગાજ્યો.

જઈફે જોરથી બૂમ મારી : 'હું હજ કરી આવ્યો છું... ખુદાની કસમ, આ હિંદુ છે.'

મેં પણ મારી વીનવણી ચાલુ રાખી : 'ભગવાનની ખાતર બંધ કરો આ ખૂનામરકી. આ વૃદ્ધે મારો જાન બચાવ્યો છે. મારી પત્નીનો, મારાં માસૂમ બાળકોનો...' મારાથી જૂઠું બોલાઈ ગયું.

વીજળી વેગે પેલા સાધુએ એની લોહિયાળ તલવારે મારા પાયજામાને ચીરી નાખ્યો...

'હા. હા...હિંદુ છે.' આગળ ઊભેલા પોકારી ઊઠ્યા.

'સાંભળો સાંભળો! આ વૃદ્ધે મારો જાન બચાવ્યો છે. શું એટલું બસ નથી?'

'ના, ના... કાપી નાખો! એક હિંદુ ને એક કુટુંબ...આપી દો બલિદાન...સળગાવી...દો...'

ત્યાં તો એકાએક અંધારાને ચીરતી સાયરન વાન વેગથી ટ્રેઈન તરફ આવી રહી. એની તીણી ચીસો પણ.

'ભા...ગો... પોલીસપાર્ટી...મિલિટરી...!'

એક આશાનો ઝબકારો થયો. અમારા પર એકસાથે હથિયારોનો, પથ્થરોનો મારો થયો. મેં ઝડપથી વૃદ્ધને ઢાંકી જમીન પર પડતું મૂક્યું. કાને પડી રહ્યા હતા સાયરનના તીક્ષ્ણ અવાજો, જીપના ખડખડાટો, ધડાધડ પડતા પદાર્થો ને માણસોની નાસભાગ. જઈફના ત્રુટક શબ્દો મારે કાને પડ્યા : 'ખુદાતાલાની રહેમ!'

હું પણ બબડી ઊઠ્યો : 'ભલા ભગવાનની કૃપા!' □

અનુસંધાન] **લીઓનાર્દો દ વિંચી** [પૃ. ૪૨૨થી

સ્ત્રીઓ, લેણિયાતો કે અન્ય રોમાંચક અનુભવો એના જીવનમાં દેખાતા નથી. એનું સમગ્ર લક્ષ સતત જ્ઞાનાર્જન અને સંશોધનોમાં જ રત રહ્યું. એની સર્વ ક્ષેત્રવ્યાપી પ્રતિભામાં ચિત્રાંકન તો એક પાસું જ ગણાય; પણ એની ચિત્રમય નોંધ પરથી કહી શકાય કે અન્ય ક્ષેત્રો કરતાં એ ચિત્રકાર્યમાં વધુ ઉત્કૃષ્ટ હતો.

પરંતુ એ એક આશ્ચર્ય છે કે આટલી બધી બાબતોમાં રસ લઈ એની નોંધ કરનાર લીઓનાર્દોએ પોતાના સમયમાં બનેલા સાંસ્કૃતિક ઇતિહાસના બે બહુ અગત્યના બનાવો વિષે ક્યાંય કશું નોંધ્યું નથી. એક તે અમેરિકાની શોધ. અમેરિગો વાસ્પુચી જેવાની ઓળખાણ છતાં પણ એ આ અંગે કેમ ચૂપ હશે તે રહસ્ય છે. બીજી બાબત તે છાપકામના યંત્રની શોધ. સેંકડો યાંત્રિક કળનુસખા અજમાવનાર ને શોધનાર લીઓનાર્દોએ આ દિશામાં કંઇ જ નોંધ્યું નથી.

આમ એનું સમગ્ર જીવન એક રીતે તો કોયડા જેવું જ રહ્યું. આટલી પ્રખર પ્રતિભા છતાં એણે આદરેલાં મોટા ભાગનાં કાર્યો અધૂરાં જ રહ્યાં. એના યંત્રકૌશલનો ભાગ્યે જ કોઇએ લાભ લીધો. એની શક્તિઓનો ઉપયોગ કરવાને બદલે તત્કાલીન કર્તાહર્તાઓ એની પાસે સમારંભો ને થોડાં ચિત્રો કરાવવા સિવાય વિશેષ કંઈ કરી શક્યા નહિ. કદાચ પોતાના યુગથી એ ઘણો આગળ હતો એટલે જ એમ થયું હશે. ગમે તેમ, સમગ્ર માનવ-ઇતિહાસમાં આવી સર્વતોભદ્ર પ્રતિભા એ એક માત્ર લીઓનાર્દો જ છે.

વૃદ્ધાવસ્થાને આરે પહોંચેલા એને મૃત્યુની ઝાંખી કદાચ થઈ ગઇ હતી. ઇ. ૧૫૧૯ના એપ્રિલમાં એણે પોતાનું વસિયતનામું લખાવ્યું, અને બીજે જ મહિને, મેની ૨જી તારીખે એનું અવસાન થયું. જ્યાં એને દફનાવેલો એ સેઇન્ટ ફ્લૉરેન્ટાઇનનું દેવળ સોળમી સદીની લડાઇમાં નાશ પામતાં એ પછી છેક ઇ. ૧૮૬૩માં એની કબરની શોધ ચાલેલી, પણ કંઇ પરિણામ આવ્યું નહિ. એ મર્યો ત્યારે કોઇ જાણતું નહોતું કે જગતની એક મહા પ્રતિભા વિલય પામી છે. છતાં એના એક શિષ્ય ફ્રાંસિસ્કો મેલ્ઝીએ સાચું જ નોંધ્યું છે કે, 'આવા માણસની ખોટ દરેકને દુઃખ આપે છે, કારણ કે એના જેવું બીજું સર્જન કુદરત કદી કરી શકશે નહિ.' ને એના આશ્રયદાતા રાજા ફ્રાંસિસે પણ સાચું જ કહેલું કે, 'લીઓનાર્દો જેટલું જ્ઞાન ધરાવનાર અન્ય કોઈ આખી પૃથ્વી પર પાક્યો નથી. □

આદ્ય રામાયણ

ડૉ. હસમુખ ધી. સાંકળિયા

વડોદરાથી પ્રકટ થતી રામાયણની સંપાદિત કે સમીક્ષક આવૃત્તિનો વિવિધ દૃષ્ટિએ—પુરાતત્ત્વીય, ભૌગોલિક, વનસ્પતિશાસ્ત્ર અને જાતિવિજ્ઞાનશાસ્ત્રની દૃષ્ટિએ – અભ્યાસ કર્યા પછી મને સ્પષ્ટ લાગે છે કે આ આવૃત્તિ જોકે 'વાલ્મીકિ રામાયણ' કહેવાય છે, છતાં તે આદ્ય રામાયણ કે અસલ વાલ્મીકિ રામાયણ કરતાં બહુ જુદી જ છે. (આવો અભિપ્રાય મહાભારતની સંપાદિત આવૃત્તિ માટે સ્વર્ગસ્થ ડૉ. વિષ્ણુ સદાશિવ સુકથનકરે તો આજથી ૪૦ વર્ષ ઉપર આપ્યો હતો.) રામાયણની આ સંપાદિત આવૃત્તિનો કાળ ઈ. સ. ના ૪–૫ શતકથી ઈ. સ. ૧૦મા શતક સુધીમાં ગણાવી શકાય. આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી; કારણ કે હમણાં ઉપલબ્ધ હસ્તલિખિત પોથીઓમાં સૌથી જૂનામાં જૂની પોથી ઈ. સ. ૧૦૨૫ની છે; એટલે એ સમય સુધી આ આવૃત્તિમાં ઉમેરો થઈ શકે એમ હતું.

આ વિષય પર અંગ્રેજીમાં એક બૃહદ નિબંધ તૈયાર થઈ રહ્યો છે ને ગુજરાતીમાં એક નાનો નિબંધ છપાઈ રહ્યો છે, એટલે અહીં તો બહુ ટૂંકમાં આદ્ય રામાયણની કથા, એનો કાળ, અને જે પ્રદેશમાં એના પ્રસંગો બનવા પામ્યા તે, તથા પછી એમાં ફુગાવો કે ઉમેરો ક્યારે ક્યારે થયો તેનો થોડોક ખ્યાલ આપીશ.

ભારતમાં પ્રચલિત માન્યતા પ્રમાણે રામાયણ – મહાભારત અને પુરાણો હજારો વર્ષ જૂનાં છે, એટલું જ નહિ પણ કેટલા યે વિદ્વાનો હજુ પણ માને છે કે આમાં વર્ણવેલી બધી જ ઘટનાઓ ઐતિહાસિક છે. આથી ઊલટું, જ્યારે લગભગ સો એક વર્ષ પર રામાયણનો ચિકિત્સક અભ્યાસ જર્મનીમાં શરૂ થયો ત્યાર પછી વિદ્વાનોએ રામાયણનો સાહિત્ય, ભાષાશાસ્ત્ર અને સંસ્કૃતિની દૃષ્ટિએ અભ્યાસ કરતાં કેટલા યે વિદ્વાનોને લાગવા માંડ્યું કે રામાયણમાં આવતી બધી ઘટનાઓ સત્ય નથી, તેમ એક કાળની યે નથી. આ પ્રકારના નાનામોટા લેખો ને પુસ્તકોની સંખ્યા એક હજાર સુધી જાય છે! આમ છતાં એ સૌમાં પુરાતત્ત્વની દૃષ્ટિએ અભ્યાસ નહિ જેવો જ થયો છે, અને તેથી આદ્ય રામાયણનો કાળ ને તેમાં સમયે સમયે થએલા ફુગાવાનો કાળ નિશ્ચિત કરી શકાયો નથી.

પુરાતત્ત્વની દૃષ્ટિએ તપાસતાં રામાયણની જે જે હમણાં આવૃત્તિઓ અસ્તિત્વમાં છે તે બધી પ્રારંભિક લોહયુગની છે, કારણ કે જ્યાં જ્યાં યુદ્ધનાં વર્ણનો આવે છે તે બધાંમાં તલવાર, ભાલા અને બાણનાં પાનાં અને ટોચો કાલાયમ, કાલાયસ અથવા સાદા અયસ (લોહ)થી બનાવેલા વર્ણવવામાં આવ્યા છે. (દા. ત. અયોધ્યાકાંડ ૨–૩૫–૨૦. અને અહીં અયસ એટલે તાંબું નહિ પણ લોઢું જ માનવું રહ્યું, કેમ કે એ જ અયોધ્યાકાંડમાં કૈકયીના હૃદયને 'અયસ' સાથે સરખાવ્યું છે. અને લોહ જ કઠણ હોય છે, તાંબું નહિ. બીજું, જનકરાજાએ જે પેટીમાં રુદ્રનું ધનુષ રાખ્યું હતું, તે લોઢાની, આઠ પૈડાંવાળી પેટી હતી. લોઢાની આવી પેટી ત્યારે જ બનાવવાનું શક્ય થાય કે જ્યારે લોઢું ગાળવાનું ને એમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાનું જ્ઞાન પ્રાપ્ત હોય. આવું જ્ઞાન, પુરાતત્ત્વ પ્રમાણે, ભારતમાં ઈ. પૂર્વે ૪૦૦ પહેલાં ન હતું. અહીં એનો પણ નિર્દેશ કરવાની જરૂર છે કે જગતમાં લોઢું ગાળવાનું અને એમાંથી આયુધો અને ઓજારો બનાવવાનું જ્ઞાન સૌથી પહેલાં તુર્કી–પૅલેસ્ટાઈનમાં ઈ. પૂર્વે ૧૨૦૦ની આસપાસ થયું હતું.


વળી રામાયણમાં એકલાં સીતાને જ કૌશેયનાં (રેશમી) વસ્ત્ર ધારણ કરેલાં વર્ણવવામાં આવ્યાં છે. (સંપાદિત આવૃત્તિ: અયોધ્યાકાંડ ૨–૩૩–૯–૧૨.) કૌશેય–એટલે કુશેટામાંથી બનાવેલું કાપડ—સૌથી પહેલાં ચીનમાં ઈ. સ. પૂર્વે બીજા શતકમાં બનવા લાગ્યું, અને ત્યારથી એની ભારત, રોમ, ઇત્યાદિ પરદેશોમાં નિર્યાત થવા લાગી. જે ખુશ્કી માર્ગે આ નિર્યાત થતી તે માર્ગ ભારતની ઉત્તરેથી મધ્ય એશિયામાં થઈને જતો, અને 'રેશમ માર્ગ'–Silk Route–તરીકે ઇતિહાસમાં જાણીતો છે. એટલે રામાયણમાં પ્રારંભથી અંત સુધી જ્યાં જ્યાં કૌશેયના ઉલ્લેખો આવે છે, તે બધા આ સમય પછીના છે એમ માનવું રહ્યું.

આવો જ નિષ્કર્ષ જે નામ-અંકિત વીંટી રામે પહેરી હતી અને જે એમણે સીતા સાથે ઓળખાણને માટે હનુમાનને આપી હતી, તેના ઇતિહાસ પરથી કાઢી શકાય. (કિષ્કિંધાકાંડ ૪–૪૩–૧૧.) ભારતમાં હાથમાં પહેરવાની વીંટીઓ ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી મળવા લાગે છે. (ચિત્ર ૧) આ સમયથી ઈ. સ. ની શરૂઆત સુધી એ બધી સાદી, ગોળાકાર જ હોય છે. એના પર નામ લખવાની સપાટ જગ્યા જોવામાં આવતી નથી. નામ-અંકિત વીંટીઓ સૌથી પહેલી જ વાર યુનાની (ઈન્ડો ગ્રીક) રાજાઓએ ભારતમાં દાખલ કરી. આમ હોવાથી નામાંકિત વીંટીનો પ્રસંગ જે રામાયણની કથામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે, તે ઈ. સ.-ની શરૂઆતમાં જ રામાયણમાં ઉમેરવામાં આવ્યો હોઈ શકે.

લંકામાં ફરતાં અને જુદી જુદી ચીજોનું નિરીક્ષણ કરતાં હનુમાને પુષ્પક વિમાનના એક ભાગમાં લક્ષ્મી દેવીને અભિષેક કરતા હાથીઓનું શિલ્પ જોયાનો ઉલ્લેખ છે. (સુંદરકાંડ ૬–૧૪) હવે આવાં લક્ષ્મી દેવીનાં શિલ્પો ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાથી ભારતમાં સાંચી–ભારહુત સ્તૂપોના સ્થાપત્યમાં, અને કૌશામ્બીનાં ખોદકામમાંથી મળેલી પકવેલી માટીની તખ્તીઓમાં કોરેલાં જોવામાં આવે છે. (જુઓ ચિત્ર) એટલે રામાયણમાં વર્ણવેલું શિલ્પ આ જ સમય કે એથી પણ પછીના સમયનું હોવું જોઈએ.

આવા અનુમાનને પુષ્ટિ આપતો બીજો પુરાવો રામાયણમાં જ મળે છે. લક્ષ્મીદેવીના શિલ્પ ઉપરાંત હનુમાને પ્રાસાદો, વેશ્મો આદિ પર ઇહામૃગ–હાથી અને હરણ–નાં શિલ્પ પણ જોયાનું જણાવ્યું છે. આવાં ઇહામૃગનાં શિલ્પ સૌથી પહેલી જ વાર નાસિક પાસેની સાતવાહન કાળમાં કોરી કાઢેલી ગુફાઓમાં જોવામાં આવે છે.





હનુમાને લંકામાં વિશિષ્ટ કલાકૌશલનું નિરીક્ષણ કરતા પુષ્પક વિમાનના એક ભાગમાં લક્ષ્મીને અભિષેક કરતા હાથીનું શિલ્પાંકન જોયાનો રામાયણના સુંદરકાંડમાં ઉલ્લેખ છે. લક્ષ્મીનું આવું આ એક શિલ્પ (ઉપર) સાંચીના સ્તૂપ પર પણ છે. ઈ. પૂર્વે ત્રીજા સૈકાથી ભારતમાં સાંચી-ભારહુતનાં સ્તૂપો પર ને કૌશામ્બીના ખોદકામમાંથી મળેલી પકવેલી માટીની તગતીઓમાંયે તે જોવા મળે છે. આ પરથી રામાયણમાં વર્ણવેલું શિલ્પ આ જ કે એ પછીના સમયનું કલ્પી શકાય. (જમણી બાજુ) ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી ઈ. સ.ની શરૂઆત સુધીની વીંટીઓ. તેમાં નં. ૧ થી ૫ ઈ. સ. પૂર્વે ૨૫૦૦થી ઈ. સ. પૂર્વે ૧૭૫૦ દરમિયાનની સિંધુ કે હડપ્પા સંસ્કૃતિના કાળની; નં. ૬ થી ૯ ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૪૦૦ દરમિયાનના આદિ ઇતિહાસ-કાળની; નં. ૧૦ મધ્યપ્રદેશમાં બીના નદીના તીરે એરણ નામના સ્થળે થએલા ખોદકામમાંથી મળેલી ઈ. સ. પૂર્વે ૩૦૦ના સમયની તથા નં. ૧૧ થી ૧૩ ઈ. સ. પૂર્વે ૧૦૦ થી ઈ. સ.ના આરંભકાળની યુનાની (ઈન્ડો-ગ્રીક) કાળની વીંટીઓ દર્શાવી છે. રામાયણના કિષ્કિંધાકાંડમાં હનુમાને સીતાને રામના નામવાળી વીંટી બતાવી પોતાની ઓળખ આપ્યાનો ઉલ્લેખ છે. આવી નામ-અંકિત વીંટી ભારતમાં સૌપહેલી યુનાની રાજાઓએ દાખલ કરી હતી. રામાયણમાં નામ-અંકિત વીંટીનો ઉલ્લેખ ઈ. સ.ના આરંભમાં ઉમેરાયો હશે તેમ માનવાને આથી કારણ મળે છે.

આના પરથી આપણે અનુમાન કરીએ કે રામાયણનાં વર્ણવેલાં ઇહામૃગનાં દૃશ્યો ઈશુના પછીના સમયનાં જ હોવાં જોઈએ.


કિષ્કિન્ધાકાંડ અને સુંદરકાંડના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે કવિઓએ એમાં જે કાલ્પનિક નગરોનું વર્ણન આપ્યું છે તે એ સમયનાં – ઈશુની શરૂઆતના સમયનાં પાટલીપુત્ર, કૌશાંબી, ઉજ્જૈન વગેરે જેવું છે. આના અભ્યાસ પરથી સ્પષ્ટ લાગે છે કે કવિને દક્ષિણ ભારતનો લેશ પણ ખયાલ ન હતો; નહિ તો આવાં વર્ણનો આપે નહિ.


વળી એક વધુ પુરાવો પણ છે: રામાયણમાં જે મરણોત્તર ક્રિયાઓ વર્ણવી છે તેમાં શબને અગ્નિદાહ આપવાનો રિવાજ વધારે પ્રચલિત લાગે છે. વાલીના અગ્નિદાહનું વર્ણન વાંચતાં તો આપણને એમ જ થાય કે આપણે એક આર્ય વ્યક્તિનો અગ્નિદાહ જોઈ રહ્યા છીએ, અને નહિ કે વનવાસી અનાર્ય જાતિની કોઈ વ્યક્તિનો! રાવણનો અગ્નિદાહ પણ આવી જ રીતે થયો હતો, પણ તે બહુ ટૂંકમાં વર્ણવ્યો છે. આમ રામાયણમાં અગ્નિદાહ એક પ્રચલિત રિવાજ જોવામાં આવે છે. ત્યારે ભારતનાં છેલ્લાં પચ્ચીસ વર્ષનાં પુરાતત્ત્વીય ખોદકામે બતાવ્યું છે કે આખા દક્ષિણ ભારતમાં જ નહિ, પણ પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત (ઉત્તર અને સૌરાષ્ટ્ર) સિંધ, પંજાબ અને કાશ્મીરમાં શબને દાટવાનો—ઘણા સ્થળે તો ઘરમાં જ —રિવાજ હતો. દક્ષિણમાં તો ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ઈશુની શરૂઆત સુધી જ્યાં શબ અથવા એનાં હાડકાંઓ દાટતાં ત્યાં મોટી પ્રચંડ શિલાઓથી ટેકરા બનાવતા. આવા, જમીનની અંદર કે ઉપર શબ-પેટીમાં દાટેલાં કે રાખેલાં, માનવનાં હાડકાંની ઉપર બનાવેલા ટેકરા કર્ણાટક, આંધ્ર, તમિલનાડુ અને કેરલમાં કેટલાંક સ્થળે મળી આવ્યા છે. આવાં શિલા-શબસ્થાનોની રામાયણના રચનારને ગંધ પણ આવી લાગતી નથી. તેથી કહેવું જ રહ્યું કે એમને દક્ષિણ ભારતના રીત-રિવાજોનો સહેજ પણ ખયાલ ન હતો.

આમ છતાં જ્યારે અયોધ્યાકાંડમાં કોઈ વાર અને સુંદરકાંડમાં વારંવાર ઊંચાં ઊંચાં ગોપુરોનો ઉલ્લેખ આવે ત્યારે માનવું રહ્યું કે આ વર્ણનો બહુ પાછળથી ઉમેરાયાં છે, કારણ કે 'ગોપુર', 'શિખર' ઇત્યાદિ શબ્દો જોતાં તેમજ મંદિરના એક મુખ્ય ભાગ તરીકેનો ઇતિહાસ જોતાં આવાં ઉચ્ચ શિખરો અને ગોપુરોવાળાં મંદિરો દક્ષિણ ભારતમાં સાતમા સૈકા પછી જ જોવામાં આવે છે.

રામાયણુની સંપાદિત આવૃત્તિમાં પણ અયોધ્યાકાંડમાં ભરદ્વાજ મુનિના આશ્રમમાં ભારતના સૈનિકોએ માંસ, મદિરા અને મદિરાક્ષીઓનો જે યથેચ્છ ઉપભોગ કર્યો તે બહુ વિસ્તારથી વર્ણવ્યું છે, (અયોધ્યાકાંડ ૨, ૫૯, ૧૦–૧૨) અને આ ભાગ સંપાદકે કાઢી નાખ્યો નથી, એ કે સીતાએ કાલિન્દી પાર કરતાં એ નદીને ૧૦૦ સુરાના ઘટો અર્પણ કરવાની જે બાધા લીધી હતી તે વર્ણવતા શ્લોકો કાઢી નાખ્યા છે. ખરી રીતે મદિરાપાનનાં આવાં જે વર્ણનો આવે છે તે એવા સમયનાં સૂચક છે કે જ્યારે આપણા (ભારતના) ધીકતા પરદેશી વ્યાપારને લીધે રોમ અને રોમન સામ્રાજ્યમાંથી દારૂ અને સુંદર સ્ત્રીઓની ભારતમાં આયાત થતી. અત્યાર સુધી આના ઉલ્લેખો એ સમયના (ઈ. સ. ના બીજા–ત્રીજા સૈકાના) રોમન લેખકોની નોંધપોથીમાં જ જોવા મળતા. પરંતુ હવે આખા ભારતમાંથી – પોંડિચેરી, નાગાર્જુનકોંડા (આંધ્ર), નેવાસા, કોલ્હાપુર (મહારાષ્ટ્ર), દ્વારકા, સોમનાથ, દેવની-મોરી (ગુજરાત), ઉજ્જૈન (મધ્યપ્રદેશ) અને તક્ષશિલામાંથી રોમન એમ્ફોરા–એક વિશિષ્ટ પ્રકારની માટીથી બનાવેલાં (અતિશય મોટાં, લગભગ ત્રણ ફૂટ ઊંચાઈવાળાં બે ફૂટના ઘેરાવાવાળાં અને બે હાથાવાળાં દારૂ અથવા ઓલીવનું તેલ ભરવાનાં વાસણો) મળ્યાં છે. ભારતમાં મળતાં આવાં વાસણો દારૂ ભરવાને જ માટે હતાં એમ એની અંદર જે સુકાએલી દ્રાક્ષ અને મદ્યના થરો રહ્યા હતા તેની રાસાયનિક પરીક્ષાથી પુરવાર થયું છે. એટલે આવા ધીકતા વ્યાપારને લીધે રોમન દારૂ રાજાઓનાં અંતઃપુરમાં અને અન્ય ખાસ પ્રસંગે વપરાતો એમાં શંકા નથી. આમ સૂકા થઈ ગએલા દારૂનું અસ્તિત્વ તો પુરવાર થયું છે, પણ સુંદર સ્ત્રીઓનું અસ્તિત્વ આમ પુરવાર થઈ શકે એમ નથી. એનો તો ભારતી-

(નીચે) પુરાતત્ત્વ, ભૂગોળ ને વનસ્પતિશાસ્ત્રની મદદથી આદ્યલંકાનું સ્થાન દર્શાવતો નકશો. ◖રામાયણમાં સાલ વૃક્ષના ઉલ્લેખોનું પણ મહત્ત્વ છે. આ સાલનાં જંગલો આજે પણ અમરકંટક ને છોટાઉદેપુરના પઠાર ભાગમાં [illegible]; પણ અન્યત્ર ક્યાંય મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તમિલનાડુ કે શ્રી લંકામાં એ ઊગતાં નથી. ભારતમાં આ સાલવનનો વિસ્તાર (નકશામાં જમણી બાજુ નીચે) જોતાં નિર્વિવાદ કહી શકાય કે આદ્ય રામાયણનો અતિ મહત્ત્વનો ભાગ આ પ્રદેશમાં જ ભજવાયો હશે.





ઓના લોહીમાં પ્રવેશ થઈ ગયો છે. ગમે તેમ હો, સુરાપાનના આવા ઉલ્લેખો આપણા બિનતારીખી પ્રાચીન સાહિત્યનો સમય નક્કી કરવાને ઉપયોગી થઈ પડે છે.

આ ભાગના અંતમાં એટલું પણ જણાવવું જોઇએ કે રામાયણની જે આવૃત્તિઓમાં પંચાંગની જે જે વિગતો આપણને મળે છે – જેવી કે રામનો જન્મ ચૈત્ર સુદ નવમીએ, ઇત્યાદિ – તે આવૃત્તિઓ બહુ જૂની નથી બલ્કે ઈ. સ. ના પાંચમા સૈકા પહેલાંની નથી; કારણ કે પંચાંગની જે વિગતો ઋતુ, તિથિ, માસ, દિન– તેનો સૌથી પહેલો ઉલ્લેખ ઈ.સ. ૪૮૪ના શિલાલેખમાં મળે છે. એની પહેલાં ઋતુ, નક્ષત્ર અને તિથિનો જ ઉલ્લેખ મળે છે. આથી રામજન્મને લગતી વિગતો આપતા શ્લોકો સંપાદિત આવૃત્તિમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

આમ, પુરાતત્ત્વની દૃષ્ટિએ, રામાયણની સંપાદિત આવૃત્તિ, અને બીજી અન્ય આવૃત્તિઓ ઈશુના પાંચમા સૈકાના અને એ પછીના સમયની છે. આ રામાયણના કર્તાને દક્ષિણ ભારતનું જ્ઞાન ન હતું. અને આથી જ અસલ લંકા સિલોન – હમણાંની શ્રીલંકા – હોવાનું શક્ય જ નથી. આ રામાયણમાં જે સંસ્કૃતિ અને જીવન આલેખેલું છે, તે પૂર્વ–ઉત્તર ભારતનું છે, અને તે પણ ઈ. સ. પૂર્વે પહેલા-બીજા શતકથી ઈ. સ. ના પાંચમા શતક સુધીનું.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે આદ્ય (અસલ) રામાયણનું કથાવસ્તુ – એનાં પાત્રો, સ્થળો, પ્રસંગો–બધું જ કાલ્પનિક છે? આના જવાબમાં કહેવાનું કે આવા પ્રશ્નોના ઉત્તર માટે હમણાંના રામાયણમાં જ છૂટી-છવાઇ–clues–એંધાણીઓ પડી છે. આ એંધાણીઓ આપણે પુરાતત્ત્વ, ભૂગોળ અને વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ તપાસીએ તો આપણે કહી શકીએ કે રામાયણની આદ્ય કથા હાલના છોટાનાગપુર તરીકે જાણીતા પ્રદેશમાં બનવા પામી હશે. આ પ્રદેશ એટલે ઉત્તરપ્રદેશ અને બિહારનો દક્ષિણ ભાગ, મધ્યપ્રદેશનો પૂર્વ ભાગ અને ઓરીસા તથા પશ્ચિમ બંગાળનો પૂર્વ ભાગ. આદ્ય કથાના વિવિધ પ્રસંગો વહેલામાં વહેલા ઇ. સ. પૂર્વે ૧૫૦૦ની આસપાસ થયા હોવાનો સંભવ છે.

હજુ સુધી આ પાંચે રાજ્યોમાં – ખાસ કરીને રામાયણની કથા સાથે બહુ જ ગાઢ રીતે સંકળાએલાં સ્થળો જેવાં કે અયોધ્યા, મિથિલા, વૈશાલિમાં મોટા પાયા પર ખોદકામ થયું નથી; પણ અયોધ્યાના કેટલાયે ટીંબા (ટેકરા) જોયા પછી અને ત્યાંથી પ્રાચીન ઠીકરાં શોધાયા પછી, તેમજ જે ખોદકામ બિહારમાં ચિરાન્દ અને પશ્ચિમ બંગાળમાં રાજારધિપિ તથા મહિષદળમાં થયું છે તેના અભ્યાસ પરથી કહી શકાય કે સંસ્કૃતિના વિકાસના પ્રારંભમાં અહીં પણ વાંસ કે ઝાડનાં નાનાં મોટાં થડો અને માટીથી બનાવેલાં ગોળ અથવા ચોરસ લંબચોરસ ઘરો હશે, જેવાં અમને મધ્યપ્રદેશમાં નાવડાટોળી અને મહારાષ્ટ્રમાં પુના પાસે ઇનામગામમાં પ્રાપ્ત થયાં છે.

આ પ્રદેશના રહેવાસીઓનો તે વખતે મુખ્ય ખોરાક ભાત હતો અને માંસાહારમાં ઘેટાં–બકરાં, કેટલી યે જાતનાં હરણો, ડુક્કર અને માછલાં હતાં. ઓજારો અને આયુધો પ્રારંભમાં પથ્થરનાં અને ત્યાર બાદ પથ્થર તથા તાંબાનાં હતાં. મરણોત્તર ક્રિયામાં શબને ઘરની અંદર જ ખાડો કરીને દાટવામાં આવતું. ખાવાપીવા અને સંગ્રહ કરવાને માટીનાં વાસણો વપરાતાં. આવી સંસ્કૃતિની પછી જે એક સંસ્કૃતિ ઉદ્‌ભવી તેમાં બહુ જ મોટાં અને ભારે તાંબા કે કાંસા(?)નાં આયુધો – તલવાર, ભાલાનાં પાનાં વગેરે તેમજ માછલાંના શિકાર કરવાને horpoon (ગલો) અને ઓજારોમાં કુહાડી વપરાતાં. આ સંસ્કૃતિનાં ઘરો કેવાં હતાં તે હજુ જાણવા મળ્યું નથી. વાસણોમાં કેટલાં યે લાલ માટીનાં અને બહારથી કાળા રંગથી વિભૂષિત થએલાં હતાં.

આ પછી રાજારધિપિ, મહિષદળ અને ચિરાન્દમાં જે પુરાવા મળે છે તેના પરથી નિશ્ચિત રીતે કહી શકીએ કે ત્યાં આદ્ય લોહયુગ શરૂ થયો હતો. આ વખતે બિહારમાં કોઈ કોઈ સ્થળે, અને ઉત્તરપ્રદેશમાં જ્યાં ત્યાં રાખોડી રંગવાળાં અને ઝાંખા કાચા રંગથી ચિત્રિત વાસણોમાં થાળી, વાડકા અને લોટા વપરાતાં. હમણાંની કિરણોત્સર્ગ પદ્ધતિ પ્રમાણે આવાં વાસણોવાળી સંસ્કૃતિનો સમય ઈ. સ. પૂર્વે ૪૦૦ થી ૮૦૦ માનવામાં આવે છે.

કમનસીબે જેવા અને જેટલા મોટા પાયા પર ખોદકામો થવાં જોઈએ તેવાં ને તેટલાં કૌશામ્બી, અયોધ્યા, મિથિલા આદિ રામાયણના કથાનકમાં મુખ્ય ભાગ ભજવતાં સ્થળો પર થયાં નથી, એટલે ઈ. સ. પૂર્વે ૫૦૦ સુધીની સંસ્કૃતિઓનો આનાથી વધારે ખયાલ આપવો શક્ય નથી. પરંતુ એટલું નિશ્ચિત છે કે રામાયણ–મહાભારત અને પુરાણોમાં સૂર્ય અને ચંદ્રવંશની જે વંશાવલીઓ આપી છે તે રાજાઓમાંથી થોડીક વ્યક્તિઓએ જો રાજ્ય કર્યું, તો તેમને આ જ સમયની સંસ્કૃતિના ચોકઠામાં બેસાડવા પડશે. અને આપણી શતકો જૂની માન્યતા પ્રમાણે જો રામ શ્રીકૃષ્ણ પહેલાં થઈ ગયા હોવાની હકીકતને ફેરવીને હમણાં ઉપલબ્ધ પુરાવા પ્રમાણે એમનો કાળ તો ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૦૦૦માં મૂકવો પડશે. બીજી રીતે કહીએ તો રામ તામ્ર–કાંસાયુગ અને આદ્ય લોહ યુગના અંતમાં થઇ ગયા હોવા જોઈએ.

રામાયણમાં વારંવાર આવતાં જાતજાતનાં આયુધોનાં વર્ણન પ્રમાણે રામ અને લક્ષ્મણનાં મુખ્ય આયુધો ધનુષ-બાણ અને ખડ્ગ હતાં. એમણે જે અસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું તે અસ્ત્રોનો ઉલ્લેખ મેં એક બૃહદ લેખમાં બતાવ્યું છે તે પ્રમાણે, ઈ. સ. પૂર્વે ૬૦૦ પછી જ વૈદિક સાહિત્યમાં આવે છે, અને એમનો વપરાશ કાલ્પનિક છે. વપરાશ થયો હોય તો એ મંત્રોની મદદથી થતો, અને આ મન્ત્રવિદ્યાનું જ્ઞાન લાખો કે કરોડોમાં કોઈકને જ હતું!

હવે રામાયણમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે રાક્ષસો અને વાનરો વનવાસી હતા. (અરણ્યકાંડ: ૩–૪૫–૨૬) રાવણ પણ એક માથાવાળો અને બે હાથવાળો સાદો માનવી હતો. (અરણ્યકાંડ: ૩–૫૩–૧૪) સંપાદિત આવૃત્તિમાં આ વિધાનને ટેકો આપતા નિઃ

સંદિગ્ધ ઉલ્લેખો છે. વધુમાં રાવણ રંગે કાળો હતો અને સૂર્ય જેવી તેજસ્વી, ગોરી સીતાને બે હાથમાં ઊંચકીને વિન્ધ્યપર્વતમાં એક બહુ સાંકડે માર્ગે લઈ જતો હતો, અને આમ લઈ જતાં જટાયુના ભાઈ સંપાતિના પુત્ર સુપાર્શ્વે એને જોયો હતો (કિષ્કિંધાકાંડ: ૪–૫૮–૧૫).

લંકા પણ આ જ પૂર્વ વિન્ધ્યપ્રદેશમાં આવી હતી. હજુ પણ પૂર્વ મધ્યપ્રદેશ અને છોટાનાગપુરના આદિવાસીઓમાં ગોંડ જાતિ પોતાને રાવણવંશી માને છે, અને રાવણને પોતાના રાજા તરીકે બહુ માનથી જુએ છે. આ પ્રદેશમાં અને હમણાંના મહારાષ્ટ્રના ચાંદા–ચંદ્રપુરના વનવિભાગમાં પણ 'લંકા' કે 'લક્કા' શબ્દ હજુ પ્રચલિત છે. એ મુંડા ભાષાનો શબ્દ છે, અને એનો અર્થ 'બહુ દૂર', 'ટાપુ', 'ઊંચી જગા' એવો થાય છે.

આ પ્રદેશનો ભૌગોલિક અભ્યાસ કર્યા પછી ડૉ. હીરાલાલ, ડૉ. રામદાસ, સરદાર કિબે વગેરેએ એમ પણ પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે કે લંકા પૂર્વ મધ્યપ્રદેશમાં, ઘણુંખરું અમરકંટકના પહાડભાગમાં આવી હતી. આ બધા અભ્યાસમાં ડૉ. હીરાલાલની આદ્ય ગોદાવરીની શોધ બહુ જ મહત્ત્વની છે, જો કે આ શોધ તરફ બહુ જ ઓછા વિદ્વાનોનું ધ્યાન ગયું લાગે છે. ડૉ. હીરાલાલે બતાવ્યું છે કે ચિત્રકૂટથી આશરે ૧૧ માઈલ પર ગોદાવરી નામની એક નાની નદી છે. હમણાં તે લુપ્ત જેવી થઈ ગઈ છે. આ જ આદ્ય ગોદાવરી હતી. આ શોધ પછી દણ્ડકારણ્યમાં આવેલાં અન્ય સ્થળો બધાં આ પ્રદેશમાં ઓળખી શકાય છે.

આ પ્રયાસો બાદ સ્વર્ગસ્થ પરમેશ્વર આયરે એક નાના પુસ્તકમાં આ પ્રદેશના સર્વે ઑફ ઇંડિયાના અધિકૃત નકશાનો બહુ જ બારીક અભ્યાસ કરી દર્શાવ્યું કે લંકા જબલપુરથી ઉત્તર-પૂર્વે ૮ માઈલ પર એક મોટા કુદરતી તળાવ વચ્ચેના ઉચ્ચપ્રદેશ પર હતી, આજે આ ભાગ 'ઇન્દ્રાણ' તરીકે જાણીતો છે.

આ બધા પુરાવાને ટેકો આપતો એક વધુ મહત્ત્વનો પુરાવો મને સાંપડ્યો છે. રામાયણમાં સાલ વૃક્ષો બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. રામે એક જ બાણથી સાત સાલ વૃક્ષોને વીંધ્યાં. વળી દ્વન્દ્વ યુદ્ધમાં વાનરો હમેશાં અને રાક્ષસો કોઈ કોઈ વાર સાલ વૃક્ષને મૂળમાંથી ઉખેડી પ્રતિસ્પર્ધી સાથે લડવામાં વાપરતા. સાલ વૃક્ષો બહુ ઊંચાં અને તદ્દન સીધાં ઊગે છે. લાકડી તરીકે, એટલે એક મોટા દણ્ડ તરીકે, જરૂર વાપરી શકાય, જોકે આમ મૂળમાંથી ઉખેડી શકાય કે નહિ અને ભાંગ્યા સિવાય યુદ્ધમાં વાપરી શકાય કે નહિ તે વિચારવા જેવું છે.

આ સાલ વૃક્ષોનાં જંગલો આ જ પ્રદેશમાં–એટલે અમરકંટક અને છોટાનાગપુરના પહાડભાગમાં–હજુ હયાત છે. અને બીજે ક્યાંય–મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તમિલનાડુ કે શ્રીલંકામાં ઊગતાં નથી. આથી સાલ વૃક્ષનો વિસ્તાર જોતાં આપણે આટલું તો નિર્વિવાદ કહી શકીએ કે આદ્ય રામાયણના કથાનો એક અતિ મહત્ત્વનો ભાગ આ જ પ્રદેશ – છોટાનાગપુર, પૂર્વ મધ્ય પ્રદેશમાં ભજવાયો હોવો જોઈએ.

આ અનુમાનને પુષ્ટિ આપતો એક શ્લોક રામાયણની સંપાદિત આવૃત્તિમાં જોવા મળ્યો. વાલી અને સુગ્રીવ દ્વન્દ્વ યુદ્ધ કરતા હતા, ત્યારે રામે ઝાડની પાછળ સંતાઈને વાલીને ઓચિંતો વીંધ્યો. તે વખતના યુદ્ધના આચારનિયમો પ્રમાણે આમ કોઈને પણ મારવું અધર્મ આચરણ હતું. તેથી મૃત્યુશય્યા પર પડેલો વાલી રામને કહે છે: 'હે રામ, અમે વનવાસી, કંદ-મૂળાદિ પર નિર્વાહ કરનારા, મેં તારું શું બગાડ્યું હતું કે તેં મને આવી રીતે અધર્મથી માર્યો?' (કિષ્કિંધાકાંડ: ૪–૧૭–૨૬) 'તેં અધર્મથી તારા ભાઈ સુગ્રીવની સ્ત્રીનું હરણ કર્યું છે, અને અધર્મ આચરણ કર્યું છે. અને આ બધો પ્રદેશ ઇક્ષ્વાકુવંશના રાજ્યમાં આવે છે, તેથી આ પ્રદેશમાં જે અધર્મથી આચરણ કરતો હોય, તેને શિક્ષા કરવાનો–મારવાનો મને ઇક્ષ્વાકુવંશના રાજ્યપુત્રને હક છે.' (કિષ્કિંધાકાંડ: ૪–૧૮–૬) આ વિધાન સ્પષ્ટ બતાવે છે કે અયોધ્યાથી રાજ્ય કરતા ઇક્ષ્વાકુઓની સત્તા, ગંગા–યમુનાના દક્ષિણ પ્રદેશ જે દક્ષિણ કોસલ કહેવાતો ત્યાં સુધી ચાલતી. તેથી જ રામ આ રીતે વર્તી શક્યા.

આમ વિવિધ દષ્ટિએ, બહુ જ ચિકિત્સક અભ્યાસથી જોતાં, આપણે કહી શકીએ કે આદ્ય રામાયણની કથાનું મૂળ ઈ. સ. પૂર્વે ૧૫૦૦–૧૦૦૦ ના કાળમાં આપણે મૂકી શકીએ. તે વખતે રાજા અને પ્રજા બંને સાદાં માટીનાં ઘરોમાં રહેતાં હોવાં જોઈએ, અને તાંબાનાં અને પથ્થરનાં આયુધો તથા ઓજારો વાપરતા હશે. આ લોકો કોણ હતા તે જાણવાનું પુરાતત્ત્વ પાસે હમણાં કોઈ સાધન નથી. પરંતુ આપણી દીર્ઘકાળથી ચાલી આવતી માન્યતા અને પરંપરામાં જો કંઈ સત્ય હોય, તો હાલમાં આદિજાતિઓના વિસ્તાર અને માન્યતાઓને જોતાં, આપણે અનુમાન કરી શકીએ કે ઇક્ષ્વાકુવંશમાં રાજગાદી માટે વિવાદ થતાં રામને અને તેની સાથે સીતા અને લક્ષ્મણને વનવાસ ગ્રહણ કરવો પડ્યો. આ વનવાસમાં મુખ્ય સ્થળો ચિત્રકુટ, પંચવટી, ગોદાવરી, કિષ્કિન્ધા અને લંકા–બધાં દક્ષિણ કોસલમાં–હાલના પૂર્વ મધ્યપ્રદેશ અને છોટાનાગપુરના પહાડભાગમાં હતાં. રામ-લક્ષ્મણના મુખ્ય પ્રતિસ્પર્ધીઓ ગોંડ લોકો હતા, જ્યારે અન્ય આદિવાસીઓ જેવા કે કોરકુ તથા સવરોએ રામને મદદ આપી હશે. આ આદ્ય કથાનકમાં સહેજ પણ કાલ્પનિક કે અઘટિત વાતને સ્થાન નથી. કથાની દષ્ટિએ, અને ભૌગોલિક દષ્ટિએ બધું વાજબી લાગે છે. પણ પછી આ આદ્ય કથાનક ધીરેધીરે ફૂલ્યું અને ફાલ્યું. એનો વિસ્તાર ક્યારે ને કેમ થયો તે અહીં બહુ જ ટૂંકમાં બતાવ્યું છે. અહીં એટલું જ કહેવું આવશ્યક છે કે જે રામાયણ હમણાં હયાત છે તે કલ્પનાઓથી ભરેલું છે–સંપાદિત આવૃત્તિ પણ, અને એમાં વર્ણવેલી લંકા કે કિષ્કિન્ધા સાંપડવી શક્ય નથી. આ બધાંમાં રામને ઈશ્વરનો અંશ માની, એની પાસે બધાં કાર્યો કરાવ્યાં છે. પુરાતત્ત્વની દષ્ટિએ ઈ. સ. ના પાંચમા સૈકામાં અને ત્યાર બાદ આ વિચારસરણી ઉદ્‌ભવી અને ધીરે ધીરે તે આખા ભારત અને ભારત બહાર પ્રસરી. □



(સર ચિનુભાઈના કલાસંગ્રહમાં)

રાગિણી 'ગૌરી'નો પ્રભવ
કલાકાર: પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય
(જુઓ આ અંકમાંનો રવિશંકર રાવળનો લેખ 'ગુજરાતમાં કલાનાં પગરણ')



આકાશી ગાન (સર ચિનુભાઈના કલાસંગ્રહમાં)

કલાકાર : વિનાયક માસોજી

(આ અંકમાંના રવિશંકર રાવળના લેખ 'ગુજરાતમાં કલાનાં પગરણ'ના સંદર્ભમાં)

મુક્તિ / સ્નેહરશ્મિ

· પૃથ્વી ·

ઉઘાડું હતું કોકની ગફલતે રહ્યું પાંજરું;
ઉઘાડી વળી બારી એ હતી; નહીં ઉઘાડે કર્યો
પ્રવેશ કલકૂજને ઘર મહીં અને તાજગી
અપૂર્વ લહીને ગયો ઊંઘથી જાગી તે પોપટ.

થયો ચકિત વિસ્મયે નીરખી ખુલ્લું ત્યાં પાંજરું,
ઉઘાડી વળી બારી યે! હતું ન કો તહીં બંધન.
હતું નભ ભર્યું ભર્યું અજબ રંગની ઝાંયથી.
બહાર બજતી હતી સુરભિ સરની ઝાંઝરી,

રહ્યાં પુલક કૌતુક સકલ અંગ એનાં ઊઠી,
ઊડ્યો! પકડી બારી લે જરીક થંભી ઊડ્યો ફરી;
પ્રસારી નિજ પાંખ, વ્યોમની અગાધતા પેખતાં
ઊડ્યો થરથરી અગમ્ય ભય ને કુશંકા થકી.

મળે અભય પાંજરાનું સ્થળ એવું કો ઝંખતો
અલોપ થઈ તે ગયો તરુઘટાતણાં પાંદમાં!

વિયોગે / યૉસેફ મૅકવાન

· શિખરિણી ·

તમારા સ્નેહાંને ગગન ઝરખે પ્રાતઃ સમયે
ઝૂકેલા ભાળું હું, સુરખિ ઝલકે હોઠ નમણા;
વિહંગોની હારો દૂર સુદૂર જાતી ક્ષિતિજમાં
તમારી જાણે કે અલકલટ કે કેવી લહરે!

બપોરી વેળાએ નીરખું ઘરનાં આંગણ મહીં
ખીલેલા ચંપામાં સુનહરી તમારા વદનને!
અને આંખો મીંચું સકલ મુજ અંગાંગ મહીં ત્યાં
તમારી એ કાયા તરવરી રહે, ક્ષણ ન રહે.

પછી સંધ્યા ટાણે ક્ષિતિજ પરથી સૂર્ય સરતાં,
તમારી છાયાની મધુર મહક વાતાવરણ થૈ
ધરાથી આકાશે પ્રસરી રહી, મારાંય દગમાં
ભરી જાયે ભીનું અકલ રૂપ, મારું મુક્ત બની.

દિનોના આ રીતે સભર પણ શા શૂન્ય ચરખા;
ફરે, ને રાતે હું જઉં સપનમાં દીપ સરખો.

હેલી પછીનો નિતાર / ઉશનસ્

· મંદાક્રાન્તા ·

આખે અંગે પલળી ગઈ તે ધ્રૂજતી ટેકરીઓ,
ઘેટીઓની ઊનતણી ફુવાંટી ગરે બુંદ બુંદ,
કાંપે શેઢે ટૂંટિયું વળી ગૈ વાડમાં ફૂતરીઓ;
ઊભી ક્ષેત્રેનુ-સીમ દદડતી ચોપગી મંદમંદ;

અર્ધી હેલી હજી ટકી રહી જે ઝિલાઈ'તી ઝાડે
પર્ણે પર્ણે ટપકતી નીચે શી જતીની જટા શી,
અર્ધી હેલી તૃણદલ પરે મોતીઓની છટા શી
ગૂંથી સેરે સ્રજ શી નીતરે ઢાળવાળા પહાડે;

ક્લાન્તિ ગોપીમુખ તણી હશે ધૌત સંભોગસૌખ્યે,
માથાબોળે સ્નપિતવદને ઊઘડી કોઈ કાન્તિ,
સૃષ્ટિએ આભા જલદ્યુતિતણી વિસ્ફુરે સૌમ્ય શાન્તિ
મેઘશ્યામે અવ નીતરતે શ્રાન્ત ઐન્દ્રી ધનુષ્યે:

ખેંચાયા'તા દૃગ અભિમુખે તાર ત્રાંસા વીણાના
હાથો તે થૈ ઝરણ રણકે કાનમાં છંદ છાના.

અગતિગમન / ભાનુપ્રસાદ પંડ્યા

· શિખરિણી ·

કુચહીં વેશનોમાં વતનતણું યે આસન નગ
પડ્યાં હોયે તેવા ઘરમહીં હું યે! આ પથ બધા
રિસાયા—ના છાપે નિજ ધૂળ મહીં બે'ક પગલાં
હવે મારાં, ઘોડી બગલ રહી બબ્બે અહીં છતાં
શકું ના દોડાવી! જરીક ખસું જ્યાં ઓસરી પરે
ભમું શી શ્વાસોની ચકડોળમાં થાંભલી કને
પડું બેસી—જોતાં દિન દૂણી રહ્યો દૂરની સીમે.

પછી ત્યાં ઊભાં ખેતર, દ્રુમ અને ટેકરી ભણી
હંમેશાં જે જાતો અરુણપર તે ઊડી ય મન
ઉષાને સંગાથે, વિહગ તણી પાંખે રમણીય
ચડું ઊંચે. આવ્યું સમીપ નભ આખું? શ્વસિત હું!

લલાટે માટી ને કંઈક તરણાં લૈ મુખમહીં
ચરી આવે ધેનુ (ઘર ભણી સહજ સીમ?) સહ
વળું પાછો!—એવી પગ વગરના આ પથિકની
થતી યાત્રા પૂરી...?

દ્વૈત / ભગવતીકુમાર શર્મા

· વસંત ·

શી પૂર્ણતા મિલનયોગ તણી પ્રતીત!
સેતુ અતૂટ દગનો; નીડ અંગુલિનો
વીંટાળ-રક્ષિત, સકમ્પ; અભિન્ન શ્વાસો
હૂંફાળ; શબ્દ ફરકે અધરે અધૂરા;
થીજી ગયો સમય; આપણ બે પ્રવાહી
વહેતાં રહ્યાં—ભળી ગયાં અવ એકમેકે.

ત્યાં સળવળાટ સહસા ક્ષણુપિચ્છ કેરો:
આ અલ્પ, સ્વલ્પ પળ વીતી જશે અને હું—
તું પે—હશું ક્યહીંકનાં ક્યહીં કોણ જાણે!
સેતુ સડોલ; નીડ સહેજ હલ્યો; અધૂરી
વાતો રૂઝી; શ્વસનમાં વળગ્યો ડચૂરો.
ને પીગળ્યો સમય; આપણ થીજતાં શું?

આ એક પર્ણ ખીલતું, ખરતું બીજું આ,
રે, દ્વૈત આ મિલન ને વિરહી ક્ષણોનું!

આંતરો કાઢવાને / ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'

· મંદાક્રાન્તા ·

આ શેઢેથી નીકળી સહસા પાર શેઢે જતો હું,
રેલ્લા-કાંધે મધુર રવતા ઘૂઘરે ડોલતો હું;
સામે શેઢે, લવક લવક્યા ખીજડે છાંય ઓઢી
ઢેલો સાથે મયૂર કરતો ગેલ ટેહું ટહુકી,

ટોડે લીલું ગવન રણક્યું ઓરડો ઝૂમી ઊઠ્યો,
ને આંખોથી શરમ સરકી અંગૂઠે જૈ લપાઈ,
પાણિયારે ઉતરડ હસી, ટોડલે તો જવાની
ફૂદૂંફૂદું થઈ રહી અને ઢોલિયે શ્વાસ મ્હોર્યા,
ગોરે ગાલે કુમકુમ ફૂટ્યું ખંજનોને મઢીને;
લીલું લીલું મરકી મનમાં, દીવડે હાથ......

મેં એ ઢેલો વળી મયૂરને ઢેફું મારી ઉડાડ્યાં,
રેલ્લા-કાંધે મધુર રવના ઘૂઘરા છોડી નાખ્યા,
હાંક્યે રાખ્યું હળ: જમીન પે આંતરો કાઢવાને,
માટી દેહ્યા સહ ઊખડતું કૈંક ઊંડે ઊંડેથી.

પુલિને / પ્રિયવદન શેઠ

· વસંત-મૃદંગ ·

કન્યા મનોહર નિસર્ગતણી પ્રસન્ના
આ શ્રાવણી ભીની ભીની લીલીછમ્મ સંધ્યા,
પંખી સ્વનીડ પ્રતિ ઉડ્યને નિમગ્નની
છાયાની સાથ રમતી લસતી કિનારે
આછા સુવર્ણમય સૂર્યતણા પ્રકાશમાં.

ને માટીની મઘમઘન્ત સુગન્ધ મીઠી
શીળી સમીરલહરી મલપન્ત સંગે
વ્યાપી રહે પુલિનને સહુ અંગઅંગે.
ત્યાં ક્યાંકથી સજલ મેઘતણી સવારી

આવી રહી પવનસ્પન્દનમાં બિરાજી;
ને સપ્તરંગી શયને ક્ષિતિજે ઉમંગે
આલિંગને અવનિ—મેઘ બંને નિમગ્ન ને
ધીરે ધીરે ઝરી રહે જલધાર રૂપે
ઉચ્છ્વાસ શા ઉભયના ઉરના મધુરા!

* ચૌદ લયાન્વિત *

સ્નેહના હે ધનેશ / પિનાકિન ઠાકોર

· વ્યસ્ત શિખરિણી-મંદાક્રાંતા ·

તમે ક્યાં છો?
ક્યારે મળો બીજી વારે?
દિવસ સઘળો તો રત રહું
અહીં જંજાળે, ત્યાં, સમય મળતાં શ્વાસ ભરતાં
તમારી જાગીને સ્મૃતિ સકલ લોકોની મહીંથી
ઉડાવી લૈ જાયે પ્રથમ મિલને એ ભર સભા
અને તે સંધ્યાએ
અનેકોની વચ્ચે
તમારી તે દૃષ્ટિ મુજ સકલ મર્માંગ પર જે
કશી ભીના ભાવે છલછલતી અંગુલિ ફરતી.
અને મારે અંગે અનુભવત હું એ થરકતા
પહેલા સંસ્પર્શે વિકલ મધુરા કંપ ઊઠતા.

તમારો એ મારાં
કુંવારાં અંગોના
રાતામાતા રુધિરરસમાં પહેલવ્હેલો પ્રવેશ.

હવે લૈને આવો કરણ કરણે જે છલકતી,
મસ્તીમ્હોરી મનમધુરિમા પ્રીતિના હે ગણેશ.
માંગલ્યોની
અને દેવા આવો હૃદયહૃદયે અમૃત થતી,
સાર્થક્યોની
સાયુજ્યોની સકલ ગરિમા સ્નેહના હે ધનેશ!
કહો આવો છો ને!
કહો ક્યારે કહો ને!

છાનુંમાનું / રતિલાલ છાયા

· વ્યસ્ત સવૈયા ·

કો'ક લખે અન્તરમાં બેઠું
ગીત મજાનું છાનુંમાનું:
દોત કલમ નહિ,
કાગળ નહિ: રુસ્નાઇ નહિ,
નહીં સોય કે ભૂર્જપત્ર પર લિપિનો સંચાર તહીં.

પુષ્પ ખીલે જ્યમ અદીઠ હાથથી,
સંધ્યા રેલે સહજ આભથી,
રૂમઝૂમ વહેતાં ઝરણાંમાં જ્યમ ધરતી પૂરે ગીત ભાવથી,
એમ વહે 'કો' ગીત મજાનું,
સંસ્કૃતિને કરતું હરિયાળું;
શબ્દ અર્થના મુક્ત દ્વારને ભાવગતિનું દઈ ચણિયારું.

કદી હૃદયની ઝીલી બંસરી,
કદી મનસની ગ્રહી મંજરી,
કદી જલધિ શી સુણી ખંજરી,
કદી જીવનની ખોઈ શર્વરી
મધુર મુદાને ભરી–નિર્ઝરી,
વહેતું ખળખળ વિશ્વ મુદાનું.

કો'ક સદા અન્તરમાં છૂપી લખતું ગાન મહામુદાનું.'
લપાઈ જતું અન્તરતરમાં જગને દઈને દાન મુદાનું
–છાનુંમાનું.

હું / જયન્ત પાઠક

· વ્યસ્ત ઝૂલણા ·

હું પછી–
પંચતત્ત્વોની ઘટનાનું ઘનરૂપ તે–
જૈશ વિખરી
એમ ભિન્નત્વમાં-નિજનિજ તત્ત્વમાં:

આંગણું લીંપતી બાની હેતલ હથેળી થકી
ઊપસી બીજના ચન્દ્રશી વાંકડી
ઓકળીઓ તણી ગારમાં;

પાણિયારે ઉનાળે મૂકી માટલી-છિદ્રથી
ટપક ટપકી રહ્યા શીતળા વારિમાં;

છાપરે રન્ધ્રથી ઓરડે ઊતરી
આવતા તેજના હેરિયાની ઊભી ધારમાં;

આંગણે આંબલે ડાળડાળે
પકડદાવ ખિસકોલીથી ખેલતા પવનમાં;

પૂર્વમાં સાગનાં તુંગ તરુઓ થકી
ટેકવાઈ રહેલા ભૂરા ગગનમાં.

પંચતત્ત્વોની ઘટનાનું ઘનરૂપ હું
જૈશ વિખરી...અને
એમ પામીશ મને
અસલ વતનમાં.

શ્રાવણ / પ્રિયકાન્ત મણિયાર

· સવૈયા ·

લીલાં લીલાં પાન ઝૂલે ને લીલું બોલે કીર,
છલક છલક આ તડકા થાતા તળાવડીને તીર.
ઝરમર ઝરમર વરસે ઝીણાં સાચુકલાં એ મોતી,
શ્રાવણની કન્યાના કંઠે એની માળા સોહોતી.

ભીતર ધીખે લાવા ઉપર કૂણું કૂણું ઘાસ,
નીરવનો અહીં નાદ ગુંજતો સમીરણ લેતો શ્વાસ.
રંગરંગમાં સાંજ ઢળી શી મેં ધરતીથી ભાળી,
સ્વર્ગલોકમાં નહીં સમાઈ કલ્પવૃક્ષની ડાળી.

મીઠપ / હરીન્દ્ર દવે

· ગાન ·

ચારેદ્વાર ખુલ્લાં છે ઘરનાં કમાડ
હવે કાંઈ નથી વાળવું અમે આડ.
મઝધારે જઈને ચાલ ઝૂઝીશું, દોસ્ત!
હવે જળકણિયાં કોણ કરે કાંઠે!

ઓસરી ગયાં જે નીર, આપમેળે રેતીને
છલકાવી આવનાં કિનારે.
ગમતીલું ગીત થઈ મ્હોરી ઊઠી એ,
ભાંગી પડતી જે વેદનાના ભારે:

એ જ હવે સોનેરી ચીર થઈ સોહ્યું
એક ચીંથરું જે વીંટ્યું હતું ખાંધે.
જે તટથી નીકળ્યા એ તેયે અજાણ્યો છે
ભર્યો અણજાણ્યો કાંઠો આંખમાંહે.

એટલી ય મૂડી કંઈ ઓછી નથી, કે
કોઈ છલકાતા હવે તને ચાહે:
શેરડીના ખેતરમાં સોરવે નહીં, કે
મગી મીઠપ જુવાર કરે સાદ!

ગીત / સુરેશ દલાલ

• ગાન •

જળ જેવી વહેતી આ લાગણીને રોકવાને
થઈ જાઓ પ્રભુ! તમે પાળ;
ફૂલ જેમ આછી સુગંધ થઈ ખીલું હું,
ક્યાંય નહીં ભરતી–ઉછાળ!

આખું આકાશ મારી આંખોમાં હોય
છતાં વહેતા વાદળની નહિ માયા;
રસ્તા પર ઊભાં છે છોને આ ઝાડ:
પણ પાડે નહિ એનાં પડછાયા!

પંખીનાં ગીત મારી જાળમાં કોમળ,
એનાં પીંછાંમાં ઝૂલ્યા છે કાળ!
ડાળ જેવા હાથ નહિ મારા ચરણું:
કદી મનગમતાં ફૂલ નહિ તોડ્યું!

સાત સાત જનમોનું ભોગવવાનું હોય
તો ય હળવેથી હાથ એના છોડું!
રણઝણતા તાર કદી તૂટે નહિ
સૂર કદી ચૂકે નહિ તારો રે તાલ!

પિતાનો પત્ર / શશિ શિવમ્

• વ્યસ્ત મનહર •

'વરસોનાં વરસ વિદાય લીધે થયાં ભાઈ!
ધરતી પ્રતપ્ત તણા નિઃશ્વાસ સ્પર્શતા મને,
આષાઢના આકાશથી મેઘઘન વરસેને!

બાળકોને વારંવાર વાતો કરે દાદા તણી,
અરમાન હતાં મને:
પૌત્ર–પૌત્રી આંગળીએ લઈ ફરું,
લાડ કરું, વાતો કરું ચકાચકી–રૂપપરી તણી;
પુણ્ય ઓછાં પડ્યાં...

પાનમને* ઓળંગતાં,
મનોમન વંદતો તું અગ્નિદાહ–ભૂમિ, જાણું.
નયન સજલ તવ થતાં,
સરિતાનાં જલસિક્ત શીતલ પવન વહી આવતાને!

શિશુઇચ્છાઓને તવ નવ પૂરી શક્યો;
કકડતી ઠંડીમાં યે વાળુ વેળા નવડાવ્યો
એક વાર માર્યો'તો મેં શિશુવયે, યાદ મને:
યાદ ઘણી ઘણી ઝમે, અને
પુષ્પ તણી પાંદડીએ ઓસબિંદુ ઠરે!

ભણવાની વાતે તુજ માતને કહ્યાં વચન:
"પોપટ કરીને મારે,
એની રગી બાજરી ન ખાવી."

હજી ય સંભાર્યા કરે વચન તું,
ભાંગ્યા ગયા, સ્વપ્ન જેનું હતું નવ મેં, તું,
તુજ રગી બાજરી ન ખાવા રહ્યો તેનો
અફસોસ કર્યા કરે, શીદને તું?

[illegible] પિંડ પામ્યો, સંતૃપ્ત છે જીવ મારો.
ઘટનાઓ નિર્મિત જે બન્યા કરે.

આંગણે મેં વાવેલો જે તુલસીનો છોડ
પમરતાં પર્ણ હજી ફરફરે ફોરમ;
બારમાસી, ચંપા હજી ફૂલ દીધા કરે,
કરેણનાં લાલ ફૂલ મ્હોર્યા કરે:
બાગ મારો નાનો રૂડો......

છેલ્લી મારી વિદાય પછીની કથા......

[illegible] કરે એક કારી વ્યથા:
શિરછત્ર બની નવ શક્યો — વિધિ!
બાગ મારો નાનો રૂડો મ્હોર્યા કરે, પ્રભુકૃપા.

ઘર તણી માયા તારી,
આષાઢની હેલી!
નેવલેથી જલબિંદુ ટપટપ ટપટપ જાય વહી.
ઘર છોડી નીસર્યો જે દિન રળવાને કાજ,
ગારસાજ સંગ ભીડી ઉર તવ
ડૂસકે ડૂસકે ત્યારે રડ્યો હતો.
તેવું એક શિશુ કદી એકલો અટૂલો બેસી
ખોતરતો ભીંત તણી પોપડીઓ.

૪૪૪ ('કુમાર' અંક ૬૦૦)

* આમની નદીનું નામ

શ્વેતલ વૃક્ષ! / ચંદ્રકાન્ત શેઠ

• વ્યસ્ત ચોપાઈ-સવૈયા-રોળા •

જલના રણમાં લીલો દ્વીપ![1]
દ્વીપ ઉપર છે શ્વેતલ વૃક્ષ!
પાંચ હાથિયું વૃક્ષ ભોંયમાં મૂળ નાખવા મથતું!
ડાળ હવાની ઝાલી
ઘુમ્મરીઓમાં ગોળ ઘૂમતા દ્વીપ પર રહેવા સ્થિર
મથે છે પર્ણ, ડાળ, થડ, મૂળ–સકળના સઘન પ્રયત્ને!
સમય ઊભો છે દૂર કિનારે
ઘરડો એ લાચાર હજારો આંખે જોતો!
જલમાં આંધી. દ્વીપને બાંધી,
દાઢ મહીં લઈ વૃક્ષ દ્વીપનું
ગોળ ઘૂમતી તાંડવ નાચે!
પાંચ હાથિયું વૃક્ષ
શ્વાસના દોર–દોર પર ઝૂલે,
ઝૂલતું ઝૂલતું, પુષ્પે પુષ્પે, શક્તિમાં નિજ ઝૂલે...
શ્વેત વૃક્ષને માથે સૂરજ સાત રંગની મલકે;
ઘેરા ઘન–અંધારે દ્વીપ અજેય પ્રકાશ ઝળકે
ઝળકે ઝળહળ સાચાં મોતી જેવાં શ્યામલ બદ્ધ હવામાં.

૧. પૂરમાં ઝાડ પર ફસાએલા એક યુવાનને મૃત્યુ સામે અડીખમ રીતે ટકવાના પ્રયત્નો કરતો જોઈને.

અને હવે કુટુમ્બકોસીર
સુકોમલ કમલ પ્રફુલ્લ જોઉં
હરખ ન માય મારી છાતી મહીં!
કમલિની સમી નવ ભાર્યા—મમ પુત્રવધૂ,
આંગણુ ઉજાળતી
ચાંદની રેલતી જાણે પૂર્ણિમા.
તાન ધરા પર એના સૌજન્યની સ્પર્શ!
છલકાતા સરવરે ઝીણી ઝીણી લહરીઓ જેમી જડે!

ઉર ધાર્યું છલકાયું,
છેલ્લે એક વાત લખું:
સુખદુઃખવારફેરા ચાલ્યા કરે,
અફસોસ હવે ના થશે,
ગતકાલ વીસરજો
દુઃસ્વપ્નની માયાજાળ ગણી.

બસ હવે વિરમું,
વરસાવે આશિષ:
બાળકોને વ્હાલની બે ચૂમી
સહુને કુશલ,
પ્રભુ તમ સૌને સદા સુખી રાખે!
નેણુ મીંચી ગગનમાં નયન હું માંડું ......
અતીતના અંધકારે
નગને તારકની લિપિ.

પુરાણી આ ખાટ તણાં કડાં
કિચૂડ કિચૂડ હજી ઝૂર્યાં કરે!
મધરાત સૂમસામ સમસમે,
અંધકાર ગણુગણે ગણુગણે......

આજ / માધવ રામાનુજ

- ગાન -

ઝાકળની પાંખડીઓ વેરાણી ફળિયામાં
પગલાં ઢંકાઈ ગયાં રાતનાં,
અજવાળું ખર ખર ખર ખરતાં લાગ્યું ને,
ફૂલ ફોરી ઊઠ્યાં પારિજાતનાં.

ઊઘડતું આભ: જેમ અધરોની સુરખીમાં ઊઘડે છે મંદ મંદ સ્મિત,
ઊઘડતી એક પછી એક યાદ, કેવડાની મ્હેક સમાં સાંભરતાં ગીત;
કલરવની ઘૂઘરીએ ઘમકંતા વાયરામાં
ધસમસતાં વેલડાં પ્રભાતનાં...

ઘાસને અડું ને મારે રોમ રોમ લીલુડાં અંકુર ફૂટ્યા જેવું થાતું,
ઓરડાના ઊના અજંપામાં ફરી વાર આજ કશું ક્યાંયે નથી માતું!
આંસુડાં ખર ખર ખર ખરતાં રહ્યાં ને
ફૂલ ફોરી ઊઠ્યાં પારિજાતનાં...
ઝાકળની પાંખડીઓ વેરાણી ફળિયામાં
પગલાં ઢંકાઈ ગયાં રાતનાં...

સોળમી મોસમ / 'બાદલ'

- ગાન -

લીંબોળી એક એક ગોઠવીને એકલી હું ઘાનેરું ગણવાને બેઠી,
મારાથી શરમાઈ નાઠી જ્યાં હું મને સોળમી તે મોસમ સે બેઠી.
અલ્લડના-વડલાની ડાળખીથી ફફડાવી
પાંખોને ઊડી ક્યાંક ગઈ,
કાછોટા મારી હવે અવળી ગુલાંટ ખઈ
ક્યાં ડૂબકી દા' રમવાની સઈ!
આઢાણું જરીક જ્યાં સરકે ટોક છે માડી: 'ઓઢ સરખુંક જરા બેટી',
મારાથી શરમાઈ નાઠી જ્યાં હું મને સોળમી તે મોસમ સે બેઠી.
વારતા તે કેમ કરી ઘડીયે ન પૂલકે કે
તકતામાં તાકવાંના ઓરતા,
આંખોમાં ઊગી જ્યાં મહુડાનાં વન એને
ગુલમ્હોરો ગાલમાં શા મ્હોરતા!
લાજ મરાવ એવાં શમણાંની વાત કહી વ્હોરવી ના સૈયર ફજેતી,
મારાથી શરમાઈ નાઠી જ્યાં હું મને સોળમી તે મોસમ સે બેઠી.
રૂવાં યે સાવ રોયાં વીંછીના ડંખ થઈ
ચટકું એવાં કે લાય ઊઠતી,
ભીતરનાં ભમ્મરિયા પૂર કેવાં તાણે
ચેનને હું બાવરી થઈ ખોળતી;
ઉડાડ, નફ્ફટ થઈ પોપટ ડોલે છે મને કેસર કેરીની શાખ બેઠી,
મારાથી શરમાઈ નાઠી જ્યાં હું મને સોળમી તે મોસમ સે બેઠી.

આભ અને હું / ધીરુ પરીખ

- વ્યસ્ત સવૈયા -

સાવ નાનકું
પૂર્વ દિશાથી અણુજાણ્યું જે પંખી આવ્યું
પાંખ ભરીને વિરાટ કેવું અંધારું લાવ્યું!
ટહુક ટહુક આંગણુ મારે
પ્રકાશ-કણાનું કીધું:
મૂઢ ચેતના
ઘન અંધારે અથડાતી'તી તેને આ શું
તેજકિરણનું લંગર દીધું!

આભ અને મારી વચ્ચે આ
પંખી—સેતુ સીધો;
આભ હવે મારામાં ને
ખુદ આભે મુજને નિજમાં ગૂંથી લીધો.
તેજ પૂરે અંધારું અવિરત
પૃથ્વીપટમાં છો તે અહુ દિશ ઊગે,
હું ને એનો મુકાબલો યે
લેશ હવે નહિ પૂગે.

વેદના / હેમન્ત દેસાઈ

• ગાન •

વ્રજમાં ઢળતી સાંજથી સરી વેદના ભરતી ફાળ,
ચખ રાધાનાં બળતાં એની ગગને અડતી ઝાળ !—વ્રજમાં.

આવશે અધીર કેટલાં
મિલનવાતના સપનાં ગ્હેકે;
અંગ શું પરશફૂલ છાયાં
પારિજાતનાં હળવાં મ્હેકે,
ક્ષણ વીતી ફરી આવતી જાણે કરમાં ફરતી માળ—વ્રજમાં૦

જમનાનાં જલ ઘાટને
ભેટી વળતાં ધ્રુસકાં મેલે,
મોરલીના સૂર સાચવ્યા
તેનાં કુંજ શું પડઘા ઝેલે;
વિરહભારે ઝૂલતી ઝૂરે કદંબની ડાળ ડાળ—વ્રજમાં૦

ઝવાએલું પાદર / 'સુધાકં'પીપળિયા

• ગાન •

સંધ્યાનાં સિંદુરિયાં ધુધવતાં પૂર
પેલા પાદરની બાથમાં સમાણ્યાં,
રાતા ચટાક રંગ પીવાના ઓરતા
ને કેસરિયા રંગને કમાણ્યાં.
એકાદા વેણુ કાજે ઝીલીને ઘાવ લાખ,
લોખંડી કાળજાની કોરે;
સીંધુડા સાદ મહીં ઓગળિયાં અંગ એ જ
કાળ તણી યાદ બધે ફોરે;
ગોધૂલિ એણી કો મીઠી સુગંધ ભરી,
દીવાના તેજે જ્વાણ્યાં...સંધ્યાનાં૦

હિંગળાને આંજેલો હોંશેથી એક દિ
નેગ-તણા તીખારા ચીંધી;
ભમ્મરિયા ભાલાની ટોચે બંધાએલી
કોક દિન પુરાણી આંધી:
ઘૂંટી ઘૂંટીને કેફ પીધેલાં અંગડાનાં
જોબનિયાં પાદરે ચપાણ્યાં...
સંધ્યાનાં સિંદુરિયાં ધુધવતાં પૂર,
સૂનાં પાદરની પાસ કૈ સમાણ્યાં.

આવ્યા જુઓ / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર

આંધી ચડી દડકની...
ઘડીમાં જોજો, હવે તો હળવાંક ફોરાં,
ધાકોર કોરીકટ આ ધરા પે
ફોરી જશે ગંધ મટોડીની ભલી.

ધૂળે ભર્યાં ઝાડ, મકાન, ટાબરાં
ચોખ્ખાં ચણાક હળવાં હળવાં ઘડીકમાં:
જોજો હવે, લીપણ-ગારમાંથી
સોને મઢ્યા કુંજળના ઝગારા.

ને પાન પાને જુગતે ઝિલાયાં
ધીરે રહીને ટપકી જશે કૈં ટબૂકમાં
ઓખલી કુપ્પીમાંથી ઝરેલ
મીઠીમધ વારતાનાં...

ઝોકારતી તેજલ રેખ એવી
ઝ્હેકી જશે ઉજ્જડ આંખમાં યે:
કે કારમે દેશવટે રહેલા
આશાભર્યા એ જણ પંથ ખૂંદતા
ઘડીકમાં તો અહીં ગામપાદરે,
શેરી-ફળીમાં, ઘર-ઉમ્બરામાં
આવ્યા જુઓ, ઝાંઝરા ખટખટાવે!

પિંજરની બહાર / રાજેન્દ્ર શાહ

અંકાશી આયનાની આંખે ઝીલીને મને
જોઉં તો હું પિંજરે પૂરેલો:
આંખડીની આડમાંથી દૂર દૂર કેકતો કો
માંબથી લાગે રે ઉડસેલો...હોજી રે હોજી.
આંકીની ધરા નિરાળી, ફોરમને વેણુ આવી
અડકંતો વાયરો સુંવાળો:
હૈયાના હામને આબંગ પાંખ ફૂટતી ને
વીંઝવાનો આવે ઉમળકો;
જી અંગથી આઘો રે બંધ જે કરેલો...હોજી રે હોજી.

* પાંચ ભજનો *

ટહુકયા વિનાનું ગાન સાંભળું ને લેશ પણ
હાલ્યા વિના હું રમું આભે:
આથમે ન દન એવો, ચાંદની રૂપાળી મને
આલ્યો સૂરજ ને ચાંદે:
જી વાદળું નહિ ને અમીથી વરસેલો...હોજી રે હોજી.

નદીયું જઈ સાગરે સમાણી / 'અકિંચન'

આ તો નદીયું જઈ સાગરે સમાણી, નિમુભાઈ, મારાં,
કૂવાં પડાવ કેમ પાણી ?
બાંધી કળીએ અજાણી મૂગી સુવાસ નિમુભાઈ,
કોને એ કાજ, ના કળાણી.
ઊઘડી પાંખડીઓ હવે ઝાલી ઝલાય ક્યાંથી !
પવને સુવાસ આ તાણી, નિમુભાઈ, મારાં૦
કાંઠા કાંઠા બાંધી સાચવ્યાં તો નીર નિમુભાઈ,
નીરેથી નદીયું ગવાણી.
પ્રાનની પર-વશતા કોણે! કાંઈ બંધાણી'તી તે
ફૂટીને સાગરે સંધાણી! નિમુભાઈ, મારાં૦
સુખદુઃખનાં કાંઈ વહેતાં લાધેલાં રૂપ નિમુભાઈ,
વાનું એ થઈને ભુલાણી;
સાગર ગમ વહેતાં વહેતાં સાગરને જોતાં મળતાં
નામરૂપનો નેં એંધાણી! નિમુભાઈ, મારાં૦

પામ્યાં છે સાથ તો આ જાણ્યો સંગાથ, નિમુભાઈ,
તમથી તે વાત કાં અજાણી ?
હાલો સહુ સાર જાણી આતમને લઈએ માણી
અવસર આ કોણ દેશે આણી ? નિમુભાઈ, મારાં૦
નદીયું કે સાગર એ તો જુદા આકાર, નિમુભાઈ,
મૂળે તો એક પાણી પાણી
તમને સંભાળ્યાં એ તો અમને સંભાળ્યાં વ્હાલાં,
પોતાના પોતની કમાણી. નિમુભાઈ, મારાં૦

વેપાર / ગીતા પરીખ

આ જ છે જમા ને આ જ છે ઉધાર,
કેવો અદ્ભુત આ છે તારો વેપાર !
નફો અજાણપણે થાય ખરો ખોટમાં,
તારા આ સમદરિયે ભરતી છે ઓટમાં,
રંકના ય છાના છલકંતા ભંડાર—કેવો૦
લાખો ઘરાકને પ્હોંચે છે પળમાં તું,
કોઈ તારા હાટ પરે ના જરીય છેતરાતું;
આપવાથી અદકેરો થાતો ઉદ્ધાર—કેવો૦

ઘડિયાળ / નાથાલાલ દવે

કટકટ બોલે છે ઘડિયાળ જી:
આયખું નારૂં કટકે કટકે
કાપી રિયો છે કાળ—કટકટ૦
આંખી આવ્યું ઓસરી જાશે
જોબન કેરા જુવાળ જી;
ફોરમ મેલી ફૂલ ખરશે,
સુકાશે તરુડાળ—કટકટ૦
શીશીમાં જેમ સરે રેતી,
એવી આ ઘટમાળ જી;
ધામ ધરા ધનમાન તજવાં
આખરે અંતરિયાળ—કટકટ૦
સંગત કેરી રંગત ચડતી,
જાય વધી જંજાળ જી;
સંકેલો હવે સાથરો, કરો
ઓછા આળપંપાળ—કટકટ૦
કાયા કેરા કોટ ઘેરાશે,
પછી બૂરા થાશે હાલ જી;
નાવ નબળી, આભ અંધારાં,
મોજાંઓ વિકરાળ—કટકટ૦
ચતુર મનવા ! ચેતીને ચાલો,
પુણ્યની બાંધો પાળ જી;
છેવટનો સધિયારો થાશે ભાઈ!
ધરમની એક ઢાલ—કટકટ૦

પરગટની માયા / વ્રજલાલ દવે

તેજમાં લપાયા તારક આભના
ઊઘડ્યા રાતને ઉછંગ,
અણદીઠ પોઢેલાં જળનાં અંગ તો
ન્હાવ્યાં શ્રાવણને ત્રિભંગ:
પરગટની માયા હૈયું ચુંબતી.
સોહ્યું રે સૂતું'તું કુદરત નેણમાં
મહોર્યું પ્રથમીની કાય,
મૂળિયા ભીતર રસની લાગણી
ડોલી ઊઠી ડાળે ડાળ;
પરગટની માયા હૈયું ચુંબતી.
ભીતરે ઢબૂરી ગરવી કામના
છલકી છાતીને લલકાર,
પડળો ઢાંકેલી ભોળી આંખમાં
જાગ્યા હેજના ઝંકાર;
પરગટની માયા હૈયું ચુંબતી.
વીજળી છુપાણી જળને અંચળે
ઝબકી મારગને મુકામ,
ચપટી માટીએ ઢાંક્યા જીવના
હલક્યા મેળા ઠામે ઠામ;
પરગટની માયા હૈયું ચુંબતી.

*** છ ગઝલો ***

સ્વભાવ હશે / ગની દહીંવાળા

નયન ને નીંદરૂ વચ્ચે કશો તણાવ હશે,
મળી શક્યાં નહિ, પાંપણમાં આવજાવ હશે.

દરદના આટલો વ્યાપક તે શો પ્રભાવ હશે !!
જરૂર આપણું અસ્તિત્વ, કોઈ 'ઘાવ' હશે.

બને તો શાંત પડી જાઓ દિલના ધબકારા!
તમે છો, ત્યાં જ સુધી કોઈને અભાવ હશે.

બિચારા પુષ્પની આ વૈખરી વિશે વિસ્મય!!
છૂપો વસંતની વાણીમાં વેરભાવ હશે.

અમે તો વાતનો વાહક ગણીને ઉચ્ચર્યા'તા,
ન'તી ખબર કે પવન પણ બધિર સાવ હશે.

પળે રસે છે સિતારાને લાગણીના રસે,
કોઈ તો રોકો, કે એ આપણો સ્વભાવ હશે.

હસી પડે છે હવે તો ઉદાસીઓ ય 'ગની',
નવી નવાઈના જન્મેલ હાવભાવ હશે.

જીવી રહ્યો છું / સૈફ પાલનપુરી

મળે છે જ્યાંથી પ્રસંગો ઉછીના લાવું છું,
જીવી રહ્યો છું હું એનો જશન મનાવું છું.

તમારી યાદમાં રહેતો હતો, એ વાત ગઈ,
હવે તો હું જ મને રોજ યાદ આવું છું.

નિરાંતે જઈને હું બેસું બસ એ ઉતાવળ છે,
કહે છે લોક ગતિમય કદમ ઉઠાવું છું.

ઉપર હશે કે નહિ, પણ અહીં ખુદા છે જરૂર
કે હું તો 'સૈફ' કયામત અહીં વિતાવું છું.

હોતે / જલન માતરી

ફકીરોના સમું જો મારી પાસે પણ જિગર હોતે,
ઘણી વાતો સરળ બનતે ખુદા પણ હાથ પર હોતે.

જહન્નમથી ડરી ના મારી જન્નત પર નજર હોતે,
બતાવી હોત ના લાલચ તો હું લાલચથી પર હોતે.

તને શોધાવતે ના આ ખુદા! હોત જરૂરતનું,
તું જો ધરતી ઉપર હોતે ને હું અંબર ઉપર હોતે.

ન લીધી હોતે મેં ટક્કર ખુમારીથી દુઃખો સામે,
ચણાઈ ક્યારની ધરતી ઉપર મારી કબર હોતે.

શરાબી! ભવ્ય મસ્જિદ જોઈ ના ભ્રમમાં ડૂબી જા,
ખુદા હોતે શરાબી તો ન એનું આવું ઘર હોતે!

પણ / મહેન્દ્ર સમીર

દુનિયા છે એવી જેવી કે હોય એ દૂર પણ,
ખારાશ મહીંયાં ક્યાંક તો આવે છે પૂર પણ.

અજવાસ જે ખીલ્યો છે તમારા વદન ઉપર,
એમાં ભળ્યાં છે મારી નિગાહોનાં નૂર પણ.

એનો નથી કોઈ અંત હતો જિંદગી મહીં,
[illegible] વાત [illegible] એ જરૂર, પણ.

પૂછો ન કેમ સાંજને જોતા રહ્યા અમે,
સૂરજ ઢળે તો સાથ ગયો છે ગરૂર પણ.

એવી ય કૈંક હદ હતી અનહદ મહીં 'સમીર',
આલમ મહીં હતી જતી આલમથી દૂર પણ.

નહિ / મનહરલાલ ચોકસી

પવન છે: આપણી ઇચ્છા મુજબ તો વાય નહીં,
જગત વિષે તો કંઈ પણ કહી શકાય નહીં.

હૃદયની વાત સમજવાનું ખૂબ કપરું છે,
બરફને તાપમાં તો સાચવી શકાય નહીં.

નજર ને હોઠની ભાષાઓ સાવ જુદી છે,
અરે જે હોઠથી એ વાત તો મનાય નહીં.

પ્રસંગ એ જ છે બેચાર મારી મિલકતમાં,
તમારા વિણ એ ક્ષણને કહી શકાય નહીં.

સતત તો સાથમાં રહેવાનો કોઈ પડછાયો,
નજીક હોવું નિકટતા ગણી શકાય નહીં.

તમે ભલેને પરિચિત કરો બધી રીતે,
તમારા મનની કદી ઓળખાણ થાય નહીં.

અંધારી / કિસન સોસા

ઝૂરેલા અજવાસની ઝરમર હશે,
રસ્તા પાસે એક નાનું ઘર હશે.

ટ્રેનમાં દેખાશે તમને દૂરથી,
ઉંબરે ઊભેલ એક ઉંબર હશે.

આમ તો સારો થયો વરસાદ, તે,
આંગણા સુધી લીલો અવસર હશે.

બહારથી તો લાગશે એ ઝૂંપડું,
પણ જરા અંદર જજો, ઝુમ્મર હશે.

ઠેઠ ખૂણામાં હશે એક ઢોલિયો,
મોર-ગૂંથ્યો મૂક એક ચાદર હશે.

કેસરી અજવાસ ઝાંકી ઘુમ્મટે,
ઓઢણીની હેલતી ઝરમર હશે.

નામ મારું બોલશો ને ડીબેક
ડીબેક ભીંજાયલું ભીતર હશે.

છૂંદણાંના કાગળે કંકુ પછી,
આંસુએ તરબોળ બે અક્ષર હશે.

એક નવી દૃષ્ટિએ

અશ્વત્થામા

રવીન્દ્ર ભટ્ટ



જે દ્વૈતવનહ્રદ સરોવરને કાંઠે મૃત્યુ હજી તો દુર્યોધનની પ્રતીક્ષા કરી રહ્યું હતું ત્યાં મહાભારત યુદ્ધની પાછળની એક કાળરાત્રિના ઊતરતે અંધારે અશ્વત્થામા અસ્વસ્થ અવસ્થામાં આંટા મારી રહ્યો હતો. કેટકેટલું યે પોતાની જાતને પૂછતો, સતત જાગતો એ આ સરોવરના મૌનની પાસે જાણે કે જવાબ લેવા આવી પહોંચ્યો હતો. જીવનનાં પાછલાં અનેક વર્ષો એવે ટાણે ઉલેચાઈ ઉલેચાઈને એના અંતઃકરણને અકળાવી રહ્યાં હતાં. પોતાને દૂધ મળતું નહોતું તે મેળવવા રાજા દ્રુપદ પાસે ભિક્ષા માગવા જનાર પિતા ત્યાંથી અપમાનિત થઈ વેરનો અગ્નિ લઇને પાછા ફર્યા ત્યારથી તે છેવટે પોતાનું બધું યે બ્રાહ્મણ ગૌરવ ગુમાવી દુર્યોધનના એક ઉપેક્ષિત સામાન્ય સેવક થઈ રહ્યા ત્યાં સુધીના એમના એવા વર્તનથી સતત ક્રોધ અનુભવતો, પિતાને હસ્તિનાપુર છોડવા, આશ્રમજીવન સ્વીકારવા અને ફરી સાચા અર્થમાં બ્રાહ્મણ થઈ રહેવા અનેક વાર વિનંતી કરી ચૂકેલો, પિતાએ તે અવગણતાં વધારે ને વધારે મૂંઝાતો, આજે એ જ પિતાના, પોતાના મૃત્યુના કેવળ સાશંક વૃત્તાન્તથી જ આઘાત અનુભવી યુદ્ધભૂમિ ઉપર જ યોગસમાધિ લેતાં ત્યાં જ ક્રૂર રીતે થએલા શિરચ્છેદથી મૃત્યુ નીપજતાં, એમનું વાત્સલ્ય યાદ આવતાં, આજે કેટલું બધું કારુણ્ય એ અનુભવી રહ્યો હતો!

'પિતાની છેવટે કેવી દશા!'... 'હું બ્રાહ્મણપુત્ર આવા ઘોર યુદ્ધમાં!'... 'વેરનો અગ્નિ મારે તે વધારવાનો કે ઠારવાનો?'... 'પિતાએ ભૂલ કરી તેનું મારે પ્રાયશ્ચિત્ત ન કરવું જોઇએ?'–આવું આવું વિચારતો પૂછતો, પિતા પાસેથી વારસામાં કેવળ ક્રોધ મેળવી બાકી તો પોતાની જાતને સતત બ્રાહ્મણ સંસ્કારોથી ઘડતો આવેલો અશ્વત્થામા ત્યાં અસ્વસ્થ અવસ્થામાં આંટા મારી રહ્યો હતો.

એ જ વેળા તેનાથી વધારે અસ્વસ્થતા અનુભવતો ધૃષ્ટદ્યુમ્ન, એ ઊતરતાં અંધારાંમાં, હાથમાં ઉઘાડાં શસ્ત્ર સાથે અશ્વત્થામાને શોધતો એ જ સરોવર તરફ આવી રહ્યો હતો. પુત્રશોકથી વ્યાકુળ ધ્યાનસ્થ દ્રોણાચાર્યનું શિર ઉતારી લેવામાં પિતાની પ્રેરણાથી પ્રતિવર્ષ પોષાએલો વેરનો અગ્નિ, જાણે કે પરાકાષ્ઠાએ પહોંચ્યો હોય તેમ, દ્રોણાચાર્યના રથમાંથી ઊતરતાં જ ધૃષ્ટદ્યુમ્ન એક જબરદસ્ત પછડાટ ખાઇ પછીના મંડાતે એક એક પગલે અસ્વસ્થ થતો ગયો હતો: 'મેં ક્ષત્રિયે બ્રાહ્મણનો વધ કર્યો?!'... 'મેં આ શું કર્યું?!'... એવા વિચારો એના અંતઃકરણને કોતરતા કોતરતા કેટલા બધા સતાવી રહ્યા હતા! અને તેથી જ તો એક દૃઢ નિશ્ચય ઉપર આવી અશ્વત્થામાને શોધતો એ આવી રહ્યો હતો. થોડી જ વારમાં એ નજીક આવી ગયો. અંધારામાં ઘડીક તો એ બે, દ્રૂપદ અને દ્રોણાચાર્યના પુત્રો એકબીજાને ઓળખી ન શક્યા.

'કોણ? ધૃષ્ટદ્યુમ્ન તમે?'

'તમે નહિ, તું કહો. અશ્વત્થામા! ભાઇ! હું...હું કોઇ માનને લાયક નથી. હું હવે કેવળ મૃત્યુને જ લાયક છું. મેં...મેં તમારા પિતાનો શિરચ્છેદ કર્યો. હવે તમે મારો શિરચ્છેદ કરો. લ્યો આ શસ્ત્ર.' એમ ઉતાવળે બોલી બે હાથે શસ્ત્ર ઊંચું કરી ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામા પાસે નમી પડ્યો.

અશ્વત્થામાએ શસ્ત્ર લઈ લીધું. ધૃષ્ટદ્યુમ્ને શિર વધારે નમાવ્યું. પણ પછી ત્યાં તીક્ષ્ણ શસ્ત્રનો સ્પર્શ થવાને બદલે એના વાળમાં અશ્વત્થામાનાં પાંચે ય આંગળાં એના પંચ મહાભૂતનું રક્ષણ કરતાં હોય એમ વાત્સલ્યથી રમી રહ્યાં. 'ઊભા થાઓ, ભાઈ!' અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને ખભેથી પકડી ઊભો કર્યો: 'ધૃષ્ટદ્યુમ્ન! વેરના અગ્નિમાં મારા પિતા એનો બ્રાહ્મણધર્મ ભૂલ્યા; તમારા પિતા એનો ક્ષાત્રધર્મ ભૂલ્યા. આપણે હવે એવું ન કરીએ તો?' રૂંધાતા કંઠે અશ્વત્થામા ધીરેધીરે બોલતો ગયો. કશું સાંભળતો ન હોય એમ ધૃષ્ટદ્યુમ્ન નીચું મુખ રાખી ઊભો રહ્યો.

'તમે જે કર્યું છે તેનો મને રંજ નથી. બધું ભૂલી જાઓ.'

'નહિ નહિ.' ધૃષ્ટદ્યુમ્ન આવેશમાં બોલી ઊઠ્યો: 'મારાથી નથી ભુલાતું. મારો અપરાધ થયો છે. મેં બ્રાહ્મણ-વધ કર્યો છે. તમારા પિતાનું મુખ મારી સામે તરવર્યા કરે છે! મને શું થાય છે એ કેમ સમજાવું!'

'મને સમજાય છે, ભાઇ!' ધૃષ્ટદ્યુમ્નને ખભે હાથ ફેરવતાં અશ્વત્થામા બોલતો રહ્યો: 'સ્વસ્થ થવાનો પ્રયત્ન કરો, ભાઇ. હવે જઇને સૂઇ જાઓ. થોડી જ ઘડીઓમાં પાછું આ યુદ્ધ શરૂ થશે. એને અટકાવવાનો—વધારે વિનાશ થતો અટકાવવાનો તો પ્રયત્ન કરીએ. એ જ હવે આપણું કર્તવ્ય છે. જાઓ, આ શસ્ત્ર મારી પાસે જ રહેવા દો.'

ધૃષ્ટદ્યુમ્ને પાછાં પગલાં માંડ્યાં; પણ જેવો મૂંઝાએલો આવ્યો

હતો તેવો જ એ પાછો ગયો. અશ્વત્થામા યે પાછો ફર્યો ને અંધારામાં એ બે ઓગળી જતાં સરોવર ઉપર પાછું મૌન ફરી વળ્યું.

બીજે દિવસે શરૂ થએલા યુદ્ધમાં મહારથી કર્ણ સેનાપતિ થયો હતો અને પાંડવોના વિનાશનો નિશ્ચય કરી ચૂકેલો દુર્યોધન કોઇનું સાંભળે તેમ નહોતો; તો પણ અશ્વત્થામાએ એને વિનંતી કરી: 'બસ કરો, ભાઇ દુર્યોધન, બસ કરો! હવે આ યુદ્ધનો અંત લાવીએ, પાંડવો સાથે સમાધાન કરીએ.'

'કાયર!' દુર્યોધને એને તુચ્છકારી કાઢ્યો ને...ને...બીજી થોડી ઘડીઓમાં તો કર્ણનું યે અવસાન થતાં એ જ દુર્યોધન એકાએક, જીવનમાં પહેલી જ વાર, પોતે જ કાયરતા અનુભવી રહ્યો. વર્ષોનાં વેરના અગ્નિથી દાઝતો આવતો એનો જીવ ઘડીકમાં તો બળી જવાની કોઇ ચરમ કક્ષાએ પહોંચતાં એ ભાગ્યો અને સંતાવા, શીત થવા, દ્વૈતવનહૃદ સરોવરને કાંઠે પહોંચી એના પાણીમાં સમાઇ ગયો.

અશ્વત્થામાને જ્યારે એ ખબર પડી ત્યારે ફરી વાર એણે એ સરોવર તરફ ઉતાવળાં પગલાં માંડ્યાં. પણ ત્યાં પહોંચે તે પહેલાં તો પાંડવો ત્યાં પહોંચી ગયા હતા અને મૃત્યુ જેની પ્રતીક્ષા કરી રહ્યું હતું તે દુર્યોધન ભીમને હાથે ગદાયુદ્ધમાં પટકાઇને જીવનના છેલ્લા શ્વાસ લેતો એ મૃત્યુને ખોળે ચડી ચૂક્યો હતો.

'અશ્વત્થામા!' જીવનના છેલ્લા શ્વાસોમાંથી પણ ઘૂંટાઇ ઘૂંટાઇને કેવળ જાણે વેરની વાણી નીકળતી હોય એમ ઘોઘરા અવાજે અશ્વત્થામાને જોઇ દુર્યોધન બરાડી ઊઠ્યો: 'પાંડવોને મારી નાખ! પાંડવોના પુત્રોને રોળી નાખ! આજ રાત્રે અંધારામાં જ મારી નાખ! તને હું સેનાપતિ બનાવું છું. થોડી ક્ષણોમાં જ મારું મૃત્યુ છે.મારા આત્માને શાંતિ મળે એવું કર.'

એ વાક્યને અશ્વત્થામાએ પકડી લીધું. આત્મા તો સૌનો એક જ; શાંત અને અમર. શાંતિમાં અને અમરત્વમાં જ દેહાત્મા ભળી જાય. દુર્યોધન ભલે વિનાશ ઇચ્છે. એનામાં, મારામાં સૌમાં રહેલો આત્મા તો સર્જનના સાતત્યમાં જ શાંતિ અનુભવે. એ વિચારી રહ્યો. અને નવી શ્રદ્ધાથી, મૂંઝાયા વગર, એકાએક એણે જવાબ આપ્યો: 'સુખેથી પ્રાણ છોડો, ભાઈ દુર્યોધન! હું તમારા આત્માને શાંતિ મળે એવું જ કરીશ.'

એ સાંભળતાં જ દુર્યોધને પ્રાણ છોડ્યા અને ધીરેધીરે ઊભા થતા અશ્વત્થામા ઉપર એકાએક કૃતવર્મા અને કૃપાચાર્યના પડછાયા—અમંગળનાં એંધાણ જેવા—પડ્યા. અશ્વત્થામા ફફડાટમાં ફર્યો, બન્ને બહુ જ ગંભીર હતા.

'અશ્વત્થામા!' કૃપાચાર્યે ધીરે સાદે પણ આવેશમાં કહેવા માંડ્યું: 'અમે દૂરથી સંતાઈને દુર્યોધનનો વિનાશ જોયો; પણ પછી પાંડવો ચાલ્યા ગયા અને અમે એની પાસે પહોંચીએ તે પહેલાં દુર્યોધનનો સારથિ પ્રથિક્રમી કોણ જાણે ક્યાંથી આવીને એની પાસે પહોંચી ગયો. ત્યારે મરતા દુર્યોધને એને કહ્યું—એટલા મોટા સાદે, કોઈ વિચિત્ર ગાંડપણમાં, કે અમે પણ સાંભળી શક્યા: 'પાંડવોની છાવણીમાં આજ રાતે જ જઇ એના પુત્રોને મારી નાખ. જા આ મારી છેલ્લી આજ્ઞા છે.'

'શું—ઊ—ઊ!' ચિત્કાર સાથે ત્રાડ પાડી અશ્વત્થામા ઊભોઊભો પણ વધારે ઊંચો તાડ જેવો થઇ ગયો. 'અસંભવ! એ હું નહિ થવા દઉં. હું સેનાપતિ છું, અને—અને, મારાથી—આ બ્રાહ્મણથી કોઈની પણ હત્યા નહિ થાય. ક્યારે ગયો પ્રથિક્રમી?...કહો, જલ્દી કહો! ક્યારે ગયો?'

'હજી, હમણાં જ ગયો' કૃતવર્માએ કહ્યું.

'ચાલો, આપણે પાંડવોની છાવણીમાં એને પકડી પાડીએ.'

અશ્વત્થામાથી છૂટો પડેલો ધૃષ્ટદ્યુમ્ન કેવળ એક જ વિચાર લઇને પાછો ફર્યો હતો, અને તે સ્વેચ્છા-મૃત્યુનો. કર્ણના સેનાપતિપદ નીચે યુદ્ધભૂમિ ઉપર જ શસ્ત્રાઘાતની એણે તકો શોધી હતી, પણ એને જાણે કે વધુ રીબાવવા તે દિવસ એને ઉગારીને આથમ્યો. પણ એનો એ પ્રયત્ન એક ભીમની નજરે ચડી ગયો.

હવે જ્યારે અશ્વત્થામા, કૃતવર્મા ને કૃપાચાર્ય સાથે, ઊતરતે અંધારે પાંડવોની છાવણીમાં જતો હતો ત્યારે ધૃષ્ટદ્યુમ્ન એક તીક્ષ્ણ શસ્ત્ર સાથે,દ્રોણાચાર્યના દેહના જે હાલ પોતે કર્યા તેવા જ પોતાના દેહના કરવાના નિશ્ચય સાથે પોતાના શિબિરમાં પ્રવેશ્યો.

અંધારામાં દૂરથી પણ અશ્વત્થામાએ એ જોયું. કૃપાચાર્ય અને કૃતવર્માને હાથના સંકેતથી જ રોકતાં એણે દોટ મૂકી. ધૃષ્ટદ્યુમ્નને એ ભૂલ્યો નહોતો. એના વિષે શંકાઓ આવતી જ હતી. દુર્યોધનની છેલ્લી ક્રૂર આજ્ઞાએ જ એને ઘડીક ભાન ભુલાવ્યું હતું.

દોડતા અશ્વત્થામાને અંધારામાં એક પથ્થરની ઠોકર વાગી અને એણે પછડાટ ખાધી. ફરી ઊભો થઈ આગળ વધે ત્યાં તો ધૃષ્ટદ્યુમ્ને પોતાના શિરને દેહથી જુદું કરી નાખ્યું હતું. ઉતાવળે, અધ્ધર શ્વાસે ત્યાં પ્રવેશતાં જ અશ્વત્થામા એ જોઈ હેબતાઇ ગયો. હજી જાણે કે પોતે ધૃષ્ટદ્યુમ્નને બચાવવા વહેલો પહોંચી ગયો છે અને એના હાથમાંથી શસ્ત્ર લઇ લેવાનું છે એવી એક સ્થગિત થઇ ગએલી માનસિક અવસ્થામાં જ આઘાતજનક પ્રસંગોની પરંપરાને પરિણામે ખોવાઇ ગએલા અશ્વત્થામાએ ત્યાં નીચે પડેલું રક્તથી ખરડાએલું શસ્ત્ર ઉપાડી લીધું.

તે જ ક્ષણે, થોડેક જ દૂર પ્રથિક્રમીએ નિદ્રામાં પડેલા પાંચાલીના પુત્રોને એક પછી એક હણી નાખ્યા. છેલ્લા એક પુત્રે જાગી જતાં ચીસ નાખી, પણ એને યે પૂરો કરીને પ્રથિક્રમી ભાગ્યો.

એ ચીસનો પડઘો અશ્વત્થામાએ સાંભળ્યો, અને હેબતાઈ ગએલો એનો જીવ અધ્ધર શ્વાસે થરથરી રહ્યો. હાથમાં ઉપાડેલા શસ્ત્ર ઉપરની પકડ, ધબકતા ધગધગતા એની નસોમાં દોડતા લોહીના પ્રવાહથી મજબૂત થઈ ગઈ. આ તરફ એ ચીસનો પડઘો સાંભળીને કૃતવર્મા અને કૃપાચાર્ય બીકના માર્યા ભાગ્યા.

અને એ ચીસનો પડઘો સાંભળીને 'ઓ—મા!!' કહીને એક ભયાનક સ્વપ્નામાંથી પડખેની શિબિરમાં સૂતેલી દ્રોપદી જાગી ગઇ. એ ઉતાવળે ઊભી થઇને દોડી—પોતાના પુત્રોને જોવા. અશ્વત્થામા પણ હાથમાં પેલા શસ્ત્ર સાથે દોડ્યો—પાંચાલીના પુત્રોને બચાવવા. એ વહેલો પહોંચ્યો. પાછળ દોડતી આવતી દ્રૌપદીનો માર્ગ ધૃષ્ટદ્યુમ્નના શિબિરમાં થઈને જ હતો. ભાઇના શિરવિહીન દેહ

કારમું દૃશ્ય જોઇને એક બીજી હૈયાફાટ ચીસ નાખતી ત્યાંથી ભાગતી દોડતી પોતાના પુત્રો હતા ત્યાં અશ્વત્થામાની પછી એ પ્રવેશી.

મશાલના અજવાળામાં ચારે તરફ ભયાનક આકાર લેતો પડછાયાની વચમાં એણે અશ્વત્થામાને જોયો. હાથમાં શસ્ત્ર હતું. બીજી તરફ એણે પોતાનાં સંતાનોનાં પણ કેવળ શબો જ જોયાં! અને એની ત્રીજી ચીસ! એ ચીસ જાણે કે અંતઃકરણમાં જ ક્યાંક ફાટી ગઈ હોય એમ ઉઘાડા હોઠે, મોટી આંખે, હાંફતે હૈયે એ અશ્વ-ત્થામાને જોઈ રહી: ક્ષણ એક જ. બીજી જ ક્ષણે એ દોડી અને અશ્વત્થામાને આંબી જઈ એના ગાલ ઉપર ત્રણ ચાર તમાચા આડાઅવળા મારી દીધા.

અશ્વત્થામા એમ ને એમ ઊભો રહ્યો: એક કારુણ્યમૂર્તિ બ્રાહ્મણપુત્ર! મહાભારત યુદ્ધથી ત્રાસેલો, પિતાના મોતથી ત્રા-સેલો, ધૃષ્ટદ્યુમ્નને બચાવવાને બદલે એને પોતાને જ હાથે એનું મોત જોઈ ત્રાસેલો, પાંડવપુત્રોને બચાવવાને બદલે એ બધાનું ક-રુણ મોત જોઇ ત્રાસેલો અને દ્રૌપદીના તમાચાથી જાણે કે એનો આરોપ પોતાના ઉપર આવી રહ્યો છે એમ સભાન થતો! એના હાથમાંથી શસ્ત્ર પડી ગયું.

તમાચા મારતાં તો મરાઈ ગયા, પણ તુરત જ દ્રૌપદીનાં શીલ અને સતીત્વ ક્ષોભમાં સળવળી ઊઠ્યાં અને શું થઈ ગયું—શું થતું આવે છે એની જાણે સમજ ન પડતાં, પોતે જાણે ગાંડી થઇ જશે એમ લાગતાં, કેવળ પોતાના હાથને નહિ સમગ્ર ચેતનાને સંકોર-વાનો પ્રયત્ન કરતી, મુખ ઉપરના સૌન્દર્યને કોઈ અમાનુષી વિ-કૃતિમાં દેખાડી રહી,

'તેં...તેં...તમે...મારા...ભાઈ...' સંકોરાતી ચેતનામાંથી દ્રૌપદીની વાણી પેલા પડછાયાઓની જેમ ચિત્રવિચિત્ર આરોહ-અવરોહમાં અટવાતી ગઈ. 'તમને મેં...તમને મેં...' તમાચા માર્યાના પશ્ચાત્તાપમાં એ જ વાણી વેદના પકડી રહી.

અને એ વાણીના પડઘા શમે એ પહેલાં આ બધાં ધાંધલથી પાંડવો ને શ્રીકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા; પણ એમાં ભીમ ન હતો.

અર્જુને પ્રવેશતાં જ પરિસ્થિતિ પામી જઈ અશ્વત્થામાને બે તમાચા ચોડી દીધા. એ તમાચા જાણે પોતાને પડતા હોય એમ દ્રૌપદીએ પોતાના બન્ને હાથે પોતાના ગાલ ઢાંકી દીધા.

અર્જુને અશ્વત્થામાને લાત મારવા પગ ઉપાડ્યો અને શ્રી-કૃષ્ણે સંયમપૂર્વક દૃઢતાથી એને રોક્યો. એ યોગીનું સ્વાસ્થ્યથી શોભતું સૌન્દર્ય સમગ્ર વાતાવરણને સંભાળી રહ્યું.

'અશ્વત્થામા!' ધીર ગંભીર મૃદુ અવાજે અશ્વત્થામાને ખભે હાથ મૂકી એ પૂછી રહ્યા: 'શું થયું, ભાઈ? રાત્રે આવે સમયે તું અહીં? આ રક્તથી ખરડાએલું શસ્ત્ર! અને આ દ્રૌપદીના પુત્રોનાં ધડથી જુદાં થએલાં માથાં!!'

'હું...હું...કહું. તમે માનશો?'

'કેમ નહિ? તું બ્રાહ્મણ છે. તારી વાણીમાં તો સત્ય જ હોય.'

'તો સાંભળો.' અને અશ્વત્થામાએ ધીરેધીરે કહેવા માંડ્યું.

જે વાત અશ્વત્થામાએ કહી તે સાંભળતાં, સમજતાં શ્રીકૃષ્ણ સ્તબ્ધ થઇ ગયા અને અશ્વત્થામાની વાણીમાં ઊઠતી વેદના, કા-રુણ્ય અને હતાશા ઘડીક તો એના સ્વાસ્થ્યને પણ હલાવી ગયાં.

પણ એ વાણીના પડઘા શમે ન શમે ત્યાં દ્રૌપદી ફરી ચીસ પાડી ઊઠી: 'ના...ના...ના...તેં જ આ કર્યું.' સતત પલટાતી એની મનોદશાએ ફરી જાણે કે પછડાટ ખાધી.

'બહેન, કૃષ્ણા! શાંત થા.' શ્રીકૃષ્ણે કહ્યું: 'અશ્વત્થામા સત્ય જ કહે છે. અશ્વત્થામા, તું સુખેથી પાછો જા. તને કોઈ ન રોકે એવી વ્યવસ્થા કરું છું.'

અશ્વત્થામા શ્રીકૃષ્ણને નમી પડ્યો: 'શ્રીકૃષ્ણ!' એણે આર્દ્ર સ્વરે કહ્યું: 'હું બ્રાહ્મણ એટલું જ માગું છું કે હવે અભિમન્યુપત્ની ઉત્તરા જતે દહાડે એક પુત્રને જન્મ આપે ને પાંડવોનો વંશ ટકી રહે. મારે માથે તમારો હાથ મૂકી બસ એટલી આશિષ આપો.'

શ્રીકૃષ્ણે અશ્વત્થામાને માથે હાથ મૂકી કહ્યું: 'અશ્વત્થામા! શુભનો સંકલ્પ તું બ્રાહ્મણ કરે એને તો દેવોના પણ આશિષ હોય. જા, સુખેથી જા. એ પાંડવ વંશને વિસ્તરતો કદાચ તું જ જોઇશ, કારણ કે મને તારામાં દીર્ઘાયુષ દેખાય છે. અમે કોઈ નહિ હોઇએ પણ તું હોઇશ. જા, ભાઇ, ચિરંજીવી થા.'

ઊભો થઇ અશ્વત્થામા સૌની રજા લઇ શિબિર બહાર નીકળી ગયો. મૂંગી દ્રૌપદી, મૂંગા પાંડવો અને સ્વસ્થ એક જ એવા શ્રીકૃષ્ણ એને જોઈ રહ્યા....અને અને ત્યાં જ, પાછળથી ભારે ધમધમાટી બોલાવતો, હાંફતો, ઉશ્કેરાએલો ભીમ હાથમાં રક્ત-વાળા શસ્ત્ર સાથે પ્રથિક્રમીને પકડી દાખલ થયો.

'આ દુષ્ટ!' એણે ઘોઘરે અવાજે કહ્યું: 'મેં એને અહીંથી ભાગતો જોયો એટલે પકડી લાવ્યો છું. ભારે જબરો દોડવાવાળો. મને તો પેલો ધૃષ્ટદ્યુમ્ન મરી જવા માગતો હતો એની ચિંતા હતી એટલે એની પાસે જતો હતો: ત્યાં આ દુષ્ટને અહીંથી શસ્ત્ર સાથે ભાગતો જોયો....ત્યાં એકાએક દ્રૌપદી દોડી અને ભીમ બોલતો અટકી ગયો. દોડીને દ્રૌપદી શ્રીકૃષ્ણને વળગી પડી. એ યોગી યુગપુરુષ એને માથે હાથેથી હેત નીતારી રહ્યા.

'શ્રીકૃષ્ણ!' ઊંડી વેદનામાં દ્રૌપદી બોલી ઊઠી: 'આજે મેં એક નહિ પણ બે ભાઇ ગુમાવ્યા.'

ત્યારે અશ્વત્થામાનાં પગલાં કુરુક્ષેત્રની ભૂમિથી દૂર દૂર ચાલ્યા જવાના નિશ્ચયથી આગળ અને આગળ પડતાં જતાં હતાં. □

અનુ.] **ગંગા વહે છે આપની** [પૃ. ૪૩રથી

અ૦: હે મહીપતિ! હું સત્યના બધા બંધુઓના સોગંદ ખાઇને કહું છું કે આજના યુદ્ધમાં હું કર્ણને મારીશ, યા હું પોતે રણભૂમિ ઉપર પોઢી જઇશ.

યુ૦: પાર્થ! તને મેં કટુવચનો કહ્યાં હતાં એ મનમાં લાવીશ નહિ. ક્રોધ ન કરતો. જા હું અનુજ્ઞા અને આશીર્વાદ આપું છું. રણમાં કર્ણનો વધ કરજે.

અ૦: કર્ણનો વધ કર્યા પછી જ આપને હું અભિવાદન કરવા આવીશ. હું આપને પ્રણામ કરું છું, અને વિદાય લઉં છું. □

[આ નાટ્ય પ્રસંગ માટે હું શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરાનો ઋણી છું. એમના 'ચિત્તજ્ઞ શ્રી કૃષ્ણ' (સ્વાધ્યાય પુ. ૧૦ અંક ૨) નામે લેખમાંથી મેં બધી સામગ્રી, શબ્દો ને ઘટના લીધાં છે. પોતાના એ લેખના સમર્થનમાં એમણે જે શ્લોકો ટાંક્યા છે એની મને ઘણી પ્રેરણા મળી છે.]

આસપાસનાં

નિબંધિકા

ભફૂલ ત્રિપાઠી

હું માનું છું કે તમે મારી વાત ખરી નથી માનવાના. તમે કહેશો: 'વહેમ છે'. ખરી વાત છે. મને પણ થાય છે, એ બધો મારો વહેમ જ હોય તો સારું, ભ્રમ જ હોય તો સારું; ને છતાં ય કો'ક વાર થઇ જાય છે કે કદાચ...

વાત આટલી જ છે. મારો લખવા-વાંચવાનો (વાસ્તવમાં તો ઘણુંખરું લખવા-વાંચવાને બદલે હીંચકા ખાવાનો—ઊંઘવાનો) કમરો ત્રીજે માળ છે. એ ઓરડાની બધી વસ્તુઓમાં જીવ છે.

સ્વ. જગદીશચંદ્ર બોઝે શોધેલું કે વનસ્પતિમાં પણ ચૈતન્ય છે, જીવ છે. એ પણ હર્ષ-શોક અનુભવે છે, હસે છે, રડે છે. મારા કમરાની વસ્તુઓમાં પણ જીવ હોવાનો સંભવ છે. જોકે એ ઘણું-ખરું મારી ઠેકડી કરીને હર્ષ જ અનુભવે છે, શોક તો મને જ 'અનુભવાવે' છે; અને હસે છે પણ ખરી. અલબત્ત, હસે છે મનમાં, પણ હસે છે ખરી. આ વાત હું સાબિત કરી શકું એમ નથી. વનસ્પતિ અંગે જગદીશચંદ્ર બોઝ અમુક યંત્રો દ્વારા સાબિત કરી શકેલા કે વનસ્પતિમાં જીવ છે. મારા કમરાની દરેક વસ્તુમાં ય જીવ તો છે જ, પણ એ જીવ એવો કુશળ છે કે પોતે છે એ વાત યંત્રથી પકડાઇ જવા દે એમ લાગતું નથી. એને ભગવાન જેવી ટેવ છે. પોતે હોવું છતાં પોતે ન હોય એવો ભ્રમ ઊભો કરવો. આમ દેખીતી રીતે તો એ બધી જ વસ્તુઓ મનુષ્યના સુખ માટે જ સર્જાએલી, કહ્યાગરી, ડાહીડમરી વસ્તુઓ જ લાગે છે. પણ હકીકતમાં એ બધીમાં જીવ છે અને જીવ છે એટલું જ નહિ, ઘણો જ તોફાની, કુશળ, હરામખોર, પક્કો જીવ છે.

મારી આ પેનની જ વાત લો. મારી પેન સારી છે. મને પ્રિય છે. મેં જે મિત્ર પાસેથી એ મેળવેલી એ કહેતો હતો કે એણે જે મિત્ર પાસેથી એ મેળવેલી તેને આ પેનના માલિકે જાતે કહેલું કે પેન ખૂબ સરસ છે. મને એ ગમે છે ઘણી; મારા મિત્રને પણ ઘણી ગમતી એટલે તો એ મને આ પેન ક્ષણ માટે પણ ધીરવા તૈયાર ન હતો. પણ થવા કાળ તે એનાથી મને ધીરાઈ ગઇ, અને નિર્માણ એવું કે મારાથી ઉછીની લેવાઇ ગઇ. પછી તો તે દિવસે પાછી માગવાની એ ભૂલી ગયો, અને મુશાયરાની ગઝલમાં પહેલી પંક્તિને અંતે 'જુદાઇ છે' આવે એટલે શ્રોતાજનો સમજી જ લે કે બીજી પંક્તિને અંતે 'ખુદાઇ છે' આવવાનું, તેમ તમે સમજી જશો કે મારો મિત્ર એ પેન માગવાની ભૂલી ગયો એ મનોહર પંક્તિ પછી કયું વાક્ય આવવાનું! મારો મિત્ર એ પેન પાછી માગવાની ભૂલી ગયો, અને સ્વાભાવિક રીતે જ હું એ પાછી આપવાની ભૂલી ગયો. પછી તો એને યાદ આવ્યું, ઘણી વાર યાદ આવ્યું; પણ એ મારે ઘેર આવે અને પેન હોય ત્યારે એ પાછી લઇ જવાનું યાદ ન આવે, અને હું એને ઘેર જાઉં અને એને પેન માગવાનું યાદ આવે ત્યારે પેન ત્યાં હાજર ન હોય, એમ ચાલ્યા કર્યું. એકબે વાર મારે ઘેર એ આવ્યો ત્યારે એને પેન યાદ પણ આવી, પણ પછી ઘણી વાર ઉછીની અપાયેલી વસ્તુઓ સામે માણસ જેવી પચાવી પાડે છે એ અંગે અમે વાતોએ ચડયા અને એમણે એક પછી એક પોતાના અનુભવો એવા તો વર્ણવવા માંડયા કે એ વાતોમાં ને વાતોમાં એ પોણો કલાક બેઠા, ચા પીધી, અને 'આજે તો બહુ મઝા આવી' એમ કહી આવજો કરીને ગયા ત્યાં સુધી એ પેન ટેબલ પર જ પડેલી, પણ કોણ જાણે કેમ એમને યાદ જ ન આવી. અને મને પણ ન આવી. બે કલાક પછી એ દોડતા પાછા આવ્યા: 'તેં મને વાતોએ ચડાવીને પેન પાછી લઇ જવાનું ભુલાવી દીધું', એવો—જગતમાં મારા ઉપર અનેકવાર થાય છે એવો—આક્ષેપ કરી એમણે પેન માગી. મને પાછી આપવામાં વાંધો ય શો હોય? પણ—પણ જોયું તો પેન ટેબલ પર નહિ! કયાંક ગબડી પડી હશે માનીને અમે એ ઘણી શોધી, ટેબલ ખસેડયું, ટેબલ પરની ચોપડીઓ ખુરશી પર મૂકી. (તે પહેલાં ખુરશી પરની ચોપડીઓ હીંચકા ઉપર મૂકવા માટે હીંચકા પરની ચોપડીઓ બાજુએ ખસેડી લીધેલી) ટેબલ પરની બીજી વસ્તુઓ પણ ઊંધીચત્તી કરી જોઇ. પણ પેન ન જડી. મેં જાણી જોઇને સંતાડી હોય એમ માનવા તો એ પણ તૈયાર નહોતા. અને મેં ખરેખર સંતાડી તો નહોતી જ. અમે પેન ખૂબ શોધી પણ ન જડી. એ ગુસ્સે થઇને તરત ને તરત નવી પેન બજારમાંથી લઇ આવ્યા અને ધસમસતા મને બતાવવા આવ્યા. અમે એમની પેન જોઇ. સરસ હતી. સરખામણી કરવા મેં મારા બુશશર્ટના ખિસ્સામાંથી મારી પેન કાઢી. અલબત્ત, એમની નવી પેન મારી પેન કરતાં તો સારી નહોતી જ. મેં એમને સમજાવવાનો પ્રયત્ન પણ કર્યો. મેં કહ્યું: 'જુઓ, આ નિબ...' ત્યાં તો એકદમ એ ઊછળ્યા. મને કહે: 'એ મારી પેન છે.' 'છે જ' મેં કહ્યું. 'એ નહિ, પેલી.' 'કઇ?' મેં પૂછયું. 'આ...તમે ખિસ્સામાંથી કાઢી ને? તે જ! આપણે મારી જે પેન શોધતા હતા તે આ જ! તમારા ખિસ્સામાં કયાંથી આવી ગઇ?' મને ય ખબર નહોતી કે એ મારા ખિસ્સામાં કયાંથી આવી ગઇ! (જગતમાં અનેક વસ્તુઓ એક વ્યક્તિના ખિસ્સામાંથી બીજી વ્યક્તિના ખિસ્સામાં કેવી રીતે જતી રહે છે તે મને હજી ય સમજાયું નથી. 'ઇકૉનૉમિક ટાઈમ્સ' અને 'ફાઇનાન્શિયલ એકસપ્રેસ' બન્ને નિયમિત વાંચું છું તોય. ઉપરથી ગૂંચવાડો વધતો જાય છે.) ટૂંકમાં, આખરે એમની પેન જડી. અમે ઉજવણી કરી. જાતે ચા બનાવી પીધી. આનંદ કર્યો. જતી વખતે એ પેન પાછી લઇ જવી ભૂલી ગયા.

હવે એ પેન મારી પાસે જ રહી છે. એ માગતા નથી. અમે બન્નેએ ઇશ્વરની ઇચ્છાને માન આપી એ અંગે સમાધાન મેળવી લીધું છે. પણ આ મારી અને મારા એ મિત્રની ય પ્રિય પેન અંગે મારે જે મૂળ વાત કહેવાની હતી તે તો એ કે એણે આ લખાણની

શરૂઆતમા ત્રણ વાર ધાબાં પાડ્યાં; પણ હવે સરખી ચાલે છે. હમણાં ગમે ત્યારે મિજાજ છટકશે એટલે ફરીથી ધાબાં પાડવા માંડશે. પછી એકદમ અટકી જશે—તદ્દન અટકી જશે. હું ઘરની કોઇ વ્યક્તિને બૂમ પાડીને 'પેનમાં શાહી ભરી લાવશો ?' એવી વિનતિ કરીશ. એ વ્યક્તિ પેન નહિ ભરી આપવા માટે-નાં એનાં જૂનાં ચારપાંચ બહાનાં, અને નવાં એકબે રજૂ કરશે. (જૂનાં બહાનાં 'હું કામમાં છું', 'તમારે સ્વાશ્રયી બનવું જોઈએ', 'લેખક થયા છો તો સારી પેન તો રાખો', 'મોટે ભાગે ઘરમાં શાહી થઇ રહી છે', 'એમ કરો, પછીથી ભરી આપું તો ?' 'આવડા મોટા થયા પણ પેનમાં શાહી ભરતાં ય નથી આવડતું ને ? આવડતું હોય તો ભરી બતાવો' વગેરે રજૂ કરશે). હું એ બધાના જવાબ આપીશ. 'સારું ત્યારે લાવો; આટલી વાર ચર્ચા કરી એમાં તો ચાર પેન ભરાઇ જાત'–એમ કહીને એ પેન લેશે. 'હું પણ એમ જ કહું છું'–એમ હું કહીશ. 'તો પછી ચર્ચા શા માટે કરો છો ?' એવો–આશ્ચર્યમાં ડૂબેલો એવો હું જેનો જવાબ જ ન આપી શકું એવો—પ્રશ્ન એ પૂછીને પેનમાં શાહી ભરવા પેન ખોલશે,—અને અમે બન્ને જોઇશું કે પેનમાં શાહી ભરેલી જ છે!

પેન છંટકારીને હું ફરીથી લખવા માંડીશ. નહિ લખાય. ફરીથી છંટકારીશ. લખાવા માંડશે. ચોકસાઈ કરવા હું ફરીથી એક વાર છંટકારીશ. લખાતું બંધ થઇ જશે.

મેં અમારા પેન-રિપેરરને બતાવ્યું. એ કહે: 'સાહેબ, પૈસા વધી પડ્યા છે ?' મેં કહ્યું: 'કેમ એમ પૂછો છો ?' 'ત્યારે સાહેબ, નકામા મારા જેવાને પૈસા ખવડાવવા પેન લાવ્યા છો ને! બાકી પેન તો બરાબર છે. કંઇ થયું નથી.' 'પણ કોક વાર ધાબાં પાડે છે ને કોક વાર અટકી જાય છે, એનું શું ?' 'બને જ નહિ ને! પેન સરસ છે.' એણે રદ્દી કાગળ પર જુદી જુદી લંબાઈનાં સાત સાપોલિયાં ચીતરી બતાવ્યાં અને આઠેક વાર પોતાની સહી કરી. એ વધારે સહીઓ કરવા તૈયાર હતો, ઉત્સુક હતો, પણ મેં પેન પાછી લઈ લીધી. 'સાહેબ, બીજા પાસે ના જતા. નકામો રૂપિયો રિપેરિંગનો ફોગટ પડાવી લેશે. બાકી પેનમાં કંઈ બગડ્યું નથી' કહીને એણે મને વિદાય આપી.

અને છતાં ય હજી લખું છું ત્યારે ઘણી વાર એ પેન ચાલે છે અને ઘણી વાર નથી ચાલતી. એટલે જ મને વહેમ પડે છે કે એને પોતાની ઇચ્છાશક્તિ જેવું કંઇક છે.

પણ મારી ઘડિયાળ આ વાતનો વધુ સારો પુરાવો પૂરો પાડે છે. દેખાવમાં ઘણી સારી લાગે છે, સુશીલ લાગે છે. ત્યાં કબાટ પર ટક ટક કરતી પડી હોય છે ત્યારે આંખો મીંચીને 'સીતારામ–રામસીતા, સીતારામ–રામસીતા'નો જપ કરતા કોઈ સંત જેવી શાંત પવિત્ર લાગે છે. પણ એને વચ્ચે બોલવાની બહુ ટેવ છે. મિત્રો આવ્યા હોય અને વાતો ચાલતી હોય, અમે સૌ ઘાંટા પાડતા હોઇએ ત્યાં એકદમ ચિડાઈ ગએલી મહેતીની જેમ ટનનન્ કરતી બૂમ પાડી ઊઠે છે. 'અત્યારે ઍલાર્મ કેમ વાગ્યું ?' એનો મિત્રોને ખુલાસો આપતાં મારો દમ નીકળી જાય છે. કોક વાર રાત્રે બાર વાગ્યે ઍલાર્મ વાગે છે, કોક વાર ધાર્યા મુજબ સવારે સવા છ વાગ્યે પણ વાગે છે! પછી સાડા છ વાગ્યે ફરી ઍલાર્મ વાગે છે, સાત વાગ્યે ફરીથી વાગે છે અને પછી એ, ખૂબ થાક લાગ્યો હોવાથી, છેક ત્રીજા દિવસે સાંજે સાડાપાંચ વાગ્યે જ ફરીથી એલાર્મ વગાડે છે! મારા આ ઘડિયાળનો રિપેરર ઘણો સમજુ છે. એને ઘડિયાળ બતાવું છું તો 'સાહેબ, સાફસૂફીની જરૂર છે, મૂકી જાઓ' એવો જ જવાબ આપે છે. ત્રણ દિવસ પછી દોઢ રૂપિયો આપીને હું એ પાછું લઈ આવું છું. ચારપાંચ દિવસ-માં એ ઘડિયાળને ફરીથી સાફસૂફીની જરૂર પડે છે. રિપેરર 'હોય સાહેબ, એ તો ઘડિયાળ છે; જાઓ, હું જોઈ રાખીશ, પણ આ વખતે સાહેબ સાફસૂફીના પૈસા નહિ લઉં હોં' એમ કહી બે દિવસ ઘડિયાળ રાખે છે ને પછી અંદરનો સ્ક્રૂ બદલ્યા બદલ માત્ર સાડા ત્રણ રૂપિયા લઈ (સાફસૂફી ફ્રી) એ ઘડિયાળ પાછું આપે છે. મેં એને એક વાર પૂછ્યું: 'ખરેખર, આ ઘડિયાળમાં કંઈ ખોટ છે ?' તો એ કહે: 'હોય સાહેબ ? હજી બીજાં વીસ વર્ષ કાઢશે.' મને થયું આ ઘડિયાળ જો વીસ વર્ષ કાઢશે તો સાહેબ એની સાથે વીસ વર્ષ કાઢી નહિ શકે એ ચોકસ,' પણ હું કંઇ બોલ્યો નહિ.

મારા ટેબલ-લૅમ્પની વાત લો. એ ટેબલ-લૅમ્પને લાંબી ડોક છે, જે ત્રિભંગી રચી શકે છે. આનો એ ઘણો લાભ ઉઠાવે છે. હું લખતો હોઉં ત્યાં એકદમ ડોકી વાંકી કરી બીજે દૃષ્ટિ ફેરવી દે! હું એને સરખો કરું. વળી પાછો ડોકી ફેરવી દે. ક્યારેક આખી રાત મારી જોડે જાગે અને મારું લખ્યું રસથી વાંચ્યા કરે. હું ખુરશીમાં ઊંઘી જઉં તો ય એ જાગે એવો વફાદાર. પણ ક્યારેક મારા લખવાના કાગળ પર ડોકું ઢાળીને ઢળી પડે. હું એને જગાડું: 'આ પણે ઘણું કામ બાકી છે.' એ કહે 'હં.' થોડી વાર જાગે, ને પછી પાછો ટેબલ પર ડોકું ઢાળી ઊંઘી જાય. વારંવાર જગાડતાં મારો જીવ ન ચાલે. હું લખવાનું સંકેલીને ઊંઘી જાઉં—એને ખુશ કરવા.

હું જાણું છું કે આ બધાંને હું એકસામટાં વેચી દઈ શકું એમ છું. ગુસ્સો આવે ત્યારે એવું મન થાય ખરું. પણ પછી જીવ નથી ચાલતો. કો'ક વાર રાતે દોઢ વાગ્યે અચાનક ઊંઘમાંથી જાગી જાઉં છું અને બારીમાંથી આવતી ચાંદનીના આછા પ્રકાશ-માં 'રામસીતા–સીતારામ' કરતું પેલું ઘડિયાળ જોઉં છું, અને પથારીમાંથી આળોટતાં આળોટતાં નાની છોકરી જેવી ટેબલ પરથી ઊંઘમાં જ ગબડીને નીચે પડી ગએલી પેન જોઉં છું, તાકા-માં સૂઈ ગએલી હથોડી જોઉં છું, 'આવોને, આપણે ક્યૂડ-ક્યૂડની અને ના ગમે તો કચડાટ-ચૂની રમત રમીએ' એવું કહેતો હીંચકો જોઉં છું, મોં પહોળું કરીને ઊંઘતું ચોપડીઓનું નાનું કબાટ જોઉં છું, ડોક લંબાવી ગહેકતા મોર જેવો ટેબલ-લૅમ્પ જોઉં છું, ભીંત પર ઝોકાં ખાતું કૅલેન્ડર જોઉં છું, અને અનંતની મુસાફરીએ નીકળેલી ટ્રેનના ડબ્બા જેવા મારા આ કમરામાં મુસાફરો જેવી, એકબીજાને ટેકે આમતેમ આડી પડેલી ચોપડીઓ જોઉં છું ત્યારે મારું મન બદલાઇ જાય છે. મને થાય છે આ બધાં વિના મને ગમશે નહિ. નવી પેનથી (અનુ. પૃ. ૪૫૬)

ગુજરાતની બે દુર્લભ શિલ્પકૃતિઓ

ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ

ગુજરાતનું પ્રાચીન શિલ્પધન હજુ ઘણું શોધવું બાકી છે. છેલ્લાં થોડાંક—લગભગ પચીસેક—વર્ષમાં જે કંઈ પ્રકાશમાં આવ્યું છે તે ગુજરાતની કલાદૃષ્ટિ અને કલાપ્રીતિને માટે ગૌરવ અપાવે તેવું ઊંચી કોટિનું છે. 'કુમાર'ના ઇ. ૧૯૫૪–૫૫નાં વર્ષોમાં, અને તે પછી, કેટલાંક ઉચ્ચ કોટિનાં પ્રાચીન શિલ્પોનો પરિચય આપવાનો આ લેખકે પ્રયાસ કર્યો હતો. આવી જ રીતે શ્રી પંઢરીનાથ ઇનામદાર, ડૉ. રમણલાલ મહેતા, ડૉ. હરિલાલ ગૌદાની, શ્રી મધુસૂદન ઢાંકી, ડૉ. મંજુલાલ મજમુદાર, શ્રી મણિલાલ વૉરા, શ્રી નરોત્તમ પલાણ, વગેરે વિદ્વાનોએ છેલ્લા ત્રણેક દાયકામાં ઘણાં અગત્યનાં સોલંકીકાલીન તેમજ સોલંકી-પૂર્વ કાલીન શિલ્પો પ્રકાશમાં આણ્યાં છે. 'સ્વાધ્યાય' પુ. ૯, અંક ૪માં ગુજરાતનાં બે પ્રાચીન શિલ્પો આ લખનારે રજૂ કર્યાં છે તે અનેક રીતે ગુજરાતી શિલ્પકલાના ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

આવું જ એક કિંમતી અને ખૂબ વિચારતા કરી મૂકે તેવું શિલ્પ અહીં ચિત્ર નં. ૧ માં રજૂ કર્યું છે. જમણા હાથમાં ઉપરને છેડેથી સાંકડો અને નીચેને છેડેથી પહોળો ગોળ દંડ (સાંબેલાની ગરજ સારે તેવો) પકડી અને ડાબા હાથથી ખોળામાં બેસાડેલા બાળકને પકડી બેઠેલી આ માતૃકા મૂર્તિનો ફોટો જૂનાગઢના મ્યૂઝિયમમાંથી વર્ષો પહેલાં—લગભગ ઇ. સ. ૧૯૧૫ આસપાસ તે સમયના આર્કિયૉલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયાના વેસ્ટર્ન સર્કલના ઉપરી અધિકારીએ પાડેલો, તે એ ઑફિસની નેગેટિવ પરથી ઈ. સ. ૧૯૬૧માં મેં મેળવેલો. ત્યાર પછી એકાદ વર્ષ બાદ મેં આ છબિ જરા મોટી કરાવી મેળવી એમ યાદ છે. અમેરિકા જતી વખતે મેળવેલા એ ફોટો તરફ મારું યોગ્ય ધ્યાન ત્યારે ખેંચાએલું નહિ, પણ પશ્ચિમ ભારતીય શિલ્પકલાનો જે ઇતિહાસ હું તૈયાર કરું છું તે અંગે વધુ સામગ્રી અને વિચાર કરતાં આજથી પાંચેક વર્ષ પૂર્વે મને સૂઝી આવ્યું કે આ શિલ્પ અતિ પ્રાચીન છે. પછી તો જેમના હાથમાં ગુજરાતનાં બધાં મ્યૂઝિયમો હતા તે વડોદરા મ્યૂઝિયમના ડિરેક્ટર શ્રી વી. એલ. દેવકરને મેં આની અગત્ય સમજાવી કહ્યું કે આ શિલ્પનો વધુ ઝીણવટથી અભ્યાસ કરવો છે તો એ કયા પાષાણનું છે, કેટલું લાંબું પહોળું છે વગેરે હકીકતો મેળવી આપો. તેઓએ એના ફોટોની એક નકલ પણ મારી પાસેથી મેળવી અને તપાસ કરાવી જણાવ્યું કે આ શિલ્પ જૂનાગઢ મ્યૂઝિયમમાં નથી! આ બહુ જ શોકની વાત છે અને એના જૂના રજિસ્ટર મુજબ એ સંભાળી લેવાની કાળજી તથા એની સુરક્ષા (જૂનાગઢ રાજ્ય વિલીન થયા પછી) કોણે કેમ બરાબર ના કરી અને આવું બીજું શું શું ખોવાયું છે તે તપાસ થવી ખૂબ જરૂરી છે—શા માટે તે



ચિત્ર નં. ૧. ગુજરાતની એક અતિ પ્રાચીન માતૃકામૂર્તિ. ઈ. ૧૯૧૫માં લેવાએલા તેના આ ફોટા પછી ગુમ થયા બાદ હાલ એ ક્યાં છે તેની જાણ નથી કે તેની કોઈ નોંધ નથી.

આ નીચેની હકીકત પરથી સમજાશે. આ શિલ્પની વિશિષ્ટતાઓ નીચે મુજબ છે.

(૧) માતાના ખોળામાંનું બાળક સામાન્ય રીતે જે પ્રમાણનું હોય છે તેથી ઘણું મોટું બતાવવામાં આવ્યું છે.

(૨) માતાના મસ્તક પરના વાળ અને વાળ બાંધતા મુકુટ કે અન્ય અલંકારની રચના, જેમાં એક બાજુ મોટું પુષ્પ બતાવ્યું છે તે શૈલી આશરે ઈ. સ. પૂર્વે પહેલા સૈકાથી માંડી ચારેક સૈકા સુધીનાં શિલ્પોમાં જુદેજુદે રૂપે મળે છે.

(૩) માતા તથા બાળકના હાથના નાનામોટા અનેક વલયો-બંગડીઓ—ચૂડીઓ—ની પરિપાટી પણ ઈ. સ. પૂર્વે બીજા સૈકાથી માંડી લગભગ ઈ. સ. ના બીજા-ત્રીજા સૈકા સુધીનાં પાષાણ શિલ્પો અને મૃણ્મૂર્તિઓ (માટીકામની મૂર્તિઓ) વગેરેમાં મળે છે.

(૪) માતાના કમરબંધને મધ્યમાં એક બાજુએ લટકતું નાનું ફૂમતા જેવું (loop વાળું) છે તે ઘાટ પણ પ્રાચીન શૈલી અને પરિપાટીનો હોઈ ઇ. સ. ત્રીજા સૈકા જેટલો તોજૂનો હોવો જોઈએ.

(૫) ગળામાંની એકસેરી મૌક્તિકમાળામાં વચ્ચે અર્ધચંદ્ર અથવા વર્તુલાકારનું જે સોનાની પટ્ટીનું અલંકરણ છે તે ફક્ત ગાંધાર કલામાં એક બે શિલ્પોમાં, મુંબાઈમાં વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમના કંપાઉન્ડમાંથી મળેલા સોપારાના મનાતા યક્ષની બાજુમાંની સ્ત્રી—આકૃતિના ગળાની કંઠીમાં તેમજ જૂનાગઢમાંથી મળેલી એક બે માટીની આકૃતિઓના ગળામાં જ જોવા મળે છે.

ગાંધાર કલાનો ક્ષત્રપયુગીન પશ્ચિમ ભારતીય કલા સાથેનો ગાઢ સંબંધ સૂચવનાર આ લાક્ષણિકતા આ શિલ્પને ઇ. સ.ના



ચિત્ર નં. ૨. વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં ભીમનાથ મહાદેવના મંદિરની પાછળ ખુલ્લામાં પડેલી, સુંદર કેશવિન્યાસ અને જટાભાર પર મુક્તાદામ-ખચિત, ચૂડામણિયુક્ત મુકુટધારી રામ-સીતા કે કંદર્પ-રતિની આ પ્રતિમા પણ સંરક્ષણ માગે છે.

ત્રીજા-ચોથા સૈકાથી અર્વાચીન નહિ એમ પુરવાર કરે છે. બાળકના ગળામાં પણ મોટાં મૌક્તિકની એકસેરી માળા છે. એના માથા પર કેશ ઓળવાની પદ્ધતિ પણ પ્રાચીન છે.

(૬) આ શિલ્પના મૂળ ફોટાની જે નેગેટિવ છે તેમાં એક બાજુ વિષ્ણુની એક છૂટી ધાતુપ્રતિમા, અને બીજી બાજુ બીજી એક જૈન ધાતુપ્રતિમા (મ્યૂઝિયમના સંગ્રહમાંથી જ મૂકી) ફોટો પાડેલો. તે ત્રણે ય મૂર્તિઓની ઊંચાઈ સરખાવતાં આ શિલ્પ પ્રમાણમાં નાનું, એક-દોઢ ફૂટથી વધુ ઊંચું નહોતું એમ લાગે છે. (ત્રણેય મૂર્તિઓનો ભેગો ફોટો મ્યૂઝિયમમાં શ્રી દેવકરને મેં આપેલો તે તેમની પાસે જ રહ્યો છે તેથી છાપી શકાયો નથી.)

(૭) કલાની દૃષ્ટિએ જોતાં માતા ને શિશુની આકૃતિઓ ગુપ્ત અસરની નહિ પણ ગુપ્ત કાળ બહુ પ્રાચીન ન હોવાનું સંભવે છે. ખાસ કરીને માતા અને શિશુના મુખભાવ સુંદર અને સજીવ છે.

બધી દૃષ્ટિએ વિચારી જોતાં આ શિલ્પને ક્ષત્રપકાલમાં, ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકામાં મૂકવામાં કોઇ શંકાને સ્થાન રહેતું નથી. આપણી પાસે ગુજરાતની એવી પ્રાચીન શિલ્પકલાનો મનુષ્ય આકૃતિનો નમૂનો હજુ ઉપલબ્ધ નથી, અને જે નમૂના મળ્યા છે તે બધા ચોક્કસ પ્રમાણથી આથી વધુ પ્રાચીન સમય— ઈ. પૂર્વ પહેલી સદી કે ઇ. સ. ની પહેલી–બીજી સદી–માં મૂકી શકાય એવા પુરાવા મારી જાણમાં નથી. એટલે હાલ પૂરતું તો આ શિલ્પને ઇ. સ. ના ત્રીજા ચોથા સૈકામાં બનેલું ગણવું સારું છે.

ગુજરાતની આ સમયની શિલ્પસામગ્રી બહુ જૂજ સાંપડી હોઇ આ શિલ્પ ખોઇ નાખવાની બેદરકારી ઘણું દુઃખ ઉપજાવે છે.

જૂનાગઢમાં ઉપરકોટની ગુફા તરીકે ઓળખાતું સ્થાપત્ય, ખાપરા કોડિયાની ગુફા તરીકે ઓળખાતો વિહાર, બાવા પ્યારાની ગુફાઓ તરીકે ઓળખાતી ગુફાઓ, રુદ્રસેન વિહારની મુદ્રા જેમાંથી મળેલી તે ઈંટવા ટેકરીના અવશેષો તેમજ સ્તૂપોના અવશેષો જેમાં લાગે છે તેવા અન્ય ટેકરાઓ વગેરે જોતાં આ શિલ્પ જૂનાગઢના જ કોઇ પ્રાચીન સ્થળમાંથી મળેલું જૂનાગઢ મ્યૂઝિયમમાં સચવાએલું હશે એમ લાગે છે.*

હવે એક બીજું, ક્વચિત્ મળતું ગુજરાતનું શિલ્પ જોઇએ. આ શિલ્પ (ચિત્ર-૨) વડોદરામાં સયાજીગંજ વિસ્તારને દક્ષિણ છેડે આવેલા વિશાળ કંપાઉન્ડવાળા ભીમનાથ મહાદેવના મંદિરમાં, મૂળ મંદિરની પાછળની એક દેરી પાસે ખુલ્લામાં પડેલું છે. આમાં સુંદર કેશવિન્યાસ અને જટાભાર પર મુક્તાદામ-ખચિત, ચૂડામણિયુક્ત મુકુટધારી કોઇ દેવ, જમણા હાથથી મોટું ધનુષ પકડી, ડાબો હાથ બાજુમાં ઊભેલી દેવીના ખભા પર ટેકવી સમપાદે ઊભા છે. દેવીની લાલિત્યભરી અંગભંગિ, માથા ઉપરના મોટા અંબોડાની ધમ્મિલ્લ કેશરચના, સુંદર મુખાકૃતિ સાથે સ્થિરગંભીર ધીરોદાત્ત નાયક જેવી દેવની આકૃતિ મળી એક સુંદર શિલ્પનું સર્જન થયું છે. મહીમ ધોતી પહેરેલા દેવનાં સુદૃઢ ઘાટીલાં અંગો અને ખભા સુધી લટકતો કેશવિન્યાસ ગુપ્ત કલાની યાદ આપે છે. આ શિલ્પ ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં બનેલું માની શકાય.

દેવીના એક હાથમાં પુષ્પ લાગે છે. જીર્ણ થએલા આ શિલ્પમાં બધી કોતરણી સ્પષ્ટ રહી નથી, છતાં હજુ જો સુરક્ષા થાય તો આ શિલ્પને સાચવવા જેવું છે. હાથમાં ધનુષ હોવાથી આ યુગલ કાં તો રામ-સીતા હોય, અથવા કંદર્પ અને રતિ હોય. મુકુટ ઈત્યાદિ જોતાં આ શિલ્પ કંદર્પ અને રતિનું માનવાની વૃત્તિ થાય છે. વળી આ શિલ્પ ભીમનાથ મહાદેવના મંદિરના ચોગાનમાંથી મળ્યું છે તે યાદ રાખવું ઘટે. કંદર્પની આકૃતિ ઘૂંટણ નીચેથી ખંડિત છે; રતિના પગ ઘૂંટણ અને તેની સહેજ ઉપર સુધી ખંડિત છે. અત્યારે આ શિલ્પ લગભગ સાડા ત્રણ ફૂટ હોઇ મૂળ, તે મનુષ્યાકૃતિ પ્રમાણનું હશે એમ સંભવે છે.

આ જ શૈલીનું એક જીર્ણ સુંદર મસ્તક પણ એની બાજુમાં પડેલું છે, અને આ જ શૈલીનાં બીજા બે શિલ્પો હાલ વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે. તેમાંનું એક ભૈરવ (?)નું શિલ્પ, જેનું ધડ અને મસ્તક જ બચ્યાં છે અને પેટની નીચેનો ભાગ નષ્ટ થયો છે તે અહીં ચિત્ર ૩ તરીકે રજૂ કરું છું. કંદર્પ અને રતિનું તથા અર્ધકાય શૈવ શિલ્પ એક શિલ્પશૈલીનાં હોઇ ચિત્રવાળું શિલ્પ પણ મૂળ ભીમનાથ મહાદેવના મંદિરમાંનું જ વર્ષો પહેલાં મ્યૂઝિયમમાં

*આશા છે કે ગુજરાતનાં મ્યૂઝિયમો સંભાળનાર હાલના નવા અધિકારી આ શિલ્પને મ્યૂઝિયમના સ્ટોરમાં ક્યાંક અટવાએલું હોય તો શોધી કાઢશે. ગુજરાતના દરેક મ્યૂઝિયમમાંની દરેક કિંમતી ચીજનો ફોટોગ્રાફિક રેકોર્ડ થઈ એની સુરક્ષા માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નિષ્ણાતોની સૂચના મુજબ કરવામાં આવશે એમ પણ આશા છે. —લેખક





ચિત્ર નં ૩ અને ૪. આ લેખમાં ઉલ્લેખિત બંને શિલ્પોની શૈલીનાં, હાલ વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત બે શિલ્પો. તેમાંનું (ઉપરનું) ખંડિત શિલ્પ કદાચ ભૈરવનું છે. બીજું (બાજુનું) શિલ્પ પણ ભૈરવનું જ છે. વડોદરાના ઉદ્યોગપતિ શેઠ આણંદલાલના બગીચામાંથી મળેલી આ ગુપ્ત-કાલીન પ્રતિમાનું શિલ્પાંકન લકુલીશ પાશુપત સંપ્રદાયની કોઈ વિલુપ્ત પ્રણાલિકા અનુસારનું જણાય છે.

પહોંચી ગએલું હશે. શેઠ આણંદલાલના બગીચામાંથી મળી આવેલી ભૈરવની મૂર્તિ (ચિત્ર નં. ૪) જે હાલ વડોદરા મ્યૂઝિયમમાં છે તે પણ લગભગ ઇ. સ. ના છઠ્ઠા સૈકાની ભીમનાથ મહાદેવના મંદિરમાંની જ કોઇ કાળે વેરવિખેર થએલી હશે.

ભીમનાથ મહાદેવનું મંદિર ઘણું પ્રાચીન છે. મરાઠા યુગમાં ગાયકવાડ સરકારે એનો જીર્ણોદ્ધાર કરાવ્યો લાગે છે. આ મંદિરના કંપાઉન્ડના દરવાજામાં દાખલ થતાં, ટકોરખાનાની નીચે જમીન પર જડેલા પથ્થરો પર સલાટોની નિશાનીઓ કોતરેલી છે. આ નિશાનીઓ ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકાના બ્રાહ્મી અક્ષર 'ય'ના આકારની છે. આ પથ્થરો, મંદિરમાંનાં ખંડિત શિલ્પોને ઊંધાં જડી દીધેલાં હોવા સંભવ છે. એ પથ્થરોને એક વખત સાચવીને ઉખેડી એની બીજી બાજુ જોવી જોઇએ. સંભવ છે કે ગુજરાતની પ્રાચીન શિલ્પકલાના વધુ અવશેષો મળે. આ મંદિરના કંપાઉન્ડની પાછલી દીવાલના એક ખૂણાનું પ્લાસ્ટર ઊખડી ગએલું ત્યારે નીચેના ભાગમાં, મેં ક્ષત્રપકાલીન ઈંટોનું ચણતર જોએલું; એટલે આ દીવાલમાં મૂળ મંદિરની કે આજુબાજુની જૂની ઈંટો નવા ચણતરમાં વપરાઇ હશે અથવા જૂની દીવાલનો એ ભાગ રાખી ઉપર નવું ચણતર થયું હશે. પરશુરામના ઈંટો પકવવાના કારખાનાના ઉત્તર છેડે આવેલું આ ભીમનાથનું મંદિર મૂળ તો પ્રાચીન અંકોટક-અકોટાની ઉત્તર તરફની સીમે આવેલું શિવાલય હશે. પ્રાચીન અકોટાના ખોદકામમાં ક્ષત્રપ યુગ સુધીના અવશેષો મળ્યા છે, તેમજ અંકોટામાંથી નીકળેલો જૈન ધાતુપ્રતિમા-સંગ્રહ પણ હવે તો જાણીતો થઇ ગયો છે તે જોતાં ભીમનાથમાં ઉપર સૂચવેલું સંશોધન કરવા જેવું છે.

પ્રાચીન કાળમાં કામદેવની પ્રતિમાઓ પૂજાતી. ઉદ્યાનોમાં કામદેવની મૂર્તિઓના ઉલ્લેખો પણ જૈન કથાઓમાં અને ઇતર સાહિત્યમાં મળે છે. મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ વગેરે પ્રાચીન ગ્રન્થોમાં પણ તેની ઉપાસનાના ઉલ્લેખો મળે છે. ખજુરાહોમાં રતિ-કામદેવની આવી મૂર્તિ મળે છે. ગુજરાત-રાજસ્થાનમાં બહુ જ અલ્પ સંખ્યામાં આવી મૂર્તિઓ મળી છે. રતિરહસ્યની પ્રાચીન ગુજરાતી પોથીમાંના એક પાના પરનું કામદેવનું ચિત્ર 'જૈન ચિત્ર કલ્પદ્રૂમ' ભાગ ૧માં પ્રસિદ્ધ થએલું છે. □

આસપાસનાં (અનુ. પૃ. ૪૫૩થી) અક્ષરો સારા આવશે, પણ લેખ સારો નહિ લખાય. નવી ઍલાર્મ ઘડિયાળ વખતસર વાગશે, પણ મને નહિ ગમે. ટેબલ-લૅમ્પની સંગત વિના રાતના લખવાની મઝા નહિ આવે, એકલું એકલું લાગશે. હું નથી જાણતો એમ નહિ કે આ બધાં લુચ્ચાં છે. મારી સામે ટીખળ કરવા સિવાય એમને બીજો કામધંધો નથી. પણ ત્યારે મારે પોતાને ય જગતમાં થોડું તોફાન, ટીખળ કે મસ્તી કરી જવા સિવાય બીજો કામધંધો છે ખરો? દેખાવ તો કરું છું! પણ મનથી જાણે એમ થયા જ કરે છે કે કશુંક થવાનું છે, અને ત્યાં સુધી જ આ બધું કરવાનું છે. તો પછી એટલા વખત માટે આ દોસ્તોને છોડવા?

મને લાગ્યા કરે છે કે આપણે જે કંઇ છીએ તે કદાચ બધું મળીને જ છીએ. □

એક તીર્થસ્વરૂપ શ્રદ્ધામૂર્તિ મારાં મોટી બા

વિશિષ્ટ વ્યક્તિચિત્ર

લેખક
મુકુન્દરાય વિ. પારાશર્ય



મોટી બા અવલકુંવર

પ્રજ્ઞાચક્ષુ પુરુષોત્તમદાસજીને મળવા ઈ.સ. ૧૯૬૫ના નવેમ્બરમાં હું કોટડા-સાંગાણી ગયેલો. હમણાં ૧૯૭૩ના મે માસમાં ફરી જવાનું થયું. સાથે સુહૃદ મકરન્દભાઈ દવે તથા મનસુખભાઈ પારેખ હતા. કોટડા-સાંગાણીમાં મારા દાદા વૈદ્ય કાનજી હરિરામે ચણાવેલું અમારું મકાન છે. તેમાં પૂજાની ઓરડીનાં દર્શન કરવાનાં હતાં.

મારાં મોટી બાનું સ્મરણ મને રોજ થાય જ છે. પણ જઈ આવ્યો છું ત્યારથી તે સવિશેષ થાય છે. મને તેમણે બેચાર વખત કહેલું: 'બેટા, કોટડા છોડીશ મા. આ ઘરથી તારું કલ્યાણ થશે.'

શું લખું? શરીરથી મેં કોટડા-સાંગાણી ઈ. ૧૯૩૩થી છોડ્યું છે. સ્થિતિને કારણે ઇ. ૧૯૫૫ પછી દુરસ્તી તો દૂર રહી, ઘરની સંભાળ પણ છૂટી ગઈ છે. આજે એ ઘર ઘર નથી રહ્યું; ખંડેર થઈ ગયું છે. સામસામા બબ્બે ઓરડા, ઓસરી ને વચમાં ફળીવાળા એ મકાનનાં બારીબારણાં સડવા માંડ્યાં છે, છાપરાં તૂટી ગયાં છે; ઓરડામાં ભૂકો થઈ પડેલાં વળી વાંસ તથા નળિયાંની નીચે ને વચ્ચે, ચોરાઈ જતાં બાકી રહેલો, વરસોના વરસાદથી પલળી કૂથો થઈ ધૂળમાં ઢંકાએલો, ગાદલાં ગોદડાં તથા પુસ્તકપોથીવાળો સામાન છે. મકાનની આ હાલત છે. મનથી ઘરને વળગી રહ્યો છું. એ ઘર સાથે મારું બાળપણ અને મારાં મોટી બા સંકળાઈ રહ્યાં છે.

વર્ષોથી આ ઘર અવાવરું પડ્યું છે. છતાં એમાં દાખલ થઈ મકરન્દભાઈએ કહ્યું કે પૂજાને અંતે ધૂપદીપ કરી ગયા પછી જેવી હવામાં ગંધ હોય તેવી આ ઘરમાં ગંધ આવે છે. મને એ ઘરનું વાતાવરણ વીંટળાઈ વળ્યું છે. અંગત વાતોમાં ઊતરવું અસ્થાને છે. એટલું કહેવું બસ છે કે જીવનનું આશ્વાસન કહો, પ્રેરણા કહો, સાધનબળ કહો, મને એ ઘરનાં ને મોટી બાનાં સ્મરણથી મળતાં રહે છે, દર્શનથી દઢતર બને છે; અને તેથી કલ્પી શકું છું કે જો છોડ્યું ન હોત તો?... એ ન છોડવાની સલાહ આપનાર મોટી બાની આ થોડીક વાત છે.

મારાં મોટી બાનો જન્મ હાલના જૂનાગઢ જિલ્લામાં લીંબુડા ગામે, ઈ. સ. ૧૮૫૭ના બળવા પહેલાં બેચાર વર્ષ, માગશર માસની પૂર્ણિમાની રાતે થયો હતો. પિતા દલપતરામ અને માતા વાલુબાઈનાં પ્રથમ સંતાન હોવાથી તેનું નામ અવલકુંવર રાખેલું. બે નાનાં ભાંડરડાંમાં ભાઈનું નામ જાદવજી અને બહેનનું દયાકુંવર. (જુઓ 'કુમાર' અંક ૫૩૨ 'દયામાસી'નો લેખ.)

દલપતરામ વ્યાસની બે પેઢી પૂર્વે એક સ્ત્રી સતી થએલાં, જેનો ગોખલો એ ઘરમાં હજી પુજાય છે. એ સતીમાની, મોટી બા, પ્રસંગે પ્રસંગ માનતા રાખતાં અને અમે ગમે તે ગામ હોઈએ, એ માનતા નિમિત્તે સતીમાની દિશામાં ગોળપાપડી ધરીને ખાતાં. એ સતીમાની વાત મોટી બા ઘણી વાર કરતાં. એ ઘરના વાડામાં આજે યે એક પીપળો છે. એ પીપળા તળે સતીમાએ ખીર રાંધેલી, ને મોટો તવેથો ન હોવાથી પોતાના હાથથી ઊકળતી ખીર હલાવેલી. ને ગામનાં બાળકોને એ ખીર જમાડી પછી સતી થએલાં!

મારાં મોટી બાનાં માતા વાલુ મા એક રાતે એકાએક માંદાં થઈ ગયાં ત્યારે પડખામાં સૂતેલી બાર વર્ષની દીકરી અવલને જગાડી. બે નાનાં છોકરાંને ઊંઘવા દીધાં. મરણ કાળે ઉત્તમ આશ્રય ગણીને એ પીપળાને પગે લાગીને તેને થડે આલરીને સૂતાં ને થોડી વારે દેહ છોડ્યો. એ વખતે દલપતરામ વ્યાસ કથા વાંચવા બહારગામ ગએલા. ગામમાં જ્ઞાતિનું બીજું કોઈ ઘર ન હતું. સતીમાની ભૂમિમાં પીપળાને આશરે, સાવ એકાન્તમાં પ્રભુસ્મરણ સાથે પોતે અવસાન પામતાં હોવાથી નિરાંત અનુભવતાં હતાં. દીકરીએ કોઈનું મરણ જોયું ન હતું, તેને પોતે મરી ગયા પછી શું થશે ને શું કરવું, તેની ભલામણ કરી, દીકરીને દ્વાદશાક્ષર મંત્ર બોલ્યા કરવાનું કહી પોતે એ મંત્ર બોલવા લાગ્યાં. છોકરીએ છેલ્લી વારનું પાણી પાયું ને 'હાશ પ્રભુ' એ છેલ્લા શબ્દો સાથે દેહ છોડ્યો. જનેતાની ઇચ્છા પ્રમાણે દીકરીએ તેની તુલસીની માળા કેટલો વખત ફેરવી તે ખયાલ ન રહ્યો. ઘણી વારે પડોશમાં ઘંટી શરૂ થઈ ત્યારે ખોળામાંથી જનેતાનું માથું નીચે મૂકી એ પાડોશી બાઇને તેડી આવી. પછીનું દશ્ય એનાથી સહન ન થયું, પણ નાનાં ભાંડરડાંને તેણે જાળવી લીધાં. એ કહેતાં: આવે પ્રસંગે મરનારનું ને તે ગુજરી ગયા પછી પાછળ રહેનારનું શું કરી છૂટવું એ તેમને ત્યારથી સમજાઈ ગયું.

મારા દાદા કાનજી હરિરામ વયમાં મોટી બાથી ચૌદપંદર વર્ષ મોટા હતા. એ બીજવર ન હતા. એમને પરણવું જ ન હતું. પણ મોટા ભાઈ દલપતરામનાં પત્ની પુત્ર પ્રભાશંકરને દોઢ વર્ષનો મૂકી અવસાન પામ્યાં. માતાપિતા વૃદ્ધ થએલાં. બીજી સ્ત્રી ઘરમાં ન હતી. તેથી ઘરડી મા પર બોજો વધી ગયો. એ જોવો ગમતો ન હતો તેથી, છેવટ માની ઇચ્છાને માન આપી પરણ્યા. દાદા ઈ. સ. ૧૯૧૧ની આખરે અવસાન પામ્યા ત્યાં સુધી મોટી બાની આંખો અજવાળી રાતે સોય પરોવતાં એટલી સારી હતી. પછીના વર્ષે ઝામરના રોગમાં એમણે બેઉ આંખો સાવ ગુમાવી. લેડી રમા (દલપતરામના પુત્ર સર પ્રભાશંકર પટ્ટણીનાં પત્ની), મારાં માતાપિતા તથા ફઇઓ કહેતાં કે છોકરાં નાનાં હોવાથી મોટી બાએ દુઃખને મનમાં દાબી દીધું તેથી આંખો ગુમાવી. પણ મોટી બા કહેતાં કે જવાની હતી તેથી ગઈ.

મારો જન્મ ઈ. સ. ૧૯૧૪માં. મેં મોટી બાને આંધળાં

જોએલાં. એ અંધાપો જાણે એમને સ્વાભાવિક હતો. પોતાના અંધાપાનું દુઃખ એમણે કદી યે રોયું ન હતું. જન્મથી આંધળા પ્રજ્ઞાચક્ષુ પુરુષોત્તમને (જુઓ 'કુમાર' અંક ૫૨૯) પોતાને ત્યાં રાખી, ઉછેરી, તાલીમ આપનારને પોતાને આવી પડેલા અંધાપાનું દુઃખ ન હતું. એને મન એ એક સાધનનો અભાવ હતો. અને સાધન વગર ચલાવી લેવાની એમને ફાવટ હતી.

મને તે એક વાત સમજાવતાં. એ વાત હું આ રીતે સમજ્યો છું કે જે માણસ, પોતે અમુક સ્થિતિમાં હોય કે અમુક વસ્તુ પાસે હોય તો જ પોતે અમુક કામ કરી શકે ને કંઈક પામી શકે, એમ માનીને જે નથી તે માટે ખેદ કરતો હોય, તે માણસ કંઈ કરી શકતો નથી. એ તો કામ ન કરવાનું બહાનું છે; કારણ કે આપણી ઇચ્છા થઈ જવાથી કોઈ પણ સ્થિતિ આપણને અનુકૂળ થઈ જાય કે ચીજવસ્તુ કે માણસ આવી મળે, એ બનતું નથી. પરિસ્થિતિ ને સાધન તો જે હોય છે તે હોય છે, ને તેમાંથી જ નવાં ઉપજાવવાનાં હોય છે. જે છે તેમાંથી જ નવી સ્થિતિ નિર્માણ કરવાની છે, જે નથી તે મેળવવાનું છે. એટલે જે ન હોય કે જે ન મળે તેવું હોય તેની ખોટી આશા રાખી ખેદ ન કરવો જોઈએ, અને મૂંઝાયા વગર, જે કંઈ સમજણ શક્તિ ને સાધન આપણી પાસે હોય તેનો સદુપયોગ કરી લેતાં માણસે શીખી જવું જોઈએ. સાધનનો તોટો નથી. જે મળેલું હોય છે તે પૂરતું હોય છે. સુખી થવા માટે ને આગળ વધવા માટે આપણી જેટલી લાયકાત હોય છે તેટલા પ્રમાણમાં તેનાં સાધનો ભગવાને દીધાં જ હોય છે. એ દયાળુ છે. જે મળ્યું હોય છે તેનો સાધન રૂપે સદુપયોગ કરી લેવો જોઈએ. ઉપયોગ કરવાનું છોડી દઈ જો ભોગવવામાં પડી જવાય તો અટકી પડાય. પણ માણસ એ ભૂલી જાય છે. દા. ત. શરીરને નીરોગી રાખવા ને બળવાન રાખવા ખોરાકની જરૂર છે એમ સમજીને જે જમે તે અન્ન એ જાતનું ખાશે, અને સારું અન્ન ન મળે ત્યારે જે મળેલ છે તે કઈ રીતે કેટલું ખાવાથી શરીર સારું રહેશે એમ વિચારીને ખાશે અને અન્ન તરફ પૂજ્યભાવ રહેશે. પણ જે સ્વાદની જ ઇચ્છાથી જમતો હશે તે નીરોગી નહિ રહે તેમ જ તેને અન્ન તરફ આદર પણ નહિ રહે. અન્નની પેઠે જ દરેક ચીજ, વસ્તુ, સગાં, વહાલાં, માણસ, સ્થિતિ, હોદ્દો આપણો દેહ, મન, બધાંનું સમજવું. આખો સંસાર શ્રેયનું સાધન છે, ભોગનું નહિ. આપણું ભલું થાય તેમ કરવામાં દરેક સાથે કેમ વર્તવું એ જ સમજવાનું છે. જો પોતે સુધરવું હોય ને સુખી થવું હોય ને બીજાંને સુખી કરવાં હોય તો આ કરવા જેવું છે.

મોટી બાએ લગ્ન પહેલાં જ માતાપિતા સાથે કાઠિયાવાડનાં નાનાંમોટાં સ્થળોએ ચાલીને યાત્રા કરેલી. સોમનાથ, ઘેલા સોમનાથ, ભીમનાથ, ગોપનાથ, ગૌતમેશ્વર તથા ગિરનાર, દ્વારકા, તુલસીશ્યામ, માધવપુર, સારંગપુર વગેરે પોતાની બાળક આંખે કેવાં લાગેલાં તે અમને કહી સંભળાવતાં.

દલપતરામ વ્યાસના પિત્રાઈ ભાઈ પોરબંદરના આદિત્યરામ વ્યાસની બહેન ઝવેરને મોરબીના ભટ્ટ હરિરામ વેરે આપેલાં. એ હરિરામ ભટ્ટના કુટુંબમાંથી બને તેટલાં માણસો લગભગ દર વર્ષે મોરબીથી નાસિક-ત્ર્યંબકની યાત્રાએ જતાં. એ ખબર જાણ્યા ત્યારે એ બહેનનાં સાસરિયાં ને બહેન કેટલાં ભાગ્યશાળી, એમ મોટી બાને થએલું. પછી તો એ જ ઝવેરબહેનના વચલા પુત્ર કાનજી સાથે તેમનું વેવિશાળ થયું ત્યારે એ હરખાઈ ગએલાં. પરણીને આવ્યાંને આઠદસ દિવસ નહિ થયા હોય ત્યાં તો એમણે નાસિક-ત્ર્યંબકની યાત્રાએ જવાનું ક્યારે બનશે, તે વિષે પૂછેલું. વઢવાણ–વીરમગામ રેલવે તા. ૨૫–૭–૧૮૭૨થી શરૂ થએલી અને વીરમગામ-મુંબાઈની બ્રોડ ગેજ ટ્રેઈન તા. ૩૦-૧૧-૧૮૭૧થી ચાલુ થએલી. તે પહેલાં અને પછી ઈ. સ. ૧૮૭૮ સુધીમાં છએક વખત મોરબીથી ચાલીને નાસિક-ત્ર્યંબકની યાત્રા કરેલી. માર્ગમાં નર્મદાકાંઠાની યાત્રા કરી આવતાં. એ માન્યતા હતી કે યાત્રા પગે ચાલીને કરી સારી. એક યાત્રામાં તો મોટી બા તથા તેનાં જેઠાણીએ પોતાનાં ધાવણાં છોકરાંઓને તેડી યાત્રા કરેલી અને ગોદાવરીમાં સ્નાન કરાવી, ત્ર્યંબકેશ્વરને પગે લગાડી, એકનું નામ નાસિક અને બીજાનું નામ ત્ર્યંબક રાખેલું. એ પુત્ર ત્ર્યંબક સવા વર્ષનો થઈને અવસાન પામ્યો. પછી જે પુત્ર થયો તેનું નામ પણ ત્ર્યંબક જ રાખેલું.

ઈ. સ. ૧૯૩૪થી અમે સિહોર હતાં, ત્યાં સુખનાથ તથા ગૌતમેશ્વરનાં મંદિર ટેકરીઓ પર છે; અને વચમાં ત્રાપજ ગએલાં ત્યાં ગામથી દૂર ખેતરો વચ્ચે ટેકરી પર શંકરનું મંદિર છે. આવાં મંદિરોએ દર્શને જવામાં ફરવાની યે મઝા આવે એમ કહી તે પોતાના નાનપણની વાતો કરી, દર્શને જવાનો ઉત્સાહ પ્રકટાવી, એંશી વરસની ઉંમરે અમારી સાથે ચાલીને ટેકરીઓ ચડી દર્શને આવતાં! એ દર્શન કરવા ઊભાં રહે ત્યારે આંધળાં હોવા છતાં ખરેખર સામે પ્રભુને નિહાળતાં હોય તેવું તેમનું મોં થઈ જતું. હું એ જોયા કરતો. એ જોવા માટે હું તેમને મંદિરે દોરી જતો. મારા પિતા દોરતા હોય ત્યારે હું બાજુમાં સાથે ચાલતો. એમને દર્શન કરતાં જોવાની ચાનક મને નીચેનો પ્રસંગ સમજાયો ત્યારથી લાગેલી.

મારી ચારપાંચ વર્ષની વયે સર પ્રભાશંકરનાં પત્ની સૌ. લેડી રમાબા પટ્ટણી ચાર ધામની યાત્રાએ જવા નીકળ્યાં ત્યારે તેમણે કાકીજી સાસુ (એટલે મારાં મોટી બા)ને યાત્રામાં સાથે આવવા લખ્યું. મોટી બાએ હા લખાવી. એ વખતે મોટી બા વૃદ્ધ તથા સાવ અંધ હતાં. ઘેરથી કોઈ સાથે જવાનું ન હતું; એટલે એમની સંભાળ રાખવી, જોઈતું કારવતું દેવું, દોરવાં વગેરે બધું લઈ જનારને સંભાળવાનું હતું—ભાર રૂપ થાય તેમ હતું. એ જો સાથે ન જાય તો યાત્રાએ જનાર એકાગ્રતાથી દર્શનનો લાભ લઈ શકે, નિશ્ચિંત હરીફરી શકે એ દેખીતી વાત હતી. આથી લેડી પટ્ટણીનાં સંબંધી એક વૃદ્ધ સ્ત્રીએ આવી મારાં મોટી બાને વાત સમજાવતાં કહ્યું: 'તમે યાત્રામાં ન જાઓ તો ઠીક, સાજાંમાંદાં થાઓ તો ત્યાં કોણ? ઘેર છોકરાં મૂંઝાઈ જશે.'

મોટીબાએ કહ્યું: 'કોઈ બીજાંની સાથે જવાનું હોત તો જરૂર ના કહેત, પણ રમાવહુ તેડી જાય છે માટે જાઉં છું. એ મારા મોટા દીકરાની વહુ છે. મારી એણે ઘણી સેવા કરી છે ને આનંદથી

કરે છે. હું ઘરડી ને સાવ આંધળી છું, તો એ વહુ મારો શ્રવણ છે. એટલે એને ને મને યાત્રામાં સાથે ગમશે. એમ કરતાં યાત્રામાં મને જો કંઈ થાય તો ભાગ્યશાળી થઈ જઈશ.'

પેલાં બહેને કહ્યું: 'પણ તમે સાવ આંધળાં, શેનાં દર્શન કરશો? ત્યાં કે અહીં તમારે બધું સરખું જ છે.'

સાંભળીને મોટી બાની અંધ આંખમાં આંસુ ધસી આવ્યાં. તેમણે કહ્યું: 'ખરી વાત છે, બેન, હું સાવ આંધળી છું. કંઈ દેખતી નથી. મારે બધું સરખું છે. તમે એ જાણો છો. છતાં તમે મને તમારે ઘેર લઈ જવા કેટલો આગ્રહ કર્યો છે અને તમારે ત્યાં બે ત્રણ વખત હું આવી ચે છું. તો ચે હજી તમે એવો આગ્રહ રાખો છો, કારણ કે તમને મારા માટે એવી લાગણી છે. તો ભગવાનને આપણા માટે કેટલી બધી લાગણી હોય? આમ તો ભગવાન બધે રહ્યા છે તે જાણું છું, પણ બધે સરખાપણે રહ્યા છે તેવો હજી અનુભવ નથી થયો. હજી એમ લાગે છે કે તીરથ તો ભગવાનનાં રહેવાનાં ઘર છે. હું ત્યાં જાઉં, તો ભલે હું નથી દેખતી તો પણ, એ મને જોઈ કેટલા રાજી થશે? અને તેથી મને કેવી નિરાંત થશે?

અને, એ યાત્રાએ ગયાં. એ ઘણી વાર કહેતાં: 'સાથે ઘણાં સગાં હતાં, નોકર બાઈઓ હતી, છતાં રમાવહુએ પોતે મારો હાથ ઝાલીને બધે ફેરવી છે. હરદ્વારથી બદરીનાથ જવા ડોળી કરેલી, પણ મારે ચાલવું હતું તેથી એ પણ વારંવાર હાથ ઝાલીને દોરતાં.'

આ રીતે યાત્રા કરેલી. તે સંબંધે પૂ. રમાબાએ આ મતલબનું કહેલું: 'બા સાથે આવ્યાં તેથી અમારે સાચી યાત્રા થઈ. આ ઉંમરે, આંધળી આંખે એ જે ઉત્સાહથી ચાલતાં, પદો બોલતાં અને બાળક જેવું હરખાતાં, તેમાં એમની પ્રકટ થતી ભક્તિ જોવામાં અમને ભગવાનની હાજરીનો ખયાલ આવતો. મથુરામાં વિશ્રામઘાટ લઈ જઈ મેં તેમને સ્નાન માટે જમનાજીમાં ઉતારી કહ્યું: 'બા, આ જમનાજી.'—ત્યાં તો બન્ને હાથ છોડાવી 'હાશ મા! તારે ખોળે હું આવી, કાં?' એમ કહેતાં અંધ આંખમાંથી આંસુની ધાર સાથે જમનાજીમાં પડી, માને ગળે વળગતાં હોય તે રીતે બેઉ હાથ લાંબા કરી પાણીમાં સૂઈ ગયાં. અમે બાજુમાં જોનારાં પણ રોઈ પડ્યાં. સ્નાન કરીને તરત ઊઠ્યાં નહિ. જમના માતાથી એની દીકરીને વેગળી થવાનું કહેવાની અમારામાં તેવડ ન હતી.'

આ પ્રસંગનું મને એટલું સ્મરણ છે કે મોટી બા યાત્રાએ ગયાં તે દિવસથી ઘરમાં, મંદિરની ઓરડીની બાજુમાં ખુલ્લી ઓસરીમાં, જ્યાં પૂર્વાભિમુખ મોટી બા બેસતાં ત્યાં રોજ સાયંકાળે, મોટી બા ગયાં તે દિવસથી યાત્રાના દિવસની ગણતરી માટેનો કંકુનો સાથિયો મારાં બા કે કાકી ચીતરતાં. ક્યારેક હઠ કરી હું યે ચીતરતો. પછી મંદિરમાં ઘીનો દીવો થતો, અને મંદિરમાં જ્યાં મોટી બા બેસતાં ત્યાં તેમના ખાલી આસનને મારાં બા ખોળો પાથરીને પગે લાગતાં. પછી અમે બધાં મંદિરમાં સાથે બેસી સ્તુતિ બોલતાં.

ઈ. સ. ૧૮૭૪માં કોટડા-સાંગાણીના જુવાન ઠાકોર તોગાજી ભયંકર બીમાર પડ્યા. રાજકોટ જઈ ડૉક્ટરની સારવાર તળે રહ્યા, પણ મંદવાડ લંબાયો. છેવટ વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીના ઉપચારથી સાજા થયા. એ ઠાકોરે પોતાના રાજ્ય માટે કોઈ સારા વૈદ્યની માગણી કરી, તેથી ઝંડુ ભટ્ટજીની ભલામણથી મારા દાદા કાનજી હરિરામ માસિક રૂ. ૧૧ના પગારથી કોટડા-સાંગાણી આવ્યા.

તોગાજીને રાણીઓ ઘણી હતી. તેમાં જામબા નામે એક જે અતિ ધર્મપરાયણ રાણી હતાં, તે એ જ કારણે વિલાસી રાજાનાં અણમાનીતાં હતાં. પણ બધી રાણી વચ્ચે જામબાને પેટે જન્મેલા મૂળવાજી એક જ કુંવર હતા. એ સાજામાંદા રહેતા. એ કુંવરને ચિંતાજનક મંદવાડમાંથી વૈદ્યરાજે બેઠા કર્યા. જામબા વૈદ્યરાજને ભાઈ કહેતાં, પણ પિતા જેટલું માન આપતાં ને આજ્ઞા પાળતાં. વિલાસી હોવાના પરિણામે માંદા રહેતા રાજવી ક્યારેક વધુ માંદા થઈ જતા. પથ્ય કે પરહેજી ન પાળનાર આ ઠાકોરની નોકરીમાંથી છૂટા થવા વૈદ્યરાજે માગણી કરી. ઠાકોર અકળાયા, જામબાને દુઃખ થયું. બન્નેએ ઘણી રીતે સમજાવ્યા, ત્યારે મોટી બાએ તોગાજીને કાને વાત પહોંચાડી કે પરહેજી ન પાળનારની દવા કરવાથી અપજશ મળે એવું વૈદ્યરાજ ઇચ્છતા નથી. આથી ઠાકોરે વૈદ્યરાજને વચન આપ્યું કે પોતે આજ્ઞા પ્રમાણે વર્તશે. ઠાકોર તથા કુંવર બંનેને વૈદ્યની દવા ઘણી માફક હતી. વળી નબળા શરીરનો બાળ કુંવર ધાર્મિક જનેતાનો દીકરો છે, ગાદીવારસ છે, તેને નીરોગી રાખી ઉછેરી સંભાળ રાખવાથી તે પ્રજાપાલક સદ્ધર્મી રાજા થાય, એનું પુણ્ય મળે, એ લક્ષ્યમાં રાખી દાદા-દાદીએ કોટડા ન છોડવા નિર્ણય લીધો.

એ પછી ૧૮૭૯માં તોગાજી બીમાર પડ્યા ને ઉપચાર છતાં માંદગી ગંભીર થઈ ગઈ. વૈદ્યરાજે કહ્યું કે રોગ વધવાનું એકમાત્ર કારણ પરહેજીની અવગણના છે. તોગાજીએ એનો એકરાર કરી માફી માગી. બીજા વૈદ્ય-ડૉક્ટરોને ભેગા કર્યા, પણ તબિયત લથડતી ગઈ. અવસાનને સામે જોઈ, ઠાકોરે છ વર્ષના કુંવરને પગે લગાડી વૈદ્યરાજને કહ્યું: 'આ મારા જેવો નહિ, સારો રાજા થાય તેમ ઇચ્છું છું. તમે વહેલા મળ્યા હોત તો હું બધી રીતે ઊગરી જાત. પણ હવે આ કુંવર તમને સોંપું છું. એના ખાતર પણ તમે કોટડા છોડીને ન જશો. અમે તમને કુટુંબના ગુરુ ગણ્યા છે'. વૈદ્યરાજે કુંવરને તેડી લીધા. તોગાજી અવસાન પામ્યા. આમ કોટડે રહેવાનું નિશ્ચિત થઈ ગયું.

મૂળવાજી સગીર હોવાથી રાજકોટ કોઠી-સરકારે (પોલિટિકલ એજન્ટે) વહીવટ લઈ શ્રી જી...ઘે...ને મૅનેજર તરીકે નીમ્યા. કુશળ વહીવટી તરીકે પંકાએલા આ અમલદારને જુનવાણી ધાર્મિક જીવનઘાટી તરફ નફરત હતી. અતિ ધર્મપરાયણ રાજમાતા જામબા પ્રત્યે વિના નિમિત્ત એ અણગમો પ્રકટ કરતા અને એમને રાજમાતા કે જામબા કહેવાને બદલે 'ભગતડી' કહી ઉલ્લેખ કરતા, અને જામબા પાસે જતા-આવતા રાજનોકરો કે ગામલોકો સાથે કડકાઈથી વર્તતા. જામબા વૈદ્યરાજને પિતાતુલ્ય ગણી, સવારસાંજ તેમની પાસે બેસી રાજનીતિ તથા ધર્મવિષયક વાતો સાંભળતાં. નવા જમાના પ્રમાણે બાળરાજાના ઉછેર માટે હિમાયતી મૅનેજરને આ પસંદ ન હતું. તેણે વૈદ્યરાજને બોલાવી કહ્યું: 'રાજનાં ઊપજ તથા ખર્ચ જોતાં કરકસર કર્યા વગર છૂટકો નથી, તેથી તમારો

પગાર અરધો કરવામાં આવે છે. તમને એ પોસાય તેમ ન હોય તો છૂટા થવા દેવામાં આવશે.'

તોગાજીની અંતિમ માગણીને યાદ કરીને તથા રાજમાં વધેલી ખટપટને અંગે ભાવિ રાજવી મૂળરાજને સોસવું ન પડે તે હેતુથી વૈદ્યરાજે કહ્યું : 'આપ જો રાજ માટે આટલી કાળજી રાખો છો તો હું જૂનો નોકર છું, મારો ધર્મ છે કે મારે વિના પગારે પણ રાજની સેવા કરવી જોઇએ.'

'તો એ વધારે સારું.' મૅનેજરે કહ્યું.

દાદાએ રાત્રે આ વાત મોટી બાને કરી ત્યારે તેણે કહ્યું : 'તમે ઠીક જવાબ આપ્યો. એ છોકરાને આપણે છોડવો નથી. અમથા યે તમારા આટલા ખરચમાં રાજનો પગાર પાંચ દોકડા છે. જે બાકીનું પૂરે છે તે ભગવાન જ ભલે બધું પૂરું કરે.'

થોડા દિવસ રહી મૅનેજર રાજકોટ ગએલા, ત્યાં તેના મિત્ર અમલદારને પોતે કઇ રીતે વૈદ્યરાજને રંજાડીને કાઢવા માગે છે તે જણાવ્યું, ત્યારે એ અમલદારે મૅનેજરને વૈદ્યરાજ સાથે સંબંધ સુધારી લેવા ભારપૂર્વક સલાહ આપી. અને એ જ અમલદારે, બેચાર માસ પછી ઝંડુ ભટ્ટજીના ભાઇ રાજવૈદ્ય મણિશંકરને ત્યાં વૈદ્યરાજને મળી ગયા ત્યારે, મૅનેજરે પૂરો પગાર કરી દઇ સંબંધ સુધાર્યો કે નહિ એમ પૂછ્યું ત્યારે વૈદ્યરાજે જણાવ્યું કે અરધો પગાર શરૂ થયો છે, પણ રંજાડ રહી નથી, એટલું સારું છે. અમલદારે કહ્યું : 'હું એને કહીને પૂરો પગાર કરાવી દઇશ.' ત્યારે વૈદ્યરાજે કહ્યું : 'મૅનેજર સાહેબને જો અરધો પગાર કરવાથી પોતે કંઇક કર્યું છે એમ પોરસ રહેતો હોય તો રહેવા દેવો એ જ સારું છે.'

એ પગાર અરધો જ રહ્યો. સારા વૈદ્યની શોધ કરતા ગોંડલ, વઢવાણ તથા લીંબડી નરેશે પોતાને ત્યાં બોલાવ્યા, પણ દાદા ગયા નહિ. વધારે પગાર મળે તો સ્થિતિમાં ફેર પડે એમ માનનારા એ ન હતા. દરદીને મફત દવા આપતા. એ પરંપરા હતી. બહારગામના દરદીઓને, પોતાને ઘેર રાખી સારવાર કરી હોય તો યે, મૂલ્ય ન લેતા. સ્વેચ્છાએ આપે તો લેતા. વળી અતિથિ, સાધુ-સંન્યાસી ને ગરીબોને દીધા–જમાડ્યા વગર પતિપત્નીને ગોઠતું નહિ. આની સામે લોકોમાં એ બંને એટલો આદર પામેલાં કે દવા ન કરી હોય તો યે લોકો નિમિત્ત કાઢીને ચીજવસ્તુઓ પરાણે આપી જતાં.

ઇ. સ. ૧૮૮૭–૮૮માં, જેઠ માસની આખરે, ગામડાંઓમાં કૉલેરા હોવાથી દાદાને જવું પડતું ને રાત રોકાવું પડતું. એક રાતે ચારપાંચ ગામડે દાદાને ખોળીને એક ઘોડેસવાર એક ગામડે વૈદ્યરાજને તેડવા આવ્યો, કેમ કે ઘેર વૈદ્યરાજનો એકનો એક નવ વર્ષનો દીકરો ત્ર્યંબક ઝાડા-ઊલટીમાં પટકાઈ પડ્યો હતો. વૈદ્યરાજે કહ્યું : 'આ ગામમાં ચાર છોકરાં મરે એવાં માંદાં છે, એને ઠીક થવા માંડ્યા વગર હું આવીશ નહિ.' માંદાં છોકરાંનાં માવતરે વૈદ્યરાજને તરત જવા કહ્યું, પણ વૈદ્ય ગયા નહિ. માત્ર દવાનાં પડીકાં ને સૂચના ઘેર મોકલી અને રાત આખી અહીં છોકરાંઓની સારવાર કરી. વળતે દિવસે બધાંને ઠીક થવા માંડ્યા પછી વૈદ્યરાજ ઘેર આવ્યા ત્યારે 'બાપુજી આવ્યા? બાપુજી આવ્યા?' એમ પૂછીપૂછી બેભાન થઈ ગએલા દીકરાને મોટી બા છેલ્લું ગંગાજળ પાતાં હતાં! છોકરો અવસાન પામી ગયો! ખરખરે આવ્યાં ત્યારે જામબાએ મોટી બાને કહ્યું : 'મને કહેવડાવ્યું હોત તો હું માણસ મોકલી બોલાવી દેત. મારું વેણ ભાઈ ઉથાપત નહિ.' મોટી બાએ કહ્યું : 'તમે શું, ભગવાન જાતે તેડવા જાય તો યે માંદાને છોડીને એ ઘેર આવે એવા નથી. એટલે જ હું બોલી નથી. હું એમને ઓળખું છું. પેલા જે બચી ગયા તે અમારા જ દીકરા છે'.

એ પછી બાર વરસે છપ્પનિયો દુકાળ પડ્યો. એ એટલો આકરો અને ભયંકર હતો કે 'કાળ' તરીકે ઓળખાયો. લોકો પોતાનાં ઢોર, ખોરડાં ને છોકરાં રેઢાં મૂકી ભાગી નીકળતાં. મોટી બાએ જ્યારે આ વાત જાણી ત્યારે એમણે દાદાને અરજ કરી : 'મારી એવી ઇચ્છા છે કે જેને માવતરે છોડી દીધાં હોય તેવાં દશબાર છોકરાંને તમે લઈ આવો તો આ કાળમાં હું એને જાળવીશ. એ છોકરાંની વાત સાંભળું છું ત્યારે મારો ત્ર્યંબક સામે દેખાય છે. એની સેવા નથી થઈ, આની કરી લઉં તો સારું'.

આજુબાજુનાં ગામડાંમાંથી દાદા અગિયાર છોકરા લઈ આવ્યા. મોટી બા કહેતાં કે છોકરાઓ આવ્યા ત્યારે તો હું બહુ હરખાણી. થોડા દિ'માં એને ઘર જેવું લાગવા માંડ્યું. પણ જ્યારે કોઈ છોકરો માંદો પડી જતો ત્યારે ફડકો રહેતો કે ક્યારે વરસ પૂરું થાય ને ક્યારે આનાં માવતરને હેમખેમ સોંપી દઉં.

એ વખતે મૂળવાજી ઠાકોર છએક વરસથી ગાદી પર હતા. તેમણે વૈદ્યરાજને કહ્યું : 'આપણું સદાવ્રત ચાલે છે. તમારે ત્યાં એટલા છોકરા ન રાખો. અહીં મોકલી દો. દરબારગઢમાંથી બે ઓરડા કઢાવી આપીશ; તેમાં રે'શે ને ત્યાં રસોડે ખાશે.' દાદાએ કહ્યું : 'ત્ર્યંબકને ગયે બાર વરસ ગયાં. એને બધા છોકરામાં સજીવન કરીને હેત કરી લેવા માટે મારા ઘરમાંથી તપ શરૂ કર્યું છે.'

ગામમાં પોલા મા'રાજ નામે એક ભલાભોળા બ્રાહ્મણ હતા. પોતાની માની બહુ સેવા કરતા. કર્મકાંડ કે કંઈ શીખ્યા ન હતા. લોટ માગી નભતા. એક મોડી રાતે તેણે ડેલી ખખડાવી. જાગીને દાદાએ બારણું ખોલ્યું એટલે સાતેક વરસની દીકરીને અંદર લાવી તેણે કહ્યું : 'આ કાળમાં હું આને જિવાડી શકું તેમ નથી અને મરતી યે જોઈ શકું તેમ નથી. તમારે ત્યાં મૂકી જાઉં છું : મારો, જિવાડો, ફાવે તે કરો. આ દીકરી તમારી છે.' કહી રોઈ પડ્યા.

મોટી બાએ એ વખતે રોટલા ઘડી બાપદીકરીને રોટલો ને ગરમરનું અથાણું ખવડાવ્યાં. મોટી બાએ તેને ઉછેરી : એક વરસ માટે નહિ, પરણી ત્યાં સુધી! કરિયાવર પણ કર્યો. પોલા મા'રાજે કહેલું : 'મા, માંડવો તમારે ત્યાં નાખો ને કન્યાદાન પણ તમે દો.' મોટી બાએ તેને સમજાવ્યા ને પોલા મા'રાજને ત્યાં જ પ્રસંગ ઊજવાયો. એ વખતે ચૂડી-પાનેતર મૂળવાજી ઠાકોરે કરેલાં. એ રાતથી પોલા મા'રાજ, દાદા ગુજરી ગયા પછી યે, પોતે જીવ્યા ત્યાં સુધી દાદાની ડેલીએ બેસતા.

દુષ્કાળ પૂરો થતાં છોકરાઓને પોતપોતાનાં માવતરને સોંપી દીધા. પણ તેમાં એક છોકરાનાં માબાપ અવસાન પામી ગયાં

હતાં અને બીજાના પિતાનો પત્તો ન હોવાથી માતા અસ્વસ્થ થઈ ગએલી. એ બન્ને છોકરા દાદાને ત્યાં રહી ભણ્યા. એક કર્મકાંડી થયા, બીજા જોશી. તેઓ મુંબાઈ જઈ વસેલા. ઈ. ૧૯૩૩ માં અમે કોટડા છોડ્યું. ઈ. સ. ૧૯૩૫માં એ કર્મકાંડી ભાઈ પોતાને ગામડે ગએલા ત્યારે દર વખત પેઠે ત્યાંથી મોટી બાને મળવા કોટડે ગયા. ત્યાં ખબર પડી કે તેઓ હાલ સિહોર રહે છે, એટલે મોટી બાને મળવા સિહોર આવેલા. ઈ. સ. ૧૯૩૮માં પ્રભાશંકર પટ્ટણીના ખરખરે મોટી બા પાસે, અને ૧૯૪૦માં મોટી બાના ખરખરે મારા પિતા પાસે એ બન્ને જણ આવેલા. આ સિવાય ઘણા વિદ્યાર્થીઓ જુદુંજુદું શીખી ધંધે ચડેલા, તેમાં વૈદું અને નામું શીખી સારી પેઠે આગળ વધેલા પણ હતા.

ભૂધરજીભાઈનાં દીકરી શિવીબહેન નવ વર્ષની વયે વિધવા થએલાં. મોટીબાએ તેને દીકરી કરેલી. અમે એને ફઈ તરીકે ઓળખતા ને સંબોધતા. મારા લગ્ન વખતે રાજકોટથી જાનમાં સાથે જામનગર આવનારમાં કોટડાના થોડા સંબંધીઓમાં શિવી ફઈ હતાં. મારા નાનપણમાં અમે કોટડે હતાં ત્યારે રોજ બપોરે અઢી વાગ્યે આવી મોટી બા પાસે એ શ્રીમદ્ ભાગવત વાંચતાં ત્યારે આખી ઓસરી બહેનોથી ભરાઈ જતી. કથા પછી ભજનો બોલાતાં ત્યારે એમનો કંઠ સહુથી સ્પષ્ટ સંભળાતો. આમ ભાદરવાથી માગશર, ચાર મહિના, ભાગવત વંચાઈ રહે એ ખડ વાઢવા જતાં રહેતાં. છેલ્લો ઈ. ૧૯૬૫માં હું એમને મળ્યો ત્યારે જૂના દિવસો યાદ કરી રોયાં. ઘરમાં દેવસ્થાનનાં દર્શન કરાવી પૂજામાં રાખેલો મોટી બાનો ફોટો બતાવી તેમણે કહ્યું : 'બા શું હતાં એ કેમ સમજાવું? હું અણસમજુ ને બાળક હતી. દુ:ખ પડ્યું ત્યારે બીજાં મને બથ ભરીને રોતાં તેથી હું રોતી, પણ દુ:ખ શું પડ્યું, કેવું પડ્યું એ કાંઈ ખબર નો'તી. બાએ પડખામાં લીધી ને ભાગવત વાંચતી કરી. બાએ મને એવી નજર દીધી કે સમજણી થઈ ત્યારે દુ:ખ દુ:ખ ન લાગ્યું, કાંઈ ઓછું અધૂરું યે ન લાગ્યું. બાએ મને એવી નજર દીધી ને કામે વળગાડી કે આજે જ્યારે કાયા કામ નથી આપતી ત્યારે સમજાય છે કે આ તો કાંઠે પહોંચી!'

મેં કહ્યું : 'મારા નાનપણથી મેં તમને કામમાં ગળાડૂબ તો જોયાં છે. પણ આ નજર કઈ, એ વાત કરો ને ફઈ!'

'કેમ સમજાવું, ભાઈ?' તેમણે કહ્યું : 'આજ તો હવે દેખાતું નથી, દળતી યે નથી. તો ય બા કે'તાં એ યાદ આવે છે કે દળાએલો દાણો ઊગે નહિ. આપણી વાસનાનાં ને જનમના ફેરાનાં બીજ આ સંસારના પડ પર છે. એની ઉપર ભગવાનનાં નામસ્મરણનું પડ ફરે છે, એમ સમજીને દળતાં દળતાં ગાઈએ તો છૂટી જઈએ. ને ગાયની સેવામાં એવી લગાડી! ગાયુંની સેવા કરવા ભગવાન અવતાર લઈ ગોકુળ જઈને રે'તા. હરિ જેવી સેવા કોઈથી ન થાય. તો ય એનાં લીલાચરિત ગાતી ખડ વાઢતી હોઉં ત્યારે, કેમ સમજાવું, આ બાઈ ક્યાંક ભાવથી ખડ વાઢે છે એ જોતા, ગાયું ચારતા ભગવાન ક્યાંક આટલામાં જ છે એમ લાગે! જે કામ કરું એથી પ્રભુ રાજી થાય છે એમ જ લાગે. ને બા ગાતાં

લઘુકથા

ચિતામાં

હસમુખ કે. રાવલ

એક રક્તવસ્ત્રા ધોબણ મદમાતી ચાલે જઈ રહી હતી

હાથી જેવો હાથી લજ્જાનું ઉપરણું નગર દ્વાર પર લટકાવી, રાજમાર્ગ ત્યજી, લથડતી ચાલે ધૂળિયા માર્ગ તરફ વળ્યો. અંબાડી પર બેઠેલા કુમારપાળની અફીણી આંખોમાં ધોબણનાં લાલવસ્ત્રો છંટાઈ ચૂક્યાં હતાં. ધોબણ સરતી હતી...હાથી સરતો હતો...કુમારપાળ સરતો હતો...

હવે ધોબણનું પ્રતિબિંબ સરસ્વતીમાં ઝીલાવા લાગ્યું, હાથી એ પ્રતિબિંબ પીવા મથી રહ્યો. રાજાનું ચિત્ત પતંગિયાની પીઠ પર સવાર થયું ને પતંગિયું ધોબણના ઊડઊડ વસ્ત્રો સાથે સંતાકૂકડી રમી રહ્યું...

ત્યાં હાથીએ સૂંઢનું પાણી ઉછાળ્યું. ધોબણનું પ્રતિબિંબ ભુસાઈ ગયું. રાજા જાગી ગયો. ધોબણ.. હાથી...પોતે...પાટણની પ્રજાનો ખી ખી અવાજ ને ડૂસકાં ભરી વહી જતી સરસ્વતીનાં પાણી... રાજાને ગુસ્સો ચડ્યો, મન પર. સોસો કોરડા વીંઝ્યા, મન પર. તિરસ્કાર છૂટ્યો, મન પર. અને બીજા દિવસની રાજસભામાં–

'પુરોહિતો, ન્યાય કરો. મને શાંતિ આપો.'

'દોષિત હોય તેણે જલી મરવું જોઈએ.'

'રાજાએ પણ?' 'ન્યાય આંધળો છે.'

સરસ્વતીના તટ પર ચિતા સળગી ઊઠી. હજારો પ્રેક્ષકોનો કોલાહલ શમી ગયો. રાજાએ મુગટ ઉતાર્યો, વસ્ત્રો ઉતાર્યાં. લોકોની નજર રાજા પર સ્થિર થઈ. રાજાએ કછોટો ભીડ્યો...લોકોનાં હૃદય થંભી ગયાં, રાજાએ ચિતા તરફ દોટ મૂકી...

ત્યાં આદેશ સંભળાયો. 'નિર્દોષને રોકો, ગુનો કરનારને જ સજા થવી જોઈએ, અન્યને નહિ.' પુરોહિતશ્રેષ્ઠના આદેશનો અમલ થયો. પુરોહિતોએ રાજાને ઝાલી લીધો.

—ત્યારે ચિતામાં કૂદી પડેલું કુમારપાળનું ચિત્ત ભડભડ બળતું હતું.

એ પદ તો વારે વારે હૈયે ચડે છે:

'તું તો ન્યારો રહીને ખેલે છે નારાયણા રે!'

શિવી ફઈ જે ઓસરીમાં બપોરે કથા વાંચતાં ત્યાં સાંજે પાછો હીંડોળો બંધાઈ જતો, ને રાત્રે જમીને અમે નાનાંમોટાં બધાં ભાંડરડાં તે પર બેસી અંતકડી–અન્ત્યાક્ષરી–રમતાં. રમતમાં જેને છેલ્લા અક્ષર પરથી નવો શ્લોક કે કડી ન સૂઝે તેનાં ભેરુ મોટી બા થતાં. પણ તે વખતે એ કે'તાં : 'જેને બદલે કડી બોલી દઉં તેણે એ શ્લોક કાલ સુધીમાં મોઢે કરી લેવો, નહિતર એની ભેરુ નહિ થાઉં!' પરિણામે અમને ઘણું કંઠસ્થ થએલું.

ઘણી વાર રાત્રે એ હીંડોળા પર હું સૂતો ને એને અડીને પાથરેલા ખાટલા પર મોટી બા સૂતાં. લોકવાર્તા, પૌરાણિક કથા અને ચાલુ વાતો કરી તેના સાર પૂછતાં ને હાથ મારા માથા પર ફેરવતાં. પાછલી રાતના પડોશમાં ફરતી ઘંટી સાથે ગવાતાં પદો સંભળાતાં. એના સ્વરો યાદ આવતાં આજે યે એ પાછલી રાતની હવા શ્વાસમાં પણ અનુભવાય છે. મોટી બા એ પદો ધ્યાનથી સાંભળતાં. એક દિ' સવારે પૂજામાંથી પરવારી મને કહ્યું : 'કેસરમાને કહી આવ કે બપોરે નવરાં હોય ત્યારે આવી જાય.' હું કહી આવ્યો. એ આવ્યાં.

ભાગવત વંચાઈ રહ્યે મોટી બાએ તેને સવારે ઘંટી ફેરવતાં પદ ગાએલું તેની લીટી કહીને એ પદ ગવડાવવા કહ્યું. કેસરમાએ ગાયું, બહેનોએ ઝીલ્યું, એમ ત્રણ વખત ગવાયું. એ પદ મોટી બાએ ત્યારે જ કંઠે કરી લીધું!

એમને કંઠે ઘણું હતું. દર રવિવારે એમની સાથે બોલીને ધ્રુવાખ્યાન મને મારી બાર વર્ષની વયે કંઠ થએલું. એ આવું કહેતાં: 'ઘણી યે વાર એવું બને કે પોથી માંહ્યલું પોથીમાં જ રહે ને હૈયે હોય તો જ કામ આવે. જેટલું સારું સાંભળીએ તેટલું યાદ રાખીએ, તો એ નગદ નાણાં જેટલું ટાણે કામ આપે. અમથું યે મને વાંચતાં આવડતું નહિ. કો'ક વાંચે તો સાંભળું, બોલે તો સાંભળું. યાદ રાખ્યું છે તો હવે જ્યારે રાતની ઊંઘ ગઈ છે ત્યારે એક પછી એક આવાં પદમાં મન રાખતાં રાત ક્યાં ગઈ તે ખબર પડતી નથી. સારાં ભજનને આશરે રહીએ તો આડા વિચાર ન આવે એ ઘણો મોટો લાભ છે. એક સારો શ્લોક, કડી, દૂહો, લીટી એ તો ક્યારેક મંદિર બની જાય, ક્યારેક તીર્થસ્થાન તો ક્યારેક ગોકુળ વૃન્દાવન બની જાય! આપણી બુદ્ધિ હાલે નહિ, વિચાર અટવાય, મૂંઝાવાય તો યે આ ભગવાનની વ્રજભૂમિ છે એનું ભાન ન ભુલાય. એ તો આવું જે યાદ રાખે, યાદ કરે ને સમજે ઈ એ માણે.'

સાયંકાળે દેવ પાસે દીવો થાય ત્યારથી મોટી બા પાસે મંદિરમાં અમે નાનાંમોટાં સાથે બેસી સ્તુતિ બોલતાં. ઉપરાંત તે પાઠ્ય પુસ્તકોમાં આવતી પ્રાર્થનાઓ અમારી પાસે બોલાવતાં. તેમાં જે છોકરું જે ધોરણમાં ભણતું હોય તેની પ્રાર્થના તેની પાસે ગવડાવી બધાં પાસે ઝિલાવતાં. અમસ્તું યે, દરેક બાળક પાસે પાઠ્યપુસ્તકનો પાઠ વંચાવી, તેમાં શું સમજવાનું છે તેવા પ્રશ્ન કરી ચર્ચા કરાવતાં અને એ પાઠનો સાર જીવનમાં ક્યાં ઉપયોગી થાય તે સમજાવવા બીજાના જીવનના પ્રસંગો કહેતાં.

મને એક પ્રસંગ યાદ છે. હું ત્યારે પ્રાથમિક શાળાના ઉપલા ધોરણમાં હતો. અભ્યાસક્રમમાં પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત'માંથી કડવાં ગોખી લાવવા શિક્ષકે કહેલું, તેથી હું ઓસરીને ઓટલે બેઠાબેઠો નીચેની પંક્તિઓ ગોખતો હતો.

> 'અનંત યોદ્ધા ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
> ત્યાં સુદામોજી ફેરા ફરે, સંકલ્પ-વિકલ્પ મનમાં કરે.
> ગહન દિસે છે કર્મની ગતિ, એક ગુરુના બે વિદ્યારથી;
> એ થઈ બેઠો પૃથ્વીપતિ, મારા ઘરમાં ખાવા રજ નથી.
> રમાડતો ગોકુળ માંકડાં, ગુરુને ઘેર લાવતો લાકડાં;
> તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી.'

આ પંક્તિઓમાં કવિએ કરેલું સ્થિતિભેદનું વર્ણન હું સમજી શકતો હતો અને શિક્ષકે પણ સ્થિતિભેદ પર ભાર મૂકી સમજાવેલું. પરંતુ મોટી બાએ આ પંક્તિઓ ગાતાં અટકાવી મને કહ્યું: 'તેં ભાગવતનું સુદામાચરિત વાંચ્યું છે?' મેં હા કહી. તેમણે કહ્યું: 'ભૂલી ગયો હો તો ફરી જોઈ જા. લાવ, વાંચ, હું યે સાંભળું.' મેં એ વાંચી સંભળાવ્યું એટલે એમણે કહ્યું: 'જો, ભાગવતના સુદામાજીને પોતે સાવ ગરીબ છે તે વાતનું દુઃખ નથી; ઊલટું, ગરીબાઈનો પારસ છે. ભગવાન કૃષ્ણ પાસે દ્વારકાનું રાજ્ય છે ને સંપત્તિ છે એની એને ઈર્ષા નથી. પોતાની સાથે એ સરખામણી કરતા નથી. ઊલટું, ભગવાનની વડાઈ જોઈ હરખાય છે. ભગવાન પાસે માગવા જવાની એની ઇચ્છા નથી. ભગવાનનાં દર્શનનો લહાવ લેવા, મિત્રને મળવા લલચાય છે, તેથી સ્ત્રીની ઇચ્છાને માન આપે છે. ભાઈબંધની સંપત્તિ ને સુખ જોઈ રાજી થવું જોઈએ કે તેની ઈર્ષા કરી દુઃખી થવું જોઈએ? જો ઈર્ષા હોય તો ભાઈબંધી કેવી? ને જો ભાઈબંધી હોય તો ઈર્ષા કેવી? ભાઈબંધને એકબીજાના સુખમાં આનંદ જ હોય. એટલે તારા પ્રેમાનંદને સુદામાજીના સ્વભાવની ખબર નથી. મિત્રોમાં પરસ્પર સ્નેહ વધે, લાગણી વધે, ઊમળકો વધે એવી ભાવના કવિતામાં હોવી જોઈએ. આમાં એ ભાવ નથી. ભાગવત, રામાયણ કે મહાભારતમાંથી મૂળ કથા લઈ કવિતા લખે ત્યારે મૂળથી ઊતરતું ન જ લખવું જોઈએ. તુલસીદાસજીનું રામાયણ છે તે વાલ્મીકિના રામાયણ કરતાં ભક્તિ ને ભાવનામાં ચડે છે. આ તારા પ્રેમાનંદની કવિતામાં એ નથી. એ ભલે મોટો કવિ કહેવાતો હોય, એણે સુદામાને સારા નથી ચીતર્યા.'

આ વાત યાદ રહી તેનું કારણ એ હોવા સંભવ છે કે મોટી બાએ કહી તે વાત મેં લખી તેથી આમારા શિક્ષક છેડાયા ને તે પ્રશ્નમાં મને ઘણા ઓછા ગુણ મળ્યા. હું કૉલેજમાં ભણતો ત્યારે આ પ્રસંગની વાત સર પ્રભાશંકર પટ્ટણી પાસે કરતાં તેમણે કહેલું: 'તારા શિક્ષકે એમ કેમ કર્યું તે હું નથી સમજતો, પણ બાની વાત યાદ રાખી જીવતર ઘડવાથી હું પોતે ઘણો સુખી થયો છું ને તેથી બીજાં યે સુખી થયાં છે. હું બાના ખોળામાં ઊછર્યો છું એ તને ખબર છે કે, ને?' મેં કહ્યું: 'થોડી છે.'

'તો મારી પાસે આવતો રે'જે, હું કહીશ. ને બા પાસેથી તું પણ સાંભળજે. મારી તો સલાહ છે કે બહુ યાદ ન રહે તો નોટબુકમાં બા જે કંઈ બોલે તે લખી લેવું, તેના પર વિચારવું ને આચારમાં મૂકવું. એમ કરતાં કરતાં આપણે જે બનશું તેનો આપણને સંતોષ થશે. કરી જોજે.' □

અનુસંધાન] **કેસૂડાં-ખાખરાનાં ફૂલ** [પૃ. ૪૬૪થી

બીજા જ દિવસની સવારે કુલકર્ણી હરખાતો હરખાતો મારા ટેબલ પાસે આવેલો. એને જોઈને જ મને થએલું કે કંઈક નવાજૂનીના સમાચાર આવ્યા: 'કસા કાય કુલકર્ણી? બરા?'

'અરે તુમ એક બાત સુના ક્યા?' કુલકર્ણી એકદમ મારી નજીક આવેલો. એના મોંમાંથી તમાકુની વાસ આવેલી.

'કાય ઝાલા?' મેં રસથી પૂછેલું.

'કિસી કો બોલના મત! હમ તો ખાલી સુના હૈ!'

'અરે લેકિન ક્યા સુના હૈ? કુછ બોલેગા કિ ઐસે હી...'

'અરે માસ્ટર, હમ સુના કિ અપના શેઠ દૂસરા શાદી કરતા હૈ!' કુલકર્ણી હસી પડેલો. એના કાળા દાંત હું નવાઈથી જોઈ રહેલો. પછી કુલકર્ણી 'મૂકેશ કે પાસ જાતા હૈ!' કહીને તારા ટેબલ તરફ વળેલો. વિભૂતિને પણ આ વાતની ખબર પડી જ હશે ને? □

અશ્વિન દેસાઈની વાર્તા

કેસૂડાં-ખાખરાનાં ફૂલ

ફુરસદના સમયે ઑફિસમાં તું કોઈ વાર મારા ટેબલ પાસે આવતો. હું કંઈ કામમાં હોઉં તો હળવેથી સામેની ખુરશી ઉપર બેસી જતો. પછી થોડી વારે ટેબલ ઉપર નખથી ‘ટક ટક’ કરતો. હું ઊંચું જોતો તો તું સહેજ સ્મિત કરતો. ‘ઓ–હો! મૂકેશકુમાર!’ કહીને હું ફરીથી કામમાં પરોવાઈ જતો. ‘હવે છોડો ને સુરેશભાઈ!’–કહીને તું મારી સામે પડેલા કાગળો ખેંચી લેતો. હું ‘અરે! અરે!’ કરતો રહી જતો ને તું શાંતિથી પૂછતો: ‘બોલો, શી નવાજૂની છે?’ મારે ન છૂટકે કામ બંધ કરી દેવું પડતું.

કોઈ વાર તું ખૂબ રસથી ક્રિકેટની વાત કરતો ત્યારે બધું સાંભળી લઇને હું તને પૂછતો: ‘તું કોઈ દિવસ ક્રિકેટ રમ્યો છે?’

‘હા, ગામમાં અમારા મહોલ્લામાં એક જણ પાસે એક જૂનું બૅટ હતું. ચીંથરાંનો બૉલ બનાવતા. ભીંત ઉપર કોલસાથી લીટા દોરીને સ્ટંપ ઊભા કરતા. બૅટવાળા છોકરાને ઘેરથી તેડું આવતું એટલે તે બૅટ લઇને જતો રહેતો—રમત બંધ પડતી.’

‘એ તો ઠીક; પણ કોઈ દિવસ સીઝન બૉલથી રમ્યો છે?’

‘ના, ભાઈ ના! સીઝન બૉલ નજીકથી જોયો પણ નથી!’

‘કેમ? કૉલેજમાં...’ ‘કૉલેજ પણ નજીકથી જોઈ નથી!’ તું હસી પડતો. ‘એમ? એટલે મૅટ્રિક પછી...’

‘ભગવાનદાસ શેઠની નોકરી.’ તારા ચહેરા ઉપર હળવાશ રહેતી.

‘આઇ સી! ઘરની સ્થિતિ ઠીક નહિ હોય!’

‘સ્થિતિ જેવું કંઈ મળે જ નહિ! સાત બહેન, એક ભાઈ. નાની બહેન ૭ મહિનાની હતી ને બાપનો સ્વર્ગવાસ.’

‘એમ? કેટલા વરસના હતા બાપા?’

‘હશે પચાસેક. હું ત્યારે મૅટ્રિકના છેલ્લા વરસમાં. બાપાએ ખાટલાની નજીક બોલાવીને કહેલું કે ‘મૂકેશ...આ તારી બહેનોને...’

‘શું કરતા હતા બાપા?’

‘કાપડના વેપારીને ત્યાં નોકરી.’ ‘કંઈ ફંડ-બંડ...’

તું સહેજ હસતો: ‘બાપા પછી મહિનામાં બાએ જિદ્દ કરીને શેઠને ત્યાં મોકલ્યો. શેઠે ચોપડામાં જોઇને કહ્યું કે જમનાદાસને તો ઍડવાન્સ આપેલા તેમાંથી હજી અમારા નીકળે છે!’ તારા ચહેરા ઉપર સહેજ ગમગીની દેખાતી એટલે હું વાત બદલતો.

‘કેમ, વિભૂતિ શું કરે છે?’

‘કોને ખબર! આજ-કાલ જાય જ કોણ એના ટેબલ તરફ?’

તું સહેજ અજાણ્યો થતો. હું જોરથી તારી પીઠ પર ધબ્બો મારતો: ‘સાલા! હું જાણું છું, તારે એના ટેબલ તરફ જવાની જરૂર નથી પડતી! તું તારા ટેબલ ઉપર બેઠો બેઠો જ એની બધી ખબર રાખે એવો છે!’

‘તમારા સમ, સુરેશભાઈ! છેલ્લા એક અઠવાડિયાથી મોઢું પણ જોયું નથી!’ તું ગંભીર બનીને કહેતો.

‘કેમ કેમ ભાઈ? આટલા બધા દિવસ આવાં રિસામણાં!’

‘રિસામણાં શાનાં? મારે કામ ઘણું રહે છે ને એ શેઠથી ગભરાય છે!’ ‘કેમ? શેઠથી શું ગભરાવાનું?’

‘કોઇએ કહ્યું કે તું ને મૂકેશ વાત કરો છો તે શેઠને ગમતું નથી!’ તું હસી પડતો. હું પણ હસતો.

‘મેં એને કહ્યું, સુરેશભાઈ, કે કાલે શેઠ તો કહેશે, તું શ્વાસ લે એ પણ મને ગમતું નથી! તો તું શ્વાસ લેવાનું પણ બંધ કરી દેશે?’

આપણે બન્ને જોરથી હસી પડતા એટલે વિભૂતિનું ધ્યાન દૂરથી મારા ટેબલ તરફ જતું અને એ પોતાની જગ્યા ઉપર બેઠી બેઠી, એની જ વાત થતી હશે એમ માનીને શરમાઈ જતી.

વિભૂતિ પણ ઘણી વાર, કંઈ પૂછવાને બહાને, કાગળિયાં લઈને મારા ટેબલ પાસે આવતી: ‘સુરેશભાઈ, જરા જલદી જલદી આનું શું કરવાનું તે બતાવી દો ને!’

‘કેમ? મને મળવાની પણ શેઠે ના પાડી છે?’ હું પૂછતો.

વિભૂતિ શરમાઈ જતી: ‘ના રે ના! શેઠ તો બીચારા કંઈ જ કહેતા નથી! પણ મારે જ કામ એટલુ બધું છે કે...’

‘કામ તો તારે કયા દિવસે નથી હોતું?’

‘ખરી વાત છે! કોને ખબર મારી ઝડપ ઓછી છે કે શું...’

‘પણ મૂકેશને મળવાનો ટાઇમ પણ નથી મળતો?’

‘જાઓ, આવી વાત શું કર્યા કરો છો? કોઈ સાંભળશે તો...’

‘તો શું? શેઠે મૂકેશ સાથે વાત કરવાની તો મનાઇ કરી છે; હવે મૂકેશ વિષે વાત કરવાની પણ મનાઈ કરશે!’

‘તમને ય ભાઈ, મૂકેશ સિવાય કંઈ સૂઝતું નથી તો!’

‘મને તો ઘણું ય સૂઝે છે; પણ આ તો એમ, કે મૂકેશનું નામ લઇએ તો તું જરા કામની વાતમાંથી છૂટી થાય, નહિ તો તું તો, મને ખાત્રી છે કે, ઊંઘમાં ય કામનો જ બડબડાટ કરતી હશે!’

‘હવે તમારે બતાવવું છે કે હું ચાલી જાઉં?’

‘હા; બોલ, શું છે?’ હું વિભૂતિનાં કાગળિયાં ધ્યાનથી જોતો.

કોઈ વાર વિભૂતિ ઑફિસમાં ખૂબ ખુશ જણાતી તો હું પૂછતો: ‘કેમ વિભૂતિ? આજે તો કંઈ ખૂબ મૂડમાં છે ને!’

‘ખાસ કંઇ નથી!’ વિભૂતિ સહેજ શરમાઇને હસતી.

‘તો ય કંઈક તો છે જ ને?’

‘કંઈ જ નથી; તમારા સમ!’

‘તમે લોકો, સાલા, મારા સમ ખાઈખાઇને મને એક દિવસ ઉપર પહોંચાડી દેવાના છો!’ હું મજાક કરતો.

વિભૂતિ મોટેથી હસી પડતી, પછી આજુબાજુ જોઇને મોં પર હાથ દબાવતી: ‘તમારે કેટલા વરસ જીવવું છે, સુરેશભાઈ?’ વિભૂતિ ખૂબ આનંદથી પૂછતી.

'અમારે ગમે એટલું જીવવું હોય, પણ મારા સમ ખવાઇને મરવું નથી, સમજ્યાં? પેલો મૂકેશિયો પણ, સમ ખાવાના હોય ત્યારે સુરેશભાઈના!' હું બનાવટી ગુસ્સો કરતો.

વિભૂતિ ફરીથી હસતી: 'એનો અર્થ એમ, સુરેશભાઈ, કે તમે અમને કેટલા બધા વહાલા છો!'

'આ હા હા હા! સમ ખાતી વખતે વહાલો સુરેશભાઈ! તે ખાઓને એકબીજાના સમ!'

'અરે રે રે રે!' વિભૂતિ મારા મોં પર હાથ મૂકીને મને બોલતો બંધ કરી દેતી. પાછળથી મને ખબર પડતી, કે તમારો ફરવા જવાનો પ્રોગ્રામ નક્કી થયો હોવાથી વિભૂતિ ખુશ હતી. બીજે દિવસે હું વિભૂતિને ધમકાવતો: 'કેમ વિભૂતિ, મને કહ્યું હોત કે અમે ફરવા જવાનાં છીએ તો હું તમારી સાથે આવવાનો હતો?' વિભૂતિ શરમાઈ જતી.

કોઈ વાર વિભૂતિ ઉદાસ દેખાતી. 'કેમ વિભૂતિ, કેમ આજે આમ છે?' હું પૂછતો.

'ખાસ કંઈ નહિ.' વિભૂતિ પોતાના કામમાં ફરીથી પરોવાઈ જતી. લંચ-ટાઇમમાં તું પણ ભારેખમ જણાતો એટલે હું પૂછતો: 'શું છે મૂકેશ? તમે લોકો કંઈ કહેતાં કેમ નથી?'

'હું તમને એમ પૂછતો હતો, સુરેશભાઈ, કે ગાંડાની ઑસ્પિટલમાં અપંગને પણ લે ખરા?' તું ખૂબ ચિંતાથી સામો પ્રશ્ન કરતો.

'ના; કેમ?' 'વિભૂતિનો ભાઈ છે, તમને ખબર છે ને? એની બા કહે છે કે સનતને ગાંડાની ઑસ્પિટલમાં મૂકી આવીએ!'

'પણ ત્યાં તો મેન્ટલી નબળા હોય એને જ લે. પણ કેમ વિભૂતિની બા એકદમ......'

'કહે કે ક્યાં સુધી વિભૂતિ પાસે ખેંચાવશું?'

'ઓ–હો! એમ વાત છે! વિભૂતિ શું કહે છે?'

'વિભૂતિ કહે છે, એ કંઈ ગાંડો થોડો જ છે? અને ગાંડો હોય તો પણ, આપણે આપણા રસ્તા મોકળા કરવા એને પાગલખાને થોડા મૂકી આવીએ?'

'બરાબર છે, ન મુકાય. તો પછી હવે પ્રશ્ન શાનો છે?'

'હવે પ્રશ્ન એ છે કે, વિભૂતિની બાનો લોકો જીવ ખાય છે!'

'કેમ?' 'કે હવે વિભૂતિ માથે આવી ગઈ તો ય તમે...'

'ઓતારીની! વિભૂતિને પરણાવવાની ફિકર પણ લોકો ને?'

'હા, કહે કે નોકરી કરતી છોકરીને ઝાઝો વખત ન પરણાવો તો પછી વંઠી જાય!' તું તારી ખાસિયત પ્રમાણે હસી દેતો.

'તો પછી પહેરાવોને હાર-તોરા!' હું તારી પીઠ ઉપર ધબ્બો મારતો. તું ફરીથી ગંભીર બની જતો.

કોઈ વાર તારી સૌથી નાની બહેન અલકા ઑફિસમાં તારી સાથે આવતી. હું એને મારા ટેબલ પાસે બોલાવતો.

'કેમ અલકા? આજે ભાઈ વતી તું નોકરી કરવા આવી છે?'

'નાઆઆઆ! નાનાં છોકરાં કંઈ થોડાં નોકરી કરે?'

'તો પછી કેમ આવી છે?'

'ભાઈ મને ચોપડીઓ અપાવવાના છે ને! સાથે નહિ આવું તો રોજની માફક ભૂલી જ જાય!'

હું હસી પડતો: 'ઓ–હો! એમ વાત છે? તો પછી તારી ભાભીને મળી કે નહિ?' હું અલકાને નજીક તેડીને પૂછતો.

'કઈ ભાભી?' અલકા નવાઈ પામીને મને જોઈ રહેતી.

'નથી ઓળખતી? અરે રામ રામ! જા, પે......લા ટેબલ ઉપર બેઠી છે ને...એને જઈને કહે કે, કેમ છો ભાભી!' હું સમજાવીને અલકાને વિભૂતિના ટેબલ તરફ મોકલી આપતો. પછી તાલ જોયા કરતો. વિભૂતિ એકદમ ચમકી ગએલી જોઈ શકાતી. ગભરાઈને, આજુબાજુ જોઇને, કોઈ સાંભળતું તો નથી ને તેની ખાત્રી કરીને, વિભૂતિ અલકાને પોતાની નજીક બોલાવતી, એના ગાલ ઉપર ચીમટો ભરતી અને ખૂબ વહાલથી બચ્ચી કરતી.

એક વાર તારી એક બહેનના લગ્નમાં, મને યાદ છે, અમે બધાં સ્ટાફનાં માણસો આવેલાં. ત્યારે લગ્નના મંડપમાં અમે કોઈ જુદો જ મૂકેશ જોએલો! એના ચહેરા ઉપર ગંભીરતા, એની વહેવારિક કુશળતા અને પ્રસંગ ઉકેલવાની એની આવડત જાણે પચાસ વરસના ઘડાએલા માણસ જેવી લાગતી હતી! મેં ધમાલમાંથી એક ખૂણે લઈ જઈને તને કહેલું: 'મૂકેશ! અમારે લાયક કંઈ કામકાજ હોય તો...' 'ના રે!'...તેં હસી દીધેલું; 'ખાસ કંઈ નથી! તમે બેસોને નિરાંતે. એવું હશે તો તમને કહીશ.' અને તું ફરીથી ધમાલમાં જોડાઈ ગએલો.

પ્રસંગ પતી ગયા પછી ઑફિસમાં તેં હસતાં હસતાં કહેલું: 'ચાર બહેનો પરણાવીને, સુરેશભાઈ, એટલી પ્રૅક્ટિસ થઈ ગઈ છે, કે હવે તો મને લગનો ઉકેલવાનો ધંધો કરવાની જ ઇચ્છા થાય છે!'

'હા, અને પ્રૅક્ટિસ હોય તો પોતાના લગ્નમાં પણ સરળતા રહે ને?' મેં પણ હસીને પૂછેલું.

'આપણે તો હવે...' કહીને તેં વાત ઉડાવી દીધેલી. હું જાણતો હતો કે તને તારા પોતાના લગ્નની વાત ખાસ ગમતી નહિ.

અને એક વાર ઑફિસમાં કંઈક પાર્ટી જેવું હતું ત્યારે હું મારાં બાબા–બેબીને પણ લઈ આવેલો. તેં મારા ટેબલ પાસે આવીને મારા બાબાને રમાડેલો: 'કેમ છે દોસ્ત?' અને મારી બેબીને ગલીપચી કરીને હસાવેલી. પછી મારી તરફ ફરીને તેં ગંભીરતાથી પૂછેલું: 'કોણ રાખે છે ઘરે?'

'મારી બા હતી ત્યાં સુધી તો એની પાસે રહેતાં; હવે નાની બહેન પાસે રહે છે.' મેં કહેલું. 'નાની બહેન શામાં ભણે છે?' તેં પૂછેલું.

'મૅટ્રિકમાં છે.' 'કૉલેજમાં મૂકવાના છો?'

'ના; સારું મળી જાય તો......'

'પછી આ લોકોને કોણ રાખશે?' તેં બેબીના માથે હાથ મૂકેલો. થોડી વાર હું કંઈ જ ન બોલેલો. 'જોકે થોડા દિવસની તકલીફ છે, પણ પછી તો મોટાં થઈ જશે ને?' મેં ધીમે ધીમે કહેલું. તું પણ શાંત થઈ ગએલો. નાસ્તા-પાણી કરીને લોકો વિખેરાઈ ગએલાં.

(અનુસંધાન પૃ. ૪૯૨)



ગિરનારની તળેટીમાં (ફોટો - લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ). મહાશિવરાત્રીના પર્વની ઉજવણી તો ગુજરાતમાં ઠેરઠેર થતી હશે પણ તે દિવસે જૂનાગઢ, ફલ્કેશ્વર અને પલસાણામાં ભરાતા મેળામાં ગિરનારની તળેટીમાં યોજાતો ભવનાથનો મેળો સૌથી મોટો ગણાય છે. સૌરાષ્ટ્ર-ભરમાં તેનો મહિમા છે. આસપાસથી જ નહિ, પણ દૂરદૂરથી લોકો ત્યાં ઊમટે છે અને એથી થતી ભીડને કારણે, તળેટીમાં રહેવાઊતરવાની ઘણી સગવડ હોવા છતાં ઘણા લોકોને કડકડતી ટાઢમાં યે બહાર ખુલ્લામાં રાતવાસો કરવો પડે છે. આવા યાત્રીઓની વહેલી સવારની ચર્યાનું આ ચિત્ર છે. માર્ગને કાંઠે ખુલ્લામાં રાત ગાળીને જાગેલા લોકો મેળાની ધમાલ ચાલુ થાય તે પહેલાં પોતાનું પ્રાતઃકાર્ય આટોપી લેવામાં રત છે. ઊતરતા શિયાળાની વહેલી સવારના આછા ધૂંધળા વાતાવરણ અને પેટાવેલા મંગાળાની ધૂણી વચ્ચેથી ચળાઈ આવતા તડકાની હૂંફને અહીં સફળતાથી ઝડપી શકાઈ છે. કૅમેરાની સામી દિશામાંથી આવતો કુમળો સૂર્યપ્રકાશ અને તેથી પડતા લાંબા પડછાયા વાતાવરણને ઉપસાવવામાં સહાયક બને છે, તો વૃક્ષોની હાર અને તેની પાછળ લંબાતો માર્ગ ચિત્રસંયોજનમાં ઊંડાણ પ્રેરે છે. આથી રંગીન ન હોય તો યે આ એક સારું ફોટોચિત્ર બની રહે છે.

(જુઓ આ અંકમાં 'ગુજરાતની ફોટોકલાનાં પચાસ વર્ષ')



કચ્છના તેરા ગામના મહારાજશ્રીના શયનખંડની ભીંતે કચ્છના કમાંગરે સંવત ૧૯૧૩માં આલેખેલી સંપૂર્ણ 'રામકથા'નો એક ભાગ

રામ-વનવાસ-ગમન

અનુકૃતિ · ખોડીદાસ પરમાર

(જુઓ આ અંકમાંનો લેખ 'તેરાનાં ભીંતચિત્રોમાં સંપૂર્ણ રામાયણ')

સ્થાનાનુદાન : એક સજ્જનના તરફથી

તેરાનાં ભીંતચિત્રમાં સંપૂર્ણ રામાયણનું આલેખન

લેખક-આલેખક-તસવીરકાર
રામસિંહજી રાઠોડ-ખોડીદાસ પરમાર

ભારતીય ભીંતચિત્રોની પરંપરામાં સંપૂર્ણ રામાયણનાં એક જ સ્થળે, ભીંતે, સળંગ દોરેલાં ચિતરામણની ઉપસ્થિતિ દુર્લભ છે. આવાં, બીજે જવલ્લે જ જોવા મળે તેવાં, આખી લોકોત્તર રામાયણને વર્ણવતાં ભરપૂર ભીંતચિત્રોની એક સળંગ હારમાળા કચ્છના તેરા ગામના દરબારગઢમાં ઉપલબ્ધ છે. હજુ અકબંધ સચવાએલાં આ પ્રલંબ ને પૂર્ણરંગી રામાયણીય ભીંતચિત્રો માગ મુકાવે તેવાં છે. જે કાળે એ થયાં ત્યારે ઉત્કૃષ્ટ કક્ષાનાં કહી શકાય એવાં એ ચીતરાયાં છે. એની લઢણ ભારતીય લોકપરંપરાની છે; છતાં તેમાં પ્રાદેશિક કચ્છી કમાંગરની આપસૂઝનો અભિગમ અલગ પાડતો દેખાઈ આવે છે.

કચ્છ ભારતનો જ એક ભાગ છે, છતાં પ્રાકૃતિક રીતે થોડો વિખૂટો પડી રહેલો લાગે. પ્રદેશ ડુંગરાળ, ધરતી ભૂખરી, વર્ષા પાંખી અને તાપ–ટાઢ અતિ, એટલે આવી આબોહવામાં રહેતા 'કચ્છી માડુ' વર્ષારે વનવગડે કામઢા રહે. બાદ મોટા ભાગે મનની મોકળાશ અને મોટપ અનુભવે. આવા સંજોગોમાં ખીલેલી કચ્છી કમાંગરીની લોકકળા જ્યારે તેની પરાકાષ્ઠાએ હતી ત્યારે તેરાના દરબારગઢમાં આ રામાયણીય ભીંતચિત્રોની રચના થઈ છે.

તેરા કચ્છની દક્ષિણ–પશ્ચિમ (નૈર્ઋત્ય) બાજુ, ભુજથી ૮૫ કીલોમીટર દૂર આવેલું છે. ઓગણીસમી સદીની અધવચાળે તેમાં એક વિશાળ દરબારગઢ બાંધવામાં આવ્યો. તેની દોઢીમાં એક અંતર્મહેલ છે. આ આવાસના દર્શનભાગમાં મુખ્ય કચેરીનો મોટો ઓરડો છે. આ ઓરડાની પાછળ અંદરના ભાગે ઉપરના ખંડમાં આ ભીંતચિત્રો આલેખેલાં છે. તેરા ઠાકોરો આ ઓરડાનો વપરાશ શયનખંડ તરીકે કરતા આવ્યા છે. આ પરંપરામાં તેરાના વિદ્યમાન ઠાકોરશ્રી ડૉ. રુદ્રસિંહજી જાડેજાએ પણ આ ખંડને એ જ રીતે અબાધિત સાચવેલો છે. જનાનખાનાનો આ ખંડ શયનખંડ તરીકે વપરાશમાં હોઈ ત્યાં કોઈ સામાન્ય જનને પ્રવેશ નથી, એટલે લોકકળાનો આ ખજાનો છૂપો રહી હજુ લગી જાહેરની જાણમાં આવેલો નથી. ડૉ. રુદ્રસિંહજી અને તેમનાં પત્ની શ્રીમતી દુર્ગાબાએ અમને કળાના રસિયા તરીકે આ ભીંતચિત્રોનો પરિચય કરવા દીધો અને સને ૧૯૭૧માં ૨૪મી ઑક્ટોબરે તેનો અભ્યાસ કરવાની બધી વ્યવસ્થા હોંશથી કરી આપી, ને આ વિરલ લોકકળાનો પરિચય જાહેરમાં પ્રગટ કરવાની ઊલટથી પરવાનગી પણ આપી; ઉપરાંત આ કલાભિમુખ દંપતિએ આ મૂલ્યવાન અને કમનીય ભીંતચિત્રોને સંભાળપૂર્વક સાચવી રાખવાની અમારી દરખાસ્ત પણ ઉમંગથી સ્વીકારી.


જે શોભીતા અને વિશાળ ખંડમાં આ ભીંતચિત્રો આવેલાં છે તેની અંદરથી લંબાઈ ૬.૫ મીટર, પહોળાઈ ૪.૭૭ મીટર અને



તેરા-દરબારના આવાસના શયનખંડની અભરાઈ ઉપરની ભીંત પર ગઇ સદીની અધવચમાં આલેખાએલું રામાયણ. ખંડના અગ્નિ કોણમાં રાજા દશરથના પુત્રકામેષ્ટિ યજ્ઞના પ્રસંગના આલેખનથી આરંભી, લંકાવિજય કરી પુષ્પક વિમાનમાં અયોધ્યા પાછા ફરતા રામના સ્વાગત સુધીની રામકથાનું ચારે દીવાલો ઉપર ક્રમબદ્ધ ને સળંગ આલેખન તેમાં છે.

ઊંચાઈ ૩.૬૦ મીટર છે. આ ખંડમાં તેની ચારે બાજુની ચારે દીવાલોમાં ૨.૨૦ મીટરની ઊંચાઈએ સળંગ ફરતે અભેરાઈ આવેલી છે. તે પછી ઉપર ૨.૭ મીટરની જગ્યા છોડીને ચારે બાજુ ફરતે ૮૭ સે. મી. ની જગ્યા ઉપર-નીચે બે બિટ્ટી રેખાઓથી બાંધી રોકી લેવામાં આવી છે. ચારે ય દીવાલોને એક છેડાથી બીજા છેડા લગી આવેલી આ કંદોરાબંધ પટ્ટીમાં અડોઅડ સળંગ ચિત્રભરપૂર કરી દેવામાં આવી છે. સમગ્ર રામાયણનાં સળંગ ભીંતચિત્રોના આ પટાની એકંદર લંબાઈ ૨૧.૯૦ મીટર છે—એટલે કે લગભગ પોણોસો ફૂટ જેટલી થવા જાય છે.

ભીંતચિત્રોવાળી દીવાલના પ્લાસ્ટરનું પડ કંઈક અંશે જય-



▷ **કચ્છના મહારાવ દેશળજી બીજા (ઈ. ૧૮૧૯ થી ૧૮૬૭)ના પ્રિય ફટાયા કુંવર હમીરજી ઊર્ફે ગગુભા. સન ૧૮૬૦માં એમને તેરાનો ગિરાસ મળ્યો ત્યારે એ રામભક્ત તેરા-દરબારે દરબારગઢના આવાસમાં, આ લેખમાં ઉલ્લેખિત ભીંતચિત્રમાં રામકથાનું આલેખન કરાવ્યું.**

[પુરી મ્યૂરલને મળતું હોય તેવું લાગે]છે. ભીંતપટને સંભાળ અને જહેમતથી સુંદર અને લીસો બનાવવામાં આવેલો છે. લઢીલઢીને તૈયાર થએલા તાજા પ્લાસ્ટર ઉપર કમાંગરે સળંગ રેખાગતિમાં ચિત્રરચના કરવા માટે પ્રથમ નીચેથી એક સીધી રેખા આંકી, તેના ઉપરના ભાગે ચીતરવાનું શરૂ કર્યું લાગે છે. કોઈ તીણા સાધનથી કરેલા ખસરા દ્વારા સમગ્ર ચિત્રરચનાનું, ખયાલબંધ પાતળી રેખામાં, દીવાલના સફેદ રંગ ઉપર રંગપૂરણીમાં કુદરતી મળતા બધા જ રંગોની વર્ણમાલા વાપરી છે. આ રીતે કમાંગરી શૈલીમાં આ સમગ્ર ચિત્રરચનાની માવજત કરી બધી બાજુથી તેની આ હારમાળાને એકસરખો ઉઠાવ આપવામાં આવ્યો છે.

દેખાય છે કે, આ કમાંગરે રામાયણનું પૂરેપૂરું અધ્યયન કર્યું છે અથવા સંભાળપૂર્વક રામાયણ સાંભળી છે ને તેનું સંપૂર્ણપણે મનન કર્યું છે; અને પોતાના ભાવક તેરા–દરબારના માર્ગદર્શન તળે પૂર્ણ વિગતથી રામાયણના એક પછી એક પ્રસંગની રચના કરી છે. ભારતીય નાટ્યશાસ્ત્રના નિયમને અનુસરી સમાપ્તિમાં રામરાજ્યાભિષેકનું ચિત્ર મૂકી આ કમાંગરે સુખાંત રામાયણ ચીતરી છે. કોઇ પણ સ્થળે સ્થૂલ ઉઘાડું રૂપ કે લોહી નીંગળતી કાયા નાટ્યશાસ્ત્રપ્રણીત નિષેધ અનુસાર તેણે આ ચિત્રફલકમાં ઉતારી નથી. આ શયનખંડમાં વસતા ભાવકોનાં ચિત્ત પર શોકની છાયા ન પડે અને રામાયણભક્તિમાં તેનું મન પ્રસન્ન રહે એ હેતુને કમાંગરે ખાસ લક્ષમાં લીધી લાગે છે.

તેરાની આ ભીંતચિત્રણાની રેખાવટ, શોભન-રચના તથા રંગ અને રૂપમાં કચ્છી લોકકળા શૈલીનું આગવું પોત રચાએલું જોવા મળે છે. આ ચિત્રોમાં વેશભૂષા તત્કાલીન રાજપૂત ઢબની છે. રામ અને સીતાનો પહેરવેશ કચ્છી પોશાકને અનુસરતો છે. સજાવટમાં લોકતત્ત્વની ભરમાર જેવી કચ્છી કારીગરી બધે નીતરી છે. શોભન સામંજસ્ય અને અલંકારિકતાની રચનાની એકતાનતામાં કચ્છી કમાંગરી કામની પારંગતતા પણ જોઈ શકાય છે. કમાંગરે પોતાની હથોટીની આગવી શૈલીથી પાતળી પાણી જેવી ધારદાર અને નજાકતભરી રેખાઓથી આ ચિત્રોની બધી જ રચના કરી છે; અને રેખાવટના પ્રવાહી રૂપથી રામાયણીય કથાવસ્તુની રજૂઆતમાં, તથા પ્રસંગ પરત્વેના હાર્દ અને આલેખનનું સ્વરૂપ બાંધવામાં કમાંગરને સફળતા પ્રાપ્ત થઇ છે, અને આ સમગ્ર ચિત્રમાળા લોકકળાનો એક ઉત્તમ નમૂનો બની રહે છે.

આ ભીંતચિત્રોમાં કમાંગરે ચિત્રાંકનની શરૂઆત ઉગમણી દીવાલના જમણી બાજુના ખૂણામાંથી કરી છે. સૌપ્રથમ ચિત્રની માંડણીમાં બીજું કશું ન લેતાં બારોબાર રામાયણની વાર્તા તેણે શરૂ કરી દીધી છે. રાજા દશરથ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે છે. અહીં યજ્ઞશાળામાં ધોળી જટાળા અને લાંબી દાઢીવાળા ઋષિમુનિઓ છે. તે મંત્ર ભણીને યજ્ઞકુંડમાં આહુતિઓ આપે છે ને દેવયજન કરે છે; રાજા સૌને દાન કરે છે. આ પછીની રચનામાં રાજમહેલના આવાસમાં દશરથની ત્રણેય રાણીઓ—કૌશલ્યા, સુમિત્રા અને કૈક્યી બેઠાં છે. રાણી કૌશલ્યાને ભગવાન વિષ્ણુ ચતુર્ભુજરૂપે દર્શન આપે છે. તે પછીના ચિત્રમાં મહેલના ખંડમાં ત્રણે રાણીઓના ખોળે નાનેરાં બાળુડાં ખેલે છે, આંગણે પંખી કલરવે છે, મોરલા ગહેકે છે. પુષ્પોથી તેમજ બિલોરી કાચની હાંડીઓથી આવાસ શણગારેલો છે અને બધે જ આનંદ-ઓચ્છવ થાય છે.

બાળકો મોટાં થાય છે. ઋષિના યજ્ઞનું રક્ષણ કરવા વિશ્વામિત્ર સાથે રામ અને લક્ષ્મણ જંગલમાં જાય છે. તેમાં રામ તાટકાને મારે છે ને અહલ્યાને ઉદ્ધારી ધનુષ્યભંગ કરે છે ત્યાં સુધી ચિત્રપટ આવે છે. ત્યાં તો પૂર્વની દીવાલની બરોબર મધ્યમાં પહોંચી જવાય છે. અહીં ચિત્ર થોડુંક બગડી ગયું હોવા છતાં ચિતારાની પીંછીનો સળવળાટ આ સ્થળે રમણે ચડેલો દેખાય છે. ધનુષ્યભંગ પછી સીતા રામને વરમાળા આરોપે છે અને પછી રામ અને સીતાને ચોરીએ બેઠાં મંગલ વરતતાં દેખાડ્યાં છે. આની રચનામાં ચિતારાએ કમાલ કરી છે. જમરખ દીવડાવાળી બાઇયું જાણે ગાઈ જ ન રહી હોય:

આવે તે આવે, જાદવકુળની જાન,
પરણે તે પરણે સીતા ને સરી રામ.

અને ચારે બાજુ લોકો આનંદ-ઓચ્છવ કરે છે. પહેલું મંગળ વરતાય ત્યારે શેનાં શેનાં દાન દેવાય છે, તે ય રૂડી રીતે ચીતર્યું છે:

પેલું પેલું મંગળિયું વરતાય રે,
પેલે મંગળ ગવતરીનાં દાન દેવાય રે.

અહીં રાજા બ્રાહ્મણોને ગવતરીનાં દાન પણ આપે છે. વચ્ચે મંગળ વાદ્યો વાગે છે. અગ્નિની સાક્ષીએ સીતા-રામ પરણી રહ્યાં છે. બાદ જાન અયોધ્યા આવે છે. વહુઓ વડીલોને પગે લાગે છે. આ પછીની રચનામાં દશરથ રાજા રામરાજ્યાભિષેકની તૈયારીઓ કરે છે. પોતાના રંગમહેલમાં કૈકેયી દશરથ કને વચન માગે છે. રાજા વરદાન આપે છે, અને તરત તે કૈકેયીના મહેલમાં જ એ રાણીના ખોળામાં ફસડાઈ પડે છે. તેને કોઈ પણ પ્રકારની સેશુદ્ધ રહી નથી. રંગમહેલની રંગત દેખાડવા સાથે ચિત્રકારે રાણીઓને વલોપાત કરતી દર્શાવી દૃશ્યમાં કરુણતા આણી છે. ચીની પ્રકારનાં પાત્રોમાં પાશ્ચાત્ય ઢબે ફૂલગજરા ગોઠવીને ચિતારાએ મહેલની પરસાળને સુંદર રીતે સજાવી છે. આ દૃશ્ય સાથે પૂર્વની ભીંતે ચિતરામણ પૂરું થાય છે.

ખૂણો વળીને ઉત્તરની દીવાલ જ્યાં શરૂ થાય છે ત્યાં પ્રથમ ચિત્રની માંડણીમાં સુમંત સંચાલિત રથમાં રામ, લક્ષ્મણ અને સીતાજી બેઠાં છે અને રથ ગામના ઝાંપા બહાર નીકળી ચૂક્યો છે તે પ્રસંગને આલેખ્યો છે. તેની સળંગ હારે સરયુ નદી વહી રહી છે. તેના કાંઠે અયોધ્યાનાં નગરજનો રામના રથ આડે રસ્તામાં લાંબા પડીને સૂઈ ગયાં છે અને રામ લોકોને વીનવે છે, મનાવે છે. તે પછી રામ, લક્ષ્મણ અને સીતા રથમાંથી નીચે ઊતરે છે અને પગપાળા પ્રવાસ આદરે છે; સુમંત રથ પાછો ફેરવે છે અને આક્રંદ કરતો ઘેર વળે છે. ત્યાં સામેથી ગૂહક રાજા ફળ, ફૂલ, કંદમૂળ લઈને રામનું સ્વાગત કરવા આવે છે. બાજુમાં જ ગૂહકની રાજધાની સુંદર રીતે ચીતરીને ભારતીય દૃશ્યચિત્રમાં મકાનની













તેરાના વિદ્યમાન ઠાકોર શ્રી ડૉ. રુદ્રસિંહજી જાડેજાના આવાસમાં સંપૂર્ણ સચવાએલા, ઓગણીસમી સદીના અધવચમાં આલેખાએલા રામાયણના ભીંતચિત્રના કેટલાક અંશ. મથાળે ડાબી બાજુથી જમણી બાજુ અનુક્રમે: (૧) લગ્નમાં રામ-સીતાનો હસ્તમેળાપ અને સીતાને સાસરે વળામણાં. (૨) રામ-વનવાસમાં શૂર્પણખાનું નાક કાપતા લક્ષ્મણ, મારિચ વધ અને સીતાહરણ, તથા ત્યાર બાદ સીતાની શોધમાં ભટકતા રામ-લક્ષ્મણ અને જટાયુનો મેળાપ. (૩) સમુદ્રમાં ઇચ્છિત રૂપ ધરી શકતી અને છાયાને પકડી શકતી સ્વરૂપવાન રાક્ષસી સિંહિકાને હણી, સમુદ્ર પાર કરી લંકામાં સીતા સમક્ષ રામનામ-અંકિત મુદ્રિકા ધરતા હનુમાન. તે પછી પાશથી બંધાએલા હનુમાનને રાવણ પાસે લઈ જતા રાક્ષસો. (૪) જેના મસ્તક પર ગર્દભ સરખું મન સવાર છે તેવા દશાનન રાવણ સાથે રામનું યુદ્ધ અને અંતે રાવણનો વધ. (૫) વિભીષણનો રાજ્યાભિષેક, શિબિકામાં માનપૂર્વક બેસાડીને રામ પાસે લઈ જવાતાં સીતા અને તેમની અગ્નિ-પરીક્ષા તથા છેવટ (૬) તેમાંથી પાર ઊતરેલાં સીતા સહ પુષ્પક વિમાનમાં અયોધ્યા પાછા ફરેલા રામનું સ્વાગત.

રજૂઆતનો એક નમૂનો ચિતારાએ કરી દેખાડ્યો છે. હવે રામ લક્ષ્મણ અને સીતા ઋષિઓના આશ્રમકુળમાં પહોંચે છે. અહીં વનશ્રીમાં પશુ, પંખી, પુષ્પો વગેરે ચીતરવા માટે ચિત્રકારને પૂરો અવકાશ મળી જાય છે. તેમાં આશ્રમની આસપાસ અનેક પ્રકારનાં વૃક્ષો, વેલીઓ અને પશુપંખીઓ તે ચીતરી કાઢે છે; ઝાડ પર ઠેકડે ઠેકતા વાંદરા, દોડતાં સસલાં, ગુફામાં બેઠેલો વાઘ અને વનવિહાર કરતાં હરણ-કાળિયારને ચિતારાએ અહીં મનહરરૂપે ચીતરી નાખ્યાં છે. ચિત્રાંકન સાથે અહીં સુધી ચાલતાં ઓતરાદી દીવાલના મધ્યભાગે પહોંચી જવાય છે. ચિત્રપટ્ટી આગળ વધે છે અને રામ, લક્ષ્મણ અને સીતાજીની મઢી, માયામૃગની







તેરાનાં ભીંતચિત્રમાં આલેખિત રામાયણનાં કેટલાંક રેખાંકનો. ઉપર: કૈકેયી અને સુમિત્રા પોતાના પુત્રો સાથે. વચ્ચે: જટાયુ અને રામલક્ષ્મણનો મેળાપ. જમણી બાજુ: રામ-લક્ષ્મણનું સ્વાગત કરતી શબરી. નીચે ડાબી બાજુથી અનુક્રમે રાવણ-વધ, વિભીષણ અને લક્ષ્મણ તથા છેલ્લે સીતાની અગ્નિપરીક્ષા જોતા રામ અને લંકાની સ્ત્રીઓ.







કરામત, રાવણે ખભે ચડાવી સીતાજીનું કરેલું હરણ વગેરે પ્રસંગો કમાંગરે થોડાક વિસ્તારમાં સંકુલરીતે દોરી નાખ્યા છે.

સીતાહરણ પછી રામ તેમની શોધમાં નીકળે છે. સીતા સારુ જટાયુ રાવણ સામે બાખડે છે. તે ઘવાએલી હાલતમાં રસ્તામાં પડયો છે, ત્યાં રામ આવે છે. જટાયુ સમાચાર આપી મૃત્યુ પામે છે, ત્યાં ઉત્તરની ભીંત પૂરી થાય છે. આ દીવાલ પૂર્વની ભીંત કરતાં લંબાઈમાં ટૂંકી હોવા છતાં તેના પરની રચનાઓ સુંદર થઈ છે ને પંચવટી તથા સુંદરકાંડની રમણીયતાને આબેહૂબરીતે રજૂ કરવાનો પૂરો પ્રયત્ન કર્યો છે. વિવિધ પ્રકારની વનસ્પતિ ને પશુપંખીઓ વગેરેની પૂર્ણ માહિતી ને ગતિશીલતા ચિત્રની રચનાના સપ્રમાણ સંયોજન દ્વારા તેણે બહુ સાહજિકતાથી અહીં ચીતરી કાઢી છે.

હવે ઉત્તર-પશ્ચિમ ખૂણેથી પશ્ચિમની ભીંત શરૂ થાય છે. અહીં રામલક્ષ્મણનું એક છોકરા સાથેનું મિલન બતાવી બાદ ઋષિઓ તેમને મળે છે તે દેખાડયું છે. ઉપરાંત હનુમાનભેટ, વાલી-વધ વગેરે પ્રસંગો યથાપ્રમાણ ચીતર્યા છે. પછી અશોકવનમાં સીતાજી, સોનાનો લંકાગઢ વગેરે ક્રમબદ્ધ આલેખાએલાં જોઈ શકાય છે. આમ આથમણી ભીંતના મધ્યભાગે આવતાં સમુદ્ર વચ્ચેના દ્વીપમાં ગઢલંકાને અનોખી રીતે આલેખ્યો છે, જેમાં લંકાની વસ્તી વિવિધ ક્રીડા કરતી તેમજ શિવપૂજન કરતી દેખાય છે. હવે રામનું વાનર સૈન્ય આવે છે. સેતુબંધ ગોઠવાય છે. બન્ને પક્ષોનું યુદ્ધ આરંભાય છે. ઇન્દ્રજિત અને લક્ષ્મણ લડે છે, કુંભકર્ણ વાંદરા સાથે બાઝે છે, યોદ્ધાઓ સામસામા ત્રાટકે છે. આ બધી આલેખનામાં પાત્રોની ગતિ બતાવતું રેખાંકન અદ્‌ભુત છે. રાક્ષસ ને વાનર-રીંછનાં પાત્રોની વિચિત્રતા, તેમની લડતનું જોમ ને યુદ્ધની ભયાનકતા આકર્ષક છે. અહીં પશ્ચિમની ભીંતપટ્ટી પૂરી થાય છે.

હવે દક્ષિણ બાજુ વળતાં એ આખી ભીંત રામ-રાવણ યુદ્ધ અને તેનાં અનુષંગી દશ્યોથી અંકિત થએલી છે. અહીં રામ-રાવણ સામસામા યુદ્ધે ચડીને બાખડે છે. બંનેના બળની બોલબાલા વર્તાય છે. અંતે રાવણ યુદ્ધમાં કામ આવે છે. તેનો રથ ભાંગી જાય છે અને તે નીચી મૂડીએ ધરતી પર ઢળી પડે છે. બાદ સ્ત્રીવૃંદ સીતાજીને પાલખીમાં બેસાડી રામચંદ્રજી પાસે લાવે છે. સીતાજી નત મસ્તકે નમન કરી ઊભાં છે. રામ તેમને અગ્નિપરીક્ષા આપવા કહે છે. સીતાની અગ્નિપરીક્ષા થાય છે, જેમાં સીતાજી પ્રજ્જ્વલિત અગ્નિ વચ્ચે પ્રાર્થના કરતાં બેઠાં છે. બાદ તે અણીશુદ્ધ બહાર આવે છે, અને દેવો-ગંધર્વો પુષ્પથી વધાવે છે. પુષ્પકે ચડીને સૌ અયોધ્યાનગરીમાં પહોંચે છે. શ્રીરામનો રાજ્યાભિષેક થાય છે. યક્ષો-ગંધર્વો નાચે છે, કિન્નરો ગીત ગાય છે. આમ દખણાદી દીવાલને છેડે આ ભીંતચિત્રો પૂરાં થાય છે ત્યારે લોકરામાયણની આ હૃદયંગમ ને પ્રિય કથાનું મધુર રીતે સમાપન થાય છે. □

કલાપીની 'હૃદય-ત્રિપુટી'નો કચ્છમાં સંદર્ભ

લેખક-આલેખક અને તસવીરકાર **રામસિંહજી રાઠોડ** આઇ. એફ. એસ.

તારીખ ૧૧-૧૨-૧૮૯૭ના રોજ કવિ 'કાન્ત'ને એક પત્રમાં રાજવી કવિ 'કલાપી' પોતાની કથા કહે છે:

'હું પરણ્યો ક્યારે, તે તમે જાણો છો. લગ્ન પછી બીજે જ દિવસે મારા મકાન નીચે ચાલી જતી છ સાત વર્ષની એક છોકરી જોઈ. મારા માસ્તર જાની પણ તેને જ જોઈ રહેલ. તે દૃષ્ટિ બહાર થઈ પણ હૃદય તે મધુર નિર્દોષતાની મૂર્તિથી દૂર ત્યારે જ થઈ શકતું ન હતું. મને કંઈક શરમ આવી. પણ જે લાવણ્યે મ્હારા હૃદયને રોકયું હતું, તેણે જ મ્હારા માસ્તરને પણ કાંઈ અસર કરી હતી. તેમણે તેને બોલાવી. તે રમાની ન્હાની દાસી–આ મારી શોભના જ હતી. અમે તેની સાથે કાંઈ વાતચીત કરી. તે કઠોર કચ્છી ભાષા બોલતી હતી, પણ એ મ્હોંમાં એ શબ્દો કેવા મધુરા! એ આંખો ડરતી ડરતી કાંઈ મારી સામે જોતી હતી. હું તેની સામે જ જોઇ રહ્યો હતો. મેં કોઈ પણ બાળકમાં એવું માધુર્ય જોયું ન હતું. મારું હૃદય ત્યારથી જ તેના પ્રત્યે વડીલ પિતા જેવું બન્યું હતું. તે ગઈ...ત્યાં હવે પછીની વાત 'હૃદય-ત્રિપુટી' કહેશે.'

કલાપી શોભનાને લખે છે: 'મીઠી છોકરી!...પોતાને ભૂલી જવાય એટલામાં જ સર્વ ધર્મનો સાર છે. સર્વ સ્નેહનો સાર પણ એટલામાં જ છે.' એવી સ્નેહભરી પોતાની પ્રણયકથા આલેખતાં કલાપી 'હૃદય-ત્રિપુટી' કાવ્ય સર્જે છે. ગુજરાતી સાહિત્યને આ કાવ્યનો પ્રણયરસ એ કચ્છની આ મીઠી છોકરીની દેણગી છે.


કચ્છના મધ્ય ભાગે સુમરી-રૂહાનો ડુંગરી કિલ્લો આવેલો છે. આ ગામધણીના દરબારગઢની ડેલીમાં લીમડાનું મોટેરું ઝાડ ઊભું છે. તેની પડખે પડેલા પાણા પર છ વર્ષની એક નિરાધાર બાલિકા આંસુ સારે છે, અને સૂના સંધ્યાટાણે ટમટમતા તારા ઊગતી રાતને ખિન્ન બનાવે છે. એવામાં આ ડૂસકાં સાંભળી દરબારનાં દીકરીનું દિલ દ્રવે છે. તે ધીર ગંભીર ચાલે બાલિકા સમીપ આવે છે, બાળાને હૃદય સરસી ચાંપી તેનાં આંસુને લૂછી નાખે છે. પછી તેને કહે છે કે 'તું મારી છે. હું તારી મા છું, બેન છું, સહિયર છું.' નાનકડી મોંઘીને રાજબા ખોળે લઈ લે છે. રાજબા રૂહા ઠકરાતનાં કુંવરી છે.




બે વર્ષ પછી, ઈ. ૧૮૮૯ના ડિસેમ્બરની પહેલી તારીખે, રૂહાની આ રાજકન્યા રાજબા સાથે લાઠીના રાજકુમાર સુરસિંહજી ગોહિલનાં લગ્ન થાય છે. રાજબા ખાંડાના રસાલા ભેળાં પોતાના પરિજન તરીકે મિષ્ટભાષી મોંઘી અને તેના ભાઈ રૂપાને કચ્છ રૂહાથી લાઠી લઇ જાય છે. તે જ દિવસે કોટડા-સાંગાણીનાં બીજાં એક રાણી આનંદીબા સાથે પણ સુરસિંહજી પરણે છે. આ બે રાણીઓમાંથી રાજબા ઉપર સુરસિંહજીને વધારે વહાલ છે.

સુમરી-રૂહાનાં રાજબા યૌવનમસ્ત અને સુષ્ઠુસુંદર છે. તે સરસ ગીતો ગાય છે. બોલવામાં યે બાહોશ છે. પતિને રીઝવવામાં અભિનયચતુર છે અને રાજરમતની વિદ્યામાં પારંગત છે. તે સાહિત્યમાં રસ લે છે અને સોરઠા તથા દોહરામાં કવિતા કરી જાણે છે. એવાં રાજબાના પાગલ પ્રેમમાં સુરસિંહજી મસ્ત રહે છે. રતિ 'કલાપી'ના ચિત્તનો કબજો લે છે. રાજબા તેમની રમા બને છે. પરસ્પરના વિરહની પ્રત્યેક પળ એમને યુગ જેવડી લાગી તેમને અસહ્ય થઈ પડે છે. સાહિત્ય-સૃષ્ટિમાં વિહરતા સુરસિંહજી પ્રવાસમાં પર્યટને હોય કે કૉલેજમાં અભ્યાસમાં પ્રવૃત્ત હોય, પણ ગાઢ પ્રેમબંધનમાં બન્નેનો પત્રવ્યવહાર સતત ચાલુ રહે છે. ને એમ જુઓ તો એમના આ આંતરજીવનમાંથી, એમના હૈયાના આ તરફડાટમાંથી સુરસિંહજીના સાહિત્યજીવનનું પ્રગટીકરણ થાય છે. સુરસિંહજી 'કલાપી' બની મુગ્ધ ભાવે પ્રકૃતિદર્શનની કવિતાઓ લખે છે ત્યારે તેમાં પણ રમાના પ્રેમભાવની ઝલકના પડઘા પડે

નીચે: રમા અને શોભનાની જનમભોમકા રૂહાના ડુંગરી કિલ્લા ઉપરથી કલાપીએ નિહાળેલી સૃષ્ટિ. ડાબી બાજુ: કલાપી જ્યાં નિત્ય જતા તે આશાપુરીનું મંદિર તથા પાછળની નિસર્ગશ્રી.







કલાપીએ જ્યાં કચ્છી મહેમાનગતિ માણી હતી એ રૂહાનો ઉતારો. કેમ જાણે આજે ત્યાં કલાપી, રમા અને શોભનાનાં રૂહ રૂપે ઊતર્યાં હોય તેમ એ ઉતારાના ખંડિયેર પર મોર અને બે ઢળકતી ઢેલ. (જમણી બાજુ) રૂહામાં રાજબા (રમા)નો સુંદર આવાસ 'શોભા સદન'.

છે. એમના આવા પ્રેમમત્ત ગૃહસંસારનાં મંડાણ સાથે 'કલાપી'ની રસરુચિ અને કાવ્ય-વિભાવના ઘડાવી શરૂ થાય છે. જે જે ઊર્મિઓ આવે તેને સુરસિંહ, ચકચૂર બની કાવ્યમાં ઉતારે છે. જોબનમસ્ત 'કલાપી'ની કાવ્યકેકા યુવાન હૈયાંને હેલે ચડાવે છે.

ઈ. ૧૮૯૧ના ઑક્ટોબરથી ૧૮૯૨ના માર્ચ-એપ્રિલ લગી કલાપી કાશ્મીરના પ્રવાસમાં રહે છે. અહીં એમને એમની પ્રાણપ્રિય પત્ની રાજબા (રમા)નો વિરહ અસહ્ય થઇ જાય છે; પણ પ્રકૃતિના પ્રત્યક્ષ દર્શનાનંદમાં સુરસિંહ પોતાના કવિજીવને કોળાવે છે. દરમિયાન રૂહામાં બીજી એપ્રિલના રોજ કલાપીને ઘેર એક પુત્રીરત્ન સાંપડે છે. એપ્રિલ-મે દરમ્યાન કચ્છના સુમરી-રૂહામાં કલાપી સાસરવાસ રહે છે. રૂહાના ડુંગરી કિલ્લા પરથી ચારે તરફ દેખાતી ડુંગરમાળાઓ, અરણ્યભરી ખીણો, દૂરદૂરની વાડીઓ ને લીલુડાં ગામોમાં સૌંદર્યભોક્તા કલાપીને કચ્છનું આવું સૃષ્ટિ-સૌંદર્ય રમણીય લાગે છે. કચ્છના આ પ્રકૃતિદર્શનથી કલાપી પ્રભાવિત થાય છે. કારાયલ (કચ્છી 'મોર') જેમ એ રસઘેઘૂર બને છે. સવારમાં જ સાંભળેલી 'સુમરી રુહઆ'ની વાત તેમના મનમાં ઊગી નીકળે છે: 'સિંધની સુમરીઓના સૌંદર્યભોગની લાલચથી અલાઉદ્દીન દિલ્હીથી ઉમરકોટના ઘોઘા સુમરા ઉપર મોટું કટક લઈ ચડી આવ્યો. ઘોઘાએ પોતાની ગુંજાયશ સમજી જઈ તેમના શિયળની રક્ષા અર્થે સુમરી સુંદરીઓને પોતાના મિત્ર અબડા અણભંગને શરણે કચ્છમાં વડસર મોકલાવી આપી. અબડે તેમને પોતાની નિયાણીઓ કરી આશ્રય આપ્યો અને પાછળ આવતી શાહી વા'રનો વડસરમાં સામનો કર્યો અને સુમરીઓને કચ્છના અંતરાળમાં વધુ સલામત સ્થળે ઉતારવા રવાના કરી. સંગ્રામ થયો તેમાં અબડો વીર ગતિને પામ્યો. જ્યાં આ માઠા સમાચાર થયા ત્યાં સુમરીઓએ મા ધરતીનું શરણું લીધું. જે ધરતીએ સુમરી સુંદરીઓનું શિયળ સાચવ્યું તે આ ખટલા માથે...એ જ આ સુમરી રૂહ...કલાપીની હૃદય-ત્રિપુટી પૈકી રમા-શોભનાની ધરાજનની સુમરી રૂહ તે આ.

તારીખ ૧૫મી મેના રોજ 'કલાપી' કચ્છથી લાઠી આવવા નીકળે છે. કાળનું વહેણ વહ્યે જાય છે. રાજબાની લાવણ્યમયી પરિચારિકા મોંઘી ઉપર 'કલાપી'નો અનુરાગભાવ વધતો જાય છે. રફતે રફતે વાત્સલ્યનો આ પ્રેમભાવ પ્રણયમાં પરિવર્તન પામે છે. રાજબા 'કલાપી'થી આઠ વર્ષ મોટાં, તેથી રાજકાર્યમાં તે 'કલાપી'ને દબાવે ય ખરાં. તેમના સ્નેહસંસારમાં સત્તા અને ખટપટનો હવે પગપેસારો થાય છે. સંઘર્ષ વધતો ચાલે છે. 'કલાપી'ના પ્રણયભાવમાં આથી પરિવર્તન થવા માડે છે. તેમનો રમા તરફનો સંમોહ ઓસરતો જાય છે. બીજી બાજુ તેના હૃદયમાંથી શોભના ખસતી નથી.

શોભના (મોંઘી વડારણ) તરફથી 'કલાપી'નું ચિત્ત પાછું વાળવા કારસો ગોઠવાયો. રમા(રાજબા)એ તેમાં સાથ આપ્યો. ઇ. ૧૮૯૫માં 'કલાપી'ને લાઠીની રાજધુરા સોંપાઈ. એ જ વર્ષે મોંઘી (શોભના)નું વેવિશાળ તેની જાતના એક અડબંગ આદમી ગાભા દુજા ખવાસ સાથે કરવામાં આવ્યું. 'કલાપી'ની વેદના અને મથામણનો પાર નથી. શોભના વિનાનું જીવતર એમને નાચીઝ લાગે છે.

'મેં પ્રેમમાં તડફતાં મમ શાંતિ ખોઈ,
આનંદની મધુર પાંખ ન ક્યાંય જોઈ.'

'કલાપી'ની ઝંખનાનો તરફડાટ વધતો ચાલે છે. ઈ.૧૮૯૬માં અંતે તે પોતાનાં લગ્ન શોભના સાથે કરાવી આપવા રમા પાસે માગણી મૂકે છે. ચુરચુરીમાંથી મોટો ઊહાપોહ થયો. ઇ. ૧૮૯૭માં 'કલાપી' મહાબળેશ્વર હતા તે દરમ્યાન રમાએ શોભનાનું લગ્ન કરાવી નાખ્યું. 'કલાપી'ની અંતરવેદના આથી વધી ગઈ. કવિના 'વિદાય' કાવ્યમાં ઊભરતો આવો આ અતીવ હૃદયસ્પર્શી ભાવ અહીં વાસ્તવિકતામાં જાણે ખડો થાય છે. રાગ અને ત્યાગ વચ્ચે કવિચિત્ત ઝોલે ચડયું. 'કલાપી'નું કોમળ હૈયું અતૃપ્ત અને અશાંત થવા બેઠું. પ્રેમની વહેંચણીથી સ્નેહ ખૂટતો નથી: 'ચાહું છું તો ચાહીશ બેયને હું' એમ મુગ્ધ રહી સ્નેહી 'કલાપી' મનમાં મધુર





રૂહાના ડુંગરી કિલ્લા ઉપર મોંઘીનું માવતર, શોભનાનું પિતૃઘર. (જમણી બાજુ) કલાપીનું સાસરું-સુમરી-રૂહાનો કિલ્લો. નીચેઃ(નકશો) ૧૮૯૮માં તુણાથી અંજાર સુધીનો કચ્છનો પહેલો રેલમાર્ગ બંધાવો શરૂ થયો. એ પહેલાં સૌરાષ્ટ્રના વવાણિયાથી દરિયાવાટે કચ્છના ખારી રોહર બંદરે બેડીથી જવાતું, અને ત્યાંથી માફામાં કે ઊંટઘોડાની સવારીમાં ભુજ પહોંચાતું. ને ત્યાંથી સુમરી રૂહ નો ૨૮૫ મીટરની ઊંચાઈએ આવેલો ડુંગરી કિલ્લો. 'કલાપી'ની જાન પણ લાઠીથી એ સુમરી-રૂહા સુધીનો વિસ્તાર એ રીતે બેડીને માર્ગે ગઈ હતી. રૂહામાં 'કલાપી'નું લગ્ન થયું તે જ દિવસે કોટડા-સાંગાણીની કુંવરી આનંદીબાઈ સાથે પણ એમનું લગ્ન થએલું. આ બધાં સ્થાન-સંદર્ભ દર્શાવતો નકશો.


પણ મિથ્યા સમાધાનનો સોદો સેવે છે.

'વિભાગો કીધાથી પ્રણય ન કદી ન્યૂન બનતો,
અને તેથી ભાઈ, પ્રણયપ્રભુ છે આ જગતનો'.

આ ભાવનામાં પછી, 'કલાપી'ના પ્રણયરાગનું અવલંબન બની મોંઘી જ 'કલાપી'ની પ્રિયતમા શોભના થાય છે. પ્રેમનો આ માર્ગ સ્વીકારી જિંદગીની તમામ જફા વહોરી લેવા કલાપીનો કવિજીવ સાબદો બને છે. ઈ. ૧૮૯૮ની ૧૧મી જુલાઈએ ચોવીસ વર્ષના કલાપીનું સોળ વર્ષની સુંદરી શોભના સાથે લગ્નસંબંધ થવાનું સ્વીકારાઈ આખરે ઈ. સ. ૧૮૯૯ના સપ્ટેમ્બરની ૭મી તારીખે શોભના સાથે કલાપીએ વિધિસરનું લગ્ન કર્યું.

નીચે : સુમરી-રૂહાના ગિરિગઢમાં રાજ-આવાસની અટારી, જ્યાંથી સાહ્યબીમાં બિરાજતાં રાજબાએ નાની મોંઘીનું રુદન સાંભળીને એને પોતાની પાંખમાં લીધી અને લાઠીના કુંવર સુરસિંહજી ગોહિલ-'કલાપી' સાથે લગ્ન થયા પછી પોતાના પરિજન તરીકે એ મિષ્ટભાષી મોંઘીને પણ પોતાની સાથે લાઠી લઈ ગએલાં.







સુમરી-રૂહાના વિભાજીના દત્તક વારસદાર વેરીસાલજી, 'ફોઈ પાછળ ભત્રીજી'ના રૂઢિગત રિવાજ પ્રમાણે રાજબાએ કલાપીના પુત્ર પ્રતાપ-સિંહજીને વેરીસાલજીની પુત્રી ગંગાબા સાથે પરણાવેલા. ગંગાબા અને પ્રતાપસિંહજીના પુત્ર તે લાઠીના ખ્યાતકલાકારમંગળસિંહજી.

આમ શોભના, રમા અને કલાપીના પ્રણય-ત્રિકોણની આંટીઘૂંટીમાં કલાપીનું સાહિત્યજીવન કાંઈ અવનવા રંગ ધારણ કરે છે. કલાપી 'કેકારવ'માં કહે છે કે 'હું રમા માટે તરફડું છું, પણ મારું હૃદય મીઠી છોકરીને ગમે છે, અને રમા અમને બન્નેને ચાહે છે.' એમાંથી ગુજરાતી સાહિત્યજગતનો 'હૃદય-ત્રિપુટી'નો ખેલ મંડાય છે.

'રમતી 'તી અહો ! વિશ્વબાગમાં !'

થી શરૂ થતું 'હૃદય-ત્રિપુટી'નું કાવ્ય.

'દોરાવું એ સહુ હૃદયનું ભાઇ ! નિર્માણ આંહી,
ભાવિ વિના જનહૃદયનો અન્ય ના કો સુકાની.'

થી લયમાં આવી,

'હર્ષ શું જિંદગીમાં ને હર્ષ શું હોત મૃત્યુમાં,
પ્રેમના રંગથી જો ના રંગાયું વિશ્વ હોત આ!'

થી તા. ૭-૪-૯૬ના દિવસે પૂરું થાય છે.

'હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

'કલાપી' સ્નેહસાગરમાં વિલીન થાય છે. 'કલાપી'ના હૃદય પર રમાનો કર રહે છે, મૃત્યુને આંબતી આંખો પર શોભનાનો હાથ પડચો છે; સાગરને ભેટતી એ સરિતા ઊર્મિઓના ત્રિવેણીસંગમ જેવું 'હૃદયત્રિપુટી'નું આ સંમિલન આમ બોલવાય છે. પ્રેમધર્માનુરાગી રસિકતામાં સ્નેહી હૃદયની શોભના, કલાપીના મૃત્યુ પછી ય સ્નેહસંસારની કરુણતા દર્શાવતું 'સારસી'નું ચિત્ર કરાવે છે.

'મ્હાલ્યાં ત્રણે હૃદય એક જ સ્વપ્નમાંહી,
સાથે મળી ઝ્યમ મળે દરિયે નદી બે.'

ગુજરાતી કવિતાના ઇતિહાસમાં 'હૃદય-ત્રિપુટી' પ્રણય-ત્રિકોણના વિષયને આલેખતું પ્રથમ કાવ્ય છે. સમકાલીન વિવેચકોની નજરે સર્વોત્તમ ખંડકાવ્ય તરીકે એ પંકાયું છે. આ કાવ્યને લીધે 'કલાપી'ની લોકપ્રિયતા વધી ગઈ. નરસિંહરાવ, નવલરામ, બળવંતરાય, મુનશી, અતિસુખશંકર અને 'કાન્ત' જેવા સમર્થ સાહિત્યકારોએ આ કાવ્યની રસભરી આલોચના કરી છે. ૧૦૯૦ પંક્તિઓની રચનાવાળું આ કાવ્ય સહજ લંબાણવાળું છે, છતાં ય તે લય અને લાવણ્યભર્યું છે. ઊર્મિ, કલ્પકતા અને ચિંતનભર્યા આ કાવ્યને 'કલાપી' વિવિધ સંસ્કૃત વૃત્તો વાપરી ગુણસમૃદ્ધ કરે છે. મીઠી છોકરી શોભનાના સ્નેહભાવે ઝૂલતું કલાપીનું પ્રણયી કવિહૃદય એમાં પ્રેમની મસ્તી અને નીતિની મીમાંસાને ચણે છે અને એમ કરી વિશિષ્ટ પ્રકારની પ્રણય-કવિતાથી ગુજરાતી સાહિત્યને માતબર બનાવે છે.

લાઠીના ઠાકોર સુરસિંહજી ગોહિલના અંગત વિવશ જીવનની વાસ્તવિકતા વિમાસણભરી રહી છે; પરંતુ કવિ જીવ 'કલાપી'ની પ્રેમ-દૃષ્ટિ આપવીતીમાં ય અપૂર્વ સૌંદર્ય જુએ છે. તેમના દર્દનું વીતક કારુણ્યપૂર્ણ છે. તીવ્રતાથી તેનો પડઘો કવિઉદ્‌ગારમાં ઊઠે છે અને કવિની નજર મૃત્યુની મંગલતા માપે છે. એવે 'કલાપી'ની તત્ત્વદૃષ્ટિ, તેમનું અભેદ માર્ગનું રહસ્યચિંતન કાવ્યમય રૂપ લઈને આવે છે. તા. ૩-૫-૧૮૯૬ના રોજ શાંતગંભીર ભાવે કલાપી 'વિધવા બ્હેન બાબાંને'નું ચિંતનદર્શી કાવ્ય લખે છે. એમણે પોતાની હયાતીમાં પોતાનાં કાવ્યોનો જે સંગ્રહ પ્રગટ કરવા ધાર્યો હતો તેનું ત્યારે આ છેલ્લું કાવ્ય હતું. આ બાબાંસાહેબ કચ્છ-રૂહા દરબાર ઠાકોર વિભાજીનાં સૌથી નાનાં કુંવરી, વિભાજીના દત્તકવારસ વેરીસાલજીનાં એ રીતે નાનાં બહેન; રાજબા (રમા) થાય તેમનાં મોટાં બહેન. 'કલાપી'-એ આ વિદુષી બાઈને બેન માનેલી છે. જ્યારે 'કલાપી' એમનું મુખ જુએ છે ત્યારે કહે છે 'એમના જે મોં પાસેથી હું આ શીખ્યો છું :'

'વ્હાલી બાબાં ! સહન કરવું એ ય છે એક લ્હાણું,
માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું !'

અને એ ભાવમાં 'કલાપી' આગળ ગુંજી ઊઠે છે:

'છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન સૌભાગ્યથી કૈં,'

તથા

'ના બોલું આ તુજ હૃદયનાં અશ્રુ હું લુછવાને,
કુદરતકૃતિ સર્વદા હેતુવાળી,
ઇચ્છે દેવા અનુભવ, પ્રભુ, સર્વને સર્વ, વ્હાલી.'

સુખદુઃખના અનુભવો કાંઈ શુભ હેતુથી જ સાંપડયા હોય છે. પ્રભુની કૃતિ હેતુહીન નથી. સૃષ્ટિનું સર્જન અને તેનું પ્રયોજન, સ્વરૂપ અને રહસ્ય, સુઘટ કલાની પૂર્ણતાવાળું છે. વૈધવ્ય અને ભક્તિના આ સ્તોત્રમાં 'કલાપી' આ તત્ત્વાર્થ સમજાવે છે. અને એવે યાદ આવે છે, કચ્છ-રૂહાની ડુંગરમાળ. એને ઉચિત દૃષ્ટાંત ગણી 'સુઘટ સરણી' કવિવાણી ગણગણી ઊઠે છે:

'આ પ્હાડો જે પથિક સહુને આવતા માર્ગમાં, ત્યાં,
ચક્ષુવાળા શ્રમિત ન બને કિન્તુ સૌંદર્ય જોતાં.'

એટલે સમર્થનમાં કુદરતની બધી મધુરતા મહાલતા 'કલાપી' કહી ગયા:

'અને શીખું પાઠો કુદરત મને જે શીખવતી.'

અને

'મના તું લે સદા ત્હારી! હમારી છે હમે લીધી.'

છવ્વીસ વર્ષનું ટૂંકું 'કલાપી'નું આયખું : તેમાં દાદ માગી લે તેવું એમનું એક દાયકાનું કાવ્યસર્જન. પ્રિયા, પ્રકૃતિ અને પ્રભુ એમના કેકારવના મુખ્ય વિષય. રાજવી 'કલાપી'નું કવિચિત્ત એ માટે ઊર્મિભર્યાં કાવ્યોનું પ્રદાન કરે છે. એમની રચનાઓ પૈકી 'જેસલ અને તોરલ'ના જેવી કૃતિઓ નિખાલસ ઉદ્‌ગારોમાં એમની સંઘર્ષાત્મક સ્થિતિનો પડઘો પાડે છે. ત્યારે આજે ય રમા અને શોભનાની, કચ્છ ધરાની 'મીઠી છોકરી'ની જનમભોમકામાં 'કલાપી'નું સાસરું જોઇ હૈયું ગુંજાર કરે છે:

'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.'

(લેખકના અપ્રગટ ગ્રંથ 'ભાષા, સાહિત્ય અને કચ્છ'માંથી)



લાઠીના રાજકુમાર સુરસિંહજી ગોહિલ **કવિ કલાપી** જેમનાં લગ્ન રૂહાનાં કુંવરી સાથે થએલાં
કચ્છ રૂહામાંથી મળેલા એક અસલ ફોટોગ્રાફના આધારે
ભુજના ચિત્રકાર એલ. સી. સોનીએ બનાવેલી તસવીર

(બ્લૉક: શ્રી રામસિંહજી રાઠોડના અપ્રકટ ગ્રંથ 'ભાષા, સાહિત્ય અને કચ્છ'માંથી - એમના સૌજન્યથી)



સુમરી રૂહાનાં રાજકુંવરી રાજબા – કલાપીનાં રાણી **રમા**



શોભના – રાજબાએ ઈ. ૧૮૯૭માં કલાપી સાથે એમનાં લગ્ન કરાવી આપેલાં.

કચ્છના રૂહામાંથી મળેલા અસલ ફોટોગ્રાફોના આધારે ભુજના ચિત્રકાર એલ. સી. સોનીએ બનાવેલી તસવીરો
(બ્લૉકો : શ્રી રામસિંહજી રાઠોડના અપ્રકટ ગ્રંથ 'ભાષા, સાહિત્ય અને કચ્છ'માંથી એમના સૌજન્યથી)

ગુજર. ત-સૌરાષ્ટ્રમાં જન ધર્મનાં પ્રથમ પગરણ ક્યારે? વળામાં ી પ્રાપ્ત ધાતુની પ્રતિમાઓ જૈન છે કે બૌદ્ધ?

મહાવીરની ૨૫૦૦મી જન્મ જયંતી નિમિત્તે ચર્ચેલા બે વિચારણીય પ્રશ્નો સાથેનો 'સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ'ની પરિચય-માળાનો ૧૪મો મણકો

જૈન તીર્થંકર

લેખ અને ફોટો • **નરોત્તમ પલાણ**

ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં જન્મેલા મહાવીરે જૈન ધર્મના વિકાસનું કાર્ય નિષ્ઠાપૂર્વક અદા કર્યું. મહાવીરના નિર્વાણ પછી સુધર્મા નામના ગણધરે વીસ વર્ષ સુધી ટકાવી રાખેલા જૈન ધર્મનો જંબૂસ્વામીના આધિપત્ય નીચે સારો એવો ફેલાવો થયો. ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં પડેલા ભયંકર દુકાળને કારણે ભદ્રબાહુ તથા સ્થૂલભદ્ર નામના આચાર્યો દ્વારા દિગમ્બર અને શ્વેતામ્બર શાખાઓ અસ્તિત્વમાં આવ્યાની પહેલી જાહેરાત, દુકાળ પછી પાટલીપુત્રમાં મળેલી પ્રથમ જૈન પરિષદમાં થઈ. મહાવીરે અર્ધ-માગધીમાં આપેલાં પંચાવન વ્યાખ્યાનો ઉપરથી 'આગમો'ની 'પાટલીપુત્ર વાચના' પણ આ જ સમયે સંપન્ન બની. જૈન ધર્મના ઉલ્લેખોવાળા ઈ. સ.ની આજુબાજુના શિલાલેખો જ્યાંથી મળે છે ત્યાં–મથુરામાં ઈ. સ. ૩૬૦–૭૩માં આર્ય સ્કંદિલની અધ્યક્ષતા હેઠળ જૈનોની બીજી પરિષદ મળી. જૈન–અનુશ્રુતિ મુજબ ઇ. સ.ની પાંચમી સદીમાં દેવર્ધિગણિના આધિપત્ય નીચે જૈનોની ત્રીજી અને અંતિમ પરિષદ વલભી (સૌરાષ્ટ્ર)માં મળી. 'આગમો' આ 'વલભીવાચના'માં લિપિબદ્ધ બન્યા હોવાનું મનાય છે.

ગુજરાત–સૌરાષ્ટ્રમાં જૈન ધર્મનાં પ્રથમ પગરણ ક્યારે થયાં તે હજુ નિશ્ચિત થઈ શક્યું નથી. ઈ. ૧૯૨૪માં ભાવનગર મુકામે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સાતમા અધિવેશનમાં વંચાએલા 'ગુજરાતના ધાર્મિક ઇતિહાસની રૂપરેખા' નિબંધમાં શ્રી ડિસકળકર ઈ. સ. હજાર પહેલાંનો જૈન ધર્મ સંબંધી એક પણ ઉત્કીર્ણ લેખ નહિ મળતો હોવાનું નોંધે છે. વલભીમાં મળેલી જૈન પરિષદને દંતકથા તરીકે ઓળખાવી શ્રી ડિસકળકર તર્ક કરે છે કે વલભીનાં જે સંખ્યાબંધ તામ્રપત્રો મળે છે તેમાંની કોઈમાં જૈનનો ઉલ્લેખ કેમ નથી? ઈ. ૧૯૫૨માં પ્રકાશિત ડૉ. કૃષ્ણાકુમારી વીરજીના વલભી વિષે લખાએલા પ્રબંધ (થીસિસ)માં પણ વલભીમાં મળેલી જૈન પરિષદ વિષે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે: 'It is surprising that Valabhi inscriptions are absolutely silent about it.' ('ઍન્શિયન્ટ હિસ્ટરી ઑવ સૌરાષ્ટ્ર' પૃ. ૧૭૮) ઇ. ૧૯૫૫માં પ્રકાશિત વલભી વિષેના બીજા પ્રબંધમાં પણ (ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી: 'મૈત્રકકાલીન ગુજરાત' પૃ. ૪૨૦) 'કોઇ રાજાએ જૈનોના કોઇ સ્થાનકને કંઇ ભૂમિદાન દીધું હોવાનો એકેય લેખ ઉપલબ્ધ નથી.' એવી નોંધ જોવા મળે છે.

આ પછીનાં દસ વર્ષમાં શી સ્થિતિ આવીને ઊભી તેની



સૌરાષ્ટ્રની કંઠારે માધવપુર અને માંગરોળ વચ્ચે આવેલા દિવાસા ગામની સીમમાં એક ખેતરને શેઢે પડેલી જૈન તીર્થંકરની ૮–૯મી સદીની એક વિરલ પ્રતિમા

ચર્ચા કરીએ એ પહેલાં ડૉ. સાંકળિયાને સાંભળી લઇએ. 'આર્કિઑલૉજી ઑવ ગુજરાત' (પૃ. ૨૩૩)માં જૈનધર્મનું પ્રથમ મોજું ઇ. સ.ની ચોથી સદીમાં આવ્યું હોવાનું જૂનાગઢમાંથી પ્રાપ્ત, તારીખ વિનાના, એક શિલાલેખમાં મળતા 'કેવળીજ્ઞાન' શબ્દને આધારે ડૉ. સાંકળિયા જણાવે છે. ધડ–માથા વિનાના આ એક શબ્દને આધારે થતું અનુમાન વધારે પડતું લાગે છે! 'કેવલીજ્ઞાન'માં 'કે' બીજા શબ્દનો અક્ષર પણ હોઇ શકે છે અને 'ન' પણ બીજાનો હોઈ શકે. લહિયાની ભૂલને તેમ વાચનાભેદને પણ પણ અવકાશ છે. (જેમ 'ઢંકપ્રસ્રવણ'ને બદલે આપણે ત્યાં 'ઢંકપ્રસ્રવણ' ચાલ્યું છે તેમ!!)

ઇ. ૧૯૬૫માં શ્રી મંજુલાલ મજમુદાર 'કલ્ચરલ હિસ્ટરી ઑવ ગુજરાત' (પૃ. ૨૦૭)માં જૈન ધર્મનો ફેલાવો ક્યારે થયો તે પરત્વે ત્રણ ભિન્ન મતો હોવાનું જણાવે છે: ૧) વલભીમાં મળતી પરિષદ ઉપરથી ઇ. સ.ની પાંચમી સદીમાં; ૨) સોલંકી કાળ દરમિયાન સિદ્ધરાજ અને કુમારપાળનો સમયે ઇ. સ.ની બારમી સદીમાં; અને ૩) મુનિ જિનવિજયજી પોતાના 'કુવલયમાલા' ઉપરના લેખમાં બતાવે છે તેમ કોઈ એક શિવચંદ્રગણિ ભિન્નમાલમાં સ્થાયી થએલા તે હકીકત ઉપરથી ઇ.સ.ની સાતમી સદીમાં.

શ્રી મજમુદાર પછી આ દિશામાં કોઇ નક્કર કામ થયાનું મારી જાણમાં નથી. ભો. જે. વિદ્યાભવન તરફથી બહાર પડતા ઇતિહાસ-ગ્રંથોમાં બીજાં પ્રકરણોની જેમ 'ધર્મ સંપ્રદાયો'વાળું પ્રકરણ પણ ઇતિહાસ કરતાં અનુશ્રુતિ ઉપર વિશેષ આધાર રાખી લખાએલું જણાય છે.

શ્રી મજમુદારે આપેલા ત્રણ મતોથી મુનિ શ્રી જિનવિજયજી-વાળો સાતમી સદીનો સમય મને વિચારણીય લાગે છે. ડૉ. રાજબલી પાણ્ડેય '**प्राचीन भारत**' (પૃ. ૨૮૩)માં નોંધે છે તેમ 'ગુપ્તકાળ દરમિયાન જૈન ધર્મ પોતાને બચાવવા માટે ધીરેધીરે દક્ષિણ તરફ જઇ રહ્યો હતો.' દક્ષિણમાં ઈ. સ.ની ત્રીજી સદીથી રાજ્ય કરતા રાષ્ટ્રકૂટ વંશના રાજાઓમાંથી (શ્રી બી. એન. લૂનિયા નોંધે છે તેમ) અમોઘવર્ષ અને ઇન્દ્ર ચોથો તો રીતસરની દીક્ષાઓ લઈ જૈન સાધુ થએલા અને ઇન્દ્ર ચોથાએ જૈન ધર્મ મુજબ અનશન કરી પ્રાણત્યાગ કરેલો. ('**प्राचीन भारतीय संस्कृति**' પૃ. ૩૦૦ ને દુર્ગાશંકર શાસ્ત્રી: 'ગુ. મધ્યકાલીન રા. ઇતિહાસ પૃ. ૫૧૮)

ઇ. ૭૫૪ના દાનપત્ર મુજબ રાષ્ટ્રકૂટ વંશના દંતીદુર્ગ રાજાએ નર્મદા અને મહીનો પ્રદેશ જીતી લીધેલો. ઇલોરાના દશાવતાર મંદિરમાં પ્રાપ્ત ઇ.સ. ૭૫૦ના શિલાલેખમાં લાટ જીત્યાનો ઉલ્લેખ છે. ઇન્દ્ર નામના રાજાએ ઇ. સ. ૮૦૮માં લાટમાં ગાદી સ્થાપી. આ રાજાઓની સાથે ગુજરાતમાં જૈન ધર્મ ફેલાયો. વલભીના નાશ પછી ઈ. સ.ની નવમી સદીમાં સૌરાષ્ટ્ર ઉપર કૂરાષ્ટ્રની સત્તા હતી, આ સમયે જૈનોનું જોર જામ્યું. સાતમી સદીમાં બૌદ્ધોનું જોર ઓછું થતું જણાય છે અને એ સમયથી ધીરેધીરે પ્રવેશવા માંડેલો જૈન ધર્મ રાષ્ટ્રકૂટો આવતાં બરાબર વિકસ્યો.

બીજી બાજુથી જૈન ધર્મના ફેલાવાનો વિચાર કરીએ તો સાતમી-આઠમી સદીના બાદામીના ચૌલુક્ય રાજાઓની સહાયથી સામંતભદ્રે માળવા અને સિંધ સુધી દિગમ્બર જૈનનો ફેલાવો કર્યાના ઉલ્લેખો છે. આ જ સમયમાં – ઇ. સ. ૭૭૯માં રચાએલા પ્રાકૃત ચંપૂ 'કુવલયમાલા'ને આધારે મુનિશ્રી જિનવિજયજીની, સાતમી સદીમાં શિવચંદ્રગણિ અને તેના શિષ્ય યજ્ઞદત્તગણિએ ગુર્જરદેશને જૈનમંદિરોથી વિભૂષિત કર્યાની વાત મને ઐતિહાસિક દૃષ્ટિએ માન્ય લાગે છે. નવમી સદીના રાષ્ટ્રકૂટ કર્કરાજનાં સૂરતનાં તામ્રપત્રો આ સમયે જૈન મંદિરો અસ્તિત્વમાં આવ્યા હોવાનો શિલાલેખીય પુરાવો પણ (ગુ. ઐ. લે. ૩ પુરવણી: પૃ. ૧૨૦) પૂરો પાડે છે. સોલંકી વંશના સ્થાપક મૂલરાજના સમયમાં યુવરાજ ચામુંડે ઇ. સ. ૯૭૭માં જૈન મંદિરને ધૂપદીપ માટે ખેતરનું દાન આપ્યાનો લેખ પણ ગુ. ઐ. લે. ભાગ ૩જાના પુરવણી લેખોમાં જોવા મળે છે (પૃ. ૧૧૫).

આ બધા ઉપરથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૈન ધર્મનાં પ્રથમ પગરણ સાતમીથી દસમી સદી સુધીમાં થએલાં અનુમાની શકાય છે.

જૈન તીર્થંકરોથી મૂર્તિ-પરંપરાને નિહાળીએ તો મગધમાં નંદ વંશનો સ્થાપક મહાપદ્મ નંદ ઇ. સ. પૂર્વે ચોથી સદીમાં કલિંગ-વિજયના ઉપહાર તરીકે પોતાની સાથે એક જૈન મૂર્તિ લેતા આવ્યાનો ઉલ્લેખ – ભારતભરમાં પ્રાપ્ત સૌપ્રથમ જૈનમૂર્તિનો ઉલ્લેખ છે. પાછળથી ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં થએલો કલિંગનો જૈન ધર્મી રાજા ખારવેલ આ મૂર્તિને ફરી કલિંગ લઇ ગયાની નોંધ હાથીગુફાના આભલેખમાં થએલી છે. સ્પષ્ટ રૂપે જૈન ધર્મમાં મૂર્તિપૂજાની શરૂઆત અશોકના પૌત્ર સંપ્રતિના સમય–ઇ. સ. પૂર્વે બીજી સદીના અંત ભાગ–થી થએલી જોવા મળે છે. મથુરાની દક્ષિણે આવેલા 'કંકાલી' ટીંબા ઉપર આ સમયના જૈન સ્તૂપના અવશેષો જોવા મળ્યા છે. ત્યાંથી મળેલી સંખ્યાબંધ જૈન મૂર્તિઓ ઇ. સ. પૂર્વેની બીજી અને પહેલી સદીની માલૂમ પડે છે.

હાલ ભારતનાં મ્યૂઝિયમોમાં સંગ્રહાએલી, નિર્વિવાદપણે જૈન કહી શકાય તેવી મૂર્તિઓમાં પટણા મ્યૂઝિયમમાં આવેલો લોહાનીપુરનો જૈન 'ટૉર્સો' (માથા ને હાથપગ વિનાની ધડ-પ્રતિમા) છે. શ્રી નિહારરંજન રાય 'મૌર્ય ઍન્ડ શૃંગ આર્ટ'માં પૃ. ૧૦૨ ઉપર આ ટૉર્સોને ઇ. સ. પૂર્વે ૫૦થી ઇ. સ. ૫૦ની અંદરનો કહે છે. આ પછીના સમયમાં ઇ.સ.ની પહેલી સદીની પદ્માસનમાં બેઠેલી જૈન પ્રતિમા, ઇ. સ.ની બીજી સદીના સર્વતોભદ્ર ઋષભદેવ અને ઈ. સ.ની ત્રીજી સદીની–જેના પ્રભામંડળમાં કૃષ્ણ-બલરામની આકૃતિઓ છે તે – નેમીનાથની ખંડિત પ્રતિમા મથુરા મ્યૂઝિયમમાં આવેલી છે. (જુઓ શ્રી એન. પી. જોશી: 'મથુરા સ્કલપ્ચર' પ્લેટ: ૩૫, ૪૧, ૬૬.) આ સમયથી આજ સુધીની અનેક મૂર્તિઓ ભારતભરનાં મ્યૂઝિયમોમાં અને મંદિરોમાં જોવા મળે છે.

ગુજરાતમાં પ્રાપ્ત જૈન મૂર્તિઓનો વિચાર કરતાં જૂનાગઢ અને ઢાંકનાં પ્રાચીન જૈન સ્થાનોની ફેરવિચારણા કરવાનું અત્રે પ્રાપ્ત થાય છે. ઇ.સ.ની બીજી સદીની ગણાતી જૂનાગઢના બાવા-પ્યારા મઠની ગુફાઓ બૌદ્ધ છે કે જૈન એનો સાફ નિર્ણય હજુ આપણે કરી શક્યા નથી. મારી જાણ મુજબ ઇ. સ. ૧૮૭૬માં લંડનમાં પ્રકાશિત 'એન્ટીક્વીટીઝ ઑવ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ'માં જેઇમ્સ બર્જેસે આ ગુફાઓની પ્રથમ માહિતી બૌદ્ધ ગુફા તરીકે આપી. ઇ. ૧૯૪૧માં ડૉ. સાંકળિયાએ આ ગુફાઓમાં જોવા મળતા સ્વસ્તિક, કળશ વગેરે માંગલિક ચિહ્નોને આધારે તથા ત્યાંથી પ્રાપ્ત 'કેવલી' શબ્દવાળા એક છૂટા ખંડિત શિલાલેખને આધારે આ ગુફાઓ જૈન હોવાનું જાહેર કર્યું. આમ કરતાં તેમણે આ ગુફાઓના સમય પરત્વે બે મતો જણાવ્યા: ૧) બૌદ્ધ ભિખ્ખુઓ ગુજરાતમાં આવ્યા તે ઇ.સ. પૂર્વે બીજી સદીનો અને ૨) જૈન પ્રતીકો બન્યાં તે ઇ.સ.ની બીજી સદીનો. પ્રથમ આ ગુફાઓ બૌદ્ધ હશે અને પાછળથી જૈન બની એવું સ્પષ્ટ જાહેર કરવાને બદલે ગુફાનો રચનાકાળ બે તબક્કે હોવાનું જણાવી ડૉ. સાંકળિયાએ ગૂંચવણ ઊભી કરી છે. ડૉ. કાંતિલાલ સોમપુરા 'ભારતીય સ્થાપત્ય અને શિલ્પ' પૃ. ૭૫ ઉપર 'બૌદ્ધ અને જૈનસાધુઓના નિવાસ-સ્થાન તરીકે આ ગુફાઓ વપરાતી હશે.' તે તથા શ્રી છો. મ. અત્રી 'ગુ. રા. સાં. ઇતિહાસ' ગ્રંથ: ૨–પૃ. ૩૪૮ ઉપર સ્વસ્તિક-કળશ વગેરે પ્રતીકો બૌદ્ધ તથા જૈન 'ઉભય સંપ્રદાયોનાં બાંધકામો ઉપરથી મળી જ આવે છે... ત્યારે પ્રસ્તુત ગુફાઓને પણ જૈન નિઃશંકપણે કલ્પી શકાય નહિ' કરે છે તે વિધાનો વિચારણીય છે. આ ગુફા-સમૂહનું બરાબર નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે એનું સમગ્ર વ્યક્તિત્વ નિઃશંક બૌદ્ધોનું છે. સ્વસ્તિક-કળશ જેવાં ચિહ્નો મૂળ ગુફા સાથે સહેજ પણ સુસંગત જણાતાં નથી. ક્યાં

ઓસરીની બહારનાં ઉન્નત બૌદ્ધ કલા દર્શાવતાં ચૈત્ય શિલ્પો અને ક્યાં પાછળથી કોઈ ધરાર કોતરી કાઢેલાં પ્રતીકો ! આ સ્વસ્તિક-કળશ ચિહ્નો બૌદ્ધ હોય કે જૈન, ઇ. સ.ની આઠમી સદીના રુચક સ્તંભો જેવું તક્ષણ પામેલાં જણાય છે.

ઢાંક ગામની પશ્ચિમે આવેલી ગુફાઓ ઇલોરાની આઠમી સદી-ની જૈન ગુફાઓની પરંપરામાં ઊભી થએલી છે. આ રીતે ગુફાની બહાર તીર્થંકરોની પ્રતિમા મૂકવાની પ્રણાલિકા અને ગુફામાં અંદર ગવાક્ષ કરી વચ્ચે તીર્થંકર તથા આજુબાજુની દીવાલ ઉપર ચામરધારિણીઓ મૂકવાની પ્રથા પ્રાચીન જણાતી નથી. મારા મત મુજબ સૌરાષ્ટ્રમાં આ સૌથી છેલ્લી કોતરાએલી ગુફા છે.

આમ પુરાતત્ત્વની દૃષ્ટિએ પણ જૈન ધર્મના સગડ સાતમી સદીથી આગળ જતા નથી. વળામાંથી પ્રાપ્ત પાંચ ધાતુ-પ્રતિમા-(પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ)ઓ બૌદ્ધ છે કે જૈન એનો નિર્ણય કરીએ તે પહેલાં ધાતુમૂર્તિઓની, ઇતિહાસ નક્કી કરવા માટેની મર્યાદાઓ ધ્યાનમાં લઈ લેવા જેવી છે. સિક્કાઓની જેમ ધાતુમૂર્તિ પણ જે સ્થળેથી મળે ત્યાં અમુક ધર્મ પ્રવર્તતો હશે એમ માની લેવું વધારે પડતું છે.

વલભીમાંથી મળેલી કાંસ્ય પ્રતિમાઓ કલાના ઇતિહાસમાં એક નવી જાતનો પ્રકાશ પાથરનારી જણાય છે. આ પ્રતિમા-ઓમાં બૌદ્ધ મૂર્તિનું સર્વમાન્ય લક્ષણ 'મુદ્રા યુક્ત' હસ્ત જોવા નથી મળતું એટલે એ બૌદ્ધ નથી, તેમ જૈન મૂર્તિનું સર્વમાન્ય લક્ષણ છાતીએ શ્રીવત્સ ચિહ્ન પણ અહીં ગેરહાજર હોઇ એ જૈન પણ નથી. આપણે પરંપરાને એટલી બધી ચુસ્ત રીતે વળગ્યા છીએ કે ધર્મના ઓઠા સિવાય મૂર્તિનું સર્જન શક્ય જ નથી એમ સ્વીકારી લીધું છે ! 'આ મૂર્તિઓ બૌદ્ધ નથી માટે જૈન છે' એવો નિર્ણય કૂપમંડૂકતા ગણાવો જોઇએ. ભૂજ મ્યૂઝિયમમાં સંગ્રહાએલી સાતમી સદીના બૌદ્ધ ધાતૂમૂર્તિના સમયની આ પાંચે પ્રતિમાઓ કોઇ કલાકારે અમસ્તી જ – કોઇ પણ ધર્મના હેતુ વિના જ કરેલી જણાય છે. આ પ્રતિમાઓના સર્જનમાં તેનો કલાકાર કોઇ પણ ધર્મના મૂર્તિવિધાનને અનુસર્યો જણાતો નથી, અને આથી જ આ પ્રતિમાઓ આપણે ત્યાં પ્રાપ્ત થતા ધર્મનિરપેક્ષ કલાના સૌથી મૂલ્યવાન પ્રાચીન નમૂનાઓ છે. વડોદરા પાસેના અકોટા-માંથી પ્રાપ્ત ઋષભદેવ આદિની કાંસ્ય પ્રતિમાઓનો સમય પણ ઇ. સ. ની સાતમી સદીથી આગળ જઇ શકે તેમ નથી. એમ લાગે છે કે દસમી સદી પછી જ ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં વિશાળ પ્રમાણમાં જૈન મૂર્તિઓનો ફેલાવો થયો છે.

દસમી પહેલાંની જે જૂજ જૈનમૂર્તિઓ મળે છે તે વિરલ છે અને એવી જ એક વિરલ મૂર્તિ આ સાથે રજૂ કરું છું. અહીં આપી છે તે જૈન તીર્થંકરની મૂર્તિ ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત સૌથી પ્રાચીન, માનવ કદની શૈલ–પ્રતિમા છે. ઈ. સ. ની આઠમી-નવમી સદીની આ મૂર્તિ ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૈન ધર્મનો જુવાળ કેવા વેગથી શરૂ થએલો તેની પ્રતીતિ કરાવી રહે છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે માધવપુર અને માંગરોળ વચ્ચે આવેલા દિવાસા ગામની સીમમાં એક ખેતરને શેઢે આ પ્રતિમા પડેલી છે. એક મીટરના પદ્માસનવાળી, બેઠેલી અવસ્થામાં યે એક મીટર ઊંચી આ પ્રતિમા કોઇ વિશાળ મંદિરના મૂળ નાયકની મૂર્તિ છે. હાલ આ જ્યાં આવેલી છે તેની આજુબાજુનાં ખેતરોમાં દોઢ-દોઢ ફૂટની બીજી પાંચ-સાત તીર્થંકર મૂર્તિઓ અહીંતહીં રખડતી પડી છે. વંડીમાં, કૂવાના થાળામાં કે કૂવાના ગાર નીચે પડેલી ચણાઇ ગએલી અને દટાઇ ગએલી છે. એ નાની મૂર્તિઓમાં નાગની ફણાને કારણે ઓળખી શકાતી પાર્શ્વનાથની એક મૂર્તિ પણ જોવા મળે છે. મૂળ નાયકની આ મૂર્તિ ૧) મસ્તક, ૨) ધડ અને વામ પાદ, ૩) દક્ષિણ પાદ અને ૪) પરિકરનો ખંડ – એમ ચાર ટુકડાઓમાં ખંડિત થએલી છે. દક્ષિણ બાજુ અવશેષ રહેલો, ચામરધારિણી સહિતનો પરિકરનો ખંડ આ મૂર્તિના કાળનિર્ણયમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. આ રીતિના પરિકરની પ્રથા ઇ. સ. ની આઠમી સ-દીનો સમય સૂચવે છે. આજુબાજુની નાની પ્રતિમાઓ પણ આ જ જાતના ચૂનાના પથ્થરમાં સરખું શિલ્પત્વ પામી છે. ગુજરા-તમાં નિર્વિવાદપણે દસમી પહેલાંની જૈન મૂર્તિઓના આ અતિ કિંમતી અવશેષોની તાત્કાલિક સંભાળ લઇ પુરાતત્ત્વ ખાતાએ કે કોઇ સંસ્થાએ મહાવીરની અઢી હજારમી જયંતીની ઉજવણીને સાર્થક બનાવવી ઘટે. □

શુભાશિષ (અનુસંધાન પૃષ્ઠ ૫૦૫થી) પુરુષાર્થ જ ઘડી આપે છે, અને તે ઉત્તમોત્તમ ભવિષ્યકાળ નિર્માણ કરવા માટે.

આપણી સંસ્કૃતિ અદ્વૈતમાં માને છે,—એટલે કે નાના મોટા પાપી અને પુણ્યવાન બધાની અંદર આપણે પરમાત્માનો વાસ જોઈએ છીએ, અને તેથી બધા પ્રત્યે આપણી સરખી જ આત્મીયતા હોવી જોઈએ. ગીતા પણ કહે છે 'સમત્વં યોગ ઉચ્યતે'. આપણે આપણા સામાજિક જીવનમાં ન્યાતજાત વચ્ચેનો અને સ્ત્રીપુરુષ વચ્ચેનો ઉચ્ચનીચભાવ યુગાનુયુગ ચલાવ્યો છે, અને તે પણ ધર્મને નામે. એ ભારે ભૂલ થઈ છે. હવે પછી આપણે સમાજમાં બ્રાહ્મણ ને હરિજન વચ્ચેનો ભેદ કાઢી નાખવો જોઈએ.

ગીતા તો સ્પષ્ટ કહે છે 'શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ'. બ્રાહ્મણ હોય કે શૂદ્ર હોય, એકાદ કૂતરું હોય, અથવા કૂતરાને મારીને કે મરેલા કૂતરાનું માંસ પકવીને ખાનાર ચાંડાલ ગણાતા માણસને ગીતાના પંડિતો, એટલે કે ડાહ્યા અને પવિત્ર લોકો, સમાન દૃષ્ટિથી જુએ છે. સમાજસેવાના બધા લાભો બધાને સરખા જ મળવા જોઈએ એ વસ્તુ આપણે હવે પછી સ્વી-કારવી જ જોઈએ.

આવુંઆવું ઘણું લખી શકું. પણ મારું મુખ્ય કામ તો 'કુમાર'ના પચાસ વર્ષના સંચાલકો ને વાચકોને આશીર્વાદ આપવાનું જ છે. 'કુમાર' માસિકના પ્રેમીઓમાં મારા જેટલા વૃદ્ધો કેટલા હશે ? □

ભારતીય નૃત્યોની સદીઓ જૂની પરંપરા

આસામનાં સત્રીય નૃત્યો

લેખક · સુનીલ કોઠારી·

સીઆલદાહ સ્ટેશનેથી બપોરે ગાડીમાં ગૌહાતી જવા બેઠો ત્યારે કલ્પના પણ નહિ કે આ લાંબા પ્રવાસમાં ઘણા અનુભવો થવાના છે. ઓરિસ્સામાં સરાઈકેલાનાં છાઉ નૃત્યો પર બારીપદાવાસી કવિ જીવન પાની જોડે તાલ, લય અને છંદની સૃષ્ટિમાં ડૂબ્યા રહેવાનો વળી ઓર એક લ્હાવો હતો. પુરીમાં જગન્નાથજીના મંદિરમાં શ્રી સદાશિવરથ શર્મા જોડે દેવદાસી નૃત્યોની પ્રથા પર વાર્તાલાપ ચાલતા.

જીવન પાની સમુદ્રકાંઠે ગવર્નમેન્ટ ક્વાર્ટર્સમાં રહે. એક રાત્રે ગૌહાતીથી ડૉ. મહેશ્વર નેઓગનો તાર આવ્યો કે આવો. માજુલી ટાપુ પરના કમલાબારી સત્રના અધિકારીની સંમતિ મળી છે. કંઈ ઉત્સવ નિમિત્તે સત્રીય નૃત્યો યોજાશે. એટલે બિસ્ત્રા બાંધી ઊપડ્યા. ઠોઠ નિશાળીઆને વતરણાં ઝાઝાં એ ન્યાયે કૅમેરા, ને ફ્લૅશગન, ને બધો અસબાબ. વધુમાં વાંચવાનાં ચોપડાં. બે દિ' ચાલે એટલું ખાવાનું જીવનની વહુએ બાંધી આપ્યું, ને શંકરદેવની ભૂમિ તરફ પ્રયાણ. ઈ. ૧૯૫૮માં મણિપુર જતાં ડૉ. નેઓગને ત્યાં ગએલો તે પછી એક દાયકે ફરીથી જવાનો આ યોગ સાંપડ્યો.

યાત્રા તો ખાસ્સી લાંબી. ગાડી બદલવાની. ક્યાંક નદી પાર કરવાની. ફરક્કા કે ક્યાંક ઊતરીને ફેરીમાં જવાનું હતું. બૈરાં, છોકરાં, સામાન, દરદાગીના, હોહા, ધાંધલ ને એવું બધું ધમસાણ. શરદબાબુની વાર્તાનું વર્ણન યાદ આવે. 'ચરિત્રહીન'માં કિરણમયી પેલા જુવાનને લઈને નાઠેલી તેનાં વર્ણન નજર સામે. આવી જ કંઈ સ્ટીમલૉન્ચ હશે ને?—બધું જ એવું વાતાવરણ—પેટ્રોમૅક્સના અજવાળે અને બંગાળી બોલીએ કૌતુક જગવતું.

સામે કાંઠે ઊતરી રેતીમાં ખાસ્સું ચાલવાનું હતું. મજૂર મોં-માગ્યા દામ માગે તે દીધા, કારણ પવન ફૂંકાવા લાગેલો અને થોડી વારે તો રેતી-ધૂળની ડમરી ચડી. આંખોમાં ધૂળ, નાકમાં ધૂળ ને કશું સૂઝે નહિ. રેલવે યાર્ડમાં ગૌહાતી જતો ડબ્બો શોધી મજૂરે ઉપર ચડાવ્યો. હું થાકીને લોથ થઈ ગએલો તે પાટલી પર લંબાવીને પડ્યો. રીઝર્વેશન હતું. પણ આ ધાંધલમાં ક્યાં શોધે? આગળ પર દેખા જાયગા કહી આંખો મીંચી. સવારે જાગ્યો ત્યારે જલપાઈગુરી કે એવું જ કોઈ સ્ટેશન. વાતાવરણમાં વરસાદની ભીની માદક હવાનો સ્પર્શ. દૂર ડુંગરમાળ, આગળ ખેતરો, તળાવડાં, બધું જ કાવ્યમય. સત્યજિત રૉયે જે સૌન્દર્યની અનુભૂતિ ફિલ્મોમાં કરાવી છે તેનો અહીં પ્રત્યક્ષ આસ્વાદ માણી ગૌહાતી પહોંચવાની આતુરતા સેવતો ટ્રેનની બારીમાંથી આ બધાં ભૂમિ-દશ્યોનું આકંઠ પાન કરવા લાગ્યો.

ડૉ. નેઓગ રહે યુનિવર્સિટી કૅમ્પસમાં. એક ડુંગરમાળની છાયામાં એમનો સરસ મઝાનો બંગલો. ગૌહાતીથી ચૌદેક માઈલ દૂર જાલુકબારી. વિદ્વાન અને જાણીતા એટલે કોક ભલા માણસે એમને ઘેર પહોંચાડ્યો. બહુ પ્રેમથી એમણે સ્વાગત કર્યું. પોતે અહીં એકલા રહે. પત્ની ને બાળકો ગૌહાતીમાં. જાતે રાંધી આપ્યું ને કહે: 'એક દિવસ રહીને ઊપડો. બસમાં જગ્યા 'બુક' કરાવી છે. જોરહાટ શ્રી દેવદત્તને ત્યાં રાત રહેજો. કાલે વધુ વાત.'

હજી તો કંઈ કેટલા ય માઈલો વટાવી બ્રહ્મપુત્રાને ખોળે ક્યાંક આવેલા કમલાબારી સત્ર(મઠ)માં પહોંચવાનું હતું. પણ આ નવી ભૂમિ, નવાં દશ્યો, નવા તાલ, નવા છંદ અને નવા લયનો પરિચય કરવાની પણ તાલાવેલી અદમ્ય, એટલે થાકે એ બીજા. ખાસ્સો આઠથી દસ કલાકનો બસમાં પ્રવાસ હતો. આસામી લોકો થોડું ઘણું બંગાળી તો સમજે જ. વળી અજાણ્યા પ્રત્યે ભાવ પણ રાખે. એટલે ખાસ કંઈ મુશ્કેલી ન નડી. તે અરસામાં જ કંઈ જ્ઞાનપીઠનો પુરસ્કાર ઉમાશંકરને મળ્યાનું સવારના છાપામાં આવેલું તે કોઈ મુસાફરે મને પૂછ્યું કે તમે તો અમદાવાદથી આવો છો ને? એમ વાતો થતાં મૈત્રી થઈ, ને હું માજુલી ટાપુ જવા માગું છું

કમલાબારી સત્રના (આગળ બેઠેલા) યુવાન સત્રાધિકારી સાથે (પાછળ ડાબેથી) ફોટોગ્રાફર સુબોધચંદ્ર, લેખક સુનીલ કોઠારી, ડૉ. મહેશ્વર નેઓગ અને નૃત્યકાર જીવેશ્વર સૈઈકીયા. (ફોટો · ફાર્લી રિચમંડ) જમણીબાજુ : રમણીય તપોવનની યાદ આપતા કમલાબારી સત્રના આવાસો (ફોટો સુ. કોઠારી)









નામ-ઘર: દેવ પ્રતિમાના બદલે અહીં ભાગવત પુરાણની પોથીનું સ્થાન-પૂજન અને સંકીર્તન ઇ.યાદિ થાય છે. (ફોટો • સુબોધચંદ્ર) જમણી બાજુ: સત્રીય નૃત્યોની પગાની અંગસ્થિતિ તથા જમણી બાજુ છેડે) 'ચતુર્વિંશ અવતાર' પ્રયોગમાં કચ્છપ રૂપનું વર્ણન દાખવતા શ્રેષ્ઠ કલાકાર ધનકાંત ગોસ્વામી (ફોટો · સુનીલ કોઠારી)

તેનું તેને ભારે કૌતુક થયું. પણ કવિને ઓળખું છું અને ડૉ. નેઓગને ત્યાં રહું છું એ બે વાતે આ ગાંડા ગુજરાતીને તેણે કંઈ ઉદારભાવે માફ કર્યો હશે. વિચારતો હશે કે સાવ રે ઘેલો! ત્યાં શું બળ્યું છે કે સરખા ધંધાધાપા છોડી આટલે દૂર અથડાવા નીકળ્યો હશે!

સાડા નવ કે દસનો સવારનો સમય હશે. હું સંતશ્રી શંકરદેવનું ચરિત્ર વાંચતો હતો. એમણે જ આ સત્રીય નૃત્યોને સત્ર(મઠ)માં પંદરમી શતાબ્દીમાં દાખલ કરેલાં. બસ પૂર ઝડપે જઈ રહી હતી. રસ્તે એક નાના ગરનાળા પાસે કેટલાંક પીપ (ડ્રમ્સ) ગોઠવેલાં. સામેથી બીજી બસ આવે. અમારો ડ્રાઈવર પેલાં ડ્રમ્સ જોડે બસ ન અથડાય તેની સાવચેતી રાખવા ગયો કે કેમ, પણ કંઈ ખબર પડે તે પહેલાં તો ધડુમ-ધુમ્મ! બસ ઊછળીને પડી દસ ફૂટ નીચે ખાડામાં! આંખે અંધારાં! આંખ ખોલી તો આકાશનો ભૂરો ફટકો દેખાયો. કાને ચિચિયારી, કિકિયારી, બૂમો, ચીસો સંભળાઈ. પગ નીચે ભીની માટી. બસ આડી પડેલી. થોડું શરીરમાં કળતર થતું હતું. આંખે ચશ્માં સલામત.

થોડી વારે શુદ્ધિ આવી ત્યારે સમજાયું કે અકસ્માત તો થયો છે, પણ ખરેખર ઊગરી ગયા છીએ. હૃદય ધબક ધબક થાય. કોઇએ આવીને આગલી બારી પાસેથી દરવાજો ખોલી હાથ પકડી બહાર કાઢ્યો. બૈરાં રડવા લાગેલાં. બાળકો હીબકાં ભરતાં હતાં. રસ્તા પર ગામલોકો ટોળે વળેલા. ડ્રાઈવરને વાગેલું અને પાસેની નિ-શાળના કૉમ્પાઉન્ડમાં અમને લઈ જવાની તૈયારી ચાલતી હતી. મારા મનમાં હજી શંકરદેવની પુસ્તિકાનું છેલ્લું વાકય રણકતું હતું: 'ત્વાં શરણું પ્રપન્ન!' તેનું ફરી રટણ કર્યું અને ઊગરી ગયા બદલ ભગવાનનો પાડ માન્યો. જીવ બચ્યો એટલે પૈસાનું પાકીટ યાદ આવ્યું, કૅમેરાની બૅગ યાદ આવી, ને બધાં જ ભૌતિક સુખ-સાધનો. દોડતો આડી પડેલી બસ પાસે ગયો. કૅમેરાની બૅગ મારી સીટ હેઠળ તાળું મારીને રાખેલી તે કયાંય દેખાય નહિ. અમારો સામાન શાળામાં લઈ ગએલા. ત્યાં થોડે દૂર નજર પડી ને નિરાંત-નો શ્વાસ લીધો. બૅગ ત્યાં પડી હતી. કશું નુકસાન થયું નહોતું. પછી બૅગ ખોલીને કૅમેરા કાઢયો. શરીર કળતું હતું, પણ આ બનાવના ફોટો લીધા વિના કેમ રહેવાય? ફોટા લેતો હતો એટલા-માં કંડકટર આવીને કહે કે ભાઈ, માબાપ રહેવા દો! તું છાપાં-વાળો, ક્યાંક છપાવીશ તો અમારી નોકરી જાશે!

શાળાના માસ્તરે સૌને બેસાડયાં. ચા-પાણી નાસ્તો આપ્યાં બે ત્રણ જણને વાગેલું તેમને નજીકના દવાખાને મોકલ્યા. અમારા દેદાર તો જોવા જેવા થઈ ગએલા! કાદવ, ધ્રાસ્કો ને ચિંતા! રાત્રે હવે કયારે જોરહાટ પહોંચીશું તેની ખબર નહિ. બીજી બસ દોઢ કે બે વાગ્યે આવવાની હતી, એમાં જ નીકળાય તેમ હતું. એટલે વળી શંકરદેવનું ચરિત્ર વાંચવા તરફ મન વાળ્યું. જોરહાટથી માજુલી ટાપુ જવા એક બસ પકડવાની હતી જેમાંથી દોઢ-બે કલાકે સ્ટીમલૉંચ કે ફેરીમાં જવાનું હતુ. મનમાં થોડી આવા પ્રવાસના સાહસ બદલ શંકા પણ હવે થવા લાગી.

અંતે રાત્રે અગિયારે જોરહાટ પહોંચ્યો. અકસ્માતના સમા-ચાર જોરહાટ પહોંચેલા એટલે શ્રી દેવદત્ત તો બેબાકળા થઈ ગએલા. મને વિખરાએલા વાળ ને મેલાં કપડે જોઈ ભારે ચિંતા વ્યક્ત કરી કહે કે રહેવા દે—નથી જવું માજુલી ટાપુ પર. તેમનાં માયાળુ પત્નીએ નાહવાનું ગરમ પાણી મૂકી આપ્યું, ગરમ રસોઈ જમાડી ભલીભાંતિ આગતાસ્વાગતા કરી.

બીજે દહાડે મારો નિર્ણય અફર, એટલે કોઈ ખડખડ પાંચમ બસમાં કચવાતે મને જોરહાટથી જવા દીધો. પછી ફેરીમાં ગોઠ-વાયા. દોઢ કલાકે સામે પ્રવાહે બ્રહ્મપુત્રાના વિશાળ પ્રવાહમાં પ્રાકૃતિક સૌંદર્ય માણતાં અંતે માજુલી પહોંચ્યા. કમલાબારીના સત્રાધિકારી(મઠપતિ)એ અંતેવાસી બ્રહ્મચારી યુવકોને કાંઠે લેવા મોકલેલા. બૅગપટારા અને કૅમેરાવાળો હું એકલો જ. ટાપુ પર આવું









મથાળે: 'ગોપીનાચ' માટે તૈયાર થતા બે બ્રહ્મચારી બાળકો. તથા નીચે: 'ચેમાલી'–સમૂહમાં મૃદંગ-વાદન (ફોટો • સુનીલ કોઠારી)

મથાળે: 'રાસ-લીલા' (ફોટો • સુનીલ કોઠારી) અને નીચે: 'રાવણુવધ'માં રાવણુનો પ્રવેશ (ફોટો • સુબોધચંદ્ર)

શહેરીજન તો કોક જ આવે. માઈલેક વળી ચાલવાનું હતું. તે અંતર કાપી સત્રના પ્રવેશ દ્વારે આવ્યા. બૂટ બહાર કાઢ્યા. કેળનાં ઝુંડ અને વૃક્ષવેલનો પાર નહિ. જાણે તપોવન. વાંસના વનમાં પક્ષીઓનો મધુર કલરવ. તેજછાયાની મોહક ઓકળીઓ. આવા પરમ શાંત ધામમાં આવી પહોંચતાં આનંદથી મન ભરાઈ ગયું ને બધો શ્રમ, કષ્ટ, થાક, અકળામણુ અલોપ થઇ ગયાં. સત્રાધિકારીને સમાચાર અપાયા. ડૉ. નેઓગે મારા કાનમાં ફૂંક મારેલી: 'વિનયથી વર્તજે, પગે લાગજે, પછી કાગળ આપજે.'

જે ખંડમાં મળવાનું હતુ ત્યાં આસન બિછાવાયાં, તકિયા ગોઠવાયા, એક ધાતુપાત્રમાં દૂધ મૂકવામાં આવ્યું. મેં આણેલી ફૂલ-સામગ્રી અને ફળ કેળના પાનમાં ગોઠવાયાં પછી બધાં અદબપૂર્વક બેઠાં. થોડી વારે શુભ્ર વસ્ત્રધારી યુવાન સત્રાધિકારી પ્રવેશ્યા. કાંતિમય ચહેરો, વિશાળ ભાલપ્રદેશ, લાંબા વાળ અને સુડોલ દેહયષ્ટિથી શોભતા તે આસન પર બેઠા. બધાંએ વાંકા વળી ઘૂંટણે પડી પ્રણામ કર્યા. મેં પણુ તેનું અનુસરણુ કરી પછી પત્ર આપ્યો, જે તેમણે જમીન પરથી ઉપાડ્યો. વાંચીને સ્નિગ્ધ દૃષ્ટિથી સામે જોઈ ડૉ. નેઓગના કુશળ ખબર પૂછ્યા. મારા ઉતારાની પૃચ્છા કરી. ક્યારે નૃત્યો જોવાં છે એ બધી માહિતી માગી અને પ્રસાદ તથા દૂધ આપ્યાં. એક જુવાને તે લેવા માટે ઇશારો કર્યો અને બધાં ફરી પગે લાગ્યાં. હું પણુ પગે લાગ્યો.

સત્રાધિકારી નામ સ્મરણુ કરવા નામ-ઘરમાં ગયા. અને મારી આગતાસ્વાગતાનો ભાર જેને સોંપવામાં આવ્યો હતો તે યુવાન આશ્રમવાસીએ હિંદીમાં નિરાંતનો શ્વાસ લઈ કહ્યું: 'પાડ માનો ભગવાનનો કે બધું હેમખેમ પાર પડ્યું. અહીં તો આ બધું ઈશ્વર સ્મરણાર્થે થાય છે. બહારનાં લોકોને ઝાઝું ઉત્તેજન આપતા નથી. આ ફોટા ને કૅમેરાનો તો સત્રાધિકારીને ભારે કંટાળો છે, તમારા દિલ્હીવાળા ગોવિંદ વિદ્યાર્થી અહીં આવેલા ત્યારે બીજા વડીલ સત્રાધિકારી હતા. કંઈ કેટલી વિનતિઓને અંતે ભગવાને હા પાડી. તેમના પછી દસ વરસે આ તમે અહીં ફરક્યા. અમને ય નવાઈ કે શું બન્યું છે આ વિધિ–રીત–રસમોમાં કે તમે બધાં એની પાછળ અરધા અરધા થઇ જાઓ છો! પણુ આ નવા સત્રધિકારી પ્રગતિશીલ વિચારના છે અને તમે છાપામાં લખી શંકરદેવનું તે નિમિત્તે પણુ સ્મરણુ કરશે તે હિસાબે સંમતિ આપી છે. ચાલો હવે નદીએ નાહવા જઇએ. પછી ફળાહાર કરીશું.'

થોડી વાર આરામ કરી આશ્રમમાં મને બધું બતાવવા લઈ ગયા. નામઘર તો એટલું મોટું! ત્યાં દોરીથી ખેંચવાના સમાંતર મોટા પંખા. મોટી મોટી દીવીઓ શંકરદેવ નીઓ–વૈષ્ણવીઝમના પુરસ્કર્તા. મૂર્તિપૂજા નહિ. પોથી–પુસ્તક સિંહાસન પર પધરાવે. તે ભાગવતનું જ પૂજન. નામઘર તો હજારથી દોઢ હજાર માણુસ બેસી શકે તેવડું વિશાળ, રાત્રે અસંખ્ય દીપકો ઝળાંઝળાં થતા.





સત્રીય પરંપરાના સ્થાપક શ્રી શંકરદેવના જન્મસ્થળ બરદોવા મુકામે એમના જન્મોત્સવ નિમિત્તે રજૂ થએલ 'રાવણવધ' નામક અંકીય નાટ પ્રયોગમાં રામ-હનુમાન-મિલનનું દૃશ્ય. દૂર વચ્ચે બેઠેલા દેખાતા સૂત્રધાર પ્રસંગવર્ણન કરે છે. જમણી બાજુ: નૌગાંગ (આસામ) નજીક કલિયાવર સત્રમાં સત્રીય નૃત્ય પ્રસંગે મેદનીમાં આગલી હારમાં (ડાબી બાજુથી અનુક્રમે) ચશ્માં પહેરેલા લેખક સુનીલ કોઠારી, પાઘ અને દાઢીવાળા ડૉ. ફાર્લી રિચમંડ અને ડૉ. મહેશ્વર નેઓગ તથા તેમની પાછળ અંકીય નાટના ખ્યાતનામ નટ શ્રી જીબેશ્વર ગોસ્વામી. (ફોટો - સુબોધચંદ્ર)

થાળી જેવડાં મોટાં કાંસીજોડાનો ઝણકારા કરતો ધ્વનિ વેણુનાં વન ચીરીને માજુલી ટાપુ પર સર્વત્ર સંભળાય. આરતી થાય, ભક્તો ગીતો ગાય, ધેમાલી–મૃદંગવાદન આપણને હેરત પમાડે.

નામઘરની સંસ્થા એટલે દિવસે કલહ-કંકાસનો નિવેડો લાવવાનું ન્યાયમંદિર અને રાત્રે પુરાણ, મહાભારત, રામાયણ વગેરેમાંથી પ્રસંગો રજૂ કરવાની રંગભૂમિ. કીર્તન થાય, મૃદંગવાદકો મૃદંગ વગાડે અને આપણને રૂપ રંગ અને નાદની અલૌકિક સૃષ્ટિમાં વિહાર કરાવે. મર્ત્ય લોકોને પુરાણકથામાંથી સાર મળે. શંકરદેવે 'ચિહ્ન યાત્રા' રજૂ કરેલી. તેમાં રંગેલાં ચિત્રોને આધારે પુરાણ કથાના પ્રસંગો ઊકલે. આમ પંદરમી શતાબ્દીથી આસામમાં નૃત્ય ગીત સંગીત વાદ્ય નાટ્ય આદિ કળાઓનો વિકાસ થએલો. ધર્મનાં હજાર તડાં સાંધી, તેથી પર થઈ આ નવા સંપ્રદાયનું શ્રી શંકરદેવે સ્થાપન કરેલું. તેમનું ચરિત્ર ડૉ. નેઓગે લખ્યું છે. (જે નેશનલ બુક ટ્રસ્ટની ચરિત્રમાળામાં બહાર પડ્યું છે.)

એ ક્રાંતિકારી ધર્મપ્રવર્તકે દૂરંદેશી વાપરી શાક્તપંથી, તાંત્રિકો, બ્રાહ્મણો, મૂળ આદિવાસીઓ એમ વિવિધ સંપ્રદાયોનું જોર જોઈ-જાણી નૂતન વૈષ્ણવ ધર્મનો પ્રચાર કરી તેમાં એકતા આણી. આજે તો આસામમાં એના પાંચસોથી ય વધુ સત્રો (આશ્રમો-મઠો) છે. ગૌહાતીમાં ઔનીઆતી બરદોવા પાસે કલીઆવર અને માજુલી પરના કમલાબારી એમાં જાણીતા. બધે જ સત્રીય નૃત્યો ભાવના, અંકીય નાટ વગેરે ભજવાય. તેમાંય જમુગુરી દારાંગ વિસ્તારની બારેશહરીઆ ભાવના તો ભાગ્યમાં લખ્યું હોય તો જ જોવા મળે. મોટા પંડાલ નંખાય અને એકસામટાં આઠથી દસ નાટ્યવૃંદો તે વર્તુળાકાર પંડાલમાં અલગ અલગ રંગમંચ પર પ્રસંગો રજૂ કરે જેમાં ચારથી છ હજાર લોક ભેગું થાય! પણ આપણા દેશમાં આવી માહિતી કોણ આપે? સંગીત નૃત્ય નાટક અકાદમીઓવાળા જાગ્યા છે ખરા, પણ તે આવુંતેવું જોઈ આવે, રેકૉર્ડ કરે, ફાઈલમાં રિપોર્ટ મૂકે ને ખેલ પૂરો! પણ એના અફસોસ ક્યાં લગી કરવા! અકાદમીના–તેના બળાપા કાઢવા બેસીશું તો પછી આ સત્રીય નૃત્યોની વાતો અધૂરી રહેશે. હોય–કાગડા બધે જ કાળા. તેમાં જીવ બાળવા શું નીકળ્યા!

બે વરસ પછી '૭૦ના ઑક્ટોબરમાં ફરી શંકરદેવની જન્મતિથિ નિમિત્તે આસામ જવાનું થયું. ચાંદામામા (ચં. ચી.–ચંદ્રવદન મહેતા)ના વિદ્યાર્થી ફાર્લી રિચમંડ સંસ્કૃત નાટક અને તેના અંશો પર સંશોધન કરે. તેને ચં. ચી.એ અમને વળગાડ્યા. અમે કહ્યું કે ચાલો, ગોરી ચામડી છે એટલે અકાદમીવાળા આવકાર દેશે. અને ભલાભોળા આસામી લોકો ય હોંશે હોંશે બધું બતાવશે. ફાર્લી ફોટા, ફિલ્મો, રેકૉર્ડિંગ બધું કરી મિશીગનમાં ઈસ્ટ લાન્સિંગમાં સત્રીય નૃત્યો અંકીય નાટ અને ભાવના વિષે ભણાવે છે. દિલ્હીની કેન્દ્રીય અકાદમીવાળા ફિલ્મ પાડી લાવ્યા છે ઠેઠ '૫૮માં, પણ હજી અકબંધ ડબ્બે પડી છે. કો'ક મારા જેવા કે ફાર્લી જેવા અભાગિયા હોય તેને જોવાની ચટ થાય. બાકી નાટક ને નૃત્યની દુનિયાવાળાઓ અને સ્કૉલર-પંડિતોને તે શી પડી છે કે આમ કોઈ ટાપુ પર ટીચાય અથડાય ને ગાંઠના ખર્ચી મૂરખમાં ખપે?

સત્રીય નૃત્યોનું મૂળ 'અંકીય નાટ'માં રહેલું છે. 'અંકીય નાટ'માં સંસ્કૃત નાટકોના માળખાના અંશો જોઈ શકાય છે. શંકરદેવે ઉત્તર ભારતનો બારેક વર્ષ લગી પ્રવાસ કરેલો ને સ્વાભાવિક છે કે તેમણે અન્યત્ર નૃત્યનાટ્ય પ્રણાલિઓ જોઈ હોય. 'અંકીય નાટ'માં સૂત્રધારનું પાત્ર કેંદ્રમાં હોય છે. વળી 'નાન્દી' પેઠે 'અંકીય નાટ'માં પણ આરંભમાં સ્તુતિ વગેરે જોવા મળે છે. સંસ્કૃત નાટકોના પૂર્વરંગ વિધિની જેમ અંકીય નાટમાં પણ તેવી વિધિના અંશો છે. નૌગાંગમાં અમે અંકીય નાટ 'ચંદ્રહાસ'નો પ્રયોગ જોયો. હજારેકથી વધુ સંખ્યામાં પ્રેક્ષકો. મેદાનને એક છેડે ભાગવત પુરાણ સિંહાસન પર પધરાવેલું. બીજે છેડે નેપથ્ય–ગ્રીનરૂમ. વચમાં રસ્તો. બન્ને બાજુ પ્રેક્ષકો બેસે. શરૂમાં કથકલીમાં અને કુચીપુડીમાં જેમ પાત્ર પ્રવેશ

વખતે કપડું આડું ધરી તેની પછી તે પાત્ર આવે અને પછી કપડું હટાવી પ્રવેશ કરે તેમ અંકીય નાટમાં પણ પાત્રપ્રવેશ થાય. અંકીય નાટ શરૂ થાય તે પહેલાં 'અગ્નિગડ' લાવે. બે મોટી મશાલ અને એક કમાન. તે કમાનમાં આઠથી દસ નાની મશાલો રોપે. થાળી જેવડા મોટા કાંસીજોડાના નાદે અગ્નિગડ સાથે મૃદંગવાદકો ખભેથી કેડ સુધી બેસ બાંધી કમ્મર પાસે દૂંટી નજીકના ભાગે સમાંતર ખોલ ગોઠવી વગાડતા વગાડતા આવે. તેમણે પહેરેલા મોટા ઘેર અને લાંબી બાંયના સફેદ અંગરખા અને માથેના પાઘ વગેરેથી આહાર્ય અભિનયનો ખયાલ આવે. ખોલ પર અટપટા તાલ વગાડે.

પછી પાત્રપ્રવેશ. સૂત્રધાર તીણે લાંબે સ્વરે કથાનું ઉદ્દ્ઘાટન કરે. ચંદ્રહાસ પ્રવેશે. તેણે જરકસી જામા, રૉયલ કોટ, માથે મુકુટ ને કંઠે મોતીની માળા પહેરી હોય. રાજવી દમામથી ચાલે. પ્રેક્ષકો શાંત પણ હોય કે વાતો કરતા હોય. કથા પરિચિત હોય. અને મોટે ઘાંટે સંવાદો બોલાય. સૂત્રધાર સતત હાજર રહે. અને એક છેડેથી બીજે છેડે તેઓ ચાલે. એમ પાત્રોનો પ્રવેશ થતો રહે અને નાટક ભજવાતું રહે. કુચીપુડીના પ્રવેશદ્વાર જેમ વચમાં વચમાં નૃત્ય થતું રહે. ભાષા આસામીઝ, મૈથિલી અને હિંદી મિશ્રણવાળી, જેને 'બ્રજબુલી' કહે. શંકરદેવે વૈષ્ણવ ધર્મના પ્રચારાર્થે કવિ વિદ્યાપતિ, ચંડીદાસ, ઉમાપતિ ઇત્યાદિનાં કાવ્યોમાંના ઊર્મિતત્ત્વને આવકારેલું છે. સામાન્ય ગ્રામવાસીનાં હૃદય લગી પહોંચે તેવી ભાષાની રચના, પણ કાવ્યતત્ત્વમાં કશો બાધ ન આવવો ઘટે તેની તકેદારી રાખેલી. શંકરદેવના હરિશ્ચંદ્ર ઉપાખ્યાન, રુક્મિણીહરણ, કેલીગોપાલ, પારિજાતહરણ અને રામવિજય અંકીય નાટ સુવિખ્યાત છે. દક્ષિણમાં કુચીપુડી તેમજ ભાગવતમેલા નાટકમાં પણ રુક્મિણીહરણ અને પારિજાતહરણ નૃત્ય-નાટિકાઓ ભજવાય છે.

અંકીય નાટ પછી 'ભાવના' પ્રયોગ આસામમાં વિકસ્યો, તેમાં લય, ગીત, રાગ અને સંવાદનો સમન્વય રચાયો. હસ્તમુદ્રા, અંગવિન્યાસ અને પદલાલિત્ય ઉમેરાયાં. 'સૂત્રધાર-નાચ,' 'કૃષ્ણ-નાચ' અને 'ગોપી-નાચ' તે ભાવનાનાં મુખ્ય નૃત્યસ્વરૂપો. ભાવના શરૂ થાય તે પહેલાં 'ગાયન—બાયન'નું વૃંદ આવે. ગાયન તે ગાયકો અને બાયન તે સંગીત-વાદકો. તેઓ 'ધેમાલી' રજૂ કરે. આ ધેમાલી જોવા જેવી હોય છે. દસથી બાર વાદકો રંગમંચ પર એક ખૂણેથી બીજે ખૂણે તેમના લાંબા ઘેર ઘુમાવતા, ખોલ લઈને ફરી વળે. 'સોરૂ ધેમાલી' 'બોર—ધેમાલી' અને 'ઘોષ-ધેમાલી'માં તેઓ તાલ પરનું અદ્ભુત પ્રભુત્વ બતાવે. 'ઘોષ' ધેમાલીને 'ગોખા' ધેમાલી કહે. 'ઉષા'નું જેમ 'ઓખા' બોલાય તેવું. કેટલાક ઉચ્ચાર સાંભળીને થાય કે ગુજરાતી અને આસામી ભાષાને કંઈક સગપણ છે. ઉષા આવેલી આસામથી એટલે સગપણ પાકું.

ભાવના અંકીય નાટ વગેરેમાં ભાગ લેતા કલાકારોને 'ભાવરિયા' કહે 'ભાવ' પરથી—તે રજૂ કરનાર તે ભાવરિયા. નૃત્યકારોને 'નર્તક' 'નકુવા' કે 'નટ' કહે. અહીં કોઈ ધંધાદારી નર્તક નટ કેવા વળી? ધર્મમાં માનનાર ગ્રામવાસીઓ પણ ભાગ લે. સ્ત્રીપાત્રો પણ પુરુષો જ ભજવે. આહાર્ય અભિનયમાં રંગ-વિધાન પણ ખરું, પરંતુ કથકલી જેટલું અટપટું અને સૂક્ષ્મ નહિ. કૃષ્ણનો શ્યામ રંગ, બ્રાહ્મણ ભભૂતિ લગાવે, દુષ્ટ હોય તેનો રંગ કાળો ઇત્યાદિ. મહોરાં પણ ઉપયોગમાં લેવાય. રાક્ષસો માટે વિકરાળ અને બિહામણાં. પુરાણ કથાનાં પ્રાણી—પક્ષી માટે પણ મહોરાં—જટાયુ, ગરુડ કાલીયનાગ ઇત્યાદિ માટે મસ્સ મોટાં. મેં કમલાબારી સત્રના નામઘરમાં ત્રણ માળ ઊંચો—છાપરે અડે તેવો બકાસુર જોયો હતો, અને ચાલીસ ફૂટ મોટો કાલીનાગ, જેની પાંચ ફેણ તે ય વાંસ જેવડી ઊંચી. વિશાળ ચોગાનમાં ભજવાય અને હજારોની મેદની જુએ એટલે પ્રભાવોત્પાદક ઉપસ્કરો વપરાય.

સત્રીય નૃત્યોનો વિશેષ પ્રકાર સત્રોમાં ખીલ્યો. તેમાં પારંગત થવા માટે બ્રહ્મચારી બાળકોને બાલ્ય વયથી અંગકસરત શીખવાય, તેને 'માટી અખાડા' કહે. તેના પાંચ વિભાગ: 'ઓરા' 'પાક', 'સોટા', 'ખોરમોરાં' અને 'લોન'. આ આવડે પછી નૃત્ય શીખવે. નૃત્યમાં નાદુભંગિ, ઝુમુરાનાચ, ચાલીનાચ, રાજઘરિયા નાચ, નટુઆનાચ, બિહાર નાચ વગેરેનો સમાવેશ થાય. 'કેલી ગોપાલ' અંકીયનાટમાંથી 'રાસ-નૃત્ય' અને 'સૂત્રધારી નૃત્ય'ના અંશોનો સમાવેશ સત્રીય નૃત્યોમાં કરવામાં આવે છે.

સત્રીય નૃત્યોમાં ઉપયોગમાં લેવાતા કેટલાક તાલ વિશિષ્ટ છે. તે હિંદુસ્તાની કે કર્ણાટકી સંગીત પદ્ધતિમાં જોવા મળતા નથી. જેમ કે 'પરીતાલ' 'રક્તતાલ', 'બોરબિશમ તાલ', 'ધરમજ્યોતિ', 'બરમાન' વગેરે. રાગોમાં પણ ઘણાં નામ ઉપર્યુક્ત બન્ને સંગીત પ્રણાલિઓમાંનાં કદાચ મળી આવે, પરંતુ તેને ગાવાની રીતિ જુદી. લગભગ બત્રીસેક રાગ તો એવા છે જે તદ્દન નોખા છે. લાક્ષણિક રાગોમાં 'સુહાઈ,' 'સિંધુરા', 'બેલરાર', ભટિયાલી' અને 'શ્યામ' રાગો સત્રીય નૃત્યમાં વધુ પ્રચલિત છે.

ઈ. ૧૯૫૮માં સંગીતનાટક-અકાદમી આયોજિત પ્રથમ અખિલ ભારતીય નૃત્ય પરિષદમાં પહેલપ્રથમ સત્રીય નૃત્યો વિશે આસામ બહાર લોકોને જાણ થઈ. આસામમાં પણ આ સત્રોમાં જઈ કોઈએ આ નૃત્યોનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો નહોતો. જોકે નોંધવું જોઈએ કે ઈ. ૧૯૫૨માં નાગપુર ખાતે સેવાગ્રામમાં એક વાર સત્રીય નૃત્યોની મંડળી ગએલી જ્યાં પંડિત નેહરુને ધેમાલી પ્રયોગ ખોલવાદન ઘણું ગમેલું અને પોતે ખોલ વગાડવાનો પ્રયત્ન પણ કરેલો! બાણાસુરસુતા ઉષા સૌરાષ્ટ્રમાં આવી એવી વાયકા છે, તો ૧૯૫૩માં ભાવનગર ખાતે ઑલ ઇન્ડિયા બેઝિક એડ્યુકેશન કૉન્ફરન્સમાં પણ આસામથી કલિયાવર સત્રની એક પાર્ટીએ સત્રીય નૃત્યો રજૂ કરેલાં. અમે જ્યારે નૌગાંગથી કલિયાવર ગયા ત્યારે ત્યાંના સત્રના શ્રી ગિરિકાન્ત મહન્તે અમને ગુજરાતના જાણી હોંશે આ વાત કરી હતી. દિલ્હી ખાતે ૧૯૫૪માં ગણરાજ્ય દિન નિમિત્તે યોજાતા સમારોહમાં પણ એક પાર્ટી જઇ આવેલી. પરંતુ સત્રીય નૃત્યોની ખરી જાણ તો ૧૯૫૮માં 'ડાન્સ સેમીનાર'માં થઇ. ત્યારે કમલાબારી સત્રની પાર્ટી દિલ્હી આવેલી. ત્યાંના મણિરામ દત્ત મુખ્તીયાર ખોલ વગાડનાર શ્રેષ્ઠ વાદક હતા. તેમને સંગીત નાટક અકાદમીએ ૧૯૬૩માં એવોર્ડ આપેલો. હું કમલાબારી

રહ્યો ને પૃચ્છા કરી ત્યારે જાણવા મળ્યું કે તેમનું અવસાન થયું હતું.

ઔનીઆતી અને દખિનપાટ સત્ર નટુઆ નાચ માટે જાણીતાં છે. ગરમુરા સત્રની કૃષ્ણલીલા જાણીતી છે. આગળ ઉપર નોંધ્યું છે તેમ સત્ર તો પાંચસોથી ય વધુ છે. ચામગુરી સત્રનાં મહોરાં વખણાય છે. કમલાબારીના ગુરુઓની વાયકાઓ લોકોને કંઠસ્થ. તેમાં ય શ્રીધન બોરા, શ્રી પરમાનંદ બાયન, શ્રી સોનારામ બાયન, વગેરેનું વાદન એટલે ન પૂછો વાત. ગારમુરા સત્રના બાપુરામ બાયન અને બારપેટા સત્રના નરહરિ બુઢાભક્તનાં નામ તો સૌ જાણે.

હવેની પેઢીમાં પ્રગતિશીલ વિચારોને કારણે આ સાંસ્કૃતિક વારસાની અભિજ્ઞતા વધી છે. હજી સ્ત્રીઓનો પ્રવેશ સત્રોમાં નિષિદ્ધ ગણાય છે. કોઈકોઈ પ્રસંગે સત્રાધિકારી સંમતિ આપે તો કુટુંબીજનો, શિક્ષણક્ષેત્રે સંકળાએલી સ્ત્રીઓ કે અપવાદરૂપે કોઈક બહેનને સત્રની મુલાકાત લેવા દેવામાં આવે છે. આપણે ત્યાંથી શ્રીમતી લીનાબેન મંગલદાસ કમલાબારી સત્રમાં જઈ આવ્યાં છે. હવે આસામમાં કેટલીક નવોદિત નૃત્યાંગનાઓ પણ સત્રીય નૃત્યો શીખવા માંડી છે. યુવાન ગુરુઓમાં જતીન ગોસ્વામી, રાસેશ્વર સૈકિયા, જીએશ્વર ગોસ્વામી વગેરેએ આ નૃત્યોનો પ્રચાર શરૂ કર્યો છે. આ ઉપરાંત, શ્રી પ્રદીપ ચલીઆહ, બિષ્ણુ રભા અને સુરેશ ગોસ્વામીનો ફાળો પણ નોંધવો જોઇએ.

કેટલાક નિપુણ કલાકારોને પણ મળવાનું પ્રાપ્ત થયું. તેમાં સર્વશ્રી ભાળ ગોસ્વામી, હરિચરણ સૈકિયા, આનન્દ ભગવતી, નાની બોરૂઆહ, નીરૂ ગોસ્વામી, કમલા ગોસ્વામી અને મીના બોરૂઆહ જાણીતાં છે. ઉપરાંત, કલાક્ષેત્ર–મદ્રાસ ખાતે ભરતનાટ્યમ્ શીખેલી બે યુવાન નર્તકીઓ ઇન્દિરા બારૂવા અને શુભલક્ષ્મી બોરૂઆહે પણ પોતાનાં પ્રાદેશિક શાસ્ત્રીય નૃત્યો અપનાવ્યાં છે, જે શુભ ચિહ્ન છે. જાણીતાં નૃત્યાંગના રીતાદેવીએ લંડન, ન્યૂ યૉર્ક અને પારી-(સ)માં આ નૃત્યો રજૂ કરી ઘણી પ્રશંસા મેળવી છે, પારી(સ) ટેલિવિઝને તેમનાં સત્રીય નૃત્યોની ફિલ્મ પણ બનાવી છે. આમ આસામની સરહદ ઓળંગી સત્રીય નૃત્યો અમેરિકાની મિશગન યુનિવર્સિટીના ઇસ્ટ લાન્સિંગમાં નાટ્યના અભ્યાસક્રમમાં પણ સ્થાન પામ્યાં છે.

બીજી વારના પ્રવાસમાં–હમણાં ત્રણ વરસ પર–ડૉ. નેઓગ અમારી સાથે આવેલા. મુંબાઇથી ફાર્લી રિચમંડ અને ફોટોગ્રાફર સુબોધચંદ્ર પણ જોડાયા હતા. બરદોવામાં એક રાત્રે 'રાવણ-વધ'નો પ્રસંગ જોયો. ત્યાં ઘણાં બધાં મહોરાં હતાં. તે ઉપરાંત મંદિરમાં નટઘર–મોટો પ્રાર્થનાખંડ–હતો. મૂળે તો નામઘરની જ આવૃત્તિ. ત્યાં રાત્રે આકર્ષક રંગબેરંગી ચંદરવા હેઠળ 'રાવણ-વધ' અંકીય નાટ રજૂ થયો. એક છેડે નેપથ્ય ને બીજા છેડા લગી વચમાં પેસેજ તે રંગમંચ. બન્ને બાજુ પ્રેક્ષકો બેસે. અને પેજંટ (pageant) જેમ તે ભજવાય. ઓડિયન્સ-પાર્ટીસિપેશન જેવું લાગે તેમ નટઘરમાં જ જુદેજુદે સ્થળે ક્યાંક અશોક-વાટિકા, ક્યાંક લંકા, ક્યાંક પંચવટી વગેરે સ્થળો, અને મોટા કદનાં મહોરાં પહેરી પાત્રો આવે. કુંભકર્ણ, ધૂમ્રાક્ષ દૈત્ય, પ્રહસ્ત દાનવ, દશમુખ રાવણ અને બધાનાં અતિ-કાય સ્વરૂપ. છત લગી અડે તેવાં મહોરાં. સૂત્રધાર વાર્તાનું ઉદ્‌ઘાટન કરે. સીતા-અપહરણનો પ્રસંગ, શૂર્પણખાનો પ્રસંગ વગેરેની જમાવટ થાય. રાક્ષસી પાત્રો પ્રવેશે ત્યારે ઘોર નિનાદ થાય. ચારે બાજુ કલબલ, હાકોટા, ધાંધલ હોહા. અને આ સ્વાભાવિક રજૂઆત ઘણી જ આકર્ષક લાગે. કદાચ આ જ પ્રયોગો નટઘર કે નામઘરની હજારેક કે વધુ મેદની સમક્ષ ન ભજવતાં આધુનિક રંગમંચ પર ભજવીએ તો તેનો ઘણો પ્રભાવ ઓસરી જાય એવું પણ મને લાગ્યું. પરંતુ ત્યાંનો પ્રેક્ષકગણ બહુધા ભક્તિભાવથી, શ્રદ્ધાથી આ બધું જુએ.

ડૉ. નેઓગને અને મને 'માર્ગ'નો વિશેષાંક સત્રીય નૃત્યો પર કરવાનું સોંપાએલું એટલે સ્થાનિક પણ્ડિતો, ધર્માધિકારીઓ અને કલાકારોનો સહકાર ઉત્તમ. ડૉ. નેઓગનો આદર સૌ કરે. અને તેમની સમજૂતી, માર્ગદર્શનથી આ પરંપરાગત પ્રયોગોનો ઇતિહાસ રજૂઆત વગેરેનો અભ્યાસ સુલભ પણ બન્યો. ઘણી બધી માહિતી ભેગી કરી. ઢગલો ફોટોગ્રાફ પાડ્યા, રેકૉર્ડિંગ પણ કર્યું. અને હજી તે કામ ચાલે છે.

ગૌહાતીથી શીલસાગર લગી મોટર બસ કે જે વાહન મળ્યું તેમાં ફર્યા. પછી અમારે મણિપુર જવાનું હતું. અને વળતાં ગૌહાતી થોડા દિવસ રોકાવાનું હતું. મણિપુરમાં મંદિરોમાં અને અન્યત્ર રાસ-લીલાઓ જોઇને એ ગંધર્વલોક છોડી વિમાનમાર્ગે કાચાર પાછા ફર્યા અને સાંજે ગૌહાતી જતું વિમાન ચૂકી ગયા એટલે ઇન્ડિયન ઍર લાઈન્સે 'લે–ઑફ' (lay–off) આપી કાચારમાં રાખ્યા. બીજી ફ્લાઇટ તો બે દહાડે હતી, અને અમને ઉતાવળ. એટલે પહાડો ને ખીણો વટાવી, બસ માર્ગે શિલૉંગ પહોંચી ત્યાંથી ગૌહાતી જવા ટૅક્સી કરી. ઘાટમાં પ્રકૃતિની લીલા અને વનશ્રી જોઈ: ઘેલાં થઈએ એટલું મબલખ સૌંદર્ય.

સવારના દસેક વાગ્યે એક બસ-સ્ટૉપ પર પહોંચી આરામ કરવા ધારતા હતા. થોડુંક જ ચડાણ બાકી હતું. ત્યાં સામેથી એક બસ આવી. અમારી ટૅક્સી અટકાવી, તેને જવા દેવા અમે સાવચેત થયા. પેલી બાજુ ઢાળ ને ખીણ. ટૅક્સીને ઘસાઇને બસ ઊછળી. મને આંખે અંધારાં! બસ ઊછળીને પાસે આડી પડી. પચાસેક મુસાફરો, સદ્‌ભાગ્યે બસ વધુ ગબડી નહિ. નહિ તો પેલી ખીણમાં!!—હજી યાદ કરતાં કંપારી છૂટે છે. અમે ટૅક્સીમાંથી ઊતરી ગામલોકને બોલાવી લાવ્યા અને મુસાફરોને બહાર કાઢ્યા. કેટલાકને ઇજા થએલી, કોઇનું હાડકું ભાંગેલું, કોઈ બેશુદ્ધ, અને તેમ છતાં બધાં બચી ગએલાં. મોડી સાંજે શિલૉંગ પહોંચ્યા પણ કશે ચેન પડે નહિ. રાત્રે જ ગૌહાતી ગયા. ડૉ. નેઓગ કહે કે હવે પ્રવાસ માંડી વાળી ઘરભેગા થાઓ. ઘણું ફર્યા. બે વાર અકસ્માતમાંથી ઊગર્યા છો. વધુ સાહસ સારાં નહિ.

પણ રખે આ વાંચી કમલાબારી સત્રની મુલાકાત માંડી વાળતા. આપણાં પરંપરાગત નૃત્યનાટ્યો ધર્મ જોડે સંકળાયાં હોવાથી હજી એ તપોવનોમાં જળવાઈ રહ્યાં છે. આધુનિક ચેતનામાં તેનો વિનિયોગ સંવેદનશીલ લેખક–કલાકાર–નટ અને ભાવકોએ કરવો જ રહ્યો. □

૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત

— વિષ્ણુ પંડ્યા

ભારતના સ્વાધીનતા-જંગનો એ બહુ મોટો પ્રયાસ. ૨૯ માર્ચ, ૧૮૫૭ના દિવસે લશ્કરની ઓગણીસમી પલટનના મંગળ પાંડેએ પોતાના મેજરને મેદાનમાં જ ગોળીથી ઠાર કરીને ચિનગારી ચાંપી, તે લગભગ ત્રણ વર્ષ સુધી યુદ્ધજ્વાળાઓ સળગતી રહી. અશોક મહેતાના શબ્દોમાં 'આ સંગ્રામના અંતે એક લાખથી વધુ ભારતીય સિપાહીઓ ખતમ થઇ ગયા, અને એકંદરે બે લાખ ભારતીયોએ બલિદાન આપ્યું. એક લાખ ચોરસ માઇલનો પ્રદેશ કંપની સરકારના હાથમાંથી છટકી ગયો હતો, એટલે કે ત્રણ કરોડ એંશી લાખ જેટલી પ્રજાએ મુક્તિનો—સીમિત આકાશનો યે—શ્વાસ લીધો ખરો! સંગ્રામટાણે ભારતની વસતિ ૧૫ કરોડની હતી, અને કંપની સરકારને બચાવી લેવા માટે બ્રિટિશરોને ચાળીસ કરોડના ખર્ચમાં ઊતરવું પડ્યું હતું.'

આ મહા પ્રયાસમાં ગુજરાતનું સ્થાન ક્યાં? શું ૧૮૫૭ની જ્વાળાઓના તિખારા ગુજરાતમાં સાવ જ નહોતા પડ્યા?

પ્રશ્નાર્થની કેડી પર ચાલતાં તત્કાલીન ઇતિહાસકારો અને અંગ્રેજ યુદ્ધવિજેતાઓનાં પુસ્તકો, માર્ક્સ અને એંજેલ્સના છૂટાછવાયા લેખોમાંના થોડા ઇશારાઓ, તળભૂમિ પર હજી સચવાએલી નાનાસાહેબ–તાત્યાટોપે વિષેની દંતકથાઓ અને આપણા ઇતિહાસ-લેખકોના જૂજ પ્રયત્નોમાંથી કેટલીક સામગ્રી મળી રહે છે.

જેમ અન્ય સ્થાનોમાં તેમ ગુજરાતમાં, ૧૮૫૭ની પૂર્વે ભારેલા અગ્નિની અસર વર્તાવા માંડી હતી. નાનાં-મોટાં છમકલાંઓએ નિમિત્ત સર્જ્યાં: નિકાસ થતા મીઠાનો ગાયના લોહીની સાથે સંબંધ બંધાયો; ચરબીવાળી કારતુસની વાત તો હતી જ; બ્રાહ્મણો અને સામંતો પાસેની જમીનનું સર્વેક્ષણ કરવા આવેલા 'ઇનામ-પંચ'ને 'લોકોનાં ધાર્મિક સ્થાનો કબજે કરવાના બ્રિટિશ પ્રયાસ તરીકે ઓળખાવાયું; કાઠી, કોળી, ભીલ, વાઘરી, ઠાકરડા, નાયકોથી કંપની સરકારની સેના જે સભર હતી એ બધા 'નેટિવ' પણ છાનોછપનો અસંતોષ વ્યક્ત કરતા હતા; ગ્વાલિયરના થોડાક સૈનિકો ગુજરાતમાં હતા તેને પોતાના પ્રદેશનાં વિધવા રાણી બૈઝાબાઇનો સંદેશો યે મળી ચૂક્યો હતો: 'અંગ્રેજ શાસન સામે તૈયાર થઇ જાઓ, બળવો આવી રહ્યો છે. જોઇશે તો મદદ મોકલીશ'; મકરાણી, સિંધી, આરબ જેવા 'વિલાયતી' સૈનિકોનું પણ બળ હતું, એમને શસ્ત્રો ખખડાવવાનું મન થયું; સાધુઓ, ફકીરો અને મૌલવીઓ ગામડાંઓમાં વેરાઇ ગયા. 'કંપની સરકાર જશે...જાય ...છે' માત્ર આટલી જ વાત હતી. તત્કાલીન 'બુદ્ધિપ્રકાશ' અને બીજાં કેટલાંકને એ 'અફવાઓ' છાપીને ખુલાસો યે કરવો પડ્યો હતો. સિરાજુદ્દીન મૌલવીએ અમદાવાદની જુમ્મા મસ્જિદમાં એકઠા થતા નમાઝીઓને 'કોમી જેહાદ' માટે લલકાર્યા. ઉત્તર પ્રદેશના બળવાનાં પ્રતીકો ચપાટી અને કમળ એક સ્થાનેથી બીજા સ્થાને ફરતાં થયાં. ભરૂચ અને પછીથી નાંદોદ, રાજપીપળા, અંકલેશ્વરમાં થએલાં કોમી છમકલાંઓએ પણ વ્યગ્રતામાં વધારો કર્યો. આ વ્યગ્રતા નિષ્કારણ નહોતી. કેટલાંક સામૂહિક આંદોલનો પણ શરૂ થયાં હતાં. ઇ. ૧૮૪૪માં સૂરતમાં મીઠા પર આઠ આને મણ જકાત હતી, તે વધારીને એક રૂપિયો કરાયો. લોકોમાં અસંતોષ જાગ્યો. એ વર્ષના ઑગસ્ટ સુધી હડતાળ રહી. સરઘસ નીકળ્યું. પોલીસ અને પ્રજા વચ્ચે છમકલું યે થયું. અંતે સત્તા ઝૂકી. આવી જ લોકલડત ૧૮૪૮માં નવાં વજન-માપ સામે પણ આવી. લોકોએ કાયદેસર લડવા રૂ. ૫૦,૦૦૦નું ફંડ એકત્ર કરેલું, ને ૫૦૦૦ની સહીઓવાળું આવેદન પણ મોકલેલું.

૧૮૫૭ના જંગનો સ્પર્શ કરવા માટે પ્રજાને માટે આ બધાં કારણો પૂરતાં હતાં.

અમદાવાદે તેની આગેવાની લીધી. નસીરાબાદ, નિમચ, ઇન્દોર અને મહુ જેવાં પડોશના રાજ્યનાં શહેરો સળગી ઊઠવાના સમાચારે અમદાવાદને સળવળાવી મૂક્યું. લોકોમાં અફવા ઊડી કે ૧૬,૦૦૦ જેટલા સિપાહીઓને લઇને હોલકર અને સિંધિયા ઇન્દોર–મહુથી અમદાવાદ તરફ આવી રહ્યા છે. પહેલી યોજના સાતમી રેજિમેન્ટના દેશી સૂબેદારોએ કરી. અમદાવાદ હાથમાં લઇ લીધા પછી વડોદરા જવું એવું નક્કી થયું. પણ જનરલ રૉબર્ટને ગંધ આવી ગઈ. સાતમી રેજિમેન્ટના સૂબેદારને પકડી લેવાયો. પણ આ તો પહેલો તણખો હતો. મરાઠા સૈનિકોએ પોતાના લશ્કરી વડા કૅપ્ટન મ્યૂટરની સામે વિદ્રોહ પોકાર્યો, એ સ્વર પણ દબાવાયો. દરમિયાન ૯મી જુલાઈએ સાવ અચાનક અનિયતકાલીન અશ્વદળના સાત સૈનિકોએ શસ્ત્રો અને દારૂગોળો કબજે કરવાનો પ્રયાસ કર્યો; પણ બીજા તેમની સાથે જોડાયા નહિ એટલે ભાગ્યા. કૅપ્ટન ટેલરે અમદાવાદ–ધોળકા રાજમાર્ગ પર તેમને ઝડપ્યા. ગોળીબાર થયો. ટેલર પણ ઘવાયો. બે સૈનિકો ત્યાં જ પડ્યા. બાકીનાઓને પકડીને ફાંસીએ ચડાવી દેવાયા.

ચૌદમી સપ્ટેમ્બરે વળી એક પ્રયાસ. તોપચીઓમાં બળવો ફેલાયો. પણ પ્રયાસ નિષ્ફળ ગયો. પાંચને તોપના ગોળે ઉડાવી દેવાયા, બીજા બેને ગોળીથી ઠાર કરાયા.

દરમિયાન એક દિમાગ વ્યવસ્થિત વિદ્રોહની તૈયારી કરી રહ્યું હતું. તે 'બાપુ ગાયકવાડ'નું. એનું નામ તો ગોવિંદરાવ પણ, લોકોમાં તે 'બાપુ' તરીકે જાણીતો. સ્વભાવે સ્વતંત્ર તે ગાયકવાડ સાથે બન્યું નહિ. બ્રિટિશ–વિરોધી ચળવળને લીધે તેની વડોદરામાંથી હકાલપટ્ટી થઈ અને અમદાવાદ આવીને શાહીબાગમાં વસ્યો. ત્યાંથી તેણે દોરીસંચાર કર્યો. ભાઊસાહેબ પવાર, ભોંસલે રાજા, વડોદરાનો ઝવેરી નિહાલચંદ અને પાટણનો મગનલાલ વાણિયો તેના સાથીદારો હતા. ભોંસલે અને નિહાલચંદે પટેલોને એકઠા કરવા માંડ્યા, તો મગનલાલ કડી તરફ પહોંચ્યો—બળવાખોરોની સંખ્યા વધારવા માટે! તેણે એમ કર્યું પણ ખરું. ઓછામાં ઓછા બે હજાર પાયદળ સૈનિકો એકત્ર કર્યા, અને ૧૫૦

ઘોડા મેળવ્યા. આખી યોજના એવી, કે ધનતેરસના દિવસે મહી-કાંઠાના પ્રતાપપુરામાં એકત્ર થઈને વડોદરા તરફ પ્રયાણ કરવું, ને દિવાળી સુધીમાં જોતજોતામાં ગુજરાતને મુક્ત કરી નાખવું! પણ એ જ દિવસોમાં દિલ્હી પડયું ને ભારતીય લશ્કર હાર્યું. વડોદરાના ગાયકવાડે એના માનમાં ભોજનસમારંભ યોજ્યો. એ દરમિયાન વડોદરા પરના સંભવિત આક્રમણનો ખયાલ બ્રિટિશ સૈનિકોને આવી ગયો. બળવાખોરોને ઘેરો ઘાલ્યો, પકડયા. દસ તોપના ગોળે ઉડાવી દેવાયા. નવ કાળાપાણીની કેદમાં ધકેલાયા. પ્રતાપ-પુરાને તો નેસ્તનાબૂદ કરી દેવાયું, કારણ એ ગામે બળવાખોરોને આશ્રય આપ્યો હતો. નિષ્ફળ બળવાના નેતાઓનો અંજામ પણ કંઈ સારો નહોતો. અંગ્રેજભક્ત ગાયકવાડને લીધે બાપુ અને ભોંસલે રાજાને જીવતદાન મળ્યું ખરું, પણ બાકીના?

એમાં મગનલાલ વિષેની માહિતી રસપ્રદ છે. તારંગા ટેકરી પર તે ઘોડા ખરીદતાં પકડાયો હતો. ગુપ્તચર તંત્ર સાબદું થઈ ગયું હતું, કેમ કે મગનલાલ પાસે તે સમયે ૧૦૦ માણસો અને ૩૦ ઘોડા હતા. પછીથી તે સંખ્યા વધીને ૨૦૦૦ માણસોની અને ૧૫૦ ઘોડાની થઈ. મગનલાલ લોદરામાં ઘેરાયો. ઘમસાણ લડાઈ થઈ. તેમાંથી ભાગ્યો. આખરે કડીમાં પકડાયો. તેની સાથે બીજા પણ હતા. તેમાંના ત્રણને ગોળીએ દેવાયા, ત્રણ ફાંસીના તખ્તે ચડયા. બાકીનાઓને જનમકેદ મળી. કોણ હશે બીજાઓ? તેમનાં નામો સરકારી પરિપત્રોમાં ક્યાંય મળતાં નથી.

'બાપુ'ના બીજા સાથી નિહાલચંદનું શું થયું? વડોદરાનો આ કુશળ ઝવેરી શું કરી શક્યો હતો? આર. શેક્સપીઅરે ૧૯ નવેમ્બર, ૧૮૫૭ના રોજ મુંબાઈ વડાઓને પત્ર લખ્યો તેમાં લખ્યું છે: 'નિહાલચંદ ફતેહચંદ ઝવેરી—ગાયકવાડના સગાની સાથે, ને મગનલાલ વાણિયાની સાથે ભળેલો આ ઝવેરી કૅમ્પ બઝારમાં બીજાઓની સાથે ગુફતેગો કરતો હતો, ને પછીથી મહીના કોળી-ઓને ઉશ્કેરવા ગયો. તે બધાની નેમ ગામડાંઓમાં ઉશ્કેરણી ફેલાવ-વાની હતી. એક વાર તો પ્રતાપપુરામાં એણે ૬૦૦૦ લોકોને એકત્ર પણ કરેલા!' નિહાલચંદને પકડીને વડોદરાથી અમદાવાદ લઈ જવાએલો. ત્યાર પછી તેનું શું થયું એ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ આ વિદ્રોહમાં સૈનિકોની જેમ જ નાગરિકો પણ સજ્જ થયા હતા. તેનો એક નાનકડો પુરાવો તત્કાલીન મૅજિસ્ટ્રેટ દ્વારા ચલાવાએલા મુકદ્દમામાં કેટલાંકને થએલી સજાની યાદીમાંથી પ્રાપ્ત થાય છે. ૨૭ માર્ચ, ૧૮૬૫ની એ યાદીમાં આટલાં નામો છે:

ગોપાળ (ગુરુ) કૃષ્ણ (આજીવન કેદ), પ્રાણશંકર હરગોવન (૧૪ વર્ષ), ખેમા કાળા (દસ વર્ષ), દાજી ભગવાન (ચૌદ વર્ષ), ના-રાયણ લક્ષ્મીરામ (ચૌદ વર્ષ), પ્રભુરામ હરિભાઈ (છુટકારો), બાપુ-રાવ કાશીનાથ (દસ વર્ષ), હરિદાસ માધવદાસ (એક વર્ષ), કૃષ્ણભટ્ટ જગન્નાથ (સાત વર્ષ), દાજી મોરોબા (એક વર્ષ), કાશીનાથ અનન્ત (એક વર્ષ), મનોરદાસ ગંગાદાસ અને માધવલાલ લલ્લુભાઈ (છુટ-કારો), લલ્લુ રણછોડ (સાત વર્ષ), મોતી ત્રિકમ જાની (આજીવન), ઉમરખાન (સાત વર્ષ), સરદારખાન (એક વર્ષ), હૈદરખાન (એક વર્ષ). આ ઉપરાંત ગાયકવાડી ક્ષેત્રના નવ લોકો પર ચાલેલા મુક-દ્દમા પરથી આપણને ખયાલ આવે છે કે દ્વારકા સુધીના બળવા-ખોરો ઝડપાયા હતા: મુરલીધર બાપુજી (આજીવન), નારાયણરાવ રામચંદ્ર (દસ વર્ષ), શંભુ બિન દૌલત (આજીવન), ટીકરા સ્વામી—દ્વારકા (ચૌદ વર્ષ), અનુપરામ જગજીવન (સાત વર્ષ), અંબાશંકર મહાશંકર (સાત વર્ષ), રામ ભટ્ટ ઊર્ફે રોટીરામ (પાંચ વર્ષ), નંદરામ આતમરામ (છુટકારો), ગણપતરાવ સફરી (ત્રણ વર્ષ).

લલ્લુ રણછોડ અને મગનલાલ જેવા વણિકો, ટીકરા સ્વામી જેવા સાધુઓ, અંબાશંકર, મુરલીધર, કૃષ્ણભટ્ટ અને રામભટ્ટ જેવા બ્રાહ્મણો (મોટે ભાગે પૂજારીઓ) અને ઉમરખાન, હૈદરખાન સર-ખા મુસ્લિમો—આ બધાં નામો પરથી ખયાલ આવે છે કે ગુજરાત-નો સામાન્ય વર્ગ પણ ૧૮૫૭ને અનુસર્યો હશે; ને ફાંસી, આજી-વન કે થોડાં વર્ષો જેલની યાતનાથી બાકાત નહિ રહ્યો હોય.

અને આવાં વિદ્રોહી થાણાં ગુજરાતમાં ઠેર ઠેર વેરાએલાં હતાં. ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતું એક શહેર છે—દાહોદ. આમ તો જ્યાં બે હદ ભળે છે તે દો-હદ. ઔરંગઝેબની જન્મકથાને ય તે ચૂપચાપ સાચવીને બેઠું છે. દાહોદ અને તેની આસપાસ ડુંગ-રાળ પ્રદેશમાં છૂટીછવાઈ વનવાસીઓની વસતિની જિન્દગી શા માટે બળવો પોકારી ઊઠી હશે એ સમજાય છે. મધ્યપ્રદેશમાં જે દાવાનળ સળગ્યો હતો, એની અસર ઝપાટાબંધ દાહોદ લગી દે-ખાતી થઈ. છઠ્ઠી જુલાઈની મોડી રાત્રે એક મુસ્લિમ જમીનદાર-ના નેતૃત્વ તળે શસ્ત્રધારીઓએ બળવો પોકાર્યો, ને તે પાંચ દિવસ સુધી ચાલ્યો. અધિકારીઓ કિલ્લામાં ભરાઈ ગયા. સૈનિકો અને બળવાખોરો વચ્ચે લડાઈ થઈ. અંગ્રેજ અમલદારોને બચા-વવા માટે સૂબેદાર હુસેનખાંને સરપાવ મળ્યો. કૅપ્ટન બકલેએ વડા અધિકારીઓને લખવું પડયું કે માત્ર દાહોદ જ નહિ પણ ગુજરાતભરમાં ફેલાએલા બળવાખોરોને કાઢી મૂકવા યા નેસ્ત-નાબૂદ કરવા લશ્કર મોકલવું જરૂરી છે. આ પત્ર મુંબાઈ પહોંચે એ પહેલાં દાહોદને બળવાખોરોએ પડાવી લીધું હતું ને સમગ્ર પંચમહાલમાં તેનો પડઘો પડયો હતો. ગોધરાના મુસ્લિમોએ પણ આ જ દિવસોમાં બંડ પોકાર્યું. તેમાં ભીલ પણ ભળ્યા. સ્વા-તંત્ર્યની લડાઈનો બદલો મોતથી જ મળ્યો. એકને તોપના ગોળે ઉડાવી દેવાયો, એકને ચૌદ વર્ષની સખત કેદની સજા થઈ, નવને આજન્મ કારાવાસ મળ્યો.... કોણ આ બધા? ઇતિહાસનાં પાનાં પર એમનાં નામો ભૂંસાઈ ગયાં છે.

લોકગીતોમાં જળવાએલી એક કથા સૂરજમલ અને તેના ચારણ મિત્ર કાનદાસની છે. સૂરજમલ ડાકોરનો અને કાનદાસ પંચમહાલ જિલ્લાના પાલ ગામનો. બંને એકત્ર થયા ને લૂણા-વાડા પર ચડાઈ કરી. ખોબા જેવડા પાલે અંગ્રેજ સેનાની ટક્કર ઝીલી, પણ બંને કામયાબ ન નીવડયા. કાનદાસ પકડાયો અને જેલના સળિયા પાછળ ગોંધી દેવાયો. સૂરજમલ મેવાડમાં છટકી

ગયો. પાલને લેફ્ટેનન્ટ આલ્બનની સેનાએ ધ્વસ્ત કરી નાખ્યું. એક બીજા ગામ ખાનપુરની યે એ જ હાલત થઈ. લૂણાવાડાના રાજાના હાથ તળેનું આ ગામ કોળી લોકોની સાથે અંગ્રેજ સામે પડ્યું અને પોતાને આઝાદ જાહેર કરી દીધું! છઠ્ઠી ડિસેમ્બરે અંગ્રેજ સૈન્ય ખાનપુરને હંફાવવા નીકળ્યું. મહી નદી પાર કરીને ખાનપુરને ઘેરો ઘાલ્યો. બળવાખોરોને પકડી લેવાયા ને પછી ગામને ભડકે બાળ્યું. ગામ સળગાવી દીધાની ખુમારીમાં પાછા વળેલા સૈન્યને કોળી બળવાખોરોએ વનમાં પડકાર્યા. લડાઈ થઈ; ઘણા જખમી થયા.

નાયકોનો સંઘર્ષ વધુ લાંબો ચાલ્યો. એક તરફ સંખેડાના રૂપા નાયક અને કેવળ નાયકની સરદારી તળે નાયકો એકત્ર થયા, તો બીજી તરફ ભાઊસાહેબ પવારની પ્રેરણા પણ મળી. બ્રિટિશ સૈન્ય હાંફી જાય ત્યાં સુધી આ સંઘર્ષ ચાલ્યો અને ૧૮૫૮ના ડિસેમ્બરના અંત સુધી નાયકોએ બળવાનો ઝંડો અણનમ રાખ્યો.

ખેડામાં શું બન્યું? એ વિગતો પણ તપાસવા જેવી છે. આણંદથી બાર માઈલ દૂર ખાનપુરમાં જીવાભાઈ ઠાકોરે શસ્ત્રો ઉપાડ્યાં અને તેને આણંદના મુખી ગરબડદાસ પટેલનો સધિયારો મળ્યો. બે હજાર શસ્ત્રધારીઓએ સંઘર્ષ છેડ્યો, પણ એ નિષ્ફળતામાં પરિણમ્યો. જીવાભાઈને ફાંસીના માંચડે લટકાવી દેવાયો. પણ ગરબડદાસ એમ હાર્યો નહિ. તેણે પોતાના સાથીઓ મલાજી જોશી, બાપુજી પટેલ અને કૃષ્ણરાય દવેની સાથે આણંદની લોટિયા ભાગોળે આરામ કરતા ઊંઘતા અંગ્રેજ સૈનિકોને ચૂપકીથી ઘેર્યા અને તેમનાં શસ્ત્રો અને અશ્વો ઉપાડી ગયા. આંખો ચોળતા સૈનિકોએ સવારે જોયું કે પોતાનો આધાર ગુમાવી દીધો છે! પણ કેટલાકે સહાય કરી. પછીથી ગરબડદાસ પણ પકડાયો. ત્યારે હજી તેને તાજી પીઠી ચોળાઈ હતી; રૂમઝૂમ કરતી નવવધૂ હમણાં જ આવી હતી. ગરબડદાસને માટે લગ્નજીવનનું સુખ અંગ્રેજો મંજૂર રાખે તેમ નહોતા. તેને આંદામાન કાળાંપાણીની સજામાં ધકેલી દેવાયો અને થોડાં વર્ષો પછી એ કાળ કોટડીઓમાં જ મૃત્યુ પામ્યો.

મહીકાંઠાના ચાંડુપમાં યે તણખા ઝર્યા. ગામેતી નાથાજીએ બળવો કર્યો. ૨૦ સપ્ટેમ્બરે અંગ્રેજોએ ઘેરો ઘાલ્યો, પણ બળવાખોરોની શક્તિ મોટી હતી. અંતે મેજર વ્હાઈટલૉક, મેજર ઍન્ડ્રુઝ, મેજર કૉર્માક વગેરેની આગેવાની તળેના લશ્કરે ૧૭ ઑક્ટોબરે ચાંડુપ હાથ કર્યું અને ૧૮૫૭માં બધે બન્યું તેમ આ ગામને પણ બાળી મૂક્યું. નાથાજી પોતાના સાથીઓ સાથે ટેકરાળ પ્રદેશમાં ભાગી છૂટ્યો અને ત્રણ માસ સુધી લડત આપી. તેના પ્રયાસોએ મહીકાંઠામાં અન્યત્ર પણ સશસ્ત્ર લડતને પ્રેરણા આપી.

રેવાકાંઠાના એક સ્થાન સૂંથના રાજવી ભાવસિંહ પોલિટિકલ એજન્ટને એક પત્ર લખે છે: 'મારા રાજ્યના સિપાહીઓએ ખુલ્લી રીતે બળવો પોકારવા માંડ્યો છે. અહીં અફવા પણ છે કે ટોપીવાળાઓનું રાજ ટકવાનું નથી, એટલે રાજાઓ પણ સત્તા વિનાના થઈ જશે.' આ સિપાહીઓ કોણ હતા? મોટે ભાગે આરબ,

હરિઃ ૐ આશ્રમ તરફનું
નવેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'કોશકાર કેતકર'ના લેખક
ડૉ. વસંત જોશીને મળે છે.

કાબુલી, મકરાણી અને સંધીઓ. અંગ્રેજો એમને માટે એક શબ્દ વાપરતા—'વિલાયતી'–પણ આ 'વિલાયતી'ઓએ 'કાળાઓ'ની સાથે ભળી જઈને 'ગોરાઓ'ને દેશપાર કરવા બીડું ઝડપ્યું હતું! સૂંથના રાજાના બીજા પત્રથી ખયાલ આવે છે કે મુસ્તફાખાન જમાદારના નેતૃત્વ તળે બળવો શરૂ થઈ ગયો! રાજાને ઘેરો ઘલાયો. બીચારા રાજાએ સમાધાન કરવું પડ્યું, ને પગારની મોટી રકમ ચૂકવવી પડી. અઢારમી ઑગસ્ટે આલ્બન ફોજ સાથે આવ્યો. મુસ્તફાને મારી નખાયો ને બીજાને પકડી લેવાયા.

સૂરતમાં આવું ન બન્યું કેમ કે મુસ્લિમ આગેવાન શેખ સાહેબ સૈયદ હુસેન ઇદ્રિસ સત્તાને વફાદાર હતા. મહાજનોએ પણ બળવાખોરોને દાદ ન આપી. એટલે તણખાઓ ભડકો ન બન્યા.

વડોદરાના ખંડેરાવ ગાયકવાડ પોતે જ બળવામાં સહાય કરી રહ્યાની અંગ્રેજ અધિકારીઓને શંકા હતી. એક બંગાળી બાબુની ધરપકડ પછી તેની પાસેથી મળી આવેલા દસ્તાવેજો પણ વડોદરામાં 'કંઈક વાતાવરણ તૈયાર કરાતું' હોવાની સાક્ષી પૂરતા હતા. પણ પછી શંકા તૂટી, અને શેક્સપિયરે નોંધ મૂકી: 'જો ગાયકવાડ આપણી પડખે ન હોત તો ગુજરાતમાં બળવો રોકવો મુશ્કેલ થઈ જાત.' પણ વડોદરાના સૈન્યમાં ઉશ્કેરણી ફેલાવનારા બે સિપાહી—જેમાં એકનું નામ રામનારાયણ હતું—પકડાઇ જતાં તેમને તોપના ગોળે ઉડાવી દેવાયેલા.

ગુજરાતનાં કેટલાંક સ્થાનો પરના આ વિદ્રોહનું વેર બ્રિટિશ સૈનિકોએ વાળવાનો ઇરાદો કર્યો હોય તેમ, પ્રદેશમાં બધેથી શસ્ત્રો આંચકી લેવાયાં, કેટલાંક વિદ્રોહી ગામડાંઓ બાળી મુકાયાં, શંકા પરથી પકડાએલાઓને પણ જેલમાં ધકેલી દેવાયા અને બળવામાં પ્રત્યક્ષ ભાગ લેનારાઓ કાં તો યુદ્ધમાં મરાયા, કાં તોપના ગોળે દેવાયા અથવા આંદામાન મોકલી દેવામાં આવ્યા.

એ નોંધવા જેવું છે કે ગુજરાતના નસીબે ૧૮૫૭ના સંગ્રામનો કોઈ એકચક્રી વીર નેતા પ્રાપ્ત ન થયો પરિણામે અન્ય પ્રદેશો કરતાં અહીં પ્રયાસો પણ વેરવિખેર જ રહ્યા. હા, તાત્યા ટોપે, નાનાસાહેબ પેશ્વા અને બીજા કેટલાક સ્વાતંત્ર્યવીરોએ શેષ જીવન ગુજરાતમાં ગાળીને નવો ઝંઝાવાત સર્જવાની મથામણ કરી ખરી, પણ એમાં સફળતા પ્રાપ્ત ન થઈ.

……ને છતાં, ભારતના આ પહેલા સશસ્ત્ર જંગમાં અનેક અણજાણ પાત્રોએ ગુજરાતની ધરતી પર લડીને, આહુતિ આપી તો ખરી જ. (ઉત્તરાર્ધ આવતા વર્ષે ચાલુ)

આજનાં અદ્‌ભુત ઔષધો

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માંદગી પણ માણસના જેટલી જ જૂની છે. પોષણને માટે માણસે અનાજ ઉગાડવાની શોધ કરી ત્યારે જ કદાચ વિવિધ વનસ્પતિની રોગહર શક્તિનો પણ તેને પરિચય થયો હશે. હજી હમણાં સુધી, અને આજે ય વનસ્પતિજન્ય ઔષધો પ્રચલિત છે. સદીઓના અનુભવો દ્વારા એની ઉપયોગિતા સિદ્ધ થએલી છે. પણ રોગ થવાનું કારણ અગર ઔષધોની કાર્યરીતિ અંગે બહુ જાણકારી ન હોવાથી ટાઇફૉઇડ, મૅલેરિયા ને ક્ષય વગેરે જેવા ઘણા રોગો સામે માનવી લાચાર હતો. પૂરતા જ્ઞાનના અભાવે મરકી ને કોગળિયા જેવી મહામારીમાં અનેક માણસો મરતા હતા.

ગઈ સદીના અંતભાગમાં પાશ્ચરે અમુક રોગો જીવાણુઓથી થતા હોવાનું સાબિત કર્યું. જર્મન રાસાયણિક ઉદ્યોગના કૃત્રિમ રંગોની સહાયથી આવા જીવાણુઓની ઓળખ થવાથી વૈદકવિજ્ઞાનનો એક નવો તબક્કો આરંભાયો. રાસાયણિક દ્રવ્યો અમુક રીતે શરીરમાં પ્રસરતાં તથા અમુક પેશીઓમાં એ સંઘરાતાં હોવાની હકીકતના આધારે એહરલિખે જીવતાં પ્રાણીઓના શરીરમાં અમુક રંગદ્રવ્યોને પ્રસરતાં જોવાના પ્રયોગો કર્યા. ઈ. ૧૮૮૧માં એમણે શોધ કરી કે મૅથેલિન બ્લ્યૂ રંગ માત્ર જ્ઞાનતંતુ-પેશીઓને અને જીવાણુઓને રંગે છે. આ ઉપરથી એમણે એક તારણ કાઢ્યું કે માનવશરીરના કોષોને માઠી અસર કર્યા વગર માત્ર રોગજીવાણુઓને જ અસર કરે એવા રંગો પણ કેમ ન હોઈ શકે! ઉંદરોમાં ટ્રિપેનો-સોમિયાસિસ રોગ ઉપર એમણે ટ્રાયપાન રેડ રંગની રોગહર અને રોગપ્રતિબંધક અસર થતી હોવાના અખતરા પણ કર્યા.

એહરલિખના પ્રયોગોને ૧૯૩૫માં જર્મનીમાં ડોમાકે પ્રોન્ટોસિલ રંગના જીવાણુવિરોધી ગુણો શોધ્યા. તે પરથી ઔષધવિજ્ઞાનમાં એક નવી જ ક્રાંતિનાં મંડાણ થઈ આધુનિક રસાયણ-ચિકિત્સાનો આરંભ થયો. ત્યાર બાદ સલ્ફાથિયાઝોલ ને સલ્ફાડાયાઝિન નામનાં રોગજીવાણુની વૃદ્ધિ અટકાવનારાં સલ્ફા ઔષધો શોધાતાં જીવાણુજન્ય ઘણા રોગો પર કાબૂ મેળવાયા.

આ પછી આવ્યાં ઍન્ટિબાયૉટિક ઔષધો. ઍલેક્ઝાંડર ફ્લેમિંગે સ્ટેફિલોકૉક્સ નામના રોગોત્પાદક જીવાણુઓનો અભ્યાસ કરતાં તેમના ઉછેરની રકાબીઓ પર જામી ગએલી લીલી ફૂગથી એ જીવાણુઓ નાશ પામતા જોયા. આ અકસ્માત લાધેલા જ્ઞાનમાંથી પેનિસિલિનની શોધ થઈ. પેલી લીલી ફૂગ પેનિસિલિન નોટેટમના પરથી આ નામ અપાયું. ઈ. ૧૯૪૦ પછી ઔષધરૂપે એનો વપરાશ વ્યાપક બની ગયો છે.

પેનિસિલિન પછી યે નવાં ઍન્ટિબાયૉટિક ઔષધો શોધાયાં છે, જેમાં ક્લૉરોમ્ફેનિકોલથી ટાઇફૉઈડ, સ્ટ્રેપ્ટોમાઇસિનથી ક્ષય અને ટેટ્રાસાયક્લિનથી જીવાણુથી થતા ઘણા રોગો તથા એરિથ્રોસિનથી કાન ને ચામડીના રોગો પર કાબૂ મેળવી શકાયો. ઔષધની અણુક રચના અને તેની જૈવી ક્રિયાશીલતાના અધ્યયનના પરિણામે સલ્ફામાંથી ડાયાબિટિસ, કુષ્ઠરોગ ને હાઈપરટેન્શનનાં ઔષધો પણ બન્યાં. અણુઓની રચનાના થોડા શા ફેરફારો વડે એની જૈવ ક્રિયાશીલતામાં પરિવર્તન આવતું હોવાથી ઔષધોનું આ દિશાનું સંશોધન એ બૌદ્ધિક વ્યવસાય બન્યું છે. ઍન્ટિહિસ્ટેમાઈન ઔષધ પ્રોમેઝાઈનના અણુક રૂપાંતરથી શક્તિશાળી ટ્રાન્કિવલાઈઝર ક્લૉરપ્રોમઝાઈન મળ્યું. સર્પગંધામાંથી રેસર્પાઈન શોધાયું જે માનસચિકિત્સા માટેનું એક સચોટ ઔષધ છે.

પેટના વિવિધ કૃમિઓ દ્વારા આપણા દેશમાં ઘણા રોગો પ્રસરિત છે. આવા રોગો માટે બેફેનિયમ અને યોમેસાન ઔષધો પ્રાપ્ય હોવા છતાં હજી આ રોગો કાબૂમાં આવ્યા નથી. કુદરતી અને કૃત્રિમ પદાર્થોમાંથી કૅન્સર-વિરોધી દ્રવ્યો શોધવા માટે હાથ ધરાએલા કાર્યક્રમમાંથી એની રાસાયણિક ચિકિત્સા માટે અમુક મર્યાદિત ઔષધો મળ્યાં છે. લ્યૂકેમિયા લોહીના કૅન્સર માટે ઍન્ઝાઇમનો વપરાશ ગુણકારી જણાવાથી કૃત્રિમ ઍન્ઝાઇમોની બનાવટ પણ હાથ ધરાઈ છે.

પોષણની ન્યૂનતાથી થતા રોગોની જાણ થતાં એના નિવારણ અને ઉપાય માટે વિટામિનો અને થાઇરૉઈડ, ઈન્સ્યુલિન તથા સેક્સ હાર્મોનની શોધથી અમુક રોગાવસ્થામાં એનો પણ ઉપયોગ સ્વીકારાયો છે.

ઔષધ-વિજ્ઞાનની આવી ક્રાંતિના કારણે છેલ્લાં ત્રીસ વર્ષોમાં વૈદકવિજ્ઞાન ખૂબ પાંગર્યું છે. ઔષધશાસ્ત્રની આ ક્રાંતિ રોગ થવાનાં કારણો તથા શારીરિક, માનસિક અને બાયોકૅમિકલ બગાડા અંગે વિકસતઃ જ્ઞાન ઉપર મંડિત છે. આના પરિણામે મરણ પ્રમાણ ઘટવા સામે આયુમર્યાદા પણ વધી છે. ૧૯૫૧–'૫૦ની સાલમાં આયુ અપેક્ષા ૩૨·૧ વર્ષની હતી તે ૧૯૬૫ '૭૦માં ૫૨·૬ વર્ષની થઈ છે. બીજી બાજુ આ ગાળામાં દર હજારે મરણપ્રમાણ ૨૭·૪થી ૧૪ ઉપર આવ્યું છે.

કોઈ પણ ઔષધમાં બે ગુણો હોવા જરૂરી છે: તે અસરકારક હોવા સાથે રોગી માટે સલામત પણ જોઇએ. નવું શોધાએલું ઔષધ ઉપયોગી હોવા સાથે જોખમી ન હોવાની ખાતરી થયા બાદ જ રોગીઓ ઉપર એ વપરાય છે. છતાં કેટલાંક ઔષધો શરીર વિષે વિક્રિયા ઉપજાવનાર નીવડતાં હોવાનાં ઉદાહરણો પણ મળે છે. ક્વીનાઇનથી કોઇને શિળવા સાથે શરીરની ગરમી વધે છે તો એસ્પીરિનના લાંબા સેવનથી કોકને હોજરીનું ચાંદું અને આંતરડાંમાં લોહીનો સ્રાવ થાય છે તો બીજાને ઊબકા ને દમનો હુમલો આણે છે. વૈદ્યની કોઈક 'માત્રા' કોઈને ફૂટી નીકળવાનું આપણે નથી સાંભળ્યું? બધાં ઍન્ટિબાયૉટિક ઔષધો બે ધારી તલવાર જેવાં છે. અમુક રોગો માટે તે સંજીવની જેવાં છે, પણ તેના અવિવેકી અને પૂરતા નિર્દેશ વિનાના ઉપયોગથી આફત ભરેલાં પરિણામો પણ આવે છે. પેનિસીલિનથી જીવલેણ કે જીવલેણ જેવી પ્રતિક્રિયા-રીઍક્શન વિષે પણ ઘણાંએ સાંભળ્યું હશે.

આ રીઍક્શન બે પ્રકારનાં છે. તાત્કાલિક કે ઍનાફિલેક્ટિક રીઍક્શનમાં ઔષધોનું ક્રિયાશીલ દ્રવ્ય લોહીમાં જવાથી આખા શરીર ઉપર તેની અસરો વ્યાપે છે. અમુક અવયવમાં જ એની ઝેરી અસર મર્યાદિત રહેવાથી વિલંબિત રીઍક્શન થાય છે. તાત્કાલિક રીઍક્શનમાં માથાનો દુખાવો, મોંમાં ધાતુનો સ્વાદ, લોહીના દબાણનો ઘટાડો, શ્વાસ નળીનો સંકોચ અને શિળવા થાય છે. પેનિસિલિન ઉપરાંત સ્ટ્રેપ્ટોમાયસિન, મેફ્રસિન, ધનુર્વાની રસી અને એસ્પિરીનથી પણ આવું થાય છે.

સ્ટ્રેપ્ટોમાયસિનના ઓછા કે વધુ વપરાશથી કાનની બહેરાશથી માંડી માથાનો અસહ્ય ભમાડ થાય છે. ક્લૉરેમ્ફેનિકૉલ આમ તો સલામત ઔષધ છે, પણ કેટલાકને તેનાથી માનસિક ગૂંચવાડો, નિરુત્સાહ, મોં સુકાવું, પેટમાં વાયુ ને ઝાડા, જીભ આવવી અને ન સુધરી શકે એવો ઍપ્લાસ્ટિક એનિમિયા થાય છે. ટેરામાયસિન નામથી ઓળખાતું ને ખૂબ વપરાતું ટેટ્રાસાયક્લિન ઔષધ વૃદ્ધોમાં ઘાતક એવી કિડનીની અપગતિ (ફેઇલ્યોર) આણે છે. સગર્ભા સ્ત્રીને અને શિશુને આ ઔષધ આપવાથી બાળકના દાંત અને હાડકાંની વૃદ્ધિ ને વિકાસમાં અંતરાય પડે છે. વાના દુઃખાવા માટે વપરાતાં ફિનાઈલબુટાઝોન, ડાયાપાયરીન વગેરે ઔષધો વ્યક્તિગત અતિશીઘ્ર ભાવગ્રાહિતાના કારણે શરીર ઉપર ફુણસીઓ થવા સાથે તાવ અને સોજો આણે છે. ફુણસીઓ

સાથે તાવ હોય ત્યારે એકદમ આ ઔષધોનું સેવન બંધ કરવું જોઈએ. એરિથ્રોમાયસિન નામના ઍન્ટિબાયૉટિક અને સલ્ફા ઔષધથી કમળો થાય છે. મેપ્રોબ્રોમેટ સર્પગંધા ને બીજાં ટ્રાન્ક્વિલાઈઝર ઔષધો, ડાયાબિટિસ માટે ડીબીઆઈ અને ક્લૉરથાયેઝાઈડ જૂથનાં મૂત્રલ ઔષધોના લાંબા સમયના સેવનથી પણ કમળો થાય છે. દમ અને સાંધાના સોજા ઉપર અપ્રતિમ ગુણ દાખવતાં કૉર્ટિકોસ્ટેરોઈડ ઔષધોથી હોજરીનું ચાંદું ને મોતિયો થવાની, તો ક્લોરથાએઝાઈડ ઔષધોથી ડાયાબિટિસ થવાની ભીતિ રહેલી છે. ટ્રાન્ક્વિલાઈઝર ઔષધોના વધુકા સેવનથી હોજરીનું ચાંદું કે અલ્સરેટિવ કોલાઇટિસ થાય છે, તો સગર્ભા સ્ત્રીએ તે લેવાથી ગર્ભસ્થ બાળકના મગજ ઉપર અસર થવાથી તે મંદબુદ્ધિ નીવડે છે. રોગનિવારક રસીથી જો કે ઘણા ચેપી રોગ કાબૂમાં આવ્યા છે, પણ આ રસીનાં ઇંજેક્શન કદીક ભયાનક રીઍક્શન આપવા સાથે મગજની ખરાબી પણ આણે છે. એલર્જી મટાડનાર ઍન્ટિહિસ્ટેમાઈન ઔષધથી કોકને ઊલટી એલર્જી થાય છે.

ઍન્ટિબાયૉટિક ઔષધો બહુ પ્રભાવી છે. સામાન્ય શરદી સળેખમ માટે તે વાપરવાનાં નથી. વળી આવાં ઔષધો—દા. ત. પેનિસિલિન જેને હાઈપરસેન્સિટીવિટી હોય તેમણે ખાસ કરીને તેનાં ઈન્જેક્શન લેવામાં જીવનું જોખમ પણ રહેલું છે. એટલે અગાઉથી ચોકસાઈ કર્યા પછી જ આવાં ઔષધો વાપરવાં જોઈએ. વળી, બીજાએ વાપરેલી દવા પોતાને પણ ઉપયોગી નીવડશે એમ ધારી તે કદી વાપરવી નહિ. આમાંથી થતી મુશ્કેલી વર્ણવતી એક વાંચેલી વાત યાદ આવે છે:

એક ભાઇને પગ ને શરીર ઉપર પુષ્કળ ખણુજ આવતી હતી. ગુહ્યાંગ પર આવતી ખણુજ માટે દાક્તરે લખી આપેલી ને વાપરતાં પડી રહેલી ટ્યૂબ પત્નીને યાદ આવતાં તેણે તે વાપરવાની સલાહ આપી. ભાઇએ થોડા દિવસ તે મલમ શરીર ઉપર ઘસ્યો અને તેમનો સ્તનપ્રદેશ વિકાસ પામ્યો. ગભરાટભર્યા તે દાક્તરને મળ્યા. તેમણે ઊંડી પૂછપરછ કરી તો મલમનું કારસ્તાન જાણવા મળ્યું. સ્ત્રીઓની બીજગ્રંથિના હૉર્મોનનો આવો મલમ પુરુષના દેહ વિષે આવી વિક્રિયા પણ આણે છે.

વિટામિનોનો પણ આજે ખોટો વપરાશ થઈ રહ્યો છે. રોગાવસ્થા પોષણની ખામી કે વૃદ્ધાવસ્થામાં જ્યારે વિટામિનોનું ઇષ્ટ પ્રમાણ ન મળતું હોય કે આહારમાંથી તેમનું અભિશોષણ ન થતું હોય ત્યારે વિટામિનોનું સેવન હિતાવહ છે. પણ દાક્તરની સલાહ વગર ટૉનિક દવા તરીકે આબાલવૃદ્ધો વિટામિનોનું પુષ્કળ સેવન કરે છે. ખરી રીતે તો સામાન્ય આહાર ઉપર ઊછરતાં બાળકોને પણ તેની જરૂર નથી. તેમના અવિવેકી વપરાશથી ઝેરી લક્ષણોમાં હાથપગનો વેદનાભર્યો સોજો, ચીડિયાપણું, ખણુજ, ઊભા રહેવાની અશક્તિ, હોઠ ઉપર ચીરા, બંધકોષ, ભૂખનાશ વગેરે થાય છે. વિટામિન 'ડી'ના વધારે પ્રમાણથી બાળકની વૃદ્ધિ અટકે છે. તેનાં ઝેરી લક્ષણોમાં ભૂખનાશ, ઊબકા, બહુમૂત્રતા, ઝાડા, ફિક્કાશ, સુસ્તી ને થાક છે. જરૂર વિના વિટામિન 'એ', 'ડી' અને 'કે'નું સેવન ગુણના બદલે અવગુણ કરે છે.

આજે અનેક સચોટ ઔષધો પ્રાપ્ય છે. એનાથી વૈદક વિજ્ઞાનમાં અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. ઘાતક રોગો અટકાવવાથી માંડી મટાડી શકાય છે. પણ આજનાં ઔષધોની મહત્તા ને મર્યાદાઓ સમજવા સાથે શુશ્રૂષા અને પોષણનું મહત્ત્વ પણ પિછાનવા દાક્તરની સૂચના અનુસાર ઔષધ લેવાની ચીવટ રાખવી જરૂરી છે. રોગીની વય, શરીરનું વજન ને જાતિને ધ્યાનમાં રાખી ઍન્ટિબાયૉટિક ઔષધની માત્રા નક્કી થાય છે. ઓછી કે વધુ માત્રા લેવાથી યા સમયસર દવા ન લેવાથી તે પૂરેપૂરો ગુણ કરતી નથી. ખાધા પહેલાં કે પછી કે નિયત સમયે દવા લેવાનું મહત્ત્વ સકારણ છે. શરીરમાં ઔષધ સક્રિય કે નિષ્ક્રિય શી રીતે બને છે એ વિષે વધારે જાણવાનું હજી બાકી છે. એક જ ઔષધની માણસેમાણસે જુદીજુદી અસરો થાય છે અને એક જ માણસ જુદા સંજોગોમાં એક જ દવા માટે પણ જુદી પ્રતિક્રિયા દાખવે છે.

આજે ઘણાં અસરકારક ઔષધો વપરાશમાં છે. શરીરની મૂલગામી ક્રિયાઓમાં ફેરફાર આણી અદ્ભુતતા સરજે છે. કેટલાક રોગ ઔષધોથી મટે છે તો બીજા અંકુશમાં રહે છે. આ બીજા પ્રકારની સ્થિતિ માટે જિંદગીભર ઔષધો લેવાં પડે છે. ઔષધોની ખૂબી કે ખામી એ છે કે તે છેક અણધાર્યું ઝેરીપણું દાખવે છે. ઔષધની ઝેરી પ્રતિક્રિયાની શંકા ધરાવી શકાય પણ તેમની આગાહી થઈ ન શકે. કોક ઔષધના પહેલી વારના સેવન વખતે ઝેરી પ્રતિક્રિયા થાય છે તો બીજાના થોડા સેવન બાદ. વળી આટલું જાણવા જેવું છે કે પ્રભાવી ઔષધની માઠી અસરો પણ હોઈ શકે છે. અને નિર્દોષ ગણાતા ઔષધની સચોટ અસરો ન પણ થાય. ઔષધોના જોખમ વિષે કૅમ્બ્રિજના ઑર્ગેનિક કૅમિસ્ટ્રીના પ્રોફેસર લૉર્ડ ટૉડનું કહેવું છે કે 'આ જોખમ જેટલું હળવું બને તેમ કરવું જોઇએ, પણ બીજાં કાર્યોની જેમ વૈદકમાં પણ થોડું જોખમ લેવાનું આપણે યાદ રાખવાનું છે.' ઔષધો જેમ પ્રભાવી ને જીવનદાતા થવા માંડયાં તેમ તેમની માઠી અસરો પણ જાણીતી થઈ છે. આવી અસરોને કટાક્ષમાં 'વૈદકીય પ્રગતિના રોગો' તરીકે ઓળખવામાં આવે છે. મોટરની જેમ આજનાં ઔષધો અપનાવવાનાં છે. બંનેના દુરુપયોગથી મોટું નુકસાન થાય છે. યોગ્ય વપરાશથી સુખ થાય છે. ઔષધોથી કંઈ ગભરાવાનું નથી, પણ તેમનાથી શું થાય છે તે સમજવાની પણ મોટી જરૂર છે. □

અનિલ લહરી

અસભ્ય વર્તાવ માટે પકડાય ખરા પણ દંડાય નહિ તેમને મ્યુનિસિપલ કૉર્પોરેટરો જાણવા.
લોકશાહી તો એવી છે કે કોતલના ઘોડાને પણ સરકસના ખેલ કરવાની ફરજ પડે છે.
પ્રધાનશ્રીનું પાત્ર આવ્યું ત્યારથી પરીકથાનો નાયક ઝાંખો થઈ ગયો છે.
અમલનો નિર્ણય તત્કાલ થાય છે, પણ નિર્ણયનો અમલ તરત થતો નથી.
ખેતરમાં પ્રજા માટે અન્ન અને સરકાર માટે મહેસૂલ પાકે છે.
પછાત દેશોને લોન અપાવવા માટે કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો.
બ્લૉટિંગ પેપરને પોતાના ડાઘની શરમ કરતાં શોષણશક્તિનો ગર્વ જ વધુ હોય છે.
કાગડો હોય કે બગલો—જમીન પર સૌના પડછાયા તો કાળા જ પડે છે.
આજે નાઈટ-લૅમ્પ નક્ષત્ર જેવા ને નક્ષત્રો નાઈટ-લૅમ્પ જેવા લાગે છે.
એક ઘોડાના નસીબમાં કેટલા વરઘોડા લખેલા છે તે કોણ જાણે છે?

—રતિલાલ 'અનિલ'

ગુજરાતમાં વપરાએલા સંવતો

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

હાલ ગુજરાતમાં સૈકાઓથી વિક્રમ સંવત પ્રચલિત છે. બ્રિટિશ શાસન, પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર અને હવે વધતી આંતરરાષ્ટ્રીય સંપર્કની અસરને લઈને ભારતનાં બીજાં રાજ્યોની જેમ ગુજરાતમાં ઈસ્વી સનનો પ્રયોગ વધતો જાય છે ને હાલ વિક્રમ સંવતનું કેટલામું વર્ષ ચાલે છે તે પણ ઘણા ઓછાને યાદ હોય છે, ખાસ કરીને નવી પેઢીનાને. છતાં કારતક સુદ પડવાએ આપણે બેસતું વર્ષ ધામધૂમથી ઊજવીએ છીએ ને નૂતનવર્ષાભિનંદન વિક્રમ સંવતના વર્ષનાં કરીએ છીએ એ હકીકત છે.

વિક્રમ સંવત ભારતનો એક ઘણો પ્રાચીન સંવત છે. પરંતુ ગુજરાતમાં એ ઘણો મોડો પ્રચલિત થયો. એ પહેલાં અહીં જુદાજુદા સમયે જુદાજુદા સંવત વપરાતા હતા.

ગુજરાતનો પ્રમાણિત ઇતિહાસ મૌર્ય કાળના આરંભથી અર્થાત્ લગભગ ઇ. પૂ. ૩૨૦ થી શરૂ થાય છે. પરંતુ મૌર્ય રાજ્યના સમયમાં ભારતમાં કોઈ સળંગ સંવત વપરાતો નહોતો. અગત્યની ઘટનાઓનો સમય તે તે રાજાના રાજ્યકાલનાં વર્ષોમાં નોંધાતો. રાજા અશોકના ગિરનાર શૈલલેખોમાં એ રાજાના રાજ્યાભિષેકનાં વર્ષ આપવામાં આવ્યાં છે. એ સમયે મગધ સામ્રાજ્યના આ પ્રાંતનું વડું મથક ગિરનાર (જૂનાગઢ) હતું.

ભારતમાં સળંગ સંવતનો ઉપયોગ પહેલવહેલો ઉત્તરપશ્ચિમ ભારતમાં શક—પહ્લવ વંશના રાજાઓના અભિલેખોમાં મળ્યો છે. ગુજરાતમાં સળંગ સંવત પહેલવહેલો પશ્ચિમી ક્ષત્રપો તરીકે ઓળખાતા શક રાજાઓના અભિલેખોમાં થયો છે. આ સંવત ઉત્તર-પશ્ચિમ ભારતમાં કુષાણ વંશના રાજાઓના અભિલેખોમાં વપરાએલો જ સંવત છે, ને એ કુષાણ સમ્રાટ કનિષ્ક પહેલાના રાજ્યારોહણ વર્ષથી ગણાતો એવું ઘણા વિદ્વાનો માને છે; પરંતુ થોડાં વર્ષ પર 'માળવા–ગુજરાતના ક્ષત્રપ રાજા ચષ્ટનનો વર્ષ ૧૧નો' શિલાલેખ કચ્છમાં મળ્યો તે પરથી હવે એ સંવત કદાચ શક રાજા ચષ્ટનના રાજ્યકાળથી શરૂ થયો હોય એવો સંભવ લાગે છે. ક્ષત્રપ રાજાઓના શિલાલેખોમાં તથા સિક્કા-લેખોમાં એ સંવતનાં વર્ષ ૧૧ થી ૩૨૦ (એટલે કે ઈ. સ. ૮૯ થી ૩૯૮) સુધીનાં આપવામાં આવ્યાં છે. આ સંવત આગળ જતાં 'શક સંવત' તરીકે ઓળખાયો. ભારતીય જ્યોતિષીઓએ જ્યોતિષમાં શક સંવત અપનાવી લીધો. પડોશી દેશોમાં ભારતીય સંસ્કૃતિ વિસ્તરતાં આ સંવત ત્યાં પણ પ્રચલિત થયો. અને આઝાદી પછી ભારત સરકારે પણ રાષ્ટ્રીય પંચાંગમાં આ સંવત અપનાવ્યો છે. શક સંવતનાં વર્ષ ચૈત્રથી શરૂ થાય છે. શક વર્ષમાં ચૈત્રથી ડિસેમ્બર સુધી ૭૮ અને જાન્યુઆરીથી ફાગણ સુધી ૭૯ ઉમેરવાથી ઈસ્વી સનનું વર્ષ આવે છે. દા. ત. શક વર્ષ ૧૮૯૫માં ઇ. સ. ૧૯૭૩–૭૪ આવે છે.

ગુજરાતમાં શક ક્ષત્રપ રાજાઓની સત્તા અસ્ત પામતાં અહીં એ લુપ્ત થયો ને આગળ જતાં દખ્ખણમાં એ પ્રચલિત થયો. ગુજરાતમાં ઇ. સ. ૪૦૦ના અરસામાં મગધના ગુપ્ત સમ્રાટોનું શાસન પ્રવર્ત્યું અને અહીં ગુપ્ત સંવત પ્રચલિત થયો. એના વર્ષમાં ૩૧૯-૨૦ ઉમેરવાથી ઈસ્વી સનનું વર્ષ આવે છે. ગુપ્ત સમ્રાટોની સત્તા અહીં સિત્તેરેક વર્ષ ટકી, પરંતુ એ પછી સ્થપાએલા વલભીના મૈત્રક વંશના રાજ્યમાં પણ એ સંવત ચાલુ રહ્યો. પણ ત્યારે એમાં એક સુધારો કરવામાં આવ્યો : ઉત્તર ભારતમાં ગુપ્ત સંવતનાં વર્ષ ચૈત્રાદિ ગણાતાં તેને બદલે અહીં એને એની પહેલાંના કાર્તિકથી શરૂ કરવામાં આવ્યાં. આ સુધારેલો ગુપ્ત સંવત 'વલભી સંવત' તરીકે ઓળખાયો. ગુજરાતમાં એ લગભગ ઈ. ૮૦૦ સુધી ઘણો પ્રચલિત હતો. વલભીના મૈત્રક રાજ્યનો ઈ. સ. ૭૮૮માં નાશ થતાં એ ધીમેધીમે લુપ્ત થઈ ગયો. ઉત્તર ભારતમાં ગુપ્ત સંવત પણ લુપ્ત થયો. આ કાળ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં કલચુરિ સંવત વપરાતો. એનાં વર્ષ ૨૦૭ થી ૪૯૦ સુધીનાં મળ્યાં છે. એમાં ૨૪૮–૪૯ ઉમેરવાથી ઇસ્વી સનનું વર્ષ આવે છે. દક્ષિણ ગુજરાતમાં દખ્ખણના રાજવંશોનું રાજ્ય થતાં આ સંવત ત્યાંથી લુપ્ત થયો.

મૈત્રક પછીના કાલમાં અણહિલવાડમાં ચાવડા રાજ્યની સત્તા હતી, પણ એ વંશના કોઈ અભિલેખ મળ્યા નથી. એ કાળમાં તળ ગુજરાતના બાકીના બધા ભાગમાં રાષ્ટ્રકૂટોનું રાજ્ય પ્રવર્ત્યું. એ રાજાઓ શક સંવત વાપરતા, કેમ કે તેઓ દખ્ખણમાંથી આવ્યા હતા ને ત્યાં હવે એ સંવત વપરાતો. આથી ગુજરાતમાં હવે પાછો શક સંવત પ્રચલિત થયો.

સૌરાષ્ટ્રમાં એ કાળ દરમ્યાન ત્રણચાર સંવત વપરાયા : પશ્ચિમ ભાગમાં સૈન્ધવ રાજ્યમાં ઉત્તરનો ગુપ્ત સંવત, દક્ષિણ ભાગમાં સૌરાષ્ટ્રનો જૂનો વલભી સંવત તથા ઉત્તરમાંના પ્રતીહાર રાજ્યમાંથી આવેલો વિક્રમ સંવત, અને ઉત્તર-પૂર્વ ભાગમાં શક સંવત. દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજા અવનિવર્મા બીજાના ઊના તામ્રપત્રમાં વિક્રમ સંવતનું વર્ષ ૯૫૬ આપેલું છે, તે ગુજરાતમાં એ સંવતના પ્રયોગનું મળેલું સહુથી પહેલું વર્ષ છે.

પછી ઇ. સ. ૯૪૨માં અણહિલવાડ પાટણમાં ચાવડા વંશની જગ્યાએ સોલંકી વંશનું રાજ્ય સ્થપાયું. એ રાજ્યના અભિલેખોમાં વિક્રમ સંવત વપરાયો છે. હવે રાજ્ય-સંવત તરીકે વપરાતાં એ સંવત ગુજરાતમાં વ્યાપક રીતે પ્રચલિત થયો. સોલંકી વંશના સ્થાપક મૂળરાજનો પિતા ઉત્તર ભારતના પ્રતીહાર સામ્રાજ્યમાં અધિકાર ધરાવતો હોવાનું મનાય છે. એ અનુસાર ગુજરાતમાં આ સંવત રાજસ્થાનથી આવ્યો ગણાય. ગમે તેમ હો, સોલંકી કાળ (ઇ. સ. ૯૪૨–૧૩૦૪) દરમ્યાન ગુજરાતમાં વિક્રમ સંવત પ્રચલિત થયો, ને ત્યારથી અદ્યપર્યંત એ અહીં પ્રચલિત રહ્યો છે.

આ સંવતની ઉત્પત્તિ ક્યાં અને કેવી રીતે થઈ તે વિષે ભિન્ન-ભિન્ન મત પ્રવર્તે છે ને હજી એ પ્રશ્નનું નિરાકરણ આવ્યું નથી. શરૂઆતમાં એ જુદાજુદા નામે ઓળખાતો. 'વિક્રમ' નામ તો એની સાથે છેક નવમા શતકમાં સંકળાયું માલૂમ પડે છે.

ઉત્તર ભારતમાં વિક્રમ સંવતનું વર્ષ ચૈત્રથી શરૂ થાય છે, પણ ગુજરાતમાં એ પછીના કારતકથી શરૂ થતું ગણાય છે. ઉત્તર ભારતમાં એના મહિના વદ ૧થી પૂનમના ગણાય છે, જ્યારે ગુજ-રાતમાં એ સુદ ૧થી અમાસના ગણાય છે. ઈસ્વી સનના વર્ષ-માં કાર્તિકથી ડિસેમ્બર સુધીના સમય માટે ૫૭ અને જાન્યુઆરી-થી આસો સુધીના સમય માટે ૫૬ ઉમેરવાથી વિક્રમ સંવતનું વર્ષ આવે છે. દા.ત. ઇ. સ. ૧૯૭૩-૭૪માં વિ. સં. ૨૦૩૦ ચાલે છે.

સોલંકી કાળ દરમ્યાન સૌરાષ્ટ્રમાં, ખાસ કરીને એના દક્ષિણ ભાગમાં સિંહ સંવત નામે સંવત વપરાતો. શિલાઓમાં વર્ષ ૩૨ થી ૧૫૧ સુધીના અભિલેખોમાં એ છે. આ સંવત કદાચ સિદ્ધ-રાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦ (ઇ. સ. ૧૧૧૩-૧૪)માં સોરઠ જીત્યાની યાદમાં શરૂ થયો હશે. દોઢસોએક વર્ષ એ ચાલ્યો.

જૈનોનાં સાંપ્રદાયિક લખાણોમાં ઘણી વાર વીરનિર્વાણ સંવત વપરાય છે. એ મહાવીર સ્વામીના નિર્વાણ વર્ષથી ગણાતો મનાય છે. તેનો ઉપયોગ ખરી રીતે એ ઘટના પછી એક સહસ્રાબ્દી બાદ શરૂ થયો હોવાનું માલૂમ પડે છે. એનો આરંભ વિ. સં.ની પહેલાં ૪૭૦ વર્ષે અર્થાત્ ઈ. સ. પૂ. ૫૨૬-૨૭માં થયો ગણાય છે.

બ્રાહ્મણોનાં પંચાંગોમાં કલિયુગ સંવત કે યુધિષ્ઠિર સંવત વપ-રાય છે. એ ઈ. પૂ. ૩૧૦૨માં શરૂ થયો મનાય છે, પરંતુ એ પણ ખરેખર ઘણો મોડો શરૂ થયો હોવાનું જણાય છે. યુધિષ્ઠિર સંવત ભારત યુદ્ધના અંતે વિજયી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો ત્યાર-થી શરૂ થયો મનાય છે ને એ કલિયુગ સંવતથી થોડો જુદો છે.

પારસીઓમાં જરથોસ્તી સન પ્રચલિત છે. તે ઇરાનના છેલ્લા બાદશાહ યઝદગર્દના રાજ્યકાળથી શરૂ થયો છે, એનાં વર્ષ સૌર છે. એમાં ૬૩૦–૩૧ ઉમેરવાથી ઈ. સ.નું વર્ષ આવે છે.

મુસ્લિમ પ્રજાનાં લખાણોમાં હિજરી સન વપરાય છે. ઇસ્લામના સ્થાપક મહમ્મદ પયગંબર સાહેબે ઇ. ૬૨૨માં મક્કા-થી મદીના હિજરત કરી તેની યાદગીરીમાં પછી એ શરૂ થએલો. એનાં વર્ષ ચાંદ્ર હોવાથી સૌર વર્ષ કરતાં ટૂંકાં છે. આથી હિ. સ. અને ઇ. સ. વચ્ચેનો તફાવત હમેશાં ઘટતો રહે છે ને આથી એ તફાવતનો આંકડો અમુક એક વર્ષનો હોતો નથી. હાલ હિ. સ.નું વર્ષ ઇ. સ.ના વર્ષ કરતાં ૫૮૦ વર્ષ ઓછું હોય છે.

અગાઉ જણાવ્યા મુજબ બ્રિટિશ કાળના આરંભથી અહીં ઇસ્વીસન પ્રચલિત થઈ. એ તો સહુને સુપરિચિત છે. ઈ. ૧૯૫૭-થી હવે ભારત સરકારે જોકે રાષ્ટ્રીય પંચાંગમાં શક સંવત પ્રચલિત કર્યો છે, પરંતુ એ પદ્ધતિ લોકપ્રિય નીવડી નથી.

ગુજરાતમાં હાલ સહુથી વધુ પ્રમાણમાં બે સંવત પ્રચલિત છે: ઇસ્વીસન અને વિક્રમ સંવત. એ પછી હિજરી સન અને જરથોસ્તી સન. આ પૈકી પોતપોતાનો પરંપરાગત સંવત ક્યારે શરૂ થયો ને હાલ એનું કયું વર્ષ ચાલે છે તે સહુએ જાણવું ઘટે. □

માનસોલ્લાસ (અનુ. પૃ. ૪૨૪થી) એમાં મનુષ્યોની અવર-જવર ન હોય અને ઝાડ કાપવાની મનાઈ હોય. આવી અટવી પાટનગરની નજીક હોય. એમાં વાઘ વગેરે હિંસક પ્રાણીઓનાં પગલાં દેખાય તો પાડા પર બેઠેલા લુબ્ધકો–શિકારીઓએ તેમને શોધી શોધીને મારવાં જોઈએ. આવી અટવીનું રાજાના વિનોદાર્થે રક્ષણ કરવાનું છે. પછી મૃગયાના એકત્રીસ પ્રકારોનો ગ્રન્થકારે ઉલ્લેખ કર્યો છે, જેમાંથી એકવીસ પ્રકાર તેણે વિગતે વર્ણવ્યા છે. પરન્તુ કોઈ પણ સંજોગોમાં શિયાળ, બિલાડી, હંસ અને ઉંદરનો શિકાર નિષિદ્ધ ગણેલો છે.


'ગીતવિનોદ', 'વાદ્યવિનોદ' અને 'નૃત્યવિનોદ' એ ત્રણમાં મળી કુલ ૧૪૦૫ શ્લોક હોઈ સંગીત અને નાટ્યની વસ્તુતઃ એક સ્વતંત્ર કૃતિ એ દ્વારા મળે છે. કર્ણાટકી સંગીતની જે પરિપાટી ઈસવી સનના અગિયારમા સૈકામાં દક્ષિણ ભારતના ખાસ કરીને દરબારી સંગીતજ્ઞોમાં પ્રચલિત હશે એનું પ્રમાણભૂત નિરૂપણ આ 'ગીતવિનોદ'માં છે. તત્કાલીન ભારતીય આર્ય ભાષા અપ-ભ્રંશની વિવિધ બોલીઓમાં રચાએલાં ગીતોનાં અનેક ઉદ્ધરણો એમાં લેખકે આપ્યાં છે; એનું મહત્ત્વ સંગીતની દૃષ્ટિએ તો છે જ પણ ગુજરાતના આચાર્ય હેમચન્દ્ર કૃત 'પ્રાકૃત વ્યાકરણ' અને 'છન્દોઽનુશાસન'માંનાં તથા અજ્ઞાત કર્તૃક 'પ્રાકૃત પિંગલ'માંનાં અપભ્રંશ અવતરણો સાથે ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ એની તુલના કરવા જેવી છે. 'વાદ્યવિનોદ' અને 'નૃત્યવિનોદ'નું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે તથા એ વિષયના અન્ય સંસ્કૃત ગ્રન્થો અને વર્ત-માન દક્ષિણ ભારતમાં વાદ્ય અને નૃત્યના પ્રત્યક્ષ પ્રયોગ સાથે એમાંના નિરૂપણની તદ્વિદોએ તુલના કરવા જેવી છે. 'કથાવિનોદ' લૌકિક કથાઓના પ્રચલિત પ્રકારો વિષે સંક્ષેપમાં સામાન્ય મા-હિતી છે. 'ચમત્કાર વિનોદ'માં જાદુ અને મંત્રતંત્રના પ્રયોગો છે.

પંચમ વિંશતિના વીસ અધ્યાયો વિવિધ ક્રીડાઓને લ-ગતા છે. એમાં પ્રહેલિકા (સમસ્યા), ચતુરંગ (શતરંજ), પાશક (પાસા), વરાટિકા (કોડી) જેવી ઘરમાં રમવાની રમતોનું, તેમ ભૂધર (કૃત્રિમ પર્વત) ક્રીડા, વનક્રીડા, આન્દોલન (દોલા) ક્રીડા, સેચન (પીચકારીથી જળ છાંટવું) ક્રીડા વગેરે ક્રીડાઓનું વિસ્તૃત વર્ણન છે. રાજકુલ અને અંતઃપુરનાં આંતરિક વાતાવરણ, આનંદ-વિનોદો, વિલાસો અને ઉત્સવોનો એમાંથી પરિચય મળે છે.

'માનસોલ્લાસ'ના ઉપસંહારમાં ગ્રન્થકારનું વિધાન, એમાંનું વિષયનિરૂપણ ધ્યાનમાં લેતાં વૃથા ગર્વોક્તિ નહિ લાગે. તે કહે છે: "આ શાસ્ત્ર જે સાંભળશે તેને ધર્મમાં રતિ, અર્થશાસ્ત્રોમાં કૌશલ, રાજનીતિમાં અભિજ્ઞતા, (રાજ)સેવામાં દક્ષતા, સાહિત્યમાં નિપુણતા, તર્કમાં પટુતા, છન્દ અને અલંકારનું સમ્યક્ જ્ઞાન, શસ્ત્ર-વિદ્યામાં વિદગ્ધતા તથા ગજ અને અશ્વની સવારીમાં વિજ્ઞતા, મલ્લવિદ્યાનું વિજ્ઞાન તેમજ યુદ્ધનું જ્ઞાન અને સંગીતવિદ્યામાં કૌ-શલ્ય પ્રાપ્ત થશે એમાં સંશય નથી. 'માનસોલ્લાસ' નામે આ શાસ્ત્ર કામધેનુ જેવું છે. સર્વવસ્તુપ્રકાશન માટે આના જેવું બીજું શાસ્ત્ર નથી. બ્રાહ્મણ એ વડે જ્ઞાન મેળવે છે, ક્ષત્રિય રાજ્ય પ્રાપ્ત કરે છે, વૈશ્ય અતિશય વૈભવ પામે છે અને શૂદ્ર વૃત્તિ ભોગવે છે." □



વાંસ-વનમાં કુટિર · વૂડકટ : નિર્મળાબહેન શાહ



મા (ચિત્રકાર · કનુ દેસાઈ) માતૃત્વની હૂંફના ભાજન બાળક પ્રતિ દોરી જતી કેવળ પર્યાપ્ત રેખાઓ વડે વિષયને ચોટ આપતું ભાવનામય સુંદર ચિત્રસંયોજન.

ગુજરાતમાં કલાનાં પગરણ


રવિશંકર રાવળ

'કલાગુરુ'નું યથાર્થ બિરુદ પામેલા શ્રી રવિશંકર રાવળે અમદાવાદમાં ઈ. ૧૯૧૯-માં પોતાની જીવન-કારકિર્દી આરંભી તેની સાથોસાથ ગુજરાતમાં કલાની અસ્મિતા પ્રકટાવવાની ઉદાત્ત ભાવનાથી નિઃશુલ્ક કલાશિક્ષણ આપવાની શરૂઆત કરીને લગભગ પચીસ વર્ષ સુધી 'ગુજરાત કલાસંઘ' નામનું જે સાર્થનામ કલાનું ગુરુ-કુલ ચલાવ્યું તેની આ કથા, એ ગુજરાતમાં કલાનાં પગરણ કઈ રીતે મંડાયાં એનો એક ઉપયોગી સામાજિક ઇતિહાસ કહેવાની સાથોસાથ એક અંશે એમની આત્મ-કથા રૂપે આગળ પણ ચાલે છે. 'કુમાર'ના પ્રાકટ્યપ્રસંગ આગળ અટકી ગએલું એ સ્વ-કથાનક આ તેમજ હવે પછીના હપતાઓમાં એવો જ રસ આપી રહેશે.

લેખક · રવિશંકર રાવળ

જે કાળની આ કથા છે તે કાળે મદ્રાસમાં સર ચિનુભાઈની મંડળી સાથે અમારો મુકામ હતો તે વખતે મારા મિત્ર સ્વ. રત્નમણિરાવે મને ખબર આપ્યા કે મદ્રાસમાં એક ઠેકાણે તમીળ ભાષામાં ૧૧મા સૈકાનાં તાલપત્રોમાં લખેલી ભગુસંહિતાનો પૂરો સંગ્રહ છે. તેમાં અસંખ્ય ગણતરીએ તૈયાર કરેલી જન્મકુંડલીઓ અને તેને આધારે કાઢેલાં ભવિષ્યકથન મળી આવે છે. જેની પાસે પરાપૂર્વથી આ સંગ્રહ સચવાયો છે તે પોતે તો જરા પણ જ્યોતિષ જાણતો નથી, માત્ર આપણા હાથની રેખા જોઈ કંઈક ગણત્રી કરી તેના આધારે પેલી સંહિતામાં શોધે છે અને જો એ હસ્તરેખાના સામુદ્રિક સંકેત પ્રમાણે કુંડળી મળી જાય તો તેની શોધવાની મહેનતના રૂપિયા પાંચ લઈ તેને લગતું તેમાંનું ભવિષ્યકથન વાંચી સંભળાવે છે.

હું જ્યોતિષના આધારને માનતો નથી, પણ રત્નમણિરાવનો આગ્રહ થયો કે એક પ્રયોગ ખાતર ખર્ચ કરો, એટલે તેમની સાથે ભૃગુસંહિતા-વાળાને ત્યાં જઈ હથેલી બતાવી. તે પરથી તેણે કંઈક નોંધ કરી લીધી અને પંદર દિવસમાં જવાબ આપવાનું કહ્યું. અઠવાડિયામાં તો તેનો પત્ર આવ્યો કે સદરહુ નોંધ પ્રમાણે કુંડળી-પત્રિકા મળી છે. રત્નમણિરાવની સૂચના પ્રમાણે મેં મારી કુંડળી, તેમને પણ બતાવ્યા વિના, ખિસ્સામાં રાખી લીધી, અને તેમની દુકાનના એક ગુજરાતી મુનીમ જે તમીળ ભાષા જાણતા હતા તેને સાથે રાખી સંહિતાવાળાને ઘેર અમે ગયા.

શિષ્ટાચાર થયા પછી તે મારી કુંડળીનાં પાનાં લઈ આવ્યા ને વાંચવા માંડયું: 'બ્રાહ્મણ કુલે જન્મ, ઉત્તર દેશ (મદ્રાસના હિસાબે) વગેરે ઘણી સામાન્ય બાબતો મળતી લાગી. પણ મને ખાસ આશ્ચર્ય તો એ થયું કે તેમાં હું બહુ વિદ્યાભ્યાસ નહિ કરતાં હાથથી કામ કરવાનો ધંધો કરીશ એવું વિધાન હતું. તેમાં આગળ બોલતાં તેણે તમીળ ભાષાનો 'બિમ્બ મુરૈ:' શબ્દ વાપર્યો, એટલે કે 'આકૃતિની કળાથી આજીવિકા'! આ મને આશ્ચર્ય-કારક લાગ્યું. પછી વળી આગળ કહ્યું કે 'તેમની (મારી) પાસે ઘણા વિદ્યા-ર્થીઓ ચિત્ર-વિદ્યા શીખવા આવશે. પણ તેમનાથી કંઈ હાનિ નહિ થાય; વિશેષ કીર્તિ મળશે.' આ વાત મારા જીવનમાં ઘણે અંશે ખરી પડી છે. બીજી બાબતો મને સંદિગ્ધ લાગી, છતાં આ ઉપરથી જ્યોતિષ વિદ્યામાં ગણિતી ચોકસાઈ રહેલી છે અને જીવનઘટનાઓનો હથેળીની રેખાઓ સાથે કોઈક સંબંધ છે, એમ માનવાને કારણ મળે છે. પણ અહીં તો હું માત્ર મારા વિદ્યાર્થીઓના સહકારથી કેટલો યશ પામ્યો છું અને દેશનાં વિવિધ ક્ષેત્રોમાં તેઓ કેટલા ઉપકારક થયા છે, તે જ કહેવા માગું છું.

અમદાવાદમાં શરૂઆત

ચિત્રકળા શીખવામાં મને પડેલી મુશ્કેલીઓ ભાવિ કલાસાધકોને આડે ન આવે તેની મને ધગશ હતી; એટલે ઈ. ૧૯૧૯માં અમદાવાદ-માં આવી જેવો સ્થિર થયો કે તરત એક 'ગુજરાત કલામંદિર' ખોલ્યું અને તેમાં સાંજને વખતે ચિત્ર શીખવવાના વર્ગો રાખ્યા. તે માટે માસિક ફી માત્ર પાંચ રૂપિયા રાખી હતી; પણ છ મહિના સુધી તેમાં માત્ર ત્રણ વિદ્યાર્થીઓ હતા. તેમાં પણ એક તો મારા સગાસંબંધીનો દીકરો, જેને કામકાજ અને સાફસૂફી કરે એ શરતે રાખેલો. બીજા બે અન્ય શાળામાં જનારા હતા. તેઓ ભાવનાશીલ હતા. એ પૈકી એક ભાઈ સૅમ્સન બેન્જામીન હતા અને બીજા કુરેશી હતા. પરંતુ છ મહિને પણ વિદ્યાર્થીઓ



લેખક આજે ઉત્તરાવસ્થામાં (દિલ્હીમાં એક મદ્રાસી કાર્ટૂનિસ્ટે કરેલો સ્કેચ)



ડૉ. હરિપ્રસાદ



શ્રી હીરાલાલ પારેખ

વધ્યા નહિ એટલે એ શાળા તો મેં બંધ કરી, પણ ઘર આગળ જે કોઈ વિદ્યાર્થી શીખવા-પૂછવા આવે તેને પાઠ કે માર્ગ બતાવતો. ઉપરાંત હું કામ કરતો હોઉં તે પાસે બેસીને જોયા કરવા દેતો તેમ જ મારી ચોપડીઓ, સ્કેચબુકો બતાવતો. તેમાંથી એક-બેને રંગ લાગ્યો તે રોજ આવતા.

મને સમજાયું કે ચિત્રવિદ્યાને પૈસા ખર્ચીને શિક્ષણ લેવા જેવો વિષય કોઈ ગણતું નહોતું. અમદાવાદના મારા પરમ મિત્ર બનેલા ડૉ. હરિપ્રસાદ દેસાઇને બધી જાતની વિદ્યાકલાનો ભારે શોખ હતો, એટલે મને કોઈ પણ દર્દ કે પીડા હોય ત્યારે તે નિમિત્તે ખાડિયામાં તેમના દવાખાને જઈ બેસતો અને તેમની સાથે હૅવેલ, કુમારસ્વામી વગેરે કલાવિવેચકોના વિચારો પર ચર્ચા કરતો. તે પોતે 'મૉડર્ન રિવ્યૂ'ના નિયમિત વાંચનારા હોઈ મારી સોબત અને મારા અમદાવાદના નિવાસથી ખૂબ જ પ્રસન્ન રહેતા. તે કહેતા કે અમારા મંડળમાં એક કલાકારની ખોટ હતી તે તમે પૂરી પાડી. તદનુસાર ધીરેધીરે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલ વિદ્યાસભા)ના મંત્રી અને વિચારોમાં સહધર્મી શ્રી હીરાલાલ પારેખ જોડે મૈત્રી કરાવી. તે પણ નજીકમાં રહેતા હતા. તે રોજ ડૉ. હરિપ્રસાદના દવાખાનામાં આવી મળતા અને સાહિત્યની ચર્ચાઓ કરતા. તેઓ પણ રાજી થયા કે એકાદ વર્ષમાં સાહિત્ય સભા અમદાવાદમાં સાહિત્ય પરિષદની બેઠક બોલાવવાની છે તે પ્રસંગે ગુજરાતની કલાનું એક સારું પ્રદર્શન કરવાના નિરધારનો ભાર મારા પર મૂકી શકાશે.

એ વખતે અંબાલાલ પુરાણીએ અમદાવાદમાં વ્યાયામ-પ્રવૃત્તિ શરૂ કરીને શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને નિત્ય લંગોટ મારી તાલીમ આપવા અખાડા સ્થાપ્યા હતા. આ દેશભક્ત યુવાન પણ મોટા કલાભક્ત હતા અને તે વખતે અખાડામાંથી 'વિદ્યાર્થી' નામનું એક હસ્તલિખિત માસિક ચલાવતા. તેમાં એ પોતે પણ ચિતરામણ કરતા અને વિદ્યાર્થીઓને પણ આવડે એવું કરવા પ્રેરતા. દાક્તરના દવાખાને રોજ તેમની હાજરી હોય, કેમ કે દાક્તર તેમનાં કાર્યોમાં સહાનુભૂતિ ને સાથ આપતા અને મોટામોટાઓની ઓળખાણનો લાભ અપાવતા. અંબુભાઇએ મને તેમનું હસ્તલિખિત માસિક બતાવી એક-બે ઉત્સાહી વિદ્યાર્થીઓને તાલીમ આપવા મારી પાસે મૂક્યા. મેં કહ્યું મારે ઘેર આવશે તો મને મળતા સમયમાં તેમને હું દોરવણી આપીશ અને કદાચ એક વ્યવસાયી ચિત્રકારની પ્રવૃત્તિ જોઈ તેમને વિશાળ ક્ષેત્રનો ખયાલ મળશે. તેમણે ભાઈ કૃષ્ણલાલ ભટ્ટ અને બીજા એકબે જણને મારી પાસે મૂકી દીધા. તેઓ સવારે કે સાંજે સાદી નોટબુકો લઈ આવતા અને હું તેમને સાદાં ચિત્રો કરવાનું કહેતો. મને શાળાના પાઠ્યક્રમ વિષે તો ચીડ હતી. વિદ્યાર્થીને રસ પડે તો અધરું કામ પણ તે ભલે હાથમાં લે; પણ તેમાં ય પદ્ધતિ અને એકાગ્રતાનો આધાર લે તો સફળ થાય છે એવી મારી માન્યતા હતી.

નોકરિયાત ચિત્રશિક્ષકો

આ નવી વિચારસરણી પર વ્યાપક કામ કરવા અમદાવાદની વીસેક શાળાના ચિત્રશિક્ષકોને મેં મારા મિત્ર દમનલાલ મહેતાની મદદથી મારે ત્યાં એકઠા કર્યા, ને ચા-પાણી સાથે મારી વાતનો પ્રસ્તાવ મૂક્યો કે દર રવિવારે સૌ મળીએ અને માનવચિત્ર, ચિત્રરચના, સ્કેચ, સુશોભન વગેરે બાબતો પર સાથે રહી વિચારો અને અભ્યાસ કરીએ.

એ શિક્ષક-સમૂહમાં ખંભાતના એક લાભશંકરભાઈ મેઈલ ટ્રેઇનિંગ કૉલેજમાં ચિત્રશિક્ષક હતા. મિસ્ત્રી માસ્તર સરકારી હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક હતા. બીજા જુવાનો પણ હતા. દમનલાલ મહેતા તો મુંબાઇની કલાશાળામાં મારી સાથે પાંચમા વર્ષ સુધી હતા, પણ ચિત્રકામમાં તેમની આત્મશ્રદ્ધા ખૂટી હશે તેથી ચિત્રશિક્ષકની પરીક્ષા આપી સરકારી નોકરી લીધેલી; તે ભદ્રની મિડલ સ્કૂલમાં ચિત્રશિક્ષક હતા.

અમારી પહેલી મુલાકાતમાં તો બધા શિક્ષકો ખૂબ ઈન્તેજારી બતાવી હા ભણ્યા. ઊંચા પ્રકારની પ્રગતિ કરવાની મારી યોજના તેમને ગમી એમ કહ્યું. પણ મોટી ઉમરના પ્રૌઢ જનોને કાં તો વિદ્યાર્થીઓને કોઈ શીખવે તે ગમ્યું નહિ હોય, કે ગમે તે કારણ હોય, પણ એક ખાનગી મીટિંગ કરી મારા વિચારોનો વિરોધ કર્યો. મારા એક મિત્રે મને પછીથી જણાવ્યું કે તમારા આ પ્રયત્ન પાછળ નામ કરી આગળ આવવાનો તમારો ગુપ્ત આશય હતો એમ તેમણે ધાર્યું હતું. હું નિરાશ થયો અને પછી શિક્ષકો સાથે મિત્રસંબંધ રાખ્યો પણ કલાચર્ચામાં ઊતર્યો નહિ.

મને સમજાયું કે ઘણા વિદ્યાર્થીઓનાં મનમાં ચિત્ર પ્રતિ પ્રેમ હોય છે પણ તેને જીવનની કારકિર્દી બનાવવામાં તેમના વડીલો, શિક્ષકો ને લોકમત બહુ વિરુદ્ધ હોય છે. ચિત્રો કરવાં, છબીઓ કરવી એ કોઈ બજારુ ધંધો છે એવી સાધારણ માન્યતા હતી. ડૉક્ટર, વકીલ કે ઈજનેર જેવી મોટી આવકવાળી કામગીરી તેમાં મળતી નથી. છતાં સાધારણ કુટુંબના કે સાધનહીન ગરીબ વિદ્યાર્થી, જેની પાસે પેન્સિલ, રબર કે ડ્રૉઇંગના કાગળો લેવાનાં સાંસાં હોય તેવા મારી પાસે આવતા થયા. એક-બે શ્રીમંત કુટુંબના મિત્રોએ તેમના કુમારોને માત્ર આનંદના વિષય તરીકે શીખવા મોકલેલા, તેઓ મારી શિસ્ત અને આજ્ઞાનું પરિવાર રૂપે પાલન કરતા. આજે શહેરના પ્રથમ કક્ષાના ને પરદેશમાં અભ્યાસ કરી આગળ આવેલા ડૉક્ટર નરેન્દ્ર દેસાઈ તથા બીજા એક શ્રી રમણ ઠાકોર પણ કુમાર વયે મારા પ્રેમી શિષ્યો હતા. પણ તેમના કુટુંબની સધ્ધર હાલતના કારણે વિશિષ્ટ શિક્ષણ પામ્યા એટલે ચિત્રકાર થયા નહિ, પણ ચિત્રનો પ્રેમ પામ્યા.

મુંબાઇની પૂર્વભૂમિકા

ગુજરાતમાં કલાનાં પગરણની આ વાત આગળ લેતાં પહેલાં મુંબાઈની થોડી પૂર્વભૂમિકા બાંધવી જરૂરી લાગે છે. એ કાળે મુંબાઈમાં પણ કોઈ ચિત્રકાર ઘર આગળ કામ કરતો નહોતો. જેને ધંધો કરી કમાઈ ખાવું હોય તેને કોઈ ખૂણે નાનકડી હાટડીમાં કે જાહેર સ્થળે મેડા પર પોતાનું પાટિયું મારી થોડી ઑઈલ-પેઇન્ટિંગની છબીઓ લટકતી રાખવી પડતી. ત્યાં કમાનથી ઊઘડતાં બારણાં પાછળ ચોલપી કરી તે પોતાના ઘરાકનું કામ કરતો બેસતો. મારા જેવા કોઈ ઉત્સુક વિદ્યાર્થી ત્યાં જાય તો બહાર ને બહારથી જ વિદાય કરી દે. શેઠિયા જેવા ઘરાક આવે તો બહારના ખંડમાં જ વાત કરી સોદો ડેરવે. આ વાત, કોટ વિસ્તારમાં સ્ટુડિયો ધરાવતા મશહૂર પારસી તસ્વીરકાર પીઠાવાળા ને ચોબી તળાવ આગળ કાલબાદેવી રોડ પર ભોંયતળિયાની દુકાનમાં કામ કરતા પેસ્તનજી બમનજી જેવા તસવીરકારને પણ લાગુ પડે છે. મહારાષ્ટ્રી ચિત્રકારો તો કોઈ ફોટોગ્રાફરના અંદરના રૂમમાં બેસી, આવેલા ઑર્ડરનું કામ કરતા. કલાશાળાના શિક્ષકો કોઈ ખાનગી કામ કરતા જાણ્યા નહોતા. માત્ર સ્કૂલ ઑવ આર્ટના હેડ માસ્તર શ્રી ધુરંધર લક્ષ્મી આર્ટ પ્રેસની ત્રૈમાસિક ચિત્રપત્રિકા 'સુવર્ણમાળા' માટે ૮×૧૦ ઈંચના કદનાં કાળી

શાહીથી ચિત્રો કરતા અને કેટલાક મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓ રવિવારે કે તત્કાળ તેમને પોતાની સ્કેચ બુકો બતાવતા. વળી તેમણે ભાટિયા શેઠ પુરુષોત્તમ મથુરાદાસને માસિક રૂ. ૫૦થી ટ્યૂશન આપવાનું શરૂ કર્યું હતું, એટલે તેઓ પોતાને ઘેર મળે એવો સંભવ ઓછો. શ્રીમાન પુરુષોત્તમમાં વૈષ્ણવ ધર્મનું વલણ હોવાથી ભક્ત કવિઓનાં વર્ણન પ્રમાણે ભક્તિ કે કીર્તન સ્વરૂપી ચિત્રો કરતા. આથી તેમની હથોટી શ્રી ધુરંધર જેવી થઈ ગઈ હોવા છતાં તેમની વસ્તુરચના મેવાડી ચિત્રો જેવી હોવાથી હાજીમહમ્મદ 'વીસમી સદી' માસિકમાં તેમનાં ચિત્રો આખું પાનું ભરીને છાપતા. એમાં દેહ-સૌષ્ઠવ, માધુર્ય કે સુંદર રેખાંકનમાં સંતોષ થાય એવું ચિત્ર ભાગ્યે જ મળતું.

પરંતુ મારા મુરબ્બી મિત્ર બચુભાઈ મૂળાણીએ 'કાઠિયાવાડ નાટક કંપની' ભાંગી પડ્યા પછી મુંબાઈમાં 'છબી-ચિત્રકાર' એવું ગુજરાતી પાટિયું કરાવી વૈદ્ય પોપટ પ્રભુરામના મકાનમાં સુંદર નાનો સ્ટૂડિયો કર્યો હતો. તે મોટે ભાગે પેસ્ટલ (રંગીન કાંકરા)નું ચિત્રકામ સરસ કરતા. તેમની રંગપૂરણી ઘણુંખરું ફોટો બ્રોમાઈડ એન્લાર્જમેન્ટ ઉપર જ થતી. મને તેમની ઓળખાણ એક મિત્ર દ્વારા થયા પછી પહેલી જ વાર દુકાનદાર ચિત્રકારના અંતરંગ જોવા મળ્યા. તે ફોટોગ્રાફીનું કામ બહારથી કરાવી લાવતા અને ચહેરા માટે એક ટુકડો વધારે છપાવી લાવતા. ધીરેધીરે તેમણે ઘર અને સ્ટૂડિયો સાથે રહે એવું બીજું મકાન ભૂલેશ્વર લત્તામાં શોધી કાઢ્યું. ત્યાં પાટિયું એનું એ, પણ ઉપર જઈએ એટલે ઘરસંસાર પણ જોવા મળે. ત્યાં પોતે બારી આગળ બેસી નાનાંમોટાં ચિત્રો કરતા.

તેમની પાસેથી મુંબાઈના ચિત્રકારોની ઘણી અનુભવેલી-જોએલી વાતો મને સાંભળવા મળતી. ઈંગ્લૅન્ડની ઍકેડેમીનાં દર વર્ષનાં સચિત્ર કૅટલૉગો તે ખરીદી લાવતા અને તેથી અમે તસ્વીર ઉપરાંત ચિત્રકામનાં બીજાં ક્ષેત્રોની ચર્ચા પણ કરતા. મારી સ્કેચ કરવાની શક્તિથી તે બહુ પ્રસન્ન હતા. હું પણ સ્કૂલની વિવિધ વાતો તેમને કહેતો. તેઓ ઘણી વાર તેમની તસ્વીરો પર મને કામ કરવા દેતા. રંગો ખરીદવાનું, કૅનવાસની ફ્રેમો કરાવવાનું અને ઑર્ડરો લેવા-આપવાનું બધું હું ધ્યાનમાં રાખતો. તેઓ પોતે પ્રશ્નોરા બ્રાહ્મણ હોઈ તેમની જ્ઞાતિના સજ્જનોના બાહુલ્યવાળી ઝંડુ ફાર્મસીના અગ્રણીઓ તેમ જ સ્વ. કવિ કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ) તથા સાક્ષરવર્ય બલવંતરાય ઠાકોર વગેરેના અંતરંગ મિત્ર હતા અને એ મિત્રો દ્વારા પણ કામ મેળવવાનો પ્રયત્ન થતો. તેમના આ સર્વ સ્નેહી મંડળમાં હું તદ્દન સરળતાપૂર્વક ભળી ગયો હતો.

શિષ્યોની શરૂઆત

આવા બધા મુંબાઈના અનુભવે મને જણાયું હતું કે યુવાન હૈયાંમાં ઘણી જિજ્ઞાસા ભરી હોય છે. તેઓમાં વિશ્વાસ મૂકનારને તેઓ હૃદયથી ચાહે છે. અમદાવાદમાં મારે ત્યાં આવતા તરુણો અને બાલ વિદ્યાર્થીઓમાં મેં એવી ભક્તિભરી નજર અને અધીનતા જોઈ, તેથી મને પણ તેમનો વિકાસ થાય એવાં સાધનો એકઠાં કરવાનો શોખ થયો. તેમના અભ્યાસ માટે મેં યુરોપીઅન અલંકરણો કે પાઠો ન આપવા સંકલ્પ કર્યો હતો, છતાં અંગવિન્યાસ અને પ્રમાણો શીખવા કોઈ પણ દેશના વસ્ત્રવિહોણા ફોટોગ્રાફો કે પાત્રોના આધાર લઈ માનવદેહ સપ્રમાણ રાખવાનો આગ્રહ સેવતો, તેમજ શીખેલાં પ્રમાણો પૂરાં હસ્તગત કરવા વારંવાર સ્મૃતિથી દોરવા કહેતો.

આગળ કહી ગયો તેમ અંબુભાઈ પુરાણીએ કૃષ્ણલાલ આદિ એકબે વિદ્યાર્થીઓને મારા પરિચયમાં મૂકયા. તેઓ સવાર-સાંજ કે રજાને દિવસે મારા ખંડમાં બેસી મને કામ કરતો જોતા કે તેમને સોંપેલું કોઈ ચિત્રકામ કરતા. ચિત્રકામમાં કોઈ અભ્યાસક્રમ ન હતો. તેમને સરળ લાગે એવાં કેટલાંક આલેખનો મેં જુદાં ગોઠવી રાખેલાં, તેમાંથી પોતાને મનપસંદ નમૂનો લઈ તેઓ બેસી જતા, અને તેને કેમ શરૂ કરવો તથા





બાલુભાઈ-બલવન્ત ભટ્ટ
(સ્કેચ : ર.મ.રા.) જમણી
બાજુ : કૃષ્ણલાલ ભટ્ટ

ખંડ પાડી કેમ પૂરો કરવો તે હું બતાવી દેતો. પછી જેમ જેમ તે કામ કરતા જાય તેમ તેમની ભૂલો સુધારાતી જાય, ને તેમનો હાથ વળતો જાય. આને પરિણામે ધીમે ધીમે તેમના અખાડાના હસ્તલિખિત માસિકમાં પણ સુધારો થવા લાગ્યો. હું પણ કોઈ વાર સાંજના અખાડા પર જઈ, લંગોટ મારી ઊભેલા યુવાનોમાંથી સુદૃઢ અને સપ્રમાણ દેહવાળા તરુણો પરથી માનવદેહ સરસ રીતે દોરવાનો મારો મહાવરો કરતો. આ રીતે થોડા દિવસોમાં તો ચારપાંચ વિદ્યાર્થી આવી ભળ્યા. એ બધામાં સરખી શક્તિ નહોતી, પણ ફી વગર ચિત્રકામનું શિક્ષણ મળતું હોય તો બને તેટલો લાભ લેવો એવો પણ કેટલાકનો આશય હશે.

બાલુભાઈ—બલવન્ત ભટ્ટ

એક દિવસ મારા મુરબ્બી સ્નેહી શ્રી જીવણરામભાઈ વકીલ તેમના સૌથી નાના પુત્રને આંગળીએ લઈ આવ્યા અને કહ્યું: 'અમારા આ બાલુને તમારા શિષ્ય-મંડળમાં લઈ લ્યો.' ત્યારથી અમારે ત્યાં એ બચુકડા બાલુભાઈ સૌના લાડકા બની ગયા. તે તો નિષ્ઠાપૂર્વક બને તેટલો વખત મારા સંગમાં રહેતા તેથી તેના વડીલોને નિરાંત રહેતી, કારણ કે ઘરમાં એમની કંઈક અદકી રંજાડ કે રિસામણાં રહેતાં હશે. પણ મારે ત્યાં તો એમણે સારું અક્ષરકામ, સુશોભનકામ અને ટાંકચિત્રોની સરસ નકલો કરવા માંડી. વળી હું થોડી ફોટોગ્રાફી કરતો તેમાં પણ મન લગાડ્યું, અને ઘણી વાર રાતના હું ફોટો પાડેલી કાચની પ્લેટો ડેવલપ કરું ત્યારે પાસે રહી મદદ પણ કરવા માંડી. તે પછી પ્લેટો ભરાવી એકબે છબીઓ જાતે પાડી લાવ્યા ત્યારે તો તેને ફોટોગ્રાફીનો નાદ જ લાગી ગયો. આ પગરણથી વર્ષો પછી અમે ફોટોગ્રાફીને ફોટોગ્રાફરની દુકાન બહાર ફરતી કરી અને તેમાં કલાકારની આંખને ભળવાની તક મળી.* જતે દહાડે બાલુભાઈ તેમાં સૌથી વધુ પાવરધા બન્યા. તેમણે અમારા વર્તુળમાં જ રહીને બીજાઓને પણ તેનો નાદ લગાડ્યો, એટલું જ નહિ પણ પોતે દેશપરદેશનાં ફોટો-સામયિકોનો અભ્યાસ કરી બહારની ચિત્રસ્પર્ધામાં પણ ચિત્રો મોકલવા લાગ્યા. એમાં 'ટાઈમ્સ ઑવ ઈંડિયા'ના 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ની એક ફોટો-સ્પર્ધામાં એમને બીજું ઈનામ મળ્યું અને સાથે ચિત્ર પણ પ્રકટ થયું, ત્યાર પછી બીજા વિદ્યાર્થીઓને પણ ચિત્રકળાની એક જોડ-વિદ્યા તરીકે ફોટોગ્રાફી જાણવાની સગવડ થઈ.

અમદાવાદની સાહિત્યપરિષદ

ઈ. ૧૯૨૦ના એપ્રિલમાં અમદાવાદમાં સાહિત્ય પરિષદ મળી તેને અંગે પ્રદર્શનનું સર્વ કામ મારા મિત્ર હીરાલાલ પારેખે મને સોંપ્યું. તે વખતે જોકે મારા વિદ્યાર્થીઓનાં ચિત્રો મૂકવા જેવાં તેમનાં કામ થયાં નહોતાં પણ પ્રદર્શનનાં કામકાજમાં તેમની ઘણી મદદ મળી. આ વખતે તમિળ દેશના રાજમહેન્દ્રી નગરના ચિત્રકાર, મારા સ્કૂલ ઑવ આર્ટના દિવસોના મિત્ર, સ્વ. રામરાવ સૌરાષ્ટ્રના પ્રવાસે જતાં મારે ત્યાં રોકાયા. તેનાં

* જુઓ આ અંકમાં 'ગુજરાતમાં ફોટોગ્રાફી' વિષયક લેખ.



પુલિનબિહારી દત્ત (સ્કેચ: રવિશંકર રાવળ)

મૌલિક પ્રતિભાવાળાં ચિત્રો વિદ્યાર્થીઓએ જોયાં. સામયિકોનાં ચિત્રોનું તથા અન્ય ધંધાદારી ચિત્રોનું કામ કરતા ચિત્રકાર ત્રિભુવન પટેલ પણ ઘણી વાર મુલાકાત આપતા. જોકે એ કક્ષાનું કામ હજી વિદ્યાર્થીઓની કલ્પનામાં પણ ઊતરે તેમ નહોતું, પરંતુ ઉપર્યુક્ત પ્રદર્શનની મહેનત લઈ ને મેં કરેલી રચનાથી ગુજરાતના વિદ્વાનોમાં તથા શિક્ષણ-પ્રેમીઓમાં મારા વિષે સારી છાપ પડી. એ પ્રદર્શન માટે ડૉ. હરિપ્રસાદના પરિચયવાળા વાલજી કંસારા પાસેથી ગુજરાતના મધ્ય યુગનું, દીવી હિંડોળા વગેરેનું પિત્તળકામ ખાસ મેળવ્યું હતું અને તે પરિષદના મુખ્ય અતિથિ શ્રી રવીન્દ્રનાથ ટાગોરને પણ ગમ્યું હતું. અહીં મારા જીવનમાં પલટો લાવનાર નવા સાથીઓ મળી ગયા. જૂનાગઢમાં હું પ્રિન્સિ. સ્કૉટનું માનવ કદનું ચિત્ર કરવા ગએલો ત્યાંથી વળતાં ગોંડલમાં ભાઈ રવિશંકર પંડિતને ત્યાં રોકાયો ત્યારે શ્રી બચુભાઈ રાવતનો મેળાપ થયો. તેમની પોતાના હસ્તલિખિત માસિકને સુરૂપતા ને સંચાર આપવાની ધગશ મારા પર અસર કરી ગઈ ને અમદાવાદ આવી સમાગમ વધારવા પ્રેરણા આપી.

અહીં બે ફોટો-કલાકારોની નોંધ પણ જરૂરી છે. ગુજરાત ફોટો-સ્ટૂડિયોના માલિક છોટુભાઈ પરીખ ફોટો-સામાન વેચવાનો ધંધો પણ કરતા હતા. તે વખતના મશહૂર ફોટોગ્રાફર જનાર્દન દીધે તેમના સાથી ને ભાગીદાર હતા. તેમની મદદથી લીધેલી ઘણા દેશનેતાઓની છબીઓ છોટુભાઈએ સફાઈદાર ચિત્રકામથી રંગીન એન્લાર્જ કરીને બજારમાં મૂકી હતી.

આ બંને યુવાનો મારા મિત્રો હતા ને હું ઘણી વાર તેમના સ્ટૂડિયોમાં જઇ બેસતો, તેને લીધે મારી ભાવનાની તેમના પર અસર થએલી. અમદાવાદની સાહિત્ય પરિષદ વખતે દીધેએ સ્ટેશન પર લોકોની ભીડ વચ્ચે ત્રિપાંચ કૅમેરા ઊભો કરી, હાથ વતી કૅમેરાનું ઢાંકણું ખોલી, રવીન્દ્રનાથ ટાગોરની સરસ છબિ પાડી લીધી હતી, ને સવારના સાત વાગ્યે પાડેલી છબિ પરથી દસ વાગ્યે તો તેનું મોટું ૧૭×૨૩ ઇંચનું એન્લાર્જમેન્ટ કરી, છોટુભાઈ પાસે રંગ પુરાવી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં પ્રવેશદ્વારે જ લટકાવી દીધું હતું, તેનું એ કાળે સૌને આશ્ચર્ય થયું હતું! ઑફર પર મુકાએલું એ ચિત્ર શ્રી આનંદશંકરભાઈ ધ્રુવે ખરીદી લીધું હતું.

પ્રદર્શન પતી ગયા પછી હું કલકત્તાની ઍલ્યુમીનિયમ વાસણોની પેઢી 'જીવણલાલ કંપની'વાળા શ્રી રામજીભાઈ કમાણી સાથે પૂર્વ ભારતનો પ્રવાસ કરી કલકત્તા, દાર્જીલિંગ, શાંતિનિકેતન, અવનીન્દ્રનાથ ટાગોર વગેરેની પ્રવૃત્તિઓનું જે દર્શન કરી આવ્યો તેમાંથી મને પ્રબળ પ્રેરણા મળી ને ગુજરાતમાં કલાનાં પગરણ પાડવા માટે કાંઈકાંઈ વિચારસૃષ્ટિ રચી. એવામાં જ મારા પુરસ્કર્તા મિત્ર 'વીસમી સદી'ના તંત્રી હાજીમહમ્મદ બેહસ્ત પામ્યા અને ગોંડલમાંથી પરિચિત થએલા તથા હવે અમદાવાદ આવી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં કામ કરતા શ્રી બચુભાઈ રાવતને મેં તેમના સ્મારક ગ્રંથનું કામ સંભાળવા જોડીદાર બનાવ્યા.

ત્યાં તો મને મારા ઘરના માલિક તરફથી દબાણ થયું કે કાં ભાડું વધારી આપો યા ઘર ખાલી કરો. આથી હું મૂંઝવણમાં પડી ગયો હતો. એ વખતે મારા જૂના વિદ્યાર્થી સૅમ (સૅમ્સન) બેન્જામીને મને રાયપુરમાં ભાઉઆની પોળમાં એક જૂનું પણ સોઈદાર ઘર શોધી આપ્યું. એ સ્વતંત્ર ઘરમાં તો પછી બીજા વિદ્યાર્થીઓ પણ આવતા થયા. એ અરસામાં એક વાર સૅમે 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં આવેલી એક જાહેર ખબર બતાવી, જેમાં કલકત્તામાં ઔદ્યોગિક પ્રદર્શન માટેના પોસ્ટરની સ્પર્ધા હતી. મેં બજારુ રંગો ગુંદરમાં મેળવી એક મોટું પોસ્ટર કરી ત્યાં મોકલ્યું.

પ્રારબ્ધ

ઈ. ૧૯૨૧ની મધ્યમાં હાજીમહમ્મદ સ્મારક ગ્રંથના ખર્ચે અને શ્રી બચુભાઈના નિયમિત યોગક્ષેમ વગેરેને કારણે આવેલી નાણાંભીડમાં હું અમદાવાદના શેઠ અંબાલાલ સારાભાઈની રિટ્રીટ ગૃહશાળામાં જોડાયો. આથી એ થોડો વખત ગરીબ વિદ્યાર્થીઓ દૂર થયા ને શ્રીમંત બાળકોનાં શિક્ષણકાર્યમાં બંધાયો. આ દરમ્યાન ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઈ ચૂકી હતી. મારા મિત્ર સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, જુગતરામભાઈ દવે વગેરેની ઇચ્છા હતી કે મને રાષ્ટ્રીય શિક્ષણ-કાર્યમાં ખેંચી લેવો. પરંતુ હાજીસ્મારકની ભારે ચિંતાને કારણે મારે તે આકર્ષણ દાબી દેવું પડ્યું. શેઠ અંબાલાલને ત્યાંથી મને મળતા માસિક ૩૦૦ રૂપિયાના પગારમાંથી મારા ઘરખર્ચ માટેની જરૂરી રકમ બાદ જતાં બાકીની રકમ સ્મારક-ગ્રંથનાં બિલો, બચુભાઈના વેતન વગેરેમાં ખર્ચાઈ જતી.

વળી એ જ અરસામાં મારા જૂના પરિચિત કલ્યાણજી શુક્લ નાટકના ચિત્રકાર તરીકેની નોકરી છોડી અમદાવાદ મારી પાસે આવ્યા. તેમને બે ત્રણ માસ મારા કામ માટે નિભાવ્યા અને પછી સિટી હાઈસ્કૂલમાં મારી ભલામણ પર એમને ડ્રૉઈંગ-ટીચરની જગ્યા મળી ગઈ. એમણે જોકે ડ્રૉઈંગ-ટીચરની પરીક્ષા પણ આપી નહોતી, પરંતુ ત્યાંના પ્રિન્સિપલ મોરારજીભાઈ અધ્યારુ મને જાણતા હતા. તેમણે કહ્યું કે 'રવિભાઈની ચિઠ્ઠી જ પ્રમાણપત્ર બરાબર છે.' ત્યાર પછી તો મેં ડૉ. હરિપ્રસાદની ભલામણથી એ કલ્યાણજીભાઈ પાસે અમદાવાદમાં ભરાએલા કૉંગ્રેસ—મહાસભા—ના અધિવેશનના મંડપ માટે છ મોટા કદનાં મ્યુરલ ચિત્રો મારા શાહેરના મકાનમાં જ રાખી કરાવ્યાં. એમ તેઓ અમદાવાદમાં વસી ગયા અને તેમનો બાલપુત્ર (આજના જાણીતા કલાકાર યજ્ઞેશ્વર શુક્લ) પણ અમારી નજર આગળ જ મોટો થવા લાગ્યો.

ઈ. ૧૯૨૨માં ગાંધીજી પર ચાલેલો રાજદ્રોહનો ખટલો અંબાલાલ સારાભાઈના કુટુંબ સાથે નજરે જોવાની તથા તેના સ્કેચો કરવાની મને અમૂલ્ય તક મળી, જે સ્કેચો ઇંગ્લૅન્ડના પ્રતિષ્ઠિત પત્ર 'મૅન્ચેસ્ટર ગાર્ડિયન'માં છપાયા, અને તે પરથી ભવિષ્યમાં તે ઐતિહાસિક પ્રસંગનું યાદગાર દસ્તાવેજી ચિત્ર થયું. એ જ વર્ષના અંતમાં મેં રિટ્રીટ શાળા છોડી. ત્યાં જે એક વર્ષ મેં માસ્તરગીરી કરી તેથી ત્યાંના બાળકો પાસેથી 'રાવળ માસ્તર'નું બિરુદ પામ્યો. જોકે પાછળથી જે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને મેં ચિત્રકાર બનવાના પંથે ચડાવ્યા તેની નોંધ લેતાં કાકાસાહેબે જ પ્રથમ મને 'કલાગુરુ' કહ્યો અને પ્રજાએ તે બિરુદ માન્ય રાખ્યું.

મેં રિટ્રીટ શાળા છોડયા પછી મારી જગ્યા પર કલકત્તાથી કલાકાર શ્રી પુલિનબિહારી દત્ત આવી રહ્યા. તેમના બે વર્ષના વસવાટ દરમિયાન

શહેર સાથે તેમનો જરા પણ સંબંધ થવા પામ્યો નહિ, પરંતુ તેમણે એક પાવો વગાડતા ગ્રામીણ યુવાનનું પત્નીના હાથમાં માટીપાત્ર સાથેનું રંગમપૂર્ણ રસભર ચિત્ર બનાવ્યું તે મેં મુંબાઈના 'હિંદુસ્તાન' દૈનિકના દીપોત્સવી અંકમાં છપાવ્યું. એક બંગાળી કલાકારને હાથે આ રીતે ગુજરાતનું લોકજીવન પ્રકટેલું જોઈ મને ઘણો આનંદ થયો અને તે ચિત્ર ગુજરાત બહાર ન જાય તે માટે સર ચિનુભાઈના સંગ્રહ માટે મેં ખરીદાવી લીધું. પછીથી તે 'કુમાર'માં પણ પ્રકટ થયું (જુઓ આ અંકમાં અન્યત્ર). આ રીતે શ્રી પુલિન બાબુની એકમાત્ર સ્મૃતિ ગુજરાતમાં રહી છે.

સર ચિનુભાઈના સમાગમમાં મને લઈ જનાર પણ ડૉ. હરિપ્રસાદ હતા. એ પરિવારમાં કળા, સાહિત્ય, સંગીત, નૃત્ય આદિનો શોખ વિકસાવવા તે કોઈ પણ લાયક માણસ જુએ તો તેનો સમાગમ કરાવતા. તેમાં સર ચિનુભાઈના જમાઈ ચૈતન્યપ્રસાદ દીવાનનો પૂર્ણ સહકાર રહેતો. હું જેવો રિટ્રીટ શાળામાંથી છૂટ્યો કે તરત તેઓ મને ડૉ. હરિપ્રસાદ દ્વારા આમંત્રણ આપી ત્યાં લઈ ગયા. પણ હવે મેં કોઈ ઠેકાણે નોકરી ન કરતાં ગુજરાતમાં જે ખરા કલાર્થીઓ હોય તેમને જ વિના શુલ્ક તાલીમ આપવા સંકલ્પ કર્યો હતો, એટલે મેં કોઈ પણ જાતની શરત વિના અઠવાડિયાના કોઈ કોઈ દિવસે તે પરિવારનાં બાળકોને કળાના પાઠો આપવા સ્વીકાર્યું. ત્યાં મુખ્ય વિદ્યાર્થિની ભવિષ્યનાં લેડી તનુમતિ હતાં. સાથે સાથે એ પરિવારનાં જે બાળકો આવી બેસતાં તેમને પણ કંઈ કંઈ ચિત્રકામમાં રોકી દેતો. એમ ત્યાં એક બાલચિત્રકાર-સમુદાયનો વિકાસ થવા માંડયો. તેમાં સૌપ્રથમ તનુમતિનું 'ભરતભક્તિ' ચિત્ર તૈયાર થયું ત્યારે એ સૌને એટલો હર્ષ થયો કે 'કુમાર'માં રંગમાં પ્રકટ કરાવ્યું.

ગુજરાત કલાપ્રવર્તકમંડળ

ત્યારે ગાંધીજીની શિક્ષણ પ્રવૃત્તિમાં જોડાવાના હેતુથી કવિશ્રી નાનાલાલ રાજકોટની સરકારી નોકરી છોડી જે અમદાવાદ આવેલા, તેમને કોઈ કારણે કૉંગ્રેસ સંપ્રદાય સાથે વાંધો પડયો. કવિશ્રી રવીન્દ્રનાથે શાંતિનિકેતનમાં કલાને પ્રધાન વિભાગને સ્થાને રાખેલી તે સ્મૃતિમાં રાખી હોય તેમ, એમણે એક કલામંડળ સ્થાપવા બાલાહનુમાન પાસે મેડા પર આવેલા શ્રી જનાર્દન દીધેના ફોટો સ્ટૂડિયોમાં એક નાની સભા બોલાવી, શ્રી માહુલીકર ને ચંદુલાલ શાહને મારી પાસે મોકલ્યા. એ વેળા હું ને બચુભાઈ એક અનોખા ચિત્ર-માસિકની યોજના વિચારતા હતા.

હું જ્યારે કવિશ્રીની સભામાં ગયો ત્યારે રામનારાયણ પાઠક, રસિકલાલ છો. પરીખ, ડૉ. હરિપ્રસાદ, ડૉ. મચ્છર વગેરે ત્યાં હતા. મેં પ્રથમથી જ જણાવેલું કે હું તો ગુજરાતમાં એક સ્વતંત્ર કલાકેન્દ્ર અને પ્રકાશન માટે એકાગ્ર થઈ ગયો છું એટલે અન્ય પ્રવૃત્તિ મારા માટે અશક્ય હતી. છતાં ત્યાં બેઠેલા મારા મિત્રોએ આગ્રહ કરી કહ્યું કે મારા પર કશો બોજ નહિ મુકાય. એટલે કવિશ્રીએ તરત જાહેર કરી દીધું કે 'આપણે કલામંડળ સ્થાપીએ છીએ. તેના પ્રમુખ તરીકે હું રહીશ, ઉપપ્રમુખ રવિશંકર રાવળ અને મંત્રીઓ માહુલીકર અને ચંદુલાલ શાહ રહેશે. તેમજ કાર્યકારિણીના સભ્યો અહીં બેઠા છે તે બધા જ.'

મેં કહ્યું કે હજી ગુજરાતમાં કલાનાં યોગ્ય પગરણ થયાં નથી, કલાકૃતિઓ સરજાઈ નથી ત્યારે કલાને નામે પ્રજા આગળ શું મૂકશો? આપણી પાસે ભૂતકાળની કલાસંપત્તિ છે તે સમજી શકીએ તો પણ ઘણું છે. એટલે મારી જ સૂચનાથી સંસ્થાનું નામ 'કલાપ્રવર્તક મંડળ' રખાયું.

પણ પછી તો કવિએ પછીની વસંતપંચમીએ 'ગુજરાત કલા પ્રદર્શન' ભરવાનો ઠરાવ કર્યો. દરમિયાન કલાનાં ભાષણો અને પ્રસંગો ગોઠવવા સમિતિ નીમી. હું તેમાં લેશ પણ સંમત ન હતો, છતાં તેમણે પહેલું ભાષણ અઠવાડિયા પછી મારે જ કરવું ને પોતે પ્રમુખ થશે એમ હુકમ જ કર્યો. બધા મિત્રો કવિશ્રીની શેહમાં દબાઈ ગએલા. મેં ન છૂટકે



રવિશંકર રાવળના મકાનમાં ડૉ. કઝિન્સ

લખેલું વાંચવા છૂટ માગી, અને જ્યારે તે વાંચ્યું તેના ઉપર પણ કાવ્યમ કટાક્ષ કર્યો વાત બહુ લાંબી નથી કરવી. કવિ સાથે મન ફાવ્યું જ નહિ.

ડૉ. જેઈમ્સ કાઝિન્સ

વળી એ જ ગાળામાં મદ્રાસ પાસેના થીઑસૉફિકલ સોસાએટીના કેન્દ્ર અદ્યારથી દેશની શૈક્ષણિક અને સાંસ્કારિક પ્રવૃત્તિનું અવલોકન કરવા નીકળેલા ડૉ. જેઈમ્સ કઝિન્સ સિંધમાંથી અમદાવાદ આવનાર હતા. અમદાવાદ થીઑસૉફી મંડળના અગ્રણી ડૉ. સૉલોમન તથા ડૉ. મચ્છરે તેમની શહેરની મુલાકાતોમાં મારા ઘરની પણ મુલાકાત ગોઠવી, ને એક સવારે બારૂઆના પોળમાં ચોમાસાના કાદવ ખૂંદતા તે શેરીના નાકેથી મારા ખડખડ-પાંચમ ઘરમાં મિત્રો સાથે આવ્યા. આ સજ્જન યુરોપી કવિ-વિદ્વાને બહુ લાગણીપૂર્વક મારાં અને વિદ્યાર્થીઓનાં ચિત્રો જોયાં. એમણે એમની આત્મકથા We two togetherમાં લખ્યું છે: 'સ્વસ્થાને પાછા વળતાં અમદાવાદમાંથી પ્રાપ્ત સર્જક તત્ત્વોમાં એક સ્થાનીય કલાકેન્દ્રની શકયતાનો સંપૂર્ણ ખયાલ મળ્યો. ત્યાં પીઢ અને યુવાન સાહિત્યકારો તેમજ શ્રી રવિશંકર મ. રાવળ જેવા ગુરુની પ્રેરણા નીચે તૈયાર થતા ચિત્રકારોની અનોખી ચિત્રશાળાનો પ્રારંભ વગેરે, મારી બે દિવસની મુલાકાતના આઠેક જેટલા ભરચક કાર્યક્રમોમાં એક ઍકેડેમિક કૉન્ફરન્સને આશાસ્પદ અને ગુણવિશેષવાળા સિદ્ધ કરનારાં લાગ્યાં.' એ મુલાકાતે મારા મનમાં અતુલ શ્રદ્ધાનો સંચાર કર્યો. એમના જેવા વિદ્વાન ને કલાવિદના અમદાવાદમાંના ઉદ્ગારોએ મારા અહીંના સાક્ષર મિત્રોમાં પણ મને સમાન ભાવનું સન્માન અપાવ્યું.

એવામાં અમદાવાદના (કર્વે) મહિલા વિદ્યાલય માટે ચિત્રશિક્ષકની જરૂર પડી. ત્યારે સ્વ. નવલરામ જ. ત્રિવેદી ત્યાં આચાર્ય હતા. તેમણે ચિત્રકાર શિક્ષકની માગણી મારી પાસે કરી. મારા મિત્ર રવિશંકર પંડિત ગ્રૅજ્યુએટ તો થઈ ગયા હતા ને ચિત્રકામમાં મૌલિકતા બતાવી હતી એટલે મારી ભલામણ પર ત્યાં તેમની નિમણૂક થઈ ગઈ. આમ કલાની ઉચ્ચ કોટિની સાધના માટે એક સાથી મળી ગયાનું મને સુખ થયું

ઈ. ૧૯૨૪માં 'કુમાર' શરૂ થયું. વસંતપંચમી પર કવિશ્રીએ દિલ્હી



જગન્નાથ અહિવાસી ◁



▷ ચંદ્રવદન ભટ્ટ

દરવાજા બહાર હીમાભાઈની વાડીમાં પ્રદર્શન કર્યું. હું તેમની કાર્યપદ્ધતિથી તદ્દન ઉદાસ થઈ ગએલો. કલાને નામે તેમણે ૧૦,૦૦૦ રૂપિયાનો જલસો જ કર્યો હતો. વસંતપંચમીએ તો મારા પુત્રને ભાવનગરમાં યજ્ઞોપવીત આપવાનું ઠરાવ્યું હતું તેથી હું પ્રદર્શન વિષે તદ્દન ઉદાસ રહ્યો. તેમાં મને ભાવના કે આદર્શ જણાયાં નહિ.

કનૈયાલાલ વકીલ

એ જ અરસામાં મુંબાઈમાં એવો ઊહાપોહ ઊઠયો હતો કે ત્યાંની સર જમશેદજી જીજીભાઈ આર્ટ સ્કૂલ ખર્ચને કારણે બંધ કરવી. પ્રિન્સિપલ કૅપ્ટન સૉલૉમને હિંદી કલા તરફ સન્માન બતાવી શેઈડલાઈટ વિનાનાં મ્યૂરલ ચિત્રોનું શિક્ષણ શરૂ કર્યું હતું. શ્રી કનૈયાલાલ વકીલ જેવા તેમના પક્ષમાં રહી તેમનાં કાર્યોની જાહેરાતમાં ક્રૉનિકલમાં કૉલમોનાં કૉલમ લખતા હતા. સ્કૂલ બંધ ન થાય તે માટે લોકમત જાગ્રત કરવા તે બધે ફરવા લાગ્યા. અમદાવાદમાં પણ તેમણે પ્રેમાભાઈ હૉલમાં એક જાહેર સભા કરી, તેમાં ત્યારે વકીલાત કરતા બૅરિસ્ટર (પછીના સરદાર) વલ્લભભાઈ પટેલને પ્રમુખ તરીકે લઈ આવ્યા હતા. ત્યારે કનૈયાલાલ અણધાર્યા મારી મુલાકાતે આવી મને એક કલાકાર તરીકે મુંબાઈની કળાશાળા કાયમ રાખવાના ઠરાવને ટેકો આપવા હાજર રહેવા વીનવી ગએલા.

બીજી તરફ એમણે ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યૂટમાં જૂની કારીગરીઓ, વસ્ત્રો વગેરેનું પ્રદર્શન ગોઠવ્યું હતું. ત્યાં વિદ્યાપીઠના કલાભક્ત પ્રો. મલકાનીને વકીલે બગલમાં લીધા હતા તેમજ રાત્રે શહેરની નાટકશાળામાં શ્રીમતી હઠીસીંગનું નૃત્ય ગોઠવ્યું હતું. પહેલી જ વાર શાંતિનિકેતનમાં શિક્ષણ પામેલાં શ્રીમતીએ ભાવમય નૃત્ય કર્યું.

શ્રી કનૈયાલાલ ત્યારે પોતાની રીતે ઘણો કલાપ્રચાર કરતા. એમણે ઈ.૧૯૨૬માં સૂરતમાં કલાપ્રદર્શન ભરેલું. તેનું આમંત્રણ મને ટૂંકી મુદતમાં મોકલી ચિત્રો પહોંચાડવા લખ્યું. પ્રદર્શન ખૂલવાની ૨૪ કલાક પહેલાં મારા વિદ્યાર્થી ચંદ્રવદન ભટ્ટને સાથે રાખી ૪૦ ચિત્રો લઈને હું ત્યાં ગયો તે વખતે માળવીની વાડીમાં સૂરતના ચિત્રશિક્ષક સુરકાથા અને મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટના વિદ્યાર્થી જગન્નાથ અહિવાસી મળીને ઉપરના બધા ખંડો ગોઠવી ચૂકયા હતા. તેમાં સૂરતના ઘરેઘરથી મેળવેલું જૂનું ભરતકામ, સાંકળો, જૂનાં ચિત્રો, વિક્ટોરિયા યુગનાં ફર્નિચરો, લગ્નનો મંડપ વગેરે હતાં. કોઈ આધુનિક ચિત્રકામ કે શિલ્પકામ એમાં નહોતું. માત્ર એટલા પર સુરકાથાના એક શિષ્યે પ્લાઇબૉર્ડ કોતરીને બનાવેલો ભારતીય કમાનવાળો નાનો દરવાજો હતો. (એ વખતે શાળાઓમાં ઝીણી કરવતથી કોતરણીનું ફ્રેટ-કામ અભ્યાસક્રમમાં હતું.)

કનૈયાલાલ વકીલે અમે મોડા થયા, કહી ઠંડો આવકાર આપ્યો. પણ અમે નીચેની પરસાળમાં બાકી રહેલી જગ્યા સ્વીકારી લીધી, ને સાથે ફૂટ, દોરીઓ, ચાંપો, ખીલીઓ અને હથોડી સુધ્ધાં લાવ્યા હતા તે વડે રાતના દસ વાગ્યા સુધીમાં ચિત્રો ગોઠવી દીધાં. પ્રદર્શન તો બીજે દિવસે સાંજે વડોદરાના દીવાન સર મનુભાઈના હાથે ખુલ્લું મુકાવાનું હતું. તેના કૅટલૉગમાં અમારાં ચિત્રોની નોંધ મૂકવા સમય નહોતો.

બીજે દિવસે સાંજે અમે સંમેલનમાં એક દૂરની હારમાં બેઠા. શહેરના સંભાવિતો ગોઠવાઈ ગયા પછી સર મનુભાઈ રસાલા સાથે આવ્યા. તેમણે તેમનું એક લાંબું છાપેલું ભાષણ લગભગ કલાક સુધી વાંચ્યું. ગ્રીક કલાકૃતિઓની પ્રશંસા અને પ્લેટોના વિચારોથી ભરેલું તે એક યુનિવર્સિટી-વ્યાખ્યાન જેવું હતું.

તે જ રાત્રે હું અને ચંદ્રવદન અમદાવાદ આવવા નીકળ્યા, તે વખતે અહિવાસી સ્ટેશને અમને મળવા આવ્યા અને કહ્યું : 'મારા માટે અમદાવાદમાં થોડી જગ્યા કરો.' મેં તરત આવકારી કહ્યું : 'આવી જાઓ; સાથે કામ કરીશું.' એ વખતે જો તેઓ હિંમત કરી શક્યા હોત તો એમની કારકિર્દી જુદી હોત. પણ મુંબાઈમાં વૈષ્ણવ ગોસાંઈજી મહારાજ, પ્રિન્સિપલ સૉલૉમન અને કનૈયાલાલ વકીલની આણ તે તોડી શકયા નહિ.

પાછળથી પ્રદર્શનનાં ઈનામોમાં અહિવાસીએ તનતોડ મહેનત કરેલી, એમને સુવર્ણચંદ્રક અને અમદાવાદનાં ૪૦ ચિત્રોમાંથી મેં મૂકેલા પૉલ રિશારના રંગીન ઑઈલ સ્કેચને રૌપ્ય ચંદ્રક મળ્યાં. મેં તરત લખ્યું કે મને આવા કોઈ સત્કારની જરૂર નહોતી. કોઈ નવોદિત ચિત્રકારને બિરદાવવો ઘટતો હતો. એ પ્રદર્શનના કૅટલૉગ માટેનું કવર-ડિઝાઈન સુરકાથાના લખવાથી મેં જ કરી આપ્યું હતું. હું કદી દુરાગ્રહથી વિમુખતા બતાવતો નથી; પણ આ વર્ણન પરથી એ સમયની કલાપ્રવૃત્તિ અને વાતાવરણ સમજાશે.

'નવજીવન' દ્વારા કલા-સેવા

આ અરસામાં ગાંધીજીના આશ્રમ અને પછી વિદ્યાપીઠની સ્થાપનાને અંગે ઘણા મહાન પુરુષો અમદાવાદ આવતા. ગાંધીજીને પણ તેમના વિચારો ચિત્રમાં પ્રદર્શિત થાય એવી ઇચ્છા રહેતી અને એક વાર 'નવજીવન'માં દુર્દશા પામેલી ભારતમાતાનું તેમણે વર્ણન કરેલું તે માટે ડૉ. હરિપ્રસાદ દ્વારા મારી પાસે ચિત્રો કરાવી 'નવજીવન'માં છપાવેલાં.

આ પછી તો સ્વામી આનંદે, ત્યારે અમદાવાદ આવેલા આચાર્ય ડૉ. પ્રફુલ્લચંદ્ર રાય અને અલી ભાઈઓનાં, તેમજ શ્રી અરવિંદના એક કાળના સહકારી ચિંતક પૉલ રિશાર વગેરેનાં મેં કરેલાં રેખાચિત્રો મુંબાઈ ખાસ માણસ મોકલી બ્લૉક કરાવી મંગાવી 'નવજીવન'માં તથા 'યંગ ઇન્ડિયા'માં છપાવેલાં. આ રીતે મને ઠીક પ્રતિષ્ઠા મળી અને મારા વિદ્યાર્થીઓમાં ગૌરવ પામ્યો. હું સ્વતંત્ર જીવન ગુજારતો એટલે મારે મારા યોગ્ય કામ મેળવવામાં જરા મુસીબત જણાતી, પણ મુંબાઈના મિત્રો તેમજ કેટલાક પુસ્તક-પ્રકાશકોનાં ચિત્રો કરવાનાં મળતાં તેમાં મારું યોગક્ષેમ જળવાતું. કલકત્તામાં શ્રી ચાંપશીભાઈ 'નવચેતન' માસિક શરૂ કરી ચૂક્યા હતા. તેમને મેં હાજીમહમ્મદની પેઠે જ ચિત્રોની સહાય કરવા માંડી તેમજ રવિશંકર પંડિતનાં ચિત્રો પણ તેમાં આવવા માંડયાં. તેમજ 'નવજીવન'માંથી આશ્રમનું શિક્ષણકાર્ય કરતા શ્રી જુગતરામ દવેએ ગિજુભાઈની 'ચાલણગાડી'ને સચિત્ર કરવામાં ચિત્ર અને શિક્ષણનો સુંદર યોગ સાધી મને કામ સોંપ્યું. મેં અને ભાઈ પંડિતે મળી વડોદરાની કોઠારી કંપની માટે ત્રિવેદી વાચનમાળાનાં બધા વર્ગોના પાઠોનાં ચિત્રો ટાઈમ્સ ઑવ ઇન્ડિયાને કરી આપેલાં. આ રીતે પ્રજાના સંસ્કારક્ષેત્રે મારાં કામનું સુંદર મંડાણ થયું. 'ચાલણગાડી' પ્રકટ થઈ ત્યારે કાકાસાહેબે જેલમાંથી લખ્યું કે 'દસ વર્ષનું કામ થઈ ગયું.' એ 'ચાલણગાડી'માં ગાંધીજીના યુગનાં સૂત્રોને સ્વરૂપ અપાયું હતું. આમ અનેક રીતે ગાંધીયુગના વાતાવરણમાં નવગુજરાતની ચિત્રકળા પરંપરાનાં બીજ રોપાયાં.

અમદાવાદમાં મારા ચિત્રખંડમાં તો રોજ મુલાકાતો કરવા વિદ્યાર્થીઓ તેમજ ચિત્રશિક્ષકો આવ્યા જ કરતા. કેટલાક શ્રદ્ધાથી નવી વાતો સાંભળતા, કેટલાક બહાર જઈ ટીકાઓ પણ કરતા. તેમને મન સરકારી શિક્ષણમાં સર્વસ્વ દેખાતું. પણ બહારગામના જે મુલાકાતીઓ આવતા તેઓ આવી રીતે કળાશાળા કે સરકારી સહાય વિના ચિત્રકામ શીખવી શકાય છે ને સાથે પોતાનો નિર્વાહ પણ સંભાળી શકાય છે તેનું આશ્ચર્ય

અનુભવતા. આવા અતિથિઓમાં બનારસમાં ભારતકલાભવનનું નિર્માણ કરનારા શ્રી રાય કૃષ્ણદાસ, અને હિંદી કવિ મૈથિલીશરણજી ગુપ્ત જેવા આવી જતા. મૈથિલીશરણજીએ મને એવું પણ સૂચન કરેલું કે 'રાયસાહબ કી નજર આપ કી ઉપર હૈ. આપ કયોં ન આ જાય બનારસ મેં?' મેં નમ્રતાપૂર્વક કહ્યું કે હવે મારા જીવનને પાસો નંખાઈ ગયો છે. હું ગુજરાતને જ મારું સાધના-ક્ષેત્ર બનાવવાનો સંકલ્પ કરી ચૂકયો છું.

કનુ દેસાઇ

બીજી તરફ ઘર આગળ રોજ ઉત્સાહી વિદ્યાર્થીઓ તેમનો નિશાળનો સમય સાચવીને મારે ત્યાં આવી જે કામ આપું તે કરતા રહેતા હતા. એમાં કૃષ્ણલાલ ભટ્ટ આગળ વધી રહ્યા હતા, તેમ બાલુભાઈએ પણ સારી પ્રગતિ બતાવી હતી. એવામાં એકાએક એક દિવસ કનુ દેસાઇને કોઈ મારી પાસે લાવ્યું. આ તરુણની ચિત્રકામ એક પ્રિયમાં પ્રિય ધૂન હતી એમ મેં જોયું, પણ સારાં ચિત્રોના અભાવે તેણે ફિલ્મોનાં નટ-નટીઓની છબીઓ ચીતરી તેને રંગીન પીછાંઓના શણગારની ફ્રેમો આપી હતી. તેનો જીવન-પરિચય બહુ કૌતુકભર્યો હતો. ભરૂચમાં પિતા બીમાર હતા અને માતાનું અવસાન થતાં બે ભાઈ અને બહેન સાથે અમદાવાદમાં મામાને ઘેર રહી સૌ ઊછરતાં ભણતાં હતાં. અમદાવાદની જાણીતી શાળા પ્રોપ્રાએટરી હાઈસ્કૂલના માલિક, જાણીતા શિક્ષણશાસ્ત્રી ને અગ્રણી નાગરિક બલવંતરાય ઠાકોરના ભાણેજ તે તેના મામા થતા. તેઓ કનુના આ ચિત્ર-ચવિત્રાં પર ખૂબ ચીડાતા. આથી તેમની નજરે ન પડે એમ કનુભાઈ પોતાની ચિત્રપોથીઓ સંઘરી રાખતા. મને યાદ છે તે પ્રમાણે એક રાતને વખતે કોઈ મિત્ર સાથે તે આવીને મને મળેલા. એનું કામ જોઈ હું ખુશ થઇ ગયો અને રોજ આવવા કહ્યું.

તેને તો જાણે ગોળનું ગાડું મળી ગયું લાગ્યું. તે મારા આપેલા પાઠો અને સૂચના પ્રમાણે નિષ્ઠાપૂર્વક રોજ કામ કરતા. આથી પ્રત્યક્ષ પર બહુ ઝડપથી તેનો હાથ ચડી ગયો. તેણે મારું અનુકરણ કરી સ્કેચબુકો બાંધી અને પહેલી જ સ્કેચબુક મહિનામાં ૧૦૮ પાનાંની ભરી બતાવી! તેમાં વિવિધ માણસો, મિત્રો, શિક્ષકોના સ્કેચો ઘસડેલા હતા. રંગપેટી કે પીછીઓનાં ખર્ચ પરવડે એવા આમાંના કોઈ વિદ્યાર્થીઓ નહોતા, પણ શાહી અને પેન્સિલનું એમનું કામ ઝપાટાબંધ ચાલ્યું.

કનુ દેસાઇનો એક અંગત શોખ હતો. દર અઠવાડિયે સિનેમાવાળા જે અંગ્રેજી કે અમેરિકન નવી ફિલ્મ લાવે તેની સાથે તેની વાર્તાના કથાસારનાં અંગ્રેજી લખાણ તથા સચિત્ર પ્રચારસાહિત્ય આવતું, તે એમને બહુ ગમતું. એ વખતે બોલતી ફિલ્મો હજી થઈ નહોતી, એટલે ફિલ્મ જેમ ચાલતી જાય તેમ, તેનાં ટાઇટલોમાં આવતા કથાતંતુ તથા સંવાદો અનુસાર એકાદ માણસ ફિલ્મનું કથાનક થીએટરની ગૅલેરીમાંથી મોટા અવાજે પ્રેક્ષકોને સંભળાવતો જતો. એવા બોલનારાઓમાં ધૂળિયા નામે એક વાકચતુર યુવાન સાથે કનુ દેસાઈ એ દોસ્તી સાધેલી. દર અઠવાડિયે એ ધૂળિયાની સમજ માટે ફિલ્મનું રિહર્સલ થાય ત્યારે કનુભાઈ પણ એ ફિલ્મ મફત જોઈ આવે. આથી તેના મગજમાં ગતિમાન ચિત્રોની કલ્પનાઓ ઊભરાતી હશે, ભાવો ને અભિનયોની વિવિધતાની છાપ પણ પડતી હશે. એ બધાથી ભરપૂર બનેલો આ વિદ્યાર્થી દિવસે તો મામાની ધાકથી મારે ત્યાં આવી ન શકતો, પણ રોજ રાત્રે આવે ને કામ બતાવી સુધારા કરવાનું સમજી લે. આમ રોજ એકલો મળવા આવવાથી ને તેની રમૂજી વાતોથી તે મારા ઘરમાં એક સર્વપ્રિય કિશોર બની ગએલો, અને મારા ઘરમાં જન્મેલા મારા સૌથી નાના પુત્રનું નામ અમે કનુ પાડેલું. પણ બે કનુના ભેદ જાળવવા મારા પુત્રને અમે કની કહેતા.

બલવંતરાય ઠાકોરની પ્રોપ્રાએટરી હાઈસ્કૂલ ગાંધીજીના અસહકારના આદેશ પર સૌપ્રથમ મુંબાઈ યુનિવર્સિટીથી છૂટી પડીને ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાઈ, અને તેમાંથી વિનીતની પરીક્ષા પાસ કરી કનુ





રવિશંકર પંડિત
જમણી બાજુ:
કનુ દેસાઈ – એ કાળે
(સ્કેચ: ર. મ. રા.)

દેસાઈ વિદ્યાપીઠના ચિત્રવર્ગોમાં જોડાયા. ત્યાં ચિત્રકામ પહેલી જ વાર એક વિશિષ્ટ અભ્યાસક્રમ તરીકે સ્થાન પામ્યું હતું અને તેના વર્ગ સંભાળવા શ્રી દત્તાત્રેય માહુલીકરે ઘણે ભાગે રૂ. ૧૦૦ના પગારે સ્વીકાર્યું હતું. તેમણે વડોદરા કલાભવનમાં ચિત્રકામની તાલીમ લીધી હતી, પણ ધંધા ખાતર અમદાવાદમાં રીચીરોડ(હાલ ગાંધી રોડ)પર ફોટોગ્રાફીનો સ્ટૂડિયો રાખ્યો હતો. તે મોટે ભાગે તસવીરકાર તરીકે જાણીતા હતા. વિદ્યાપીઠમાં કામ કરતા હોઈ તેમણે એક વખત પ્રાર્થનાના સમયે ઘોડી પર કૅમેરા ગોઠવી રાખી ગાંધીજીની ધ્યાનમગ્ન છબી દૂરથી ઝડપી લીધી હતી અને છપાવી હતી. ગાંધીજીની તે કાળે તે કદાચ એક જ છબી બજારમાં મળતી થઈ હોઈ ખૂબ જાણીતી થઈ હતી.

બંગાળ-કળાનો સંપર્ક

પ્રોપ્રાએટરી હાઈસ્કૂલના સરકારી યુનિવર્સિટી સાથેના વિચ્છેદ પછી કનુભાઈએ વિદ્યાપીઠની વિનીત પરીક્ષા આપી વિદ્યાલયમાં દાખલ થયા ત્યારે ઐચ્છિક વિષયમાં ચિત્રકામ લીધું, પણ મારી પાસે તેણે ચિત્રકામની જે સૃષ્ટિ જોઈ હતી તેની જરા પણ કલ્પના કે હવા ત્યાં માહુલીકરના વર્ગોમાં મળતી નહોતી, એટલે મન બેસતું નહે'તું. છતાં તેણે આકૃતિના પાઠો અને નકલોની શરતો પાળવા ઉપરાંત હવે આપમેળે સીધેસીધા માનવ પાત્રોના સ્કેચ લેવા માંડયા. ત્યાંના કલાચાહક પ્રો. મલકાની, પ્રો. કૃપાલાની, ડૉ. હરિપ્રસાદ વગેરેએ કનુ દેસાઈની આ ધૂન જોઈ ને તેના માટે, મારા અભિપ્રાય ઉપર જ, ચિત્રકળાનો વિશેષ અભ્યાસ કરવા છાત્રવૃત્તિ આપવા સેનેટમાં ઠરાવ મૂકયો. એ કાળે બંગાળમાં શાંતિનિકેતનમાં કલાગુરુ નંદલાલ વસુની સાધનાથી ત્યાંનો ચિત્રવર્ગ જે વિખ્યાત બની તેજમાં આવ્યો હતો, ત્યાંનો વિચાર થયો. ત્યાંના પુલિન બિહારી દત્ત શેઠ અંબાલાલ સારાભાઈની રિટ્રીટ શાળા છોડીને મુંબાઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં જોડાયા પછી એમને ત્યાં શાન્તિનિકેતનના બે-ત્રણ શિષ્ટ કલાકારો સર્વશ્રી શાસ્ત્રી, દેવ-વર્મન અને માસોજી જેવા આવી ગએલા. તેમની સાથે એવી શરત રહેતી કે તે ગુજરાતમાં કોઈ પણ સંસ્થા કે વ્યક્તિ કે વર્તમાનપત્રના સંપર્કમાં આવી શકે નહિ ને અન્ય જનોને તેમની વિદ્યાનો લાભ મળે નહિ. એટલે કનુ દેસાઈ ને બે વર્ષ માટે શાંતિનિકેતનના અભ્યાસ માટે માસિક રૂ. ૧૦ની સ્કોલરશિપથી મોકલવાનો ઠરાવ થયો. અતિશય વિત્ત-તંગી ભોગવતા છતાં કનુ દેસાઇએ હિંમતપૂર્વક એ અજાણ્યા લોકસમુદાયમાં પહોંચવા બિસ્તર બાંધ્યો. એને સહારો અને સહાય આપવા કલકત્તામાં 'નવચેતન'ના તંત્રી મારા મિત્ર શ્રી ચાંપશીભાઈએ બાંહ્યધરી લીધી, એટલે કનુ દેસાઈ ને તો શાંતિનિકેતનથી નજીક કલકત્તામાં ચાંપશીભાઈ ને ત્યાં પિયર મળ્યા જેવું થયું ને એ બંને વચ્ચે ખૂબ સ્નેહ જામ્યો. તેના ત્યાં જવા પહેલાં બે વર્ષ અગાઉ



વિનાયક માસોજી



પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

અમદાવાદના નગરશેઠ પરિવારનાં કુમારી શ્રીમતી હઠીસિંગ પણ ત્યાંનાં વિદ્યાર્થિની બન્યાં હતાં ને ચિત્ર, સંગીત તથા નૃત્યમાં નામના મેળવી હતી.

કનુ દેસાઈને ત્યાં ખર્ચની તંગી અને સાધનોના અભાવે કઈક ટંક જમવાનું છોડવું પડેલું, છતાં અભ્યાસની તેનામાં કોઈ અજબ મસ્તી હતી. તેને વિષે ત્યાંના વિદ્યાલયના આચાર્ય ક્ષિતિમોહન સેને મને કહેવાડવ્યું કે નંદબાબુ કહે છે કે 'તમે ગુજરાતનો એક ઉત્તમ વિદ્યાર્થી અહીં મોકલી આપ્યો છે.' કનુ દેસાઈએ અમદાવાદ છોડતાં પહેલાં 'કુમાર'માં મેં 'અબોલા રાણી'ની વાર્તા માટે સૌપ્રથમ છાયાચિત્રનો પ્રયોગ કરેલો, તે તેણે હાથ કરી એક-બે ચિત્રો કરેલાં, જે 'કુમાર'માં પ્રસિદ્ધ પણ થએલાં. તે પછી પ્રત્યક્ષ દર્શનથી વાસ્તવિકતાનું અવલોકન કરી ચિત્ર કરવાના પ્રસંગો શોધવાની તેણે ટેવ પાડી હતી. શાંતિનિકેતનમાં વિરલ વિદ્યાર્થીઓ જ ઉત્તમ ચિત્ર-નિર્માણ કે સારું સદ્યચિત્ર (સ્કેચિંગ) કરી શકતા. તેથી કનુ દેસાઈએ છાયાચિત્રોમાં ત્યાં જે વિશાળતાભર્યા ચિત્ર-પ્રસંગો કરવા માંડ્યા તેની ત્યાં બહુ સારી છાપ પડી. જેમજેમ એ ચિત્રો થતાં ગયાં તેમ તે પ્રથમ 'કુમાર' દ્વારા ગુજરાતને મળવા માંડ્યાં.

ફોટોગ્રાફી કળા તરીકે

કનુ દેસાઈની વિદાય પછી, અહીં તે સતત નવી રમૂજો આપી વાતાવરણને જે રમતું રાખતા તેની ખોટ બધાને લાગતી. પણ મારા ખંડમાં ચાર-પાંચ વિદ્યાર્થીઓ કામ કરતા જ રહ્યા. બાલુભાઈ ભટ્ટ હવે તેના કૉલેજના અભ્યાસ સાથે ફોટોગ્રાફીનાં બધાં ક્ષેત્રોની ચર્ચા કરવા માંડી. મેં એક-બે સાદા કૅમેરા દરેક જણને જોઈએ ત્યારે વાપરવા છૂટા રાખ્યા હતા. સામાન પણ સસ્તો મળતો હતો. કોઈ પણ ફિલ્મ આઠ આનાની અથવા કાચ-પ્લેટનું ૩ × ૪ ઇંચ સાઈઝનું બૉક્સ બાર આનામાં મળતું. ડાર્કરૂમમાં પ્લેટ, કાગળો અને દવામિશ્રણોનો ભરપૂર સ્ટૉક રહેતો. દરેક જણ જે માપ ને પ્રમાણ લે તેની નોંધ રાખે અને એટલો જ ખર્ચ તેના ઉપર પડતો. આમ જે ચાહે તેને ફોટોગ્રાફી શીખવાની તક મળતી. એથી તો ચિત્રકારો ઉપરાંત 'કુમાર કાર્યાલય'ના કૉમ્પોઝીટરો-કારકુનો પણ ફોટોગ્રાફીના નાદે ચડયા.

સોમાલાલ શાહ

કનુભાઈના શાંતિનિકેતન ગયા પછી મારી ચિત્રશાળામાં જરા મંદીનું મોજું ફરી વળ્યું, પરંતુ એ જ અરસામાં કપડવણજથી ભાઈ સોમાલાલ શાહ કૉલેજનો અભ્યાસ કરવા અમદાવાદ આવ્યા. એ રાયપુર દરવાજા બહાર ખડાયતા બોર્ડિંગમાં રહેતા. કોઈ ચિત્ર-વિદ્યાર્થી પાસેથી એમને મારા ખબર મળતાં તે એક દિવસ પોતે કરેલાં ચિત્રો લઈને મારી પાસે આવ્યા. એમના થોકબંધ કામમાં આલેખન જરા નબળું હતું, પણ રંગનો વૈભવ જોઈ મને બહુ જ આનંદ થયો.

આલેખન હાથ ચડવું જેટલું સરળ છે તેટલી જ રંગાવટ કે વર્ણાઢયતા ચિત્રકારમાં આવવી વિરલ બને છે. રસ્કિનના પુસ્તક 'એલિમેન્ટ્સ ઑવ ડ્રૉઇંગ'ની પ્રસ્તાવનામાં મેં વાંચેલું કે Every child that can be taught to write can be taught to draw (જો દરેક બાળકને લખતાં શીખવી શકાય તો આલેખનના પાઠો પણ આપી જ શકાય). તેમની પણ માન્યતા હતી કે 'કલરિસ્ટ'—રંગનિષ્ણાત કલાકાર મળવો મુશ્કેલ છે. આ બંને વાતો મેં વિદ્યાર્થીઓ પર પ્રયોગ કરી સ્વીકારી લીધી હતી; તેથી સોમાલાલનો મેળાપ મને કોઈ ઘટના-



સોમાલાલ શાહ

પ્રકાર લાગ્યો. તેમના કૉલેજના અભ્યાસના કારણે તે નિયમિત પાઠ લઈ શકતા નહિ, પણ વારંવાર પોતાનાં ચિત્રો લાવી બતાવતા અને હું તે પર ચર્ચાઓ કરતો. એ વખતે ભાઈ કૃષ્ણલાલ આગળ આવ્યા હતા એટલે તેમની બંનેની મૈત્રી જામી. પણ સોમાભાઈને કોઈ સ્કૉલરશિપ મળતાં તે મુંબાઈ કળાશાળામાં જોડાયા.

પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય


દરમિયાન એવું બન્યું કે વડોદરાની ઓરીએન્ટલ કૉન્ફરન્સના કલાવિભાગના અધ્યક્ષપદેથી કલાવિવેચક ક્યૂરેટર નાનાલાલ ચમનલાલ મહેતાએ આપેલા વ્યાખ્યાનથી પ્રભાવિત થઈ ત્યાંના રાજવી સયાજીરાવ મહારાજાએ ત્યાંના કલાભવનમાં ભારતીય કળાનું શિક્ષણ દાખલ થાય એવો સંકલ્પ જાહેર કર્યો. તેના પરિણામે ડૉ. જેઈમ્સ કઝિન્સની ભલામણથી વિઝાગાપટમની કલાશાળાના આચાર્ય પ્રમોદકુમાર ચૅટરજી વડોદરા આવ્યા. પરંતુ વડોદરાના ચિત્રશિક્ષકોએ એવી હવા ફેલાવી કે આ તો યુરોપી કલાપ્રણાલીના શેઈડ-લાઈટ, પરપેક્ટિવ આદિનો અભ્યાસ ભુલાવી વિદ્યાર્થીઓને આડે રસ્તે વાળવાનો તરીકો છે. આથી પ્રમોદબાબુના વર્ગમાં વડોદરાનો કોઈ વિદ્યાર્થી આવ્યો નહિ. અંતે કોઈના કહેવાથી તેમણે મને પોતાની નિરાશાનો પત્ર લખ્યો. હું વડોદરા ગયો અને તેમની આવડત તથા ચિત્રો જોઈ પ્રભાવિત થયો. ખરી રીતે તે અવનીન્દ્રનાથના નહિ પણ ત્યાંની સરકારી કલાશાળાના આચાર્ય પર્સી બ્રાઉનના હાથ નીચે પાશ્ચાત્ય શૈલીનો સારો અભ્યાસ પામ્યા હતા; છતાં સમજપૂર્વક તેમણે ભારતીય રેખાલાલિત્ય અને સાફ રંગપૂરણી હાથ કરી ભાવનાત્મક ચિત્રો કર્યા હતાં. એ ચિત્રો લઈ હું અમદાવાદ આવ્યો, સર ચિનુભાઈના પરિવારમાં તે બતાવ્યાં ને ગુજરાતને આંગણે આવેલા આવા સન્નિષ્ઠ ચિત્રગુરુ પાસે એક બે વિદ્યાર્થી મોકલવા તેમને સમજાવ્યા. તેમણે પ્રમોદબાબુનાં થોડાં ચિત્રો ખરીદ્યાં (એક જુઓ આ અંકમાં), અને કૃષ્ણલાલ માટે માસિક રૂ. ૧૦ની છાત્રવૃત્તિ મંજૂર કરી.

આ પછી મુંબાઈથી રજામાં આવેલા સોમાલાલને પણ પ્રમોદબાબુનાં ચિત્રો બતાવી ગુજરાતમાં આવેલા આવા સારા કલ્પક શિક્ષકની દીક્ષા લેવા કહ્યું. તે પણ મુંબાઈની કલ્પનાશૂન્ય ઘૂંટણ-રીતિઓથી કંટાળી ગએલા, એટલે મારી વાત માની. પરિણામે પ્રમોદબાબુનો વર્ગ મંડાયો. નડિયાદથી ભાઈ કાન્તિલાલ દવે પણ ગયા અને ચરોતરના ભાદરણવાસી ગોરધનભાઈ પટેલ પણ ત્યાં જોડાયા. પ્રમોદબાબુ કૃષ્ણલાલ ને સોમાભાઈ ઉપર હમેશાં ચારે હાથ રાખી શીખવતા. મેં તેમનાં ચિત્રો વેચાવી આપેલાં તેનું કમિશન તેમનો આગ્રહ છતાં મેં ન સ્વીકાર્યું, તે એમણે એ બંને વિદ્યાર્થીઓને વહેંચી આપ્યું. એ બે નવા શિષ્યો માટે પ્રશંસાપૂર્ણ અને આભારદર્શનના લાંબા પત્રો મને તે લખતા. 'કુમાર'ના છઠ્ઠા વર્ષના—ઈ. ૧૯૨૯ના પહેલા અંકમાં સોમાલાલનું પહેલું જ 'ફુલ-બાલા' ચિત્ર પૂર્ણ રંગમાં પ્રકટ થયું છે. ત્યાર પછી તો કૃષ્ણલાલનાં ચિત્રો પણ આવવા લાગ્યાં. હું પ્રસન્ન થતો. ગુજરાતમાં પ્રજા આગળ મુકાય એવાં સુરેખ અને ભાવનાયુક્ત ચિત્રોની માળા સરજાઈ. (ચાલુ)



ફૂદડી

[illegible]



રામવિવાહ
ચિત્રકાર · વાસુદેવ સ્માર્ત

[ઉત્તરપ્રદેશ રાજ્ય 'શ્રી તુલસી માનસ ચતુર્શતી સમારોહ સમિતિ' દ્વારા લખનૌમાં આયોજિત 'અખિલ ભારતીય શ્રી તુલસીદાસ એવં શ્રી રામકથા કલા પ્રદર્શન-૧૯૭૩'માં રૂ. ૫૦૧)નો દ્વિતીય પુરસ્કાર તથા પદ પામેલા ચિત્રનું રેખાંકન]

ચિત્રકારના જ શબ્દોમાં કહીએ તો 'રામચરિત માનસના બાલકાંડમાં તુલસીદાસે રામચંદ્રજીના લગ્નોત્સવનું જે રોમાંચક અને અદ્ભુત વર્ણન કર્યું છે તેના ભાવ, કલ્પના, ઐશ્વર્ય ને દિવ્યતાને ચિત્રમાં ઉતારવાં અત્યંત કઠિન છે' છતાં આ ચિત્રમાં એમણે અનેકવિધ શોભનો અને શુભ સંકેતોથી આભૂષિત લગ્નમંડપને ચિત્રમાં કેન્દ્રસ્થાને રાખી તેમાં અગ્નિદેવની સાક્ષીએ રઘુકુલ શિરોમણિ ભગવાન રામચંદ્રને જનકનંદિની સીતાજીના સેંથામાં સિંદુર પૂરતા બતાવીને તેની આસપાસના મંત્રોચ્ચાર કરતા ઋષિમુનિઓ, આશીર્વાદ આપતો દેવગણ, આરતી ઉતારતી શુકનવંતી નારીઓ, શંખ નગારાં અને ઘંટના નાદ કરતા પરિજનો, ગાયકો, વાદકો, પાલખીમાં આવતા વંદનીય પુરુષો, અલંકૃત હાથી અને પતાકાયુક્ત રથની આવનજાવન ઈત્યાદિ આલેખીને લગ્નોચિત હર્ષોલ્લાસથી ધમધમતા વાતાવરણને અતિ સુંદર રીતે વ્યક્ત કર્યું છે.

ગુજરાતમાં ફોટોકલાનાં પચાસ વર્ષ

લેફ. કર્નલ **બલવન્ત ભટ્ટ**

'કુમાર'ના આ ૬૦૦મા અંક સાથે બરાબર અર્ધી સદીની એની મજલ પૂરી થાય છે. પચાસ વર્ષના આ ગાળામાં જગતમાં કેટકેટલું અવનવું બની ગયું! આ બધાંનાં પ્રતિબિંબ પાડતી અનેકવિધ વાચનસામગ્રી સાથે ગુજરાતમાં કલાનો રસ અને સમજ પ્રકટાવવા-પ્રસારવામાં એનો જેમ અગ્રગણ્ય ફાળો છે, તેમ કલામય ફોટોગ્રાફી અંગેનાં રસ-સમજ વધારવામાં પણ એની દેણગી અગ્રિમ અને આગવી છે. અલબત્ત, 'કુમાર'નો પ્રારંભ થયો ત્યારે એ ફોટોગ્રાફી અજાણી નહોતી, પણ તેનો પ્રસાર લગભગ ધંધાદારી વર્તુળ પૂરતો મર્યાદિત હતો. વળી એક ટેકનિકલ વિષય તરીકે પણ આ અરધી સદીમાં ફોટોગ્રાફીનો ઘણો વ્યાપવિકાસ થયો. વાચકોને એનાથી જ્ઞાત રાખવા સાથે ફોટોગ્રાફી એક આગવી કલા પણ છે તેવો ખ્યાલ ગુજરાતમાં પ્રકટાવવાનો પ્રયત્ન 'કુમારે' સતત જારી રાખ્યો છે. ગુજરાતમાં છેલ્લા દાયકાઓમાં ખ્યાતિ પામેલા ફોટોકલાકારોના ઘડતરમાં, જેમ ગુજરાતના અગ્રગણ્ય ચિત્રકારોને તૈયાર કરવામાં છે તેમ, 'કુમાર'ના સંસ્થાપક શ્રી રવિશંકર રાવળનો મોટો હિસ્સો છે. અંગત રીતે એમણે ફોટોકલાકારોને પ્રેરણા અને સમજ આપી છે તેમ 'કુમાર' દ્વારા તેના વિશાળ વાચકવર્ગમાં પણ તેનો રસ પ્રકટાવ્યો છે. ગુજરાત બહારના ફોટોકલાકારો તથા તેમના કસબનો પરિચય આપવાનું પણ 'કુમાર' દ્વારા તેઓ ચૂકયા નથી. આ ક્ષેત્રમાં ગુજરાતમાં—અને ઘણા સુજ્ઞજનોના મત પ્રમાણે ભારતભરમાં 'કુમાર'ની તોલે આવે એવું અન્ય કોઈ સામયિક નથી એમ તેના આ પચાસ વર્ષના છસો અંકો જોતાં અતિશયોક્તિભર્યું નથી લાગતું. એમ કહી શકાય ખરું કે અન્ય દેશોની સરખામણીમાં તેનાં સાધનોની ખેંચ તેમજ તેના ખર્ચાળપણાને કારણે આ વ્યાસંગના ક્ષેત્રમાં આપણે—એટલે કે ગુજરાતીઓ કદાચ પાછળ છીએ, પણ 'ફોટોકલા'ની દૃષ્ટિએ આપણી દેણગી કંઈ કમ તો નથી જ.



પરોઢ (ફોટો : કે. બી. ઓપકર) દૂર પર્વત પર ઢળતાં વાદળની પાછળના આકાશ સુધીના અંતર અને તળેટીના ઊંડાણને ચિત્રસંયોજન અને તેજછાયાના સપ્રમાણ પલટા વડે ઉઠાવ આપતું આ દૃશ્ય, ચિત્રકારને હાથે બની શકે એટલું જ સુંદર ફોટોચિત્રની આ એકરંગી છાપમાં પણ બન્યું છે. ચિત્રના અગ્રભાગમાં દેખાતી કેડીની વાડ પરની તેજરેખા સાથે દૃશ્યમાં પ્રવેશતી નજર નજીકના મોટા વૃક્ષ પર ચડી દૂરના વાદળ પર ભૂસકો મારી ફરી ચિત્રના કેન્દ્રસ્થાને ઊતરીને સમગ્ર પટને આવરી લે છે. ફોટોચિત્રમાં જેને ફ્રેમિંગ કહે છે તેનો આગળનાં વૃક્ષો દ્વારા સુંદર ઉપયોગ થયો છે.

નદીનો પટ (ફોટો : સુરેન્દ્ર પટેલ) નીચે ડાબી બાજુના આ ચિત્રમાં પાણી પર જ પ્રતિબિંબિત આકાશની તેજરેખાઓ નજરને પકડી રાખે છે. આગળની છાપરીઓ અને પનિહારીઓ ચિત્રને ઊંડાણ આપે છે તો જેના પર ગાડું ઊભું છે તે જમીનનો અણિયાળો ટુકડો, છાપરીઓ અને જમણી તરફની આછી ઝાડી નજરને કેન્દ્ર પ્રતિ દોરે છે. કૅમેરાની સામી દિશામાંથી આવતો પ્રકાશ સમગ્ર દૃશ્યની વિગતોને વધુ સુંદર ઉઠાવ આપે છે. જમણી બાજુ: **ખેતરની વાડ** (ફોટો : ચંદ્રકાન્ત બી. પટેલ) વિશાળ ખુલ્લા પટ પર ખોડાએલી વાડ નજરને છેક ક્ષિતિજ સુધી લઈ જઈ તે પછીના અંતરનું પણ સૂચન કરે છે, પણ દૃષ્ટિને ચિત્રવિસ્તારની બહાર જતી રોકવા સાથે જમણી તરફનું વૃક્ષ અને ડાબી તરફનું વાદળ ચિત્રમાં પ્રાણ પૂરે છે. સીધા સારા આ દૃશ્યચિત્રમાં વાડની વંકાતી રેખા જ રસ પૂરે છે.







એકલપ્રવાસી (ફોટો : અશ્વિન મહેતા) ડાબી બાજુના આ ચિત્રની ખરી ખૂબી વાદળછાયા આકાશની વિશાળતામાં છે. તેના તેજભાર સામે છાયાચિત્ર રચતાં વૃક્ષો અને એ બેની વચ્ચે દેખાતો કિશોર ભાર-સામ્ય રચવા સાથે દૃશ્યની વિશાળતાને ઊપસાવે છે. નીચે : **ગાડીની રાહ** જોતા રેલવે પ્લૅટફૉર્મ પર બેઠેલા વહોરાજીને સ્વ. મફતલાલ દૂધિયાએ સુંદરતાથી ઝડપ્યા છે. પ્લૅટફૉર્મ પરના તડકા ને પાત્રની નજર સાથે ચિત્ર બહાર દોડી જતી જોનારની નજરને લોખંડી થાંભલો, પાછળના ઊભા સળિયા ને સામાનની થપ્પી તથા પાત્રની બેઠકની અદા ચિત્રપટ પર જ રોકી દે છે. તેજછાયાના પ્રમાણભાર અને સંયોજનનું ઉદાહરણ. જમણી બાજુ નીચે : **ત્રિકોણમાં ત્રિકોણ** (ફોટો : આનંદ પ્રા. પટેલ) નદીના પટમાં સાડી સૂકવતાં પાત્રોની દેહભંગિનો સુંદર ઉપયોગ કરીને સુંદર સંયોજન. આકાશના ખુલ્લા વિસ્તારને પુરુષના દેહ દ્વારા આવરી લેવા સાથે સુંદર ફ્રેમિંગ રચીને ચિત્રના ઊંડાણને ઉપસાવવાની દૃષ્ટિ ચિત્રને માત્ર ફોટોના બદલે ફોટોચિત્ર બનાવે છે.

વ્યાવસાયિક ફોટોગ્રાફીથી આગળ વધી કલાવ્યાસંગ તરીકે તેનો વિકાસ સાધી ગુજરાતે પણ મોટી સંખ્યામાં સુંદર કલા-કૃતિઓ સરજી છે એટલું જ નહિ, પરદેશમાં પણ નામના મેળવી છે.

પરદેશીના અનુકરણમાં સરી પડેલી ચિત્રકલામાં ભારતીય અંશોનું મહત્ત્વ સ્થાપી, ગુજરાતમાં તે પ્રત્યે નવો રસ અને ઉત્સાહ પ્રકટાવી આજના અનેક નામી ગુજરાતી ચિત્રકારોના ઘડતરનો પુરુષાર્થ ખેડી ખરા અર્થમાં 'કલાગુરુ' પદ પામેલા શ્રી રવિશંકર રાવળે ફોટોકલાકારોની પણ એક પેઢી ઊભી કરી હતી. ચિત્રરસિયાઓની પેઠે નવલોહિયા ફોટોકલા-શૉખીનોનું પણ એક વૃંદ એમની પાસેથી તેમજ 'કુમાર'માં પ્રકટ થતી રહેતી સુંદર ફોટોકૃતિઓ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પામતું રહેતું. બીજી બાજુ 'કુમાર'નો વાચકવર્ગ પણ આ નવી કલાનો રસ અને સમજ મેળવતો હતો. આનું ફળ આજના નામી ગુજરાતી ફોટોકલાકારોની સંખ્યા અને એમની સુંદર કૃતિઓના બહોળા ફાલમાં પ્રકટ થાય છે. ગુજરાતની ફોટોકલાના એ ફાલની અનેકવિધ વાનગી 'કુમાર'ના અંકોમાં સંઘરાએલી જોવા મળે છે.

પાંચ દાયકા પહેલાં ગુજરાતમાં આ સ્થિતિ નહોતી. અલબત્ત, મુંબાઈ–અમદાવાદ જેવાં શહેરોમાં તારાપોરવાલા, ગુરુદાસ





માને સાદ (ફોટો : પ્રાણલાલ પટેલ) પંખીના આ બચ્ચાની આંખ અને ચાંચ પરની ચમક ચિત્રને સજીવતા આપે છે, તો એનાં પીછાંની કુમાશને પાછળની સપાટ દીવાલ ઉઠાવ આપે છે. એના પરના પડછાયા દીવાલની એકવાક્યતા તોડવા સાથે મનહર ભાત પેદા કરે છે. ▷





ધોળી બિલાડી (ફોટો : હેમેન્દ્ર શાહ) વિષય તો સામાન્ય છે પણ છાપરાં પરનાં નળિયાંની હાર અને વંડીના મથાળાની રેખાઓ દ્વારા યોગ્ય સંયોજન રચી ફોટોકલાકારે જોનારની નજરને બિલાડી પર જ કેન્દ્રિત કરવાની ખૂબી દર્શાવી છે.

ભાવનગરી, કવડે વગેરે જેવા કેટલાક જાણીતા અને નિષ્ણાત વ્યવસાયી ફોટોગ્રાફરો હતા. ગ્રાહકો પાસે માત્ર હસતું મોં રખાવી બાકીનું બધું પોતે સંભાળી લઈ સુંદર 'બસ્ટ', 'કપલ-પોઝ', કે 'ગ્રૂપફોટો'

નીચે ડાબી બાજુ: **નવરાશની વેળા** (ફોટો : શ્રીદામ ભટ્ટ) બપોરની નિરાંતની વેળાએ આંગણામાં ઝાડને છાંયે બેઠેલી ગ્રામનારીના આ લાક્ષણિક ફોટોચિત્રમાં ઝાડનો છાંયો ન હોત તો ઘરની ધોળી ભડક ભીંત આંખને આંજી દેત. પણ ફોટોકલાકારને તેનો ખયાલ છે જ. ઝાડનું થડ છાપરાનો ઢાળ ને ખાટલાનાં ઈસઉપરાંની રેખાઓ ચિત્રમાં બરાબર યોગ્ય સ્થાને નજરને દોરી જાય છે. લાક્ષણિક ગ્રામજીવનનું એક બહર ફોટોચિત્ર. જમણી બાજુ: **સ્તનપાન** (ફોટો : સી. એમ. પટેલ). માના વાત્સલ્યને સુંદર રીતે રજૂ કરતા આ ચિત્રમાં માતાની બેઠકનું ત્રિકોણાકાર સંયોજન પાછળના છાપરાના ઢાળ તથા વંકાએલા વૃક્ષની રેખાથી વધુ ઉઠાવ પામે છે. માની નજર ને તેના નાકની દાંડી સાથે નીચે ઢળતી જોનારની નજર બાળકના દેહ પર થઇને માના ઊંચકાએલા ડાબા હાથ પર થઈ ખભા પર ફરી વળી એક વર્તુળ પૂરું કરી ચિત્રવિષય પર કેન્દ્રિત થાય છે.













મથાળે: **ધરતીના ચાસ** (ફોટો: ડી. ડી. એન્જિનીઅર) ચાસે ચાસે જોનારની નજરને વળાંક આપી કેન્દ્રસ્થાને દોરી લાવતા આ ચિત્રમાં ત્યાં જો બળદ ને ખેડૂત ન હોય તો? તેજછાયાના સૌથી ઊજળા ને સૌથી ઘેરા ભાગ પણ ત્યાં જ છે. આમ, ખેતરના મોટા પટના અને ચાસલીટાના ભારને ફોટોકલાકારે સમતોલ બનાવ્યો છે. મથાળે જમણી બાજુ: **ભાગોળ** (ફોટો : જગન મહેતા) એક તરફથી આવતા સૂર્યપ્રકાશ અને તેથી પડતા પડછાયાનો સુંદર ઉપયોગ કરી, આગળના વૃક્ષ વડે ફ્રેમિંગ કરી, નજીવા પાત્રો દ્વારા અહીં ઊંડાણભર્યું સુંદર ચિત્રસંયોજન થવા સાથે ભાગોળની લાક્ષણિકતા પણ અસરકારક બની છે. થડ અને છાપરાની રેખા નજરને ચિત્ર પર કેન્દ્રિત રાખે છે. નીચે ડાબી બાજુ: **કોણાર્કનો હાથી** (ફોટો: એ. એલ. સૈયદ) નજીકથી અને સહેજ નીચેથી ઝડપીને ફોટોકલાકારે આ શિલ્પના કદને વ્યક્ત કરવા સાથે એને આસપાસનાં સ્થાનથી ચતુરાઈપૂર્વક અલગ પાડ્યું છે, તો ત્રાંસા સૂર્યપ્રકાશથી પડતી તેજછાયાનો યોગ્ય ઉપયોગ કરી શિલ્પની ખૂબીઓ ઊપસાવી છે. જમણી બાજુ: **ચેરીનાં ફૂલ** (ફોટો: બી. બી. ફનીબંદા) આકાશની પશ્ચાદ્‌ભૂ, ડાળ-પાંદડાં પર પડતી છાયા અને ઉપરથી આવતા પ્રકાશનો સુંદર ઉપયોગ કરી ફૂલની નજાકતને મનભર રીતે ઊપસાવી છે.

તેઓ પાડી આપતા. સામાન્ય જનતા મેળામાં ઊભાઊભ ફોટો પડાવીને રાજી થઇ જતી. કોઈ ભક્તજન વળી માતાના ચરણ પાસે પોતાના જ હાથમાં પોતાનું મસ્તક ધરી બેઠા હોય કે કોઇ રસિકજન વિમાન કે મોટરમાં બેઠા હોય તેવી કારીગરીવાળો ફોટો લેવડાવીને રાચતા. નવા ડિગ્રીધારીઓ પણ ગાઉન પહેરી, હાથમાં સર્ટિફિકેટનું ભૂંગળું રાખીને અચૂક ફોટો લેવડાવતા. નવદંપતીના









આ ચારે ફોટોચિત્રોમાં વિવિધ ટેકનિકના પ્રયોગ છે. મથાળાના પહેલા ચિત્ર **ઉડ્ડયન** (ફોટો : દત્તા ખોપકર)માં દૂરનાં ઊડતાં પંખી, ભૂમિ અને વાદળમય આકાશની ચાર જુદીજુદી નેગેટિવનો ઉપયોગ કરેલો છે. બીજા **ગંગાનો ઘાટ** (ફોટો : સી. જે. શાહ)માં સોલરાઇઝેશનો ડાર્ક રૂમનો કસબ વાપરી ચિત્રને ફોટોના બદલે ગ્રાફિક ચિત્ર જેવી અસર આપીને તેને વધુ ચોટદાર બનાવ્યું છે. ડાબી બાજુ છેડેના ચિત્ર **કાગડા** (ફોટો - એન. જે. ઊનવાલા)માં ટોન સેપરેશનના ક્રીમિયા વડે એક જ કાગડાની બે નેગેટિવો ને ત્રીજી આકાશની નેગેટિવનો સુંદર સમન્વય કરેલો છે. બાજુનું ચિત્ર **કાળીની રાણી** (ફોટો : જે. એન. ઊનવાલા) તો બહુ ખ્યાત બનેલું ચિત્ર છે. ચિત્રના મુખ્ય આકર્ષણ રૂપ ગંજીપાની રાણી તરીકે જીવંત પાત્ર મૂકવા સાથે એક જ નેગેટિવના બે પ્રિન્ટને ચાતુરીથી જોડી ફોટોગ્રાફીની કલા ને કૌશલનો તેમાં સુંદર સમન્વય કરી બતાવ્યો છે.

'કપલપોઝ'ની હિંમત તો પાછળથી ઊઘડી, પણ વડીલો ને બાલગોપાલ સાથેના પરિવારનો ફોટો લેવડાવવાનો લહાવો તો સૌને લલચાવતો. સાહિત્યશોખીનોમાં હાથમાં કલમ પકડીને કે નર્મદ પેઠે લમણે કે ગાલે આંગળી ટેકવીને 'બસ્ટ' લેવડાવવાની તો એક ફૅશન હતી. પણ એક આગવી કલા તરીકે, અભિવ્યક્તિના એક માધ્યમ તરીકે ફોટોગ્રાફીનો સ્વીકાર ત્યારે થતો નહોતો. ગુજરાતમાં જ નહિ, બીજે પણ લગભગ આ જ સ્થિતિ હતી.

પણ 'કુમાર' દ્વારા એ પ્રતિ પ્રથમ અંગુલીનિર્દેશ થયો. ઈ. ૧૯૨૫ના મે માસમાં શ્રી રવિભાઇની રાહબરી નીચે 'કુમાર કૅમેરા કલબ' નામે એક નાનકડું મંડળ સ્થપાયું. અમદાવાદના કલાપ્રેમી સર ગિરિજાપ્રસાદ બૅરોનેટ, રવિભાઈ પોતે અને આ લેખના લેખક તેના આજીવન સભ્યો તથા ચિત્રકાર જગમોહન મિસ્ત્રી અને સિને-ફોટોગ્રાફર રમણિકભાઈ તોલાટ તેના આદ્ય સભ્યો હતા.

એ સમય હતો અંગ્રેજી શાસનનો. સ્વાભાવિક રીતે જ હિંદી ફોટોગ્રાફરો ત્યારે ઇંગ્લૅન્ડની સુપ્રસિદ્ધ 'રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી' તરફ મીટ માંડતા. એ સોસાએટીનાં વાર્ષિક પ્રદર્શન એ ગુજરાતી ફોટોકલાકારોનું નિશાન હતું. 'ઍમેટર ફોટોગ્રાફર' જેવા અઠવાડિક અને 'ફોટોગ્રામ્સ ઑવ ધ ઇયર' જેવા વાર્ષિકમાંથી આ મંડળ પ્રેરણા લેતું. આવાં સામયિકો અને ઉત્તમ ફોટોચિત્રો જોવા-સમજવાની તક રવિભાઈ દ્વારા મળી રહેતી તો ફોટોગ્રાફી વિષે નવતર સમાચાર ને નવાં પ્રકાશનો પ્રતિ 'કુમાર' તથા તેની અન્ય પ્રવૃત્તિઓ સાથે આરંભથી જ સંકળાએલા તેના આજના તંત્રી શ્રી બચુભાઈ રાવત અવારનવાર લક્ષ દોરવા સાથે ઉત્તમ ફોટોચિત્રોનાં કલાત્મક પાસાં ને અર્થઘન તત્ત્વો અંગે ચર્ચા કરી રસ દાખવતા. જાતે ફોટો પાડ્યા વિના પણ એમણે ગુજરાતની ફોટોકલાના વિકાસમાં આ રીતે મૂક ફાળો આપ્યો છે, એ નવી પેઢીના 'કુમાર'ના વાચકોને તો ખયાલમાં પણ ક્યાંથી હશે? 'કુમાર'ના આ બંને સર્જકોએ બીજી રીતે પણ એક સારી સેવા કરી. એ









છ તા ચાર ય છાબાચિત્રો, પણ તેના સર્જકોની કલાદૃષ્ટિનાં દ્યોતક એ ઉત્તમ ઉદાહરણો છે. મથાળે ડાબી બાજુ : **રૂપદાચી પર્ણો** (ફોટો : જે. એન. ઊનવાલા). મોટાં પાન અને કાળા પોશાકને પડછે ચહેરાની કુમાશને ઉઠાવ આપ્યો છે, તો તેજછાયાના ભારસામ્ય સાથે પાનના આકારનો સુંદર ઉપયોગ કરી મજાનું સંયોજન રચ્યું છે. જમણી બાજુ : **કાશ્મીરી યુવતી** (ટી. એફ. ગેટી). તેજછાયાના ભાર સામ્ય સાથે ત્રિકોણાકાર સંયોજનવાળી સુંદર છબિ. કપડાંના પોત ને ઘરેણાંની ચમકને પડછે ચહેરાની તાજગી ભરી કુમાશને ઉઠાવ મળ્યો છે. ડાબી બાજુ છેડે : **ઍબ્બાસી** (ફોટો : બંસી જે. રસાણી). સાડીના પોત અને તેની રંગપટ્ટીઓ વડે ચહેરાને વધુ ઉઠાવ આપ્યો છે, તો હાથનાં આંગળાંથી આરંભાઇને સાડીની કિનાર પર ચડી પાછી વળતી નજરને પાત્રના ચહેરા પર કેન્દ્રિત કરી છે. છેલ્લા ચિત્ર **ઈજન** (ફોટો : રોહિત સંઘાણી)માં સપાટ ધોળી ભીંતમાંના બારણા પાછળના છાયામય ભાગનો લાભ લઈ પાત્રને ઉઠાવ આપતી આ છબિમાં બારસાખની ઊભી-આડી રેખાઓ અને ઓઢણીની કિનાર તથા હાથના વળાંક વડે જોનારની નજરને ચિત્રવિષય પર કેન્દ્રિત કરી છે.

સમયે મુંબાઈના જહાંગીરજી ઊનવાલા, નગીનદાસ નાલાવાલા, એફ. આર. રત્નાકર કે કાલે ખંડાલાવાલા જેવા ખ્યાતનામ ફોટોગ્રાફરોનાં ચિત્રોને પરદેશી સામયિકોમાં છપાએલાં જોઈને એમનું અનુકરણ કરવામાં સરી પડતા નવયુવાન ગુજરાતી ફોટોરસિયાઓને ખાળીને 'કૃતિ જોતાં જ કર્તા પરખાઈ જાય' તેવી આગવી શક્તિ પ્રકટાવવા પ્રેર્યા હતા. મળ્યાં તેવાં સાધનો લઈને ત્યારના નવયુવાનો આ ભૂમિનાં અનેક પાસાં પર પોતાની 'કૅમેરાદૃષ્ટિ' માંડવા લાગી ગયા હતા. 'કુમાર'નાં પાનાંઓ દ્વારા એમની સુંદર કૃતિઓ બહોળા વાચકવર્ગમાં પ્રસરતી જતી હતી અને એક નવો જ કલારસ જાગ્રત થઈ રહ્યો હતો. અવારનવાર ફોટોગ્રાફીની અવનવી ટેકનિક અંગેના લેખો પ્રકટ કરીને અને 'ફોટોગ્રાફી હરીફાઈ' જેવા વિભાગ દ્વારા 'કુમાર' તેને ઓપ આપી રહ્યું હતું.

'કુમાર કૅમેરા કલબે' ઈ. ૧૯૩૬માં 'નિહારિકા ક્લબ ઑવ ગુજરાત પિકટોરીઆલિસ્ટ'ના નામે નવું રૂપ ધાર્યું. આજે

'નિહારિકા'ના ટૂંકા નામે એની પ્રવૃત્તિઓ જારી છે. એના ચાળીસ જેટલા સભ્યોમાંથી ચંદુલાલ જે શાહ, દત્તા ખોપકર અને કે. બી. ખોપકર ગ્રેઈટ બ્રિટનની રૉયલ ફોટોગ્રાફિક સોસા.ના ફેલો તથા સ્વ. મફતલાલ દૂધિયા, શ્રીદામ ભટ્ટ, સ્વ. ધ્રુવકુમાર એન્જિની-અર, બી. બી. ફનીબંદા ને ચંદ્રકાન્ત પટેલ એના એસોસીએટ્સ બનવા સુધીની સિદ્ધિ ને પ્રસિદ્ધિ પામ્યા. બાકીના મોટા ભાગના સભ્યો પણ અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનોમાંથી ઈનામો મેળવવા લાગ્યા. આ લેખ સાથેનાં ૨૨ એકરંગી અને ૨ રંગીન ચિત્રોમાંથી ૧૬ના કલાકારો તો 'નિહારિકા'ના જ છે. આ સિવાય જેમનાં ચિત્રો નથી મેળવી શકાયાં એ હરિનારાયણ આ-ચાર્ય, પોપટલાલ શાહ, સુબોધચંદ્ર બંસીલાલ પટેલ, કસ્તૂર પરીખ, ઉમાપ્રસાદ દલાલ, કસ્તૂર શાહ, ઇન્દ્રજિત નાલાવાલા, નટવરલાલ શેઠ વગેરે 'નિહારિકા'ના સભ્યો અને કિશોર પારેખ, ટી. શંકર-લાલ, વસંત સંઘવી, એલ. એમ. પોમલ, દિલહર ભચેચ, ઝવેરીલાલ મહેતા, રજનીકાન્ત પટેલ, ડૉ. કે. એલ. કોઠારી ઉપરાંત અન્ય અનેક નામીઅનામી ફોટોકલાકારોએ આ ક્ષેત્રમાં ગુજરાતનું નામ રોશન કરવામાં પોતાનો ફાળો આપ્યો છે. બીજી બાજુ જ્યોતિ ભટ્ટ, દશ-રથ પટેલ, પ્રદ્યુમ્ન તન્ના વગેરે જેવા ચિત્રકારોએ પણ ઓછા-વત્તા અંશે ફોટોકલામાં સક્રિય સાથ પુરાવ્યો છે. વળી, પરપ્રાંતમાં વસેલા ગુજરાતી ફોટોકારો તો જુદા. ગુજરાત એમને માટે પણ ગૌરવ કેમ ન અનુભવે? 'કુમાર'નાં પાનાંઓ પર લગભગ આ બધાની ફોટોકલાનો પરિચય મળતો રહ્યો છે, અને તેના દ્વારા ગુજ-રાતની આ દિશાની રસવૃત્તિ પણ વિકસતી રહી છે.

મુંબાઇની સરખામણીમાં ગુજરાતીઓ આ ક્ષેત્રે થોડા આગળ-પાછળ પણ રહ્યા છે. પરંતુ અહીં એ ન ભુલાવું જોઇએ કે હજી હમણાં સુધી મુંબાઇ-ગુજરાત અલગ નહોતાં. ગુજરાતીઓએ પણ મુંબાઇને પોતાથી જુદું ગણ્યું નથી. વળી અગાઉ જેમ વ્યાપારમાં તેમ ફોટોગ્રાફીમાં પારસીઓની પણ સારી એવી દેણગી રહી છે. મુંબાઇના આઠ જેટલા નામાંકિત ફોટોકલાકારોમાં એક નગીન-દાસ નાલાવાલા સિવાય બાકીના પારસી જ હતા. ઇ. ૧૯૩૨માં એમણે 'કૅમેરા પિકટોરીઆલિસ્ટ્સ ઑવ બૉમ્બે' નામે એક નાનું મંડળ સ્થાપ્યું ત્યારે 'કુમાર કલબે' એને પોતાના મોટા ભાઇ જેવું ગણી બિરદાવેલું. તેમાં પણ ત્રણ એફ. આર. પી. એસ., આઠ એ. આર. પી. એસ. અને બે 'ધી ફોટોગ્રાફિક સોસાએટી ઑવ અમે-રિકા'ના ફેલો બનેલા છે.

પછી તો ૧૯૩૨થી '૩૯ના ગાળામાં મુંબાઇ–અમદાવાદે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ફોટો-પ્રદર્શનો યોજ્યાં જેમાં 'નિહારિકા'ના સભ્યોનો ફાળો પણ હતો જ અને એમણે સુવર્ણ, રજત કે કાંસ્ય-ચંદ્રકો તથા અન્ય પારિતોષિકો પણ મેળવ્યાં હતાં.

બીજું વિશ્વયુદ્ધ આવ્યું. યુદ્ધકાલીન અને યુદ્ધોત્તર અસરમાં ફોટોગ્રાફીનાં સાધનસામગ્રીની અછત વ્યાપી ગઈ. આમે યે ખર્ચાળ એવા આ વ્યાસંગને એથી વેઠવું પડ્યું. બીજી તરફ પશ્ચિમના દેશો-માં તો આ ક્ષેત્રે અનેક નવાં શોધ-સંશોધનોથી ફોટોગ્રાફીનું ક્ષેત્ર અત્યંત વ્યાપક બની ગયું. છતાં અહીંની અછતમાં પણ ટાંચાં સાધનોથી યે એ ગુજરાતી ફોટોકલાકારોએ પરિસ્થિતિ સામે ઝીંક લીધી. ધીરેધીરે સ્વતંત્ર ભારતમાં ફોટોકલાની પ્રતિષ્ઠા સારી પેઠે સ્થપાઇ ગઇ. રાષ્ટ્રીય પ્રદર્શનો ને રાજ્ય લલિતકલા અકાદમીઓ દ્વારા તેને ઉત્તેજન મળતું થયું. ગુજરાત રાજ્ય લલિતકલા અકા-દમી દ્વારા તેને ઉત્તેજન મળતું થયું. આ અકાદમીએ મુંબાઇના સ્વ. જહાંગીરજી ઊનવાલા, સ્વ. નગીનદાસ નાલાવાલા, પાલન-પુરના આબિદમિયાં સૈયદ ને અમદાવાદના દત્તા ખોપકરનાં ફોટો-ચિત્રોનાં ખાસ પ્રદર્શનો યોજ્યાં. રાજ્યનાં વાર્ષિક કલા-પ્રદર્શન-માં ફોટોગ્રાફીનો પણ વિભાગ રાખી ઇનામો દ્વારા એને પ્રોત્સાહન આપવા માંડ્યું. છેલ્લેછેલ્લે 'નિહારિકા'એ જર્મની-વાસી ડૉ. વલ્લભભાઇ પટેલનાં રંગીન ફોટોચિત્રોનો વન-મૅન શો યોજીને અહીં એમનો પહેલી વાર પરિચય આપ્યો. ન્યૂ યૉર્કમાં કોડાક કંપનીએ ભારતના સ્વાતંત્ર્યની રજત-જયંતી નિમિત્તે બે અમેરિકન ફોટોકલાકારોનાં 'ભારતદર્શન'નાં ચિત્રો સાથે મુંબા-ઇના અશ્વિન મહેતાનાં ચિત્રો પણ ત્યાં પ્રદર્શિત કર્યાં. આમ, ગુજરાતી ફોટોકલાકારોની નામાવલિ હવે તો ઠીકઠીક લાંબી બની ગઇ છે, પણ વિસ્તારભયે અહીં તો એટલું જ કહીએ કે આજે ટેક્નિક અને કલા બંનેની દૃષ્ટિએ ફોટોકલાના ક્ષેત્રમાં ગુજરાતનું નામ પણ સગૌરવ રોશન થઇ ચૂક્યું છે.

આ સાથે ઉદાહરણાર્થે મળી શક્યાં તે જે થોડાં ચિત્રો આપ્યાં છે તેમાં ગુજરાતના આ દિશાના વિકાસની થોડી શી ઝાંખી પણ ઊપસે તો છે જ. આ બધાં ચિત્રોમાં તેના સર્જકને જે દર્શા-વવું છે તેની લાક્ષણિકતા સાથે એ સ્પષ્ટ છે જ. કલાત્મકતા ને કર્તાની કલ્પનાશીલ રજૂઆતથી એ કેવળ 'ફોટોગ્રાફી' ન બની રહેતાં 'કલામય ફોટોચિત્ર' બની રહે છે. વિષયની રજૂઆતમાં સામાન્ય જન અને ચિત્રકાર વચ્ચે જે તફાવત પડે એ જ ફર્ક અહીં ફોટોગ્રાફર અને ફોટોકલાકાર વચ્ચે પડતો દેખાય છે. વ્યવ-સાયી ફોટોગ્રાફરના કસબથી વિશેષ આમાં સર્જનાત્મક દૃષ્ટિનાં દર્શન થાય છે. આ થોડી શી વાનગી પરથી પણ ગુજરાતી ફોટો-કલાકારની સિદ્ધિનો કયાસ મળી રહે છે. વધુ પુરાવા જોઇએ તો 'કુમાર'ના છસો અંકોમાં એ પથરાએલા છે જ. □

પૂર્ણરંગી મુખચિત્ર શ્રી સત્ય સાઈબાબા

આ અંકના મુખચિત્રની આગળ આપેલી શ્રી સત્ય સાઈબાબાની ફોટોછબિ તેના રંગસુમેળ અને લાક્ષણિકતાના સચોટ ઉઠાવને કારણે તેના ફોટોકલાકાર ડૉ. ફનીબંદાની સિદ્ધહસ્તતાની દ્યોતક બની રહે છે. ફોટો લેવાથી માંડી છેવટના એન્લાર્જમેન્ટ સુધીની આવી રંગીન ફોટો-ગ્રાફીની બધી જ અટપટી ક્રિયાપ્રક્રિયા તેઓ પોતાના ડાર્કરૂમમાં જાતે જ કરે છે. ડૉ. ફનીબંદા અગાઉ લંડનમાં ઇસ્ટમૅન ડેન્ટલ ઑસ્પિટલમાં દાંતના સર્જન હોવા સાથે ત્યાંના ફોટોગ્રાફિક વિભાગના મુખ્ય અધિ-કારી પણ હતા. રંગીન ફોટોગ્રાફી અંગે પ્રશંસનીય સંશોધન કરવા બદલ ગ્રેટ બ્રિટનની રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીએ એમને પોતાના ફેલો બ-નાવ્યા છે. આજે યે તેઓ મુંબાઈમાં ડેન્ટલ અને પ્લાસ્ટિક સર્જન તરીકે ખાનગી પ્રેક્ટિસ કરવા સાથે ફોટોગ્રાફીના વ્યાસંગને જાળવી રહ્યા છે.

કુમાર ચન્દ્રકધારકો


ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪)


પુષ્કર ચંદરવાકર ('૪૫)


યશોધર મહેતા ('૪૬)


રાજેન્દ્ર શાહ ('૪૭)


બાલમુકુન્દ દવે ('૪૮)


નિરંજન ભગત ('૪૯)


વાસુદેવ ભટ્ટ ('૫૦)


બકુલ ત્રિપાઠી ('૫૨)


શિવકુમાર જોશી ('૫૨)


અશોક હર્ષ ('૫૩)


ડૉ. શિવપ્રસાદ ('૫૪)


ઉમાકાન્ત શાહ ('૫૫)


ચં. અ. બૂચ 'સુકાની' ('૫૬)


જયંત પાઠક ('૫૭)


હેમંત દેસાઈ ('૫૮)


'ઉશનસ્' ('૫૯)


નવતીત પારેખ ('૬૦)


સુનીલ કોઠારી ('૬૧)


લાભશંકર ઠાકર ('૬૨)


પ્રિયકાંત મણિયાર ('૬૩)


ચન્દ્રકાંત શેઠ ('૬૪)


રઘુવીર ચૌધરી ('૬૫)


ફાધર વાલેસ ('૬૬)


હરિકૃષ્ણ પાઠક ('૬૭)


ગુલાબદાસ બ્રોકર ('૬૮)


ભાનુપ્રસાદ પંડ્યા ('૬૯)


રમેશ પારેખ ('૭૦)


ધીરુભાઈ પરીખ ('૭૧)


મધુસૂદન પારેખ ('૭૨)

‘કુમાર’ને (પહેલેથી પોતાનું ગણનારના)

શુભાશિષ



કાકાસાહેબ કાલેલકર

મારા આદરણીય સ્નેહી બચુભાઈએ કુમારો માટે જ્યારે એક માસિક શરૂ કર્યું (ખરી રીતે તો અમારા બન્નેના સ્નેહી રવિશંકર રાવળે ‘કુમાર’ માસિકનો પ્રારંભ કર્યો; પછી ધીમે ધીમે એ માસિક બચુભાઈનું થઈ ગયું) ત્યારે તે વખતના કુમારો માટે રસ પડે એ કલ્પનાથી મેં મારા કુમારકાળના કેટલાક પ્રસંગો જેમ યાદ આવે તેમ લખવાનો પ્રારંભ કર્યો હતો.

મહાત્મા ગાંધીજીની પ્રેરણા તળે સ્વરાજ્યની લડત લડવાના એ દિવસો હતા. અંગ્રેજોના રાજ્ય સામે અસહકાર કરી સરકારી શાળાઓ, હાઇસ્કૂલો અને કૉલેજોનો બહિષ્કાર કરવાનું નેતાઓએ નક્કી કર્યું. પરિણામે કુમારો માટે અસહકારને વરેલી શાળાઓ અને મહાવિદ્યાલયો સ્થાપવાના એ દિવસો હતા. અને અમે તો ગાંધીજીની અદ્ભુત પ્રેરણાને જોરે એક સ્વતંત્ર ગુજરાત વિદ્યાપીઠ ચલાવવાની તૈયારી કરી. શો તે જમાનાનો ઉત્સાહ! ખરેખર, ગાંધીજીએ ગુજરાત અને આખા ભારતમાં એક નવા ચૈતન્યનું નવજીવન શરૂ કર્યું. (મને સ્મરણ છે તે પ્રમાણે તે દિવસોમાં મારા ભેજા ઉપર ‘પ્રાણ’ શબ્દ સવાર થયો હતો.) નવપ્રાણવાળું નવજીવન ચલાવીએ. કુમારોમાં નવો પ્રાણ ખીલતો જોઈને પોતે પણ વધુ પ્રાણવાન થઈ જઈએ, એવા હતા એ દિવસો. એ પ્રાણને કારણે જ અમે એકબીજાને ઓળખવા લાગ્યા, ચાહવા લાગ્યા, અને જાણે એક કુટુંબી હોઈએ એવી રીતે છૂટથી એકબીજાની મદદ લેવા અને આપવા લાગ્યા.

આજે જે મારી લેખમાળા ‘સ્મરણયાત્રા’ તરીકે વંચાય છે તે માળા ગુજરાતના કુમારો આગળ રજૂ કરવાની તક ‘કુમાર’ માસિકે મને આપી. નવું નવું જન્મેલું એ માસિક ગુજરાતના કુમારોમાં નવજીવનનો પ્રાણ રેડવા લાગ્યું, અને તેથી ગાંધીઆશ્રમના અમે બધા રવિશંકરભાઈ અને બચુભાઈ જેવાઓને સ્વજનો તરીકે ઓળખવા લાગ્યા.

એ જ ‘કુમાર’ માસિક ગુજરાતની પ્રજાની અત્યંત આનંદદાયક, અને છતાં પૂર્ણ રીતે સંસ્કારિતાને પોષક એવી ચાર તપની સેવા કરી જીવનના ઉત્તરાર્ધમાં પ્રવેશ કરે છે એ જોઈ, કોઈ પણ સંકોચ વગર કહી શકું કે આજે મને બચુભાઈ જેટલો જ આનંદ થાય છે. એમનો આનંદ ચાર તપની તપશ્ચર્યાનો છે, અને એ તપશ્ચર્યાની વધતી જતી અસરનું નિરીક્ષણ કરવાનો, અને તે પણ પૂરી આત્મીયતાથી માણવાનો, આનંદ મારો છે.

‘કુમાર’ માસિકનો પ્રારંભ થયો ત્યારે એના એ નવા નવા અંકો જે કુમારોએ ઉત્સાહપૂર્વક હાથમાં લઈ વાંચ્યા હશે તેમાંથી કેટલા યે આજે સિત્તેર–પોણોસો વર્ષના થઈ પોતાનાં દીકરા–દીકરીઓનાં દીકરા–દીકરીઓને પોતાની સ્મરણયાત્રા સંભળાવતાં હશે, અને કહેતાં હશે: “છોકરાંઓ, આજે તમે ભારતની સ્વતંત્રતાની પ્રતિષ્ઠા માણો છો, પણ ભારતમાતાને ગુલામીથી મુક્ત કરવા માટે અમે જે સંકલ્પો કર્યા, ત્યાગ અને બલિદાનો આપ્યાં, આશા-નિરાશાઓ સેવી અને હમેશાં આશા-નિરાશા બન્નેથી ઊંચે ઊઠી, નવા નવા આદર્શો ખીલવતા ગયા, તે જમાનાનું મહત્ત્વ તમે શું જાણો? સ્વાતંત્ર્ય મેળવવાના આનંદમાં જે ઉન્નતિ અને જીવનદર્શન હોય છે તે સ્વતંત્રતા કેવળ ભોગવનારના ભાગ્યમાં ક્યાંથી હોય? ‘કેવળ ભોગવવાના આનંદ કરતાં પ્રયત્નપૂર્વક મેળવવાનો આનંદ હમેશાં શ્રેષ્ઠ અને લોકોત્તર હોય છે’ એટલો અનુભવનો સાર તમારે નોંધી લેવો જોઈએ.”

ખરું જોતાં બચુભાઈએ આ છસોમો અંક ‘કુમાર’ના જન્મકાળના કુમાર-વાચકોનાં પીઢ સંસ્મરણોથી ભરી કાઢવો જોઈએ. ‘કુમાર’ના છસોમા અંક માટે ચાર લીટી લખવાને જીવતો રહ્યો છું એટલા માટે મારું કામ ‘કુમાર’ને અને ‘કુમાર’ના પચાસ વર્ષના તમામ વાચકોને આશીર્વાદ મોકલવાનું જ છે.

અને છતાં તે વખતથી અત્યાર સુધી નવા નવા કુમારોને પોતાના અનુભવોનો લાભ આપતો આવ્યો છું, માટે આજના કુમારો માટે જે બેચાર બોધવચનો બધે કહેતો ફરું છું તે જ અહીં નોંધવા માગું છું.

ભારતનો આખો ઇતિહાસ આપણા ભાગ્યે ઘડ્યો છે કે ભાગ્ય-સ્વામી ભગવાને ઘડ્યો છે એની ચર્ચામાં ઊતર્યા વગર હું કહીશ કે આપણી પ્રજાએ વડીલો પ્રત્યેનો આદર કેળવતાં કેળવતાં ભૂતકાળની ઉપાસના હદ કરતાં વધારે કરી છે. ‘આપણા પ્રાચીન પૂર્વજો બધી રીતે જ્ઞાની હતા, એમની શિખામણ સદાને માટે કલ્યાણકારી હતી, એટલા માટે વેદકાળના ઋષિઓએ જે કહ્યું હતું તે જાણી લઈ મોઢે કરીએ, એમની ભક્તિ કરીએ; એમણે જે જાતનું જીવન કેળવ્યું તે આપણે જાળવ્યું નહિ તેથી આપણે પડ્યા એ ઓળખી આપણે પવિત્ર ભૂતકાળને ફરી સજીવન કરવા મથીશું’–એમ જ આપણા વડીલો કહેતા આવ્યા છે. પરિણામે આપણે ભવિષ્યકાળનો વિચાર કરવાને બદલે ભૂતકાળના જ ભક્ત બન્યા છીએ. એ બરાબર ન થયું. ભૂતકાળ જેવો હતો તેવો જ સાચવવાનું કામ સમાજના સેવકોનું અને નેતાઓનું નથી; પણ જૂનાં મડદાં સડે નહિ પણ જેવાં હતાં તેવાં જ દેખાય, એ સગવડ મેળવવા માટે મ્યૂઝિયમો તૈયાર કરનાર અને તે સાચવનાર ક્યૂરેટરોનું કામ છે. દરેક મોટા શહેરમાં જૂનો ઇતિહાસ સાચવવા—કેટલાંક મકાનો, મડદાં, જૂનાં કપડાં વગેરે વસ્તુઓ સાચવવા–માટે સંગ્રહાલયો હોય છે અને એને માટે તે વિષયના જાણકાર કુશળ સંગ્રાહકો નિમાય છે. જૂની વસ્તુઓ વિષેનો આપણો આદર તેઓ જાણે છે. પણ એટલા ખાતર આપણે એમને સમાજના નેતાઓ તરીકે નીમતા નથી અથવા સ્વીકારતા નથી. ભૂતકાળ ભલે આપણી ઘણી કીમતી મૂડી હોય, પણ આપણું ભાગ્ય તો આપણો વર્તમાનકાળનો (અનુ. પૃ. ૪૭૫)



વાંચનારને

સુભાગી આત્મા

આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનીઆના વહેવાર જેવો એ સંબંધ સાધારણ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એ એક નવીન પ્રવૃત્તિ છે.

જગતના દીપોત્સવમાં દેશદેશના માનવો આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઉભા રહેશે? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પર સદ્‌ભાવ ગુજરાતના કુમારોમાં પુરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ, તે તો ભવિષ્યનું અમારૂં કાર્ય બતાવશે.

ગુજરાતમાં બાલશિક્ષણની સામગ્રી છે—થતી આવે છે; પુખ્ત બુદ્ધિનાં માણસો માટે પણ જ્ઞાનસામગ્રી ભરી છે; પરંતુ ઉગતી પ્રજા—કુમારોને જીવનદૃષ્ટિ આપતી કશી જ સામગ્રી નથી. એ ઉણપ પુરવાનો આ પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મદર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણ પોષતી પ્રસાદીઓ, કલાની રસભરી કૃતિઓ, કુદરતી ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનીઆની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદની વાનીઓ—આ સૌ શોધી, સંઘરી, માગી આણીને પણ સુંદર, નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પુરો કરવા પુરતાં સાધન—શક્તિ વખતે નહિ હોય; પરંતુ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઈષ્ટ છે એવાં સંસ્કારી ચિત્ત આ પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

'કુમાર' કુમારોને જ માટે છે એવો ભ્રમ કોઈ ન કરે; કુમારીઓને અમે ભુલ્યા નથી. 'કુમાર' એટલે જ ગુજરાતનું 'કૌમાર.'

છેવટે, અમારી એટલી પ્રાર્થના છે કે અમારી ભુલો પર ચર્ચા ભલે કરજો પણ પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.

આજથી પચાસ વર્ષ પર 'કુમાર' શરૂ થયું ત્યારે તેના પહેલા અંકના પૂઠાની અંદરના પહેલા જ પાને પ્રસિદ્ધ થએલો તંત્રીલેખ (ત્યારે પ્રચલિત જોડણીમાં જ), જેમાં 'કુમાર'ના પ્રાકટયનો ઉદ્દેશ દર્શાવ્યો છે.

'કુમાર'ની અર્ધશતાબ્દી

—પ્રો. વસંત જોષી

આ અશ્વ

આ અશ્વનો તો થનગાટ દેખો:
શો દિગ્જયાર્થે નીકળેલ શ્વેત
ધ્વજા વહંતો જયની સુરમ્ય!
પ્રફુલ્લતી સર્વ દિશા, તમિસ્રનું
અંધારહૈયું બસ માત્ર કાંપતું.

જા જા વહો: કેવી પ્રસન્ન માળા
મલ્લી તણી તોરણ તાહરાં રચે,
ને રામના આશિષ શીશ તારે!

સુન્દરમ્

'કુમાર' કનકપર્વ ઊજવે છે. પચાસ વર્ષ એ માનવ-જીવનનો જેટલો મહત્ત્વનો ટપ્પો ગણાય એટલો કોઈ સંસ્થાના જીવનમાં ગણી શકાય કે નહિ તે હું જાણતો નથી. આપણે ત્યાં પચાસ વર્ષ જીવ્યાં એવાં માસિકો કેટલાં? અને 'કુમાર'નું અહોભાગ્ય કે પચાસ વર્ષ સતત, જે ધ્યેયવાદી દૃષ્ટિથી એનો આરંભ કરવામાં આવ્યો, અને જે વ્યક્તિઓએ એની ધુરા પોતાને ખભે લીધી, એ જ ધ્યેયવાદથી એ જ ધુરંધરો પૈકીના એક આજે 'કુમાર'ને સંભાળી રહ્યા છે. જેટલો ધ્યેયવાદી દૃષ્ટિનો તેટલો જ એ વ્યક્તિઓનો એ વિજય ગણાવો જોઈએ. વ્યક્તિઘડતરના ધ્રુવતારાને હમેશાં નજર સામે રાખી, પોતાના ધ્યેયને હાંસલ કરવા તનતોડ જહેમત 'કુમાર' અને એના તંત્રીએ ઉઠાવી છે. 'કુમાર' ટકશે કે કેમ એની આશંકા કેટલીક વાર જાગી હતી ખરી. કપરા સંજોગોમાં પણ 'કુમાર' ચાલુ રાખવાનો નિર્ણય લેવાની હિંમત 'કુમાર'ના સુકાનીએ કરી અને ગુજરાતના કદરદાન વાચકોએ પૂરો સહકાર આપી 'કુમાર'ના કનકપર્વનો દિવસ ઉગાડ્યો. બધા ય અભિનંદનને પાત્ર છે. આ પ્રસંગ 'કુમાર'ના સંચાલકો માટે આનંદનો તેમજ આત્મપરીક્ષણનો નીવડવો જોઇએ. જે હેતુથી 'કુમાર' શરૂ થયું એ હેતુ કેટલે અંશે સફળ થયો? પણ સંચાલકો પ્રકટ રીતે આત્મપરીક્ષણ કરે અથવા આત્મપ્રશંસા કરે એ 'કુમાર'ના તંત્રીના સ્વભાવમાં નથી. 'કુમાર'નો કોઈ વાચક, બની શકે તેટલી તટસ્થતાથી 'કુમાર'ના કાર્યનું સિંહાવલોકન કરે તો એનું કંઈક મૂલ્યાંકન થઈ શકે. આવા વિચારથી અને તંત્રીની સૂચનાથી આ અવલોકન લખવા પ્રેરાયો છું.

'કુમાર'નું એટલે એની પચાસ વર્ષની કારકિર્દીનું તટસ્થતાથી અવલોકન કરવું મારા જેવા માટે બહુ સહેલું નથી. જે કુમારો માટે 'કુમારે' ગુજરાતમાં પ્રવેશ કર્યો એમાંનો હું પણ એક છું. છેલ્લાં પિસ્તાળીશ વર્ષથી દર મહિને 'કુમાર' વાંચતો આવ્યો છું અને એ મારા જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે. આવતી કાલનાં જે નાગરિકો માટે 'કુમાર'નો અવતાર થયો એ નાગરિકોમાંનો હું એક છું. 'કુમાર'નો ઇતિહાસ એટલે મારા જેવા અનેક નાગરિકોના બૌદ્ધિક કે માનસિક વિકાસનું વર્ણન એમ સાર્થ કહી શકાય. અંગ્રેજી પાંચમા (આજના નવમા) ધોરણમાં ભણતો હતો ત્યારે અમારા મુખ્ય અધ્યાપકે મને નિશાળની ગ્રંથશાળા–વાચનાલયનો વ્યવસ્થાપક બનાવ્યો. એમાં દોઢેક હજાર પુસ્તકો હતાં અને સામયિકો તો કેટલાં બધાં આવતાં! ઇંગ્લૅન્ડનું આર્થર મીનું 'માઇ મૅગૅઝીન', 'સ્ટૅન્ડ', 'લંડન મૅગૅઝીન' 'ચેઇટ થૉટ્સ, 'ફિઝિકલ કલ્ચર', અને ભારતનાં 'મૉડર્ન રિવ્યૂ' 'ટ્રેઝર ચેસ્ટ', 'પ્રસ્થાન', 'ગુજરાત', 'શારદા' અને 'કુમાર'! આજે ઘણાંખરાં સ્મૃતિશેષ થયાં છે. એકલું 'કુમાર' સાહચર્ય જાળવી રહ્યું છે! એ સમયે વાંચતો એટલી જ જિજ્ઞાસાથી અને આનંદથી આજે પણ એ વાંચી શકું છું. 'કુમાર'માં બધી વયના કુમાર વાચકોને રસ પડે છે એ વૈશિષ્ટ્ય કેટલાં માસિકો ટકાવી રાખી શક્યાં હશે? મરાઠી, હિંદી, ગુજરાતી અને હાથમાં આવે ત્યારે બીજી ઘણી ભારતીય અને ભારત બહારની ભાષાઓમાં બહાર પડતાં માસિકો જોઉં છું અને ખાતરી થાય છે 'કુમાર' જેવી ધ્યેયદર્શી દૃષ્ટિ (સાંકડા અર્થમાં જોઈએ તો માત્ર પોતાના ધ્યેયને વળગી રહેવાની દૃષ્ટિ) ભાગ્યે જ કોઈ રાખી શક્યું છે.

જે પરિસ્થિતિમાં 'કુમાર'નો આરંભ થયો તેના રાજકીય પાસાથી ઘણાખરા પરિચિત હશે. દેશમાં રાજકીય જાગૃતિ આવી હતી. રાજકીય આકાશનો એક મહાન તારો—લોકમાન્ય ટિળક—ખરી પડ્યો હતો અને ક્ષિતિજ પર ગાંધીજીનો તારો દેખાવા લાગ્યો હતો. એકલા રાજકારણનો અભ્યાસ કરવાથી વ્યક્તિની પૂર્ણ ઉન્નતિ થતી નથી. દરેક સમયને અનુરૂપ એવું રાજકારણ તો આપોઆપ ઊભું થાય છે, પણ એને શાશ્વત મૂલ્યો કે સિદ્ધાંતો હોતા નથી—હોવા જોઈએ તો ય! અને તેથી વ્યક્તિના ઘડતર અને વિકાસ ખાતર સાહિત્ય અને બીજી લલિત કલાઓનો અભ્યાસ કે વ્યાસંગ અવ્યાહત ચાલુ રાખવો જોઇએ એવું ભાન કેટલાકને થયું હતું. વ્યક્તિને સંસ્કાર હોય તો સમાજ સંસ્કારી બને અને સમાજ સંસ્કારી થાય તો રાષ્ટ્રને સંસ્કારી થતાં વાર કેટલી, એવી સહેલી દેખાતી દલીલ કરવામાં આવતી. સાહિત્ય એટલે સમાજજીવનનું પ્રતિબિંબ. એ જીવન જેટલું સમૃદ્ધ બને તેટલું જ સાહિત્ય સમૃદ્ધ બને એવો સંભવ દેખાતો હતો. પણ સાહિત્ય સંસ્કારી ક્યારે બને? વાચકોની સંસ્કારી અભિરુચિ કેળવાઈ હોય તો જ તેઓ સારા સાહિત્યનો આસ્વાદ માણી શકે. દેશમાં સાહિત્યિક પુનરુત્થાન થવાનું હોય તો એના પહેલા પગલા તરીકે રુચિ કેળવવાનો તેમજ લોકોના સામાન્ય જ્ઞાનનું સ્તર ઊંચું લાવવાનો

પ્રયત્ન નિષ્ઠાથી થવો જોઇએ. સદ્‌ભાગ્યે મુ. રવિભાઈને લાંબા વખતથી સમજાયું હતું કે 'સાહિત્યનો ઊંચો રસ ભોગવવાને પણ પ્રજામાં સાહિત્ય ને રસવિષયક ઘણી પ્રાથમિક સામગ્રી પીરસાવી જોઈએ. વિજ્ઞાન, સાહસ અને ઉદ્યોગો પણ ભૂલવાં ન જોઇએ.' વ્યક્તિના શૈશવથી આ કાર્ય શરૂ કરવું જોઇએ, ને કુમારાવસ્થામાં પણ એ ચાલુ રહેવું જોઇએ. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે 'કુમાર'-ના સંદર્ભમાં લખ્યું હતું તેમ, 'એ કાળ વિચારનો નહિ તેટલો દર્શનનો, પરીક્ષણનો નહિ તેટલો અવલોકનનો છે; અને તેથી એમાં સૌંદર્યનું દર્શન, સત્યનું અવલોકન અને ચારિત્ર્યનો આચાર —ન વિવેચન ન પરીક્ષણ, ન વિમર્શન–પ્રધાનભાગે રહે છે. અને તેથી યોગ્ય જ રીતે શુદ્ધ અને પવિત્ર સૌંદર્યનાં ચિત્રો, સૃષ્ટિની વિવિધ વસ્તુઓનાં વર્ણનો, અને વીર અને ઉદાર મહાપુરુષોનાં ચરિત્રો એ 'કુમાર' પત્રમાં મુખ્ય સ્થાને હોવાં જોઈએ, અને હોય છે.'

પ્રશ્ન પૂછી શકાય કે આવી રીતે સામાન્ય જ્ઞાન વધારવાથી શો લાભ થાય? આ બધી જ્ઞાનગમ્ય વસ્તુઓને સાધારણ માનવીનાં જીવન સાથે શો સંબંધ હોઈ શકે? જો આવા જ્ઞાનને જીવન સાથે લેવાદેવા ન હોય તો એનું ભૂસું મગજમાં વ્યર્થ શા માટે ભરવું? ભૂલવું ન જોઇએ કે સાચી રીતે સમૃદ્ધ જીવન જીવવાની કલા જ્ઞાન શીખવે છે. જીવન વિષે સભાનતા કેળવવી હોય તો જ્ઞાનોપાસના સતત ચલાવવી જોઇએ. કવિ બ્રાઉનિંગે લખ્યું હતું :

'How good is man's life, the mere,
living! how fit to employ,
All the heart and the soul and the
senses, for ever in joy!'

('કુમાર'ના વાચકો અંગ્રેજી સમજે છે એવી શ્રદ્ધા છે, તેથી ભાષાંતર આપતો નથી.) માણસની જ્ઞાનોપાસના અખંડ ચાલુ રહે, જ્ઞાનેન્દ્રિયો અધિકતમ કાર્યક્ષમતા કેળવે અને બીજાઓએ વર્ણવેલા અનુભવો સમજી માણસ પોતે જીવનની 'અનુભૂતિ' મેળવવાને પાત્ર બને એ શિક્ષણનો આદર્શ હોય, તો મળી શકે ત્યાંથી બધી જ જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરી જ્ઞાન મેળવવાની જરૂર ખરી. 'કુમાર' આવું દૃષ્ટિબિંદુ હમેશાં જાળવતું આવ્યું છે.

આ દૃષ્ટિબિંદુનું શિક્ષણ ચાલુ કેળવણીમાંથી ન મળી શકે? આધુનિક કેળવણી વિષે 'કુમાર'ના તંત્રીનાં દૃઢ મંતવ્યો વારંવાર પ્રકટ થયાં છે. આજકાલનું શિક્ષણ વિદ્યાર્થીઓને કોઈ પણ રીતે જીવનાભિમુખ કરતું નથી તેથી આ શિક્ષણપદ્ધતિ જ બદલવાની જરૂર છે એવો અભિપ્રાય સ્પષ્ટતાથી એમણે વ્યક્ત કર્યો છે. 'કુમાર'-ના સાતમા વર્ષના પહેલા અંકમાં એમણે લખ્યું હતું : "'કુમાર' દ્વારા અનેક યુવાનો અને વિદ્યાર્થીઓનાં જિગરમાં રહેલાં આત્મતત્ત્વ ચેતવી, એમને એમના પર લદાએલી ઘમંડી કેળવણી અને મધ્યયુગની રૂઢ આધીનતાના મંદ આદર્શોમાંથી મુક્ત કરી તેઓ... રસ, વિદ્યા અને સત્તાના સ્વામિત્વમાં યોગ્ય ભાગીદાર બને એ જોવાની મારી દિનરાતની ઝંખના છે." ૧૯૧૧ના આસો મહિનાના અંકમાં એમણે મર્મવેધી સવાલ પૂછ્યો : 'કૉલેજો, બસ કૉલેજો–બીજું કંઈ નહિ?' અને જેની સત્યતા આજે પણ દેખાય છે એવું, ઘણાને અપ્રિય લાગે એવું લખ્યું? 'દરેક પ્રોફેસરને પૂછો કે તમારી કૉલેજ બંધ થઈ જાય તો તમે શું કરી શકો? તેમનાથી જગતમાં કશું બનવાનું ન હોય તો તેમના વિદ્યાર્થીમાં તેઓ શું સત્ત્વ પૂરી શકશે? ગુરુ પોતે જ બંધાએલા તે શિષ્યનો ઉદ્ધાર કેમ કરી શકશે?'

આશરે ચાળીસેક વર્ષ ઉપર આ લખાયું હશે એવો ખયાલ મનમાં જાગે છે ખરો? ચેતવણી તરફ ધ્યાન અપાયું હોત તો? તો શિક્ષણની આજની સમસ્યાઓ અને અનિષ્ટો, વિદ્યાર્થીઓનો રોષ અને અસંતોષ, બધું કદાચ ઉદ્‌ભવ્યું ન હોત! અમારા પ્રાધ્યાપકો આજે ય સમજે તો સુધારાને અવકાશ છે. 'કુમાર'ના તંત્રીનું અરણ્યરુદન કયાં સુધી ઉપેક્ષિત રહેવાનું છે? એમણે ૧૯-૯૩ના શ્રાવણમાં ગાંધીજીનાં વાક્યો ટાંકયાં : '... હું તો કૉલેજની કેળવણીમાં ધરમૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોની સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના અને બીજા ઇજનેરોને માટે પદવીઓ રખાય. એમને જુદાજુદા ઉદ્યોગોની જોડે જોડી દીધેલા હોય ને એ ઉદ્યોગોને જે ગ્રૅજ્યુએટો જોઇએ તેમને તાલીમ આપવાનું એ ચલાવનારા જ આપે. દા. ત. મિલમાલિકોનાં મંડળ મળીને પોતાને જોઇતા ગ્રૅજ્યુએટો કેળવવાની કૉલેજ ચલાવે.' છાશવારે ગાંધીજીનું નામ લેવામાં ઇતિકર્તવ્યતા માનનાર મહાભાગોએ આ વિચારો સમજવાની તસ્દી લીધી હોત તો આપણા વિદ્યાર્થીઓને કેટલી મુશ્કેલીઓમાંથી બચાવી શકાયા હોત?

જીવનનાં સર્વ અંગો વિષે સભાનતા કેળવવાની હોય ત્યારે જીવનનો એક સર્વસામાન્ય આવિષ્કાર જેમાં થાય એ રાજકારણને શિક્ષણમાં કેવું સ્થાન આપવું જોઇએ? રાજકારણને 'કુમાર'ના આયોજનમાં દાખલ કરવામાં આવે તો? તરત જ જુદાજુદા પક્ષ અને ઉપપક્ષ, સત્તાની સાઠમારી, પ્રવાર્થલોલુપ પાટલીબદલુઓ, પક્ષનો પ્રચાર અને તેમાંથી જાગતી પરપક્ષીઓની ટીકા, કોઇ એક પક્ષનો પ્રચાર કરવા પ્રવૃત્ત થતાં ઉદ્‌ભવતું અંધ અને સહાનુભૂતિશૂન્ય માનસ એ બધું લાવવું પડે! સાતમા વર્ષના પહેલા અંકમાં તંત્રીએ જાહેર કર્યું કે 'કુમાર' કોઇને દોરવા કે મતાધીન બનાવવા નથી માગતું. પરંતુ ગમે તેવું હોય તો ય રાજકારણ જીવનનો એક આવિષ્કાર હોવાથી સાહિત્યમાંથી વર્જ્ય રાખી શકાય નહિ. આજના રાજકારણમાંથી આવતી કાલે જેને ઇતિહાસ તરીકે ઓળખાવાશે તે સર્જાય છે. સાધારણ માનવીના જીવનને સ્પર્શતું પરિબળ એટલે રાજકારણ. સાહિત્યમાં એનું પ્રતિબિંબ હમેશાં દેખાય જ. ગાંધીજીએ રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યાર પછી ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ કેટલું બધું બદલાયું! 'નવજીવન', 'યુગધર્મ', 'પ્રસ્થાન', 'નવચેતન' જેવાં સામયિકોનાં નામ કેટલાં ઉદ્‌બોધક છે! 'કુમાર'ને આદર્શ માનવીઓમાં રસ હોવાથી એણે સત્તાલોલુપ અને પક્ષાંધ રાજકારણીઓ તરફ ઉપેક્ષા અને ઉદાસીનતા કેળવી. પોતાના શુદ્ધ ચારિત્ર્યબળને આધારે જેમણે દેશની નિરપેક્ષ સેવા કરી એવા પ્રખર દેશભક્તોનાં ચરિત્રો 'કુમારે' વાચકો આગળ મૂકયાં. એમાં કોઇ જાતનો પક્ષાભિનિવેશ રાખ્યો નહિ. અહિંસક રાજ-

કારણ ભારતને અભિપ્રેત છે – પણ એ થયું ગાંધીજીના આગમન પછી. એમની પૂર્વેના દેશભક્તો સશસ્ત્ર ક્રાંતિના હિમાયતીઓ હતા, અને માણસ કરી શકે તેવા પરમ ત્યાગ–પ્રાણાર્પણતા કરતાં તેઓ ડર્યા ન હતા. સહજતાથી 'કુમાર'ને આવા હુતાત્માઓ માટે આદરની ભાવના હતી. ખુદીરામ બોઝ, બિસ્મિલ, નાનાસાહેબ પેશ્વા, ફડકે અને આખરે સાવરકર—અમુક લોકોને અણગમો વહોરીને પણ 'કુમારે' આવા ક્રાંતિકારકોનાં ચરિત્રો છાપ્યાં! અને જાણે આ ઓછું હોય તેમ ગોળવલકર ગુરુજીનું ય ચરિત્ર છાપ્યું!

દેશમાં પ્રચંડ જાગૃતિ આવી એનું પ્રતિબિંબ 'કુમાર'માં હમેશાં દેખાતું આવ્યું છે. એનું સંપૂર્ણ વર્ણન કરવાનું આ સ્થળ નથી. 'કુમાર'માં આવેલાં કાવ્યો કે ગદ્ય લખાણો જોતાં તરત જ એ વાત સ્પષ્ટ થશે. 'કુમાર' સરકારની અવકૃપાને પાત્ર ગણાયું હતું, એને જામીનગીરી ભરવી પડી હતી એ ઇતિહાસ બધા જાણે છે. રાજકારણની અસરથી સાચો સાહિત્યસેવક અસ્પૃષ્ટ રહી શકતો નથી એનો વધુ પુરાવો શો આપવો જોઈએ?

આજના યુવાનની અસ્મિતા જાગવી જોઈએ, એણે સંસ્કારી જીવન જીવવાની આકાંક્ષા સેવવી જોઈએ અને એ આકાંક્ષાની પરિપૂર્તિ માટે જીવનનું સર્વાંગીણ નિરીક્ષણ કરવું જોઈએ એવો ઉચિત આગ્રહ 'કુમારે' રાખ્યો છે. માનવના માનસનો સર્વ દિશામાં થતો આવિષ્કાર એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ એટલે સાહિત્ય—એટલે એનાં કાવ્ય, નાટ્ય એવાં અંગોથી આવિર્ભૂત કલા એટલો જ સંકુચિત અર્થ કરીએ તો અનર્થ થાય. લલિત કલા શબ્દનો અર્થ આપણે ત્યાં સર્વંકષ હતો. ચોસઠ કલાઓમાં સંગીત, વાદન, નૃત્ય, નાટ્ય, ચિત્ર, પુસ્તકકર્મ, લિપિજ્ઞાન, વચનકૌશલ, આસ્વાદ્યવિધાન, રત્નપરીક્ષા, આજીવજ્ઞાન, ક્રીડાકૌશલ, લેખા, શરીરસંસ્કારકૌશલ, પાઠાંતર, પરમાર્થકૌશલ, ભૂષણ, પુનઃનિરીક્ષણ પ્રોત્સાહન, નયજ્ઞાન, આયપ્રાપ્તિ જેવી કલાઓનો સમાવેશ કરવામાં આવતો. કલાઓને ઉપેક્ષી સંસ્કૃતિનું સર્જન કરી શકાય નહિ. 'કુમાર'ના તંત્રીઓને આ વસ્તુનું મહત્ત્વ સમજાયું છે. પરંપરાગત ચોસઠ કલાઓમાં આજે વિજ્ઞાનનો ઉમેરો થયો છે, અને તેઓ દર અંકમાં આવા વિષયોને લગતા લેખો આપવાની કોશિશ કરતા રહે છે. જીવવાની કલાપૂર્ણ રીત એટલે સારું જોવું, સારું સાંભળવું, સારું બોલવું-ચાલવું, સારું સ્પર્શવું, સારું સૂંઘવું-સાકલ્યથી સારું કરવાનો મહાવરો રાખવો. આ સાકલ્યને સૌંદર્યદૃષ્ટિ કે સદભિરુચિ એવું નામ આપવામાં વાંધો નથી. આ સૌંદર્યદૃષ્ટિ કે સદભિરુચિ દરેક માણસમાં સુપ્ત અવસ્થામાં હોય છે. એને પૂરી કેળવવામાં ન આવે કે એને સારી તાલીમ ન મળે તો માણસ સાચી કલાદૃષ્ટિ ખીલવી શકતો નથી. એનો સતત મહાવરો રાખવામાં ન આવે તો એ કટાઈ જાય છે. માણસ એ બરોબર કેળવે તો પછી એને કદરૂપું, અમંગળ કે ખરાબ કશું ય ગમતું નથી અને એને સર્વદા શુદ્ધ આનંદ પ્રાપ્ત થાય છે. પણ જેણે પોતાની અભિરુચિ ખીલવી નથી એને જીવનમાં પોતે કેટલા સૌંદર્યથી વંચિત રહ્યો છે એનું ભાન હોતું નથી.

પોતાને થએલા સૃષ્ટિના સાક્ષાત્કારની અભિવ્યક્તિ કરવા માણસે પહેલાં રેખાઓનો ઉપયોગ કર્યો. રેખાંકન જે વિકાસ પામતાં ચિત્રકલા તરીકે ઓળખાયું તે માણસની જૂનામાં જૂની કલા તરીકે વર્ણવી શકાય. આદિમાનવે કરેલાં રેખાંકનો ગુફાઓમાંથી મળી આવ્યાં છે, હજી ય મળી આવશે. એવી જૂની ચિત્રકલા આપણે ત્યાં હતી—લોકોમાં કલા હોય છે તેવી, એટલે કે પ્રગત કલાના બીજરૂપે. લોકોમાં નૈસર્ગિક રીતે મળી આવતી કલાને અભ્યાસ, શિસ્ત અને નિયમોનું પીઠબળ મળે ત્યારે સભાન કલા પ્રકટે. કલા હમેશાં લોકજીવનમાંથી પ્રકટે એ વાત સાચી, પણ લોકજીવનમાંથી જડેલી કલાનું જ માત્ર જતન કરવાથી કલાનો પ્રકર્ષ થતો નથી એ ઘણા ભૂલી જાય છે અને કલાનું પુનરુજ્જીવન કરવા મથે છે. જે જીવનમાંથી એ કલા મૂળ સ્વરૂપે પ્રગટ થઇ એ જીવન બદલાઇ ગયું હોવાથી-એ કલાનો મૂળ રૂપમાં આવિષ્કાર અથવા જતન ચેતનહીન બને છે. તેમ છતાં લોકોની કલાદૃષ્ટિએ ભૂતકાળમાં કેવી અભિવ્યક્તિ કરી એ જાણવું જરૂરી હોય છે. 'કુમાર'માં ચિત્રકલા કે એવી સમાન દૃશ્ય કલાને મહત્ત્વ આપવામાં આવ્યું એ ખીના આશ્ચર્યકારક નથી. માત્ર જોવાથી લોકો ચિત્રકલાનો આસ્વાદ માણી શકે છે અને એમને ગમે તેને સારી ચિત્રકલા ગણે છે. જૂના વખતમાં ગુજરાતમાં ચિત્રકલા હતી. સામાન્ય લોકો મંદિરોની કે મકાનોની દીવાલો પર આલેખાએલાં ચિત્રો જોતા. શિક્ષણનો પ્રચાર વધ્યો તેમ આપણી દેશી ચિત્રકલામાં ઘણી ક્ષતિઓ છે એમ લાગવા માંડ્યું. અને નવા ચિત્રકારોએ પશ્ચિમની કલાનાં અનુકરણ કરવાની શરૂઆત કરી. પણ મુ. રવિભાઈના કથન પ્રમાણે ઈ. ૧૯૦૭ સુધી ફોટો પરથી મોટી તસ્વીરો કરનારા થયા. ૧૯૦૭માં અર્વાચીન ગુજરાતના પ્રથમ ચિત્રકાર તરીકે જેમને ઓળખાવી શકાય એ સ્વ. મગનલાલ લીલાધર દ્વિવેદીએ ભારતમાતાનું નકશાની આકૃતિમાં દેવી સ્વરૂપે ચિત્ર દોર્યું. ઐતિહાસિક પ્રસંગો પર આધારિત એવાં બીજાં ચિત્રો યે એમણે દોર્યાં હતાં. એમણે રવિવર્માનાં ચિત્રો પરથી પ્રેરણા મેળવી હતી. પણ મુ. રવિભાઇના મંતવ્ય પ્રમાણે એમનાં ચિત્રો 'clumsy અને ભારેખમ' હતાં. બંગાળમાં અજંતાની શૈલીનું અનુકરણ કરી ચિત્રકલાને નવજીવન આપવાના પ્રયત્નો થયા હતા પણ એ લોકમાનસ પર પકડ જમાવી શક્યાં નહિ. મુ. રવિશંકર રાવળે ગુજરાતના જીવનમાંથી પ્રકટ થતી ચિત્રકલાને સજીવ કરવાનો પ્રયત્ન આદર્યો. ઇ. ૧૯૧૭માં એમને મુંબાઇ આર્ટ સોસાયટીનો સુવર્ણચન્દ્રક મળ્યો. ગુજરાતની આજની ચિત્રકલાને આમ જાહેર પ્રોત્સાહન મળ્યું.

ચિત્રવિભાગ એટલે 'કુમાર'નો સૌથી સમૃદ્ધ વિભાગ, જેનાં ચિત્રોનું વર્ણન, રસદર્શન અને ફોટોગ્રાફ 'કુમાર'માં નહિ આવ્યાં હોય એવો ખ્યાત કે નવો ગુજરાતી ચિત્રકાર ભાગ્યે જ હશે. અને માત્ર ગુજરાતી ચિત્રકારોનો જ આસ્વાદ કરાવવામાં 'કુમારે' સંતોષ માન્યો નથી. બંગાલ, તમિલનાડુ, મહારાષ્ટ્ર—જ્યાં જ્યાં ચિત્રકારની પ્રતિભાનાં દર્શન થયાં ત્યાંથી 'કુમારે' એ ચિત્રોની પ્રતિકૃતિઓ છાપી. છેલ્લાં પચાસ વર્ષમાં ગુજરાતની તથા ભારતની ચિત્રકલા કેવા તબક્કાઓમાંથી પસાર થઈ એ જાણવું હોય

તો 'કુમાર'ની ફાઇલો જોઈ લેવી. સેંકડો ચિત્રો દ્વારા એ ઇતિહાસ પ્રત્યક્ષ થશે. કલાનો વિકાસ કે પ્રગતિ થતી ગઇ તેમ પશ્ચિમની કલાના નવા પવનોની અસરથી એ મુક્ત રહી શકી નહિ. આવી નવી કલામાં સૌંદર્ય કે આનંદની પ્રતીતિ થતી ન હતી. એ કલા મોટે ભાગે કઢંગી અને દુર્ગમ લાગતી. સાચી, શાશ્વત સૌંદર્ય દર્શાવતી કલાના ઉપાસક 'કુમાર'ના તંત્રીને એ કલા તરફ ખાસ રુચિ હોય એવું કોઇ દિવસ લાગ્યું નથી; તથાપિ કલાનાં નવાં વહેણોનો તટસ્થતાથી અભ્યાસ થવો જોઇએ એવી ઉદાર વૃત્તિથી 'કુમાર'માં એમણે આધુનિક કલાના કેટલા યે નમૂના લોકો સમક્ષ મૂકયા. તૌલનિક અભ્યાસથી લોકોની દૃષ્ટિ સજાગ બને એ હેતુથી અભિજાત (classic) ચિત્રકારોની ચિત્રસૃષ્ટિ વાચકોને બતાવી. ફૅશનના પ્રબળ પવનથી લોકો ખેંચાઇ ન જાય એવી એમની ઇચ્છા હશે. વાચકોને ઘણી વાર અપ્રિય લાગ્યું એવું પણ એમણે નિષિદ્ધ ગણ્યું નહિ. કલાના વિશેષ અભ્યાસી નહિ એવા વાચકો માટે બહાર પડતા કોઇ પણ માસિકમાં 'કુમાર'માં આવી છે એવી વૈવિધ્યભરી ચિત્રસામગ્રી મારા જોવામાં આવી નથી. જલરંગ, તૈલરંગ, વૂડકટ, ઍચિંગ, સિલ્હુટ–છાયાચિત્રો–ફોટોગ્રાફી–'કુમારે' શું શું આપ્યું નથી? ચિત્રકલા સાથે સંકળાએલી બીજી મોટી કલા તે શિલ્પ. એના યે ભારતીય અને પરદેશી, અર્વાચીન અને પ્રાચીન નમૂનાઓ શિલ્પકારોના પરિચય સાથે 'કુમારે' આપ્યા છે. 'કુમાર'ના આ કાર્યનું પરિણામ ગુજરાતી જનતાના જીવનમાં બધે જ દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી પુસ્તકોના મુદ્રણમાં સુઘડતા અને સૌંદર્ય દાખલ થયાં; કુંકુમ-પત્રિકાઓ અને બીજા પ્રસંગો પર મોકલાતી નિમંત્રણ-પત્રિકાઓમાં નવું જ આકર્ષક તત્ત્વ દેખાયું. પુસ્તકોનાં વેષ્ટનો (જૅકેટ) આકર્ષક બન્યાં. ઘર શણગારની રીત પણ કંઇક જુદી જ લાગવા માંડી. શિક્ષિત ગુજરાતી માનસ પર 'કુમાર'ના ઉઠાવની સરસ છાપ પડી, અને એટલે અંશે જીવન સમૃદ્ધ થયું. જીવન સાહિત્યનું અનુકરણ કરી શકે છે એવું 'કુમારે' પુરવાર કર્યું. પચાસ વર્ષ પહેલાં જે પેઢી આ નવી અસર નીચે આવી એને પોતાના જીવનમાં આવેલા પલટાનું ભાન છે, અને એ સંસ્કારની દેન આજની પેઢીને પણ વારસામાં મળી છે. જોકે 'કુમારે' કાર્ય શરૂ કર્યું ત્યારની પરિસ્થિતિનો એને ખયાલ નથી. ઇતિહાસકારે ગુજરાતના સાંસ્કૃતિક જીવનના પાયામાં દટાએલા આ મહાન કાર્યની નોંધ લેવી પડશે.

ગુજરાતના સાર્વજનિક જીવનમાં 'કુમાર' દ્વારા આવેલો પલટો બધા જોઇ શકે છે, પણ વ્યક્તિઓનાં જીવનમાં 'કુમારે' જે સાંસ્કૃતિક સિંચન કર્યું તે એ વ્યક્તિના અંતરંગમાં જ મર્યાદિત રૂપે પુરાઇ રહેવાનું, અને બહુબહુ તો એના સંભાષણમાં અને એની અભિરુચિઓમાં વ્યક્ત થવાનું. સંસ્કારી માણસ વિશ્વનું પરાવર્તન કરે છે (reflects) એવું કંઇક જર્મન ગણિતશાસ્ત્રી લાઇબનિત્સે લખ્યું છે. શ્રીકૃષ્ણના મુખમાં વિરાટનાં દર્શન થતાં. વ્યક્તિગત નહિ એવા impersonal રસ આપણે જીવનમાં કેળવી શકીએ તો સંસ્કારિતા તરફ આપણે પ્રસ્થાન માંડ્યું કહેવાય. સંસ્કૃતિ અને સંસ્કારિતામાં ફેર છે એ ખાસ યાદ રાખવું જોઈએ. આપણી સંસ્કૃતિ બેશક મહાન છે, પણ એને અનુરૂપ એવી સંસ્કારિતાનો બધે જ અભાવ છે એ વાત સ્વીકારવી જોઇએ. સંસ્કૃતિ ટકાવવી હોય તો વ્યક્તિની સંસ્કારિતા ટકાવવી અને વધારવી જોઇએ. વ્યક્તિનું શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને ભાવાનાત્મક ઘડતર જેટલું સધ્ધર એટલી એની સંસ્કારિતા ઊંચા દરજ્જાની. આ ઘડતર તરફ 'કુમાર' હમેશાં જાગ્રત રહ્યું છે.

શરીર એટલે ધર્મનું આદ્ય સાધન. 'કુમાર'માં આરંભથી જ 'સ્વાસ્થ્ય, શક્તિ અને સૌંદર્ય' વિભાગમાં શરીરસૌષ્ઠવ ધરાવતા યુવાનોના ફોટો અને વર્ણનો આવતાં. રામમૂર્તિ, સૅન્ડો, ગામા, દામુ ધોત્રે અને તારાબાઇ જેવાઓનો પ્રથમ પરિચય ગુજરાતને 'કુમાર' દ્વારા થયો હશે. યોગાસનો વિષે સચિત્ર સૂચનો 'કુમાર'માં મળતાં રહ્યાં. તથા શરીરની રચના અને શરીરની તંદુરસ્તી વિષે 'કુમારે' ઘણું આપ્યું છે. શરીરરચના સચિત્ર વર્ણવવામાં આવી. એમાં પ્રજનન અને જન્મ જેવા વિષયો પણ બાકાત રહ્યા નહિ. કાયાની કરામત ઉપરાંત આહાર, માંદગીઓ, પ્રાથમિક સારવાર વિષેની ડૉ. ત્રિવેદીની લેખમાળાઓ તો ગ્રંથાકાર પણ પામી. છેક સંવત ૧૯૮૫માં એટલે પાંચ વર્ષની વયે જાતીય પ્રશ્નોની ચર્ચા 'કુમારે' શરૂ કરવાનું સાહસ કર્યું હતું. અને તારુણ્યની તકલીફોને ફરી તાજેતરમાં સંભાળપૂર્વક અને સહાયક રીતે ચર્ચી છે. ઉપરાંત ઘરગથ્થુ દવાઓ, સામાન્ય વ્યાધિઓ, શરીરસ્વાસ્થ્ય જાળવવાના સામાન્ય ઉપાયો વિષે તો 'કુમાર'માં વારંવાર લખાણો આવતાં જ હોય છે.

માનસિક સ્વાસ્થ્ય જે જાળવી શકે છે એને શારીરિક સ્વાસ્થ્ય જાળવતાં ખાસ મુશ્કેલી નડતી નથી એમ આજનું વિજ્ઞાન માને છે. આખો સમય ધનાર્જનનો અને વ્યયનો વિચાર ન કરવો, ધનાર્જન ખાતર મહેનત કર્યા પછીના ફાજલ સમયમાં નિરપેક્ષતાથી કોઇ 'છંદ'માં રસ લેવો અને એમાંથી મળતા નિર્વ્યાજ આનંદથી જીવનની સંપન્નતા વધારવી એ માનસિક સ્વાસ્થ્ય જાળવવાનો સારો રસ્તો છે. 'છંદ' ખાતર પૈસા ખર્ચવાની (કોઇ જાતના નફા કે વળતર વગર 'સ્તો! નહિ તો મૂડીનું રોકાણ કર્યું કહેવાય એટલે વેપાર કર્યો કહેવાય!) તૈયારી હોય તો ખોટું નહિ. પરંતુ પૈસા ખર્ચ્યા વિના પણ કેટલા યે છંદોમાંથી આનંદ મેળવી શકાય. રાતના સમયે અગાશીમાં સૂતા હો ને ઊંઘ ઊડી જાય, કેમે કર્યે નિદ્રાદેવી ફરી પ્રસન્ન ન થાય ત્યારે આકાશ તરફ જોવાની કલા શીખ્યા હો, તારાઓનાં નામ અને સ્થાનથી પરિચિત હો ત્યારે એ દેવોનું કાવ્ય જોવાની કેવી મઝા પડે! પાસે ઘડિયાળ ન હોય પણ આકાશમાં ચંદ્ર દેખાતો હોય ત્યારે એના સ્થાન પરથી તિથિ અને સમય કહીને મિત્રોને આશ્ચર્યચકિત કરતાં શીખ્યા છો? ગુજરાતમાં વન-વગડા કેટલાય છે; એમાં ભમ્યા છો? વન-વગડાનાં ચતુષ્પાદ પ્રાણીઓ, પક્ષીઓ, પતંગિયાં, સર્પ, કીટકો-બધાંથી પરિચિત છો? 'વનેચર' શ્રી હરિનારાયણ આચાર્યે એ વિષેના અસંખ્ય લેખો લખ્યા છે. કાકાસાહેબ કાલેલકરે આકાશ-દર્શન કરાવ્યું છે.

વનવગડામાં ભમવાની હિંમત ન હોય તો ઘરઆંગણે દેખાતાં ફૂલ કે ઝાડ, ગામ નજીક દેખાતાં વૃક્ષ, કે ઘણી વાર દેખાતી અને તેથી ઘણે ભાગે ઉપેક્ષાતી ઉપયોગી વનસ્પતિઓ—એ બધાંનાં નામ સરખાં યે જાણો છો? કોઈ વાર જાહેર બગીચામાં જાઓ ત્યારે કયા મહિનામાં તમે ત્યાં જઇ રહ્યા છો એ યાદ કરી હવે બગીચામાં અમુક જાતનાં ફૂલ ખીલ્યાં હશે એ જોવાં જ જોઈએ એવા વિચારથી સભાન રીતે બગીચામાં ફરો છો? 'કુમાર'ના વાચનથી કુદરતનું નિરીક્ષણ કરવાની શક્તિ ખીલવી હશે તો બધું સહેલું લાગશે. નદીઓ, પર્વતો, ઉદ્યાનો અને મેઘ! 'કુમાર'માં આ બધા વિષે લેખો આવી ગયા છે. ધાર્મિક વૃત્તિવાળા હશો તો 'કુમાર'માં આવેલાં ધાર્મિક કે યાત્રાનાં સ્થળો તેમજ મૂર્તિવિજ્ઞાન વિષેના લેખો વાંચવાથી તમે મૂર્તિઓમાં વધુ સૌંદર્ય જોઇ શકશો. આ તો નેત્રસુખ કે નયનાનંદની વાતો થઈ. પૈસા ખર્ચવા તૈયાર હો તો ફોટોગ્રાફી, સિક્કાસંગ્રહ ટિકિટસંગ્રહ, પાંદડાનો છાપ-સંગ્રહ—કેટલી ય નિર્દોષ સંઘરાખોરી શીખી શકશો! અને પેલો પત્રમિત્રતાનો વિભાગ—જેમાં દેશદેશોનાં યુવક-યુવતીઓનાં સરનામાં નિયમિત આપવામાં આવતાં! માણસોને ઓળખવા, સમજવા, એમની જોડે મિત્રતા બાંધવી અને બધું માત્ર આનંદ ખાતર! મેં નાણાં સંઘર્યાં નથી; બાકીના બધા છંદો 'કુમાર'માંથી હું શીખ્યો છું અને તેમાંથી અમાપ આનંદ પામ્યો છું. બ્રિજની રમત વિષે 'કુમારે' માહિતી આપી. શતરંજના શોખીનો માટે કેટલા યે વખતથી 'કુમાર'માં માહિતી આવે છે. આજે કેટલાંક છાપાંઓમાં જાદુઇ ચોરસ ગોઠવવાની હરીફાઇઓ આવે છે અને હજારો રૂપિયાનાં ઇનામોનાં આશ્વાસનો આપવામાં આવે છે. આવી હરીફાઇમાં ઘણા લોકો ભાગ લેતા હોવા જોઇએ—નહિ તો જાહેર ખબરો દ્વારા આ 'જાદુઇ' ધંધો ચલાવનાર લોકો હોત જ નહિ! જુદાજુદા પ્રકારના જાદુઇ ચોરસો ગોઠવવાની યુક્તિઓ 'કુમાર'માં અનેક લેખોમાં બતાવવામાં આવી હતી! 'ગણિતગમ્મત' 'કુમાર'નો એક રસપ્રદ વિભાગ રહ્યો છે. મને ગણિત ઝાઝું આવડતું નથી, પણ એ વિભાગ વાંચવામાં રસ પડે છે!

પ્રેમ અને ભક્તિથી પૂર્ણ એવો શુદ્ધ આનંદ સંગીતમાંથી મળી શકે. 'કુમાર'માં મહાન ગાયક-વાદકોનાં ચરિત્રો આવ્યાં, સ્વરશાસ્ત્ર વિષેના લેખો આવ્યા, અને સ્વરસાધના કરવી હોય તો કેવી રીતે બેસવું, તંબૂર કેવી રીતે પકડવો એવા વિષયથી શરૂ થઈ રાગલક્ષણ વર્ણવતા લેખો આવ્યા છે. ચિત્રકલાની બાબતમાં થયું એવું કાર્ય સંગીતમાં 'કુમાર' કરી શક્યું નથી એમ હું માનું છું. સંગીતનું સાધારણ જ્ઞાન મેળવવાથી આનંદની પ્રતીતિ મેળવી શકાતી નથી. કોઇ પ્રકારનું વિશ્લેષણ કર્યા વગર સારું સંગીત અપ્રતિહત સાંભળવાની ટેવ શીખવી જોઇએ. આજકાલના છીછરા સંગીત—અસંગીતથી વાતાવરણ એટલું ડહોળાએલું રહે છે કે શુદ્ધ કે સારું સંગીત ઊગતી પેઢીને સાંભળવા મળતું નથી. મહાન સંગીતકારોની જૂની ધ્વનિમુદ્રિકાઓ (રેકૉર્ડો) ઉપલબ્ધ નથી. ગુજરાતમાં આજે આકાશવાણીનાં ચાર મથકો છે, પરંતુ એ બધાં પરથી કેટલાં ગુજરાતી યુવકો અને યુવતીઓ શાસ્ત્રીય સંગીત રજૂ કરે છે એ શોધવા જઇએ તો નિરાશા જ સાંપડે! સંગીતનો આનંદ જ્ઞાનગમ્ય વિષય નથી, એ એક 'અનુભૂતિ' છે. એને માટે શ્રવણકેન્દ્રો સ્થાપી લોકોને સારું શાસ્ત્રીય સંગીત સંભળાવી એમની રસિકતા કેળવવી પડશે. 'કુમાર' ગુજરાતી કવિતા માટે જે સફળ અખતરો કરી શક્યું તેવું 'બુધસભા'ના પ્રકારનું સંગીત માટે કંઇ કરી શકે તો ગુજરાત એનું ઋણી રહેશે. અને આજકાલ કૉલેજોના ઉત્સવોમાં સંભળાતા અશિક્ષિત અવાજોમાં થતાં સિનેમાનાં ગાયનોનાં અનુકરણ સાંભળવાના પ્રસંગો ધીમેધીમે ઓછા થઇ શકશે!

જેમ સંગીતનું તેમજ નાટ્યનું. 'કુમારે' પ્રાચીન નાટ્યશાસ્ત્રને લગતી દીર્ઘ લેખમાળા છાપી. શેકસ્પીઅરનાં તેમજ પ્રખ્યાત સંસ્કૃત નાટકોનાં કથાનકો વાર્તારૂપમાં છાપ્યાં. પણ હજી ય ગુજરાતને પોતાનો લોકપ્રિય અને વિદ્વન્માન્ય એવો રંગમંચ સર્જવાનો છે. આજકાલના હાસ્યપ્રધાન કે કોઈ ખૂનમાં રાચતાં સીધાં કે 'ઍબ્સર્ડ' નાટકોમાંથી બહાર આવવાની જરૂર છે અને ગુજરાતનું જીવન યથાતથ ચીતરી શકે એવું નાટ્યનિર્માણ કરવાની જરૂર છે. 'કુમાર' આ દિશામાં કંઈ કરી શકે એમ લાગતું નથી. જો કે ભારતીય નૃત્યના બધા પ્રકારોનાં વર્ણનો, મુદ્રાઓ, નૃત્યકારોનાં ચરિત્રો વગેરે માહિતી 'કુમારે' વિસ્તારથી અને સચિત્ર આપી છે.

ગુજરાતી સાહિત્યને 'કુમાર'ની દેન શી એની ચર્ચા મેં જાણી-જોઈને લેખના ઉત્તર ભાગ માટે રાખી છે. મુખ્ય વાત એવી છે કે આ વિષય ચર્ચાનો થઇ શકતો નથી. ગુજરાતી સાહિત્યના બધા રથી-મહારથી-અતિરથીઓએ 'કુમાર'માં એકાદ વાર હાજરી નોંધાવી હશે જ. છેલ્લાં ત્રીસ-ચાળીસ વર્ષની ગુજરાતી કવિતાને 'કુમાર' તરફથી પ્રોત્સાહન મળ્યું એ વસ્તુસ્થિતિ કેમ ભુલાય? કવિઓ જન્મે છે, બનાવવામાં આવતા નથી એ સત્ય સ્વીકારીએ તો યે કવિ પોતાની અભિવ્યક્તિ લોકો આગળ લાવી શકે એ ખાતર એને સૌજન્ય અને સહાનુભૂતિની અપેક્ષા હોય છે, એનું લખાણ પ્રકાશનપાત્ર બને એ ખાતર એના પર કોઈનો કુશલ હાથ ફરે એ ઇષ્ટ હોય છે, એ વાત પણ માન્ય રાખવી જોઇએ. 'કુમાર'માં જેમનાં કાવ્યો પ્રકટ થયાં એ બધા કવિઓએ પોતાનાં કાવ્યો ગ્રંથસ્થ કર્યાં નથી; કેટલાક તો કાવ્ય કરતા બંધ થયા—એમનામાં કાવ્ય લખવાની શક્તિ હતી તો ય. 'કુમાર'માં આવેલાં કાવ્યોનો સંગ્રહ બહાર પાડવામાં આવે તો કેવો આનંદ આવે! આધુનિક ગુજરાતી કાવ્યનાં બધાં અંગોનો અને બધા કવિઓનો એક ઠેકાણે પરિચય થઇ શકે. એ કવિઓની નામાવલિ અહીં આપવાથી કોઇ લાભ થવાનો નથી; અને નામ તો એટલાં બધાં છે કે બધાં લખવા જેટલી જગ્યા યે ઉપલબ્ધ નથી, અને કોઇનો ઉલ્લેખ કરવો નહિ એવો નિર્ણય લેતાં એને અન્યાય થવાની મોટી બીક છે જ—તો યે નાનાલાલ, બ.ક.ઠા., ખબરદાર, પાઠકસાહેબ, સુંદરમ્, ઉમાશંકર, સ્નેહરશ્મિ, મેઘાણી, દેશળજી પરમાર, ચંદ્રવદન મહેતા, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, રામપ્રસાદ શુક્લ,...પણ કેટલાં નામ આપવાં?

કાવ્યો તેમજ પ્રવાસવર્ણનો 'કુમાર'નાં વિશેષ અંગો રહ્યાં

છે. ચંદ્રવદન મહેતા, ગુલાબદાસ બ્રોકર, નવનીત પારેખ, પ્ર. ચૂ. વૈદ્ય અને બીજા ઘણા લેખકોની સાથે સાથે વાચકો દુનિયાની મુસાફરીનો અનુભવ કરી શકયા છે—ઘરમાં બેઠાબેઠા ! આ લેખકોએ સ્થળોનો પ્રવાસ કર્યો ત્યારે 'ઇતિહાસ દર્શન'માં 'ધૂમકેતુ' એ ભૂતકાળની મુસાફરી કરી. ચરિત્રલેખો તો 'કુમાર'નું મુખ્ય અંગ બની રહ્યાં છે ને એવા લેખો 'કુમાર'માં અસંખ્ય આવી ગયા. એમાંના ઘણા આજે ય વાચનીય એવા લાગે છે. સ્મરણયાત્રા, જીવનનું પરોઢ, જોડા સાંકોર ધારે, જીવનપટનાં સ્મૃતિચિત્રો (રવિભાઈનાં સંસ્મરણો), કસુંબલ રંગ જેવાં આત્મચરિત્ર કયો વાચક ભૂલી શકશે ? પશ્ચિમના સાહિત્યના પરિચય રૂપે મહાન નવલકથાઓનો ટૂંકો સાર, મહાન નવલિકાઓના અનુવાદ, લેખકોનાં ચરિત્રો 'કુમાર'માં મળ્યાં. આજે ય અંગ્રેજી સાહિત્યનો સવિસ્તર ઇતિહાસ 'કુમાર' આપે છે. અને જેવું સાહિત્ય માટે તેવું જ કાર્ય 'કુમાર' દ્વારા ભાષા માટે થયું છે. દર અંકમાં આવતા શબ્દના ઇતિહાસથી બધા નાગરિકો પરિચિત છે જ. ભૂતકાળમાં આવું કાર્ય 'કુમારે' કર્યું એની ઘણાને માહિતી નહિ હોય. દાખલા તરીકે, સંવત ૧૯૮૬-માં રમતગમતના પારિભાષિક શબ્દો, સંવત ૧૯૯૧માં વહાણવટાના શબ્દો અને વહાણવટીઓની ભાષા, ભારતવર્ષમાં પોર્ટુગીઝ ભાષાની અસર, પિંગળપરિચય, એવું કેટલું ય આવી ગયું છે.

'કુમાર'ના દરેક વિભાગનો કે એમાં આવેલા લેખોની વિવિધતાનો ટૂંકો પરિચય કરાવવા પૂરતી જગ્યા મારી પાસે નથી. ત્રીજા વર્ષના આઠમા અંકમાં 'છેલ્લું પાનું' પહેલી વાર દેખાયું. આજે ય એમાં આવતી સંકીર્ણ માહિતી માટે એ વાચકોને આકર્ષે છે. 'સંસારનાં શહેરો', 'માસમાસના તહેવારો', 'આ માસની વિભૂતિ', 'આ માસ ઇતિહાસ'માં જેવા જ્ઞાનપ્રદ વિભાગો 'કુમાર'નું એક આકર્ષણ છે. અને 'વાચકો લખે છે' એ યે મારો પ્રિય વિભાગ છે. લેખકો લખે છે એની પ્રતિક્રિયાઓ વાચકોના મનમાં થાય તેમને આ વિભાગ વાચા આપે છે. એમાં માનવસ્વભાવના કેટલા બધા નમૂના જોવા મળે છે! અને કોઈ બ્રાહ્મણ બધેથી વિદ્યા ભેગી કરી લાવે તેમ વાંચવામાં આવેલી ઉદ્બોધક સામગ્રી પીરસતી 'માધુકરી'નો ઉલ્લેખ તો અવશ્ય કરવો જોઇએ. આ બધું વાચકની વિદ્વત્તામાં વધારો કરે, તેની સાથે એના રોજિંદા જીવનમાં ઉપયોગી થઈ શકે એવી ઘણી માહિતી 'કુમાર'માંથી મળી શકે છે. ઘડિયાળ કેમ ચાલે છે? સ્ક્રૂ કેમ બને છે? ખીડેલા હોઠ શું બતાવે છે? વસ્ત્રો કેવાં પહેરવાં? નાણાં પહેલાં ક્યાં બન્યાં અને કેવી રીતે બને છે? દીવાસળીનો ઇતિહાસ અને દીવાસળી બનાવવાની રીત, જુદા જુદા દેશોનાં રાષ્ટ્રગીતો, સૂકવેલો ખોરાક, ઍકવાટિંટની કળા talkies બોલે છે કે કેવી રીતે? દૂરનાં ચિત્રો television set પર આપણા ઘરમાં કેવી રીતે દેખાય છે? સિનેરામા એટલે શું?—વિષયો કેવા સાદા લાગે છે, નહિ? પણ એ બધા વિષયોનું આપણું અજ્ઞાન કેટલું હોય છે! હું જાણું છું કે કેટલી ય સુંદર વસ્તુઓનો મેં ઉલ્લેખ કર્યો નથી. ગુનાશોધનને લગતી લેખમાળા 'કુમાર'માં આવી. ગુજરાતીમાં એ જાતનું લખાણ કોઈએ કર્યું હોય તો મારા વાંચવામાં આવ્યું નથી.

'કુમાર'નાં શરૂઆતનાં વર્ષોમાં એના આદ્ય તંત્રી વાચકો સાથે 'મિજલસ'માં અનૌપચારિક વાતો કરતા. ૧૨૦મા અંકમાં એમણે જાહેર કર્યું: 'શ્રી બચુભાઇ રાવત 'કુમાર'નું લેખ-સાહિત્ય અને પત્રવિધાન સંભાળશે—એટલે કે આજ સુધી અવ્યક્તપણે સહતંત્રી હતા તે જાહેર રીતે હવે પત્રના સંપાદક તરીકેનો સર્વ ભાર ધારણ કરશે. તેથી ગુજરાત તેમની શક્તિ ને સંસ્કારોને સમજી શકશે.' આ પછી કોઇકોઇ વાર તેઓ પોતાની 'નજરે' વસ્તુઓ સમજાવતા. પણ મુ. બચુભાઇ તો પોતાના કાર્યમાં ઓતપ્રોત થઈ પોતાને સંતાડવાનો જ પ્રયત્ન હમેશાં કરતા રહે, ને ચાલે ત્યાં સુધી બોલે જ નહિ! મને અને મારા જેવા વાચકોને આ ગમ્યું ન હતું. પછી કેટલોક સમય ફાધર વાલેસે પહેલા પાના પર વાતો કરી અને એ પણ હવે બંધ થઈ છે.

ઊડતી નજરે કરેલા આ અવલોકનમાં દૃષ્ટિપથમાં આવ્યાં એટલાં જ શિખરોનો ઉલ્લેખ થયો છે. બીજા મુસાફરોને દેખાએલાં શિખરો મારી નજર બહાર રહ્યાં હોય એવો પૂરો સંભવ છે. સમય અને સ્થાનની મર્યાદા એ એક કારણ. અને બીજું મોટું કારણ મારા વ્યક્તિત્વની, મારી રુચિની અને દૃષ્ટિની મર્યાદાઓ—એટલે નબળાઇઓ! ખીણો કે તળેટી પર ધ્યાન અપાયું નથી એનો ઉલ્લેખ કરવાની જરૂર દેખાતી નથી.

આવતી કાલનાં નાગરિકોના આ માસિકે ધ્યેય નક્કી કરી, એને પ્રામાણિકતાથી વળગી રહી મનઃપૂત રીતે કાર્ય કર્યું. જે પેઢીના શૈશવકાળમાં 'કુમાર'નો અવતાર થયો એ અમારી પેઢી હવે ધીમેધીમે વૃદ્ધ થતી જાય છે; અમારા પછીની બીજી પેઢી મધ્યમાવસ્થાના ઉંબરમાં છે અને યુવાન વાચકોની ત્રીજી પેઢી આજે 'કુમાર' વાંચે છે. એની જટિલ સમસ્યાઓ છે. દરેક વિચારકે ગંભીરતાથી તે વિષે વિચાર કરવો પડશે.

'કુમાર' શરૂ થયું તે સમયે શિક્ષણનો પ્રચાર અલ્પસંખ્ય લોકોમાં થયો હતો. શિક્ષિત લોકો અને સંસ્કારી લોકો વચ્ચે ખાસ ફેર ન હતો. જીવનમાં બહારની શાંતિ હતી અને અંદરની સ્વસ્થતા કેળવવા માટે લોકો પાસે સમય રહેતો. કોઇ પણ કલાનો અભ્યાસ ઘણો સમય માગે છે, એ સમય એ જમાનામાં લોકો આપી શકતા. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. જેમના ઘરમાં કોઇ દિવસ કોઇ ભણ્યું ન હતું એવા લોકો આજે નિશાળો અને કૉલેજોમાં આવ્યા છે. અને કલા કે સાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યા છે. શિક્ષણના પ્રચાર સાથે આ ઘટના અપરિહાર્ય છે. પરંતુ એનાં સામાજિક અને સાંસ્કૃતિક પરિણામ આપણને કયાં લઇ જશે એ વિષે વિચાર કરવો જોઇએ. કલાનું યાંત્રિકીકરણ થયું છે. અમારા શૈશવમાં સિનેમાચિત્રો બોલતાં નહિ; રેડિયો ન હતો. જે લોકોએ કોઇ દિવસ સારું શાસ્ત્રીય સંગીત સાંભળ્યું નથી એમના કાન પર વાતાવરણમાંથી બજારું ઘોંઘાટ અથડાય છે. જેમણે કોઇ શિષ્ટ સાહિત્ય વાંચ્યું નથી એવા અસંખ્ય વાચકો ગંજાવર યંત્રો પર છાપેલાં

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૩)

અંગ્રેજ પ્રજાની જીવનકળાનું એક ગુણપાસું છે: the art of understatement—મિતભાષીપણું. અમેરિકનોના જેવી એ બણગાં-ફૂંકું કે ફડાકામારું પ્રજા નથી. પોતાને વિષે કાંઈ કહેવાનું આવે ત્યારે વસ્તુત: હોય એના કરતાં કાંઈક ઓછું, મર્યાદામાં રહીને, નમ્રતાથી કહી બતાવે. એનો એક જાણીતો દાખલો છે. બીજા મહાયુદ્ધ વેળાએ, અલ-અમીનની લડાઈમાં અંગ્રેજ લશ્કરે જે જગનામી પરાક્રમ ખેડ્યું તે વિષે તેના સેનાપતિ મૉન્ટગૉમરીને કોઈએ અભિનંદન આપી મુક્ત કંઠે પ્રશંસા કરી, ત્યારે એણે માત્ર એટલો જ જવાબ આપ્યો કે 'Yes, the boys did well' (હા, જવાનો સારું લડ્યા). પોતે પણ જશ ન લીધો લશ્કરને દીધો.

હજી હમણાં સુધી—અમેરિકનોની જશ લેવાની ઢબ નહોતી અપનાવી ત્યાં સુધી અંગ્રેજી પત્રકારત્વમાં તંત્રી કે એના સહકારીઓનાં નામ કદી જાહેર નહોતાં કરતાં. અંગ્રેજી પત્રકારત્વની anonimity-અજ્ઞાતતા-એ તેનું મોટું ગૌરવ ગણાતું. તંત્રીલેખો તેમજ બધાં સંપાદકીય લખાણો કોઈ એક વ્યક્તિની સહીથી નહિ પણ સમૂહગત કર્તૃત્વનો we (અમે) શબ્દ વાપરીને લખાતાં-હજી પણ અમુક અમુક પ્રકારે એ ચાલુ જ છે. એની પાછળ રહેલી શક્તિ કોણ છે એ જાણવાની લોકોને જિજ્ઞાસા રહેતી. આથી લંડનના 'ટાઈમ્સ' પત્રમાં આવતી 'ટાઈમ્સ ડાયરી'ના વિભાગ નીચે આવતા પ્રથમાક્ષરો P. H. S. વિષે જાણવાની આ લખનારે જ્યારે ત્યાં જિજ્ઞાસા કરી કે એ કૉલમ કોણ લખે છે?—ત્યારે ઉત્તર મળ્યો કે એ વિભાગ તો તંત્રીમંડળના સભ્યો છૂટકછૂટક અથવા સાથે મળીને લખે છે. P.H.S. નામાક્ષરો તો અમારી ઑફિસ જ્યાં આવેલી છે તે લત્તાના નામના પ્રથમાક્ષરો છે: Printing House Square! આવી છે એમની પડદા પાછળ રહેવાની વૃત્તિ.

આ વાતો અમને આ વિભાગ લખતી વેળા યાદ આવી. આ પચાસ વર્ષમાં અવારનવાર અમને ઘણા સજ્જનો કહેતા—તથા લખતા—જ રહ્યા છે કે પોતે 'કુમાર'ની શરૂઆતથી જ—અગર અમુક લાંબી સંખ્યાનાં વર્ષોથી ગ્રાહક છે. આથી આ સુવર્ણજયંતીને ટાંકણે અમને થયું કે એવા પહેલી-બીજી પેઢીના વાચકોનો પરિચય એમને પરસ્પરને તથા આજના વાચકોને થાય તો આ પ્રસંગે સમુચિત લેખાશે; અને



ડાબી બાજુથી: સૂર્યકાન્તાબહેન કોઠારી, મુંબાઈ; તુલસીદાસ શાહ, ભાવનગર; કાન્તિલાલ છોટાલાલ શાહ, પાનસર; જયચંદ્ર ભાલચંદ્ર દેસાઈ, ઓલપાડ

પહેલી અને પછીની પેઢી

તદનુસાર એવા શરૂથી તેમજ લાંબા કાળથી જેઓ ગ્રાહક હોય તેમને પોતાનાં નામસરનામાં (તથા છબિ પણ) મોકલવાની વિનતિ 'કુમાર'માં અવારનવાર અમે કરતા આવ્યા હતા. પરંતુ અમને આશ્ચર્ય થાય છે કે એ પ્રસ્તાવને મોટા ભાગના એવા ગ્રાહકોએ લેખવ્યો નથી. આ પેલા અંગ્રેજી પ્રજાના મિતભાષીપણા કે અજ્ઞાતપ્રિયતા જેવો ગુણ હશે એમ માનવાનું અમને મન થાય છે. નહિતર અમે રૂબરૂ જાણેલાં કેટલાંક દૃષ્ટાંતો તો રસમય હતાં. દાખલા તરીકે મુંબાઈ આકાશવાણી પર કાર્ય કરતા જાણીતા ('કુમાર'ના પણ) લેખક શ્રી નાનાલાલ વસા અને એમનાં પત્ની લોપાબહેન લગ્ન પહેલાં 'કુમાર'નાં શરૂથી જ અલગ અલગ ગ્રાહકો હતાં, અને હજી અખંડ ચાલુ છે. એક બીજા સજ્જન ડૉ. મનસુખલાલ કોઠારીનું લગ્ન થયું તેના થોડા માસ પહેલાં જ 'કુમાર' શરૂ થએલું, એટલે લગ્ન થતાં જ એમણે પોતાનાં પત્નીના જ્ઞાનવિકાસને માટે પહેલા જ અંકથી એમના નામે 'કુમાર' નોંધાવ્યું. એ સૂર્યકાન્તા(સૂરજ) બહેન આજે મુંબાઈમાં જાહેર સેવાકાર્યોમાં રત રહે છે. (જુઓ ઉપર એમની છબી). આવાં તો સંખ્યાબંધ ગ્રાહકો હશે. એમણે પડદા પાછળ રહેવાનું પસંદ કર્યું એ એમની નમ્રતાની કદર કરીએ છીએ. પરંતુ એમના પરિચયથી અમે અને 'કુમાર'ના વાચકો વંચિત રહ્યા એનો ખેદ પણ અનુભવીએ છીએ.

જે કાંઈ નામો આવ્યાં છે તે બે વિભાગમાં આ નીચે આપીએ છીએ: ૧) જેઓ 'કુમાર'-ના પહેલા જ અંકથી ચાલુ ગ્રાહકો રહ્યા છે તે પહેલી પેઢીનાં, અને ૨) જેઓ વચગાળાથી ગ્રાહક થયા છતાં ઘણા લાંબા કાળથી અખંડ ચાલુ રહ્યા છે તે, પાછલી પેઢીનાં.

પહેલી પેઢી: ૧) સૂર્યકાન્તા (સૂરજ) બહેન મનસુખલાલ કોઠારી, ઝવેર મહાલ, મરીન ડ્રાઈવ મુંબાઈ-૨૦, ૨) કાંતિલાલ છોટાલાલ શાહ, ઍડવોકેટ, પાનસર (ઉ. ગુજરાત); ૩) તુલસીદાસ છગનલાલ શાહ, મુક્તગંગા, ભાવનગર; ૪) પ્રાણલાલ માણેકલાલ શેઠ, જીવન જ્યોત, જુહુ-પાર્લેસ્કીમ-મુંબઈ-૫૬; ૫) ચંપકલાલ અમરચંદ, અજિત વિલા, કૉટેજ લેન, સાન્ટાક્રુઝ. છગનભાઈ બાપુજી પટેલ બાર્કલેસ બૅન્ક, નાઈરોબી (ઇસ્ટ આફ્રિકા)

પછીની પેઢી: ૧) ટી. કે. મહેતા, ઠાકોરલાલ હીરાલાલ ઍન્ડ કં. ઝવેરીઓ, પો. બૉ. નં. ૧૦૪; ડેલહાઉસી સ્કવેર-કલકત્તા-૧; ૨) કેસરીપ્રસાદ એચ. દેસાઈ, ૩૭ ચૌરંઘી-કલકત્તા ૧૬ ૩) ઘનશ્યામદાસ ભગવાનદાસ દેસાઈ, ૧૦ સૂર્યોદય કૉલોની, સરદાર સ્ટેડિયમ રોડ, અમદાવાદ ૧૩; ૪) શરફઅલી એચ. કપાસી, મુસ્તુફા મંઝિલ, પીરખાન સ્ટ્રીટ, ન્યૂ નાગપાડા, મુંબાઈ-૮; ૫) કૃષ્ણલાલ છગનલાલ કાનુગા, 'જલદર્શન' ૧, સાતમે માળે, ૫૧ નેપીઅન સી રોડ-મુંબાઈ-૩૬; ૬) સવિતાબહેન હીરાલાલ નથવાણી, ફર્સ્ટ બ્લૉક, રાજાજીનગર, બૅંગ્લોર ૧૦; ૭) જયચંદ્ર ભાલચંદ્ર દેસાઈ, ચોકઠા ફળિયા-ઓલપાડ (જિ. સુરત); ૮) દેવજી માવજી ટોપરાણી, ૩૦ જનસુખ નિવાસ, કસ્તુરબા રોડ, કાંદીવલી-મુંબાઈ ૬૭; ૯) મહેન્દ્રભાઈ મહેતા, ઉષ્મા ફ્લૅટ્સ, નવરંગપુરા-અમદાવાદ-૯; ૧૦) રમેશ બી. શાહ, ૮૪ મુનશી એસ્ટેટ, ૫૦૪ મહાત્મા ગાંધી રોડ, મુલુંદ, મુંબાઈ.



રેડિયો અને ફિલ્મ-ક્ષેત્રના દેશખ્યાત સંગીતકાર અપ્રતિમ ગાયક અભિનેતા વિનમ્ર વિદ્વાન અને શ્રદ્ધાપૂર્ણ વૈષ્ણવ

પંકજકુમાર મલ્લિક

લેખક
અજિત શેઠ

પંકજ બાબુને પહેલવહેલું મળવાનું થયું ઈ. સ. ૧૯૫૭માં. જમ્મુ–શ્રીનગરમાં રેડિયો કાર્યક્રમ આપી હું અને મારી પત્ની નિરુપમા સપ્ટેમ્બરના મધ્યમાં મુંબાઈ પાછાં આવ્યાં ત્યારે ઘેર જતાં વિદ્યાભવન પરના બોર્ડ ઉપર નજર પડતાં અમે તાજ્જુબ થઈ ગયાં. પંકજ મલ્લિક—જે કદી કલકત્તા છોડી મુંબાઇ આવે નહિ–તેમનાં ગીતોનો કાર્યક્રમ અહીં સુંદરાબાઈ હૉલમાં! અને તે પણ અમારી વિદ્યાભવન સંસ્થાના ઉપક્રમે! બંદા તો નિરુપમાને સાથે લઈ બીજે દિવસે સાંજે સાન્તા ક્રુઝ એરપોર્ટ પર પહોંચી ગયા. વિમાનમાંથી એક પછી એક બધાં ઊતરી રહ્યા બાદ છેક છેલ્લે રહેલા યાત્રીઓમાં એક ઊંચી પડછંદ વ્યક્તિ દેખાઇ. કથ્થાઈ રંગનો ઝભ્ભો, પાટલી વાળેલું બંગાળી ઢબનું ધોતિયું. વિશાળ દેહ, ભવ્ય લલાટ, તીક્ષ્ણ નયન અને મુખ પર વિલસતું મૃદુ હાસ્ય. પહેલી જ નજરે એમની અનન્ય પ્રતિભા અલગ તરી આવતી હતી. નિરુપમાએ હાર પહેરાવ્યો અને અમે બન્નેએ પ્રણામ કર્યા. જેના સ્વર દ્વારા ગુરુદેવ રવીન્દ્રનાથ અમારા હૃદયમાં વસ્યા અને જેમનું પ્રત્યેક ગીત અમારી રગેરગમાં આત્મસાત્ છે એવા, અલૌકિક સ્વરલીલાના આ સ્વામીને, અમારા સંગીતગુરુને પ્રત્યક્ષ મળવાનો આ પહેલો પ્રસંગ. આગળ જતાં તેમની અત્યન્ત નજીક આવવાનું અને પ્રીતિભાજન થવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમનાં ચરણે ઘણાં ગીતો શીખવા પામ્યાં, અનેક કાર્યક્રમોમાં તેમની સાથે ગાયું, અનેક સંગીત-ઉત્સવો પણ યોજ્યા. પછી તો જ્યારે મુંબાઇ આવે ત્યારે તેઓ હમેશાં અમારે ત્યાં જ ઊતરે. કલાતીર્થ સમા ન્યૂ થીએટર્સમાં તેમણે આપેલાં ગીતો, પશ્ચિમ બંગાળની સરકાર માટે રચેલી સંગીત-નાટિકાઓ માટેનું સંગીત વગેરેના લાભ સાથે ગુરુદેવ રવીન્દ્રનાથનાં બંગાળી ગીતો તેમજ તેના હિંદી અનુવાદો, સંસ્કૃત ઋચાઓ, વેદ-સૂક્તો, સ્તવનો, ભજનો... એમ સંગીત-નાં અનેક પાસાં અમે તેમની પાસેથી શીખ્યાં છીએ, અને જીવનમાં ધન્યતા અનુભવી છે.

છેક બાળપણથી તેમનાં જ ગીતો સાંભળીને હું ગાતાં શીખ્યો. વર્ષોથી કલકત્તા રેડિયો પર દર રવિવારે સવારે તેઓ સંગીત-શિક્ષણ આપે છે. એ સાંભળી સાંભળીને હું રવીન્દ્ર-ગીતો શીખ્યો. ન્યૂ થીએટર્સનાં એમના સંગીતવાળાં બધાં ચિત્રો જોએલાં, અને તેમનાં ગીતો બધાં જ મોઢે–ગીતની તરજ વચ્ચેનું ઈન્ટર લ્યૂડ મ્યૂઝિક સુધ્ધાં! આમ પ્રત્યક્ષ મળ્યા પહેલાં પણ તેમનું સંગીત મારા સચરાચરમાં વ્યાપેલું જ. પણ તેમના વ્યક્તિત્વનાં કેટલાંક અનન્ય પાસાં તેમના સાંનિધ્યમાં આવ્યા બાદ જાણવા પામ્યો.

સાધારણ જનસમાજ અને ફિલ્મી સંગીતના રસિયાઓ પંકજ બાબુને એક વિરલ ગાયક, સાયગલના સમકાલીન ને પ્રસિદ્ધ સ્વરનિયોજક તરીકે જ જાણે છે. પણ એ ઉપરાંત તેઓ ઉચ્ચ કોટિના વિદ્વાન પણ છે. અંગ્રેજીમાં લખાએલા તેમના પત્રો વાંચવા એ એક લહાવો છે. વેદ, પુરાણ, ઉપનિષદ્ ને અન્ય સંસ્કૃત ગ્રંથોનું તેઓ ઊંડું જ્ઞાન ધરાવે છે. વૈષ્ણવ ધર્મમાં પૂર્ણ શ્રદ્ધા અને ધાર્મિક વૃત્તિએ તેમને તત્ત્વજ્ઞાની બનાવ્યા છે. ઘરમાં શ્રી જગન્નાથની સ્થાપના હોઈ રોજ એક કલાક તેઓ દેવસેવામાં અને અધ્યયન-માં ગાળે છે. 'યાત્રિક' ફિલ્મમાં પખાવજની સંગતે એમણે ગાએલા 'શિવસ્તોત્રમ્' અને 'કુમારસંભવ'માંના હિમાલય વર્ણનના સુંદર ગાંભીર્યનો મૂળ સ્રોત એમના આ આધ્યાત્મિક વલણમાં જ છે.

સંગીતજ્ઞ હોવા સાથે રસજ્ઞ પણ હોઈ કાવ્યના રસને પિછાણી તેના સમસ્ત ભાવને તેઓ સંગીતમાં તાદશ્ય કરે છે. તેમનું સંગીત માત્ર સ્વરોચ્ચારવ્યાપાર જ નથી, પરંતુ તેની સાથે આત્માનો સંગમ થતો હોવાથી તે માનવહૃદયની ઊર્મિઓને સ્પર્શે છે, સ્પંદન જગાડે છે અને ઉષ્મા આપે છે. પ્રસિદ્ધ અભિનેત્રી અને સમર્થ ગાયિકા કાનનદેવીએ પોતાની આત્મકથા 'સબારે આમી નમી'માં નોંધ્યું છે કે "'મુક્તિ' ચિત્રમાં કામ કરતી વેળા મને પંકજ મલ્લિક-ના સંપર્કમાં આવવાનો સુયોગ સાંપડ્યો. પંકજ બાબુ તે સમયે સંગીત-જગતના હીરો હતા. હું પોતે પણ તેમની અનુરક્ત શ્રોતા હતી. પરંતુ જ્યારે તેમની પાસે ગીતો શીખવા ગઈ ત્યારે તો તેમની ભક્ત બની ગઈ. શ્રદ્ધાથી મેં જોયું કે તેઓ કેવળ શક્તિમાન કંઠના જ અધિકારી નથી, તેમણે સંગીતશાસ્ત્રનું તલસ્પર્શી અધ્યયન પણ કર્યું છે, તેમાં ઊંડાણથી ઊતર્યા છે અને તે પર ખૂબ જ વિચાર્યું પણ છે, તેને લીધે વિદગ્ધતાનો પરિશીલિત પ્રકાશ અને અનુભવ-ની સરસતાથી તેમનાં ગીતો મનને આન્દોલિત કરી દે છે.

'મુક્તિ'નાં ગીતો શીખવા અમર મલ્લિક એક દિવસ મને એમના ઘેર લઈ ગયા. તેમની સાથેની એ મારી પહેલી મુલાકાત હતી. હાર્મોનિયમની સામે એક વ્યક્તિ બેઠી હતી. પાસે હતાં થોડાં પુસ્તકો અને અનેક નોટબુકો. મને જોઈને સ્મિત કરી સ્વાગત કર્યું. ત્યાર બાદ કહે; 'આજે તને એક એવું ગીત શીખવીશ જે તારા જીવનભરની સંપદા બની રહેશે.'"

કાનનદેવી આગળ લખે છે: "પંકજ બાબુ એટલી સરસ રીતે સમજાવતા કે એમની વાત હૃદયના ઊંડાણમાં ઊતરી જતી. હું એમની પાસેથી સૌ પહેલું ગીત ગુરુદેવનું 'આજ સબાર રંગે રંગ

મિશાતે હબે' શીખી. શીખવતાં પહેલાં મન દઈને રવીન્દ્રનાથ અને તેમનાં ગીતોમાંનું દર્શન તેઓ સમજાવતા. તે દિવસની હરેક વાત આજે પણ કાનોમાં ગુંજે છે! તેઓ કહે, ગાતી વખતે એક વાત હમેશાં યાદ રાખજે: 'સબાર રંગે' ગીત હોળીનું ગીત નથી, પૂજાનું ગીત છે. ચિત્રમાં આ ગીત રાખવાનો ઉદ્દેશ જાણે છે? તારે એ સમજાવવાનું છે કે પ્રશાન્ત તારો પતિ છે, તેના આનંદમાં જ તારો આનંદ છે, તેના કૃતિત્વમાં જ તારું ગૌરવ છે. 'સેઈ રાતેર–સ્વપ્ન–ભાંગા આમાર હૃદય લોક–ના–રાંગા' રંગ કેમ જશે? તારા રંગોના ગૌરવથી. આ રંગ રમવાનો રંગ નથી. આ તો પ્રિયજનો પ્રતિની શ્રદ્ધા, ભક્તિ અને પ્રીતિનો રંગ છે. સાત રંગમાંથી કયો રંગ ગીતને રંગીન કરે છે, કયો રંગ ગીતમાં પ્રધાન છે તે અંગે તારે ખુદે વિચારવું જોઈશે.

આ રીતે જાતજાતના અનુભવો સામે મૂકી પંકજ બાબુ મનને સ્વરમાં બાંધી લેતા. તે મનઃસ્થિતિમાં જે કંઈ ગાતી તે ખરેખર સફળ રહેતું. વળી, તેઓ હમેશાં કાનમાં મંત્રપાઠની જેમ કહેતા: 'મુક્તિ' ચિત્રમાં તારા મુખે પહેલી વાર સૌ રવીન્દ્ર-સંગીત સાંભળશે. જોજે, કવિના ગીતને આંચ ન આવે. દેવતાનાં ચરણોમાં અંજલિ અર્પણ કરતી વેળા ચિત્ત એકાગ્ર કરી મંત્રપાઠ કરવો પડે છે. બસ એવી જ રીતે આ ગીત ગા'.

સંભવ છે કે પંકજ બાબુએ આમ વારંવાર સજગ રાખવાને લીધે જ હું રવીન્દ્ર-સંગીત ગાવાના દાયિત્વમાં સચેત રહી શકી, અને તેને લીધે જ બધાંને આ ગીતો ગમ્યાં. દોષહીન ઉચ્ચારણ, સ્વરની સ્પષ્ટતા, લયની મધુરતા, ચિત્રમાં એ ગીતોનાં દશ્યોના ભાવ વગેરે બધી બાબતો માટે તેમની દૃષ્ટિ હમેશાં જાગ્રત રહેતી. વળી એમની શીખવવાની રીત ઘણી જ નિયમબદ્ધ રહેતી. કોઈ પણ શિક્ષાર્થી માટે તેમની શિક્ષા અનુસાર ગીત શીખી સફળ થવું સરળ હતું. પંકજ બાબુ ખરેખર કલાકાર હતા. કલાબોધની સાથોસાથ તે અંગે જે વાસ્તવબોધ હતો તેને કારણે ગીત ગાવા અને શીખવવામાં પંકજ બાબુને આટલી સફળતા મળી છે. એને લીધે તેમનાં ગીતોનો પ્રભાવ યુગની સીમા પાર કરી શક્યો છે. શીખવવામાં આંતરિકતા જેમ ઊંડી હતી, તેવી જ રીતે શિક્ષાર્થીને પ્રશંસાથી પુરસ્કારવામાં પણ તે કદી કૃપણ ન હતા. સાંભળ્યું છે કે તેમણે મને 'ફર્સ્ટ સિંગિંગ સ્ટાર ઑફ ન્યૂ થીએટર્સ' કહી નવાજી હતી. તેમના જેવા ગુણીજન પાસેથી આટલું મોટું સમ્માન પામવાનાં સૌભાગ્યની કલ્પના પણ મેં કરી ન હતી."

પ્રાન્તીય સીમાડા વટાવી ઉજ્જવળ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર, ગીત-સંગીતનાં આરૂઢ અને સમર્થ જ્ઞાનર્ષિ, આજન્મ ગાયક, વિલક્ષણ સંગીત-દિગ્દર્શક પંકજકુમાર મલ્લિકનું સાંગીતિક મૂલ્યાંકન કરવું ઘણું કઠિન છે. માત્ર ફિલ્મ-સંગીત જ નહિ, રવીન્દ્ર-સંગીતના વિકાસમાં પણ એમનો ફાળો ઘણો મોટો છે. આજે ૭૦થી યે વધુ વયે પણ એમનું નામ કે તેમનો સ્વર કાને પડતાં શ્રોતાઓનાં હૃદય ઝૂકી પડે છે. હમણાં જ સરકાર દ્વારા તેમને 'દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ' અપાયો, ત્યારે વિવિધભારતી ઉપરથી મેં 'કોહિનૂર ગીત-ગુંજાર'ની કાર્યક્રમ-શ્રેણીમાં તેમને અંજલિ દેતો એક ખાસ કાર્યક્રમ યોજ્યો હતો. એ કાર્યક્રમ સાંભળ્યા બાદ મને જૂની પેઢીના જ નહિ પણ આજના નવયુવકો દ્વારા પણ લખાએલા અઢળક પત્રો મળ્યા. આ બધા શ્રોતાઓ પંકજ મલ્લિકનાં ગીતો ફરી ફરી સાંભળવા માગે છે તેમ લખે છે. એથી પ્રતીત થાય છે કે તેઓ આજે પણ લોકહૃદયે બિરાજે છે. તેમના અવાજ અને ગીતોની તરજોમાં એક ચિરસ્મરણીય તત્ત્વ રહ્યું છે, જે દરેક શ્રોતાના હૃદયમાં ઊંડી અસર મૂકી જાય છે. ટાંચાં સાધનો દ્વારા ચાલીસ વર્ષો પહેલાં ધ્વનિમુદ્રિત થએલાં તેમનાં અનેક ગીતો આજે પણ ફરીફરીને સાંભળવાં ગમે છે. પંકજ બાબુના સંગીતની વાત નીકળે કે અચૂક સૌ કોઈ સ્વ. સાયગલને પણ યાદ કરવાના જ. અશ્વિનીકુમાર સમા આ બન્નેના નામોલ્લેખ વિના આધુનિક ભારતીય ગીત-સંગીતની વાત ભાગ્યે જ થઈ શકે.

સ્વાતંત્ર્ય પૂર્વે 'ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કં.' નામે એક ખાનગી સંસ્થા દ્વારા રેડિયો-પ્રસારણ થતું હતું. પંકજ બાબુ આ રેડિયો કં.ના સંગીતવિભાગ જોડે શરૂથી જ સંકળાએલા હતા. એક નમણી સાંજે કોઈ પાતળો યુવાન ત્યાંના વિઝિટર્સ રૂમમાં બેઠો હતો. પંકજ બાબુ ત્યાંથી નીકળ્યા. પૂછ્યું: 'શા કાજે આવ્યા છો?' જવાબ મળ્યો: 'રેડિયો સ્ટેશનથી ગીતો ગાવાં છે.' કોઈ અગમ્ય કારણે પંકજ બાબુ આ યુવક તરફ આકર્ષાયા. તેમણે તાત્કાલિક ઑડિશનની ગોઠવણ કરી. જાતે ઑરગન વગાડવા સાથે એ યુવકે એક ઉર્દૂ ગઝલ ગાઇ. એના અવાજનું માધુર્ય, ઉચ્ચારણની સ્પષ્ટતા તેમજ એની માદક ગાયકી સાંભળી બધા જ પ્રભાવિત થઈ ગયા! એ જ રાતે કલકત્તાથી એની ગઝલો પ્રસારિત કરાઇ. આ ગાયક તે સ્વ. કુંદનલાલ (કે. એલ.) સાયગલ. પંકજ બાબુ સાયગલને 'ન્યૂ થીએટર્સ'માં શ્રી બી. એમ. સરકાર પાસે લઈ ગયા. શ્રી સરકાર ત્યારે એમની કંપનીની પહેલી હિન્દી ફિલ્મ માટે એક ગાઈ શકે તેવા નાયકની શોધમાં હતા. પંકજ બાબુએ સાયગલને ત્યાંના દિગ્દર્શક સ્વ. પ્રેમાંકુર અતોથી સાથે મેળવી આપ્યા. અને સાયગલ ન્યૂ થીએટર્સના પ્રથમ હિન્દી ચિત્ર 'મહોબ્બત કે આંસુ'માં હીરો તરીકે રૂપેરી પર્દા પર આવ્યા. પંકજ બાબુની સહાયથી જ સાયગલ બંગાલી ગીતો તેમજ રવીન્દ્ર-સંગીત પણ ગાતા થયા. ન્યૂ થીએટર્સમાં સાયગલે 'સો જા રાજકુમારી સો જા', 'કિસને યે સબ ખેલ રચાયા', 'કરું કયા આશા નિરાશ ભયી', કે 'અય કાતિબે તકદીર' વગેરે જેવાં જે અનેક અમર હિન્દી ગીતો ગાયાં છે તેમાંનાં લગભગ બધાં જ પંકજ બાબુએ સ્વરબદ્ધ કરેલાં છે, એ બહુ ઓછા જાણે છે. ફિલ્મ-સંગીતના ક્ષેત્રની પ્રસિદ્ધિની ટોચે પહોંચેલા બે કલાકારો—સાયગલ અને પંકજબાબુની ગાઢ મૈત્રી પણ એક ખરેખર વિરલ ઘટના છે. એક અપ્રતિમ ગાયક પોતાના જેટલા જ પ્રસિદ્ધ કલાકારને ગીતો માટે મન મૂકીને સ્વરબંદિશો આપે એ એક ઉદાત્ત માનવવિભૂતિનાં દર્શન કરાવે છે. આજે સંગીતક્ષેત્રે જે સંકુચિત સ્વભાવનું દર્શન થાય છે તે જોતાં આવી ગાઢ મૈત્રી જવલ્લે જ જોવા મળે.

વળી, પંકજ બાબુએ એવાં પણ ઘણાં ચિત્રોમાં સંગીત આપ્યું



◁ ઈ. ૧૯૩૫માં યુવાન વયે પત્ની સાથે પંકજકુમાર

લેખક અજિત શેઠ તેમનાં પત્ની શ્રીમતી નિરૂપમા અને તેમનો પુત્ર પંકજકુમાર સાથે ▷



છે જેમાં તેમનું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું નથી! મૈત્રીના કારણોસર અને કલાતીર્થ ન્યૂ થીએટર્સના આદર્શ ખાતર સંગીત-નિર્દેશક તરીકે બીજા કલાકારોનાં નામો તેમણે આગળ કર્યાં છે. સંયોગોવશાત્ ન્યૂ થીએટર્સ બંધ પડ્યા પછી તેમણે જાણે હિન્દી ફિલ્મમાંથી ક્ષેત્રસંન્યાસ જ લીધો. શ્રી ચંદુલાલ શાહની 'રણજિત મૂવીટોન' જેવી કંઇ કેટલી યે ફિલ્મ કંપનીઓએ એમની સમક્ષ આકર્ષક પ્રસ્તાવો મૂક્યા, છતાં મુંબાઇના ચિત્રઉદ્યોગનું પ્રલોભન તેમને ચળાવી શક્યું નહિ. કુન્દનલાલ સાયગલ, પ્રમથેશ બરૂઆ વગેરે અનેક પ્રતિભાઓએ ન્યૂ થીએટર્સ છોડયું, પણ પંકજબાબુએ કદી યે માતૃસંસ્થા ન છોડી, કે ન તો સંગીતનિયોજનમાં કોઇ બાંધછોડ કરી. જનતાને ઉચ્ચ સ્તરનું સંગીત આપવું તે એમનું સદા વિશિષ્ટ કાર્ય રહ્યું છે. આરંભની કે પાછલાં વર્ષોની એમની બંદિશમાં એ જ ગાંભીર્ય ને એ જ ઊંડાણ સાંભળવા મળશે. પોતાના સંગીતમાં એમણે ક્યાં ય પણ આછકલાઈ આવવા દીધી નથી.

આજથી સિત્તેર વર્ષ પર કલકત્તાના એક મધ્યમ વર્ગના ચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. ઘરઆંગણે વિવિધ ઉત્સવોમાં પ્રસિદ્ધ ગાયકો અને સંગીતકારોના કાર્યક્રમ યોજાતા. તેમાંથી એમને સંગીતનો શોખ લાગ્યો. એમાં વડીલોની અનુમતિ ન મળતાં તેઓ કૉલેજમાં દાખલ થયા; છતાં સંગીતની સાધના તો ચાલુ જ રહી. તેઓ ગાતા અને કાવ્યગીતોના સ્વર બાંધતા. એક વેળા વિશ્વનાથરાવ ઘરાણાના પ્રસિદ્ધ માર્ગીય સંગીતકાર દુર્ગાદાસ બંદોપાધ્યાય તેમને ઘેર એક ઉત્સવમાં ગાવા આવ્યા. તે વેળા યુવાન પંકજે પણ પોતે સ્વરાંકિત કરેલાં ગીતો ગાયાં. એના સંમોહક કંઠ અને સ્વર બાંધવાની શક્તિથી અભિભૂત થઈને દુર્ગાદાસે તેમને 'ક્ષેત્રમોહન સંગીત-વિદ્યાલય'માં મોકલવાની ભલામણ કરી. વિદ્યોપાસનાની સાથે સંગીતસાધના પણ ચાલી. વિજ્ઞાનના સ્નાતક થવા સાથે પોતાના ઘેરા મધુર અવાજને લીધે કલકત્તાના સંગીત-વર્તુલમાં પણ તેમણે ખ્યાતિ મેળવવા માંડી. આ જ સમયમાં તેઓ ગુરુદેવના ઠાકુર કુટુંબના પરિચયમાં આવ્યા. ગુરુદેવના 'ગાનેર ભંડારી' દીનેન્દ્રનાથ ટાગોરનું લક્ષ પંકજ બાબુ પ્રત્યે દોરાયું. દીનુ બાબુએ એમને રવીન્દ્ર-સંગીતની રીતસરની તાલીમ આપી. ખુદ ગુરુદેવના પણ તેઓ પ્રીતિભાજન બન્યા. ગુરુદેવ પોતે પણ એક મહાન સંગીતકાર હોઇ તેમણે લગભગ ૩૦૦૦ ગીતોને સ્વરબદ્ધ કર્યાં છે. પણ તેમના એક કાવ્ય 'ખેયા'નું સ્વરાંકન પંકજ બાબુએ કર્યું, જે ગુરુદેવને ગમ્યું હતું. એ ગીત બંગાળી ફિલ્મ 'મુક્તિ'માં રજૂ કરવાની પણ એમણે રજા આપી હતી.

આ જ અરસામાં કલકત્તામાં 'ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કં.ની સ્થાપના થએલી. પંકજ બાબુ આરંભથી જ તેની જોડે ને આઝાદી બાદ 'આકાશવાણી'ની સાથે સતત સંકળાએલા રહ્યા છે. શ્રોતાઓને હળવા સંગીતની તાલીમ મળે તે માટે ઈ. ૧૯૨૯થી દર રવિવારે રેડિયો દ્વારા સંગીતશિક્ષણ આપવાનાં તેમણે શરૂ કરેલા પ્રયોગની સફળતા અને લોકપ્રિયતા અદ્વિતીય રહી છે. નવરાત્રિના પૂજા-ઉત્સવમાં પ્રથમ મહાલય તિથિને દિવસે પ્રભાતમાં તેઓ સવારે પ્રતિવર્ષ એક કલાકનો જે પૂજા-આનુષ્ઠાનિક કાર્યક્રમ આકાશવાણી ઉપરથી આપે છે તે બંગાળમાં અત્યંત લોકપ્રિય છે.

ઇ. સ. ૧૯૨૪-૨૯ દરમિયાન 'ઇન્ટરનૅશનલ ફિલ્મ ક્રાફ્ટ' નામની એક પ્રખ્યાત ફિલ્મ-નિર્માણ સંસ્થાના સંગીતનિયોજક તરીકે તેમણે કામ કર્યું. એ જમાનો મૂક ચિત્રોનો હતો. 'ચાશેર મેયે' અને 'ચોરકાંટા' નામનાં મૂક ચિત્રોમાં તેમણે દીધેલું સંગીત ખૂબ લોકપ્રિય બન્યું. તે જમાનામાં દરેક શો વેળા રંગભૂમિ સન્મુખ ઑરકેસ્ટ્રા-પિટમાં સંગીતકારો જોડે બેસી તેઓ સંગીત 'કન્ડક્ટ' કરતા. ઈ. ૧૯૩૦માં ઇન્ટરનૅશનલ ફિલ્મ ક્રાફ્ટ કં. 'ન્યૂ થીએટર્સ કંપની લિમિટેડ'માં રૂપાંતર પામી. તેનાં એક પછી એક ચલચિત્રોમાં પણ એમણે અવિસ્મરણીય ગીત-સંગીત આપ્યાં. 'મંઝિલ યાને ગૃહદાહ', 'મુક્તિ', 'કપાલકુંડલા', 'ધરતી માતા', 'અધિકાર', 'દુશ્મન', 'નર્તકી', 'ઝિન્દગી', 'યાત્રિક'; આદિ જેવાં વિખ્યાત ચિત્રોમાં તેમણે સાયગલ, કાનનબાલા, ઉમા શશી, પ-

હાડીસન્યાલ,આસિત બરન,ધનંજય ભટ્ટાચાર્ય,ઈલા ઘોષ, ઉત્પલા સેન અને પોતાના કંઠે અનેક ચિરસ્મરણીય ગીતો આપ્યાં. આ બધાં ચલચિત્રોની સફળતામાં પંકજ બાબુના સંગીત-દિગ્દર્શનનો પણ પૂરતો હિસ્સો હતો. ઈ. ૧૯૩૫માં સ્વ. પ્રમથેશ બરૂઆની વિનતિથી 'મુક્તિ' અને 'કપાલકુંડલા'માં નાનકડા પાઠ પણ ભજવ્યા. ત્યાર બાદ ફણી મઝમુદાર દિગ્દર્શિત 'ડૉક્ટર'માં તથા બરૂઆના એમ. પી. પ્રોડક્શનના 'આંધી'માં તો એમણે મુખ્ય પાત્ર પણ ભજવ્યાં. આમ ગાયક, સંગીતકાર ને અદાકાર તરીકે પણ તે પ્રખ્યાત થયા. એમાં પણ 'ડૉક્ટર'ની એમની અદાકારી હજી યે ઘણાં નહિ ભૂલ્યાં હોય. 'કોન દેશ હૈ જાના', 'પિયા મિલન કો જાના', 'ચલે પવનકી ચાલ', 'ગુજર ગયા વહ જમાના કૈસા' વગેરે એમણે ગાએલાં ગીતો તો આજે યે એટલાં જ તાજાં લાગે છે. 'કાશીનાથ', 'મીનાક્ષી', 'મંઝુર', 'છોટા ભાઇ', 'ઊંચનીચ', 'યાત્રિક', 'મેરી બહન' વગેરે ચિત્રોનું એમનું સંગીત પણ એટલું જ લોકપ્રિય રહ્યું છે. છેલ્લે ટાગોરની નવલ પર આધારિત પોલ ઝીલના ચિત્ર 'ઝલઝલા' તેમજ 'કસ્તૂરી'ને પણ તેમણે સંગીત આપ્યું.

પાર્શ્વગીત સર્વ પ્રથમ શ્રી નીતિન બોઝે 'ધૂપછાંવ' અને "ભાગ્યચક્ર" ચિત્રોમાં રજૂ કર્યાં, પણ તેની યે પહેલાં ઇ. સ. ૧૯૩૩માં પંકજ બાબુએ ગીતની બંદિશમાં અંતરાઓ વચ્ચે 'ઇન્ટર લિંક' સંગીતની શરૂઆત કરાવીને ચિત્રના નાટ્યાત્મક કથનની અભિવ્યક્તિ માટે પ્રથમ પ્રયત્ન કર્યો હતો.

રવીન્દ્ર-સંગીતને મૂળ બંગાળીમાં તેમજ તેને હિન્દીમાં રૂપાંતરિત કરીને પોતાના કંઠ દ્વારા એમણે ભારતભરમાં જાણીતું કરીને સંગીતક્ષેત્રે એક અજોડ સેવા બજાવી છે, એટલું જ નહિ પણ ગુરુદેવનાં ગીતોનો મહિમા વધાર્યો છે. જે કોઈ પણ ઘરમાં ટાગોર-ગીતોની રેકૉર્ડ હશે તેમાં પંકજ બાબુની રેકૉર્ડ અચૂક નીકળી. આવશે. 'તુમી કિ કેવલ છબિ', 'સઘન ગહન રાત્રિ', 'દિનેર શેષે', 'એમોની દિને તારી બોલા જાય' વગેરે તેમણે ગાએલાં ગીતો અમર થઈ ગયાં છે. રવીન્દ્ર-ગીતોમાં તબલાંના તાલ પણ એમણે શરૂ કરાવ્યા અને ગીતની રજૂઆતમાં વ્યવસ્થા આણી. એમના કંઠે ગવાય છે ત્યારે તે પંકજગીતિ બની જઇ એને કંઇ નવો જ ઓપ મળે છે. તેમની પાસેથી શીખીને હેમંતકુમારે આ શૈલી જારી રાખી છે જે આજે પણ બંગાળમાં ઘણી લોકપ્રિય છે.

પંકજ બાબુને પાશ્ચાત્ય સંગીતની પણ સારી સમજ છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં કલકત્તાની એક જાણીતી હોટેલમાં પાશ્ચાત્ય સંગીત-વિદ્ કાસનોવાઑર્કેસ્ટ્રા કન્ડક્ટ કરતા. પંકજ બાબુએ ગુરુદેવનાં ગીતો 'પ્રાન ચાહે ચક્ષુ ન ચાહે'નું હિન્દીકરણ કરી 'પ્રાણ ચાહે નૈન ન ચાહે' તેમજ 'જીસે મેરી યાદ ન આયે' ગીતો કાસનોવાના ઑર્કેસ્ટ્રા જોડે ગાઈ રેકૉર્ડ કરાવ્યા. આજથી ત્રીસેક વર્ષ પર પાશ્ચાત્ય ઑર્કેસ્ટ્રાનો આપણા ગીતોમાં સમન્વયનો એ પહેલો પ્રયોગ હતો.

પંકજ બાબુના ગૈરફિલ્મી ગીતો પણ એટલાં જ લોકપ્રિય છે. 'યે રાતેં યે મૌસમ યે હસના હસાના', 'મૈંને આજ પીયા હોઠોં કા પ્યાલા' જેવાં પ્રેમગીતો કે 'તેરે મંદિર કા હું દીપક જલ રહા', 'મેરે હઠીલે શ્યામ' જેવાં ભજનોની હજારો રેકૉર્ડો આજ સુધા વચાઇ છે. ગ્રામોફોન કંપનીના ગાયકોમાં વધુમાં વધુ રૉયલ્ટી મેળવનાર જૂજ કલાકારોમાંના પંકજ બાબુ એક છે.

હિંદી ફિલ્મોમાં પંકજ મલ્લિકે પોતે અને અન્ય ગાયકો સાથે ગાએલાં ગીતોની આ યાદી એમને સાંભળવા ઇચ્છતા રસિકોને ઉપયોગી થઈ પડશે: (૧) કૌન દેશ હૈ જાના બાબુ (૨) શરાબી સોચ ન કર મતવાલે—ફિલ્મ 'મુક્તિ'. (૩) કહાં હે બચપન કા પ્યારા સપના, (૪) બરખા કી રાત–ફિલ્મ 'અધિકાર.' (૫) સુંદર નારી પ્રીતમ પ્યારી–'મંઝિલ' યાને 'ગૃહદાહ'. (૬) દુનિયા રંગ-રંગીલી બાબા, (૭) આખિર વહ દિન આયા આજ–'ધરતી માતા'. (૮) પિયા મિલન કો જાના, (૯) યું દર્દ ભરે દિલ કી આવાજ સુનાએંગે–'કપાલકુંડલા'. (૧૦) દુનિયા થી આબાદ જો મેરી, (૧૧) જો દિલ સાથ છૂટને સે ગભરા રહા હૈ (૧૨) પ્રેમ બાંસુરિયાં બજાવો સાજના, (૧૩) મૈં પત્તો મેં છૂપી કલી હું, (૧૪) બ્રિજ કે રાજન મનમોહન તેરી, (૧૫) તિરછી અદા સે જબ તુમ દેખો—'આંધી'. (૧૬) મદભરી ઋતુ જવાની હૈ, (૧૭) યે કૌન આજ આયા સબેરે સબેરે, (૧૮) તેરી દયા સે ઐ દઇ, (૧૯) પ્રેમ કા નાતા તૂટા, (૨૦) કૌન તુઝે સમઝાએ મૂરખ—'નર્તકી.' (૨૧) ચલે પવન કી ચાલ, (૨૨) આઈ બહાર આજ, (૨૩) ગુજર ગયા વહ જમાના, (૨૪) મહક રહી ફૂલવારી, (૨૫) આજ અપની મહેનતોં કા, (૨૬) કબ તક નિરાશ કી—ડૉક્ટર'. (૨૭) છુપો ના છુપો ના ઓ પ્યારી સજનિયા, (૨૮) એ કાતિલે તકદીર, (૨૯) દો નૈના મતવાલે તિહારે–'મેરી બહન' (ફિલ્મમાં આ ગીતો સાયગલે ગાયાં છે.) (૩૦) સંસાર કે આધાર, (૩૧) તૂ ડર ના જરા ભી–'અંજનગઢ'. (૩૨) અસ્તિ ઉત્તરસ્યામ્, (૩૩) શિવસ્તોત્રમ્–'યાત્રિક'. (૩૪) પવન ચલે જોર, (૩૫) નૈયા બહતી જાયે–'ઝલઝલા'. (૩૬) ભૂલ હુઈ કયા મેરી, (૩૭) કૌન કરતા હૈ કિસી કા ઇન્તજાર, (૩૮) અય મેરે દિલ, (૩૯) મહકી કહાં કસ્તૂરી–'કસ્તૂરી' (૪૦) કરવટે બદલતા હુઆ જમાના–'ઊંચનીચ' અને (૪૧) મધુગન્ધે ભરા (બંગાળીમાં રવીન્દ્રસંગીત)–'હમરાહી'.

બિન-ફિલ્મી હિંદી ગીતો: (૧) છોડ મુસાફિર માયાનગર કો, (૨) દુનિયાદારી છોડ દે મનવા, (૩) ના કર ઇતના પ્યાર પંછી, (૪) પ્રેમ બેલ ન ફૂલ ન પત્તે, (૫) પ્રાન ચાહે નૈન ન ચાહે, (૬) યાદ આયે કે ન આયે તુમ્હારી, (૭) જિસે મેરી યાદ ના આયે, (૮) જબ ચાંદ મેરા નિકલા, (૯) મેંને આજ પિયા, હોઠોં કા પ્યાલા, (૧૦) યે રાતે યે મોસમ, યે હસના હસાના, (૧૧) તેરે મંદિર કા હું દીપક જલ રહા, (૧૨) મેરે હઠીલે શ્યામ, (૧૩) મૈં રોતા હું મત મના કરો, (૧૪) હો ગયા દિલ ઔર આંખો કા ઝગડા અને (૧૫) આશાને ખેલ રચાયા.

હિઝ માસ્ટર્સ વૉઈસ, કોલમ્બિયા, હિંદુસ્તાન, મેગાફોન વગેરે કંપનીની રેકૉર્ડો પર આ ગીતો ઉપલબ્ધ છે. એમનાં કેટલાંક ચુનંદાં હિન્દી ગીતોની એલ. પી. રેકૉર્ડ પણ હિઝ માસ્ટર્સ વૉઇસે બહાર પાડેલી છે. □

ખેતીવાડીની અબળખામાં ઉપેક્ષિત રહેતી ગુજરાતની ગરીબ વનશ્રી

વિજયગુપ્ત મૌર્ય

આપણે ગુજરાતને અરબસ્તાન બનાવી રહ્યા છીએ કે શું? અરબસ્તાનની ધરતીમાં તેલના અખૂટ ભંડારો છે, પણ હરિયાળી વનશ્રી ક્યાંય નથી. આપણું સદ્‌ભાગ્ય હશે તો ગુજરાત વિપુલ પ્રમાણમાં તેલ આપશે. પણ આપણે આપણા હાથે જ તેનાં ઝાડ-બીડનો નાશ કરી રહ્યા છીએ. એક બાજુ આપણે દર વર્ષે વનમહોત્સવ ઊજવવાનો દંભ કરી રહ્યા છીએ, બીજી બાજુ વનનો નાશ કરીએ છીએ. પરિણામે આપણને વારંવાર દુકાળ, અછત અને પાણીની તંગી ભોગવવી પડે છે.

ગયા ઑગસ્ટમાં સરકારે છાપાંના કાગળ પર ૩૦ ટકાનો કાપ મૂક્યો ત્યારે આપણને ભાન થયું કે કાગળ માટે પણ આપણે પરદેશોના કેટલા બધા ઓશિયાળા છીએ! છાપાંનો ૭૦ ટકા કાગળ આપણે પરદેશો પાસેથી દસેક કરોડ રૂપિયાના ખર્ચે ખરીદીએ છીએ. આપણે આખા દેશમાં એટલાં બધાં જંગલનો નાશ કરી નાખ્યો છે, અને હજી કરીએ છીએ, કે આપણને જોઇતો બધો કાગળ પણ આપણે બનાવી શકીશું નહિ.


ભારતના ૩૨ કરોડ, ૮૦ લાખ, ૪૮ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં ૭ કરોડ ૫૩ લાખ ૫૧ હજાર હેક્ટર જમીન પર, એટલે કે ૨૩ ટકા જમીન પર જંગલ છે. તેમાં ગુજરાતનો પ્રાદેશિક વિસ્તાર ૧ કરોડ ૯૫ લાખ ૯૯ હજાર હેક્ટર છે અને તેમાં જંગલ માત્ર ૧૯ લાખ ૪૦ હજાર હેક્ટર જમીન પર છે. એટલે કે ૯.૯ ટકા ધરતી પર. આ આંકડા ૧૯૬૬-૬૭ના છે. તે પછી જંગલનો વધુ નાશ થયો છે. ગુજરાતમાં ખરેખર તો ૯.૯ ટકા જંગલ પણ નથી, કારણ કે ઝાડ-ઝાંખરાં અને છૂટાંછવાયાં ઝાડવાળા પ્રદેશને પણ જંગલ ગણવામાં આવેલું છે.

ગુજરાતમાં લોકોને ખેતી માટે જમીનની ભૂખ એટલી બધી છે કે ભાગ્યે જ ક્યાંય જંગલ અને બીડ બચ્યાં છે. મોટા ભાગે તો જે જમીન ખેતીને લાયક નથી એવી ખડકાળ અને ડુંગરાળ ધરતી પર જ ઝાડ-બીડ રહ્યાં છે.

ભૂસ્તર કાળની વાત જવા દઇએ તો ઇતિહાસકાળ દરમ્યાન પણ ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં ઝાડ-બીડ હતાં. કચ્છની ધરતીમાં કરોડો ટનના હિસાબે લિગ્નાઇટ (પોચો કોલસો) છે તે બતાવે છે કે પહેલાં ભૂકંપોએ અને પછી માણસે જંગલનો નાશ કર્યો તે પહેલાં કચ્છમાં ગાઢ જંગલ હતાં.

ઓગણીસમી સદી સુધી સૌરાષ્ટ્રમાં પણ ઝાડ-બીડની સમૃદ્ધિ ઘણી હતી. ગિરનું જંગલ આજે છે તેના કરતાં બમણા વિસ્તારમાં હતું. ગિરથી શેત્રુંજો, ગિરથી બરડો અને ગિરથી ચોટીલાની ટેકરીઓ જંગલ કે બીડ વડે જોડાયેલાં હતાં. બરડામાં પણ સિંહની વસતિ હતી. એવી રીતે તળ ગુજરાતમાં પણ ઉત્તરે અરવલીની તળેટીની ટેકરીઓથી શરૂ થતી ઉત્તર અને પૂર્વ સરહદ પરનો ટેકરાળ પ્રદેશ સઘન વૃક્ષો અને બીડથી ભરચક હતો. ઉત્તર ગુજરાતનો મેદાની પ્રદેશ આજે ઉજ્જડ છે તેવો ત્યારે ન હતો. આજે ગુજરાતના ૧૯ જિલ્લામાંથી પહેલે નંબરે ડાંગ જિલ્લો ૯૫.૨૯ ટકા, બીજે નંબરે પંચમહાલ જિલ્લો ૨૭.૬૮ ટકા અને ત્રીજે નંબરે સૂરત અને વલસાડ મળીને ૨૩.૯૩ ટકા જંગલ ધરાવે છે. બાકીના બધા

ગુજરાતની જે કંઈ વન (શ્રી ?) છે તેને મુખ્યત્વે જે ચાર ભાગમાં વહેંચી શકાય તે આ નકશામાં દર્શાવ્યા છે. ૧૯ લાખ ૪૦ હજાર હેક્ટરનો આ વનવિસ્તાર રાજ્યના સમગ્ર વિસ્તારમાં તો માત્ર ૯.૯ ટકા જેટલો જ છે અને તેમાં યે સૂરત, ડાંગ, પંચમહાલ અને અમરેલી જિલ્લાને બાદ કરતાં બાકીના ભાગમાં તો છૂટાંછવાયાં વૃક્ષો ને ઝાંખરાં જ છે. સાગ, વાંસ, બળતણ, ઘાસ, ગુંદર, રાળ ને કેટલીક તેલી પેદાશો વગેરેમાંથી રાજ્યના જંગલની આવક બે કરોડ રૂપિયા આસપાસની જ છે. અન્ય દેશોની સરખામણીમાં આમે યે ભારત ઘણું પાછળ તો છે જ અને તેમાં યે ગુજરાત રાષ્ટ્રીય આંકથી પણ ઘણું પછાત છે. ઓછો વરસાદ, યોગ્ય જલયોજનાઓના અભાવે જમીનનું સતત ધોવાણ, ખેતી માટેની અવિચારી ભૂખ અને વનસંરક્ષણ તથા સંવર્ધન કાર્યની ક્ષતિઓ આને માટે કારણભૂત છે. વનસંરક્ષણ ખેતી કરતાં એવું ઉપજાઉ નથી જ. ગુજરાતના દરિયાકિનારે અને ખેતી લાયક ન હોય તેવી જમીન પર વનશ્રી વધારવાને હજી યે અવકાશ છે.



જિલ્લા રાષ્ટ્રીય સરેરાશ ૨૩ ટકાથી નીચે છે. સૌરાષ્ટ્રનો પ્રદેશ વનશ્રીની દૃષ્ટિએ કેવો કંગાલ છે તે જાણવા થોડાક આંકડા જોઈએ. અમરેલી જિલ્લો ગિરથી દૂર નથી. ગઈ સદીમાં તે ગિરમાં સમાઈ જતો હતો. પણ આજે તેની ધરતીના માત્ર ૪.૩૨ ટકા ધરતી પર જંગલ છે અને તે પણ છૂટાંછવાયાં ઝાડ અને ઝાડી-ઝાંખરાંનું. ભાવનગર જિલ્લામાં ૨.૮૦ ટકા, રાજકોટ જિલ્લામાં ૨.૨૦ ટકા અને સુરેન્દ્રનગર જિલ્લામાં માત્ર ૧.૨૧ ટકા જંગલ છે. તેના કરતાં તો કચ્છમાં વધારે (૨.૧૫ ટકા) છે;

તળ ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને અમદાવાદ જિલ્લા નદ પ્રદેશ હોવાથી વનશ્રીથી હરિયાળા હોવા જોઈએ. પણ સાબરકાંઠામાં ૧૭.૫૮ ટકા, બનાસકાંઠામાં ૧૦.૩૫ ટકા, મહેસાણા જિલ્લામાં ૦.૬૧ ટકા અને અમદાવાદ જિલ્લામાં માત્ર ૦૨.૦ ટકા જંગલ છે, અને તે પણ મોટા ભાગે ઝાડી-ઝાંખરાંનું.

વનશ્રીની દૃષ્ટિએ આપણે કેવા ગરીબ છીએ તે જાણવા આપણે બીજા ખંડો અને દેશો સાથે પણ સરખામણી કરવી જોઈએ. આફ્રિકામાં તેના વિશાળ રણપ્રદેશો હોવા છતાં ૩૪ કટા જંગલ છે. એશિયામાં પણ ગરમ અને ઠંડા રણપ્રદેશો વિશાળ છે, તેમ છતાં ૧૯ ટકા જંગલ છે. મધ્ય અમેરિકામાં ૨૬ ટકા, દક્ષિણ અમેરિકામાં ૫૧ ટકા, ઉત્તર અમેરિકામાં ૪૦ ટકા, ખેતી અને ઉદ્યોગોથી ભરચક યુરોપમાં પણ ૨૯ ટકા જંગલ છે. બીજા દેશોની સરખામણીમાં રશિયામાં સૌથી વધારે ૪૨ ટકા છે, અને હજી તે વધારો કર્યે જાય છે. યુનોની ખેતીવાડી સંસ્થા (FAO)ના જણાવ્યા પ્રમાણે ૧૯૬૩ સુધીમાં રશિયાએ ૧ કરોડ ૧૧ લાખ હેક્ટર વેરાન જમીનને જંગલ વડે ઢાંકી દીધી હતી! આનું નામ વૃક્ષારોપણ અને આનું નામ વનમહોત્સવ. જાપાન નાનો દેશ છે અને ડુંગરાળ પણ છે, તેની વસતિ વધુ પડતી છે અને ખેતી માટે જમીનની ઘણી ખેંચ છે. તેમ છતાં રશિયનોની જેમ જાપાનીઓ પણ વનસ્પતિના વધુમાં વધુ પ્રેમી છે.

ઉત્તમ ખેતી માટે જંગલ અને ખેતી વચ્ચેની રાશ જાળવવી જોઈએ. અમેરિકા, યુરોપ, રશિયા અને જાપાને જંગલને આટલું બધું મહત્ત્વ આપ્યું છે તેનું બીજું કારણ એ છે કે ખેતી ઉપરાંત ઉદ્યોગો માટે પણ, અને જંગલની પેદાશ માટે પણ જંગલ જરૂરી છે. આપણી રાષ્ટ્રીય જંગલનીતિનો ઠરાવ જણાવે છે કે જંગલનું પ્રમાણ વધારીને ૩૩.૩ ટકા એટલે કે કુલ જમીનનો ત્રીજો ભાગ કરવો જોઈએ. ડુંગરાળ પ્રદેશોમાં ૬૦ ટકા જંગલ જોઈએ અને મેદાનમાં ૨૦ ટકા. પરંતુ આપણા દેશમાં તો પૂરા ૨૩ ટકા પણ નથી અને તેમાં પણ ઘટાડો થતો જાય છે. ગુજરાતમાં ખરેખર જંગલ કહી શકાય એવું જંગલ માત્ર ડાંગમાં અને કૈંક પંચમહાલમાં છે. પરંતુ આ જંગલ પણ કપાઈને પાંખાં થતાં જાય છે.

ગુજરાતમાં ખડકાળ કે ડુંગરાળ ધરતીમાં જ જંગલ રહ્યું છે. ઝાડનાં મૂળ ખડકોને તોડી નાખીને માટી બનાવી લે છે. ગુજરાતની નદીઓનાં મૂળ આવા ટેકરાળ કે ડુંગરાળ પ્રદેશમાં છે. વૃક્ષો કાપી નાખવાથી માટીનું ધોવાણ થાય છે અને નદીના પટ પુરાઈને છીછરા બની જાય છે. ગુજરાત માટે ધરતીના ધોવાણનો પ્રશ્ન લાંબે ગાળે જીવન-મરણનો પ્રશ્ન છે. એથી ખેતી, પશુઓ અને માણસોએ કેટલું સહન કરવું પડે છે તે દક્ષિણ ગુજરાતમાં ૧૯૬૮ અને ૧૯૭૦ના પ્રલયકારી પૂરોએ બતાવી આપ્યું છે. ભરૂચને વહેલું મોડું બીજે વસાવવું પડશે અને એ બંને પૂરમાં થયેલો અનુભવ બતાવે છે કે સૂરત પણ ભયમાં છે.

જ્યાં જંગલ છે ત્યાં વધુ વરસાદ પડે છે. દા. ત. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૫૦ સેન્ટીમીટર વરસાદ પડે છે. પણ ગિરની ટેકરીઓ વાદળાંને આંતરી શકે એટલી ઊંચી ન હોવા છતાં ત્યાં ૭૦ સેન્ટીમીટર વરસાદ પડે છે. સૌથી વધુ વરસાદ ધરમપુર–વાંસદા–ડાંગનાં જંગલોને મળે છે. ડાંગનું જંગલ સારી સંખ્યામાં સાગનાં વૃક્ષો ધરાવે છે જે ગુજરાતમાં વલસાડી સાગ તરીકે ઓળખાય છે. અંગ્રેજો પોતાની મનવારો માટે ગઈ સદીમાં વલસાડીઆ સાગ લઈ જતા હતા. આ જંગલ પાનખરી (deciduous) છે, એટલે કે શિયાળામાં તેનાં પાંદડાં ખરી જાય છે. અહીં ઈમારતી વૃક્ષોની બીજી જાતો ઉપરાંત વાંસનાં વન પણ છે. ગુજરાતની ઇશાન સરહદનાં સૂકાં પાનખરી જંગલ કરતાં ડાંગ–ધરમપુર–વાંસદાનાં ભીનાં પાનખરી જંગલને વાંસ વધુ ફાવે છે. પરંતુ વાંસના ઉછેર અને ઉપયોગ વિશે આપણે ઘણા પછાત રહ્યા છીએ. તેમાંથી ઘણી જાતના કાગળ બની શકે.

સાબરકાંઠા સુધી સાગ છે, પણ બનાસકાંઠામાં બોરડી, બાવળ, ખેર, બરછટ કાંટાળાં ઝાડીઝાંખરાં જ છે. એવું જ ગિરના જંગલમાં છે. બરડામાં તો બળતણ માટે ઝાડી-ઝાંખરાં પણ કાપી નાખીને તેને નાગો કરી નાખવામાં આવ્યો છે.

સાગ ૬૦ વર્ષે પાકે છે. પછી તેનું ઝાડ જેમ વધુ વયનું થાય તેમ તેનું લાકડું સારું. જંગલના ભાગ (બ્લૉક) પાડીને દર વર્ષે અમુક બ્લૉક કાપવામાં આવે છે અને પાછું નવું વાવેતર કરી ઉછેરવામાં આવે છે જેથી જંગલ કપાઈને ઓછું ન થાય. વન સંવર્ધન એક વિજ્ઞાન છે. કયાં વૃક્ષોને કઈ જમીન અનુકૂળ આવશે, કયાં વૃક્ષો આર્થિક રીતે ઉપયોગી નીવડશે, કયાં કેવું હવામાન છે અને તેને કયાં વૃક્ષો માફક આવશે એ બધાંનો અભ્યાસ કરીને વૃક્ષો વાવવા માટે પસંદ કરવાં જોઈએ; જંતુઘ્ન રસાયણો છાંટીને તેમનું રક્ષણ કરવું જોઈએ, દાવાનળ સામે અને ગેરકાયદે ઉચ્છેદ સામે રક્ષણ કરવું જોઈએ. આપણે ત્યાં જંગલોની આવી માવજત ભાગ્યે જ થાય છે. ગુજરાતમાં તો જંગલ નામનાં જ છે ત્યાં માવજત શી થાય?

ભારતમાં ગુજરાતને સૌથી વધુ લાંબો સાગરકાંઠો છે. અહીં નાળિયેરી અને બાવળનાં જંગલ ઉછેરી શકાય. આ બંને ઉપજાઉ વૃક્ષો છે. નાળિયેરી તો કલ્પવૃક્ષ છે. અને બાવળ ખેતીના ઓજાર માટે તથા કોલસા બનાવવા માટે ઉપયોગી છે. મલબાર અને કોંકણ કાંઠાની જેમ ગુજરાતનો સાગરકાંઠો નાળિયેરીના સઘન વનથી શોભતો હોય એ કેવું સુખદ સ્વપ્ન છે! પણ હજી તે સ્વપ્ન જ રહ્યું છે. બ્રિટિશ વહીવટ નીચે પોરબંદર નજીકના દરિયા

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૫

સ્વપ્નસ્રાવ

ફૂટતી યુવાનીમાં સામાન્ય રીતે મહિનામાં એકબે વખત સ્વપ્નસ્રાવ થાય તે રોગ નહિ પણ સ્વાભાવિક ક્રિયા છે. પણ જો એ વારંવાર થાય તો તેને દોષ ગણી થોડું સાવચેત થવાની જરૂર ખરી. સ્વપ્નસ્રાવ વધુ થવાનાં મુખ્ય બે કારણો : એક તો પાતળું વીર્ય અને બીજું કામોત્તેજનામાં રત મનઃસ્થિતિ. વળી, કામને ઉશ્કેરે તેવો ખોરાક, તડકામાં ખૂબ ફરવું, લૈંગિક અસ્વચ્છતા, અજીર્ણ અને કબજિયાત પણ વધુકા સ્વપ્નસ્રાવ પ્રેરે છે.

નીચેનો વ્યવહાર સ્વપ્નદોષ અટકાવવામાં મદદ કરશે : ૧) કબજિયાત થવા દેવી નહિ. ૨) રાત્રે વહેલા જમી થોડું બહાર ફરી આવીને પછી હાથપગ ને મોં ઠંડા પાણીથી ધોઈને સૂવું. ૩) સૂતાં પહેલાં પેશાબ કરી લેવો. પેશાબનો ભરાવો પણ સ્વપ્નદોષ પ્રેરે છે. ૪) બહુ ગરમ અને મસાલાદાર ખોરાક ન લેતાં ગોળ, ઘી અને દૂધને ખોરાકમાં પ્રાધાન્ય આપવું. ૫) મન બહેકાવે તેવાં ચિત્રો, વાચન કે મિત્રવર્ગ વગેરેથી દૂર રહેવું અને રાત્રે સૂતી વેળા કામેચ્છાજનક ખયાલોથી મુક્ત રહી સદ્‌વિચારોનું ચિંતન કરવું. ૬) રાત્રે સારી એવી ઊંઘ આવી મનની ચંચળતા શાંત પડે એ માટે દિવસભર સતત કાર્યરત રહી પરિશ્રમ કરવો. ૭) પીપળાના ટેટાને સૂકવી તેનું ચૂર્ણ કરી દૂધ સાથે સેવન કરવું. ૮) પતાસા પર વડના દૂધનાં ૧૦-૧૫ ટીપાં પાડી એ પતાસું ખાઈ જવું. ૯) આમળાનો રસ, તેનું ચૂર્ણ અથવા તેની બનાવટો–આલમકી રસાયન, ચ્યવન પ્રાશાવલેહ(ચ્યવન), આમળાનો મુરબ્બો વગેરે—લઈ શકાય. ૧૦) સાલમપાક, અડદિયાપાક કે ગુંદરપાક વગેરે પાકો ખાવા. ૧૧) કૌચાપાક, અશ્વગંધા ક્ષીરપાક, વિદારીકંદનું ચૂર્ણ, રસાયન ચૂર્ણ, શતાવરી ચૂર્ણ, મકરધ્વજવટી કે સુવર્ણ વસંતમાલતી એ ઔષધપ્રયોગો છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કાંઠે નાળિયેરીનું વાવેતર થયું હતું. દક્ષિણ ગુજરાતમાં ક્યાંક ક્યાંક વાવેતર થાય છે. ખારાશવાળી રેતાળ ધરતી તેને અનુકૂળ આવે છે, પણ રાજકારણથી મુક્ત કોઈ વનપ્રેમી જંગલખાતાનો પ્રધાન બને તો જ વનસંવર્ધન થાય.

બાવળનાં વન વડે પવનમાં ઊડતી દરિયાકાંઠાની રેતીને બાંધી શકાય. દક્ષિણ ગુજરાતમાં ડુમ્મસ પાસે તેનો સફળ પ્રયોગ થયો છે. કચ્છમાં સાગર કાંઠે જ્યાં રેતી ઊડીને ઢૂવા બની જાય છે ત્યાં બાવળ અને સરુ જેવી વનસ્પતિનું વાવેતર વધારવું જરૂરી છે.*

વૈજ્ઞાનિક રીતે વનસંવર્ધન કર્યું હોય તો ખેતી કરતાં તે ઓછું ઉપજાઉ નથી. ઇમારતી લાકડું, ફળો, મધ, મીણ, રાળ, લાખ, ઔષધો, ઘાસ, બીડીનાં પાંદડાં, કોલસા વગેરે ઘણી ઊપજ મળે અને આદિવાસીઓને રોજી મળે. જંગલ ખેતરાઉ જમીન રોકે છે એ માન્યતા ખોટી છે. કંઈ નહિ તો જે જમીન ખેતીને લાયક નથી ત્યાં તો આપણે જંગલ ઉછેરીએ.

જમીનનું ધોવાણ અટકાવવા અને ધરતીને ઉનાળામાં સુકાઈને રોકાઈ જતી બચાવવા ગુજરાતને જંગલની ઘણી જરૂર છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખેતી માટે અને પાણીના સંગ્રહ માટે ધરતી પર પૂરતી માટી નથી. ગુજરાતની ભૂસ્તર રચના જાણવા જેવી છે. સહ્યાદ્રિ (પશ્ચિમ ઘાટ) પર્વતમાળા અને દખ્ખણનો પ્રદેશ જે અગ્નિકૃત સોપાન શિલાઓનો બનેલો છે તે જ અગ્નિકૃત ખડકો વડે સૌરાષ્ટ્રની ધરતી અને કચ્છનો મધ્ય પ્રદેશ બનેલાં છે. પરંતુ એ બંનેનો કંઠારપ્રદેશ (કાંઠાનો પ્રદેશ) ક્યાંક નદીઓના કાંપ વડે અથવા ક્યાંક સમુદ્રમાંથી ઊંચકાઈને બહાર આવેલા કાંપ વડે બનેલો છે.

તળગુજરાતમાં ઉત્તર અને પૂર્વમાં અગ્નિકૃત ખડકોનાં ડુંગરાળ કે ટેકરાળ પ્રદેશો છે, તે અનુક્રમે દક્ષિણે અને પશ્ચિમે હજારો ફૂટ ઊંડે ઊતરી ગયેલો છે. એક જમાનામાં તે સમુદ્ર નીચે હતા. નદીઓએ કાંપ ઠાલવીને તે સમુદ્ર પૂરી દીધો છે. કચ્છના રણ અને ખંભાતના અખાત વચ્ચે સમુદ્ર પુરાઈ ગયો એ તો ઇતિહાસકાળનો બનાવ છે. આમ ઉત્તરે થરાદથી દક્ષિણે ઉમરગામ સુધીની ધરતી નદીઓના કાંપ વડે બની છે. સૌરાષ્ટ્ર અને તળ ગુજરાત વચ્ચે ખંભાતનો અખાત પુરાઈ રહ્યો છે. આ કાંપની ધરતી પર ઇતિહાસકાળ પહેલાં એવાં સઘન જંગલ હતાં કે તેમાં હાથીની બે નામશેષ જાતો (Mastodon and Dinotherium), ગેંડા વગેરે વસતા હતા.

સૌરાષ્ટ્રના ડુંગર અને ટેકરા આજે છે તેના કરતાં ઘણા ઊંચા હતા. હવામાનની અસરથી તે ખવાઈને, ધોવાઈને નીચા થતા જાય છે. કાંઠાના પ્રદેશને બાદ કરતાં અહીં ઉપરછલ્લી માટી નીચે અગ્નિકૃત ખડકો હોવાથી ખડકો તોડીને માટી બનાવી શકે અને મૂળ વડે બાંધી રાખી શકે એવાં વૃક્ષોની ખાસ જરૂર છે. પરંતુ અહીં માઈલો સુધી ભાગ્યે જ કોઈ વૃક્ષ દેખાય એવા પ્રદેશ પણ છે. આથી નવી માટી ભાગ્યે જ બને છે અને જૂની ધોવાતી જાય છે. માટીના અભાવે ધરતીમાં પાણી પણ રહેતું નથી આથી ઉનાળામાં અને વરસાદ ઓછો પડે ત્યારે આખું વર્ષ લોકો અને ઢોર પાણીની તંગી અનુભવે છે. જંગલ અને બીડનો નાશ કરીને આપણે વર્ષોવર્ષ વધુ ને વધુ સજા ભોગવી રહ્યા છીએ, છતાં હજી આપણી આંખ ઊઘડતી નથી! □

* દક્ષિણ સૌરાષ્ટ્રમાં સોમનાથ વેરાવળથી પોરબંદર તરફની સાગરકંઠાર પર બાવળ, સરુ અને કુંવારનાં તથા સૌરાષ્ટ્રની ઉત્તરે બજાણા પાસે રણકંઠાર પર બાવળ ને સરુનાં વાવેતરો થયાં પણ છે. –સં.

કલાવાર્તા (અનુ. પૃ. ૫૩૩થી) 'મારી ચિત્રસૃષ્ટિ'માં હવે એ ઉપલબ્ધ બન્યું છે. છે તો માત્ર નાનકડી હાથપોથી જેવડી પુસ્તિકા, પણ તેમાં એમણે પોતાનાં ૨૨ ચિત્રો (તથા બે પાનામાં પોતાની ચિત્રનોંધોમાંથી કેટલાંક સઘાલેખનો) સાથે કલાના માર્ગે પોતે ખેડેલી યાત્રાની વાત અને પોતાનાં આ બધાં ચિત્રો વિષેની ટૂંક નોંધ ઠાંસીઠાંસીને ભરીને એક સંગ્રહણીય પ્રકાશન આપણને આપ્યું છે. ભલે એકરંગી છાપમાં, છતાં એમની લગભગ બધી અગ્રગણ્ય કૃતિઓને સમાવી લેતી આ ચિત્રપુસ્તિકા ગુજરાતની કલામાં રસ ધરાવતાં સૌ કોઈએ હાથ કરી લેવા જેવી છે.

ચોવીસ ચિત્રપૃષ્ઠો તથા અન્ય આઠ પાનાંમાં એમની વાત, એમનો જીવનક્રમ તથા ચિત્રનોંધો સાથે રૂ. ૪, પોસ્ટેજ અલગ. પ્રકાશક : ર. મ. રા. પોતે જ, મુખ્ય વિક્રેતા : કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.

એ — કે પછી કંઠમાં ખખરી બાઝે

—મોહનલાલ પટેલ

એની આદત પ્રમાણે ક્યાં ય ભટકવા ન જવાની ખાસ તાકીદ આપીને મનિયાની માએ મનિયાને શાક લેવા મોકલ્યો હતો. અને છતાં ય મનિયો થેલી ઝુલાવતો ઝુલાવતો તોફાને ચઢેલા એક સરઘસને જોવા કુતૂહલવશ પહોંચી ગયો. દંગો વધી પડ્યો. ગોળીબાર થયો. મનિયો થાંભલેથી ઊતરીને ભાગે એ પહેલાં વીંધાઈ ગયો.

ચાર વાગ્યા પછી મનિયાના શબનો કબજો મળ્યો. મનિયો ઘેરથી નીકળ્યો ત્યારે માની એક ગાળ ખાઈને નીકળ્યો હતો, પણ અત્યારે એક પાલખીમાં ફૂલોના ગંજાવર ઢગલામાં પુરાઈને ગગનભેદી જયનાદો વચ્ચે પાછો ફર્યો હતો : 'શહીદ મનુભાઈની જય!' 'શહીદ મનુભાઈ અમર રહો !'

મનિયાનું ઘર, આંગણું અને ફળિયું માનવમેદનીથી ખીચોખીચ ભરાઈ ગયાં હતાં. કોણ નિકટનું, કોણ પરાયું... મનિયાના અપાર્થિવ દેહને શહેરનાં 'સ્વજનો'ની એવી ભીંસ હતી કે એ દેહને વળગી પડવા વલખાં મારતી મનિયાની મા એની નજીક ઢૂકી પણ શકતી નહોતી. મનિયાના પિતા ટપુભાઈ ઘરના ખૂણામાં ઠેલાઈ રહ્યા હતા. કેટલાક સમજુ સેવકો લોકોને બહાર કાઢવા મથી રહ્યા હતા, પણ વસ્તીના આવરાનો એવો પ્રચંડ ધસારો હતો કે શહીદ મનુભાઈનાં દર્શન કરવા પડાપડી કરી રહેલી મેદનીમાં કોઈ કોઈનું સાંભળે એમ નહોતું.

ટપુભાઈનાં સગાંવહાલાં અને સ્વજનો રિવાજ પ્રમાણે મનિયાના અગ્નિસંસ્કાર માટે આવી પહોંચ્યા હતા, પણ એ કોઈ ઘરમાં ઘૂસી શકતા નહોતા, તેમ એકબીજાને મળી પણ શકતા નહોતા. એમાંના કેટલાક અકળાયા. મૂર્ખ પ્રજા ઉપર ગુસ્સે પણ થયા. શું કરવું એની મૂંઝવણમાં હતા ત્યાં રાજકારણના કેટલાક ખેલાડીઓના આદેશથી સ્વયંસેવકોએ જાહેર કર્યું : 'આજે શહીદનો દેહ દર્શન માટે ખુલ્લો રહેશે; આવતી કાલે સવારે આઠ વાગે શહીદની સ્મશાનયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરશે.'

એકાદ કલાક પછી ભીડ ઓછી થવા લાગી. મનિયાની મા માંડ માંડ મનિયા પાસે પહોંચી શકી. એનાથી ન રહેવાયું એટલે ધ્રુસકે રડતાં તૂટક અવાજે એ બબાપા કરવા લાગી: 'દીકરા, મેં તો તને શાક લેવા...' મનિયાની માનો એ ઉદ્ગાર શરૂ થતાં જ એક હોશિયાર સેવકના કાન ટટાર થઈ ગયા. મનુભાઈની માતાના આ શબ્દો અનર્થકારી હતા. મનુભાઈની શહીદીને દૂષિત કરનારા હતા...એકદમ એણે જયઘોષ શરૂ કર્યો: 'શહીદ મનુભાઈની જય... શહીદ મનુભાઈ...'

સેવકે મનુભાઈની શહીદીને તત્કાળ બચાવી લીધી. નેતાઓનો નિર્ણય હતો : મનુભાઈની શહીદીમાં બીજું કશું ભળવા ન દેવું. મનુભાઈનો ભોગ એ નિતાન્ત શહીદી હતી, બીજું કશું નહિ. પ્રજાની લાગણીને બુલંદ બનાવવા એમને શહીદીના રંગનો ખપ હતો. એ વિના પ્રજાનો મિજાજ ભભૂકી ન ઊઠે! પ્રજાની માગણીઓથી પ્રજાને વાંકફ કરવાનું કામ આ નેતાઓ કરી રહ્યા હતા. દસ વીસ લીલાં માથાં વધેરાઈ ન જાય ત્યાં સુધી પ્રજાની માગણીઓ તરફ સરકાર લક્ષ આપે એવાં કોઈ ચિહ્ન એમને દેખાતાં નહોતાં. એમની નજર આગળ વીસપચીસ જુવાનોનાં શબ, ચોમેર આગ, તોફાન–નુકસાન તરવરી રહ્યાં હતાં. મનુભાઈની શહીદીમાંથી આ બધું સર્જી શકાય એવું હતું. આવી શ્રેષ્ઠ તક વેળા મા તેને શાક લેવા મોકલ્યાની વાત કરે એ કેમ ચાલે?

શહીદનાં અંતિમ દર્શન માટે ઊમટેલી માનવમેદનીની ભીડ સારી રાત જામેલી રહી. કોઈ થોભીને આંસુ સારતા હતા તો કોઈ બે હાથ જોડીને ભાવપૂર્વક વંદન કરી નમન કરતા હતા. કોઈ ફૂલ અર્પી ભક્તિભાવ પ્રગટ કરતા હતા : વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો...

ગંભીર બનીને નેતાઓ શબની ચારેપાસ વીંટાઈને બેઠા હતા. ટપુભાઈ એક ખૂણામાં પુત્રના નિધન ઉપર આંસુ સારી રહ્યા હતા, તો બીજા ખૂણામાં એમના ભાઈ ઊભડક પગે અકડાઈને બેસી રહ્યા હતા. બંને ભાઈઓ આવા આપદ્ પ્રસંગે જાણે એકબીજાથી જોજન દૂર ફેંકાઈ ગયા હતા. અંદરના ખંડમાં મનિયાની મા કેટલીક અજાણી સ્ત્રીઓ વચ્ચે ઘેરાએલી હતી. ગળે ભરાઈ રહેલો ડૂમો છૂટો કરવા એ પોતાનાં લોહીનાં સગાંને શોધી રહી હતી. સુખ-દુઃખની સાથી જેવી બેત્રણ પડોશણો બાજુમાં હતી, પણ કોણ જાણે કેમ એ ય મૂગી મંતર થઈને બેસી રહી હતી. પેલા નેતાઓએ એમની અકળ લીલાથી આખા વાતાવરણને એવું તો ભીંસમાં લઈ લીધું હતું કે સૌ મૂગાં થઈ ગયાં હતાં. મનિયાનું મોત એના સ્વજનો માટેનો પ્રસંગ ન રહેતાં જનતા જોગું બની રહ્યું. અને એનું શબ તો પેલા નેતાઓની અંગત માલિકીની ચીજ જ બની રહી.

અને એટલે તો સવારે સ્મશાનયાત્રાની તૈયારીથી માંડીને મડાને શબવાહિનીમાં ગોઠવવા સુધીનું બધું જ કામ એમણે કર્યું. શબવાહિનીને ફૂલોથી શણગારવામાં આવી. શબવાહિનીમાં તરુણ તેમજ પીઢ નેતાઓ ઠીકઠીક સંખ્યામાં ચડી બેઠા. પાછળ એક ખુલ્લી ગાડીમાં મનિયાના પિતાને બેસાડવામાં આવ્યા. મનુભાઈની માતાની ગેરહાજરીની ખાસ નોંધ લેતાં એક પીઢ નેતાએ કહ્યું : 'અલ્યા ભાઈ, ટપુભાઈની સાથે મનુભાઈની માતાને પણ બેસાડો.'

મનિયાની માતાએ સ્મશાનયાત્રામાં જોડાવાની સ્પષ્ટ ના કહી. પણ એનું કંઈ ચાલ્યું નહિ. ઉત્તરોત્તર ચડિયાતા નેતાઓએ એને ટપુભાઈની સાથે ગાડીમાં બેસવાની લગભગ ફરજ પાડી.

માનયાના મા ગાડીમાં બેઠી કે તરત એક વાર ફરીથી શહીદનો ગગનભેદી જયજયકાર થયો.

સ્મશાનયાત્રામાં અસાધારણ મેદની ઊભરાવા લાગી હતી. માર્ગ ઉપર કડક પોલીસ બંદોબસ્ત હતો. પ્રજાનો રોષ ભભૂકી ઊઠેલો હતો. ક્યારે જ્વાળા ભડકી ઊઠશે એ કહી શકાય એમ નહોતું. પણ મનિયાને અગ્નિદાહ દેવાય ત્યાં સુધી કોઈ ભડકો ન થયો. પોલીસ અને પ્રજાસમુદાય ઊભય પક્ષે સંયમનો એક ભારે અકસ્માત. બાકી તો પરિસ્થિતિ અત્યંત સ્ફોટક હતી.

મનિયાને અગ્નિદાહ અપાયા પછી સ્મશાનયાત્રામાં જોડાએલી જનમેદની એક વિરાટ શોકસભામાં ફેરવાઈ ગઈ. કાર્યકરો અને નેતાઓએ જોશીલાં પ્રવચન કર્યાં. શહીદ મનુભાઈનું બલિદાન એળે ન જાય એ માટે બધું કરી છૂટવાનો નિરધાર થયો. જરૂર પડ્યે સેંકડો માથાં આપી દેવાની તૈયારી માટે એલાન અપાયાં. એક વક્તાએ મનિયાની માતાને ઉદ્દેશીને કહ્યું : 'એક મહાન કારણ માટે આત્મબલિદાન આપીને આપના પનોતા પુત્રે આપના નામને ઉજાળ્યું છે. આ સભામાં બેઠેલા હજારો યુવાનો આપના જ પુત્રો છે. આપે આપનો પુત્ર ગુમાવ્યો છે, પણ આપ સમગ્ર પ્રદેશનાં માતા બન્યાં છો...'

એ વક્તાનું પ્રવચન પૂરું થયું એટલે સતત ત્રણ મિનિટ સુધી શહીદનાં માતાપિતાનો ગગનભેદી જયજયકાર થયો.

ગઈ કાલે જયઘોષ કરતા યુવકો મનિયાનું શબ લઈને આવ્યા ત્યારથી પોતાના દીકરાને આટલા ઉમળકાથી જગબત્રીસીએ ચડેલો જોઈ ઘેરા શોકના આવર્ત વચ્ચે પણ મનિયાની મા કોઈ ગૂઢ રોમાંચ અનુભવી રહી હતી. અને જેમજેમ પળો વીતતી જતી હતી તેમતેમ કોઈ અસાધારણ પરિવેશના બળથી એનો શોક દબાતો જતો હતો. શોકના પ્રથમ ધક્કાનો તબક્કો એ વટાવી ચૂકી. અને હવે એની આંખ વૈતાળ સ્વરૂપે વધતી દીકરાની ઈમેજ તરફ મંડાઈ રહી. પોતાનો દીકરો ઇતિહાસ-પુરુષ બનવા લાગ્યો હતો. પોતાની કૂખના ઊજળાપણાનાં દર્શન એને થવા લાગ્યાં હતાં.

શોકસભા વિખરાયા પછી માનવમહેરામણનો ઘૂઘવાટ ખૂબ થયો. ભયંકર તોફાનોનાં ચિહ્ન દેખાતાં હતાં પણ, જેમજેમ માનવમેદની વિખરાતી ગઈ એમએમ પેલો ઘૂઘવાટ શમવા લાગ્યો. ધારણા મુજબ તોફાનો થયાં નહિ, લાઠી-ચાર્જ થયો નહિ, ગોળીબાર થયો નહિ, પાંચ-દસ લીલાં માથાં વધેરાયાં નહિ.

નેતાઓની ચિંતા વધી. એક મોટી તક જરા દૂર સરી જતી હોય એવું લાગ્યું. રાત્રે નેતાઓ તાબડતોબ મળ્યા. કોઈકે કહ્યું : 'એક રસ્તો છે.' 'શો ?'

'શહેરના જોશીલા લત્તાઓમાં સભાઓ યોજવામાં આવે. દરેક સભામાં મનુભાઇની માતાને હાજર રાખવામાં આવે.'

બીજા એક જણે ઉમેર્યું : 'અને એમાં એ બે શબ્દો બોલે તો પછી ધાર્યું કામ થઈ શકે.' ત્યાં તો કોઈ બોલ્યું : 'અરે, ન બોલે અને આપણે સૂચવીએ ત્યારે ઊભા થઇને સભાના પ્રેમની લાગણીનો બે હાથ જોડીને મૂક પ્રત્યુત્તર આપે તો ય ઘણું.'

લગભગ દોઢ કલાક સુધી બંધ બારણે સભા ચાલી. આખા ય પ્રદેશમાં ઠેરઠેર ભડકા સળગી ઊઠે એના માટે ચોક્કસ પગલાં વિચારી લેવાયાં. પ્રજાની લાગણી બહેકાવવા માટે મનિયાની માનો પૂરો ઉપયોગ કરી લેવાનું વિચારાયું. એક તરુણ નેતાએ એકેએક સભામાં મનુની માતાને હાજર રાખવાનું માથે લીધું.

બીજી સવારે જ એ ભાઈ મનિયાની માને મળ્યા. સભાઓમાં હાજરી આપવા બાબત મનિયાની મા આનાકાની કરવા લાગી એટલે એમણે પ્રજાનું હૃદય ભાંગી ન નાખવા ઉપરાઉપરી અપીલ કરતાં કહ્યું : 'મા, આમાં તમારી લાગણીનો સવાલ નથી, અમારી લાગણીનો સવાલ છે; આપણા આખા પ્રદેશની લાગણીનો સવાલ છે. તમારા આશીર્વાદથી નવલોહિયા યુવાનો સિંહ બનીને ગર્જના કરશે, સરકારને રહેંસી નાખશે અને પ્રજાની લાગણી સિદ્ધ કરશે. હું સમજું છું તમારું હૈયું રડી રહ્યું છે તે. પણ એ હૈયા ઉપર તમારે તો પથ્થર મૂકી દેવાનો છે. તમે આપણા પ્રદેશ માટે મોંઘામાં મોંઘી ચીજ ધરી દીધી છે. હવે જે કંઇ કરશો એ પેલા બલિદાનને ઉજાળવાનું જ કાર્ય હશે. તમારાં દર્શન માટે તલસી રહેલી પ્રજા ને કેસરિયા વાઘા સજીને મેદાને પડવા થનગની રહેલા જુવાનોને મા ભવાની બનીને આશીર્વાદ આપવા તમારે સભાઓમાં આવવું પડશે, મા.'

મનિયાની મા સભાઓમાં હાજર રહેવા સંમત થઈ.

અને પછી તો ઉપરાઉપરી જંગી સભાઓ થવા લાગી. આ જાહેર સભાઓ ઉપરાંત સ્ત્રીઓની સભાઓ, કાર્યકરોની મીટિંગો, સ્વયંસેવકોનાં મિલનો પણ થતાં રહ્યાં. એ બધાંમાં મનિયાની મા હાજરી આપવા લાગી. દરેક વક્તા મનિયાની માતાને ભાવપૂર્વક વંદન કરીને પોતાનું વક્તવ્ય શરૂ કરતો અને પોતાના કથન દરમ્યાન મનિયાના બલિદાન ને એની માતાના ત્યાગને વારંવાર બિરદાવતો.

પાંચ દિવસમાં તો મનિયાની માને પ્રતીતિ થવા માંડી કે પોતે એક મહાન જનેતા છે અને પ્રદેશના એક મહાન કલ્યાણયજ્ઞમાં એક જ્વલંત આહૂતિ આપીને પોતે ગૌરવવંતી બની છે.

તરુણ નેતાઓ વાતાવરણને વધુ ને વધુ ઉત્તેજિત કરવા સતત જહેમત ઉઠાવતા રહ્યા. પ્રજા ભાષણો સાંભળતી. સભા દરમ્યાન ઊકળી ઊઠતી પણ વિખરાતી ત્યારે, 'વાત તો ખરી; આપણને અન્યાય થયો છે એ ય ખરું; પણ એમાં આપણે શું કરી શકીએ ?' કહી ટાઢી પડી જતી અને ઘર ભણી વિદાય લેતી. ધીરે ધીરે હડતાળો સમેટાવા લાગી અને પ્રજા પેટિયું રળવા તરફ વળવા માંડી.

કાર્યકરો એમ કંઈ હતાશ થાય એવા નહોતા. ઓસરતાં પાણીને ફરી એક વાર એક જથ્થે રોકીને એમને ઘૂઘવતાં પૂર રેલવવાં હતાં. એ મળ્યા. આ વખતે એક પીઢ નેતાએ કહ્યું : 'ચપટી વગાડતાંમાં જ્વાળામુખી ફાટી નીકળશે. લડતનો દોર મને સોંપી દો.'

બધા કુતૂહલથી આ નેતાની સામે જોઈ રહ્યા. એમણે કહ્યું : 'હાથમાં કાગળ પેન્સિલ લો. હું લખાવું તે લખો. શહીદની માતાએ એ ભાષણ કરવાનું છે. પ્રજા પાસે શપથ લેવડાવવાના છે અને પછી કેસરિયાં કરવાનાં છે.' સૌ વિસ્મયથી જોઈ રહ્યા. મનુની માતા પ્રવચન કરશે ? એની એવી ગુંજાયશ ખરી ? એક જણે કહ્યું પણ

ખરું: 'પણ મનુભાઇની માતા પ્રવચન કરવા તૈયાર થશે?'

'આપણે એને તૈયાર કરવાની છે. પ્રજા ઠંડીગાર બની ગઈ છે એ તરફ એનું વારંવાર લક્ષ ખેંચી એની ઈર્ષા ભડકાવવી પડશે. અને સરકારે એના દીકરાને ઠંડે પેટે હણી નાખ્યો છે એ વાત જ એને વારંવાર કહેવાની છે, જેથી સરકાર સામે એનો રોષ શતધા ભડભડી ઊઠે. ગુસ્સાથી ગાંડી બની જાય એટલો એનો દિમાગ આપણે ફેરવી નાખવો પડશે. ત્યાગ અને બલિદાનની વાતો કરીકરીને એનામાં રહેલી જનેતાને આપણે જગાડવાની નથી પણ એનામાં રહેલી સ્ત્રીને છંછેડવાની છે, સમજ્યા? કાગળ પેન્સિલ હાથમાં લો ઝટ...'

ટૂંકું પણ જોશીલું ભાષણ તૈયાર થઇ ગયું. ભાષણ તો મુર્દાંને પણ બેઠાં કરી દે એવું હતું. પણ મનુભાઇની માતા એ માટે તૈયાર શી રીતે થાય એ પ્રશ્ન સૌના મુખ ઉપર હતો. પીઢ નેતાએ એની પણ ચોખવટ કરી નાખી. કહ્યું: 'હું જ એને તૈયાર કરીશ. અઠવાડિયામાં તો આપણે ધાર્યું કામ કરી શકીશું.'

પીઢ નેતા ત્યાં એકઠા થએલા તરુણ નેતાઓ અને કાર્યકરો કરતાં ઘણા વધારે કુશાગ્ર બુદ્ધિવાળા હતા. એમણે શહીદની માતામાં છેલ્લા ચાર-પાંચ દિવસમાં ઘણો ફેરફાર નિહાળ્યો હતો. એનામાં અધીરાઈ, રોષ ... આવું આવું ઘણું જોયું હતું.

શહીદની માતાએ ભાષણ આપવા માટેની સંમતિ આપી છે એવું જ્યારે જાણ્યું ત્યારે સૌને આ પીઢ નેતા તરફ પારાવાર માન થયું. હવે સૌને કાર્યસિદ્ધિ હાથવેંતમાં લાગી.


પીઢ નેતાએ મનિયાની માની મુલાકાત લીધી. એમણે એને પેલું ટૂંકું ભાષણ એક વાર વાંચી સંભળાવ્યું. પછી કહ્યું: 'ભાષણનાં બે-ત્રણ વાક્ય બોલ્યા પછી જો ગળગળા થઇ જવાય, લાગણીવશ બની જવાય કે પછી કંઠમાં ખખરી બાઝે તો ભાષણ ત્યાંથી અટકાવી દેવું અને આગળ બોલી શકાય એમ નથી એવો દેખાવ કરી બેસી જવું... હું તો કહું છું, આખું ભાષણ કરવાનો મોહ રાખ્યા સિવાય આમ જ કરજો.' જતી વખતે નેતા ફરી એક વાર એ વાત ઉપર ભાર મૂકતા ગયા: 'આખું ભાષણ ન કરવું. બે-ત્રણ વાક્ય ઉચ્ચાર્યાં પછી લાગણીના ભાર નીચે બેસી જવું.'

રાત્રે મનિયાની મા ભાષણનો કાગળ લઈને બેઠી. પીઢ નેતાના શબ્દો ફરી ફરી યાદ આવતા હતા. જો ગળગળા થઈ જવાય, લાગણીવશ બની જવાય કે પછી કંઠમાં ખખરી બાઝે તો લાગણીના ભાર તળે બોલવાનું બંધ કરવું.


મનિયાની માએ બે-ત્રણ વાક્ય વાંચ્યાં. એ થોભી. ફરીથી નેતાની વાત યાદ કરી: ગળામાં ખખરી બાઝ્યા જેવું લાગે એટલે બેસી જવું... લાગણીનાં કોઈ પૂર મદદે આવતાં નહોતાં. ગળામાં ખખરી બાઝતી નહોતી. એણે પળ બે પળ લાગણીનાં પૂરની રાહ જોઇ. પોતાનો એકનો એક પુત્ર ગોળીથી વીંધાઇ ગયો હતો એ વાત યાદ કરી. જરા થોભી. ફરી એ વાત યાદ કરી. પણ આંસુનું નવાણ ક્યાંયથી ફૂટતું નહોતું. ગળું બિલકુલ સાફ હતું. આંખ સાવ કોરી હતી. હોઠ અસ્પંદ હતા... એને જરા અકળામણ થઈ. રડવું કેમ આવતું નહોતું? પોતાનો એકનો એક દીકરો ગોળીએ વીંધાઈ ગયો હતો અને કમબખ્ત આંસુ ક્યાં ચાલ્યાં ગયાં? એ ગુસ્સે થઈ. જેમ જેમ પળો વીતતી જતી હતી તેમ તેમ એનો ગુસ્સો રોષમાં પલટાતો જતો હતો. પોતે મા હતી. દીકરો ખોયો હતો અને રડવું આવતું નહોતું!! ક્રોધથી એ ધૂંવાંપૂવાં થઈ ગઈ. □

અનુસંધાન] **'કુમાર'ની અર્ધશતાબ્દી** [પૃ. ૫૧૨થી

અને વધુમાં વધુ ગ્રાહકોની સંખ્યાને આકર્ષે એવાં છાપાં વાંચવા ફૂદાફૂદ કરી રહ્યા છે. 'અમને આ ગમે છે. એમાં શું ખોટું છે, બતાવશો?' એવી સાદી અને સીધી દલીલ એ લોકો કરે છે. બહુસંખ્ય લોકોને એટલે બધાને જે ગમે તે હમેશાં સારું શા માટે નથી હોતું એ એમને સમજાવવું સહેલું નથી. 'અમુક વસ્તુ મને ગમે છે તેથી એ વસ્તુ સારી છે' એવી દલીલને સ્થાને 'અમુક વસ્તુ સારી છે તેથી એ મને ગમે છે' એવી દલીલ લોકો કરતા થશે ત્યારે લોકોમાં સંસ્કારિતા આવશે. પણ દરમિયાન સંગીત કે ચિત્ર કે નાટ્યકલાને આશ્રય નહિ મળે તો કલાઓનું શું થશે? દેશી રાજાઓ ગયા અને કલાઓનો રાજ્યાશ્રય ગયો. હવે કલાની ગુણવત્તા બહુમતી નક્કી કરવાની હોય તો શ્રેષ્ઠ કલા જીવી શકશે ખરી? કલાના અભ્યાસ માટે જોઇતો સમય અને શાંતિ આજની પેઢી પાસે નથી. કળ ફેરવવાથી સંગીત સાંભળી શકાતું હોય અથવા ઘરમાં દૂરચિત્રવાણી (ટેલીવિઝન) પર સંગીત સાથે નાટ્ય દેખી શકાતું હોય તો કલાનો આનંદ મેળવવાનું કષ્ટ ઉઠાવવા કોઇ તૈયાર થવાનું નથી. સામાન્ય જ્ઞાન વધારવામાં કોઇને રસ નથી. ગુજરાત યુનિવર્સિટીએ 'જનરલ એડ્યુકેશન'નો અખતરો કર્યો એનો કેવો રકાસ થયો તે સૌ જાણે છે. રોમેં રોલાંએ દિલીપકુમાર રૉયને કહ્યું હતું કે ભારતીય સંગીતમાંથી પશ્ચિમના સંગીતને ઘણું શીખવાનું છે. ભારતીય સંગીતકારને નિયમોના માળખામાં જેટલું સ્વાતંત્ર્ય મળે છે એટલું પશ્ચિમના સંગીતકારને મળતું નથી. તેથી ભારતીય રાગોની રજૂઆતમાં વૈવિધ્ય હોય છે. આપણે એ બધું ભૂલી જઇ પશ્ચિમના એકસૂરી સંગીતનું અનુકરણ આજે કરીશું અને વર્ષો પછી એની મર્યાદાઓ આપણને સમજાશે ત્યારે આપણા સંગીતનો પુનરુદ્ધાર કરવાનો પ્રયત્ન કરીશું તો એ પ્રયત્નને યશ નહિ મળે. સંગીતકલાને શું ઉત્ખનન કરી નવજીવન આપી શકાશે? લોકાશ્રયને અભાવે કલાઓ મરણોન્મુખ થાય તો એ કલાઓને ભાવિની કોઇ આશા ખરી? અને યંત્રો માનવીના જીવનમાં બીજી મોટી ક્રાંતિ થોડા જ સમયમાં લાવવાનાં છે. જુલાઇ ૧૯૭૩ના 'રીડર્સ ડાઇજેસ્ટ'માં એક લેખક જણાવે છે કે ૧૯૮૦ સુધીમાં અમેરિકનો અઠવાડિયામાં માત્ર ચાર જ દિવસ કામ કરતા થઇ જશે; એમને વાર્ષિક પાંચ અઠવાડિયાની ફરજિયાત રજા મળશે. અમેરિકાને પગલે જતા આપણા દેશમાં આ પરિસ્થિતિ આવે ત્યારે શહેરવાસીઓ અઠવાડિયાના ત્રણ રજાના દિવસ શી રીતે પસાર કરશે? એમને છંદો કેળવવા પડશે, આનંદની પ્રતીતિ કરતી કલાઓ શીખવી પડશે. અને આજના સંક્રમણકાલમાં જીવનનાં મૂલ્યો બદલાતાં હોય એવું લાગે છે. પણ એ આભાસ દૂર થતાં જીવનનાં શાશ્વત મૂલ્યોનું પુનરાવર્તન થશે અને ત્યારે 'કુમાર' જેવા માર્ગદર્શકની જરૂર રહેવાની છે, એવી મને શ્રદ્ધા છે. □



મેઘાણીના ગ્રંથસ્થ સાહિત્યનું વર્ષવાર અને સ્વરૂપવાર વર્ગીકરણ દર્શાવતો આલેખ
વર્ષ ▶ ૧૯૨૨ '૨૩ '૨૪ '૨૫ '૨૬ '૨૭ '૨૮ '૨૯ '૩૦ '૩૧ '૩૨ '૩૩ '૩૪ '૩૫ '૩૬
લેખન-સ્વરૂપ ▼
લોકસાહિત્યવિષયક લેખન-સંપાદન
લોકકથા
લોકગીત
વિવેચન
પ્રવાસ
આત્મકથન
સર્જનાત્મક
કવિતા
વાર્તા
નવલકથા
નાટક
જીવનકથા
નિબંધાદિ
ઇતિહાસ
લેખસંગ્રહ
કૃતિસંખ્યા ▼
•સોરઠી બહારવટિયા-૧ •રસધાર-૫ •કંકાવટી-૧ •દાદાજીની વાતો
•સોરઠી બહારવટિયા-૨ •કંકાવટી-૨ •સોરઠી સંત
•ડોશીમાની વાતો •રસધાર-૨ •રસ.-૩ •રસ.-૪
•સો.બ.-૩
•સોરઠી ગીતકથાઓ
•સૌરાષ્ટ્રની રસધાર-૧
•રઢિયાળી રાત-૧ •ર.રા.-૨ •ર.રા.-૩
•ચૂંદડી •હાલરડાં •ચૂંદડી-૨ •ઋતુગીતો
•સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં
•સોરઠને તીરે તીરે
•કોઇનો લાડકવાયો અને બીજાં ગીતો
•વેણીનાં ફૂલ •કિલ્લોલ •સિંધુડો
•પીડિતોનાં ગીતો •યુગવંદના
•દરિયાપારના બહારવટિયા
•વર્તમાન યુગના બહારવટિયા •જેલઑફિસની બારી •પલકારા
•કુરબાનીની કથાઓ
•સત્યની શોધમાં •પ્રતિમાઓ •નિરંજન
•રાણો પ્રતાપ •રાજારાણી •શાહજહાં
•વંઠેલાં
•હંગેરીનો તારણહાર
•એશિયાનું કલંક •બે દેશદીપક •મિસરનો મુક્તિસંગ્રામ •સળગતું આયર્લૅન્ડ
•વેરાનમાં
લેખન-કારકિર્દીનું વર્ષ ▶ ૧લું ૨જું ૩જું ૪થું ૫મું ૬ઠ્ઠું ૭મું ૮મું ૯મું ૧૦મું ૧૧મું ૧૨મું ૧૩મું ૧૪મું ૧૫મું



નોંધ : આ આલેખમાં પુસ્તક-પ્રસિદ્ધિ-વર્ષને ખયાલમાં રાખ્યાં છે. લેખનવર્ષ લેતાં આલેખ જરા જુદો થાય, પણ એકંદરે બંનેમાં બહુ ફેર પડતો નથી. વ્યક્તિના સર્જનકાર્યના અભ્યાસ માટે લેખનસાલ જરૂરી ખરી, પરંતુ પ્રજાના સાંસ્કૃતિક ઇતિહાસમાં તો કૃતિનું પ્રસિદ્ધિ-વર્ષ અગત્યનું ગણાય. ◘ તારણ કાઢીએ તો આલેખ જોતાં જણાશે કે મેઘાણીની લોકસાહિત્ય-સંપાદનની સઘન કામગીરી આરંભનાં આઠ વર્ષોમાં થઈ. એ દરમિયાન લોકસાહિત્યનાં ૨૦ પુસ્તકો મળ્યાં (સાથેસાથે ત્રણ અનુદિત નાટકો પણ.) જ્યારે લોકસાહિત્યનું વિવેચન મોડું-ઈ. ૧૯૩૯થી '૪૬નાં આઠ વર્ષોમાં મળ્યું. ● મૌલિક સર્જન કવિતા ('વેણીનાં ફૂલ'–૧૯૨૮)થી આરંભાયું. ઈ. ૧૯૨૮થી '૩૫નાં આઠ વર્ષોમાં એમના ૯ કાવ્યસંગ્રહોમાંથી ૬ મળ્યા. ● ઈ. ૧૯૩૨થી જાણે નવલકથાનો ગાળો શરૂ થયો. પછીનાં ૧૬ વર્ષોમાં ૧૪ અને તેમાં યે '૩૬થી ૪૩નાં આઠ વર્ષોમાં ૧૨ નવલો મળી. ● ગ્રાફ જોતાં વેગભરી કામગીરીના બે ગાળા દેખાય છે: ૧) ઈ. ૧૯૨૨થી '૩૨ અને ૨) ઈ. ૧૯૩૮થી '૪૭. વચમાં ૧૯૩૨થી' ૩૮ જાણે 'આંગળાં પર હીમ પડ્યું છે.' આવો જ ઝોલો ૧૯૪૦_૪૧ના એક વર્ષમાં દેખાશે. ● ઈ. ૧૯૪૭માં મેઘાણીનું અવસાન થયું ત્યાં સુધીમાં ૯૩ પુસ્તકો મળ્યાં. એ સમગ્ર ૨૬ વર્ષની લેખન કારકિર્દીના ત્રણ તબક્કા: ૧) લોકસાહિત્યની વેગભરી સક્રિય કામગીરીનો (૧૯૨૨થી '૩૧). એમાં લોકસાહિત્યનાં ૨૨ અને અન્ય ૧૩, કુલ ૩૫ પુસ્તકો. ૨) કલ્પનાત્મક સર્જનનો (૧૯૩૨થી '૩૮). તેમાં ૬ નવલો, ૨ કવિતાસંગ્રહો અને અન્ય ૯, કુલ ૧૭. ૩); પોતે ખેડેલા બધા જ પ્રકારોના વિપુલ લેખનનો (૧૯૩૯થી '૪૭); ૮ નવલો, લોકસાહિત્ય (તેના વિવેચન સાથે) ૧૧, કવિતા ૩, વાર્તા ૩, જીવનકથા ('માણસાઈના દીવા' સાથે) ૯, અને અન્ય ૭, કુલ ૪૧. —કનુભાઈ જાની

સાહિત્યસંપર્ક

પાંચ તાન્કા

ધીરુ પરીખ

વેરાન વૃક્ષે
ના માળો, ના વિહગ!
સખી હવે જો
ડાળ ડાળ તે રુક્ષે
કૂંપળ મૂકે પગ.

*

'મેલ કામ તો'
નવવધૂને કહી
પછી પૂર્વમાં
ચીંધતો: 'જો આમ તો
ચંદ્ર ડોકતો અહીં.'

*

હવે વીજળી
ઈશાન ખૂણે ભાળું
બેસી ઝરૂખે:
પછી ગર્જના ભળી,
પણ મારે મોં તાળું!

*

નીરવ લાંબી
કાળી એકલ રાત;
નભને આંબી
વળતી શ્વાન-ચીસ:
રાત્રિ થરકે શાંત.

પડખું ફરું
શય્યા લાગે વહાલી,
ઝીણી ચાદર
ઓઢું; ત્યાં શો ટહુકો
ખગનો કાને ધરું!

તાન્કા

ધીરુ પરીખ

જપાની કવિતામાં પંચાક્ષરી અને સપ્તાક્ષરી પંક્તિઓનાં વિવિધ મિશ્રણોથી કાવ્યાકૃતિઓ સર્જવાનું વલણ સર્વસામાન્ય છે. આમાં પંચાક્ષરી, સપ્તાક્ષરી ને પંચાક્ષરી, એ પ્રમાણે ત્રણ પંક્તિનું લઘુમાં લઘુ કાવ્યસ્વરૂપ તે હાઈકુ. અને ૫, ૭, ૫, ૭, ૭નું પાંચ પંક્તિનું કાવ્યસ્વરૂપ તે તાન્કા (Tanka). હાઈકુ સિવાયનાં સર્વ કાવ્યસ્વરૂપો ને સામુહિકરીતે વાકા (Waka) કહેવામાં આવે છે. આ રીતે જોવા જતાં 'વાકા'માં તાન્કા સૌથી લઘુ કાવ્યસ્વરૂપ ગણાય; પાંચ પંક્તિઓ અને કુલ ૩૧ અક્ષરો.

લગભગ ચોથી સદીમાં એનો પ્રારંભ ગણાવાએલો છે. ત્યારે એ સ્વરૂપમાં પ્રાસને પણ સ્થાન હતું. પછી લગભગ સાતમી સદીમાં એ સ્વરૂપ દૃઢમૂલ થયું. જો કે પાછળથી એના પ્રત્યેનું આકર્ષણ ઘટયું હોવા છતાં ય તે અદ્યપિ લખાતું રહ્યું છે. આજે પણ જપાનમાં નવા વર્ષના પર્વોત્સવ (Utakaihajime) નિમિત્તે યોજાતા સમારંભમાં તાન્કા વંચાય છે. એમાં શાહી ઘરાણાના અને સામાન્ય લોકો પણ હોંશે હોંશે ભાગ લે છે. પ્રત્યેક વર્ષે લગભગ ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ પ્રવેશપત્રો, આ ઉત્સવ નિમિત્તની કાવ્યસ્પર્ધામાં દેશ અને દેશપારથી આવે છે. ત્યાંનાં વૃત્તપત્રો અને સામયિકોમાં પણ તાન્કા માટે કટારો અને પૃષ્ઠો ફાજલ પાડવામાં આવે છે.

આવું ત્યાંનું એ લોકપ્રિય કાવ્યસ્વરૂપ એટલું સરળ છે કે ગમે તે વ્યક્તિ એના સર્જનમાં સક્રિય થવા લલચાય છે અને થાય પણ છે. સામાન્યરીતે માનવીય હૃદયભાવોને સાદી સરળ ભાષાશૈલીમાં અભિવ્યક્તિ આપવા માટે આ સ્વરૂપનો ઉપયોગ થતો હોઈ તે ઊર્મિકાવ્યના પ્રકારમાં આવે છે. કયારેક સર્જક સીધેસીધું ભાવકથન કરે છે, તો કયારેક પ્રકૃતિનાં ચિત્રો દ્વારા ઇંગિતો મૂકી ભાવાભિવ્યક્તિ સાધે છે. આમ, ઋતુચક્ર જપાની હૃદયમાં જે સ્પંદનો જગાડે છે તેને પ્રકૃતિનાં તત્ત્વો—('Ka-cho-fu-getsu') પુષ્પો, પંખીઓ, વાયુલહરી ને ચંદ્ર—દ્વારા મુખ્યત્વે ભાવક સુધી પહોંચાડવાનો સર્જકક્રમ હોય છે. આમાં યે નિરાડંબરી અને નિરલંકૃત શૈલી મુખ્ય ભાગ ભજવે છે. પ્રણયી જનો પોતાના હૃદયભાવોને તાન્કા દ્વારા વ્યક્ત કરી સંવનનની પ્રક્રિયા દરમિયાન પરસ્પરના પ્રણયની સ્વીકૃતિ-અસ્વીકૃતિનો ખયાલ પણ મેળવી લે છે. આમ, એક ગંભીર હેતુના રમતિયાળ માર્ગ તરીકે પણ તાન્કાનો ત્યાં ઉપયોગ થાય છે એવા ઉલ્લેખો મળે છે.

હૃદયોર્મિઓને વાચા આપતી આ કાવ્યપ્રવૃત્તિ અને પ્રકારનો પ્રભાવ જાદુઈ છે. ત્યાંના પ્રસિદ્ધ કવિ અને કાવ્યવિવેચક કિ-નો-સુરાયુકી (Ki-no-Tsurayuki) લખે છે: Waka has the power to move Nature itself and to impress even God. It can make the hearts of man and woman meet together, and soften the minds of rustics.' (ખુદ પ્રકૃતિને ક્ષુબ્ધ કરવાની અને પ્રભુને પણ પ્રભાવિત કરવાની શક્તિ વાકામાં છે. સ્ત્રી-પુરુષનાં હૈયાંને એ મેળવી શકે છે, અને અસંસ્કૃત જનોનાં મનને મૃદુ બનાવી શકે છે.) વાકામાં(એટલે કે તાન્કામાં પણ)ત્યાંનાં લોકોને કેટલી શ્રદ્ધા છે તેનું આ મુખરિત અવતરણ છે.

પ્રાચીન જપાનીઓ માનતા હતા કે શબ્દમાં પ્રાણ છે અને ગૂઢ શક્તિ છે. આથી માનવહૃદયના સાચ્ચા ભાવોને વાચા આપતા તાન્કામાં અધિકતર શક્તિ છે અને ખુદ પ્રકૃતિને પણ પ્રભાવિત કરવાની એ શક્તિ ધરાવે છે.

આ રીતે આનંદ અને અવસાદ, વહાલ અને વિરહ ને પ્રકૃતિનાં યથાતથ ચિત્રણ દ્વારા ઇંગિતરૂપે અભિવ્યક્ત કરતું આ જપાની લઘુ ઊર્મિકાવ્ય જપાની પ્રજાની સંસ્કૃતિ અને સમાજનું દ્યોતક કાવ્યસ્વરૂપ છે. આથી રૂઢિગત અને પ્રશિષ્ટ જપાની કવિતા તરીકે એ આદર ભર્યું સ્થાન પામેલું છે.

નવાં પ્રકાશનો

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

મારું જીવનવૃત્તાંત-ભાગ પહેલો: ભારતની રાજકીય વ્યક્તિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા શ્રી મોરારજીભાઈ દેસાઈની આત્મકથાના આ પહેલા ભાગમાં એમના બાળપણથી ઈ. ૧૯૫૨ સુધીનાં વર્ષોનો વૃત્તાંત નિરૂપાએલો છે. એક અદના શિક્ષક પિતાને ત્યાં જન્મેલો-ઊછરેલો બાળક ભારતના નાયબ વડા પ્રધાનપદ સુધી પહોંચે એ કથા રસિક હોવાની સાથેસાથે પ્રેરણાદાયી પણ હોવાની જ. એમની આ સાધના પાછળ ચારિત્ર્યનું અદ્ભુત બળ કેવી રીતે વિકસ્યું તે આ કથા પ્રેરક પરથી જાણી શકાશે. એ અભ્યાસ કરી અંગ્રેજ સરકારની નોકરીમાં જોડાયા, ત્યાં જે અનુભવો થયા, સ્વાતંત્ર્યયુદ્ધમાં ઈ. ૧૯૩૦માં ઝંપલાવ્યું, મુંબાઈની પ્રથમ રાષ્ટ્રીય સરકારનું મંત્રીપદ પ્રાપ્ત કર્યું, આ બધાં સોપાનો અહીં સુપેરે આલેખાયાં છે.

એમની આ જીવનકથા એમના વ્યક્તિત્વનો પરિચય આપી જાય છે. એમની કર્તવ્યનિષ્ઠા, મૂલ્યનિષ્ઠા, આઝાદીનિષ્ઠા, દઢાગ્રહી સ્વભાવ, નિષ્પક્ષ ન્યાયપ્રિયતા, માનવતા, દલિતપ્રેમ, ઈશ્વરશ્રદ્ધા વગેરે ગુણો આ લખાણમાંથી સહજ રીતે આગળ તરી આવે છે. સાથેસાથે પોતાનો

શબ્દકથા : 'લજામણી' · 'છુઈમુઈ' · 'ખાજવણી'

લજામણીનો છોડ અડવાથી સંકોચાઈ જવાના તેના ગુણ માટે જાણીતો છે. આમ તો બીજાને લજવે, લાજ પમાડે તે લજામણું કહેવાય; પણ અહીં 'પોતે લાજ પામે તેવું' એવો અર્થ લેવાનો છે. પ્રાકૃત 'લજ્જાલુ' કે 'લજ્જાલુઇણી'; હિંદી 'લજારૂ' કે 'લજાલૂ'; મરાઠી 'લાજાળૂ'; હિંદી 'લાજ-વંતી' અને ક્વચિત્ વપરાતો 'શરમાળ' એ સૌ નામો ઉપર્યુક્ત બીજા અર્થ અનુસાર છે.

પણ હિંદીમાં 'લજામણી' માટે જે એક બીજો લોકપ્રચલિત શબ્દ છે તેનાથી એ છોડનો સ્વભાવ તાદૃશપણે વ્યક્ત થાય છે. એ શબ્દ છે 'છુઈમુઈ'. એટલી સંકોચશીલ કે જેવી 'છુઈ' તેવી જ 'મુઇ'—અડવા સાથે જ મરણતોલ બની જાય.

'લજામણી'ની જેમ બીજો એક લાક્ષણિક છોડ છે 'ખાજવણી', એનાં પાન શરીરે અડતાં સખત ખંજવાળ ઊપડે છે. સંસ્કૃત 'કપિકચ્છુ' કે 'કપિકચ્છુરા'. તેના પરથી હિંદીમાં 'કવાંચ' કે 'કૌંચ' શબ્દ બન્યો છે. પ્રાકૃતમાં 'કચ્છુ'ના ધ્વનિએ ઊલટા થઈને 'છંકુઈ' એવો શબ્દ બન્યો છે.

શામળ ભટ્ટની 'સિંહાસન બત્રીશી'ની એક વાર્તામાં મહારાજા વિક્રમને 'કોચી' કંદોયણની જાદુઈ શક્તિનો અનુભવ કરવાનો પ્રસંગ આવે છે. ગુપ્ત વિદ્યા કે સિદ્ધિઓ નીચી ગણાતી અને નિરક્ષર કોમમાં પણ તે હતી, એ માન્યતાનો લોકકથાકારોએ ઘણો જ કૌતુકરંગી ઉપયોગ કરેલો છે, અને રાજા ભોજની સાથે ગાંગો તેલી, રાજા વિક્રમની સાથે ગાંગલી ઘાંચણ (મૂળે તો 'ગાં-છણ'), કોચી કંદોયણ, ગોગ વેશ્યા, લલો અને પતો વગેરે પાત્રો જોડી દીધાં છે. આમાંની 'કોચી' કંદોયણના નામના મૂળમાં આ 'કૌંચ' કે 'કપિકચ્છુ' હોવાનું જણાય છે. 'કૌંચ'ની જેમ, જેને વતાવતાં સહન કરવું કે પસ્તાવું પડે તેવા ગુણવાળી, તે 'કોચી'.

હરિવલ્લભ ભાયાણી

અભિપ્રાયે ઉચ્ચારવાની હિમ્મત પણ એમના-માં જોઈ શકાશે. પ્રકરણ ૧૪માં શ્રી અરવિંદ અને રમણ મહર્ષિના આશ્રમની મુલાકાત દરમિયાન એ મહાપુરુષોની એમના પર જેવી છાપ પડી તેવી સ્પષ્ટરીતે તેમણે મૂકી છે. ત્યાર પછીના જ પ્રકરણમાં ગાંધીજીના વિચારો વિષે-ની પોતાની વિરુદ્ધ માન્યતા પણ એમની સાથે ચર્ચતાં એ અચકાતા નથી. આમ, નીડરતા ને નિખાલસતા એ બે એમના વ્યક્તિત્વ-ના લાક્ષણિક ગુણો સ્પષ્ટ થઈ રહેશે.

એમના કર્મશીલ જીવનમાંથી કંઈપણ પ્રેરણાત્મક હોય તે બીજાને મળી રહે તે આશયથી લખાએલી આ કથા એ દૃષ્ટિએ સફળ લેખાશે. એમની શૈલીમાં અંગ્રેજી ગદ્યની લઢણ, ઓછી પારદર્શકતા ને પુનરાવર્તનો ખૂંચ્યા વગર રહેશે નહિ. સાથેસાથે આઝાદીની લડતનો અને આઝાદી પછીનાં થોડાં વર્ષોનો શ્રદ્ધેય ચિતાર પણ એમાંથી મળી રહે છે તે લાભ જચ્યા વગર રહેશે નહિ. (પૃ. ૩૫૨, પાકું પૂઠું, રૂ. ૧૨.)

ગાંધીજીનો અક્ષરદેહ-૨૬ : ઈ. ૧૯૨૫-ના જાન્યુઆરીની ૧૬મીથી એપ્રિલની ૩૦મી સુધીના લગભગ સાડા ત્રણ માસના ગાળાની ગાંધીજીની પ્રવૃત્તિઓ પ્રતિબિંબિત કરતાં એ-મનાં આ લખાણોમાં મુખ્યત્વે હાથકાંતણ, ખાદી, હિંદુ-મુસ્લિમ એકતા ને અસ્પૃશ્યતા-નિવારણના કાર્યક્રમો આગળ તરી આવે છે. (પાકું પૂઠું, પૃ. ૫૪૮, રૂ. ૧૬-૫૦.)

ગાંધીજીનો અક્ષરદેહ-૨૭ : આ ગ્રંથમાં ગાંધીજીની મેથી જુલાઈ ૧૯૨૫ સુધીના ત્રણ માસની પ્રવૃત્તિને આવરી લેવામાં આવી છે. બંગાળ-યાત્રાના એમના આ ગાળા દરમિયાન સ્વદેશીપ્રચાર, કોમી એકતા અને અસ્પૃશ્યતા-નિવારણ, આગળપડતાં કાર્યો છે. આ ઉપરાંત ભારતમાં મિશનરીઓનું કાર્ય, અહિંસા, ક્રાંતિવાદીઓની નીતિ, રચનાત્મક કાર્ય વિષે-નો તેમનો વિશ્વાસ વગેરે પર પણ એમનાં મંતવ્યો અહીં સ્પષ્ટતાથી રજૂ થએલાં જોઈ શકાશે. (પાકું પૂઠું, પૃ. ૪૫૪, રૂ. ૧૬–૫૦.)

ગુરુદેવનાં ગીતો : કવિવર રવીન્દ્રનાથ ટાગોરના લલિતપ્રેમ, ભક્તિ, ગૂઢવાદ, દેશપ્રેમ, મૃત્યુ વગેરે ભાવોનાં ૩૪ બંગાળી ગીતોના આ અનુવાદમાં મૂળની મીઠાશ ઉતારવામાં અનુવાદકને સફળતા મળેલી જોઈ શકાશે. સાથેસાથે ટાગોરનાં મૂળ બંગાળી ગીતો પણ નાગરી લિપિમાં અહીં મૂકવામાં આવ્યાં છે, જેથી બંગાળી જાણનારાંઓ એનો સીધો આસ્વાદ પણ લઈ શકશે. (અનુ. જુગતરામ દવે; કાચું પૂઠું, પૃ. ૧૨૩, રૂ. ૨–૭૫.)

ઓતા બાપાનો વડલો : મહાત્મા ગાંધીજીના દાદા ઉત્તમચંદ ગાંધીજીના પૂર્વજોથી શરૂ કરી છેક આજ સુધીના પેઢીઉતાર નિઃશેષ વંશજોનો તાદૃશ ખયાલ આપતો આ કુળ આંબો એક અતિ પરિશ્રમ-સાધ્ય અને શ્રદ્ધેય કૃતિ છે, જે પ્રભુદાસ ગાંધી જેવા સન્નિષ્ઠ, સહૃદય અને ચોકસાઈના ગુણવાળા લેખકને જેબ અપાવે એવી, ઊંચા દસ્તાવેજી મૂલ્યવાળી ને ગુજરાતી સાહિત્યમાં અનન્ય ગણાય એવી છે. (પાકું પૂઠું, પૃ. ૬૩, રૂ. ૧૦.)

નૅશનલ બુક ટ્રસ્ટ · નવી દિલ્હી

વોરા ઍન્ડ કં. ગાંધીરોડ · અમદાવાદ ૧

કવિ : ખ્યાતનામ બંગાળી નવલકથાકાર તારાશંકર બંદ્યોપાધ્યાયની પ્રસિદ્ધ નવલકથા 'કવિ'નો નાયક નિતાઈ 'ડોમ' જેવી મડદાં બાળનાર જ્ઞાતિમાં થએલો. દાદા ઠગ, પિતા ચોર અને મામા ડાકુ. પણ નિતાઈ આ બધાથી પર સન્માર્ગે વળી, ગીતો રચી પોતે કવિ બન્યો. રાત્રિશાળામાં તે ભણ્યો. એ શાળા બંધ પડતાં કોઈ ઘનશ્યામ ગોસાંઇને ત્યાં નોકરીએ રહ્યો. ત્યાં પણ ચોરીની પ્રવૃત્તિથી એ અકળાયો, ને નોકરી છોડી રેલવે પ્લૅટફૉર્મ પર એ હવે હમાલ બન્યો. અહીં ઠાકુરઝી નામક એક સ્ત્રીનો પરિચય થયો. પોતાના મનના આકર્ષણ રૂપ ગુલમહોરનું ફૂલ એણે એ સ્ત્રીના કેશકલાપમાં ખોસ્યું. પણ એ તો પરણેલી હતી! બીજી વાર નાચગાન મંડળીની યુવાન નર્તકી વસંત તરફ આકર્ષાયો. એ મંડળીમાં જોડાયો. વસંત સાથે પરણ્યો. પણ એ વસંત તો ક્ષયથી પીડાતી હતી. નિતાઈના ખોળામાં માથું ઢાળીને વસંતે છેલ્લો ઉચ્છ્વાસ મૂક્યો ત્યાર પછી પણ નિતાઈ એના પ્યારને ભૂલ્યો નહિ.

આમ, સ્પંદનશીલ વિષયવસ્તુને કચિતરીતે નિરૂપતી આ નવલકથામાં લેખકે નિતાઈ, ઠાકુરઝી, વસંત વગેરે મુખ્ય પાત્રો અને ગોસાંઈ પતિ-પત્ની, મંદિરના પૂજારી વગેરે ગૌણ પાત્રોને જીવંતતાથી નિરૂપ્યાં છે. ભાષાશૈલી પણ કથા-ના ઊર્મિમય વિષય અને પાત્રોને અનુરૂપ છે. બંગાળી સમાજ અને ત્યાંના સદા તથા ગાડીમો-ને પણ આ સામાજિક પ્રણયકથામાં સચોટતાથી આલેખ્યા છે. આવી સમર્થ કૃતિનો આ ગુજરાતી અનુવાદ અનેક ગુજરાતીઓને એ બંગાળી નવલના રસાનંદ પૂરો પાડશે. (અનુ૦ રમણલાલ સોની કાચું પૂઠું પૃ. ૨૨૩ રૂ. ૬ ૫૦)

બ્રાહ્મણકન્યા : મરાઠીમાં કેશવાર તરીકે શ્રીધર વ્યંકટેશ કેતકરની ચિરપ્રતિષ્ઠા છે. એમની આ છે પાંચમી નવલકથા. અનુલોમ-પ્રતિલોમ લગ્નથી ઉત્પન્ન થતી સંતતિ-અને ખાસ કરીને કન્યા-માટે રૂઢિચુસ્ત સમાજમાં કેવી મુશ્કેલી થાય છે તે હેતુલક્ષી અને વાસ્તવિક વિષય અહીં નિરૂપવામાં આવ્યો છે. આ કથાનાં ગુજરાતી અનુવાદિકા છે શ્રીમતી ભારતી વૈદ્ય. શ્રી કેતકરની નવલકથાકાર તરીકે-ની પ્રતિભા આ કૃતિમાં ઉત્તમ રીતે કોળી છે એવું વિવેચકોનું માનવું છે. (કાચું પૂઠું; પૃ. ૨૧૪; રૂ. ૬–૦૦)

મોરા : નેહરુ બાળ પુસ્તકાલયની શ્રેણી-માં હાથીનાં બુદ્ધિમાન સાહસોને નિરૂપતી જાણીતા લેખક મુલ્કરાજ આનંદની બાળભોગ્ય

અને સચિત્ર વાર્તા. (અનુવાદિકા ભારતી વૈદ્ય; કાચું પૂઠું. પૃ. ૪૦, રૂ. ૧-૫૦).

કેન્દ્રીય પ્રકાશન વિભાગ
પતિયાલા હાઉસ, નવી દિલ્હી
(હિંદી પ્રકાશનો)

રઉફ ચાચા કા ગદહા: બાળકોને વિનોદ સાથે બોધ મળી રહે એ આશયથી રસાળ શૈલીમાં લખાએલી સચિત્ર ૨૧ હાસ્યકથાઓ. (કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૨-૭૫.)

ભારત કે ગૌરવ–ચૌથા ભાગ: આધુનિક ભારતની સંસ્કૃતિનો ઘાટ ઘડવામાં રાજ્ય, સમાજ, ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય આદિ ક્ષેત્રની વિવિધ વિભૂતિઓએ ફાળો આપ્યો છે. એમનાં પ્રેરણાત્મક જીવનની ઝાંખી કરાવતી આ પુસ્તિકા કિશોર-યુવાનોને પોષક વાચન પૂરું પાડશે. (કાચું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૨-૬૦).

રમેશચંદ્ર દત્ત: આધુનિક ભારતના એક પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી, વહીવટકાર, સાહિત્યકાર અને રાજનીતિજ્ઞ રમેશચંદ્ર દત્તના પૌત્ર સ્વીન્દ્રચન્દ્ર દત્તે અંગ્રેજીમાં લખેલી જીવનકથાનો આ સુવાચ્ય અને પ્રેરણાદાયી હિંદી અનુવાદ છે. (કાચું પૂઠું, પૃ. ૧૯૧, રૂ. ૩-૫૦.)

હરિયાણા: ભારતના વિવિધ રાજ્યોની પરિચયમાલામાં હરિયાણા રાજ્યનો સર્વાંગી પરિચય આપતી શશિભૂષણ સિંઘલ લિખિત પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૪૯, રૂ. ૧-૫૦).

દુનિયા નઈ ઓર પુરાની: વિશ્વયુદ્ધ પછી વિશ્વે રાજકીય, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક, સામાજિક એમ વિવિધ ક્ષેત્રે જે સમન્વયસાધક પ્રગતિ કરી છે તેનો સંક્ષિપ્ત ચિતાર આપતાં દિલ્હી યુનિવર્સિટીના સમ-કુલપતિ ડૉ. વિદ્યાપ્રકાશ દત્તે આપેલાં બે વ્યાખ્યાનોને આવરી લેતી પુસ્તિકા. (કાચું, પૃ. ૨૭, રૂ. ૧)

પૌરાણિક કથાએઁ: આપણાં પુરાણો પર આધારિત ૩૦ કથાની આ સચિત્ર પુસ્તિકામાં તત્કાલીન સમાજસ્થિતિના પરિચય સાથે સાથે ઉચ્ચ આદર્શ, આચાર-વ્યવહાર, ન્યાયપરાયણતા વગેરે સદ્‌ગુણોને પોષક પ્રસંગોનું રોચક નિરૂપણ થએલું છે. (લે. બ્રહ્મદત્ત શર્મા, કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૩-૫૦.)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્‌મય-ખંડ ૪૬: ૧૬ એપ્રિલથી ૨૭મી જૂન, ૧૯૩૧ સુધીની સામગ્રી પ્રગટ કરતા આ ગ્રંથમાં આઝાદીની લડતમાં મુશ્કેલીઓ સામે ઝઝૂમતા મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વનો સમ્યક્ પરિચય મળી રહે છે, તો હિંસા પ્રત્યેની તેમની ઊંડી સૂગ, બહિષ્કાર-આંદોલનનો સાચો અર્થ અને પ્રયોજન વગેરે વિષયો પર સ્પષ્ટ મંતવ્યો પણ જાણવા મળે છે. (કાચું, પૃ. ૪૮૭, રૂ. ૭-૫૦.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કનક રેળે

જન્મ: મુંબાઈમાં, તા. ૧૧-૬-૧૯૩૯. શ્રી કરુણાકર પણિક્કરનાં શિષ્યા. ભરતનાટ્યમ્ ઉપરાંત કથકલી અને મોહિની અત્તમ નૃત્યમાં ડિગ્રી કૉર્સ આપતી મહારાષ્ટ્રની એકમાત્ર નૃત્ય કૉલેજ 'નાલંદા નૃત્યકલા મહાવિદ્યાલય'નાં સ્થાપક અને આચાર્યા. માંચેસ્ટર યુનિ.ની 'ઈન્ટરનેશનલ લૉ'ની આકરી પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં પ્રથમ આવી ઉત્તીર્ણ થએલાં. નૃત્યવિષયક સપ્રયોગ વ્યાખ્યાતા તરીકે તેઓ નિષ્ણાત. કેરલ રાજ્ય અકાદમી—કેરલ કલામંડલમ્ દ્વારા કથકલી જેવા પૌરુષસભર નૃત્ય અંગે પોતાના આગવા સપ્રયોગ વિચારો દર્શાવવા માટે આમંત્રણ પામેલાં કેરલ બહારનાં એ એકમાત્ર સ્ત્રી નૃત્યકાર હતાં. દેશવિદેશોમાં લગભગ એક હજારથી યે વધુ નૃત્યપ્રયોગો અને નૃત્ય-કાર્યક્રમો એમણે રજૂ કર્યાં છે. અગાઉ 'કુમાર' અંક ૪૮૮માં એમનો વિસ્તૃત પરિચય પ્રકટ થએલો છે.

૧ નૃત્યક્ષેત્રે પારંગત થવા પાયાની શી શી જરૂરિયાત છે?

ઉ. સપ્રમાણ દેહ, નૃત્યકલાની ઊંડી લગન; તાલ, મુદ્રા, મુખભાવ અને નયનચલનનું પાકું જ્ઞાન, દેહમરોડ અને ડોલનની શક્તિ, કલામય વેશભૂષાની સમજ, સંગીતમાં રસ, પોતાના દેશની સંસ્કૃતિ પ્રત્યે માન અને સખત પરિશ્રમને જીવનનો આનંદ માનવા જેટલી ધગશ હોવાં જરૂરી છે.

૨ શારીરિક સુંદરતામાં બાહ્ય પ્રસાધનની આવશ્યકતા ખરી?

ઉ. સ્ત્રીને માટે સર્વાંગ સુંદર બનવું અત્યંત જરૂરી છે, નારીનું એ નૈસર્ગિક આભૂષણ છે. બાહ્ય પ્રસાધન વાપરે કે ન વાપરે, પણ તેનામાં સહજ પ્રતિભા, પ્રતિષ્ઠા ને સજાવટ તો જોઇએ જ.

૩ આપ સાચું સૌંદર્ય કોને કહો?

ઉ. મારે મન સૌંદર્ય એ વ્યક્તિના મનની કોઈ એક પળને આવરી લેતી પરિસ્થિતિ છે. વરસાદની ઝડી સાથે ગડગડતાં વાદળોમાં ચમકતી વીજળીનું અનુપમ રૌદ્ર રૂપ જોવામાં કે ધૂધવતા સાગરનાં પ્રચંડ મોજાં જોવામાં શિવના તાંડવ કે સજીવ ચેતનાના ચમકારાનો ભાસ થાય છે.

૪ તો તો સાહિત્યશોખ પણ હશે. આપને કેવું વાચન ગમે?

ઉ. અંગ્રેજીમાં મને ઍરિસ્ટૉટલ વધુ ગમે છે. કુમારસ્વામી, ઝીમર વગેરે જેવા ક્લાસિકલ લેખકો તથા હક્સ્લી, ગૅલિકો ને વોડહાઉસ પણ વાંચવા ગમે. સંસ્કૃતમાં કાલિદાસ, વાલ્મીકિ. વળી, અલંકારશાસ્ત્ર ને કલા-સૌંદર્યના ગ્રંથો પણ ખરા.

૫ આપનું પ્રિય પાત્ર?

ઉ. કૃષ્ણ. રામ ખરા, પણ કૃષ્ણ વધુ, કારણ એ પૂર્ણ પુરુષ હતા. ગમે તેવા પ્રસંગનો સામનો કરી તેઓ એમાં જીત મેળવી શકતા. એમનામાં અજબ મોહિની અને અસ્મિતા હતાં. તેજસ્વી જીવન જીવતાં એમને આવડતું હતું.

૬ આપને કોનાં નૃત્ય વધુ ગમ્યાં કે ગમે છે?

ઉ. કથકલીમાં કુંજ્જુ નાયરનાં, ભરતનાટ્યમમાં બાલાસરસ્વતીનાં. પશ્ચિમીમાં માર્ગો ફૉન્ટન ને રુડોલ્ફ નુરિયેવનાં.

૭ નૃત્યના જાણીતા પ્રકારો કયા? આપને કયાં વધુ ગમે છે?

ભરતનાટ્યમ્, કથકલી, કથક, મણિપુરી, મોહિની અત્તમ, કુચીપુડી ને ઓડિસ્સી. આમાંથી બે મને વધુ પસંદ છે: પહેલું કથકલી: એ સંપૂર્ણ નૃત્ય છે અને અદ્‌ભુત અભિનય એ એની વિશિષ્ટતા છે. બીજું મોહિની અત્તમ. તેમાં ભરતનાટ્યમની ચપળતા ને કથકલીના ભાવલાવણ્યની તલસ્પર્શી પ્રભા છે.

૮ જીવનને આપ કઈ દૃષ્ટિએ જુઓ છો?

ઉ. મારે મન એ દૈવી ભેટ છે. વ્યક્તિગત વિકાસ, સામાજિક સૌમ્યતા અને સર્વલક્ષી સૂત્રથી એ જીવાવું જોઈએ.

૯ નારી શાનાથી શોભે?

શીલ, સૌજન્ય, આદર્શ પત્નીત્વ અને સાચા માતૃત્વથી.

૧૦ આપને સૌથી વધુ રસ શામાં છે?

ઉ. નૃત્યમાં જ. સંગીતના બ્રહ્મનાદ પેઠે નૃત્યદ્વારા બ્રહ્મની લીલા દાખવવામાં. આખરે નૃત્ય-કલા પણ બ્રહ્મનું એક સ્વરૂપ દાખવતી કલા જ છે ને?

કનક રેળે.

ઊર્મિની ઓળખ —[૫૧]—

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

કરાવનાર · જલન માતરી



ઠાકોરભાઈ દેસાઈ 'પરિમલ'

વડોદરા જિલ્લાના સરકારી વકીલ શ્રી ઠાકોરભાઈ દેસાઈ ગુજરાતી ગઝલસાહિત્યમાં 'પરિમલ'ના તખલ્લુસથી જાણીતા છે. ગઝલ પાછળની એમની દીવાનગી એટલી હદે છે કે સરકારી વકાલતમાંથી નવરા પડે છે કે તરત જ જિંદગીને ગઝલના બીબામાં ઢાળી દે છે. સરકારી કચેરીમાં કે ન્યાયાલયના પટાંગણમાં કોઈ વકીલ વારંવાર શે'રો બોલતો જણાય તો સમજવું કે એ 'પરિમલ' છે. સ્વભાવે ખૂબ જ વાતરસિયા અને નિખાલસ દિલના આ શાયર એટલા જ મિલનસાર છે. સરકારી વકીલ હોવાનો દમામ રાખવા કરતાં શાયરની ખુમારી વધારે રાખે છે. ગુસ્સા જેવી વસ્તુ એમનામાં કદી જોઈ નથી. વારંવાર યોજાતા મુશાયરાઓમાં ભાગ લઈને 'પરિમલ' એમના રંગે રંગાએલા શ્રોતાઓની દાદ મેળવતા રહ્યા છે.

છેલ્લાં દસ વરસથી ગુજરાતી ગઝલ ક્ષેત્રે પ્રવેશીને એમણે ત્રણ સંગ્રહો ૧) રિમઝિમ, ૨) ટહુકો અને ૩) કુન્તલ પ્રગટ કર્યા છે. આકાશવાણી પરથી એમની ગઝલો પ્રસારિત થાય છે.

સૂરત જિલ્લાના પલસાણા ગામે તા. ૨૯-૫-૧૯૨૫ના રોજ એમનો જન્મ. બી. એ. એલ-એલ. બી.ની ઉપાધિ મેળવીને મુંબાઈમાં પાંચ વર્ષ સુધી વકાલત કરીને છેલ્લાં ૧૭ વર્ષથી સરકારી વકીલ તરીકે સેવા બજાવી રહ્યા છે. દુનિયા જો ચૂપ રહે તો પોતાને સાંભળવા ઇચ્છતા, સમયને દર્દનો વિસ્તાર કહી રહેલા એ 'પરિમલ'ના શે'રોની મજા હવે માણીએ :

એકાંત પર શું ધૂળ પડે છે એ જાણવા,
ખાલી પડેલ ઘરના અરીસાને સાંભળું.
ધબકાર સાંભળું કે હું ચર્ચાને સાંભળું,
દુનિયા જો ચૂપ રહે તો હું પોતાને સાંભળું.

∞

સંયમની રેખ બાંધ ના યૌવનની ચારેકોર,
રાવણને જશે વ્હેમ, આ સીતાનું ઘર હશે.

∞

અમે અંધારી રાતે કોઈને મળવા ન ઉત્સુક, પણ
કોઈ આંખો મહીં જુગનુઓ ચમકાવે તો શું કરીએ!

∞

સફરસાથે નીકળતું જોયું મેં બસ આટલું લ્હેણું,
હું દરિયે નાવ નાખું છું અને તોફાન આવે છે.

∞

પર્દો ઊંચકવા આજ તું બેચેન થઈ રહ્યો,
પર્દો પછી યે પર્દો નીકળશે તો શું થશે?

∞

પ્રણયનો જામ એણે એમ બોલીને મને આપ્યો,
તને હું દર્દ આપું છું અને ઉપચારની શંકા!

એ પ્યાસ અને જિદ સાકીની,
કલ્પી લો 'પરિમલ' કેવાં હશે?
એણે ન સુરા દીધી ને મેં
ખાલી ન હટાવી સારી રાત.

∞

નવાં નયનનું મિલન છે જરા તાકી લઈએ,
અજાણ્યાં નીરનું ઊંડાણ તો માપી લઈએ.

∞

કાલ સીતાને ગંદી જે કહેતા હતા,
ધોબીઓ આજ પાછા નદીએ ગયા.

∞

જીવનયાત્રામાં નિર્ણયની પળો એવી ય આવે છે,
કે સ્હેજ જ આંખ પલકારો તો સરકી જાય છે રસ્તો.
ગમે તેવો યે પાપી પાપ કરવા ડગ ઉપાડે જ્યાં,
તો એના પગની સાથે સ્હેજ ચોંટી જાય છે રસ્તો.

∞

પ્હેલાં હતું કે દર્દનો ઉપચાર છે સમય,
આજે થતું કે દર્દનો વિસ્તાર છે સમય.

અટકી જઈ શું આપણે એ કેમ ચાલશે?
ઘડિયાળ આપણે અને જોનાર છે સમય.

∞

આધાર એના હાથનો જો પામવા ચહો,
તો બંને હાથ સાવ નિરાધાર જોઈએ.

∞

પ્રકાશ તે શું કોઈ શોધવાની વસ્તુ છે,
જરાક લૂંછી જુઓ જાત પરનું અંધારું.

∞

તુજ સપ્તરંગી ઓઢણીની મુજને શું પડી?
મારાં ચમકતાં આંસુમાં રંગો બંધાય છે.

∞

હું જો ડૂબીશ તો ડૂબીશ મારાં આંસુમાં,
બાકી મુજ નાવમાં આવી ગયાં તોફાન બહુ.

∞

મુજ અશ્રુ પાલવે એ સમાવી શક્યાં નહિ,
પાણીનો બોજ પણ એ ઉઠાવી શક્યાં નહિ!

∞

ફૂલો તમારાં રૂપને ચાહે છે સૌ ભ્રમર,
ઊડતા નથી એ કોઈ' દી અત્તરની આસપાસ.

∞

પ્રેમપત્રોને આંસુથી ધોયા પછી,
તારા અક્ષરની એ યાદ ખોયા પછી,
કોરી આંખોને કોરા એ કાગળ મહીં,
તેં કદી ના લખ્યું એ ય વંચાય છે.

∞

તુજ અશ્રુ મેં લૂછ્યાં, પછી તેં સ્મિત શું કર્યું?
જાણે તૂટેલ આઈનો આખો થઈ ગયો!

∞

પાસ હો કાંઈ તો આપવું જોઈએ,
ફૂલની છે ફરજ, મ્હેકવું જોઈએ.
ફક્ત આંસુ લૂછ્યે કંઈ નથી ચાલતું,
આંખમાં શું લખ્યું વાંચવું જોઈએ.

∞

દુ:ખનાં વાદળ દિલની સાથે રોજ અથડાયા કરે,
રોજ પડતી વીજળીથી, કોણ ગભરાયા કરે?

∞

પ્રતિબિંબ આપનું શું અરીસામાં રહી ગયું?
જોયા કરો છો આપ શું એમાં ફરી ફરી?

સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય-ખંડ ૪૭: ૧૮ જૂનથી ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૩૧ સુધીનાં ગાંધીજીનાં લખાણોને સંગ્રહીત કરતા આ ખંડમાં હિંદુ-મુસ્લિમ એકતાના ઠરાવનીસામે જાગેલ વિરોધવંટોળ, એથી ગોળમેજી પરિષદમાં ભાગ ન લેવાનો એમનો વિચાર, ત્યારના વાઈસરૉયની સમજાવટથી તેઓ તેમાં ભાગ લેવા જવા તૈયાર થયા તે પ્રસંગોની પડછે તત્કાલીન રાજકીય ચિત્ર પણ સમ્યક્ રીતે ઊપસવા પામ્યું છે. (કાચું, પૃ. ૫૨૭, રૂ. ૭·૫૦.)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય-ખંડ ૪૮: ૧૨ સપ્ટેમ્બર ૧૯૩૧થી ૩જી જાન્યુઆરી '૩૨ સુધીનાં લખાણોને પ્રગટ કરતા આ ગ્રંથમાં ગાંધીજીની ગોળમેજી પરિષદમાં હાજરી, ત્યાં આપેલાં પ્રવચનો, પાછા વળતાં સ્વિટ્ઝર્લૅન્ડમાં રોમાં રોલાંની મુલાકાત, મુસોલિનીની મુલાકાત વગેરે પ્રસંગોને રજૂઆત મળી છે. એમની રાજકીય લડત આધ્યાત્મિક પાયા પર જ રચાએલી છે તે વિચાર તથા સત્ય વિષેનાં એમનાં મંતવ્યો વગેરે આ લખાણોમાંથી પામી શકાશે. (કાચું પૂઠું, પૃ. ૫૬૫, રૂ. ૭-૫૦.)

ચાચા નેહરુ કી કહાની: એસ. ડી. સાવન્ત્ અને એસ. ડી. બાદલકર દ્વારા બાળકો માટે તૈયાર કરવામાં આવેલ સમગ્ર નેહરુજીવનની આ ચિત્રમય ઝાંખી રસપ્રદ વાચન પૂરું પાડશે. (પાકું પૂઠું, પૃ. ૪૪૩, રૂ. ૩-૫૦.)

હીરો કે વ્યાપારી: બાળકોને રસ પડે તેવી રીતે 'ઇન્દ્રદેવ' દ્વારા લખાએલી સચિત્ર રહસ્યકથા. (કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૧-૫૦.)

આલ્હા-ઉદલ: પૃથ્વીરાજ ચૌહાણના સમયમાં થઈ ગએલા આલ્હા અને ઉદલ નામક બે ભાઈઓની વીરતાને પ્રગટ કરતી ચંદ્રશંકર મિશ્ર લિખિત આ કથા કિશોરોમાં વીર-

ત્વની ભાવનાને પોષક છે. એની સચિત્રતા અને રોચક શૈલી રસપ્રદતામાં ઉમેરો કરે છે. (કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૨-૭૫.)

તુલસીકા બ્યાહ: તુલસી વિવાહની પૌરાણિક કથાને નવીનતાથી રજૂ કરી તુલસીના છોડની ઉત્પત્તિની રોચક અને સચિત્ર કથા આ પુસ્તિકામાં મરાઠી લેખિકા દુર્ગા ભાગવતે કરી છે. એનો અનુવાદ શાંતિદેવીએ કર્યો છે. (કાચું પૂઠું, પૃ. ૩૩, રૂ. ૧-૫૦.)

બાલગોવિંદ પ્રકાશન

ગાંધી રોડ • અમદાવાદ-૧

દાંપત્યજીવનનું અનુકૂલન: દાંપત્યજીવનનું સુખ પરસ્પર અનુકૂલ થવામાં છે, અને એ અનુકૂલન દંપતી પાસે પરસ્પરને સમ્યક્ રીતે સમજવાની અપેક્ષા રાખે છે. દાંપત્યજીવનના આ અતિ મહત્ત્વના પ્રશ્નને કૌટુંબિક, સામાજિક, આર્થિક, રાજકીય એમ વિવિધ સંદર્ભમાં ડૉ. લીલાબેન શાહે આ પુસ્તકમાં છણ્યો છે.

અગિયાર પ્રકરણમાં વહેંચાએલા આ પુસ્તકમાં કુટુંબનું પ્રગટીકરણ, વર્તમાન કૌટુંબિક પરિસ્થિતિ, લગ્નના હેતુ, તેનાં સ્વરૂપો, લગ્નસાથીની પસંદગી, પ્રેમ ને કામવાસના, બાળકનું આગમન, સંઘર્ષ ને છૂટાછેડા, સફળ લગ્નનું વ્રત, દામ્પત્યજીવન અને અનુકૂલન જેવા મુદ્દાઓ પર વિશદ અને વિસ્તૃત ચર્ચા થએલી છે.

વિષયની છણાવટમાં લેખિકાએ પરિભાષાને પરહરીને સહજ ભાષાનો ઉપયોગ કર્યો છે તે સામાન્ય વાચક માટેની ખેવના જ સૂચવે છે. બહોળા પ્રમાણમાં એમણે કરેલો દૃષ્ટાંતોનો ઉપયોગ એમના વિચાર વિમર્શને પ્રતીતિકર બનાવવાની સાથોસાથ રોચક ને સચોટ બનાવે છે. સરળ અને પ્રાસાદિક નિરૂપણ વિષયની શાસ્ત્રીયતાને સહેજ પણ બાધક નીવડ્યું નથી.

આજે વ્યક્તિવાદનો યુગ વિકસી રહ્યો છે ત્યારે સ્ત્રી પણ સમાજમાં પોતાના વ્યક્તિત્વપ્રસ્થાપનની ઝંખના સેવે તે સ્વાભાવિક છે. આવા સંજોગોમાં પુરુષનો રૂઢિગત અહમ્ ઘવાય એવું પણ બને. પરિણામે પતિ-પત્ની વચ્ચે જાતજાતના સંઘર્ષો જન્મે. આ સંઘર્ષોને કેમ નિવારવા અને સંસારમાં સુખી કેમ થવું તે મુદ્દાઓને સ્પષ્ટતાથી સમજાવવા માટે લેખિકાએ લીધેલો પરિશ્રમ અહીં લેખે લાગ્યો છે. આથી જ આ પુસ્તક પ્રત્યેક યુવક-યુવતી અને પતિ-પત્નીએ અચૂક વાંચી જવા જેવું છે. ખાસ કરીને ભારતીય સંસ્કારપરંપરા અને પાશ્ચાત્ય સભ્યતાના નૂતન મિશ્રણવાળા બનતા જતા આજના આપણા સમાજમાં પતિ-પત્ની વચ્ચે કેમ અનુકૂલન થાય એ અગત્યનો પ્રશ્ન છે. એ દૃષ્ટિએ પણ આ પુસ્તકનું મૂલ્ય ઘણું છે. (પાકું

પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૭-૫૦.)

હેતની હેલી: કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં બુદ્ધિ, સાધના, ગુરુપદ, શિષ્યત્વ, યોગ આદિ જીવનોપયોગી ને જીવનોર્ધ્વગામી મુદ્દાઓ પર શ્રી વિમલા ઠકારે આપેલાં વ્યાખ્યાનો અને તે નિમિત્તે થએલી પ્રશ્નોત્તરીનો સરસ અનુવાદ શ્રી કિશનસિંહ ચાવડાએ આમાં કર્યો છે. જિજ્ઞાસુને પ્રેરક એવાં આ પ્રવચનો પ્રવચનકારના હૃદયની ગહેરાઈ ને સચ્ચાઈ તેમજ વિમર્શની સચોટતા અને સતર્કતાને લઈને ઉપયોગી વાચનપાથેય પૂરું પાડે છે. (કાચું પૂઠું, પૃ ૧૩૪, રૂ. ૩-૫૦.)

જીવનગંગોત્રી: કૅલિફૉર્નિયા (અમેરિકા)-માં જુદેજુદે સ્થળે આપેલાં પ્રવચનો ને પ્રશ્નોત્તરીના અંગ્રેજી ગ્રંથ 'વૉયેજ ઈન્ટુ વનસેલ્ફ'નો આ છે ગુજરાતી અનુવાદ. આજના મનુષ્યની સામે જે વિકટ પ્રશ્નો ઊભા થયા છે તે તરફ ધ્યાન દોરી, માનવમનની નિર્બળતા ગોચર કરાવી, પ્રવચનકારે પોતાનું માનવ-સમભાવી જીવનદર્શન અહીં રજૂ કર્યું છે. (લેખક-અનુ. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૩-૫૦.)

મનની ક્ષિતિજ: હોલૅન્ડની નિજમેજેન યુનિવર્સિટીમાં 'મન'ને કેન્દ્રમાં રાખી અપાએલાં માનસશાસ્ત્ર પરનાં બે પ્રવચનોનો આ છે રોચક ગુજરાતી અનુવાદ. (લેખક-અનુ. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧-૭૫.)

ધ્યાન: 'મેડીટેશન–અ વે ઑવ લાઈફ'નો આ અનુવાદ જીવનમાં ધ્યાનની મહત્તા શી છે અને જીવનોન્નતિમાં એ કઈ રીતે ઉપકારક છે તે ચર્ચે છે. (લેખક-અનુ. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૪, રૂ. ૧-૨૫.)

માનવભક્ષી માનવોના પ્રદેશમાં: જર્મન સાહસિક ડૅાન લિયોએ, તેના નોકર, કૂતરા અને અશ્વ સાથે બ્રાઝિલના વિષુવવૃત્તીય જંગલી પ્રદેશમાં ખેડેલાં સાહસોની રસપ્રદ અને કિશોરભોગ્ય નિરૂપણ કરતી આ સાહસકથા કિશોરોમાં સહજ એવાં પરાક્રમ અને સાહસને ઉત્તેજે તેવી છે. કિશોરોને આરંભથી જ નમાલા બનાવી દેતાં ઇતર વાચન કરતાં આવું સ્વચ્છ અને સાહસપૂર્ણ વાચન આજના તબક્કે ખૂબ જ આવકાર્ય છે. (લે. ઈશ્વરભાઈ પટેલ; કાચું પૂઠું, પૃ. ૬૩, રૂ. ૧-૫૦.)

અંબુભાઈ પુરાણી: ગુજરાતમાં વ્યાયામપ્રવૃત્તિઓનો આરંભ કરી તેને વિકસાવનાર ને અરવિંદ માર્ગના સાધક શ્રી અંબુભાઈ પુરાણીનું આ પ્રેરણાદાયી લઘુ ચરિત્ર કિશોરો, તરુણોને જીવનઘડતરમાં માર્ગદર્શક અને ઉપકારક થઈ પડે તેવું છે. (લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૧-૫૦.)

લોકશાહી: લોકશાહીના પ્રકારની રાજ્યપદ્ધતિનો ખયાલ આપતા આ પુસ્તકમાં દેશી-

---

રૂ. ૫૧ સ્વ. જમનાપ્રસાદ સ્મૃતિપારિતોષિક

આગામી વર્ષમાં ભૂગોળ વિષયક કોઇ ખાસ લેખ – દા. ત. ભૂગોળના સંશોધન કે કોઈ સંશોધનકારના જીવનને લગતા કે વિશિષ્ટ માહિતી આપતા લેખના લેખકને સ્વ.ના પુત્ર શ્રી નીતિન જે. મહેતા તરફથી અપાશે. રસ હોય તેમને ભાગ લેવા નિમંત્રણ છે.

વિદેશી તદ્વિદોનાં મંતવ્યોના સમ્યક્ ઉપયોગ સાથે તેની સરળ છણાવટ શ્રી મનુભાઈ પંચોળીએ કરી છે. (પાકું પૂઠું, પૃ. ૧૩૮, રૂ. ૩-૫૦)

કાવ્યાનંદ—૧, ૨, ૩: ખાસ કરીને ગ્રામશાળાના વિદ્યાર્થીઓનો કાવ્યાભિરુચિ કેળવાય અને તેઓ કાવ્યોનો રસાસ્વાદ લઈ શકે એ આશયથી તેમને પરિચિત વિષયો અને ભાવજગતને કેન્દ્રમાં રાખી લયાન્વિત રચનાઓના આ ત્રણ ભાગ પ્રાચીન–અર્વાચીન કવિઓની ચૂંટેલી કાવ્યકૃતિઓને રજૂ કરે છે. (સંપાદક ઉપર મુજબ; ત્રણેયનું કાચું પૂઠું; ભાગ–૧ પૃ. ૭૨, રૂ. ૧-૨૫; ભાગ-૨ પૃ. ૭૨, રૂ. ૧-૫૦; ભાગ-૩ પૃ. ૧૦૮, રૂ. ૨-૫૦.)

ગુજરાતી અધ્યાપનના સાંપ્રત પ્રવાહો: શાળા કક્ષાએ માતૃભાષાના શિક્ષણના પ્રશ્નો અવારનવાર ચર્ચાતા રહ્યા છે. લેખક કનૈયાલાલ જોશીએ ચર્ચેલા ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રશ્નો પ્રત્યેક શિક્ષકને ઉપકારક થાય તેવા હોઈ આ પુસ્તક ભાષાશિક્ષકનો ભોમિયો બની રહે તેવું છે. (કાચું પૂઠું, પૃ. ૩૮૪, રૂ. ૧૨-૫૦.)

સાહેબ મને સાંભળો તો ખરા!: માધ્યમિક ને કૉલેજ કક્ષાએ શિક્ષણકાર્ય કરતાં કરતાં વિદ્યાર્થીઓની મૂંઝવણોનો જે પરિચય થયો છે તેને મોહનલાલ પંચાલે આ પુસ્તકમાં સહાનુભૂતિ અને સમજથી રોચક રીતે રજૂ કર્યો છે. (પાકું પૂઠું, પૃ. ૧૭૯, રૂ. ૪-૫૦.)

મધુપ્રમેહમાં ફળાહાર: મધુપ્રમેહનું નામ પડતાં લોકો ફળથી ભડકે છે. પણ આ શાસ્ત્રીય પુસ્તિકામાં ડૉ. સી. જે. મોદીએ મહત્ત્વનાં ફળોમાં રહેલાં તત્ત્વોનું કોઠાઓ દ્વારા સ્પષ્ટીકરણ કરી, સામાન્ય માનવીને પણ ઉપયોગી થાય તેવી સરળ ભાષાશૈલીમાં ઉક્ત વિષયનું નિરૂપણ કર્યું છે. (કાચું પૂઠું, પૃ ૨૦, રૂ. ૧)

સમાજવિદ્યાનું શિક્ષણ: શાળાકક્ષાએ ઉપયોગી થએલ સમાજવિદ્યાના શિક્ષણના પ્રયોગોની ફલશ્રુતિ રૂપે તેની મહત્તા દર્શાવતા આ પુસ્તકમાં એ શિક્ષણની વિવિધ પદ્ધતિઓનું તેના મુખ્ય સંપાદક ડૉ. દોલતભાઈ દેસાઇએ પ્રયોગસિદ્ધ નિરૂપણ કર્યું છે. (કાચું પૂઠું; પૃ. ૧૯૨; રૂ. ૭-૫૦)

કલાયાત્રી

નિર્મળાબહેન શાહ

કલકત્તા જેટલે દૂર કલાસાધના કરતાં એક ગુજરાતી કલાકાર નિર્મળાબહેન શાહનું નામ



અહીં આપણા પ્રાંતમાં કદાચ અલ્પપરિચિત જેવું ભલે હોય, પણ છેક ઈ. ૧૯૫૮થી તેઓ વિવિધ પ્રદર્શનોમાં જુદાંજુદાં કલામાધ્યમોમાં સર્જેલી પોતાની કૃતિઓ અવારનવાર પ્રદર્શિત કરતાં રહ્યાં હોઈ કલકત્તાના કલાવર્તુલમાં તેઓ અજાણ્યુ નથી. કૉલેજમાં ઈન્ટર આર્ટ્સની સાથે સાથે ત્યાંની સરકારી કલાશાળામાં પણ ૧૯-૫૩ થી '૫૮ દરમિયાન કલાભ્યાસ કર્યો અને તે પછી કલકત્તાના ખ્યાત ચિત્રકાર શ્રી દિલીપ દાસગુપ્તના સ્ટૂડિયોમાં પાંચેક વર્ષ વિવિધ કલામાધ્યમોની પ્રત્યક્ષ તાલીમ લીધી.

ઈ. ૧૯૫૮માં એમણે પોતાનાં ચિત્રો પહેલી વાર પ્રદર્શિત કર્યાં. ૧૯૫૮–'૫૯માં દિલ્હીની લલિતકલા અકાદમીના પ્રદર્શનમાં એમનાં ચિત્રો મુકાએલાં. ૧૯૬૧માં કલકત્તા સાહિત્ય પરિષદમાં પણ પોતાની કૃતિઓ રજૂ કરી. આ જ વર્ષમાં એમણે 'કુલુ અને કાંગડા' ખીણનાં ચિત્રો પણ પ્રદર્શિત કરેલાં. ત્યાર બાદ ૧૯૬૩, '૬૪ અને '૬૫નાં વર્ષોમાં કલકત્તા ગુજરાતી સમાજે એમની કૃતિઓ પ્રદર્શિત કરેલી. ઈ. ૧૯૬૭માં એમણે પોતાનાં 'બાટિક' પ્રદર્શિત કર્યાં. તે પછી ૧૯૬૮માં કલકત્તાના સાહિત્ય મંડળે યોજેલા ગુજરાતી કલાકારોની કૃતિઓના પ્રદર્શનમાં પણ એમણે ભાગ લીધેલો. ૧૯૬૦, '૬૧ અને '૬૯માં એમણે દિલ્હી અને કલકત્તામાં વૈયક્તિક પ્રદર્શનો પણ કરેલાં.



મસૂદ (બાટિક)

વૉટરકલર, ઑઈલકલર, પેસ્ટલ, બાટિક, વૂડકટ, ડ્રાઇ પૉઈન્ટ, ઍકવા ટિન્ટ વગેરે વિવિધ માધ્યમોમાં એમને જે ફાવટ છે તેની દ્યોતક કેટલીક કૃતિઓ આ સાથે રજૂ કરી છે. આ ઉપરાંત, એમને લેધર-બાટિક, ડિઝાઇનિંગ ને પુષ્પસંયોજનમાં પણ ઊંડો રસ છે. અને હાલમાં તેઓ જાપાનની 'કિરી-ચે'ની રીતે વિવિધ ભાતપોતવાળા કાગળ કાપી-ચોડીને બનાવાતાં ચિત્રો પર હાથ અજમાવી રહ્યાં છે. □



રસોઈ (ઍકવા ટિન્ટ)



સીમાડાનાં ઘર (ડ્રાઇ પૉઈન્ટ)





▷ હોડીઓ

△અરણ્ય-આવાસ
વિવિધ રંગમાધ્યમમાં કરેલાં બે દશ્યચિત્રો. ચિત્રકાર : નિર્મળાબહેન

બાલચિત્રકાર બેલા






આ વર્ષના બાલદિનનિમિત્તની ખાસ ટપાલ-ટિકિટ પર ઉત્તર ગુજરાતના પાલનપુરની છ (હાલ સાત) વર્ષની વયની એક બાળાના ચિત્રની પસંદગી થયાની તો છાપાંઓ દ્વારા ઘણાંને જાણ છે. બેલા એનું નામ. જન્મ : તા. ૪ સપ્ટેમ્બર ૧૯૬૬. પિતા શ્રી રમણિક રાવલ પાલનપુરના 'વિદ્યામંદિર'ની હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક હોઈ બેલા ત્રણ વર્ષની હતી ત્યારથી ચીતરવા લાગેલી, અને હજી યે કોઈ સાધન હાથવગું ન હોય ત્યારે હવામાં આંગળી ફેરવીને યે કંઈને કંઈ આકારો સરજવાની એને ટેવ છે. મોટે ભાગે એ પેસ્ટલ (રંગીન ચાક)થી ચીતરે છે. જલરંગ પર પણ સારો કાબૂ છે. ક્યારેક પેસ્ટલથી આઉટ લાઈન કરી તેમાં જલરંગ પૂરીને પણ એ ચિત્રો કરે છે. પુષ્પો પ્રત્યે અનુરાગ હોઈ એને બાગમાં ફરવાનું ઘણું ગમે છે.

જે વિદ્યામંદિરમાં હાલ એ બીજા ધોરણમાં અભ્યાસ કરે છે ત્યાંના વિદ્યાર્થીઓએ કલાના ક્ષેત્રમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ પ્રથમ આવીને ઈનામો મેળવ્યાં છે. ત્યાંનો જ એક વિદ્યાર્થી સોવિયેટ લૅન્ડ નેહરુ ઍવૉર્ડ મેળવીને રશિયા પણ જઈ આવ્યો છે. ટૂંકમાં ઉત્તર ગુજરાતને એક છેડે આવેલા આ વિદ્યામંદિરે પોતાને ત્યાં કલા અંગે ઘણું સારું વાતાવરણ સર્જ્યું છે. બહારના કલાકારોને આમંત્રીને ને દેશવિદેશની શાળાઓ સાથે ચિત્રવિનિમય કરીને શાળાને કલાના વાતાવરણથી મઘમઘતી રાખી છે. અને એનું સુફળ ત્યાંના વિદ્યાર્થીઓની કલાજાગૃતિમાં જોવા મળ્યું છે.


આ અગાઉ પણ બેલા 'શંકર'ની આંતરરાષ્ટ્રીય બાલચિત્ર સ્પર્ધામાં ઈ. ૧૯૭૦-'૭૧ ને '૭૨માં ઉપરાઉપરી ઈનામો જીતી ગઈ છે. બાલદિનની ટિકિટ (ઉપર) પરનું ચિત્ર પણ આ સ્પર્ધામાં પુરસ્કૃત થએલી એની એક મૂળ ૫' × ૧½'ના કદની ચિત્રકૃતિ (નીચે)નો અમુક ભાગ છે. આ 'ઑન ધી સ્પૉટ' (સ્થળ પર થતી સદ્ય) સ્પર્ધામાં લગભગ દસ હજાર બાળકો ભાગ લે છે. તેમાંથી બેલાની કૃતિ પુરસ્કાર પામે અને દેશની ટપાલટિકિટ પર પણ સ્થાન પામે એ ખરેખર અભિનંદનીય છે. ઇ. ૧૯૭૨માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી યોજિત ૧૩મા રાજ્ય કલાપ્રદર્શનના બાલ વિભાગમાં પણ બેલાને ઈનામ મળ્યું હતું. આટલી નાની વયથી જ આવી ઉજ્જ્વળ કલાકારકિર્દી આરંભવા બદલ અભિનંદન.


—ડાહ્યાલાલ સી. પરમાર




મારી ચિત્રસૃષ્ટિ

પોતાના અપૂર્વ ભાવના બળે ગુજરાતના નવનિર્માણ કાળે આ સદીની શરૂઆતમાં સૂના પડેલા કલાક્ષેત્રમાં પ્રાણસંચાર કરી ગુજરાતમાં કલાની અસ્મિતા પ્રકટાવનાર, અને તેના અનુસંધાનમાં એક બહોળું શિષ્યમંડળ પ્રકટાવીને ગુજરાતના અનેક નામી ચિત્રકારોની કલાશક્તિને તાલીમ આપીને અને પોતાની તેમજ તેમની આગવી કલાદૃષ્ટિનો પરિચય આપતી કલાકૃતિઓ સરજાવીને તથા 'કુમાર' જેવા અગ્રગણ્ય માસિકની સ્થાપના કરી તેમાં કલાવિષયક વિવિધ લેખો-ચિત્રો દ્વારા કલા પ્રત્યેની સભાનતા જાગ્રત કરવાને પરિણામે યોગ્ય રીતે જ 'કલાગુરુ'નું પદ પામનાર શ્રી રવિશંકર રાવળથી હવે કોઈ અજાણ નથી. ગુજરાતમાં આજે જે કંઈ કલાનો વિકાસ દૃષ્ટિગોચર થાય છે તેને માટેની આદિ ભૂમિકા તૈયાર કરવાનો યશ એમને જ છે એ નિર્વિવાદ હકીકત છે. આજના સંદર્ભમાં એમનાં ચિત્રોને







સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે 'કુમાર'ના નામાક્ષરોમાં ગોઠવેલા જાદુઈ અંકચોરસ

કિશોર ન. ગોરધનદાસ

આ વર્ષે એ 'કુમાર'નું ૫૦મું એટલે કે સુવર્ણજયંતી વર્ષ છે, અને ડિસેમ્બરનો આ અંક એ ૫૦મા વર્ષનો ૧૨મો અંક છે. સાથેની આકૃતિમાંના 'કુમાર'માંના 'કુ'ના 'ક' ઉપરનો અને એના હ્રસ્વ વરડુ પરનો એમ બે અંકચોરસો અનુક્રમે 'કુમાર'નાં ૫૦ વર્ષ અને ૧૨મો અંક જાદુઈ આંકડાઓમાં સૂચવે છે. ઉપરાંત ચાલુ વર્ષ એ ઈ. ૧૯૭૩નું વર્ષ છે ને આ અંક એ 'કુમાર'નો સળંગ અંક ૬૦૦મો છે. આકૃતિના 'મા'નો ચોરસ અને 'ર'નો ઘન અનુક્રમે (ઈ. સ.) ૧૯૭૩નું વર્ષ અને ૬૦૦મો સળંગ અંક આંકડાઓમાં બતાવે છે. આ ચારે ય સર્વતોભદ્ર આકૃતિઓની ખૂબીઓ હવે જોઈએ.

(૧) 'ક' ઉપરના ૫×૫ ખાનાંના જાદુઈ અંકચોરસની દરેક આડી, ઊભી અને તિરકસ હારનો સરવાળો બાદબાકી અને પછી ગુણાકાર કરવાથી ૫૦ આવે છે. એ ઉપરાંત ૪ જુદીજુદી કિસમથી દર્શાવેલાં ચોકઠાં-ના આંકડાઓ, તેમ જ બબ્બે કિસમની લીટીઓની વચ્ચે દર્શાવેલા ચારચાર આંકડાઓ વધતાં મધ્યસ્થ આંકડો-૯ એમ દર પાંચ આંકડા-ઓના સરવાળો લેતાં પણ જાદુઈ સરવાળો ૫૦ થશે. –૯થી +૧૧ સુધીના આંકડાઓ વત્તા + અને બાદ – ની નિશાનીઓ સાથે લેવામાં આવ્યા છે. જોકે આમાં દરેક આંકડાનો ઉપયોગ નથી થયો. દા. ત. $-૮-૨+૫+૧૧\times ૮\frac{1}{3} = -૧૦+૧૬\times ૨\frac{5}{3} = ૫૦$.

(૨) હ્રસ્વ વરડુ પરના ચોરસમાં ૧ થી ૯ સુધીના બધા જ આંકડા-ઓ એક જ વખત વપરાયા છે ને ૧ ને મધ્યવર્તી આંકડા તરીકે ઉમેરીને બધી રેખાઓનો સરવાળો કરતાં ૧૨ આવે છે. દા. ત. ૩+૧+૮=૧૨.

(૩) 'મ' ઉપરનો ૭×૭ ખાનાંવાળો જાદુઈ ચોરસ પણ નીચેની દૃષ્ટિએ જાદુઈ ગણી શકાય. આ ચોરસમાં ૬૪૩થી ૬૯૧ સુધીના સળંગ ૪૯ આંકડાઓ વપરાયા છે, અને એમાંની કોઈ પણ ઊભી, આડી કે તિરકસ હારમાંનાં ઘેરી લીટીવાળાં બે ખાનાંનો સરવાળો તે જ લીટીનાં બાકીનાં પાંચ ખાનાંના આંકડાઓના સરવાળામાંથી બાદ કરતાં જે જવાબ આવશે તે જાદુઈ વર્ષ ૧૯૭૩ હશે.

દા. ત. [૬૮૨+૬૭૪+૬૬૬+૬૫૦+૬૪૯]=૩૩૨૧

–[૬૬૨+૬૮૬]=૧૩૪૮ –૧૩૪૮=૧૯૭૩

(૪) 'ર' ઉપરના ૩×૩ ખાનાંવાળા ત્રણ પાસાં દર્શાવતા ઘન–CUBE માં દરેક પાસાની ઊભી, આડી કે તિરકસ હારમાંના આંકડાઓનો સરવાળો ૬૦૦ થાય છે. આમાં ૧૮૭થી ૨૧૩ સુધીના ૨૭ આંકડા વપરાયા છે. આમાં બે અપવાદ છે. ઘનમાંની સામેની ને બાજુની ચોરસ આકૃતિ-ઓમાં દરેકની એકેક તિરકસ હારના આંકડાનો સરવાળો ૬૦૦ નથી થતો પરંતુ આ બંને તિરકસ હારના આંકડાઓના સરવાળાનો સરવાળો [૨૧૨+૨૦૯+૨૦૬] + [૧૯૪+૧૯૧+૧૮૮] ૧૨૦૦=૨×૬૦૦ થાય છે.

આ ઉપરાંત ઘનમાંના દરેક ૩×૩ ચોરસમાંના ત્રણ મધ્યસ્થ આં-કડાઓનો સરવાળો ૬૦૦ આવશે અને બેવડી લીટીથી દર્શાવેલા ૩ ખાનાં-વાળા ચોકઠાના આંકડાના સરવાળામાં દરેક ચોરસના એકદમ ખૂણા પરના ત્રણેય આંકડાઓનો સરવાળો (બેવડી લીટીથી દર્શાવેલાં ૩ ખાનાં) ઉમેર-તાં ૨×૬૦૦=૧૨૦૦ થશે. વળી થોડી વધુ ગમ્મતભરી ખૂબીઓ થોડા ઊંડે ઊતરવાથી અત્રે જોવા મળશે. દા. ત. ૧૯૪+૨૦૭+૧૯૯=૬૦૦

ભલે ગમે તે કક્ષામાં મૂકવાની ચેસ્ટા કરવામાં આવે, પણ પશ્ચિમની કલાકૃતિઓની નરી નકલ જેવા એક કાળનાં ચિત્રાલેખનોને સ્થાને એમણે એતદ્દેશીય તત્ત્વોની પુનઃસ્થાપના કરી-કરાવીને સ્વકીય કલાના ગૌરવ પ્રતિ જે સજગતા ચે-તાવી છે એ જેવીતેવી દેણગી નથી. પોતાનાં ચિત્રો દ્વારા એમણે, આજના ઝડપથી પલટાતા જતા જમાનામાં વિલાઈ જતાં ગુજરાતનાં સાંસ્કૃતિક તત્ત્વોને રજૂ કરીને એ યુગના કે દૂરના ભૂતકાળના ગૌરવને અંકિત કરી સાચવી લીધું છે. કલાના ઇતિહાસમાં આજે છે એ કરતાં યે કદાચ ઘણું વધુ એનું મૂલ્ય હવે પછી આપણને જણાશે.

અનેકવિધ જવાબદારીઓ તથા દમ જેવા કષ્ટદાયક વ્યાધિની સાથે પણ એમણે જે કંઈ ચિત્રસર્જન કર્યું તેમાં ઈ. ૧૯૨૦થી '૫૦ સુધીનો સમયગાળો મુખ્ય છે. એ દરમિયાનનાં એમનાં લગભગ બધાં સર્જનો અવારનવાર આપણી સમક્ષ રજૂ થતાં રહી પરિચિત બની ગયાં છે, પણ એની એક સામટી રજૂઆત કદાચ હજી સુધી થઈ નહોતી. (અનુ. પૃ. ૫૨૦)



إن القضا بالأمر لا يرد وما — تسهب ذي الهم إلا الهم والألم
إن تقض عمرك مهموم الفؤاد فلن — تزيد شيئا على ما خطه القلم

إن تك من حنطة رغيفا — وكوز خمر ولحن شاو
وكان الفي مع بقفر — فقت بذا جنة الولاة

إذا ما جاءنا رمضان يلقى — به العبد الثقيل على جبانا
فما غفل الى الناس حتى — يجالوا أن شوالا أتانا

ઈન્નલ કઝા અલ અમરુન લા યુરદ્દો વમા
નસીબો ઝિલ હિમ્મિ ઇલ્લસ્સુકમુ વલઅલમુ
ઇન તક઼ ઝિ ઉમ્રલ મહમૂમલ ફુવાદિ ફલન
તઝીદા શયઅન અલા મા ખત્તહુલ કલમુ.

ગમ ચંદ ખૂરી બ કારે નામદએ ખ્વેશ
રંજ અસ્ત નસીબે મરદુમે દૂર અંદેશ
ખુશબાશ વ જહાઁ તંગ મ કુન બર દિલે ખ્વેશ
કઝ ખુર્દને ગમ કઝા ન ગરદદ કમો બેશ.

કાલ્પનિક ગમમાં પ્રિયે! સો આપદાનાં મૂળ પેખ,
કાલની ચિંતામાં તારી આજને તું ના ઉવેખ,
ચાર દિનની જિંદગી છે કર વ્યતીત આનંદથી,
ભાગ્ય કેરા લેખમાં ના થઈ શકે છે મીનમેખ.

ઈન નિલતો મિન હિનતતિન રગીફન
વ કુઝ ખમરિન વ ફખ્ઝ શાતી
વ કાન ઇલ્ફી મઈ બિકફરીન
ફુકતો બિઝા ઈશતલ વુલાતી.

ગર દસ્ત દિહદ ઝ મગ્ઝે ગન્દુમ નાને
વઝ મય કદૂઈ ઝ ગોસ્ફન્દ રાને
બા માહ રુખે નિશસ્તા દર વીરાને
એશે બુવદ આઁ ન હદે હર સુલ્તાને.

એક રોટી ઘઉંની, એક શીશામાં અંગૂરી અસલ,
શાંત નિર્જનમાં પ્રિયા ગાતી હો વીણા પર ગઝલ,
ભલભલા સમ્રાટને જે સ્વપ્નમાં પણ ના મળે,
ભોગવું છું વાસ્તવમાં એશ હું એવો વિરલ.

ઈઝા માજાઅના રમઝાનુ યુલ્કા
બિ હિલ કયદુસ્સકીલુ અલા હિજાના
ફ અગ ફિલ યા ઈલાહિન્નાસ હત્તા
યખાલૂ અન્ન શવ્વાલન અતાના.

માહે રમઝાં ચુનાઁ કિ ઈમસાલ આમદ
બર પાયે ખિરદ બન્દે ગિરાં હાલ આમદ
અય બારે ખુદા ખલ્કરા ગાફિલ સાઝ!
ચંદાઁ કિ ગુમાં કુનન્દ કિ શવ્વાલ આમદ.

આ વરસ રમઝાન મહિનો છે ખરેખર આકરો,
બુદ્ધિના પગમાં પડી છે ખૂબ વજની બેડીઓ,
એટલું ગાફિલ કરી દે આ જગતને ઓ ખુદા,
થાય સૌને એમ કે શવ્વાલ ખુદ આવી ગયો.

ટપાલની ટિકિટ પર 'ઉમર ખય્યામ'ની રુબાઇઆત · પ્રેષક: સદાનંદ વસંત જોષી અમદાવાદ

મૂળ ફારસી ઉપરથી ગુજરાતી અનુવાદ: 'શૂન્ય' પાલનપુરી

ટપાલની ટિકિટો પર ચિત્ર, શિલ્પ આદિ વિવિધ લલિતકલાઓને સ્થાન મળતું રહ્યું છે અને અમે એવી ટિકિટો અવારનવાર—એકાદ બે વાર તો શતક અંકોમાં—પ્રકટ કરતા રહ્યા છીએ; પણ



أصبحت بعد بنيهم حاكريا   كم سرت طفلا لتحصيل العلوم وكم
أني بدئت ترابا ثم عدت هبا   فاسمع ختام حديثي ما المنتسب

કમ સિરત તિફલન લિ તહસીલિલ ઊલૂમિ વકમ
અસ્બ હતુ બઅદૂ બિ તદરીસી લહા તરેબા
ફસ્મએ ખિતામ હઝીસી મા બલગતુ સિવા
અન્ની બદિઅતો તુરાબન સુમ્મ ઉદતુ હબા.

યકચંદ બ કૂદકી બ ઉસ્તાદ શુદીમ
યકચંદ બ ઉસ્તાદીએ ખુદ શાદ શુદીમ
પાયાને સુખન શનવ કિ મારા ચે રસીદ?
અઝ ખાક બર આમદીમ વ બરબાદ શુદીમ

બાળવયથી જ્ઞાન લઈને થઈ ગયો ઉસ્તાદ હું.
ખુશ થઈ દેતો રહ્યો નિજ વિદ્વતાને દાદ હું,
પણ આ છેલ્લી વાત સુણ કે શું થયું હાંસલ મને?
ખાકથી આવ્યો અને છું ખાકમાં બરબાદ હું.

ثم فاغنم لحظة الهنا والبشر   ما استرح ما بينهم ركب العمر
والليل سيقضي فجئ بالخمر   دع همّ غد لمن يهتمون به

મા અસરઅ મા યસીરુ રકબુલ ઉમ્રે
કુમ ફ અગનમ લહઝતલ હના વલ બિશરે
દ અ હમ્મ ગદિન લિમન યહિમ્મૂન બિહિ
વલ્લયલુ સયય કઝી ફજિઅ બિલ ખમરે.

ઈ કાફલએ ઉમ્ર અજબ મી ગુઝરદ
દરયાબ દમી કિ બાતરબ મી ગુઝરદ
સાકી ગમે ફરદાય હરીફાં ચે ખૂરી
પેશ આર પિયાલઈ કિ શબ મી ગુઝરદ

જઈ રહ્યો છે કાફલો આયુષ્યનો અટકયા વગર,
કાલ જે થાવું હશે થાશે ન કર એની ફિકર;
જે ઘડી વીતે ખુશીમાં એ ઘડીને ધન્ય ગણ,
રાત પૂરી થઈ રહી છે; આવ સાકી, જામ ભર.

تدعو ولم تفتح بنطق فاها   شاهدت ألفى جرة في معمل
صنع الجرار وباعها وشراها   فإذا بإحداها تنادي أين من

શાહદતુ અલફય જર્રતિન ફી મઅ મલિન
તદઊ વલમ તફતહ બિ નુતકિન ફાહા
ફઈ ઝા બિ ઇહદાહા તુનાદી અયન મન
સન્અલ જિરાર વ બા અહા વ શરાહા.

દરકારગહે કૂઝાગરે બૂદમ દોશ
દીદમ દૂ હઝાર કૂઝા ગોયા વ ખામોશ
હર યક બ ઝુબાને હાલ બા મન મી ગુફત
કૂ કુઝાગરો, કૂઝાખરો, કૂઝાફરોશ?

કાલ કૂજાની ખરીદીનો મને આવ્યો વિચાર,
હાટમાં બે ચારને માર્યા ટકોરા મેં લગાર;
એક બોલ્યું: 'પારખી લે ભાઇ, કે આ ઢગ મહીં
કોઈ વેપારી, કોઈ ગ્રાહક તો કોઈ છે કુંભાર'.

આ સુવર્ણજયંતી અંક પ્રસંગે જેના ઉપર કવિતા અને ચિત્ર એમ બે કલાઓ નિરૂપાએલી છે એવી ટિકિટો રજૂ કરીએ છીએ. એ વિષય છે જાણીતા ઈરાની કવિ ઉમર ખય્યામની જગજાણીતી કેટલીક ચુનંદી રૂબાઈઓનો. ઈરાની અખાત પરના દુબાઈ રાજ્યે ઈ. ૧૯૬૭માં પૂર્ણ રંગમાં બહાર પાડેલો ૬ ટિકિટોનો એ આખો સેટ આ બે પાનાં ઉપર રજૂ કર્યો છે. તેની દરેકની નીચે શરૂમ તે તે રૂબાઈનો અરબી લિપિમાં અનુવાદ, તેની નીચે ગુજરાતી અક્ષરોમાં તેનું ઉચ્ચારણ, તેની નીચે ફારસી ભાષામાં ખય્યામની અસલ રૂબાઈ ગુજરાતી લિપિમાં ને છેવટે ગુજરાતી અનુવાદ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

દૃશ્યચિત્રો, ગામની શેરી, બાળકો અને વૃદ્ધાવસ્થાના ચિત્રવિષય પછી આ વખતે પક્ષી-પ્રાણીનાં ચિત્રોની સંખ્યા અગાઉની સરખામણીમાં મોટી રહી, અને એકંદર એની કક્ષા પણ સારી છે. આ સાથે આપેલાં ઈનામપાત્ર ચિત્રો ઉપરાંત નોંધપાત્ર ચિત્રો પણ સારી સંખ્યામાં મળ્યાં. (સ્થળસંકોચને કારણે તે અહીં આપી નથી શકાયાં પણ સાથેની નોંધ પરથી કેટલાંક ઉપયોગી સૂચનો મળી શકશે.) એમાંનું સી. વી. મરચંટ (અમદાવાદ)નું મોરનું ચિત્ર સુંદર છે પણ તેનો પ્રિન્ટ ડેવેલપિંગની ખામીને કારણે પીળો પડી જવાથી ઉઠાવ માર્યો જાય છે. આ ચિત્ર અગાઉ અન્યત્ર પણ મોકલાએલું જણાય છે. સામાન્યતઃ પહેલી જ વાર રજૂ થતું ચિત્ર વધુ આવકાર્ય લેખાય.

પક્ષી-પ્રાણીની ફોટોગ્રાફીમાં કેટલાક મુદ્દાઓ લક્ષમાં રાખવા ખાસ જરૂરી છે. રંગીન ચિત્રમાં તો રંગભેદને કારણે પંખી કે પ્રાણી પશ્ચાદ્‌ભૂથી અલગ તરી આવે, પણ એકરંગી ફોટોગ્રાફીમાં એવું બનવું મુશ્કેલ છે. નરી આંખે પોતાની વિવિધ વર્ણછાયાને કારણે આકર્ષક લાગતું પાત્ર જો યોગ્ય છાયાભેદ–ટોન ન જળવાય તો પણ આવું બને. જામનગરના કુ. કે. બી. વરિયાની બકરી ને બોરીવલીના રાજેન વકીલના મૃગના ચિત્રમાં આવો જ દોષ છે. એક કરતાં વધુ પાત્ર હોય ત્યારે એમના જૂથનું યોગ્ય સંયોજન તથા તેમના પરની તેજછાયાની અસર પણ લક્ષમાં રાખવી જોઈએ. રમણિક જાની (મોરબી)ની ગાય-વાછડી, પંકજ કુમાર (ઘાટકોપર)નાં ગલુડિયાં અને સી. કે. ઠાકર (સાધસીસા-કચ્છ)ની બિલાડીઓ આ કારણે જ એકબીજા સાથે ભળી જાય છે. ચંદ્રકાન્ત પંચાલ (અમદાવાદ)ની બતકો પણ સહેજ ડાબી બાજુ ખસીને લેવાઈ હોત તો ધોળાં ધાબાં જેવી ન દેખાત. બાબુલાલ દરજી (મોડાસા)ના ઝેબ્રાના ચિત્રમાં તો બંને પ્રાણીનાં શરીર પરના પટ્ટા કાળા સાથે કાળા ને ધોળા સાથે ધોળા ભળીને એકરૂપ જ બની ગયાં છે.

સામાન્ય રીતે પક્ષી કે પ્રાણી ઊંઘતાં ન હોય તો કંઈ ને કંઈ હલચલ કરતાં જ રહે છે એટલે એમનું ચિત્ર લેતી વેળા એક્સ્પોઝરની ઝડપ નક્કી કરવામાં અને બરાબર યોગ્ય પળે જ ચાંપ દાબવામાં ચાતુરી રાખવી પડે. વાંસદાના શ્રી દિગ્વીરેન્દ્રસિંહ સોલંકીનું કાળિયારનું ચિત્ર કદાચ 'પૅનિંગ' કરીને યા ચાલતા વાહનમાંથી ઝડપ્યું લાગે છે. આમાં દોડતા કાળિયારના વેગ સાથે એક્સ્પોઝરનો મેળ નહિ બેસવાથી તેની આકૃતિ વધુ પડતી અસ્પષ્ટ અને અસુંદર બની ગઇ છે, તો રમણિકલાલ શાહ (માંડવી) અને વસંત સંઘવી (માંડવી)નાં ઊડતાં પંખી વધુ ઝડપી એક્સ્પોઝરને કારણે જડ જેવાં બની ગયાં છે. મહેન્દ્ર શેઠ (જામનગર)નો હાથી વધુપડતી ઘેરી છાયાને લીધે વિગતો ગુમાવી બેઠો છે. ગતિમાન પાત્રની ગતિનો ખયાલ આવવો પણ ચિત્રમાં જરૂરી છે. વળી, આવે વખતે એમની અંગસ્થિતિ પણ ચિત્રસંયોજનને પૂરક બની રહે તેવી નયનરંજક હોવી જોઇએ. ઊડતાં પંખીની ફેલાએલી પાંખ, કે પ્રાણીઓના આગળ પાછળ ખેંચાએલા પગ ક્યારેક ચિત્રમાં એને વરવું બનાવી દે છે. આવો જ ખયાલ રાખવાનો છે ચિત્રમાં પાત્રના સ્થાનનો. સમગ્ર ચિત્રસંયોજનમાં એ યોગ્ય સ્થાને જ હોવું ઘટે. મેંદરડાના એન. બી. પડિયાના સિંહબાળના ચિત્રમાં એ જો વધુ પડતું નીચે ન હોત તો તે સારી અસર પાડી શકત.

ધ્યાનમાં રાખવા જેવો બીજો એક મુદ્દો એ છે કે જેનું ચિત્ર હોય તે પંખી કે પ્રાણીની લાક્ષણિકતા તેમાં વ્યક્ત થવી જ જોઈએ. ઘણી વાર અમુક અંગસ્થિતિમાં એ બહુ વિચિત્ર દેખાય છે. ફોટોચિત્રની કલાત્મક સંયોજનાને ભોગે એ વિચિત્રતાને લાક્ષણિકતા ગણવાની ભૂલ ચિત્રને પાછું પાડી દે છે. પણ પક્ષીપ્રાણીનાં ફોટોચિત્રમાં ખાસ ખયાલમાં રાખવાની છે એમની આંખો. એ આંખની ચમક જ ચિત્રમાં ભાવ અને સજીવતા આરોપે છે, અન્યથા એ જડ રમકડાં જેવાં જ લાગે. કેટલીક વાર વધુકા પ્રકાશથી કે ફ્લૅશના ઝબકારથી એમની આંખો સંકોચાઈ જાય છે, ખાસ કરીને બિલાડીની આંખો; પરિણામે એ કેવળ ચળકતી લખોટી જેવી જ લાગે. વડાલના ભૂપેન્દ્ર ઈસરાનીના બિલાડીના ચિત્રમાં આવું જ થયું છે. જ્યારે મુંબાઇના શરદ કાંબળીના કૂતરાની આંખ કાળા ડાઘ જેવી બની ચહેરામાં ભળી જાય છે. નામી ફોટોકલાકારોની કૃતિઓ તથા પક્ષીપ્રાણીવિષયક પુસ્તકોમાંના ચિત્રોના અભ્યાસથી અને જાત અનુભવે આ મુદ્દાઓ સમજી શકાશે. —લેફ. ક. બલવન્ત ભટ્ટ



પ્રથમ ઈનામ: બંકિમ એચ. વિસનજી (મુંબઈ-૧)



બીજું ઈનામ: વસંત સી. સંઘવી (માંડવી–કચ્છ)




ત્રીજું ઈનામ: રમણિકલાલ કે. શાહ (માંડવી-કચ્છ)

[વાર્ષિક પરિણામ તથા આગામી વિષય માટે જુઓ પૃ. ૫૪૨]

શતરંજનો પચાસ ચાલનો કોયડો

આ ૯૦૦મા અંક સાથે 'કુમાર'ને ૫૦ વર્ષ પૂરાં થાય છે. આ પ્રસંગે આપણે ૫૦ ચાલવાળો શતરંજનો એક સુંદર કોયડો જોઇએ. આ કોયડો ૧૮મી સદીમાં તિરૂપતિના પંડિત તિરૂવેન્કટાચાર્ય શાસ્ત્રીએ રચ્યો હતો. તેમણે તેનો પૂરો ઉકેલ આપવાને બદલે થોડાં સૂચનો જ આપ્યાં હતાં. 'બ્રિટિશ ચેસ મૅગેઝિન'માં એક વખતના પ્રૉબ્લેમ એડિટર ટી. આર. ડૉસને ઈ. ૧૯૨૯-'૩૦માં તેનો એક ઉકેલ પ્રસિદ્ધ કર્યો હતો, જેમાં સફેદ ૯૦ ચાલમાં મ્હાત કરે છે. ફરી ૧૯૪૩માં તેમણે આ જ કોયડો ૫૦ ચાલમાં ઉકેલ્યો હતો, જે અત્યાર સુધી ટૂંકામાં ટૂંકો ઉકેલ છે.



આ કોયડાની શરતો છે:

૧) સફેદે રમવાનું ને ૫૦ ચાલમાં કાળાને KNPથી પ્યાદમ્હાત કરવાનું.

૨) કાળાનું કોઈ પ્યાદું ચાલવા ન દેવું કે તેને મારવું નહિ.

૩) સફેદે KR4 પર વજીર રમવો નહિ.

કોયડાનો સૌથી અગત્યનો મુદ્દો એ છે કે KN3 પરનું સફેદ પ્યાદું KN4 પર જાય ત્યારે બે કાળાં પ્યાદાંમાંથી કોઈ તેને ન મારે તે માટે પ્યાદાની ચાલ સાથે ઊડતી શેહ આવવી જરૂરી છે. વળી, KR4 પર વજીર ન રમવાની શરત છે તેથી તે જગ્યાએ ઊંટ અને KB7 કે K8 પર કાળો રાજા હોય તો જ P–KN4થી ઊડતી શેહ આવે. આથી એટલું સમજી શકાશે કે QB2 પરના પ્યાદાને આઠમી હરોળે પહોંચાડવાની જરૂર છે. પણ જો તે પ્યાદું QB8 પર પહોંચે અને તેને બદલે ઊંટ લઇએ તો તે સફેદ ખાના પર આવે અને તેથી KR4 પર આવી ન શકે. માટે તે પ્યાદાથી કાળા ઊંટને મારીને તેની પંક્તિ બદલાવવાની જરૂર છે. હવે ઉકેલ જોઈએ:

1 Q–B6, B–N1; 2 Q–Q6ch. K–N2; 3 K–Q8 dis. ch., B–B2; 4 Q–R6ch., K–N1; 5 R–N1ch., B–N6; 6 Q–B4. (અહીં તરત જ 6 P×B રમે તો Stalemate થાય છે.)

6..., K–R1; 7 P×B, K–N1; 8 P-QN4, K–R1; 9 P–N5, K–N1; 10 P–N6, K–R1; 11 Q–Q5ch, K–N1; 12P–N7, K–R2; 13 P–N8(=B) dbl. ch., K–R3; 14 R–QB1, K–N3; 15 B–Q6, K–R3; 16 RC1)–B7, K–N3; 17 B–B8, K–R3; 18 R–N6! (કાળાના QB3 પરના પ્યાદાને અણઊઠ કરવા હવે ઊંટ KR6, KN5 થઇને KR4 પર જઈ શકશે.)

18..., K–N, 19 B–R6, K-R3; 20 B–N5, K–N3; 21 Q–B6 ch, K–R4; 22 R–R7ch., K–N5; 23 R–R4ch., K–N6; 24 Q–B4 ch, K–N7; 25 R–R2 ch. K--N8, 26Q–N3ch, K–B8, 27 R-R1ch. K–Q7, (રૂપરાઉપર સાત શેહ આપીને કાળા રાજાને એવી જગ્યાએ લાવવામાં આવ્યો છે કે હવે ઘોડો શેહ આપી શકે અને સાથેસાથે ઊંટ માટે તેને જોઈતું ખાનું ખાલી કરી આપે.)

21 N–B3ch., K–K7; 29 B–R4, K–B7; 30 R–N1, K-K7; 31 R–R6, K–B7; 32 K–B7, K–K7, 33 K–N7, K–B7; 34 P–N4 dis. ch., K–K7; 35 N–Q4ch., K–Q7; 36 B–K1 ch., K-B8; 37 Q–B3ch. K–Q8; (અહીં 37..., K–N8; પછી એક ચાલ વહેલી મ્હાત થાય.)

38 Q–Q3ch, K-B8; 39 B–R4 dis. ch., K–N7, 40 Q–B2ch., K-R6; 41 R–R1ch, K–N5; 42 N-B6ch., K–N4; 43 Q–N3ch,, K–B4; 44 R–B1 ch., K-Q3.

હવે QB3 પરનું કાળું પ્યાદું અણઊઠ થયું તેથી સફેદ પ્યાદું વધુ આગળ વધી શકે છે. 45 P-N5, K–Q2; 46 Q–Q5ch., K–K1; 47 P–N6, K-B1: 48 R–R7, K–K1; 49 R–K7ch., K–B1, (અને હવે પ્યાદુમ્હાત માટે સ્થિતિ તૈયાર થઈ ગઈ છે.) 50 P–N7 mate.

સુરેશ મોદી

વૃક્ષ-વેલ-પરિચય-૧૬ : બૂચ



રાતવેળાએ પોતાનાં ફૂલની મીઠી સુગંધથી આસપાસના વાતાવરણને મઘમઘાવતું બૂચનું વૃક્ષ તો ઘણાંએ જોયું હશે. સૌરાષ્ટ્ર ગુજરાત ને મુંબાઈ રાજ્યના ઘણા ભાગમાં એ જોવા મળે છે. ઓરિસ્સા-મધ્યભારતના વિસ્તારમાં એ વધુ પ્રમાણમાં થાય છે.

બૂચનું વૃક્ષ બહુ ઝડપથી અને લગભગ ૮૦ ફૂટ જેટલું સીધું ઊંચું વધે છે. તેની શાખાઓ નીચે ઢળતી ને કુમળી હોય ત્યારે આછી રુવાંટીવાળી હોય છે. એની પીળાશ પડતી રાખોડી છાલમાં ફાટ જોવા મળે છે. પાન સામસામાં જોડકામાં ગોઠવાએલાં, સંયુક્ત, દાંડીવાળાં ને ૧૦-૧૨ ઇંચ લાંબાં. તેની ટોચે એક નાનું પાન ફરી તેવી જ રીતે ગોઠવાએલું વધુ નાનાં પાનનું બનેલું હોય છે. આ પત્રો નાનાં લીસાં ને કંઈક અનિયમિત આકારનાં પણ તળિયેથી ગોળ ને ટોચે અણિયાળાં હોય છે. પાનખરમાં પાન ખરે પણ ઝાડ તદ્દન પાનરહિત ન થાય.

સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન શાખાને છેડે નમતાં ઝૂમખાંમાં તેનાં લાંબી નળી ને પાંચ સફેદ પાંખડીવાળાં સુગંધી ફૂલ ખીલે છે. ક્વચિત્ તેના પર ગુલાબ ઝાંય પણ હોય.

બૂચનું ફળ ચપટું, પાતળું ૧-૧॥ ફૂટ લાંબું અને એકાદ ઇંચ પહોળાં ચપટાં અનેક બીજવાળું હોય છે. મધ્યપ્રદેશ ને પશ્ચિમભારત તરફનાં બૂચનાં ઝાડને ફળ આવતાં નથી. મોટે ભાગે બીજ વડે યા કાપકલમથી બૂચ ઉગાડાય છે. બહુ ઝડપથી ઊંચું વધતું આ વૃક્ષ બરડ હોઈ તોફાની પવનમાં ભાંગી પડે છે. પણ ઝડપી વૃદ્ધિને કારણે ફરી વધી જાય છે.

બૂચનું લાકડું નરમ ને પીળું હોય છે. એના પર સારી રીતે પૉલીશ થઈ શકે છે. છાલ એકાદ ઇંચ જાડી જે હલકી જાતના બૂચ બનાવવામાં વપરાય છે. મુખ્યત્વે શોભાવૃક્ષ તરીકે તે વવાય છે.



માધુકરી

હશે જો કર્ણે તો જગ સકલ સંગીત બનશે,
અમી આંખોમાં જો, પથરપટમાં પુષ્પ ખીલશે;
ખરી કિન્તુ મીઠી જીભ થકી ઘટે અંતર બધાં
હશે હૈયું કૂણું મલિન મન તો મંદિર બને.
—વાડીલાલ ડગલી

તુલસીભક્ત સરસ્વતીસાધક ફાધર ડૉ. કામિલ બુલ્કે

બે એક વર્ષ પહેલાંની એક સોહામણી સંધ્યાએ અમદાવાદમાં વેદમંદિરના સભામંડપમાં નીલોજ્જ્વલ નયનો અને ગૌરવર્ણી ઉન્નત કાયાવાળા એક યુરોપીઅન વિદ્વાન પ્રાધ્યાપકના વ્યાખ્યાનનું આયોજન થએલું. એમની પ્રાંજલ પ્રશિષ્ટ શૈલીવાળી શુદ્ધ ઉચ્ચારયુક્ત પ્રવાહિત હિંદી વાણી સાંભળી શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. એથી યે વધુ વિસ્મય તો એ વાતનું હતું કે આ વિદેશી મનીષી 'ગોસ્વામી તુલસીદાસજીના રામચરિત માનસની ગરિમા' વિષે વ્યાખ્યાન આપી રહ્યા હતા! એ હતા રેવરન્ડ ફાધર ડૉ. કામિલ બુલ્કે. રાંચી (બિહાર)ની સેન્ટ ઝેવિયર કૉલેજના સંસ્કૃત અને હિંદી સાહિત્ય વિભાગના અધ્યક્ષ.

બેલ્જિયમમાં ઈ. ૧૯૦૯માં એમનો જન્મ થયો. ધંધાકીય ઉપયોગિતાની દૃષ્ટિએ એમણે ત્યાં એન્જિનીઅરિંગનો વિષય લઈ બી. એસસી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તે પછી જર્મનીમાં વિખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદને સમજવા માટે ઉચ્ચ ગણિતશાસ્ત્રનો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. આ પછી એમને ભારતની યાત્રા કરવાની આકાંક્ષા જાગતાં ઈ. ૧૯૩૫માં તેઓ આ દેશમાં આવી રહ્યા. રોમન કૅથોલિક જેસ્યુઈટ સંઘની રસમ અનુસાર અહીં એમણે અધ્યાપન કાર્ય કરવાનું આવશ્યક હોઈ પ્રથમ દાર્જિલિંગ અને કુર્સિયાંગમાં રહીને તેમણે ધર્મવિજ્ઞાન-થીઓલૉજીની તાલીમ લીધી અને ફાધરના પદ માટે દીક્ષિત થયા. ભારતવાસીઓની સેવા માટે અહીંની રાષ્ટ્રભાષા હિન્દી, અને હિન્દી ભાષાના શાસ્ત્રીય જ્ઞાન માટે સંસ્કૃત ભાષા શીખવાની એમને આવશ્યકતા લાગવાથી એમણે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત સાહિત્યને મુખ્ય વિષય તરીકે પસંદ કરીને ઈ. ૧૯૪૫માં બી. એ.ની પરીક્ષા પસાર કરી. આ રીતે હિંદી ભાષા અને સાહિત્યના અધ્યયન, અધ્યાપન અને અનુશીલન પ્રતિ આકર્ષાયા બાદ રામાયણના ગૌરવ અને સૌન્દર્યના તેઓ એક અનન્ય ચાહક બની ગયા. એમનો અભિપ્રાય છે કે 'રામાયણ એશિયા મહાખંડનું મહત્ત્વપૂર્ણ મહાકાવ્ય છે. એમાં રામચંદ્રના ચરિત્રના માધ્યમથી ભારતીય જીવનનો જે આદર્શ સમગ્રપણે રજૂ થયો છે તેવો અન્ય કોઈ રચનામાં નથી. ભારતીય સંસ્કૃતિનો અમર આત્મા રામાયણમાં સમાએલો છે.' આ અંગે એક દાખલો ટાંકતાં એમણે એક વાર કહેલું, 'ઇગ્લૅન્ડમાં મારા એક પ્રાધ્યાપક મિત્રને રામાયણનું અધ્યયન કરતા જોઈ વીએતનામના એક મુસ્લિમ સદ્ગૃહસ્થે પૂછેલું કે તમે રામાયણ શા માટે વાંચો છો? એમણે ઉત્તર આપ્યો: વધુ સારા માણસ બનવા માટે! આખા વિશ્વમાં પ્રશંસા પામેલા શેક્સપીઅર અંગે પણ આવું કોઈ કહી શકે નહિ.'



કલકત્તામાં અભ્યાસ કર્યા બાદ ફાધર બુલ્કે હિંદી ભાષા અને સાહિત્યના વિશેષ અભ્યાસ માટે પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં દાખલ થયા અને ત્યાં હિંદી વિભાગના અધ્યક્ષ ડૉ. ધીરેન્દ્ર

છાલો-પાલો મરી-મસાલો (૧૬) અજમો . . . . . . લેખક · માધવ મો. ચૌધરી

ઘરગથ્થુ ઔષધિ તરીકે અજમો પ્રસિદ્ધ છે. સૌ કોઈ તેને ઓળખે છે. ભારતમાં એ પ્રાચીનકાળથી વપરાય છે. ઈંદોર અને હૈદરાબાદમાં તેનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે. ગુજરાતમાં પણ તેનું વાવેતર થાય છે. તેના છોડ આશરે હાથ-દોઢ હાથ ઊંચા વધે છે. છોડ અને તેનાં બીજ બંનેને અજમો કહે છે. પણ મુખ્ય તો ઔષધિ તરીકે બીજ વપરાય છે. અજમો, ખાડી અજમોદ અને કિરમાણી અજમો, એ એની જાતો છે.

વાયુ કરનાર વાલ અને ગુવારફળીનાં શાકને અજમાનો વઘાર આપવાથી એ વધારે ગુણકારી અને સ્વાદિષ્ટ બને છે. રસોઈમાં વાયુનાશક મસાલા ઉપરાંત ઔષધોમાં પણ અજમો ઘણો ઉપયોગી છે. તેનાં બીમાં પાંચ ટકા તેલ હોય છે. એ તેલને થીજવીને બનાવાતા Thymol ઘનને 'અજમાનાં ફૂલ' કહે છે. ગ્વાલિયર અને ધારવાડમાં એ ખાસ બને છે. અજમા કરતાં તેનું તેલ અને ફૂલ વધારે ઉગ્ર હોય છે.

'જેને પીડ આવે તે અજમો ફાકે' એ કહેવત પ્રમાણે અજમો પેટની પીડ મટાડનાર ઔષધ તરીકે ખહુ જાણીતો છે. પેટની ચૂંક પર અજમો તથા મીઠાની ફાકી લેવાનો જૂનો રિવાજ છે. અજમાનાં ફૂલ પાનના મસાલા તરીકે પણ વપરાય છે. અજમાનો અર્ક પણ ચૂંક, શરદી, અજીર્ણ વગેરે મટાડે છે. અજમાની માત્રા બેથી ચાર માસા, તેના તેલની બેથી ચાર ટીપાં ને ફૂલની માત્રા અર્ધાથી એક રતીની છે. યાવાનિકા, ઉગ્રગંધા, બ્રહ્મદર્ભા, અજમોદિકા, દીપ્યકા અને દીવ્યા, એ તેનાં સંસ્કૃત નામો છે.

અજમો પાચન કરનાર, રુચિકર, તીક્ષ્ણ, ગરમ, તીખો, હલકો, અગ્નિને પ્રદીપ્ત કરનાર, કડવો ને પિત્તકારક છે. એ શુક્રશૂળ, વાયુ, કફ, આફરો, ગોળો, બરોળ અને કૃમિને મટાડનાર છે. ઉપરાંત અજમો વાતનાશક, તાણનાશક, શૂળહર, કફઘ્ન, જ્વરઘ્ન, કૃમિનાશક, વ્રણશોધક અને દુર્ગંધહર છે. એ અપચો, ઝાડા, મરડો અને શરદીને મટાડે છે. કૉલેરામાં તેની અસર જોકે ઓછી થાય છે છતાં પણ એ હિતકારી છે.

ચરક અજમાને શૂળ-પ્રશમક, દીપનીય, શૂલઘ્ન તથા ક્ષુધાપ્રેરક ગણે છે. સુશ્રુત અજમાને વાતકફનાશક, અરુચિનાશક, ગુલ્મશૂળઘ્ન, દીપન અને આમપાચન ગણે છે.

અજમાના પાનનું શાક-ભાજી ગરમ, તીખી, કડવી, હલકી, પ્રદીપક, રુચિકર, પિત્તકારક, શૂળપ્રેરક અને વાયુ તથા કફને મટાડનાર છે.

અજમો સડો અટકાવનાર તમામ ઔષધિઓમાં સૌથી શ્રેષ્ઠ છે. કેટલીક આવી ઔષધિઓ લોહીમાં મળીને વૃક્કમાં દાહ કરે છે, પણ અજમામાં એ દુર્ગુણ નથી. એ જ રીતે કેટલીક ઔષધિઓ ઘા-વ્રણ-પરની તેની આસપાસ આવનારી કોમળ ચામડીને નુકસાન કરે છે તે પણ અજમો કરતો નથી. તેનાથી માત્ર સડો કે દુર્ગંધ ઓછી થાય છે. તેથી જ અજમાને પાણીમાં ઉકાળી એ પાણીથી ઘા, વ્રણ, નાડીવ્રણ અને ભગંદર વગેરેને ધોવાય છે. અજમાનાં ફૂલ પણ ઉત્તમ સડો અટકાવનાર, જંતુનાશક અને દુર્ગંધહર છે. અજમાનાં ફૂલથી આંતરડામાં કૃમિની વૃદ્ધિ થતી નથી. પ્રસૂતા સ્ત્રીને અજમો ખવડાવવાથી તેની પાચનક્રિયા બળવાન થાય છે, તાવ આવતો હોય તો બંધ થાય છે અને ધાવણ વધે છે. પ્રસવ થયા પછી સુવાવડી સ્ત્રીના શરીરે અજમાનું ચૂર્ણ ઘસવાનો પ્રશંસનીય રિવાજ છે. અજમો ગર્ભાશય પર ઉત્તેજક અસર કરતો હોઈ માસિક અટકાવ સાફ લાવે છે અને ગર્ભાશયમાં કીટાણુઓનો પ્રવેશ થયો હોય તો તેનો નાશ કરે છે. વળી, પ્રસવ થયા બાદ યોનિમાર્ગમાં રખાતી અજમાની પોટલી પણ ગર્ભાશયમાં સૂક્ષ્મ જંતુઓનો પ્રવેશ રોકવા સાથે પ્રવેશ પામેલા જંતુઓનો નાશ કરે છે. આ માટે યોનિમાર્ગને અજમાની ધૂણી પણ અપાય છે. અજમાનું તેલ સંધિવાના સોજા પર લગાડાય છે. તેનાં ફૂલ હિસ્ટીરિયાની વેળને—જુસ્સાને પણ નરમ પાડે છે. કૉલેરામાં પણ તે વપરાય છે.

યુનાની હકીમો ફેફસાંની ગળા પાસેની નળી સૂજી હોય અને કફ

વર્માની પ્રેરણાથી એમના જ શિષ્ય બની ઈ. ૧૯૪૭માં હિંદી સાહિત્યમાં એમ.એ.ની ઉપાધિ મેળવી; અને તે પછી તુરત જ ડૉ. માતાપ્રસાદ ગુપ્તના નિર્દેશનમાં 'રામકથા કી ઉત્પત્તિ ઔર વિકાસ' અંગે મહાનિબંધ લખીને ડી. ફિલની પદવી પ્રાપ્ત કરી. અહીં જ તેઓ 'વિનય પત્રિકા' વાંચી ગોસ્વામી તુલસીદાસજીના વિશેષ અધ્યયન પ્રતિ આકર્ષાયા, જેના ફલસ્વરૂપે એમણે લખેલો તુલસીદાસ વિષયક પ્રબંધ અતિ મહત્ત્વનો છે. પ્રયાગની હિંદી સાહિત્ય પરિષદે તેનું પ્રકાશન કર્યું ને થોડા જ સમયમાં તેની ત્રણ આવૃત્તિઓ પ્રકટ થઈ. તુલસીદાસ વિષેના અધિકારી વિદ્વાનોમાં ફાધર બુલ્કેની પણ ગણના થાય છે. તુલસી-સાહિત્ય વિષે જ્યાંજ્યાં જ્ઞાનગોષ્ઠિ (સેમિનાર) ગોઠવાય છે ત્યાં ત્યાં ફાધર બુલ્કેને પણ અચૂક નિમંત્રણ અપાય છે. પ્રયાગને તેઓ પોતાનું માતૃગૃહ કહે છે: 'અહીં મને મારા હૃદયને પૂર્ણતયા આપ્લાવિત કરનાર રામકથાનું ગૌરવ તથા તુલસીદાસ અને એમનો અપૂર્વ ભક્તિભાવ સમજવા મળ્યા છે. એ તો કવિ વાલ્મીકિની પરંપરાના સૌથી મોટા વારસદાર છે. ભક્તિની વિશાળ ભૂમિકા પર એમણે અનેક ચરિત્રો રજૂ કર્યાં છે, જેમાં ભરત સર્વશ્રેષ્ઠ છે. માત્ર રામચંદ્ર જ એને સમજી શકે છે. ભરત સર્વોત્તમ છે, કારણ કે તે કર્તવ્યપાલક છે. ભરતના માધ્યમથી તુલસીદાસ બતાવે છે કે સાધનાનો અર્થ જીવનથી વિમુખ થવામાં નહિ પરંતુ સેવા પ્રત્યે સમર્પણ કરવામાં છે.'

પોતાના 'રામકથા' પુસ્તકદ્વારા તો ફાધર બુલ્કેએ હિંદીભાષી વિદ્વાનો અને તુલસીદાસ દ્વારા જેમની ધાર્મિક ભાવના ઘડાઈ છે એ અસંખ્ય ભારતવાસીઓની અનહદ ચાહના પ્રાપ્ત કરી છે. રામાયણ અંગેની પોતાની ભાવાર્દ્ર અનુભૂતિને ઉલ્લેખતાં એમણે કહેલું કે 'મારી માતૃભૂમિથી હજારો માઈલ દૂર જ્યારે મને મારી માતાના અવસાનના સમાચાર મળ્યા ત્યારે મારી શોકાર્ત મનઃસ્થિતિ મહારાજ દશરથના સ્વર્ગવાસથી જેવી ભરતની થએલી તેવી જ હતી: ચલત ના દેખન પાયેં તોહી.' વળી આ તુલસીભક્ત ખ્રિસ્તી ફાધર બુલ્કે એક બીજી જગ્યાએ લખે છે: 'જ્યારે જ્યારે હું નિરાશ થઉં છું ત્યારે તુલસીદાસની 'વિનય-પત્રિકા' વાંચું છું. તેના દ્વારા હું મારા પ્રભુની પ્રાર્થના કરું છું. તુલસીદાસ મારા સમગ્ર અસ્તિત્વને ભક્તિવિમુગ્ધ બનાવી દે છે. મારા જેવો એક ખ્રિસ્તી તેના પ્રત્યે મારા પ્રેમને આ સિવાય અન્ય કઈ રીતે પ્રકટ કરી શકે? એ મને માનવીય મર્યાદાથી ઉપર ઊંચકી લે છે અને મને લાગે છે કે તુલસીદાસ તો આખી માનવજાતિના છે!

પણ આ તુલસીભક્તિ એ જ કંઈ એમના કાર્યની પર્યાપ્તિ નથી. હિંદી ભાષા પ્રત્યેની એમની પ્રીતિ પણ એવી જ ગાઢ છે. એમના હિંદી વાર્તાલાપ કે લેખનમાં ક્યાં યે અંગ્રેજી શબ્દની ભેળસેળ જણાતી નથી. એમણે રચેલો અંગ્રેજી હિંદી શબ્દકોષ પણ એટલો જ આવકાર પામ્યો છે ને એની ત્રણ આવૃત્તિઓ જોઈ ચૂકયો છે. આયુષ્યના સાતમા દાયકામાં યે તેઓ નવયુવાન જેવી તાજગી અને કાર્યદક્ષતા દાખવી રહ્યા છે. આજે યે તેઓ પોતાનાં કાર્યો યુવકોચિત ઉમંગ-ઉત્સાહથી પતાવે છે. ગોસ્વામી તુલસીદાસ વિષે હજી તેઓ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખવાની તૈયારી કરી રહ્યા છે. એમના શબ્દોમાં એ રામભક્ત નહિ પણ તુલસીભક્ત છે.

એમના જીવનવ્યવહારમાં કે એમના વ્યક્તિત્વમાં સંસ્કૃતિનો ઊંડો પ્રભાવ છે. બાળક જેવી સરળતા, સાદગીભરી વેશભૂષા અને સ્વાભાવિક ઔદાર્ય પ્રાચીન ઋષિ-મુનિઓનું સ્મરણ કરાવે તેવાં છે. એમની ગ્રંથશાળા પરિચિત-અપરિચિત સૌને માટે ખુલ્લી છે. પુસ્તકો આપીને તેઓ વાચનપ્રેમ અને વિદ્યાસંસ્કાર માટે સૌને પ્રોત્સાહિત કરે છે. એ-

વધારે નીકળતો હોય તો કફ બંધ કરવા માટે અજમો આપવાનું અને વાટીને પોટીસ બનાવી બાંધવાનું કહે છે. હકીમો નેત્રાંજનને જંતુનાશક બનાવવા માટે અજમાના અર્કની ભાવના પણ આપે છે.

આધુનિક વૈદક અજમાને ગરમ, પેટના દર્દનો નાશ કરનાર અને શૂળ મટાડનાર ગણે છે. પેટની અંદરનો ગોળો, અજીર્ણ, મરડો, ઝાડા વગેરેમાં એ ઉપયોગી ગણાય છે. ડૉ. વૂડના મત પ્રમાણે મરી અને રાઈની ઉષ્ણતા, કરિયાતાની કડવાશ અને હિંગનું તાણનાશકપણું, એ ત્રણે ગુણો અજમામાં રહેલા છે.

અજમાનું હિમ-ફાંટ બનાવવું, તેનો અર્ક કાઢવો, પણ અજમાનો ઉકાળો ન છૂટકે જ બનાવવો. કારણ કે અજમાને ઉકાળવાથી તેમાંનું તેલ ઊડી જાય છે અને તેનો ગુણ ઓછો થાય છે. વળી અજમો જેમ બને તેમ નવો જ લેવો. અજમો જૂનો થતાં તેલ ઊડી જઈ તેના ગુણ ઘટે છે. અજમાનો મુખ્ય ગુણ તેના તેલમાં જ છે.

અજમાની ફાકી લેવાથી શરદી અને ઉધરસ મટે છે તો અજમાને પાણી સાથે વાટી—લસોટી શરીરે ચોળવાથી ઠંડું પડેલું શરીર ગરમ થાય છે.

અજમો વાટી, ડુંગળીનો રસ મેળવી શરીરે ચોળવાથી શરદીમાં પરસેવો વળી સ્ફૂર્તિ આવે છે. અજમો ખવડાવવાથી શીતજ્વરની ઠંડીનું જોર નરમ પડી પરસેવો વળે છે અને તાવ ઊતરે છે. ગળો છ માસા, અજમો ત્રણ માસા અને મરી એક માસો લઇ રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે પીસી–ગાળીને પિવડાવવાથી તાવમાં ફાયદો થાય છે.

પીપર, અરડૂસી અને ખસખસના ડોડાનો ઉકાળો કરી, તેમાં વાટેલો અજમો નાખીને પીવાથી કફજ્વર અને કફની ઉધરસ મટે છે. અજમાનાં ફૂલ એક-એક રતી દિવસમાં ત્રણ વાર ઘી અને મધ સાથે મેળવી લેવાથી કફ ઓછો થાય છે અને ખાંસી મટે છે. અજમો ગરમ પાણી સાથે પિવડાવવાથી શ્વાસનો હુમલો શાંત થાય છે. અજમાનો અર્ક પણ ફાયદો કરે છે. અજમો ફાકી, ઉપર ગરમ પાણી પીવાથી પેટપીડા –ચૂંક, મોળ, અજીર્ણ અને નાળબંધ વાયુ મટે છે.

અજમાને તવી પર ગરમ કરી તેના સરખે ભાગે સિંધવ લઈ પીસી એકત્ર કરવું. તેમાંથી ત્રણ માસા જેટલું ગરમ પાણી સાથે લેવાથી કોઠાનો વાયુ દૂર થાય છે.

અજમો, સિંધવ અને હિંગ વાટી, ફાકી કરવાથી ગોળો મટે છે.

અજમો અને ગોળ ખાવાથી શીતપિત્ત—શીળસ મટે છે.

અજમો ખવડાવવાથી પ્રસૂતાની ભૂખ ઊઘડે છે, ખોરાક પચે છે, અપાનવાયુની છૂટ થાય છે, કમરની પીડા મટે છે અને ગર્ભાશયની શુદ્ધિ થાય છે. અજમો અને તલ એકત્ર કરી, પીસી, તેની ફાકી લેવાથી બહુમૂત્રતા મટે છે.

એક શેર પાણીમાં પકાવેલ ચૂનાની તર એક તોલો મેળવી ગાળી લેવું. પછી તેમાંથી નવટાંક–નવટાંક પાણી જુદું લઈ, તેમાં ત્રણ માસા અજમો રાત્રે પલાળી રાખી સવારે હાથથી ખૂબ મસળી, ગાળી, આ રીતે થોડા દિવસ પિવડાવવાથી શ્વેતપ્રદર મટે છે.

નવટાંક અજમો નવટાંક જૂના ગોળમાં મેળવી પીસી લેવો. તેમાંથી અર્ધા-અર્ધા તોલા જેટલો સવાર–સાંજ લેવાથી વાયુના અર્શ—મસા અને કમરનો દુખાવો મટે છે. કૉલેરામાં અજમાનાં પાનને સારી રીતે ધોઈ તેનો રસ કાઢી જ્યાં સુધી ઝાડો સારી પેઠે બંધાઈને ન આવે ત્યાં સુધી અર્ધાઅર્ધા કલાકને અંતરે મોટા બબ્બે ચમચા આપવાથી કૉલેરાના ચોખાના ધોવાણ જેવા સફેદ ઝાડાનો રંગ બદલાઈને થોડા જ સમયમાં ઝાડા પીળા રંગના અને ઘટ્ટ થાય છે.

સંધિવામાં સાંધા જકડાઈ ગયા હોય તો તેના પર અજમાના તેલનું માલિસ કરાય છે કે અજમો વાટી તેની પોટીસ બંધાય છે. અજમાને વાટી, પોટલી બનાવી નાકે સૂંઘવાથી સળેખમ મટે છે. તમાકુની જેમ ચલમમાં અજમો ભરી તેનું ધૂમ્રપાન કરવાથી શ્વાસનો હુમલો શાંત થાય છે. અજમાની પોટલી બનાવી તવી પર તપાવી હાથે-પગે શેક કરવાથી કૉલેરા, સન્નિપાત કે દમના હુમલાથી હાથ–પગ ઠંડા પડી ગયા હોય તો ગરમી આવે છે. □

મના વ્યવહારમાં મધુર આત્મીયતા અને સહજતા સ્પષ્ટ જણાઈ આવે છે. અતિથિને સત્કારતાં તેઓ સ્નેહપૂર્વક ચા-કૉફી બનાવી લાવે છે ને આગ્રહપૂર્વક જલપાન (નાસ્તો) કરાવી આનંદ અનુભવે છે.

'થીઈઝમ ઑવ ન્યાય ઍન્ડ વૈશેષિક', 'રામકથા–ઉત્પત્તિ ઔર વિકાસ', 'ટેક્નિકલ ઈંગ્લિશ-હિંદી ગ્લોસરી', 'સુસમાચાર' (બાઈબલનું સુંદર હિંદી ભાષાંતર), 'ઈંગ્લિશ-હિંદી ડિક્શનરી', 'નીલપંખી' (બેલ્જિયમના વિશ્રુત સાહિત્યકાર મૅટરલિંકના નાટકનું હિંદી ભાષાંતર) વગેરે એમની સુવિખ્યાત કૃતિઓ છે.

ભારતભક્ત સી. એફ. ઍન્ડ્રુઝની જેમ અને એમના જ શબ્દોમાં કહીએ તો 'ભારતમાં પુનર્જન્મ પામેલા' આ ભક્તહૃદય સરસ્વતી પૂજક ખરેખર વંદનીય છે.

—શંકરદેવ વિદ્યાલંકાર

તુંગુસ્કાની રહસ્યમય હોનારત

સાઈબીરિયામાં ઉત્તર ધ્રુવ વર્તુલની સીમારેખા પાસે દક્ષિણે ૯૦ થી ૧૧૦ પૂ. રેખાંશ વચ્ચે તુંગુસ્કા નામે બે નદીઓ વહે છે. આ પ્રદેશમાં ઈ. ૧૯૦૮ની ૩૦મી જૂને એક એવી પ્રચંડ હોનારત થઈ હતી, જેનું રહસ્ય આજ સુધી જાણવા મળ્યું નથી. જ્યાં આ બનાવ બન્યો ત્યાં એક જ કેન્દ્રમાંથી પ્રસરેલા પ્રથમ ધક્કાની દિશામાં ચારે બાજુ ૩૨–૩૨ કિ. મી. દૂર સુધીનાં જંગલનાં તોતિંગ વૃક્ષો તૂટી પડ્યાં હતાં. દૂર દૂર વસેલા લોકો એની ગરમીથી દાઝ્યા હતા ને લગભગ ૪૦૦ કિ. મી. દૂરના લોકોએ ક્ષિતિજ પર વિસ્ફોટ સાથે એક અગનસ્તંભનો ઝબકારો જોયો હતો. એ વિસ્ફોટને કારણે હવા પર આવેલા દબાણના ધક્કાથી ૬૪૦ કિ. મી. દૂરના ઘોડા પડી ગયા હતા ને છેક વૉશિંગ્ટન અને જાવા સુધી એ ધડાકાના આંચકા નોંધાયા હતા. પણ કઈ રીતે આ હોનારત સરજાઈ તે હજી સુધી અજ્ઞાત છે. રશિયન વિજ્ઞાનીઓની ત્રણત્રણ ટુકડીએ ત્યાં જઈને તપાસ કર્યા પછી પણ કોઈ રહસ્ય સ્પષ્ટ થયું નથી. એક મત એવો છે કે એકાદ ધૂમકેતુ એ સ્થળે પૃથ્વી સાથે ટકરાયો હશે, યા કોઈ ખરતો તારો પડ્યો હશે. પણ એથી થવો જોઈએ એવો કોઈ વિશાળ ખાડો ત્યાં પડ્યો નથી, કે નથી કોઈ એવો પદાર્થ મળ્યો જે સામાન્યતઃ ખરતા તારાના અવશેષમાં જોવા મળે છે. કદાચ કોઈ અજ્ઞાત સ્થળેથી પ્રયોગાર્થે થર્મોન્યૂક્લીઅર બૉમ્બ ફેંકાયો હશે? કે પછી સૈદ્ધાંતિક રીતે જેના અસ્તિત્વનો સ્વીકાર થાય છે એ 'ઍન્ટી મૅટર' અહીંની 'મૅટર' સાથે અથડાવાથી આવી પ્રચંડ શક્તિ છૂટી પડી પ્રસરી હશે? શક્ય જણાતી છતાં આમાંની કોઈ કલ્પનાને આધારભૂત ગણી શકાય તેમ નથી. હવે બે અમેરિકન પદાર્થવિજ્ઞાનીઓએ વળી એક વધુ ઉત્તેજક કલ્પના રજૂ કરી છે, એને પણ નકારી શકાય તેવી નથી. એમનું કહેવું છે કે અવકાશમાંથી ૩૦ અંશના ખૂણે આવીને કોઈ 'બ્લૅક હોલ' અહીં પડીને પૃથ્વી સોંસરવો ઊતરી જઈ ન્યુ ફાઉન્ડલૅન્ડ ને ઍઝોર્સ પાસેથી બહાર નીકળી ગયો હશે. 'બ્લૅક હોલ' એ રજકણ જેટલો અતિસૂક્ષ્મ છતાં એવો પદાર્થ છે જેના અતિ પ્રચંડ ગુરુત્વાકર્ષણ બળમાંથી પ્રકાશના કણ પણ છૂટી શકતા નથી અને એટલે એ અવકાશમાં દેખી શકાતો પણ નથી. આ પરથી જ તો એને 'બ્લૅક હોલ' કહ્યો છે. કોઈ પણ તારાના ઉત્ક્રાંતિક્રમની એ છેવટની દશા છે. તુંગુસ્કા પ્રદેશમાં પડેલા એ કણનું વજન અબજો ટનનું હોવાનો અંદાજ છે. ગમે તે હોય પણ આજ સુધી વણ ઉકેલાએલા રહેલા આ કોયડાનું રહસ્ય તો પામવું જ રહ્યું.

(ટાઈમ્સ ઑવ ઇંડિયા)

શ્રીકૃષ્ણની જીવન-કાલ-મર્યાદા

ઐતિહાસિક પરંપરાની દૃષ્ટિએ જોતાં શ્રીકૃષ્ણનો જન્મ ઈ.સ. પૂર્વે ૩૧૮૫, ને ભારતીય શાલિવાહન શક પૂર્વે ૩૨૬૩ના શ્રાવણ વદ અષ્ટમી ને બુધવારે મધરાતે રોહિણી નક્ષત્રમાં મથુરાના બંદીખાનામાં, ચંદ્રવંશી યાદવોના વૃષ્ણિક કુળમાં, સાત્વત શાખામાં દેવકીજીની કૂખે થયો હતો. પૌરાણિક તેમજ ઐતિહાસિક પરંપરાના આધારે આ ચંદ્રવંશી શ્રીકૃષ્ણ મનુથી ૯૪મા પુરુષ હતા. કેટલાક વિદ્વાનો કૃષ્ણનો માત્ર એક પૌરાણિક પુરુષ તરીકે જ ઉલ્લેખ કરે છે, પરંતુ પાશ્ચાત્ય સંશોધન પદ્ધતિના આધારે કેટલાક વિદ્વાનોએ આ વિભિન્ન ભવ્યોત્તુંગ વ્યક્તિત્વ ધરાવતા મહાન પુરુષને એક ઐતિહાસિક પુરુષ તરીકે ગણવા માંડયા છે તે હવે નિર્વિવાદ છે.

વિદ્વાનોએ કૃષ્ણની જીવન-કાલ-મર્યાદા જે શોધવાનો પ્રયત્ન કર્યો છે તે તારવીને અહીં આપવામાં આવી છે:

કાળ શાલિ.શકપૂર્વે		કાળ ઈ. સ. પૂર્વે	વૃત્તાંત
૩૨૬૩	શ્રા વ. ૮	૩૧૮૫	કૃષ્ણ-જન્મ
૩૨૪૪		૩૧૬૭	કંસવધ; અર્જુન-જન્મ
૩૨૪૧		૩૧૬૩	અક્રૂરનું હસ્તિનાપુરમાં આગમન
૩૨૩૮		૩૧૬૦	રુક્મિણી સાથે વિવાહ
૩૨૩૬		૩૧૫૮	પ્રદ્યુમ્નનો જન્મ
૩૨૨૦		૩૧૪૨	દ્રૌપદી-સ્વયંવર
૩૨૧૮		૧૩૪૦	ઇન્દ્રપ્રસ્થની સ્થાપના
૩૨૧૨		૩૧૩૪	પ્રદ્યુમ્નનું લગ્ન
૩૨૧૦		૩૧૩૨	અર્જુનની તીર્થયાત્રા
૩૧૯૮		૩૧૨૦	સુભદ્રા-હરણ
૩૧૯૬		૩૧૧૮	અભિમન્યુનો જન્મ
૩૧૯૫		૩૧૧૭	પાંડવોનો રાજસૂય યજ્ઞ
૩૧૯૩		૩૧૧૫	હસ્તિનાપુરમાં
૩૧૮૦	માર્ગ શીર્ષ	૩૧૦૧	ભારત-યુદ્ધ, કૃષ્ણની ૮૪ વર્ષની વયે
૩૧૮૦	ફાલ્ગુન	૩૧૦૧	અનિરુદ્ધનો વિવાહ
૩૧૪૪	માર્ગ	૩૦૬૫	કૃષ્ણનું નિર્વાણ (૧૧૯ની વયે)

ઉપરની જીવન-કાલ-મર્યાદા ઉપરથી મહાભારતના યુદ્ધ વખતે શ્રી કૃષ્ણની ઉંમર ૮૪ વર્ષની અને અર્જુનની ૬૫ વર્ષની હતી અને વયના ૧૧૯ના વર્ષે શ્રીકૃષ્ણ નિર્વાણ પામ્યા હતા.

આ સાલવારી મુખ્યત: મહાભારત, હરિવંશ અને ભાગવતના આધારે ઠરાવવામાં આવેલી છે. ભાગવતમાં (૧૧, ૬, ૨૫) કૃષ્ણની ઉંમર ૧૨૫ વર્ષની હતી એવું કહેલું છે. પણ કૃષ્ણ-અર્જુનથી ૧૮ વર્ષે મોટા હોય એવું માનવામાં આવે તો કૃષ્ણની ઉંમર ૧૧૯ વર્ષની માનવી પડે. ભારતીય યુદ્ધનો સમય ઈ.સ. ૩૧૦૧ અને શક ૩૧૮૦ એટલે શ્રીકૃષ્ણની ઉંમર યુદ્ધ સમયે ૮૩-૮૪ હશે એવી ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં પરંપરા પ્રચલિત છે. તે આધારે કૃષ્ણનો જન્મ-દિવસ શક પૂર્વે ૩૨૬૩, શ્રાવણ વદ ૮, બુધવાર અને નક્ષત્ર રોહિણી હતું એવું પુરાણોમાં કહેલું છે.

(ગુજરાતમિત્ર) —લક્ષ્મણ ગોવર્ધન નાયક

ગણિતગમ્મત

ક્રમિક આંકડાની કરામત

$$૧ + (૧×૨) + (૧×૨×૩) + (૧×૨×૩×૪) + (૧×૨×૩×૪×૫)$$
$$= ૧ + ૨ + ૬ + ૨૪ + ૧૨૦ = ૧૫૩$$

અને ૧૫૩ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ... + ૧૭). મતલબ કે ૧૫૩ એ ૧ થી ૧૭ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો છે.

કેમ કે (૧૭ × ૧૮) ÷ ૨ = ૧૭ × ૯ = ૧૫૩

વળી ૧૫૩ના આંકડા ઉલટાવતાં ૩૫૧ સંખ્યા બને છે. અને ૩૫૧ એ ૧ થી ૨૬ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો છે.

$$૩૫૧ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ... + ૨૬)$$
$$૧ + (૧ × ૨) = ૩ = (૧ + ૨)$$
$$૧ + (૧ × ૨) + (૧ × ૨ × ૩) = ૯ = ૩^{૨} = (૧ + ૨)^{૨}$$
$$(૧ × ૨ × ૩ × ૪) + (૧ × ૨ × ૩ × ૪ × ૫) = ૨૪ + ૧૨૦ = ૧૪૪ = ૧૨^{૨}$$

ઉપર મુજબ આંકડાની કરામત રસિક હોઈ નવા વિચારો માટે માર્ગદર્શક પણ થાય તેમ છે. —એમ. એન. ખત્રી

ફોટોગ્રાફી હરીફાઈનું વાર્ષિક પરિણામ

આ અંકે ફોટોગ્રાફી-હરીફાઇને દ્વિમાસિક સ્વરૂપે પુનઃ જારી કર્યાને એક વર્ષ થાય છે. અગાઉ જાહેર કર્યા મુજબ આખા વર્ષ દરમિયાનની હરીફાઈ ઓમાં જે ચિત્રો જે જે કક્ષામાં ઈનામ પામ્યાં છે તે તે કક્ષામાં એ ચિત્રોની સ્પર્ધાત્મક તુલના કરી તેમાંનાં શ્રેષ્ઠને, આ વિષયને ઉત્તેજન આપવાની ભાવનાથી પ્રેરાએલા શ્રી લાલચંદ ગગલાણી (વિલેપાર્લે) તરફથી પહેલું રૂ. ૫૦, બીજું રૂ. ૩૦ અને ત્રીજું રૂ. ૨૦નું એક એક ખાસ ઇનામ આપવાનું ઠર્યું હતું તે અનુસાર—

પહેલું ઈનામ રૂ. ૫૦ રમણિકલાલ કે. શાહ (માંડવી-કચ્છ)ને બાળકના ચિત્ર માટે. બીજું ઈનામ રૂ. ૩૦ વસંત સી. સંઘવી (માંડવી–કચ્છ)ને પક્ષીના ચિત્ર માટે. ત્રીજું ઈનામ રૂ. ૨૦ ચંદ્રકાન્ત દોશી (બિલખા)ને દૃશ્ય ચિત્ર માટે આપવાનું નિર્ણાયકોએ જાહેર કર્યું છે.

આગામી હરીફાઈ

ગયા વર્ષની પેઠે આ દ્વિમાસિક ફોટોગ્રાફી-હરીફાઈ આ વર્ષે પણ જારી જ રહે છે. જે અંગેના નિયમો નીચે આપ્યા છે.

આગામી હરીફાઈનો ચિત્રવિષય : શિયાળો

ફોટો મોકલવાની છેલ્લી તારીખ: ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૪

તે પછીનો ચિત્રવિષય 'વસંત'. છેલ્લી તારીખ ૩૧મી માર્ચ.

નિયમો: (૧) આ હરીફાઈ દર બે માસે, એટલે કે વર્ષમાં છ વખત યોજાશે. (૨) હરીફાઈ માટેનાં ચિત્રોનો વિષય અગાઉથી જાહેર કરવામાં આવશે. અને એ વિષયનાં (૩) નાનામાં નાના ૮×૧૦ સે.મી. તથા મોટામાં મોટા ૧૦×૨૦ સે.મી.ના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને માત્ર ગ્લૉસી પ્રિન્ટ જ મોકલવાના રહેશે. (૪) બેથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૫) દરેક ફોટો પાછળ મોકલનારનું પૂરું નામ-સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઈનામ ૧૫ રૂ., બીજું ઈનામ ૧૦ રૂ. અને ત્રીજું ૭ રૂ.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઈનામ પણ અપાશે.) (૯) જે ફોટો 'કુમાર'માં પ્રકટ થશે તે પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે. (ચિત્રના કૉપીરાઈટ ફોટોગ્રાફરના જ રહેશે.) અને (૧૦) એ સિવાયના પ્રિન્ટ, જો મોકલનારે પૂરતું પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે. તે સિવાય બાકી રહેતા પ્રિન્ટની કોઈ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ.

વિવિધા

- હૅમ્બર્ગ (પ. જર્મની)ની એક પેઢીએ વિજ્ઞાન વિષયક ફોટોગ્રાફી માટે એક સેકંડના ૧/૧૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એક સો અબજમા ભાગ જેટલી ઝડપે છબિ લઈ શકે એવો કૅમેરા બનાવ્યો છે. શટરની આ ઝડપ લગભગ પ્રકાશની ગતિ જેટલી છે.
- અમેરિકાની ઍલાઇડ કૉર્પોરેશને 'તાજમીર' નામે એવા તંતુઓની શોધ કરી છે જેને મનપસંદ રંગોમાં રંગી શકાય છે અને જેની શોષણશક્તિ સૂતરના તંતુઓ જેવી છે.
- પશ્ચિમ સાઇબિરીઆનાં તેલક્ષેત્રોમાં રશિયા અમુક ચોરસ કિલોમીટર જેટલા વિસ્તૃત પારદર્શક ઘુમ્મટોની નીચે વસાહતો સ્થાપવાનું છે.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૧૯: બ્રિટિશ પાર્લામેન્ટની આમસભામાં લેડી એસ્ટરે બેઠક લીધી. પાર્લામેન્ટની એ પ્રથમ સ્ત્રી સભ્ય હતી. 'રૉયલ કૉલેજ ઑાવ સર્જન'માં પ્રથમ સ્ત્રીને પ્રવેશ પણ આ જ માસની ૧૪મી તારીખે ઈ. ૧૯૧૧માં મળેલો અને આ જ માસમાં બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં સ્ત્રીઓને પહેલી વાર મતદાન કરવા મળ્યું. તા. ૧૪, ઈ. ૧૯૧૮માં.

તા. ૨ / ૧૫૫૨: કરુણાર્દ્ર ખ્રિસ્તી સંત ફ્રાંસિસ ઝેવીઅરનું ચીનમાં સાનશિયાન મુકામે અવસાન. ત્યાં જ તેમના શબને દફન કરવામાં આવેલું, પણ અઢી મહિના પછી ત્યાંથી મલક્કા લઈ જવાયું. કહે છે કે મલક્કામાં એક ખડકમાં એમના માટે કબર કોરી રાખવામાં આવી હતી, પણ શબ માટે તેની લંબાઈ ઓછી પડી. પરંતુ ખડકને વધારે કોરવાને બદલે એમના મસ્તકને છાતી ઉપર વાળી દેવામાં આવ્યું. આમ કરતાં તેમના નાકને ઈજા પહોંચી અને છાતીમાં એક પથ્થરની ધાર વાગતાં ત્યાં જખમ થઈ તેમાંથી લોહી જેવું પ્રવાહી ઝમવા લાગેલું. રાસાયણિક તપાસમાં એ લોહી જ જણાયું હતું. પાંચ મહિના પછી ફરી એ કબર ખોલી શબને ગોવા લાવવામાં આવ્યું. આ વખતે કૉફિનમાં શબની ઉપર નીચે ચૂનો ભરેલો પણ ગોવામાં જ્યારે કૉફિન ખોલ્યું ત્યારે શબને એ ચૂનાની જરાય અસર થએલી નહોતી. ને એ તદ્દન તાજું જણાતું હતું. આ પછી યે દર બે વર્ષે બે નિષ્ણાત દાક્તરોએ કૉફિન ખોલીને તપાસ્યું હતું, પણ તેમાં કોઈ પણ પ્રકારના મસાલા ભર્યા વિના કે શબ પર કોઈ તૈલી પદાર્થ લગાડયા વિનાનું છતાં તેમનું શબ એવું ને એવું જ તાજું જણાયું હતું. આ પછી શબને કાચના કૉફિનમાં રાખવામાં આવેલું. ૧૪૦ વર્ષ પછી એક ફ્રેન્ચ દાક્તરે ફરી એ શબને તપાસ્યું ત્યારે પણ તાજેતરમાં જ મૃત્યુ થયું હોય તેવું તાજું માલૂમ પડેલું. આ પછી પંદર વર્ષે તેમાંથી ફુમાશ ઘટી જડતા પ્રવેશતી વર્તાઈ, શબનો વર્ણ પણ ઝાંખો પડવા લાગ્યો



અને શરીર સંકોચાવા લાગ્યું. આ પછી એ જડ અને સૂકું થઈ ગયું, પણ હજી તેમાં સડો દાખલ થયો નહોતો. કેટલાંક વર્ષો પહેલાં એક યુરોપીય બાઈએ એમના પવિત્ર અવશેષ લઈ જવાના ઈરાદાથી એ શબના પગના જમણા અંગૂઠાને ચુંબન કરવાના બહાને કરડી લીધેલો ત્યારે પણ ત્યાંથી લોહી નીકળ્યું હતું. આજે એ અંગૂઠો રોમમાં છે. છેલ્લાં બસો વર્ષથી દર દસ વર્ષે કાચના કાસ્કેટમાંથી આ શબને દર્શનાર્થે બહાર કાઢવામાં આવતું હતું. ઈ. ૧૯૫૨માં એમની ૪૦૦મી સંવત્સરીએ છેલ્લી વાર બહાર કાઢ્યા પછી તેમને હવે હમેશને માટે સાચવીને મૂકી દેવાયું છે.

આજે એમના નામ પરથી 'સેન્ટ ઝેવીઅર્સ'ની અનેક શિક્ષણ-સંસ્થાઓ સર્વત્ર વ્યાપ્ત છે.

સ્પેનમાં ઝેવીઅર નામના એક કિલ્લામાં ઈ. ૧૫૦૬માં એમનો જન્મ. 'જીસસ સેવક સમાજ'ના સાત સ્થાપક સભ્યોમાંના એક બની તેઓ ઈ. ૧૫૪૧–૪૨માં ગોવા આવેલા ને પછી દક્ષિણ ભારતમાં ધર્મ અને સેવા અર્થે યાત્રાઓ કરી જાપાન ને પછી ચીન ગએલા જ્યાં એમનું અવસાન થયું. એમનું ધર્મપ્રચાર તથા સેવાનું કાર્ય ઐતિહાસિક રીતે તથા ઈયત્તા અને ગુણવત્તાની દષ્ટિએ મહાન હતું. પૂર્વના દેશોમાં એમણે કરેલી સેવાનું રચનાત્મક દષ્ટિએ પણ ઘણું મૂલ્ય છે. ભારતની ઉપેક્ષિત જાતિઓ, તથા એમને આશ્રયે આવેલાં સર્વની ખડે પગે શુશ્રૂષા-સારવાર તથા જ્ઞાનસંસ્કારની પણ સંભાળ રાખવાની જે પ્રણાલી ઝેવીઅર જેવા ખ્રિસ્તી સંતોએ આપણા દેશમાં શરૂ કરી તેનું મૂલ્ય આપણા રાષ્ટ્રની અમુક અંશે પાયાની સેવા જેટલું મહત્ત્વનું છે. ઈ. ૧૬૨૨માં પાંચમા ગ્રેગરીએ એમને સંત તરીકે જાહેર કરેલા.

તા. ૫ / ૧૯૫૦: ભારતના અગ્રણી ક્રાંતિકારી અને અર્વાચીન યુગના મહાયોગી શ્રી અરવિંદનું અવસાન. અને આ જ માસમાં 'હું કોણ?'ની શોધ દ્વારા આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરનાર શ્રી રમણ મહર્ષિનો જન્મ. તા. ૩૧, ઈ. ૧૮૭૯. જીવનસાહિત્યના મંગલદ્રષ્ટા અને સિદ્ધહસ્ત સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરનો જન્મ પણ આ જ માસની ૧લી તારીખે ઈ. ૧૮૮૫માં થએલો.

તા. ૬ / ૧૯૧૭: ફિનલૅન્ડના સ્વાતંત્ર્યની જાહેરાત. આપણને નિસ્બત છે ત્યાં સુધીનો આપણે એને કાગળના ઉત્પાદક દેશ તરીકે વધુ જાણીએ છીએ. પણ આ ઉપરાંત, ઑાટ્સ, બટાટા અને યંત્રો તથા લોઢું, જસત અને તાંબાનું ત્યાં વિશેષ ઉત્પાદન છે. ઉત્તરદક્ષિણ લગભગ ૭૦૦ માઈલ વિસ્તરેલો ઉત્તર યુરોપનો આ નાનકડો દેશ દક્ષિણના ભાગ સિવાય બહુધા ખડકાળ અને જંગલોથી છવાએલો છે. એનું પાટનગર હેલસિન્કી દેશમાં તદ્દન દક્ષિણે અને દુનિયાભરમાં કદાચ સૌથી વધુ ઉત્તરે આવેલું પાટનગર છે. ઈ. ૧૯૭૦ના આંકડા પ્રમાણે ફિનલૅન્ડની વસતિ કેવળ ૪૭,૦૦,૦૦૦ની જ છે. ઈ. ૧૯૧૯ના જુલાઈની ૧૭મીથી ત્યાં પ્રજાસત્તાક રાજતંત્ર ચાલે છે. પ્રજા સો ટકા શિક્ષિત અને ઉદ્યમી. ઉત્તર ધ્રુવ વર્તુળના પ્રદેશ સુધી વિસ્તરેલો હોઈ ત્યાંનો ઉનાળો ઘણો ટૂંકો પણ ઉનાળાના દિવસો અત્યંત લાંબા હોય છે. વનસમૃદ્ધિને કારણે ઈમારતી લાકડું, કાગળનો માવો અને કાગળની એ મોટી નિકાસ કરે છે. ત્યાંના દક્ષિણ ભાગમાં નાનાંમોટાં મળી લગભગ ૫૦ હજાર જળાશયો છે જેમાંનાં ઘણાં નહેરોથી જોડાએલાં હોઈ જંગલમાંથી લાકડાં સારવામાં તથા વીજળી ઉત્પન્ન કરવામાં કામ લાગે છે.

તા. ૮ / ૧૯૧૧: બંગભંગ રદ થયો, ને તા. ૧૨મીએ પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણ સાથે હિંદુસ્તાનની રાજધાની કલકત્તાથી ફેરવીને નવી દિલ્હીમાં લાવવામાં આવી.

તા. ૧૦ / ૧૯૧૮: *હિંદુસ્તાનમાં પહેલું વિમાન આવ્યું. કાઈરોથી ઊપડી એ કરાંચી ઊતરેલું.*

નિરાશા તો નજરની ફક્ત ખામી છે, અને પગની થકાવટ છે,
જુઓ, મંઝિલ ઝળકતી સાવ સામી છે, ચલો, શાની રુકાવટ છે?

બીજા મહાયુદ્ધમાં ડંકર્કના પરાક્રમ-પ્રસંગ પછીના કટોકટીના દિવસો હતા. ફ્રાંસ, બેલ્જિયમ, નૉર્વે ને ડેન્માર્ક પડયાં હતાં. રોજ હજાર-બારસો નાઝી વિમાનો ઇંગ્લૅન્ડ ઉપર આગ વરસાવતાં હતાં ને જર્મન દળના ઇંગ્લૅન્ડ પર ઊતરવાની ઘડીઓ ગણાતી હતી. એ અણીના દિવસોનો વૃત્તાંત લેવા ઇંગ્લૅન્ડ ગએલા અમેરિકન પત્રકાર લૂઈ ફિશર, જૉન સ્ટ્રૅચીને મળવા ગએલા. સ્ટ્રૅચીનાં સ્ત્રી તથા બાળકો કૅનેડામાં હતાં તેને ઇંગ્લૅન્ડ લાવવાના ઈરાદે તેણે ફિશરને વિમાનનું ભાડું પૂછ્યું. ફિશરે કહ્યું: 'તમને નથી લાગતું કે તેઓ કૅનેડામાં વધુ સલામત છે?' સ્ટ્રૅચીએ ઉત્તર દીધો: 'આજે અહીં જે ચાલી રહ્યું છે તેનો અનુભવ મારાં બાળકો ન લે તો તેઓ એટલાં ઊણાં રહી જાય. મારે તેમને પૂરાં અંગ્રેજ બનાવવાં જોઇએ.'

કહેવતોના અર્થ: 'સીધી આંગળીએ ઘી ન નીકળે.' થીજેલા કે લોંદા જેવા ઘીને આંગળી વાંકી કરીને જ કાઢી શકાય એ વ્યવહારુ નુસખા પર યોજાએલી આ કહેવતનો બોધ એવો છે કે દુનિયા પાસેથી ધાર્યું કામ કરાવવામાં સીધો વ્યવહાર ફાવતો નથી, પણ જેવાની સામે તેવા થઈ ને વાંકો વ્યવહાર કરવો જ પડે છે.


અનેકાર્થી શબ્દ: રૂપ = આકૃતિ; દેખાવ કે દર્શન; સૌંદર્ય; મુખવટો; વેશ; નાટક; '-ના જેવું' અથવા 'સરખું' એવો સમાનતાનો અર્થ દર્શાવતું (દા. ત. દુઃખરૂપ); 'એક' માટે સંખ્યા-સૂચક સાંકેતિક શબ્દ; ધોળો રંગ; લક્ષણ અથવા ચિહ્ન; વિભૂતિ કે શક્તિ; શ્લોક; વલણ કે ગતિ; સ્વભાવ કે ધર્મ; હાલત કે દશા; રોકડું કે નગદ; બીજગણિતમાં અવ્યક્ત રાશિ સાથેની વ્યક્ત સંખ્યાવાળું; છપ્પન જૈન દિક્‌-કુમારિકાઓ માંહેની એક.



જહાંગીરે સિક્કાઓમાં અવનવી છાપો દાખલ કરી. એ રંગીલા બાદશાહનો શરાબ-શૉખ તો જાણીતો છે. ઈસ્લામમાં શરાબની બંધી હોવા છતાં તેણે તો હિંમતપૂર્વક પોતાની એક સોનામહોર ઉપર હાથમાં શરાબની પ્યાલી સાથેનું પોતાનું મહોરું કોતરાવ્યું હતું. તેની પાછલી બાજુએ સિંહ રાશિના સૂચક સિંહનું ચિત્ર સૂર્ય સાથે આલેખેલું છે. (ઉપર)



ઇજિપ્ત અને કેટલાક એશિયાઈ દેશોમાં ખેડૂતો ચોખાના ખેતરમાં ભરેલાં પાણીમાં નાની માછલીઓ પણ મૂકે છે. પાણીમાં થતી જીવાત અને નકામું ઘાસ એ માછલીઓ ખાઈ જઈને વાવેતર ચોખ્ખું રાખે છે. લણણી સાથે આ માછલીઓનો ફાલ પણ ખેડૂત ઉપયોગમાં લઈ લે છે.



કૉફી વગેરે ઝીણા ભૂકાવાળા ડબામાંથી ચમચો ભરીને તે ભૂકો લેતાં ચમચા પર શગ ચડીને મોટો ટેકરો થઈ જાય છે. આ માટે તે ડબામાં ઢાંકણાની નીચે આવતું પાતળું પડ માત્ર અરધું જ કાપીને, તે કપાએલા ભાગ સાથે ચમચો ઘસીને લેવાથી નિશ્ચિત પ્રમાણમાં જ તે ભૂકો ચમચામાં આવશે.

દાળ કે કઢીમાં નાખવા માટે કોઈ તેજાના ન હોય ત્યારે તેમાં ઊકળતી વખતે હળદરનાં પાન નાખવાથી તે તેજાનાની ગરજ સારશે. દક્ષિણ હિંદમાં તો તેનો ચાલુ વપરાશ છે.

ગણિતગમ્મત: ૧થી ૯ સુધીના આંકડાઓને અનુક્રમમાં ગોઠવીને માત્ર તેમની વચ્ચે ગણિતની જુદીજુદી નિશાનીઓ વાપરી તેમનો સરવાળો ત્રણ રીતે ૧૦૦ કરી શકાય:

૧+૨+૩+૪+૫+૬+૭+(૮×૯)=૧૦૦
૧૨+૩-૪+૫+૬૭+૮+૯ =૧૦૦
૧૨૩+૪૫-૬૭+૮-૯ =૧૦૦

વળી એ જ રીતે ૯થી૧ એમ ઊલટા ક્રમમાં આંકડાઓ ગોઠવીને પણ એક રીતે ૧૦૦ સરવાળો લાવી શકાય: ૯૮-૭૬+૫૪+૩+૨૧=૧૦૦

નદી-મુખ-પ્રદેશનું નામ 'ડેલ્ટા' શાથી?

નદીનો કાંપ પથરાવાથી મુખ આગળ જે પ્રદેશ બને છે તેનો આકાર ગ્રીક બારાખડીના ૪થા અક્ષર 'ડેલ્ટા' જેવો છે. આ અક્ષર નાના ત્રિકોણ જેવો હોઈ રોમન લિપિના D જેવો છે. આથી ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીકોએ નાઈલ નદીના મુખ આગળના ત્રિકોણાકાર પ્રદેશને 'ડેલ્ટા' કહેવાનું શરૂ કરેલું. ત્યારથી તેવા બધા પ્રદેશ ડેલ્ટા કહેવાય છે.

રાષ્ટ્રપતિ જ્યાં રહે છે તે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ-ભવન (જૂના વખતના 'વાઈસરૉય્ઝ હાઉસ')માં ૬૦૦ ફૂટ પહોળો દ્વારદેશ, ૧૪૦ ઓરડા, ૧૨ આંગણાં, ૭૪ વરંડા, દોઢ માઈલ લંબાઈની પરસાળો, ૧૮ સીડીઓ, ૧૦ લિફ્ટ અને ૩૭ ફુવારા છે!

નાનાં બાળકોની ઊનની ટોપીઓ ધોઈને સૂકવ્યા બાદ સંકોચાઈ જઈ બાળકને માથે બરાબર આવતી નથી. તે માટે તે ભીની હોય ત્યારે બાળકના માથા જેવડા રબરના ફુલાવેલા ફુગ્ગા પર ચડાવીને સૂકવવા મૂકવી, એટલે તેનો હમેશનો આકાર કાયમ રહેશે.

શેરડીનો ઉદ્‌ભવ હિંદમાં થએલો. છેક વેદો અને પુરાણોમાં તેના ઉલ્લેખો મળે છે. સિકંદરે હિંદની ચડાઈ વેળા પહેલવહેલાં શેરડીનાં દર્શન કરેલાં. ચીનના શહેનશાહોને મોકલાતી વસ્તુઓમાં શેરડીનો સમાવેશ ખાસ થતો.



કલાકણિકા: ઈ. ૧૧-૧૨મા સૈકાની અંકોરની ખ્મેર કલાસમૃદ્ધિની એક કણિકા. પાલખી લટકાવવાનો કાંસાનો શોભનખચિત આંકડો (હૂક).

કુમાર

જાન્યુઆરીથી ડિસેમ્બર · ૧૯૭૩નું
સળંગ અંક ૫૮૯ થી ૬૦૦ સુધીનું

૫૦
મા વર્ષનું

વાર્ષિક સાંકળિયું

ચિત્રો

પૂર્ણરંગી

અભિસારિકા (રસિક રાવલ) જુલાઈ મુખચિત્ર
આકાશીગાન (વિનાયક માસોજી) પૃ. ૪૪૧ સામે
કવિ કલાપી (એલ. સી. સોની) ૪૭૨ સામે
કેશ-સંમાર્જન (કલ્યાણી મહેતા) ઑક્ટો. મુખ.
ગિરનારની તળેટીમાં (બલવન્ત ભટ્ટ) ૪૬૪ સામે
ચાંચનો દરિયાકિનારો (સોમાલાલ) જૂન મુ. ચિ.
જીવનસખ્ય (પુલિનબિહારી દત્ત) ૪૨૪ સામે
ટમાટા વેચનારીઓ (બ્રેન્દ્રે) એપ્રિલ મુખચિત્ર
નાગદમન (કુ. ઊર્મિ પરીખ) ડિસે. મુખચિત્ર
બપોર (જયંતીલાલ ઠાકર) નવે. મુખચિત્ર
રમા (એલ. સી. સોની) ૪૭૩ સામે
રાગ વસંત (અઢારમી સદી) માર્ચ મુખચિત્ર
રાગિણી ગૌરીનો પ્રભવ (પ્રમોદકુમાર) ૪૪૦ સામે
રામ-વનવાસ-ગમન (ખોડીદાસ) ૪૬૫ સામે
વસંતનાં પંખી (શ્યાવક્ષ ચાવડા) ફેબ્રુ. મુખચિત્ર
વાત્રકના પટમાં (છગનભાઈ મિસ્ત્રી) ઑગ. ,,
શતરંજ (ઊર્મિ પરીખ) મે મુખચિત્ર
શિશિરની સવાર (ચંદ્રશંકર રાવળ) જાન્યુ. મુખ.
શોભના (એલ. સી. સોની) ૪૭૩ સામે
શ્રી સત્ય સાઈબાબા (ફનીબંદા) ડિસે. મુ. ચિ. પા.
સંદેશ (જગન્નાથ અહિવાસી) ૪૨૫ સામે
સાગર અને સરિતા (શ. દીવાનજી) સપ્ટે. મુખ.

એકરંગી, દ્વિરંગી, રેખાંકન

અળતો (રમેશ પંડ્યા) સપ્ટે. પૂઠું
કુમળાં પાન (રમેશ પંડ્યા) ,, ,,
કૈલાસનાં શોભાંકનો સપ્ટે. પૂઠામાં
ગુફાના પ્રતિઘોષ (પ્રફુલ્લા દહાણુકર) જા. પૂઠું ૨
ચતુર્ભુજ વેણુગોપાલ ઑગસ્ટ પૂઠું
છાપરાં (જયંતીલાલ ઠાકર) નવે. મુખચિત્ર સાથે
થાનક (છગનભાઈ મિસ્ત્રી) પૃ. ૨૮૨ સામે
દમણના દરિયાકાંઠે (,,) પૃ. ૨૮૩ સામે
દશ્યચિત્ર (પિકાસો) જૂન પૂઠું
પારનેરાનો ડુંગર (છ. મિસ્ત્રી) પૃ. ૨૮૩ સામે
પૂજા (,,) પૃ. ૨૮૨ સામે
ફળવેચનારીઓ (જ. ઠાકર) નવે. મુ. ચિત્ર સાથે
ફૂદડી (યજ્ઞેશ્વર શુક્લ) ૪૯૬ સામે
બતકો (રમેશ પંડ્યા) સપ્ટે. પૂઠું
રામવિવાહ (વાસુદેવ સ્માર્ત) ૪૯૭ સામે
મા (કનુ દેસાઈ) ૪૮૯ સામે
માઈઆ (પિકાસો) જૂન મુખચિત્રની પાછળ
વાંસવનમાં કુટિર (નિર્મળાબેન શાહ) ૪૮૮ સામે
વેદનાગ્રસ્ત સ્ત્રી જૂન મુખચિત્રની પાછળ

ફોટોગ્રાફ્સ

ઇજિપ્તની પનિહારી (ઈ. સ્વેડ) પૃ. ૧૫૬ સામે
કાશ્મીરી વિલો (અશ્વિન મહેતા) પૃ. ૩૫૦ સામે
કાનની કડી (ઓ. પી. શર્મા) પૃ. ૧૯૬ સામે
ગ્લૉરિયા સ્વાન્સન (એડ. સ્ટાઈ.) ૧૫૬ સામે
ઝંઝામાં ઝડપાએલાં (ભવાનસિંઘ) પૃ. ૭૧ સામે
દરિયાકિનારાની સૃષ્ટિ (અ. મહેતા) માર્ચ પૂઠું-૩
નવયૌવનનું મંથન (પોલ હિમેલ) પૃ. ૧૯૭ સામે
ફેનિલ કંઠાર (અશ્વિન મહેતા) પૃ. ૩૫૦ સામે
ફોટોગ્રાફી-હરીફાઈનાં ચિત્રો પૃ. ૩૫૧ સામે
બદનામીનો બાદશાહ (કનુ ગાંધી) જાન્યુ. પૂઠું
બહેનાં મારી (રિચાર્ડ ઍડવર્ડ) પૃ. ૧૯૭ સામે
ભાઈનો ભાર (હો વિંગ યાઉ કોરિયા) માર્ચ પૂઠું
લખોટી ખેલતો કિશોર (ગોથાર્ડ શ્લાહ) ૧૫૬ સામે
વાત્સલ્યની પરંપરા (વેઈન મિલર) પૃ. ૧૯૭ સામે
વાર્ધક્યના વિરામમાં (લીઓનાર્ડ મૅક 'કૉમ્બ)
પૃ. ૧૯૭ સામે
વ્રીડા (સંતોષકુમાર) પૃ. ૭૦ સામે
શિશિરની સવાર (એ. એલ. સૈયદ) જા. પૂઠું-૩

શિલ્પ સ્થાપત્ય

અજંતાનાં ઉપેક્ષિત શિલ્પો નવેમ્બર પૂઠું ૩
અજંતાનાં શિલ્પાંકનો જુલાઈ પૂઠું ૩
આકાશચારી ગાંધર્વયુગલ ઑક્ટો. પૂઠું
આલ્ફ્રેડ ફ્લેખથાઈમ (રૂડૉલ્ફ બેલિંગ) ફેબ્રુ. પૂઠું
ઉમા-મહેશ્વર ફેબ્રુ. મુખચિત્ર પાછળ
ગૅસ ચૅમ્બર (એસ્થર કાનન) એપ્રિલ પૂઠું
ધૂવડ (એસ્થર કાનન) ,,
દક્ષિણામૂર્તિ શિવ (નરોત્તમ પલાણ) મે પૂઠું
નાગદંપતી (અજંતા) જુલાઈ પૂઠું
નાગરાજ (અજંતા) નવેમ્બર પૂઠું
મારી સખી (એસ્થર કાનન) એપ્રિલ પૂઠું

કાવ્યો

અગતિગમન (ભાનુપ્રસાદ પંડ્યા) ૪૪૧
અને...(ભગવતીકુમાર શર્મા) ૩૫૧
અંતિમ દર્શન (હસમુખ કે. રાવલ) ૧૫૭
આ અન્ય (સુંદરમ્) ૫૧૭
આજ (માધવ રામાનુજ) ૪૪૫
આભ અને હું (ધીરુ પરીખ) ૪૪૫
આવ! (પ્રિયકાંત મણિયાર) ૩૯
આવ્યા જુઓ (હરિકૃષ્ણ પાઠક) ૪૪૬
આહ્‌વાન ('શિલ્પિન' થાનકી) ૩
આંતરો કાઢવાને (માસૂમ) ૪૪૨
ઇચ્છાઓની વસંત (ઉશનસ્) ૧૧૮
ઇન્કાર ('શિલ્પિન' થાનકી) ૩૯
ઇન્દ્રગોપ (રાજેન્દ્ર શાહ) ૩૯
ઉનાળુ સવારે (જયન્ત પાઠક) ૨૪૭
એક શિશિર રાતે (ઉશનસ્) ૩
અંધારાણી (કિસન સોસા) ૪૪૮
કવણ અવ (ભાનુપ્રસાદ પંડ્યા)* ૨૦૩
કોઈએ (કરસનદાસ લુહાર) ૨૮૩
ખુમારીથી ('ચાતક') ૨૮૩
ગઈ (મનસુખ વાઘેલા) ૩૮૦/અ
ગણાયો છું (મનસુખ વાઘેલા) ૧૧૮
ગીત (સુરેશ દલાલ) ૪૪૪
ઘડિયાળ (નાથાલાલ દવે) ૪૪૭
ઘરમાં પાછો વળતો વૃદ્ધ (ઉશનસ્) ૩૧૫
ઘવાએલું પાદર (સુધાંશુ પીપલિયા) ૪૪૬
ચલો ચરણ (ઈશ્વરભાઈ પટેલ) ૮૫
ચલો ચરણ (ઇશ્વરભાઈ પટેલ) ૨૦૩
ચાડિયાત આયખું (કનુ મહેતા 'વ્યોમ') ૩
છાનુંમાનું (રતિલાલ છાયા) ૪૪૩
જવાબમાં ('રાજ' નવસારવી) ૧૫૭
જીવી રહ્યો છું (સૈફ પાલનપુરી) ૪૪૮
તડકો (ધીરેન્દ્ર શુક્લ) ૩૯
તારો અને તરી (ઉશનસ્) ૨૮૩
તો યે...! (ગીતા પરીખ) ૩૮૦/અ
ત્રણ હાઈકુ (મધુકુંજ પટેલ) ૩૯
દૃષ્ટિ (મદનકુમાર અંજારિયા) ૩
દ્વૈત (ભગવતીકુમાર શર્મા) ૪૪૨
નદીયું જઈ સાગરે સમાણી (અકિંચન) ૪૪૭
નવા નવા (અશરફ ડબાવાલા) ૧૫૭
નવા નવા ('રાઝ' નવસારવી) ૩૮૦/અ
નહિ (મનહરલાલ ચોકસી) ૪૪૮
નારા (ધીરુ પરીખ) ૩૫૧
પણ (મહેન્દ્ર સમીર) ૪૪૮
પરગટની માયા (વ્રજલાલ દવે) ૪૪૭
પરવા નથી કરતો ('ચાતક') ૨૪૭
પરાક્રમણ (સુંદરમ) ૪૦૯
પંખો (અરવિંદ ભટ્ટ) ૩૮૦/અ

પાંચ તાન્કા (ધીરુ પરીખ) ૫૨૬
પિતાનો પત્ર (શશિશિવમ્) ૪૪૪
પિંજરની બહાર (રાજેન્દ્ર શાહ) ૪૪૬
પુલિને (પ્રિયવદન શેઠ) ૪૪૨
પ્રીત (જયન્ત પાઠક) ૩૧૫
બે હાઈકુ (સુશીલા ઝવેરી) ૨૦૩
મીઠપ (હરીન્દ્ર દવે) ૪૪૩
મુક્તિ (સ્નેહરશ્મિ) ૪૪૧
મુરલી તારી (પ્રિયકાંત મણિયાર) ૧૧૮
મોલ (જગદીશ ત્રિવેદી) ૨૦૩
રખોપું (ધીરુ પરીખ) ૨૪૭
વતન છોડતાં (રામચંદ્ર બ. પટેલ) ૨૪૭
વતનથી દૂર (રામચંદ્ર બ. પટેલ) ૮૫
વલોણું (વ્રજલાલ દવે) ૮૫
વિયોગે (જૉસેફ મૅકવાન) ૪૪૨
વિષમતા (આહમદ મકરાણી) ૧૧૮
વીરડો (કરસનદાસ લુહાર) ૨૦૩
વેદના (હેમન્ત દેસાઈ) ૪૪૬
શહેરમાં એક દિવસે (રામચંદ્ર બ. પટેલ) ૨૪૭
શહેરે લખેલી ગઝલ (ભગવતીકુમાર શર્મા) ૮૫
શ્રાવણ (પ્રિયકાન્ત મણિયાર) ૪૪૩
શ્વેતલ વૃક્ષ (ચંદ્રકાન્ત શેઠ) ૪૪૪
સેતુ (ભગવતીકુમાર શર્મા) ૧૫૭
સ્નેહના હે ધનેશ (પિનાકિન ઠાકોર) ૪૪૨
સ્પર્શનાં ફૂલ (કરસનદાસ લુહાર) ૧૫૭
સ્વભાવ હશે (ગની દહીંવાળા) ૪૪૭
સોળમી મોસમ (બાદલ) ૪૪૫
હવે તો આવવામાં જ (ઉશનસ્) ૩૫૧
હાઈકુ (આહમદ મકરાણી) ૩૯
હાઈકુ (ધીરુ પરીખ) ૨૦૩
હું (કરસનદાસ લુહાર) ૩
હું (જયન્ત પાઠક) ૪૪૩
હેલી પછીનો નિતાર (ઉશનસ્) ૪૪૧
હોતે (જલન માતરી) ૪૪૮

જીવનચરિત્ર

અશફાકઉલ્લાખાન (મનહર ડી. શાહ અને રવીન્દ્ર અંધારિયા) ૪૦
કસુંબલ રંગ-મેઘાણી ચરિત્ર (કનુભાઈ જાની) ૧૧, ૪૬, ૯૩, ૨૫૨, ૨૯૧, ૩૨૫, ૩૫૯
કોશકાર કેતકર (પ્રો. વસંત જોષી) ૩૮૧
ગોપાલકૃષ્ણ ગોખલે („) ૧૧૯
ગોપાલકૃષ્ણ ગોખલે („) ૧૫૮
ચૈતન્યપ્રસાદ દીવાન (ધીરુ પરીખ) ૨૪૮
પંકજકુમાર મલ્લિક (અજિત શેઠ) ૫૧૪
પાબ્લો પિકાસો (વિનાયક પંડયા) ૨૦૪, ૨૫૯
પીટર ઝૅંગર (ધીરુ પરીખ) ૪
મારાં મોટી બા (મુકુન્દરાય પારાશર્ય) ૪૫૭
મોતીભાઈ અમીન (ધીરુ પરીખ) ૮૯
લીઓનાર્દો દ વીંચી (ડૉ. વિપિન શાહ) ૪૧૨
વિઠ્ઠલભાઈ પટેલ (ધીરુ પરીખ) ૩૧૬
સેનાપતિ બાપટ (પ્રો. વસંત જોષી) ૨૮૪
સર વિઠ્ઠલદાસ ઠાકરશી (નરોત્તમ વાળંદ) ૩૫૨
હૅન્ડેલ, જ્યૉર્જ ફ્રેડરિક ૩૦૮

વાર્તા લઘુકથા અને નાટિકા

અશ્વત્થામા (રવીન્દ્ર ભટ્ટ) ૪૪૯
આખા વૉર્ડની માનીતી (બાબુભાઈ વૈદ્ય) ૧૨૨
ઉમા : દરિયાપીરની દીકરી ૫૩
ક...કરુણાશંકરનો (બંસીકુમાર બારોટ) ૩૮૬
કાકનો કાંડ (સુકન્યા ઝવેરી) ૨૮૯
કે પછી કંઠમાં ખખરી (મોહનલાલ પટેલ) ૫૨૧
કેસૂડાં-ખાખરાનાં ફૂલ (અશ્વિન દેસાઈ) ૪૬૩
ખુદાની રહેમ-ભગવાનની કૃપા (ઇવા ડેવ) ૪૩૩
જુદાઈ (અશ્વિન દેસાઈ) ૩૨૧
દ્યૂત, દ્રૌપદી, દુઃશાસન (રવીન્દ્ર ચં. ભટ્ટ) ૫૫
નાથુની મા (સુકન્યા ઝવેરી) ૩૭૦
પદ્મા નદીનો માંઝી (લલીતકુમાર બક્ષી) ૯૧
બીજી એક વાત (સુકન્યા ઝવેરી) ૩૧૫
મરણ (અશ્વિન દેસાઈ) ૨૫૧
માનવપ્રેમ (બાબુભાઈ વૈદ્ય) ૩૫૬
લિલામ (અશ્વિન દેસાઈ) ૧૬૩
વહેમ ૧૯
વૃંતચ્યુત (સુકન્યા ઝવેરી) ૨૪૮
શ્રવણ (મેઘનાદ ભટ્ટ) ૩૯૧
સહ વીર્યં કરવા વહૈ (શિવકુમાર જોષી) ૪૩

નાટિકા

ગંગા વહે છે આપની (શિવકુમાર) ૪૨૫
બદનામીનો બાદશાહ (ધીરુ પરીખ) ૭
સીમનો ટહુકો... (હસમુખ રાવલ) ૨૧૧
સૂત્રધાર શ્રીકૃષ્ણ (ચં. ચી. મહેતા) ૪૩૧

લઘુકથા

અભિનંદન (નરેન્દ્ર વછરાજાની) ૧૬૧
આંસુ (અરવિંદ ગજ્જર) ૩૯૩
કેતકીની ઢીંગલી (સાંકળચંદ જે. પટેલ) ૨૧૬
ખોટો રૂપિયો (દિનુભાઈ શુકલ) ૧૩
ચિતામાં (હસમુખ રાવલ) ૪૬૧
તડબૂચ (યશવંત કડીકર) ૬૮
પત્ર (રમેશ ત્રિવેદી) ૨૫૩
પરિવર્તન (રસેશ શાહ) ૩૨૨
બે આંખો (રાજેન્દ્રસિંહ રાયજાદા) ૩૧૯
બે સૂકાં ઝાડ (નરેશ પંડયા) ૧૪૬
'માસ્ક' (અશ્વિન મ. વસાવડા) ૩૫૮
લીમડો (બંસીકુમાર બારોટ) ૨૯૭
વલોપત (રમેશ ત્રિવેદી) ૧૦૦

લેખો ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત (વિ. પંડયા) ૪૮૨
અજંતાનાં ઉપેક્ષિત શિલ્પો (મ. ઢાંકી) ૩૮૮
અજંતાનાં શિલ્પાંકનો („) ૨૫૫
આદ્ય રામાયણ (ડૉ. હ. સાંકળિયા) ૪૩૬
કૈલાસનાં શોભાંકનો (મધુસૂદન ઢાંકી) ૩૨૩
ગંગનાથ મહાદેવ (મણિભાઈ વોરા) ૧૩૪
ગુજ.ની ગરીબ વનશ્રી (વિજયગુપ્ત મૌર્ય) ૫૧૮
ગુજ૦ની ચાર વિરલ પ્રતિમા (ડૉ. વસંતલાલ) ૭૯
ગુજ. બે દુર્લભ પ્રતિમાઓ (ઉ. પ્રે. શાહ) ૪૫૪
ગુજ.માં સંવતો (હરિપ્રસાદ શાસ્ત્રી) ૪૮૭
ઝૅકડાના અવશેષો (આર. ટી. પરીખ) ૧૭૯
તેરાનાં ભીંતચિત્રો (રા. રાઠોડ, ખોડીદાસ) ૪૬૫
માનસોલ્લાસ (ડૉ. સાંડેસરા) ૪૨૩
સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ (નરોત્તમ પલાણ)
જૈન તીર્થંકર-૧૪ ૪૭૩
દક્ષિણામૂર્તિ શિવ-૧૦ ૧૮૫
મલમ્બપાદ બુદ્ધ-૧૨ ૩૩૫
ભગવાન પરશુરામ-૧૩ ૩૯૬
વેણુગોવર્ધનધારી-૧૧ ૨૧૭

વિજ્ઞાન લેખો

કોલાબા વેધશાળા (ડૉ. સુશ્રુત પટેલ) ૩૫૭
કોહુટેક ધૂમકેતુ (ડૉ. યશવંત ગુ. નાયક) ૩૩૦
ગામા રે ઍસ્ટ્રોનૉમી (ડૉ. સુશ્રુત પટેલ) ૨૯૦
ચાંદ્રવસાહત ૧૭૦
દસમો ગ્રહ (ડૉ. સુશ્રુત પટેલ) ૫૮
ધ્રુવ પારની દુનિયાઓ (ડૉ. સુશ્રુત પટેલ) ૨૧૦

અન્ય લેખો

અનિલલહરી (રતિલાલ અનિલ) ૪૮૬
અંગ્રેજી સાહિત્યનું આચમન (મધુસૂદન પારેખ)
ઈલિઝાબેથ-યુગના પ્રભાતે ૩૨૭
ઈલિઝાબેથ-યુગના પ્રભાતે ૩૬૨
ચૉસરથી નવજાગૃતિ સુધી ૨૩
નવજાગૃતિનો યુગ ૨૯૫
નવજાગૃતિની વસંત ૩૯૦
નાટકો-૬ ૧૨૯
પંદરમા સૈકાનું ગદ્ય ૨૫૭
બૅલાડ્ઝનું સાહિત્ય ૯૮
મિરૅકલ પ્લેઈઝ ૧૭૩
મૉરાલિટી પ્લેઈઝ ૨૧૯
સ્કૉટ કવિતા ૬૭
આજનાં અદ્‌ભુત ઔષધો (ડૉ. શિ. ત્રિવેદી) ૪૮૫
આસામનાં સત્રીય નૃત્યો (સુનીલ કોઠારી) ૪૭૬
આસપાસનાં (બકુલ ત્રિપાઠી) ૪૫૨
એ ધારે તો (ફાધર વાલેસ) ૪૧૧
કલાપીની હૃદયત્રિપુટી (રામસિંહજી) ૪૬૯
કુમાર ચંદ્રકધારકો ૫૦૪
કુમારને શુભાશિષ (કાકાસાહેબ) ૫૦૫
કુમારની અર્ધશતાબ્દી (વસંત જોષી) ૫૦૭
કેસર (અમીલાલ ઢાંકી) ૧૧૧
ગંગનાથ વિદ્યાલય (કાકાસાહેબ કાલેલકર) ૧૫
અધ્યાત્મનિષ્ઠ સુધારક મામાસાહેબ ૨૧૫
કેટલો નરમ મારંભ! ૧૬૭
ક્રાંતિકારી મામા સી. આઈ. ડી.? ૩૨૮

છૂપી ક્રાંતિકારકતા ૧૨૪
મામા સામે પરસ્પર વિરોધી આરોપ ૨૯૯
મારા સાહિત્ય સ્નેહી નાગેશરાવ ૩૯૬
મારો ગુજરાત-પ્રવેશ ૧૦૧
સામાજિક સુધારા માટે હિમ્મત ૩૬૧
ગુજરાતમાં કલાનાં પગરણ (ર. મ. રા.) ૪૯૯
ગુજ.માં ફોટોકલા... (બલવન્ત ભટ્ટ) ૪૯૭
ચાલો ક્રિકેટ... (ભરત ના. ભટ્ટ) ૨૧, ૫૯
છાલો-પાલો-મરી-મસાલો (માધવ મો. ચૌધરી)
અજમો-૧૬ ૫૪૦
કોકમ-૭ ૯૧
જાયફળ-૯ ૧૬૪
જીરું-૧૧ ૨૭૪
તજ-૮ ૧૪૭
ધાણા-૧૦ ૨૩૯
ફુદીનો-૬ ૬૫
મરી-૧૨ ૨૯૮
મીઠો લીમડો-૫ ૧૬
મેથી-૧૫ ૩૯૫
રાઈ-૧૪ ૩૭૩
હળદર-૧૩ ૩૪૬
જુગલબંધી (ચં. ચી. મહેતા-સુનીલ કોઠારી)
૯૯૯૯વરસનીનૃત્યાંગના: વિજ્ઞવેત્રા ૧૬૫
અંતે ઘર ભેગા ૨૯૩
કૅમ્બોડિયાનું નૃત્યનાટ્ય રામાયણ ૯૭
માતાજીનાં દર્શન, ફિંગનું સંગીત ૬૪
રૉબર્ટ જૉફ્રે ૧૨૩
લંડનથી ન્યૂ યૉર્ક ૧૭
ડૅક્કન કૉલેજ (શંકરદેવ વિદ્યાલંકાર) ૧૩૧
ડૉક્ટરની સલાહ (ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી)
૧૪, ૬૬, ૧૦૨, ૧૩૫, ૧૬૮, ૨૧૪,
૨૭૧, ૨૯૪, ૩૯૨
પદ્મવિભૂષણ: ૧૯૭૩ ૭૯
ભરતનાટ્યમ્ (સુનીલ કોઠારી)
પદમ્-તિલ્લાના-સ્લોકમ્ ૧૨૬
માર્ગમ્ ૪૭
વિશિષ્ટ હસ્તવિનિયોગ ૨૫
મને જો વીતેલાં વર્ષ પાછાં મળે (ર.મ.રા.) ૧૬૯
વિદ્યા અને વિમર્શ (વિષ્ણુપ્રસાદ ત્રિવેદી) ૪૧૦
શતરંજ (સુરેશ મોદી) ૨૦, ૧૦૨, ૧૩૫, ૧૯૧,
૨૨૬, ૨૭૨, ૩૦૬, ૩૪૫, ૩૭૧, ૩૯૫
ગુજ. રાજ્ય શતરંજ સ્પર્ધા અને દસમી
રાષ્ટ્રીય 'એ' ટુર્નામેન્ટ ૬૯
પચાસ ચાલનો કાયદો ૫૩૭
સંગીતસમજ (સાધુરામ ન્યા. યોધ)
રાગ ખમાજ-૨૪ ૯૦
રાગ ઝિંઝોટી-૨૩ ૨૮
રાગ તિલંગ-૨૫ ૧૩૦
રાગ મારવા-૨૬ ૨૫૪
રાગ મિયાંકી મલ્હાર-૨૭ ૩૨૯
સંધિપ્રકાશ રાગ-૨૮ ૩૮૪
સામાન્ય રોગોપચાર (વૈદ્ય નવીનભાઈ ઓઝા)
અજીર્ણ ૨૫૮
અનિદ્રા-અલ્પનિદ્રા ૮૯
આમવાત ૩૮૭
ઊનવા (મૂત્રકૃચ્છ) ૨૩૮
કષ્ટાર્તવ ૧૩૨
કંઠમાળ ૩૩૬
કૃશતા ૪૫
મેદવૃદ્ધિ ૧૨
લોહીવા ૧૬૨
સસણી ૩૧૧
સ્વપ્નસ્રાવ ૫૨૦
હેડકી ૩૭૫

વિભાગીય લેખો

કલાવાર્તા

આબિદ સુરતી (હ. ત્રિવેદી અને સિદ્ધપુરા) ૭૧
'ઈન્ડિપેક્સ-૭૩' સ્મરણચંદ્રક ૩૬૬
ઊર્મિ પરીખ (નટુ પરીખ) ૧૮૧
એસ્થર કાનન ૧૩૬
કીરી-એ ૨૭
ગામની શેરી કેમ લેવી (બલવન્ત ભટ્ટ) ૧૩૭
ચીમનલાલ પેપર કંપનીની કલા-પ્રયોજના ૨૮
છગનભાઈની ચિત્રકલા (નલિન રાવળ) ૩૦૩
જયંતીલાલ ઠાકર (કાંતિલાલ કાપડિયા) ૩૯૪
ત્ર્યંબકલાલ દવે (જગદીશ બિનિવાલે) ૨૬૪
નયના દલાલ ૩૬૫
નિર્મળાબેન શાહ ૫૩૧
પાબ્લો પિકાસો ૨૨૭
પ્રફુલ્લા દહાણુકર (જયંત સિદ્ધપુરા) ૨૭
ફોટો-કલાકાર એડવર્ડ સ્ટાઈકેન ૧૮૪
બેલા બાલચિત્રકાર ૫૩૨
મારી ચિત્રસૃષ્ટિ ૫૩૨
રમેશ પંડ્યા (નટુ પરીખ) ૩૩૪
રસિક રાવલ (જયંત સિદ્ધપુરા) ૨૯૩
'વિભગ્યૉર' ૩૬૪
વિદ્યાબેન પરીખ (નટુ પરીખ) ૧૮૧
વૃંદાવન સોલંકીનાં ચિત્રો ૧૦૩

ચિત્રબોધ

કાયા-કરામત-૩૯: ગર્ભનો વિકાસ ૩૫૦
મેઘાણીનું ગ્રંથસ્થ સાહિત્ય (કનુભાઈ) ૫૨૪
સુવર્ણ જયંતી અંકચોરસ
(કિ. ન. ગોરધનદાસ) ૫૩૩

સાહિત્યસંપર્ક

અને છેલ્લે: ૨૨૩, ૨૬૯
ઊર્મિની ઓળખ: (જલન માતરી)
અનંતરાય પ. ઠક્કર 'શાહબાઝ'-૪૧ ૭૮
અહમદ ઈબ્રાહીમ-૫૦ ૩૯૯
ચિનુ મોદી-૪૮ ૩૪૦
જટિલરાય કે. વ્યાસ-૪૪ ૧૮૯
'દિલહર' સંઘવી-૪૩ ૧૪૦
નકાબ-૪૬ ૨૭૦
નાઝિર દેખૈયા-૪૦ ૩૨
પરિમલ-૫૧ ૫૨૯
મનહર મોદી-૪૫ ૨૨૪
રમેશ મો. પારેખ-૪૯ ૩૬૮
'રુસ્વા મઝલૂમી'-૪૭ ૩૦૨
વલીમોહંમદ લાખાણી-૪૨ ૧૦૬
તાન્કા (ધીરુ પરીખ) ૫૨૬
ભાષા ભૂર: ૨૨૩, ૨૬૯
મારી માન્યતા (ચંપકલાલ મહેતા)
કનક રેખે ૫૨૮
કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ ૩૦૧
કાકાસાહેબ કાલેલકર ૨૨૩
ખુશવંતસિંહ ૨૬૯
જયન્તકૃષ્ણ દવે ૧૦૮
ધર્મવીર ભારતી ૧૩૮
મીનુ દેસાઈ ૩૩૯
વિ. સ. ખાંડેકર ૭૪
શાંતિકુમાર ભટ્ટ ૩૬૮
સુમતિબેન મોરારજી ૩૬૮
હોમી ન. શેઠના ૧૮૮
શબ્દકથા (ડૉ. હરિવલ્લભ ભાયાણી)
અઘોટી ૩૯૭
અશ્વ, હય, ઘોડો ૧૦૫
આયતન, આયત્ત ૨૬૭
ઘેલું ૩૩૭
નણંદ ૧૩૯
પણિ, વાણિયો, વણજારો ૩૧
ભોળું, ભૂલું ૩૦૦
મુગ્ધ-મૂઢ ૩૬૭
રાણો, રા, રાજવણ ૧૮૭
લજામણી, છુઈમુઈ ૫૨૭
વોરો, વસા, શાહ ૭૩
શાહ, શૌહીર, વૃષલ ૨૨૧
સંક્ષિપ્ત અવલોકનો
અશ્વત્થામા ૩૯૭
અસ્પૃશ્યતા નિવારણ ૨૪૨
એક અદ્વિતીય ગ્રંથ ૭૭
ગુજરાતી નવલકથા ૩૩૭
ત્રણ નોંધપાત્ર પ્રકાશનો ૨૬૭
નવા કાવ્યસંગ્રહો ૨૨૧, ૧૮૭
બે કાવ્યસંગ્રહો ૩૦૦
બે નવલકથાઓ ૩૩૭
વિવક્ષા ૩૬૭
શૃણ્વન્તુ ૩૧
સ્વીકારનોંધ: ૩૧, ૭૩, ૧૦૫, ૧૩૮, ૧૫૧,
૧૯૦, ૨૨૨, ૨૬૮, ૩૦૦, ૩૩૮, ૩૪૯,
૩૬૭, ૩૯૭, ૫૨૬

અન્ય વિભાગો

અથાણું: ૧૯૮, ૨૪૨, ૩૧૪, ૩૪૮, ૩૭૦, ૪૦૫
આ માસ: ૮૩, ૧૧૬, ૧૪૯, ૧૯૯, ૨૪૩, ૨૭૯, ૩૧૩, ૩૪૭, ૩૭૮, ૪૦૪, ૫૪૩
આ માસના આકાશમાં ૨, ૮૨, ૧૧૩, ૧૪૫, ૧૯૭, ૨૪૧, ૨૬૫, ૩૧૨, ૩૪૩, ૩૭૬, ૩૮૮ સામે, ૫૪૪
છેલ્લું પાનું: ૩૭, ૮૪, ૧૧૭, ૧૫૦, ૨૦૦, ૨૪૪, ૨૮૦, ૩૧૪, ૩૪૮, ૩૭૯, ૪૦૫, ૫૪૪
ટિકિટસંગ્રહ: ૬૬, ૧૦૪, ૧૮૬, ૨૧૮, ૨૭૮, ૩૦૫, ૩૩૨, ૩૬૧, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૫૩૪
નવાં પત્રમિત્રો: ૧૭૮, ૨૪૨, ૩૩૬
પચ્ચીસ વર્ષ પહેલાં: ૨૯, ૭૦, ૧૦૯, ૧૪૧, ૧૯૨, ૨૨૫, ૨૬૨, ૩૦૬, ૩૩૨, ૩૭૨, ૪૦૦
ફોટોગ્રાફી હરીફાઈ: ૧૩૭, ૨૧૮, ૨૮૨, ૩૫૧ સામે, ૩૩૬, ૫૩૬, ૫૪૨
બાલવિભાગ:
- અંતે હસનને પાઠ મળ્યો (જનક દવે) ૧૭૫
- ચૅડ સરોવર ૧૭૫
- ટેલિવિઝન સ્ટૂડિયો ૧૭૭
- પૂછડિયો પહેલવાન (રમણલાલ) ૧૭૬
- ભલાઈ (મહેશ શાહ) ૨૩૫
- ભુલભુલામણી ૧૭૮
- વછેરાને પાઠ ૨૬૬

રંગપૂરણી હરીફાઈ: ૭૮ સામે, ૧૬૪, ૨૯૮ સામે, ૩૩૭
વાચકો લખે છે: ૩૮, ૧૫૪, ૨૪૫, ૨૮૧/અ, ૩૮૦, ૪૦૬
વૃક્ષ-વેલ-પરિચય:
- અરીઠો ૪૦૨
- કરેણ ૩૭૪
- ખાખરો ૧૪૪
- ગુલમહોર ૧૯૩
- જાંબુ ૨૭૩
- પારિજાતક ૩૪૧
- પીપળો ૩૧૦
- બકાન લીમડો ૩૪
- બાવળ ૮૦
- બૂચ ૫૩૯
- વડ ૧૧૨
- શિરીષ ૨૩૭

માધુકરી

કાવ્યકંડિકા

અફસોસને આસન કદી જો (મકરન્દ દવે) ૪૦૨
અમારા સંઘની ઊંડે (રાજેન્દ્ર શાહ) ૩૪
અહીં હું વિરમું (સુન્દરમ) ૧૧૨
ગગન ગાજી ઊઠે છે (અંબાલાલ 'ડાયર') ૧૯૩
જીત પર હસતો રહ્યો (જમિયત પંડ્યા) ૧૪૪
નજરું ખૂંપી છે (રાજેન્દ્ર શાહ) ૩૧૦
નયનોનાં ઝરણાં ('વિશ્વરથ') ૮૦
પ્રાચીના તેજપડદા (બાલમુકુન્દ દવે) ૩૭૪
રાત આખી (હરીન્દ્ર દવે) ૨૩૭
વાદળીને પેલે પાર (રતિલાલ 'અનિલ') ૨૭૩
હશે જે કર્યો (વાડીલાલ ડગલી) ૫૩૯
હે માતૃભૂમિ (પિનાકિન ઠાકોર) ૩૪૧

પરિચય અને અવસાન નોંધ

આચાર્ય ભાગવત (પુરુષોત્તમ માવળંકર) ૮૦
એક પંગુ સ્ત્રીનો પુરુષાર્થ (રાધેશ્યામ) ૧૧૨
કરુણાશંકર ભટ્ટ ૩૪૧
કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા, સ્વ. ૩૧૦
ગોળવેલકરજી, સ્વ. ('ઉપમન્યુ') ૨૭૩
દિનેશચંદ્ર સેન (કનુભાઈ જાની) ૩૪
નટવરલાલ માળવી, સ્વ. ૧૯૩
પર્લ બક, સ્વ. (પ્રો. વસંત જોષી) ૧૪૪
પૅટ્રિક વ્હાઈટ (વસંત જોષી) ૪૦૨
પ્રભાવતીબહેન (બાલમુકુન્દ દવે) ૨૩૭
ફાધર બુલ્કે (શંકરદેવ વિદ્યાલંકાર) ૫૩૯
ભૂપતરાય વસા, સ્વ. ૩૧૧
રાજાજી, સ્વ. (યશવન્ત શુક્લ) ૩૫
રંગનાથન, શિયાલી રામામૃત (પ.ર.શાહ) ૩૭૪

પ્રકીર્ણ

અરડૂસી ૧૯૫
આર યુ ડબલ્યુ એસ ૨૭૭
ઈમારતાબાદ ૮૧
એક ગ્રીક કથા ૨૪૨
કપાસિયાનો ખોરાક ૨૭૭
કોર્ડોબા ૩૧૨
ગણિતગમ્મત ૩૬, ૧૪૮, ૧૯૮, ૨૪૧, ૩૧૨, ૩૪૪, ૩૭૬, ૩૭૭, ૪૦૩, ૫૪૨
ગ્રીસનાં ૩૫ સદી પહેલાંનાં ભીંતચિત્રો ૧૯૭
ગુજરાતમાં પૂરનું કારણ ૨૭૫
ગેરઝબીનું એક પાનું ૩૪૪
ગૌર ૪૦૩
ચલણી નોટોનું અવનવું ૧૧૪
ચાંચનો ટાપુ (પ્રદ્યુમ્ન કં. દેસાઈ) ૨૪૦
જીવનનો ઉદ્ભવ: જિસસની છબી ૩૬
ટિટાન ૩૪૪
ડુંગુસ્કાની હોનારત ૫૪૧
દીર્ઘાયુષી કેમ થવાય (વૈદ્ય ચંદ્રશંકર ઠક્કુર) ૩૬
દુનિયાની મુખ્ય નહેરો ૩૪૨
દુનિયાની વસતિ ૧૪૬
ધાનઆટો ૧૪૬
નવતર રોટલી ૨૪૦
પાણીના પ્રયોગો (કાન્તાબેન અંજારિયા) ૧૪૦
પાણીની પરિસ્થિતિ ૨૪૦
પુરાણીજી પારિતોષિક વિજેતાઓ ૮૧
પૃથ્વીને ઈન્જેક્શન ૨૭૭
બાઈકલ સરોવર ૧૯૬
ભારતમાં ફારસી ભાષા ૧૯૫
ભારતમાં બાગબાની ૩૪૨
ભારતના રાષ્ટ્રપતિનું અંગરક્ષકદળ ૩૭૬
મધ ૨૪૧
માધવપુર (નરોત્તમ પલાણ) ૨૭૬
મુદ્રાક્ષય ૧૪૭
રાતનાં ફૂલ ૨૭૭
લૂ ૨૪૧
વિવિધા ૩૪૪, ૫૪૨
શાળામાં નાગરિક સંરક્ષણની તાલીમ ૧૯૬
શ્રીકૃષ્ણની જીવનકાલ-મર્યાદા ૫૪૨
સુએઝ–પનામા પછીની ત્રીજી મોટી નહેર ૩૪૨
સેઈન્ટ ટૉમસ ૨૭૭

પરચૂરણ

અનિલ લહરી (રતિલાલ 'અનિલ') ૪૮૬
આ અંક (તંત્રી) ૪૦૮
આઈ. એન. ટી. નાટ્યલેખન સ્પર્ધા ૧૯૮
'કુમાર' ચંદ્રક અને પારિતોષિકો ૧૧૪
'કુમાર'નું પહેલું પૃષ્ઠ ૫૦૬
ગુજરાત વ્યા. પ્ર. મંડળના ગ્રીષ્મવર્ગો ૧૪૬
જમનાપ્રસાદ (સ્વ.) પારિતોષિક ૫૩૦
ત્રેવીસમી શિષ્ટવાચન પરીક્ષા ૨૭૫
દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક ૩૬૦
પટેલ સુવર્ણચંદ્રક તથા અન્ય પારિતોષિકો ૪૨/બ
પ્રથમ નાથાલાલ દેસાઈ સ્મારક દોડસ્પર્ધા ૩૦
યશવંત પંડ્યા પારિતોષિક ૧૮
વાર્તાઓ માટેનાં ચાર પારિતોષિકો ૫૪
વાર્ષિક વાઙ્મય સમીક્ષા ૩૮/અ
સુવર્ણ જયંતી વર્ષનાં ચંદ્રક-પારિતોષિકો ૭૨
